વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
છુટક કિંમત રૂા.૧૫/-

વર્ષ : ૪૦મું
નવેમ્બર - ૨૦૧૫
અંક : ૪૫૦

મંગલ મંદિર ● નવેમ્બર-૨૦૧૫ ● ૧
(કુલ પાના : ૧૯૨)


# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## વાર્તાસાગર વિશેષાંક




: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org



Ffuunn
LEARN WITH FUN
NAVNEET
Knowledge is wealth
BOSS
STUDENT STATIONERY
NOTE BOOKS
LONG BOOKS
SCRAP BOOKS
PRACTICAL BOOKS
DRAWING BOOKS
EXAM BOARD
SHARPENERS
ERASERS
WHITE ADHESIVE
DOUGH
WAX CRAYONS
GEOMETRY BOX
STRIPES PENCILS
TEMPERA COLOUR
NAVNEET EDUCATION LIMITED
stationery.ahd@navneet.com • www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQI UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY





**નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને**
**મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....**

# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

**કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો, લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.**

## શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

**કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.**

**ભજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)**

## સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)

**: મુંબઈ ઓફિસ :**

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬


COOKWELL HEALTH CARE PRODUCT
COOKWELL®
Masala Grinder
Cum
Mini Flour Mill
PATENTED BY GOVT. OF INDIA
100% Pure Copper
25/29 Gaze Wire Motor Universal
Heavy Duty Dynamically Balance
QUALITY CONTROL ORDER 1981.89.83
HOUSE HOLD ELECTRICAL APPLIANCES MAH/10/009/0694
GOVERNMENT OF MAHARASHTRA
COOKWELL®
COOKING SYSTEM
100% Cooking & Safety
Upto 50%
Less Power Consumption
Microbiologically Tested
PURIFICATION PROCESS
FILTRON™
100% Safe Water
High Performance
Mineral Water System
Big 17 Ltrs. CAPACITY
TESTED By
MADE IN INDIA
APPROVED BY GOVT. OF INDIA
NANO
Ceramic Candle
Silica Sand
Silver
Activated Carbon
Activated
Alumina Balls
Zeolite
Mineral Sand
Mineral Stone
COOKWELL®
Manufactured by :
CookWell Domestic Appliances,
Plot 213, Shelar Compound, Subhash Nagar,
Nahur (W), Mumbai-400078. Customer Care : 022-25666711
Email : info@cookwellindia.com Website : www.cookwellindia.com
ડિલર્સ ડિસ્ટ્રીબ્યુટર્સ
આવકાર્ય

## શિષ્ટ-વિશિષ્ટ ગ્રંથ-પ્રકાશનની લગભગ એક સદીની પરંપરા

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001 ફોન : 22144663, 22149660
ફેક્સ : 22144663 ■ ઇ-મેઇલ : goorjar@yahoo.com

### અમદાવાદમાં અમારા ત્રણ વિશાળ શો-રૂમ

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001
ફોન : 22144663, ફેક્સ : 22144663
ઇ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
13, શિવરંજની સોસા., ઓવરબ્રિજના છેડે,
અશ્વમેધ બંગલોઝના બસસ્ટેન્ડ પાસે,
સેટેલાઇટ, અમદાવાદ-15
ફોન : 26934340 મો. 9825268759
ઇ-મેઇલ : gurjarprakashan@gmai.com

**સંસ્કાર સાહિત્યમંદિર**
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કૉલેજની બાજુમાં,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 26304259

### આપની પસંદગીના કોઈ પણ લેખકનું કોઈપણ પુસ્તક મેળવવા માટે અમારો સંપર્ક કરો

આપ ઇમેલથી અથવા વૉટ્સૅપ દ્વારા ઑર્ડર મોકલીને ઘેર બેઠાં પણ પુસ્તકો મેળવી શકો છો...
વૉટ્સૅપ નં. 9879500182,
9825268759
ઈમેલ : goorjar@yahoo.com
goorjarprakashan@gmail.com

### આ સર્જકો આજે ભલે આપણી વચ્ચે નથી, છતાં એમના સાહિત્યથી ગુજરાતી સાહિત્ય અને ગૂર્જર પરિવાર હંમેશાં સમૃદ્ધ રહેશે...

ઉમાશંકર જોશી
ક. મા. મુનશી
કિશનસિંહ ચાવડા
કે. કા. શાસ્ત્રી
ગિજુભાઈ બધેકા
ગુણવંતરાય આચાર્ય
ચિમનલાલ ત્રિવેદી
જયભિખ્ખુ
જયંત કોઠારી
જે. કૃષ્ણમૂર્તિ
જ્યોતીન્દ્ર દવે
ઝવેરચંદ મેઘાણી
કવિ ડાહ્યાભાઈ પટેલ
દિલીપ રાણપુરા
દુલા ભાયા કાગ
દુલેરાય કારાણી
ધીરુભાઈ ઠાકર
ધૂમકેતુ
ધ્રુવ ભટ્ટ
નાનાલાલ ભટ્ટ
રમણલાલ સોની
શયદા
શ્રીકાંત ત્રિવેદી
સત્યમ્
સુકન્યા ઝવેરી
પંડિત સુખલાલજી

### ગૂર્જરનાં પ્રકાશનોની વિશેષતાઓ

- ગૂર્જર એટલે સાહિત્યની શિષ્ટતા અને ગુણવત્તાની ગૅરંટી
- ગૂર્જર એટલે વર્તમાન અને ભવિષ્યની આવશ્યકતા અનુસારનાં પ્રકાશનોની પરંપરા
- ગૂર્જર એટલે માત્ર સાહિત્યિક જ નહિ, શૈક્ષણિક અને કારકિર્દી વિષયક પુસ્તકોનું તીર્થધામ
- ગૂર્જર એટલે લબ્ધપ્રતિષ્ઠ સર્જકોનો પરિવાર અને નવોદિત પ્રતિભાસંપન્ન સર્જકોને આવકાર
- ગૂર્જર એટલે વાચકોનાં વિશ્વાસ અને વહાલનું સરનામું
- ગૂર્જર એટલે તમામ સાહિત્યસ્વરૂપોનાં પુસ્તકોનો વૈભવ

### અમદાવાદમાં આવેલા અમારા ત્રણ વિશાળ ગ્રંથભંડારોમાંથી આપ આ વિષયોનાં પુસ્તકો મેળવી શકો છો :

નવલકથાઓ, નવલિકાસંગ્રહો, કાવ્યસંગ્રહો, જીવનપ્રેરક લેખસંગ્રહો, હાસ્યલેખસંગ્રહો, પ્રવાસવર્ણનનાં પુસ્તકો, આત્મકથાઓ અને જીવનચરિત્રો, સંસ્મરણો, બાળ-કિશોર સાહિત્ય, મહિલાસાહિત્ય, આરોગ્યસાહિત્ય, ઉપરાંત વિવિધ પ્રસંગે મિત્રો-સ્વજનોને ભેટ આપી શકાય તેવાં વિવિધ વિષયનાં પુસ્તકો

છેલ્લા ૩૯ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

પ્રતાપ નારાણજી દંડ
(૯૪૨૬૭ ૨૫૬૧૯)
મુખ્યતંત્રી

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપર**
**<u>ઉપરાંત</u> www.hellokutchis.com ઉપર વાંચી શકાય છે.**

# અનુક્રમણિકા

<u>લેખક</u> <u>પાના નં.</u>

## <u>તંત્રી લેખ</u> :

● નૂતન વર્ષાભિનંદન ........ **પ્રતાપ નારાણજી દંડ** ...... ૯
● શ્રદ્ધા સુમન : શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ ........ ૧૧

## <u>વાર્તા સાગર</u>

### કચ્છી કસબ

● કચ્છી બોલીની બોધકથા : સદુપયોગ ........ **ગૌરીશંકર દયારામ રાજગોર** .... ૧૨
● ખરા બપોર ........ **જયંત ખત્રી** .... ૧૩
● સાત-પાંત્રીસની ટ્રેન ચૂકી ગયા પછી ........ **ધીરેન્દ્ર મહેતા** .... ૨૦
● કંસારી ........ **વીનેશ અંતાણી** .... ૨૮
● વ્યક્ત મધ્ય-તત્ર કા પરિદેવના ........ **હરેશ ધોળકિયા** .... ૩૨
● ખોવાઈ ગયેલું ગામ ........ **માવજી મહેશ્વરી** .... ૩૮
● તમસો મા જ્યોતિર્ગમય ........ **હંસરાજ કંસારા** .... ૪૨
● અણસાર ........ **ડૉ. કાંતિ ગોર 'કારણ'** .... ૪૪
● કન્યાદાન ........ **રજનીકાંત સોની** .... ૪૬
● ગૌરવ – મારું ગૌરવ ........ **બલવીરસિંહ જાડેજા** .... ૪૮
● વિનિપાત ........ **બાબુલાલ ગોર** .... ૫૧
● સલાડ ........ **ગૌતમ એસ. જોશી** .... ૫૨
● હિસાબ મળી ગયો! ........ **ધનજી ભાનુશાલી 'કડક બંગાલી'** .... ૫૪
● ઘરની બચતનાં ........ **ખુશમન ગુલાબચંદ શાહ** .... ૫૭
● દેવદૂત ........ **નીતા જોશી** .... ૬૦
● મારી 'સાંવલી' ઘરોઘર જીવે છે ........ **હસમુખ અબોટી 'ચંદન'** .... ૬૨
● મા, તમે તો મને પારકી ગણી લીધી? ........ **નેહા ભાવેશ પારેખ** .... ૬૪
● બરકત ........ **ડૉ.. રમેશ ભટ્ટ 'રશ્મિ'** .... ૬૫
● ભલીડાન (કચ્છી વાર્તા) ........ **દિલીપ આચાર્ય 'દિલકશ'** .... ૬૭
● ગંગા (કચ્છી વાર્તા) ........ **નારાયણ જોશી 'કારાયલ'** .... ૬૯
● માટીની મહેંક (સિંધી વાર્તા) ........ **લખમી ખિલાણી ● અનુ. : રમેશ લુહાણા** .... ૭૧

### ગરવી ગુર્જરી

● નારીનો પરાજય ........ **ધૂમકેતુ** .... ૭૫
● વાત્રકને કાંઠે ........ **પન્નાલાલ પટેલ** .... ૭૮
● સુખનો ઓડકાર ........ **ઈશ્વર પેટલીકર** .... ૮૩
● કમાઉ દીકરો ........ **ચુનીલાલ મડિયા** .... ૮૯

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***


- ગતિભંગ ........ **મોહનલાલ પટેલ** .... ૯૩
- મૂસ ........ **દોલતરાય ભટ્ટ** .... ૯૪
- આઝાદીના લાડવા ........ **જોસેફ મેકવાન** .... ૯૬
- માતુશ્રીની યાદ ........ **રજનીકુમાર પંડ્યા** .. ૧૦૨
- શંખધ્વનિ ........ **ભગવતીકુમાર શર્મા** .. ૧૦૫
- આંધળો ........ **આબિદ સુરતી** .. ૧૦૮
- ભૂરિયો કૂવો ........ **મફત ઓઝા** .. ૧૧૬
- નિરાંત ........ **મોહન પરમાર** .. ૧૧૯
- સંભાવના ........ **હિમાંશી શેલત** .. ૧૨૨
- લિફ્ટની અંદરનો માણસ ........ **ગિરીશ ભટ્ટ** .. ૧૨૪
- ધર્મપુત્ર ........ **ડૉ. ચંદ્રકાંત મહેતા** .. ૧૨૭
- સીધી લીટીનો વારસ ........ **કેશુભાઈ દેસાઈ** .. ૧૩૦
- અસ્વીકાર ........ **દશરથ પરમાર** .. ૧૩૭
- અંત વિનાનો અંત ........ **ગુણવંત વ્યાસ** .. ૧૪૦
- દીક્ષાંત ........ **પન્ના ત્રિવેદી** .. ૧૪૪
- પંક્ચર ........ **બકુલેશ ભટ્ટ** .. ૧૪૮
- ગાંડી ........ **સુહાસ ઓઝા** .. ૧૫૦
- સ્નેહની ખો ........ **સુચિતા કપૂર** .. ૧૫૩
- અભેદ્ય ........ **રેખાબા સરવૈયા** .. ૧૫૫
- દ્વિધા ........ **ડૉ. જ્યોતીન્દ્ર પંચોલી** .. ૧૫૬
- રેડ કાર્પેટ ........ **વિઠ્ઠલરાય શ્રીમાળી** .. ૧૫૯
- અણધાર્યા આશીર્વાદ ........ **ઊર્મિલા શાહ** .. ૧૬૧
- યાનુસ કાર્યાક ........ **તુષાર પરમાર** .. ૧૬૩
- સીધી-સાદી આત્મા (ફ્રેંચ વાર્તા) ........ **લે. લ્યોન ઇયુજીન ફ્રૈપી ● અનુ. બિપિન આશર** .. ૧૬૬
- વાર્તાકારોના વાણોતર : અશોક હર્ષ ........ **સંજય પી. ઠાકર** .. ૧૬૮


## નિયમિત વિભાગો


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઈતિહાસ (પ્રકરણ-૪૨). ........ **પ્રતાપ નારાણજી દંડ** .. ૧૭૦
- આંજો કાગર ........ ૧૭૨
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૧૭૨
- *Nano Nine* શબ્દ રમત-૧૧૧ ........ **સંકલન : રજનીકાંત પારેખ** .. ૧૭૩
- જાણવા જેવું ........ **સંકલન : રજનીકાંત પારેખ** .. ૧૭૪
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૬૭) ........ **સંકલન : રજનીકાંત પારેખ** .. ૧૭૫
- વલોવતન ........ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** .. ૧૭૭
- સમાજ દર્પણ ........ ૧૭૯
- સંસ્થા સમાચાર ........ ૧૮૦
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૮૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૧૮૪
- ઊડતી નજરે ........ ૧૮૬


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## નૂતન વર્ષાભિનંદન

*– પ્રતાપ નારાણજી દંડ*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળના સભ્યો, કારોબારી સમિતિના સભ્યો તથા ‘મંગલ મંદિર’ તરફથી સમાજનાં સર્વે ભાઈ-બહેનોને નૂતન વર્ષાભિનંદન. આગામી વર્ષ આપ સૌને સુખ, સમૃદ્ધિ તથા શાંતિ આપે એવી સંસ્થા તરફથી શુભેચ્છા પાઠવવામાં આવે છે.

ગત આખો માસ શ્રાવણ તથા ભાદરવો, પર્વો તથા ઉત્સવોનો હતો. સૌએ પોતપોતાનાં સર્વો સારી રીતે ઊજવ્યાં એનો આનંદ છે.

આપણો દેશ એક પર્વોનો દેશ છે. જેમાં બે પ્રકારનાં પર્વો ઉજવાય છે : પ્રથમ ધાર્મિક પર્વો અને બીજાં રાષ્ટ્રીય પર્વો.

ઉપરોક્ત પર્વોમાં ઉત્તરોત્તર ધાર્મિક પર્વોનું મહત્ત્વ વધતું જ જાય છે. દરેક ધાર્મિક પર્વ સાથે કોઈને કોઈ વાર્તા જોડાયેલી જ હોય છે. લોકો એ વાર્તાના આધારે એ પર્વને યાદ રાખે છે તેમજ ઊજવે છે. આપણા હિંદુસ્તાની સમાજો ખૂબ જ શ્રદ્ધાળુ સમાજો છે. તેમાં જૈનો હોય, શીખો હોય કે દક્ષિણ ભારતની પ્રજા હોય – બધા જ પોતપોતાનાં પર્વો ખૂબ જ શ્રદ્ધાપૂર્વક ધામધૂમથી ઊજવે છે અને એમાં ઉત્તરોત્તર વધારો થતો જ જાય છે. આજે હિંદુસ્તાનનાં કોઈ પણ ધાર્મિક યાત્રાના સ્થળે જઈએ તો લોકોની મેદની ઉમટી પડેલી હોય છે. ચાહે તે અંબાજી હોય, પાલિતાણા હોય, તિરુપતિ બાલાજી હોય કે સુવર્ણ મંદિર હોય – દરેક સ્થળે શ્રદ્ધાળુઓ નિયમિતરૂપે જતા હોય છે અને પોતાની શક્તિ મુજબ દાન - પુણ્ય કરતા હોય છે.

ઘણા બધા લોકોના મનમાં શંકા કુશંકા હોય છે, ભગવાન છે કે નહીં? ધર્મ છે કે નહીં? પણ આપણે આ બાબતે સકારાત્મક વિચારવું જોઈએ કે ધર્મના નામે સારાં કામો થતાં હોય કે લોકો કોઈને મદદરૂપ થતા હોય તો તેમાં કશું ખોટું પણ નથી. ધર્મના ભયથી લોકો ખોટાં કામ કરતાં અટકતા હોય, તો એ ધર્મની એક સારી ફળશ્રુતિ છે.

ધર્મના નામે આજે લોકો સામાજિક કાર્યો પાછળ ખર્ચાતી રકમ કરતાં ઘણી વધારે રકમો વાપરતા હોય છે. એ બહાને સંઘરાયેલું ધન પણ ચલણમાં ફરતું થઈ જાય છે, તે એક સબળ પાસું છે. આપણે લોકોની માન્યતા કે શ્રદ્ધાને બદલાવી કે ડગાવી શકતા નથી, પણ ફક્ત એને યોગ્ય રસ્તે વાળવાના પ્રયત્નો કરી શકીએ.

બીજાં પર્વો છે રાષ્ટ્રીય પર્વો, જેવાં કે ગાંધી જયંતી, ૧૫મી ઓગસ્ટ, ૨૬મી જાન્યુઆરી વગેરે. આ બધાં જ રાષ્ટ્રીય પર્વો આઝાદીનાં શરૂઆતનાં વર્ષોમાં ખૂબ જ ઉમંગ તથા હોંશથી ઊજવવામાં આવતાં હતાં. હવે એ રાષ્ટ્રીય પર્વોનું મહત્ત્વ દિવસે-દિવસે ઘટતું જાય છે. આજે રાષ્ટ્રીય પર્વોની ઉજવણીમાં ફક્ત ઔપચારિકતા જ રહી ગયેલ છે. એ કદાચ આવતાં કેટલાક વર્ષો બાદ એ વિસરાઈ જશે તો પણ નવાઈ નહીં. આજે દુનિયાના અન્ય દેશોમાં પણ આવી જ હાલત છે. જે-તે દેશમાં કોઈ મોટા મહાનુભાવોએ ક્રાંતિ સર્જી હશે તે પણ ભુલાઈ જ ગયા છે ને! દા.ત.; અબ્રાહમ લિંકન વગેરે. વ્યક્તિઓ કાળક્રમે કદાચ વિસરાઈ જાય તો વાંધો નહીં પણ દેશપ્રેમ કે દેશદાઝની ભાવના વિસરાઈ જાય તે યોગ્ય નથી. એ તો સદા લોકોનાં હૃદયમાં પ્રજ્વલિત રહે તે અત્યંત જરૂરી છે.

છેલ્લાં ચાલીસ વર્ષથી સમાજનું દર્પણ ‘મંગલ મંદિર’ દરેક વાચકોની રસ-રુચિને પોષી શકે તેવી વિવિધતા ભરેલ સામગ્રીઓની વાનગીઓ પીરસી રહ્યું છે. દીપોત્સવી પ્રસંગે અમારા સુજ્ઞ વાચકો દિવાળી પર્વ માણી શકે તે માટે પ્રથમ વાર વિવિધ વિષયોને સ્પર્શતી ટૂંકી વાર્તાઓની સામગ્રી લઈને આપના સામીપ્યમાં દિવાળી મનાવવાનું નિર્ધારિત કરેલ છે.

‘મંગલ મંદિર’ કચ્છીઓનું દર્પણ હોવાથી કચ્છી લેખકોની લખેલ વાર્તાઓ તેમજ ગુજરાતના નામી લેખકોની વાર્તાઓ પૈકી કેટલીક પસંદ કરેલ વાર્તાઓનો આ વિશેષ અંકમાં સમાવેશ કરેલ છે. એ તમામ લેખકોનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

*જે લોકો બીજાની ભલાઈ કરવાનું કાર્ય શરૂ કરે છે ત્યારે તેના ભલા માટે વિશ્વની સર્વ વસ્તુઓ કામ કરે છે.*

'કચ્છી માડુ'ની ઓળખ તેમની બોલી 'કચ્છી બોલી' છે. દરેક કચ્છી માડુના ઘરમાં 'કચ્છી બોલી' એક ઘરના સદસ્ય તરીકે મોભાનું સ્થાન ધરાવે છે. અને આથી જ કચ્છ વિસ્તાર કે ભારતના કોઈપણ પ્રદેશ કે ભારત બહાર વસતા કચ્છીના ઘરમાં દરેક કુટુંબીજન તેમના વાગ્-વ્યવહાર 'કચ્છી બોલી'માં જ સહજ રીતે કરતા હોય છે, જેમાં એકબીજા વચ્ચેની આત્મીયતાનો અનુભવ કરાવે છે.

અર્વાચીન સમયમાં દ્વિ-ભાષીયતા કે બહુભાષીયતા દરેકના ઘરમાં પ્રવેશી ગઈ છે. આમ છતાં કચ્છી બોલીની મીઠાશ - મધુરતા અને પ્રાચીનતમ ભાષા લુપ્ત ન થાય તે માટે ભાષાશાસ્ત્રીઓએ ભાષાને લાંબો સમય સંચિત કરવા માટે ભાષા પ્રેમીઓએ તેમનો ઉપયોગ કરવો આવશ્યક ગણેલ છે. જેને નજરઅંદાજ ન કરતાં દીપોત્સવી વાર્તા અંકમાં એક પાનાની બોધકથા અને બે કચ્છી ભાષાની વાર્તાઓ મૂકવાનો એક પ્રયોગાત્મક પ્રયાસ કરેલ છે. 'કચ્છી બોલી'ને ટકાવી રાખવા માટેના પ્રયોગ માટે આપના અભિપ્રાય તેમજ સહયોગની અમોને અપેક્ષા રહેશે.

દિવાળીની શુભેચ્છા સહ.

*૬, મુદ્રા એપાર્ટમેન્ટ, ૯/૨૬, ચૈતન્ય સોસાયટી, સ્ટેડિયમ રોડ,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૪. મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯*

## કર્યું કોઈનું જતું નથી

***Every thought that you***
***Have ever had,***
***Its own little spaced***
***Has filled***
***Every deed you have done***
***Good or bad***
***Is a stone***
***in the temple you build.***

***– B. Kent***

નવી પેઢીના જુવાનોને કોઈ પણ કાર્ય કરે તેનું ફળ તરત જોઈએ છે. ઘણા લોકો તો નજર સામે ફળ ન દેખાય તો કંઈ કામ જ ન કરે. કેટલાકને સફળતાની ગેરંટી ન હોય તો કામ હાથમાં ન લે. પણ આ લોકોએ નોંધી લેવું જોઈએ કે ઈશ્વરના દરબારમાં દરેક નાનામોટા કાર્યની નોંધ લેવાય છે. તમે વિચારો છો ત્યારે જ તમે એક મોટી જબ્બર જગ્યાને ભરી દો છો. તમે કરેલો વિચાર પણ વ્યર્થ જતો નથી તો પછી કરેલું કાર્ય કેમ વ્યર્થ જાય? વળી પુરુષાર્થ કરવામાં ભૂલ થાય તો તેની પણ કિંમત છે. તમારા દરેક કર્તૃત્વની એક ઈમારત ચણાય છે. એટલે ફળ મળવાની આશા વગર જ કામ કરો. કશું જ નિષ્ફળ જતું નથી. કોઈ મિત્રને મદદ કરી હોય તો તેનો બદલો આપોઆપ મળી જ રહે છે. તમે જે કાંઈ સારું નરસું કરો છો તેનાથી તમારાં પુણ્યકાર્યોનું મંદિર બંધાય છે. નરસા થયા પછી તમે વધુ સારા થાઓ છો એ ન ભૂલશો.

***– કાન્તિ ભટ્ટ (સૌજન્ય : "પ્રેરણાની પળોમાં")***

## વ્યક્તિત્વને વિકસાવો

***When we loose our***
***individualism***
***We become boring.***
***When we can no longer see***
***a vision of the future,***
***We are dead.***


***– Dr. Barnes Wallis***

શહેરમાં કે ગામડામાં તમને બીબાંઢાળ માનવો ઘણા મળે છે. તેમની સાથે બે મિનિટ વાત કરશો ત્યાં કંટાળી જશો. પણ કેટલાક માનવો બીબાંઢાળ હોતા નથી. અનોખા હોય છે. તેમનામાં વ્યક્તિત્વ હોય છે. આવું નિરાળું વ્યક્તિત્વ ધરાવતા માનવ આપણને મીઠા લાગે છે. તેમની વાત સાંભળવી ગમે છે. તે જગતને પ્યારા લાગે છે. જો જગતને પ્યારા બનવું હોય તો વ્યક્તિત્વ વિકસાવો, નહિંતર કંટાળાજનક બની જશો. જ્યારે આપણે આપણું સ્વતંત્ર વ્યક્તિત્વ વિકસાવીએ છીએ ત્યારે આપણે લાંબી દૃષ્ટિથી જોઈ શકીએ છીએ. ભાવિની ઝાંખી કરી શકીએ છીએ. નિરાળું વ્યક્તિત્વ એટલે ચેતનમય જીવન. નિરાળાપણું ન હોય તે મરેલા જેવા છે.

***– કાન્તિ ભટ્ટ***
***સૌજન્ય : "પ્રેરણાની પળોમાં"***

*સારા માણસની મૈત્રી ઉત્તમ ગ્રંથ જેવી છે. જેમ તેનો ઊંડો અભ્યાસ કરીએ તેમ તેમાંથી વધુને વધુ આનંદ આવે છે.*

# શ્રદ્ધા સુમન



## શ્રી નરેન્દ્રભાઈ છગનલાલ શાહ

## (નાની તુંબડી - અમદાવાદ)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કર્મનિષ્ઠ ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ છગનલાલ શાહ (રંગવાલા)નું તા. ૧૫-૧૦-૨૦૧૫ના રોજ અકાળે નિધન થયું. શ્રી નરેન્દ્રભાઈ શાહનું જીવન બહુમુખી પ્રતિભા સંપન્ન હતું. તેઓનો જન્મ મુંદ્રા તાલુકાના નાની તુંબડી મુકામે ૧૯૫૨માં થયો હતો. પ્રાથમિક શિક્ષણ આલ્ફ્રેડ હાઈસ્કૂલ - ભુજમાં લીધા બાદ ધંધાર્થે, તેઓ હૈદ્રાબાદ, તેઓના ભાઈને ત્યાં નસીબ અજમાવવા માટે ગયા. જ્યાં તેઓએ તેમના ભાઈ સાથે કાપડ તેમજ પેઈન્ટના વિતરણની કામગીરી કર્યા બાદ ૧૯૭૯માં સ્વતંત્ર કામના શુભ ગણેશ “ઈન્ડોસેમ પેઈન્ટ્સ”ના ઉત્પાદનથી અંકલેશ્વર મુકામે શરૂ કર્યું અને તેનું વિસ્તરણ છત્રાલ - કલોલ અને ત્યાંથી તબદીલ કરીને સાંતેજ મુકામે કર્યું હતું.

તેઓશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઘણાં વર્ષોથી ટ્રસ્ટીપદે કાર્યરત હતા. તેઓના કાર્યકાળ દરમિયાન તેઓએ જુદી જુદી સમિતિઓના કન્વીનરપદે રહીને પણ સમાજની પ્રગતિમાં સારો એવો ફાળો આપેલ છે. તેમજ તેમણે સમાજની જુદી જુદી પ્રવૃત્તિઓમાં તન - મન અને ધનથી સમાજની પ્રવૃત્તિઓને આગળ વધારેલ છે. સંસ્થાની દરેક યોજનામાં તેઓશ્રીનો સિંહફાળો રહેલ. તેઓની નોંધપાત્ર કાર્યવાહીમાં શ્રી નવનીત ભવન આવાસ યોજનાના નિર્માણ સમિતિના કન્વીનરપદે રહીને ઉત્તમ કામગીરી બજાવી હતી તથા છેલ્લાં કેટલાંક વર્ષોથી સંસ્થાની ફંડ રેઈઝિંગ સમિતિના કન્વીનરપદે રહીને સારી એવી કામગીરી બજાવેલ છે. તે બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેમનું ઋણી છે અને રહેશે.

તેઓનો મિલનસાર સ્વભાવ, સદાય હસમુખો ચહેરો તથા ખભે-ખભા મિલાવીને કામ કરવાની ધગશના લીધે તેઓએ સમગ્ર સમાજમાં લોકપ્રિયતા મેળવેલ હતી.

એમના દુઃખદ અવસાન થકી ફક્ત એમના કુટુંબે જ નહીં, પરંતુ સમગ્ર કચ્છી જૈન સેવા સમાજે એક ઉમદા વ્યક્તિ તથા કાર્યકર ગુમાવેલ છે. એમના થકી પડેલ ખોટ કોઈ દિવસ પૂરી શકાશે નહીં.

પરમ કૃપાળુ પરમાત્માને અમારી પ્રાર્થના છે કે સદ્ગતશ્રીના આત્માને ચિર શાંતિ આપે તથા આપ સૌ કુટુંબીજનો ઉપર આવી પડેલ આ કારમા આઘાતને સહન કરવાની શક્તિ આપે એ જ અભ્યર્થના.

**કે. આર. શાહ**
માનદ્ મંત્રી

**પ્રતાપ નારાણજી દંડ**
મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

કચ્છી બોધકથા

# રાજગોર (બ્રાહ્મણ)ની કચ્છી : માંડવી વિસ્તાર

● ભાષકવિશેષ : ગૌરીશંકર દયારામ રાજગોર ●

## સડુપયોગ

હકડો ગામ વો. ઈન ગામમેં હકડા સેઠ રોન્ધા વા. સેઠ એટે છૂટા જામ વા. એને વિચાર કિયાં કે ઇ છુટેજો કોક સડુપયોગ કરે. એતરે એન ઈન ગામમેં મિણ્ઢર બંધાયેજો વિચાર કિયાં. મિણ્ઢર સજો તય્યાર થઈ વ્યો તેર વિચાર કિયાં કે મિણ્ઢર સેજો તય્યાર થ્યો. પઝ્જ-પિઝ્જા-સો વરસ સુન્ધી હિ મિણ્ઢર હલ્ધો. પો ઈન મિણ્ઢર મિઝ્જા જનટાણે ખરધો મિડે અને જર્જરિત થઈ રુન્ધો તેર ઇનકે રિપેર કેર કરાયન્ધો? એના આગર વરી ઢીંગલા ખપેં. ઇ ઢીંગલા રખણા કેતે? પાં ઢીંગલા રખું ને કોક ખાઇ વિને ને ઈન મિણ્ઢર મેં સડુપયોગ ન કિયે તેર? ઈનજા કુરો કિઍં?

એની વિચાર કરીકરીને પીણ્ડજો ભેજો લડાયા. ભેજો લડાઈ અને એણી ઢીંગલે અમુક જગેતે રખ્યાં. મિણ્ઢરમેં હેકડો સીલાલેખ લિખ્યાં. ઈન સીલાલેખમેં એની લિખ્યાં કે ‘મા સવરાતજો બપોરે બારે વગેં હિન મણ્ઢરજો સીખર એય ઇ સોનજો થીન્દો.’

માડુ મિડે અચેં, દરસણ કરિયેં, નેરિયેં, સીલાલેખ વાંચિયેં અને સવરાંતજી વાટ નેરિયેં. કેર્નીં સવરાંત અચેં અને પાણ સીખર સોનજો થીન્ધલ નેરિયાં. પઝ્જ-ડો વર માડુ નેરિયાં. પોય વિચાર કિયાં કે ઈ તો ગપ આય ગપ. હીં કિં સીખર સોનજા થીન્ધા હુન્ધા?

સમય નિકરન્ધો વ્યો. સેઠ એયં ગુજરી વ્યા. મિણ્ઢર પર છણી-પણીન એતએતરા જાડ ઊગી વ્યા. ઈં કન્ધે કન્ધે હકડો કોક જોગી ઈન મિણ્ઢરતે ચડી આયો. થેઓ થેઓ એનજી નજર પઈ ઈન સીલાલેખતેં. લેખમેં લિખ્યો વો ‘સવરાંતજે બપોરે બારા વગેં ઈન મન્ધરજો સીખર સોનજો થીએતો.’ જોગી ખૂબ વિચાર કરિયાં કે ઈનજા અરથ કુરો? જોગી પણ્ડજો ભેજો ખૂબ લડાયાં. સવરાંત આવઈ. જોગી મિડે ગામવારે કેં ભેગો કેં. ભેગો કરીને ચેં કે ‘નેરીજા, અજ્જ બપોરે બારે વગેં ઈન મિન્ધર જો સીખર સોનજો થીન્ધો.’ ગામવારે પૂછેતા કે ‘સે કીં થીન્ધો?’ જોગી ચેં કે ‘ઇ મુંજે તપકે બરસે થીન્ધો.’

બપોરજા બરાબર બાર વાગા અને સીખર-જો પણછાયો પોન્ધો. તેર જોગી ચેં ‘હેત ખોઘોં.’ ઑતે ખોઘાં તનટાણે મિઝ્જાસે સોનજો એક ચરુ નેકર્યો. ઈન સોન મિઝ્જા ઈન મન્ધર જન રીતે વો ઈન રીતે સજો ભનાયો. ઈન મિઝ્જા જુકો પૈસો વધ્યો ઈ સાધુકેન ડીના અને ઈનકે પૂજારી તરીકે કાયમ રખ્યાં. ઈ સાધુ હતે હમેસ પંડજો નિવાણ કેં અને પૂજા કન્ધે કન્ધે ઈન સાધુજી સડગતિ ઈન મિન્ધરસે જ થઈ.

અસાઝ્જા માડુ કીતરી પિંડજી બુધીસેં મિલ્કત રખંદાવા અને તેનજો કેડો સડુપયોગ કેન્ધાવા ઇ ઈન વાતજો સાર આય.

## સદુપયોગ

એક ગામ હતું. તે ગામમાં એક શેઠ રહેતા હતા. શેઠ પાસે ખૂબ પૈસો હતો. તેણે વિચાર કર્યો કે એ પૈસાનો કંઈક સદુપયોગ થાય. આથી તેણે ગામમાં મંદિર બંધાવવાનો વિચાર કર્યો. મંદિર પૂરેપૂરું તૈયાર થઈ ગયું ત્યારે (તેણે) વિચાર કર્યો કે મંદિર પૂરું તૈયાર થયું. પાંચ-પચાસ-સો વરસ સુધી આ મંદિર ચાલશે. પછી આ મંદિર અંદરથી ખરીને જ્યારે જીર્ણ થઈ જશે ત્યારે આને કોણ સમરાવશે? આ માટે વળી પૈસા જોઈએ. આવા પૈસા રાખવા કોની પાસે? આપણે પૈસા રાખીએ, તે કોઈક ખાઈ જઈને મંદિરમાં તેનો સદુપયોગ ન કરે તો? આનું શું કરવું?


તેણે તો આનો વિચાર કરવામાં પોતાનું મગજ ખૂબ કસ્યું. મગજ કસીને પછી પૈસા પોતે અમુક જગ્યાએ રાખ્યા. મંદિરમાં એક શિલાલેખ લખ્યો. આ શિલાલેખમાં તેણે લખ્યું કે ‘મહાશિવરાત્રીના દિવસે બપોરે બાર વાગે આ મંદિરનું શિખર છે તે સોનાનું થશે.’

બધાં લોકો આવે, દર્શન કરે, જુએ, શિલાલેખ વાંચે અને શિવરાત્રીની વાટ જુએ. શિવરાત્રી ક્યારે આવે અને આપણે શિખર સોનાનું થયેલું જોઈએ. આમ પાંચ-દસ વરસ માણસોએ જોયા કર્યું. પછી વિચાર કર્યો કે આ તો ગપ્પું જ છે. આમ કંઈ શિખર સોનાનાં થતાં હશે!

સમય વીતતો ગયો. શેઠ પણ ગુજરી ગયા. મંદિર પણ ખવાઈ જઈ, પડી જઈને તેની પર આટઆટલાં ઝાડ ઊગી ગયાં. આમ કરતાં કરતાંમાં કોઈક એક જોગી આ મંદિરે આવી ચડ્યો. ધીરે ધીરે તેની નજર આ શિલાલેખ પર પડી. લેખમાં લખ્યું હતું કે ‘શિવરાત્રીના દિવસે બપોરના બાર વાગ્યે આ મંદિરનું શિખર સોનાનું થશે.’ જોગીએ ખૂબ વિચાર કરી જોયો કે આનો અર્થ શો? જોગીએ તો આની પર પોતાનું મગજ ખૂબ કસ્યું. શિવરાત્રી આવી. જોગીએ બધાં ગામવાળાંને ભેગાં કર્યાં. ભેંગા કરીને કહે કે, ‘જોજો, આજ બપોરના બાર વાગ્યે આ મંદિરનું શિખર સોનાનું થશે.’ ગામવાળા (તેને) પૂછે છે કે ‘એવું કેમ થશે?’ જોગી (તેઓને) કહે કે ‘તે મારા તપના બળે થશે.’

બપોરના બરાબર બાર વાગ્યા અને શિખરનો પડછાયો પડ્યો ત્યારે જોગી કહે કે ‘અહીં ખોદો.’ ત્યાં ખોદ્યું ત્યારે માંહેથી સોનાનો ચરુ નીકળ્યો. હવે તે મંદિર (પહેલાં) જેવું હતું તેવું આ સોનામાંથી બનાવ્યું. આમાંથી જે રકમ વધી તે આ સાધુને આપી દીધી અને તેને અહીં પૂજારી તરીકે કાયમ રાખી લીધો. આ સાધુ અહીં કાયમ માટે રહી ગયો. (પછીથી) પૂજા કરતાં કરતાં જ આ મંદિરમાંથી જ તેની સદ્‌ગતિ થઈ.

આપણા લોકો કડેવા પોતાની બુદ્ધિથી ધનને સાચવી રાખતા હતા અને તેનો કેવો સદુપયોગ કરતા હતા તે આ વાતનો સારાંશ છે.



# ખરા બપોર

• જયંત ખત્રી •

અંગારઝરતા ખરા બપોરે, એક સ્ત્રી પોતાના ઝૂંપડાના ઉંબરામાં ઊભી ઊભી ક્ષિતિજ પર મીટ માંડી રહી હતી.

જેઠ મહિનાના ખરા બપોર હતા. માટીની દીવાલ અને ઘાસની છતવાળા ઝૂંપડાના છાંયડામાં પણ દઝાડે એવી લૂ વાતી હતી. ચારે દિશાઓમાં જેઠ મહિનાના શેતાની વાયરાઓ ઘૂમી રહ્યા હતા. સામે વિસ્તરેલા રણનાં મેદાનોમાં ચકરભમર ફરતી, ઊંચે આભ સુધી પહોંચતી ધૂળની ડમરીઓથી ચારે દિશાઓ ઢળી પડી હતી.

ઝૂંપડાનાં ખુલ્લાં બારણાંમાંથી ધસી આવતી અને ઘાસની છતમાંથી વરસતી ધૂળ વચ્ચે ભડકે બળતી લૂથી દાઝતી આ સ્ત્રી ઉંબરા પર ઊભી હતી. તે ક્ષિતિજ તરફ સતત મીટ માંડી રહી હતી.

છેક વહેલી બપોરથી એ અસ્પષ્ટ ક્ષિતિજની ચોકી કરી રહી હતી. સામેનાં સપાટ મેદાનો પર ફરી વળતી એની વેધક દૃષ્ટિ ક્યારેય બેધ્યાન બનતી નહોતી દેખાતી. એની આંખો પર થાકનો ભાર દેખાતો હતો. ઉંબરા પર એક જ અદામાં થીજી ગયેલો એનો દેહ આમ તો સ્વસ્થ દેખાતો હતો; પણ એની સમગ્ર બેચેની એના સૂકા, રૂપાળા ચહેરા પર કદરૂપી રેખાઓ આંકી ગઈ હતી.

આમ ને આમ મધ્યાહ્ન થવા આવ્યો ત્યારે એ સ્ત્રીની ભમતી દૃષ્ટિએ ધૂળની દોડી જતી ડમરી પાછળ એક ઓળાને શોધી કાઢ્યો. એની આંખો ચમકી ઊઠી. એની થીજી ગયેલી અદા વિખેરાઈ ગઈ અને એ ટટ્ટાર બની. ઓળો નજીક આવતો ગયો અને એનો આકાર સ્પષ્ટ દેખાયો ત્યારે એ સ્ત્રીના મોઢા પર અત્યાર સુધી તંગ રહેલી રેખાઓ કંઈક હળવી બની.

એની ગતિ મંદ હતી. એ બરડામાંથી વાંકો વળેલો હતો, અને એનું માથું ઢળેલું હતું. એના બેઉ હાથ એની બાજુમાં લટકી રહ્યા હતા.

સ્ત્રીની આંખ ફરી વાર ચમકી અને એનું મોઢું મરડાઈ ગયું. આજે પણ એ પુરુષ ખાલી હાથે પાછો ફર્યો જણાતો હતો. જેમ જેમ એ ઘરની નજીક આવતો ગયો તેમ તેમ તેની શક્તિ ખૂટતી જણાઈ. છેક ઘર નજીક આવી પહોંચતાં એના પગ લથડ્યા. એણે એના પોતાના બેઉ હાથ ઓટલે નાખી દઈ આશરો લીધો. અતિશય વાંકો વળી, માથું છેક જ નીચું નાખી દઈ એણે જોરથી હાંફ્યાં કર્યું.

ચોમેર શાંતિ છવાઈ હતી. હોલો, તેતર, બુલબુલ, કાગડો કે કોઈ પક્ષી ક્યાંય ઊડતું દેખાતું નહોતું. એક નાનકડી ટેકરીને ઓથે અને એક કૂવાને આશરે વસેલું બારેક ઝૂંપડાંવાળું આ ગામડું નીરવ - મૃતઃપ્રાય પડ્યું હતું. ઊભા ઝીંકાતા જેઠ માસના ખરા બપોરના તાપ નીચે ધરતી તરફડી રહી હતી.

ઉંબરે ઊભેલી પેલી સ્ત્રી હજી યે એ પુરુષ તરફ મીટ માંડી રહી હતી. અત્યાર સુધી ક્ષિતિજને ખુંદીને પાછી વળેલી એની આંખો વિશ્રામ લેતી દેખાતી હતી અને બેચેન રેખાઓ વિનાનો એનો ચહેરો બિલકુલ ભાવહીન બની ગયો હતો.

હાંફતાં હાંફતાં પુરુષે એક વાર સ્ત્રી તરફ જોયું. એ વેળા એની નજર સ્ત્રીની નજર સાથે અથડાઈ. તેના ચહેરા પર અણગમો અને તિરસ્કાર તરી આવ્યા. એણે ત્વરાથી ફરી માથું નીચું ઢાળી દીધું અને હાંફ્યા કર્યું - આ સ્ત્રી હજીય આટલી સ્વસ્થ અને શાંત હતી, એમને? એની આંખમાં આવકારનો ભાવ ન જ હતો ને? ત્રણ દિવસના ભૂખમરા પછી પણ એના ચહેરાની ચમક હજીયે એવી જ તાજગીભરી હતી - ખરેખર?

પુરુષે ફરી માથું ઊંચું કરી તિરસ્કારથી સ્ત્રી તરફ જોયું. એણે હોઠ ખોલી દાંત ભીંસ્યા ત્યારે ધૂળભર્યો એનો નિસ્તેજ ચહેરો વિકરાળ દેખાયો.

'બાઘા જેવી સામું શું જોઈ રહી છો, નીચ! હલકટ?'

પેલી સ્ત્રીએ પોતાની સ્વસ્થતા ગુમાવ્યા વગર બારણા પાછળ તૈયાર રાખેલો પાણીનો લોટો ઊંચકી પુરુષના હાથમાં આપ્યો. લોટો ઝીલતાં પુરુષનો હાથ જરા થથર્યો. એણે હથેળીમાં થોડું પાણી લઈ આંખે છાંટ્યું. એટલું જ થોડું પાણી એણે ડોક પાછળ રેડ્યું. એની ઠંડક અનુભવવા એ જરા થોભ્યો. પછી એણે ઉતાવળે લોટાને હેઠે

*આળસુ માણસ જીવતો મરેલા જેવો છે. એ સો વર્ષ જીવે તોય નકામું.*

મૂક્યો. ગળાને પાણીનો સ્પર્શ થતાં જ એની આંખમાં ચમક આવી. એનામાં વધારાનો જીવ આવતો દેખાયો અને ઘડી એકમાં તો એ અર્ધો લોટો ગટગટાવી ગયો.

મીટ માંડી રહેલી પેલી સ્ત્રી એકદમ કૂદકો મારી ઓટલા હેઠે ઊતરી આવી અને એવી જ ઓચિંતી ઝડપથી એણે પુરુષના હોઠેથી પાણીનો લોટો છીનવી લીધો. કોઈક ધાવતા બાળકને એની માના સ્તનથી બળજબરીથી અલગ કરતાં જે દુઃખમય અતૃપ્તિનો ભાવ બાળકને મુખે જન્મે એવો ભાવ પેલા પુરુષના ચહેરા પર ફરી વળ્યો.

'લાવ, પાણી લાવ!' કહેતો પુરુષ વીફર્યો. એની હડપચી પરથી બેચાર પાણીનાં ટીપાં સૂકી ધૂળ પર ટપકી પડતાં દેખાયાં. બન્ને હાથે ઝાપટ મારી એણે સ્ત્રીને પકડવા પ્રયત્ન કર્યો. સ્ત્રીએ લોટાવાળો હાથ દૂર લઈ લીધો ત્યારે એણે ગુસ્સાથી એનો બીજો હાથ પકડી ખેંચ્યો અને મરડ્યો.

'રહેવા દો-પણ!' પેલી સ્ત્રીએ વેદનાથી બૂમ પાડી : 'તમે જાણો છો કે આવી લૂમાં રખડી આવ્યા પછી ઝાઝું પાણી ન પિવાય તો ય શા માટે મારા પર આટલો જુલમ ગુજારો છો?'

પુરુષે ફરી એક વાર નિર્દય રીતે સ્ત્રી તરફ જોયું અને એનો હાથ જવા દીધો. ઓટલો ચડી, ઝૂંપડાના કમાડને કઢંગી રીતે ધક્કો મારતાં એ દાખલ થયો અને બારણા પાસે પાથરેલી ફાટેલી ગૂણપાટ પર એ આડો થઈને પડ્યો. સ્ત્રી ઝૂંપડાના બારણા પાસે, ઉંબરા નજીક બેઠી.

એણે ધોમધખતી વેરાન ધરતી અને નિસ્તેજ આકાશ તરફ જોયા કર્યું. પૃથ્વીને આ છેડે દર ઉનાળે આવા ધોમધખતા બપોર ઊતરી પડતા. ત્યાંથી માત્ર અડધો ગાઉ જ દૂરથી રણનો વિસ્તાર શરૂ થતો. કઢાઈમાં શેકાતા લોટ જેવી ધગધગતી લાલ માટીવાળાં, અનંત દીસતાં મેદાનો પર જીવલેણ વંટોળિયા ઘૂઘવતા, હુંકાર કરતા ઘૂમી રહેતા. એની અડફેટમાં આવનાર કોઈ માનવી કે કોઈ પશુ અધ્ધર ઊંચકીને દૂર ફેંકાઈ જતું. સૃષ્ટિનું તાંડવ અહીં રચાતું.

આવી મરુભૂમિથી માત્ર અર્ધો ગાઉ દૂર, ટેકરી ઓથેના એક નાનકડા ઝૂંપડામાંથી એ પુરુષ વિષાદભરી નજરે આકાશમાં જોતો, ફાટેલા ગૂણપાટ પર આડો થઈ પડ્યો હતો.

અને પેલી સ્ત્રી પણ બારણાને અઢેલી સામેની નિર્જીવ ક્ષિતિજ પર મીટ માંડી રહી હતી.

એ બેઉ સ્ત્રી-પુરુષની જુવાનીના ખરા બપોર હતા. પુરુષ દેખાવે પાતળો પણ સશક્ત અને ઘાટીલા અવયવોવાળો હતો. સ્ત્રી ઊંચી, પાતળી, ફિક્કી અને કમનીય હતી. પુરુષ બાવીસેક વર્ષનો હશે; જ્યારે સ્ત્રી ઓગણીસની દેખાતી હતી. બેઉ એક જ દિશાએ મીટ માંડી રહ્યાં હતાં. તે વેળા બેઉના મુખ પર કશો ભાવ નહોતો; પણ પુરુષની આંખની નેમ વેધક હતી. ઢળી પડેલી પાંપણોવાળી સ્ત્રીની આંખો અત્યારે સ્વપ્નશીલ દેખાતી હતી.

દોડી આવતી ધૂળની એક ડમરી બારણામાં ધસી આવી. સ્ત્રીએ અને પુરુષે આંખો મીંચી માથું ઢાળી દીધું. ઝૂંપડાનું એક બારણું જોરથી બાજુની દીવાલ સાથે અફળાયું.

પવનનો ઝપાટો પસાર થઈ જતાં સ્ત્રી તરફ ફેરવ્યો. પછી પોતાની નજર બારણા બહાર મોકલતાં જવાબ આપ્યો : 'જો થોડુંક વધારે દોડ્યો હોત તો મળ્યું હોત!' પછી જરા વાર રહી ઉમેર્યું : 'એક હરણ પાણી વિના તરસે મરતું, દોડી દોડીને થાક્યું ત્યારે બેબાકળું બનીને ચાલ્યું જતું હતું. એનામાં લાંબું દોડવાની શક્તિ નહોતી રહી. મેં એને દોડીને પકડી પાડ્યું હોત; પણ એટલું દોડ્યા પછી એને ઊંચકીને આટલે લાંબે પાછા ફરવાની શક્તિ મારામાં યે નહોતી રહી. હું એને જતું જોઈ રહ્યો અને પાછો ફર્યો.'

આટલું કહી પુરુષે માથું ઢાળી દઈ, લાંબા થઈ સૂઈ જતાં એક નિઃશ્વાસ છોડ્યો. એનાથી બોલાઈ જવાયું : 'નસીબ!'

સ્ત્રીના મનમાં એ શબ્દોનો પ્રત્યાઘાત જન્મ્યો. એ મનમાં જ બબડી : 'મારાં યે કમનસીબ!'

એ બંનેને છેલ્લા બે મહિનાથી અર્ધું પેટ ભરાય એટલું જ માત્ર એક જ ટંક ખાવા મળતું. પુરુષ રોજેરોજ તેતર પકડવાના ફાંસા બાંધી આવતો. ક્યારેક કોઈ દુર્ભાગી સસલું હાથ ચઢી જતું. બેત્રણ કુટુંબ સાથે મળીને હરણ મારવા બહાર પડતાં પણ ભાગ્યે જ સફળ થતાં; પણ છેલ્લા ત્રણ દિવસથી તો એ બંનેને કશું કહેતાં કશું જ ખાવાનું નહોતું મળ્યું - રોટલાનું એક બટકું યે નહિ! માંસનો એક કકડો યે નહિ! વહેલી સવારથી શિકાર પાછળ ભમતો એ પુરુષ ખરે બપોરે ખાલી હાથે પાછો ફર્યો હતો. એના પેટમાં ભૂખની લાય બળતી હતી અને પતિ કંઈક લાવશે એવી આશાએ રાહ જોતી સ્ત્રી પણ હવે હતાશ બની જતી હતી. એણે ચૂપ બની માત્ર ક્ષિતિજ તરફ જોયા કર્યું. એનું શાંત, અસ્વસ્થ મૌન અને પુરુષના સાંભળી શકાય એ રીતે લાંબા ચાલતા શ્વાસોચ્છ્વાસથી ઝૂંપડામાંનું વાતાવરણ તંગ બન્યું હતું.

વચ્ચે વચ્ચે પવનનો એકાદ સુસવાટો આવી જતો, ધૂળ ઊડી જતી, હૃદયો થાકી જતાં અને પુનઃ મૃતપ્રાય શાંતિ છવાતી.

સ્ત્રીએ માથું ફેરવી, ઊંધું ઘાલી, લાંબા થઈને સૂતેલા થાકેલા પુરુષ તરફ જોયું જોતી જ રહી. એની નજર એના વાંકડિયા વાળ પર થંભી ગઈ. થોડીવારે એના હોઠ કંપી ઊઠ્યા. એ કંપને શમાવવાનો યત્ન કરવા જતાં એની આંખમાં આંસુ ઊભરાયાં અને રેલો બની ગાલે દડી રહ્યાં.

સ્ત્રી હળવેથી બોલી : 'હજી ય તમે ફરી એકવાર શહેરમાં જાઓ.'

સૂતેલા પુરુષે જમીન પરથી પોતાનું માથું સહેજ ઊંચું કર્યું અને સ્ત્રી તરફ તિરસ્કારની એક નજર નાખી. પછી માથું ઢાળી દેતાં બોલ્યો : 'શહેરમાં શું મરવા જાઉં?'

દુભાયેલા સ્વરે સ્ત્રીએ કહ્યું : 'હું તમને મરવા જવા માટે

*જેમ નદીઓ ગમે તે રસ્તે પણ સમુદ્રમાં પ્રવેશે છે, તેવી રીતે બધા પ્રકારની ઉપાસના છેવટે પ્રભુને જ પહોંચે છે.*

કહેતી હોઈશ? હમણાં હમણાં તમને થયું છે શું? આવું બોલી બોલીને મને શું કામ ટાઢા ડામ દો છો?' કહી એ મોકળે મને રડી પડી.

જરા વાર રહી ફરી બોલી : 'વૈશાખ અને જેઠની ખોરાકની તંગી કંઈ ઓણ સાલની જ છે? એ તો આપણા જીવતર જોડે જડાયેલી છે; એટલે જ તમને કહું છું કે શહેરમાં જાઓ તો આપણે સદાના ભૂખમરામાંથી છૂટીએ!'

'તે એક વાર હું નો'તો ગયો શે'રમાં?' પુરુષ રોષમાં બેઠો થઈ જતો બોલ્યો : 'તે વેળા મારી જે વલે થઈ એ તું ક્યાં નથી જાણતી? ને તોય તું મને શે'રમાં જવાનું કહે છે?'

'તે કંઈ બધી વખત એવું જ બનતું હશે? મોટા શે'રમાં મજૂરી કે નોકરી ક્યાંક મળી જ રે. થોડીક ધીરજ જોઈએ.'

'હવે આનાથી વધુ કેટલી ધીરજ રાખું? આટલાં વરસ તારું પેટ કોણે ભર્યું? મેં કે કોઈ બહારનાએ આવીને? તે એ બધું ધીરજ વિના બન્યું હશે? તું તો હવે બેકદર અને કમજાત બનતી જાય છે.'

'મારા બોલવાનો અવળો અર્થ કરીને શા સારું નકામા ગુસ્સે થાઓ છો?' સ્ત્રી બોલી.

'બસ હવે એકે અક્ષર વધુ બોલી તો ગળે ટૂંપો દઈ દઈશ!' કહેતાં સ્ત્રીને પકડવા તેણે ઝડપથી હાથ લાંબો કર્યો. સ્ત્રી તરત ખસી ગઈ. ઘડીભર એના તરફ ગુસ્સાથી જોઈ રહેલા પુરુષે પગ લંબાવ્યા અને આડા પડતાં કહ્યું : 'જો, હું તને છેલ્લીવાર કહું છું, મારે મરવું કબૂલ છે; પણ શે'રમાં જવું નથી. તું જે દા'ડે મને શે'રમાં જવાનું કહીશ તે દી' મારી મારીને ઘરમાંથી કાઢી મૂકીશ - સમજી?' એણે ફરી બેઠાં થઈ જતાં સ્ત્રી તરફ આંગળી ચીંધી અને ગુસ્સાથી બૂમ પાડી : 'તને શે'રની શી ખબર? ગઈ છે કોઈ દી' ત્યાં? ત્યાં તો લોકો આપણા જેવાના બોલે બોલની ઠેકડી ઉડાવે! આપણી વાત કોઈ સાંભળે નહિ. રાત પડતાં એક મીઠો બોલ કે'નાર પણ કોઈ ન મળે. એવી જગ્યાએ પેટપૂરતું ખાવાનું મળે તોય શા કામનું? ત્યાં એવું કૂતરા જેવું જીવતર જીવવા કરતાં અહીં માનવીની પેઠે કમોતે મરવું સારું! હું એવા શે'રમાં કોઈ દી' પગ નહિ મૂકું.'

સ્ત્રી માથું નીચું કરી પગના અંગૂઠા વડે ભોંય ખોતરી રહી હતી. પુરુષે સતત એની સામે જોયા કર્યું. એ કશુંય બોલતી ન જણાઈ ત્યારે એણે ફરી બારણા બહાર જોયું. એનું મોઢું પડી ગયું અને એના હોઠ ધ્રૂજવા લાગ્યા.

સંભળાય અને દેખાય એવો નિશ્વાસ મૂકતાં સ્ત્રી ઊઠી. માટીના એક હાંડલામાંથી પિત્તળનો વાટકો ઊંચકી એણે પુરુષને પડખે મૂક્યો અને હેતભર્યું બોલી : 'લ્યો, આટલું ખાઈને પાણી પી લ્યો!'

પુરુષે વાડકામાં જોયું. એની આંખો આશ્ચર્યથી પહોળી થઈ. અધોવેંત લાંબો અને બે આંગળી પહોળો એક તેલભીનો માંસનો કડકો વાડકામાં પડ્યો હતો!

'ક્યાંથી લાવી?'

'પાડોશણે આપ્યો.'

'તું માગવા ગઈ'તી?'

'ના, એ પોતાની મેળે જ આપી ગઈ.'

'હેં?' કહેતાં પુરુષના મોં પરથી ઓચિંતું નૂર ઊડી ગયું. માંસના ટૂકડા પર મંડાઈ રહેલી એની આંખો બેધ્યાન બની ગઈ. એણે હોઠ મરડ્યા. એના ભૂખમરાની એ ગામના બધા રહેવાસીઓને હવે ખબર પડી ગઈ હતી! એને કોઈને કોઈ હવે થોડું ખાવાનું મોકલતું રહેશે. અત્યાર સુધી પોતાના જીવનમાં એણે ભૂખમરાના ઘણા દિવસ કાઢ્યા હતા; પણ કોઈકનું દીધેલું ખાવાનો એના જીવનમાં આ પહેલો જ પ્રસંગ હતો! એણે વાટકામાંના માંસના ટૂકડા તરફ નીરખી નીરખીને જોયા કર્યું. એના જેવા જ કોઈ અર્ધભૂખ્યા માનવીએ મોકલેલો એ દયાનો ટુકડો હતો - ખેરાત હતી! એનો જીવ ઊકળી ઊઠ્યો. ગામલોકો એને હવે લાચાર અને તાકાત વિનાનો સમજવા લાગ્યા હતા! શું પોતે એટલો હેઠો પડ્યો હતો? એણે વાડકાને હડસેલીને દૂર કર્યો અને બેઉ હાથ વચ્ચે માથું મૂકી એ ફાટેલા ગૂણપાટ પર ઊંધો સૂઈ ગયો.

સ્ત્રી ઊઠીને હળવેકથી એની પડખે બેઠી અને કહ્યું : 'નાહકનો જીવ ન બાળો. આ તો હવે જીવ ટકાવવાની વાત છે, માટે ઊઠો ને આટલું ખાઈને પાણી પી લો.'

આટલું કહીને સ્ત્રીએ નીચે નમીને એના મેલા, વાંકડિયા વાળ પર વહાલથી હાથ ફેરવ્યો. સ્ત્રીનો હાથ અડતાં જ પુરુષ ઝડપથી પડખું ફેરવી ગયો અને બોલ્યો : 'ચાલ! દૂર ખસ! મને અડતી નહિ, કમજાત!'

સ્ત્રી મોઢું મરડીને ન છૂટકે પાછી હઠી અને બારણાને અઢેલીને ફરી બેઠી.

કશું ન બન્યાની થોડી ઘડીઓ વીતી.

ફરી એક વાર પવનનો ઝપાટો આવતો સંભળાયો. પુરુષે ઝડપથી ઊંચાં થતાં, વાડકા પર પોતાના હાથનો પંજો ઢાંકી દીધો. ધૂળનું ધસી આવેલું વાદળ ઝૂંપડાની જુદી જુદી વસ્તુઓ પર પથરાવા લાગ્યું. થોડી વારે અંદરનું વાતાવરણ સ્વચ્છ બન્યું ત્યારે એ પુરુષે માંસનો કકડો પોતાના મોઢામાં મૂક્યો અને ચાવવા લાગ્યો. સ્ત્રીએ એને આંખના ખૂણેથી જોયો અને પાણીનો લોટો એની બાજુમાં મૂક્યો.

માંસનો કડકો ગળી જઈ, પાણી પી પુરુષે પીઠ ફેરવીને ઊભેલી સ્ત્રી તરફ નજર ફેરવી. કેવી અગ્નિશિખા સરખી પાતળી અને વળાંકભર્યા અંગોવાળી હતી એ? એના કાન પાછળ વાંકી વળેલી એના વાળની લટો એની ગરદનને ચૂમી રહી હતી. સૂકો નમણો ચહેરો, ઝીણું નાક, બેઉ પડખે પાણીના રેલા જેવા વહેતા એના હાથ! એ સ્ત્રીના દેહમાં કેટકેટલું સુખ ભર્યું હતું!

*તમે ભગવાનની નજીક છો કે દૂર એ તમારી કરણી વડે જ નક્કી થાય છે.*

ઝૂંપડામાં શાંતિ છવાઈ હતી. સ્ત્રીની ડોક પર થંભી ગયેલી પુરુષની નજર ત્યાંથી ઊતરીને એના આખા દેહ પર ફરી વળી. શિકારીની અદાથી એ સંભાળપૂર્વક ઊભો થયો અને હળવેકથી એક ડગલું આગળ વધ્યો.

ઉંબરામાં સ્થિર ઊભેલી સ્ત્રી પાછળ સરતાં એણે ઓચિંતી ઝડપથી એના બેઉ ખભા પકડ્યા. સ્ત્રી સહેજ ચમકી; પણ કશું બોલી નહિ. એનો આખો દેહ હચમચી ઊઠ્યો. સ્ત્રીની સુંદર, નાજુક ગરદન, આટલી નજીક જોઈ પુરુષે ઊંડો શ્વાસ લઈ મોઢું ખોલ્યું અને ઝડપથી પોતાનું માથું નમાવી એણે સ્ત્રીની ગરદનમાં બટકું ભર્યું.

'વોય!' કહી બૂમ પાડતી અને ફાંસામાં સપડાયેલું કોઈ જાનવર છૂટું થવા પ્રયત્ન કરે એ રીતે એણે પુરુષથી અળગી થવા બળ કર્યું.

પુરુષે પોતાના પંજાથી એના ખભા પર થોડુંક વધારે જોર દઈ, છેક જ નજીક ખેંચી, એને પોતાની છાતી સાથે ચાંપી. થોડીક વાર એને એમ ને એમ પકડી રાખી પછી જતી કરી. એક બેહૂદું હાસ્ય એના મોઢા પર ફરી વળ્યું.

સ્ત્રી તરત જ દૂર હટી ગઈ. કંઈક આશ્ચર્યથી અને કંઈક મીઠા રોષથી એણે પુરુષ તરફ જોયું. પછી પોતાનો કમખો થોડો હેઠો કરી, પુરુષે જ્યાં બટકું ભર્યું હતું એ તરફ પોતાની ગરદન ફેરવી વાંકી આંખે જોયું.

'હાય, હાય! કેવું બટકું ભરી લીધું! કેવા નઠોર છો તમે!' કહી આખા દેહને એક ગજબના લટકાથી વળ દેતી, આંખો નચાવી એ વધારે દૂર હટી અને પુરુષ સામે સૂચક હસતી ઊભી.

એ હાસ્યના આમંત્રણે પુરુષને પરવશ બનાવ્યો. એણે એક કૂદકો મારી એને ફરી પકડી. 'જવા દો, જવા દો' કહેતી, કિલકિલ હસતી એ સહેલાઈથી એના હાથોમાં સરી પડી.

એણે એને બન્ને બાહુઓથી ભેગી કરી પોતાની છાતીમાં સમાવી. અવાક બની એ એકીટશે એની આંખોમાં જોતી રહી. એના ભીના, ઊના શ્વાસોચ્છ્વાસ પુરુષના ગાલ પર અથડાયા ત્યારે એ વધારે ઉશ્કેરાયો. પોતાની છાતી સાથે જકડાયેલી સ્ત્રી પર એણે બન્ને બાહુઓ વધારે જોરથી ભીંસ્યા. એ બળના અતિરેકથી સ્પષ્ટ રેખાઓ એના ચહેરા પર ઉપસી આવી. એના બાહુઓની ભીંસથી કચડાતી સ્ત્રી 'ઓહ! ઓહ!' ના ચીત્કાર બોલી ગઈ. એણે વધારે જોર અજમાવ્યું અને એનો ચહેરો ભયંકર રીતે વિકરાળ દેખાયો.

ત્યાં તો ઓચિંતાના એના બાહુઓ કંપવા લાગ્યા. એ સ્ત્રી પરની પકડ એણે ઢીલી થતી અનુભવી. એનું ગળું રૂંધાયું, આંખે અંધારાં વળ્યાં અને શ્વાસ ભરાઈ આવતાં એની છાતી હાંફવા લાગી. પુરુષને બીક લાગી કે બે ઘડી આવીને આવી વીતશે તો આ સ્ત્રી એના હાથમાંથી હેઠી પડશે. એ ખ્યાલ આવતાં જ તેણે એક જબ્બર પ્રયત્ન કરી પોતાના બાહુઓને સ્થિર કરવા બળ કર્યું; પણ તેમ કરવા જતાં એ કંપ એના આખા શરીરે ફરી વળ્યો અને એના પગ ધ્રૂજવા લાગ્યા. એની આંખ આડે મેઘલી રાત જેવાં અંધારાં ફરી વળ્યાં.

એ સ્ત્રી એના હાથમાંથી સરતી, ઢગલો થઈને જમીન પર ઢળી પડી!

પડતાં બચવા પુરુષે ઉતાવળે બારણાનો ટેકો લીધો. હાથ પર માથું ઢાળી એણે હાંફવા કર્યું. એનાં અંગેઅંગ કાંપતાં રહ્યાં. થોડી વારે એની આંખ આડેથી અંધારાં ખસ્યાં ત્યારે એણે પહેલી નજર સ્ત્રી તરફ ફેરવી. એ ઢગલો થઈને પડી હતી ત્યાં, એ જ સ્થિતિમાં પડી રહેતાં તિરસ્કારથી એકધારી પુરુષ સામે જોઈ રહી હતી. એ નજરનાં તીર એના કાળજાની આરપાર નીકળી ગયાં. પુરુષે પોતાની સર્વ શક્તિ છિન્નવિચ્છિન થતી અનુભવી.

અત્યાર સુધી કાબૂમાં રહેલો પુરુષનો મિજાજ ઓચિંતાનો બેકાબૂ બન્યો. એણે બારણાને પકડી એને જોરથી ભીંત સાથે અફાળ્યું અને બીજે બારણે ટેકો દઈ ઊભો. એને વધારે હાંફ ચડવા લાગી ત્યારે પાણીના લોટાને લાત મારી એને ઝૂંપડા બહાર ફેંક્યો, અને તો ય એ સ્ત્રી પડી હતી એ જ સ્થિતિમાં પડી રહેતાં, બેરહમ બની પોતાની નજરનાં કાતિલ તીર પુરુષના કાળજા પર છોડી રહી હતી. એણે બંને બારણાંને પકડી એકબીજાં સાથે જોરથી અફાળ્યાં.

પુરુષે બળ કરી, આંખો મીંચી નીચલા હોઠને દાંત વચ્ચે કચડ્યો, આંગળીઓના નખ હથેળીઓમાં ખૂંચે એવા જોરથી એણે મુઠ્ઠીઓ વાળી. પોતાની જાત પરનો સરી જતો કાબૂ પાછો મેળવવા એણે છેલ્લો ભગીરથ પ્રયત્ન કર્યો.

રણનાં મેદાનો પર બેફામ ભ્રમણ કરતા માતરિશ્વાએ ચારે દિશાઓ આડા ધૂળના પડદા ઢાળી દીધા હતા. બળવાન પવનનો એક ઝપાટો ટેકરીને પડખે અથડાયો અને કોઈક બે ખડક વચ્ચેથી ઘુઘવાટ કરતું પસાર થતું સંભળાયું.

એના બે દાંત વચ્ચે દબાયેલા હોઠમાંથી નીકળતા લોહીનાં ચાર-છ ટીપાંનો રેલો પુરુષની હડપચી પર થીજી ગયેલો દેખાયો. વેરવિખેર કરી નાખે એવો અંગોનો પરિકંપ અને એની અસહ્ય, બેચેન વ્યથાના અનુભવની કેટલીયે ઘડીઓ પસાર થઈ ગઈ ત્યારે આખરે એના શ્વાસોચ્છ્વાસ હળવા ચાલવા લાગ્યા અને તંગ બનેલ સ્નાયુઓ શિથિલ થતાં એનો કંપ ઓછો થયો.

એક ઊંડો શ્વાસ છાતીમાં ભરી એ ટટ્ટાર થયો. ગરદન પાછળ હાથ મૂકી, બંને પગ પહોળા કરી એ થોડી વાર સ્થિર થઈ ઊભો. વેરવિખેર કપડાંવાળી, મોહિની જેવી એ સ્ત્રી હજી યે ઢગલો થઈ જમીન પર પડી હતી અને હજી યે એની મોટી, ભૂરી આંખો એવી જ વેધક મીટ માંડી રહી હતી. પુરુષે મોઢું મરડ્યું અને ફરી બેકાબૂ બનવા જતા પોતા મિજાજ પર એણે જુલમ ગુજાર્યો. આ ભૂખમરા પછી પણ એ કમજાત ઓરતની આંખમાં એની જુવાની ભડકે બળતી હતી! આ સ્ત્રી માટે એના હૃદયમાં એક ભયંકર, તિરસ્કૃત અણગમો જન્મ્યો. એ વિકૃત ભાવને કારણે એનું મોઢું

*ગુલાબની સુગંધ માણવી છે તમારે? તો ગુલાબની સાથે કાંટા પણ તમારે સ્વીકારવા પડશે.*

વિચિત્ર રીતે મરડાયું. એના સારાયે દેહના સ્નાયુઓ ફરી તંગ બન્યા. એણે ઓચિંતાનો એક પગ ઊંચક્યો અને સ્ત્રીના વાંસામાં જોરથી લાત મારી 'નફ્ફટ! શેતાન! બેઈમાન!'

'વોય!' સ્ત્રી એ વેદનાની ઊંડી ચીસ પાડી. ઉતાવળે પડખું ફેરવી, ઝૂંપડીના ખૂણામાં ટૂંટિયું વાળીને પડી રહેતાં એ જોરથી રડવા લાગી.

પુરુષના મોઢા પર સંતોષની લાગણી ફરી વળી.

ઝૂંપડાનાં અંધારા-અજવાળામાં લાલ માટી હવા બનીને ઊડી રહી હતી. કેટલીય ઘડીઓ વીતી તોય એ સ્ત્રીનું રુદન અટક્યું નહોતું. એ વીફરેલો પુરુષ પણ હજી શાંત બની ફાટેલા ગુણપાટ પર આડો થઈ પડ્યો નહોતો. ત્યાં ઝૂંપડા બહાર એક બૂમ સંભળાઈ : 'અમ્મા! ઓ અમ્મા? એક રોટીનો ટુકડો આપ! અનાજનો એક કોળિયો ને પાણીનો એક લોટો — ઓ અમ્મા!'

કોઈ ફકીર ઓટલા આગળ ભીખ માગી રહ્યો હતો. વચ્ચે વચ્ચે અટકતો એનો અવાજ બેસી ગયેલો સંભળાતો હતો.

'અરે ઓ અમ્માવાળી!' પુરુષે ઝૂંપડાની અંદરથી જ રાડ પાડી : 'ખરે બપોરે રાડો પાડીને શા માટે હેરાન કરે છે? ચાલ, આગળ ચાલવા માંડ!'

'એક નાનો રોટીનો ટુકડો આપ, બચ્ચા! ગરીબનવાઝ તને ઘણું આપશે.'

પેલી સ્ત્રી ઝૂંપડામાં રડતી બંધ પડી.

'ઘરમાં ન હોય તો ચોરી કરીને આપું તને? બીજાના પસીનાનો રોટલો ખાઈને પેટ ભરતાં શરમાતો નથી?' કહેતો પુરુષ ઊંબરા પર આવી ઊભો.

'શરમાઉં છું, બેટા!' ફકીર ઓટલાનું ઓઠિંગણ લેતાં લેતાં બોલ્યો : 'પણ ખુદાતાલાએ મને લાચાર બનાવ્યો છે. આ જો!' કહી લચી પડેલી ચામડીવાળા ઝીણા હાથ એણે ઊંચા કર્યા. હાથની આંગળીઓ અવિરત ગતિમાં ઊંચીનીચી થયા કરતી હતી. સાંકળ સરખી એની ઝીણી ડોક પર એનું ખોપરી જેવું દેખાતું નાનું માથું પણ ડોલ્યા કરતું હતું.

'લાચાર હો તો મરી જા! દુનિયાને શું કામનો છે તું હવે?'

'ખુદા મોત પણ નથી મોકલતો!'

'અને તું કોઈનાં જમણ ઓછાં કરતો ફર્યા કરે છે - એમને? બસ, ઘણું થયું, આગળ ચાલવા માંડ!' કહી પુરુષે બારણાને ધક્કો માર્યો અને ધમકીનો હાથ ફકીર તરફ લંબાવ્યો.

'ઓ બાબા!' ફકીરે પોતાનો દોરડા જેવો હાથ લાંબો કરી આજીજી ગુજારી : 'ફકીરને જાકારો ન દે! ચાર ગાઉ પગે ચાલીને આવ્યો છું. સામે ઝૂંપડે પહોંચવાની પણ હવે આ પગમાં તાકાત નથી રહી. એક ટુકડો આપીશ તો એના જોરે હું આગળ ચાલ્યો જઈશ.'

ઉશ્કેરાઈને પુરુષ ઉંબરા પરથી ઓટલે ધસી આવ્યો અને કહ્યું : 'એક હર્ફ વધારે બોલ્યો છે તો ધક્કો મારી દૂર કરીશ!'

પેલી સ્ત્રી બેઠી થઈને ઉંબરે આવીને ઊભી.

'બાબા! મિસ્કીન પર ખોફ કરવો દુરસ્ત નથી.' કહી ફકીરે પોતાના બેઉ હાથ ઊંચા કર્યા અને એમ કરતાં એનો દેહ લથડિયું ખાઈ ગયો.

ઉંબરા પરથી આંખો વિકાસીને જોઈ રહેલી પેલી સ્ત્રીને આ ફકીર જીવનને છેડે પહોંચેલા આદમી જેવો દેખાયો - જાણે એક જીવતું મૈયત! રોટલીનો એક ટુકડો પણ ઘરમાં હોત તો એને જરૂર આપત અને એની દુવા પોતે લેત એવું સ્ત્રીએ મનમાં વિચાર્યું.

'તું એમ નહિ જાય. ઊભો રહે, હરામજાદા!' કહી પુરુષ ડાંગ ઊંચકીને ઓટલા પર એક ડગલું આગળ વધવા જતો હતો ત્યાં સ્ત્રીએ એનો હાથ પકડીને રોક્યો.

'રહેવા દ્યોને, ઘરડો છે બિચારો. બૂમો મારીને થાકશે એટલે આપમેળે જતો રહેશે.'

'અમ્મા! આ પગમાં તાકાત હોત તો પહેલે જાકારે જ ચાલ્યો ગયો હોત. હવે તો મોતને સાથે લઈને ભમું છું. તો ભલે મારી કબર અહીં જ થાય.'

'એમ કે? પુરુષ બરાડ્યો. સ્ત્રીએ ડાંગ પકડી રહેલા એના હાથને થથરતો જોયો અને એ ચમકી. ભીંસેલા દાંતવાળા પુરુષનું મોઢું ભયજનક ભાસ્યું : 'તો થોભ, હમણાં જ તારી કબર કરું છું.'

એણે જોરથી ડાંગ ફેરવી. એ ડાંગ ફકીરના માથા પર ઊતરી હોત પણ 'ના, ના! તમને મારા સમ છે!' કહી એ સ્ત્રી એના હાથને વળગી પડી. નેમ ચૂકેલી ડાંગ ઓટલાની ધાર પર અફળાઈ અને ત્યાંથી એક માટીના ઢેફાને છૂટું કરતી ગઈ.

માનવીનું વિકૃત મન કેવી ભયંકર ઘટનાઓ સર્જી શકે છે. એથી તદ્દન અજ્ઞાત એ ફકીર ઓટલાને ખૂણે ઘૂંટણથી અઢેલીને ઊભો હતો. ફિક્કી કીકીઓવાળી, ધૂળે ભરેલી અને સૂજેલી એની આંખોમાં નરી મૂઢતા ભરી હતી. એણે પોતાની અર્ધી જિંદગી પશુની પેઠે ખોરાકની શોધમાં ભટકતાં વિતાવી હતી. પરિણામે એણે ઘણાં માનવલક્ષણો ગુમાવ્યાં હતાં. નેમ ચૂકેલો ડાંગનો જીવલેણ ફટકો અને આ લોહીતરસ્યો પુરુષ એનામાં ભયની લાગણી જન્માવી શક્યા નહિ.

'હવે છેલ્લી વાર કહું છું કે અહીંથી ચાલ્યો જા!' સ્ત્રીને બીજે હાથે અળગી કરવાનો યત્ન કરતાં પુરુષ બબડ્યો.

જોરથી પુરુષના હાથને વળગી રહેતાં અને એને ઝૂંપડાની અંદરના ભાગ તરફ ખેંચી જવાનો યત્ન કરતાં સ્ત્રી ફકીરને સંબોધી બોલી : 'ખુદાને ખાતર ચાલ્યો જા, ભાઈ!'

પણ ફકીર ત્યાંથી ખસ્યો નહિ; પણ ભૂખ્યા કૂતરાની પેઠે

*ઘા રુઝાઈ જશે તોય નિશાની તો રહેવાની.*

એણે બેઉ સામે ટગર ટગર જોયા કર્યું.

'આ...આ...હરામજાદો...' કહેતાં પુરુષે અત્યંત ક્રોધમાં આવી સ્ત્રીના હાથ પર મુક્કો મારી એને અળગી કરી અને પછી એના સાથળ પર એક લાત લગાવી એને ઉંબરા પરથી ઝૂંપડામાં ફેંકી.

'અરે! ઊભા રહો!' કહેતી ત્વરાથી ઊઠતી સ્ત્રી પુરુષને રોકે એ પહેલાં તો પુરુષે જોરથી ડાંગ હુલાવી ફકીરની છાતીમાં ભાલાની પેઠે મારી.

'યા અલ્લાહ!' કરતો એ બુઢ્ઢો, દુબળો ફકીર ઓટલા પાસેથી ધૂળવાળી જમીન પર અફળાયો. ધૂળનું એક નાનું વાદળ જમીન પર ઊડ્યું અને ચોમેર વિખરાયું. રાંઢવા જેવી ફકીરની ઝીણી ડોક પર એના માથાએ વળ ખાધો. એના પગ ઘૂંટણમાંથી જરા ઊંચા થયા અને પછી જોરથી લાંબા ફેંકાઈ ગયા. બધાય સ્નાયુઓ આંચકીથી ખેંચાયા અને એનું શરીર કઢંગી રીતે મરડાયું. બીજી જ ઘડીએ એનું માથું ઢળી પડ્યું અને આંખો ખુલ્લી રહી ગઈ.

'અરે! તમે આ શું કર્યું?' કહેતી સ્ત્રી એક કૂદકે ઓટલો ઊતરી એ ફકીરના મૃતદેહ પર નીચી નમી. એણે ફકીરની છાતીએ હાથ મૂક્યો અને માથું હલાવી જોયું. પછી પોતાનું માથું ઊંચું કરી પુરુષ સામે ફાટી આંખે જોતાં કહ્યું : 'તમે આનો જીવ લીધો!'

સ્ત્રીનું રુદન સાંભળી દૂરનાં ઝૂંપડામાંથી લોકો બહાર નીકળ્યાં અને એ ઝૂંપડા તરફ આવવા લાગ્યાં.

ક્રોધથી કંપતા પુરુષના હાથમાંથી ડાંગ સરી જઈ ઓટલે પડી. એના અંગના સ્નાયુઓને તાંતણે તાંતણે એણે ખેંચતાણ થતી અનુભવી અને એ બેચેનીના સભાન અનુભવથી એનું ગળું રૂંધાયું. એણે બેબાકળી આંખે ચોમેર જોયું.

ઉપરાઉપરી પવનના બેત્રણ ઝપાટા આવ્યા અને હુંકાર કરી પસાર થઈ ગયા. એમની પાછળ ધૂળનું એક મોટું વાદળ આસમાનમાં ઊંચે ચઢતું દેખાયું. આંખ આડા હાથ દઈ, વાંકો વળી એ ધ્રૂજતો ઊભો. ધૂળનું વાદળ વીખરાતાં એણે જોયું તો કુદરતે જાણે એ ફકીરના મૃતદેહ પર લાલ કફન ઓઢાડ્યું હોય એવી લાલ માટી એના શરીર પર બધે જ છવાઈ ગઈ હતી!

પુરુષે આંખોને વધારે ઝીણી કરી અને હાથની મુઠ્ઠીઓને વધારે જોરથી વાળી એણે દાંત કચકચાવ્યા. ફકીરના શબની પડખે બેસીને રુદન કરતી પેલી સ્ત્રીને જોઈ.

કંઈકનું કંઈ કરી નાખવા એ ફરી ઉશ્કેરાયો. ઓટલે પડેલી ડાંગને ઊંચકવા એ નીચે વળ્યો ત્યાં તો પોતાના ઝૂંપડા નજીક આવી પહોંચેલા લોકોના ટોળા તરફ એની નજર ગઈ. એ તરત જ પાછો ટટ્ટાર થઈ ગયો. એને આખે શરીરે બેચેનીનો ભયંકર કંપ ફરી વળ્યો.

એણે જોયું તો બધાંની આંખ એના પર જ મંડાઈ હતી. પાસે આવીને એ સૌ સ્ત્રી-પુરુષને અને ફકીરના મૈયતને ઘેરીને ઊભાં.

'શું થયું?' બેચાર જણે એકી સાથે પૂછ્યું. ત્યાં આવી પહોંચેલી બે સ્ત્રીઓએ રુદન કરતી પેલી સ્ત્રીના હાથ પકડી એને ઊભી કરી.

પુરુષે મોટેથી કઢંગી રીતે બોલવાનું શરૂ કર્યું : 'મેં એને કેટલીય વાર કહ્યું કે અમારી પાસે કંઈ જ ખાવાનું નથી તો ય એ ખસ્યો નહિ. અમે પોતે ત્રણ દિનાં ભૂખ્યાં છીએ તે એને ક્યાંથી આપીએ?' એનો અવાજ ધ્રૂજતો હતો અને શબ્દો અટકતા હતા.

ટોળામાંના એક કહ્યું : 'એને મારી પાસે મોકલવો હતો ને? હું એને કંઈ આપત! પણ એ મૂવો કેમ કરતાં?'

'બધા મરે છે એમ.' પૂછનાર તરફ વક્રદષ્ટિ ફેરવી એણે કહ્યું : 'પગે સોજા હતા ને આવી લૂમાં ચાર ગાઉ ચાલીને આવ્યો હતો. મારી પાસે ખાવાનું માગ્યું. મેં ના કહી તોય કેમે કર્યો સમજે નહિ!'

'પછી?' એકે પૂછ્યું

'પછી-પછી શું પૂછો છો? મેં ઓછો જ એને મારી નાખ્યો!' પુરુષે એ પ્રશ્ન પૂછનાર તરફ ધ્રૂજતો હાથ લાંબો કર્યો અને રાડ પાડી : 'મારે ઓટલેથી દૂર કરવા મેં એને જરા જેટલો ધક્કો માર્યો કે એ તરત જ બેભાન થઈને હેઠે પડ્યો ને મરી ગયો એમાં હું શું કરું?'

બધી આંખો એના પર મંડાઈ રહી. એ બધી જ આંખો ગમગીન હતી. ભયંકર શાંતિ છવાઈ રહી હતી!

કોઈ કંઈ બોલતું જણાયું નહિ એટલે પુરુષે ટોળા પરથી પોતાની નજર ઊંચકી ચોમેર જોયું. ન સહેવાતી બેચેનીને શમાવવા એણે એક ઊંડો શ્વાસ ભરી છાતી પહોળી કરી. એની નજર અંતે ફરતી ફરતી પોતાની સ્ત્રી પર પહોંચી. માથું નીચું કરી એ હજી ડૂસક્યા કરતી હતી. એના દરેક ડૂસકા સાથે એના દેહનું માળખું હાલી ઊઠતું હતું.

કોણ જાણે કેમ પણ એ પુરુષનો આત્મા અત્યંત દુભાઈ ગયો અને એનો ચહેરો એકદમ પડી ગયો. હળવા શ્વાસ ભરતાં એણે દયામણી નજરે ટોળા તરફ જોયું અને ફરી એકવાર અનંત ધરતી પર પોતાની દૃષ્ટિને ભ્રમણ કરવા મોકલી આપી.

એ પછી કોઈએ એને વધારે પ્રશ્નો પૂછ્યા નહિ. એકબીજા સાથે વાતો કરતા લોકોની વાતમાં કે એમની પ્રવૃત્તિમાં એ પુરુષને રસ નહોતો. બેધ્યાન અને અસ્વસ્થ ભાવે એણે દૂર દૂર જોયા કર્યું.

પાંચ છ પુરુષો વાતો કરતા દૂરનાં ઝૂંપડાઓ તરફ જતા દેખાયા. બાકીના કેટલાંક ઝૂંપડાઓની ઓથે અને કેટલાક ઓટલા આગળ બીડી ફૂંકતા વાતો કરતા બેઠા. એમાંના કોઈએ આ પુરુષ સાથે વાતો કરવાનો પ્રસંગ શોધ્યો નહિ, કોઈએ એની હાજરી તરફ લક્ષ આપ્યું નહિ. સામેને ઝૂંપડે ગયેલા માણસો એક ખાલી જનાજો ઊંચકી આવ્યા ત્યારે ત્યાં બેઠેલા બધા એકીસાથે ઊઠ્યા. જનાજામાં તેમણે ફકીરના શબને સુવડાવ્યું, એના પર કફન ઢાંક્યું અને બધાએ એનો જનાજો કાઢ્યો. પેલો પુરુષ પણ એમની સાથે

*તમારો દુશ્મન ભૂખ્યો હોય તો એને ખાવાનું આપજો અને તરસ્યો હોય તો એને પાણી આપજો. – બાઈબલ*

ચાલ્યો.

વાવની બાજુમાં એક નાનકડા ઝાડના છાંયડા નીચે એને દફનાવી, લોકોએ ત્યાં કબરના આકારના નાના નાના પથરાઓ ગોઠવ્યા. પછી ગમગીન ચહેરે સૌ પોતપોતાને ઝૂંપડે પાછા ફર્યા.

પુરુષ પણ પોતાના ઝૂંપડા તરફ વળ્યો.

પશ્ચિમની ક્ષિતિજ પર પ્રકાશ ગુમાવતો સૂર્ય ધૂળની મેલી આંધીમાં અદશ્ય થતો દેખાયો. એક બુલબુલ ક્યાંકથી ઊડી આવી ઝૂંપડાની ટોચ પર બેઠું અને ગાનમાં લીન થયું. જમણી તરફના રણ વિસ્તાર પર હજી ઝંઝાવાતી વાયરા વાતા હતા. આકાશ હેઠું ઊતરી આવ્યું ભાસતું હતું અને ચુપકીદી વધારે ઘેરી બની હતી. અંધારાં ઊતરી આવવાની તૈયારીમાં હતાં.

પોતાના ઝૂંપડા નજીક આવી પહોંચતાં પુરુષે સ્ત્રીને ઉંબરા પર ઊભેલી જોઈ. આઘાત લાગ્યો હોય એમ એ ઓચિંતાનો આગળ વધતો અટકી ગયો. સ્ત્રી એકધારું એની સામે જોઈ રહી હતી. એણે પોતાના દેહને સંકોચ્યો, માથું ઢાળી દીધું અને ભારે પગ આગળ ભરતો એ ધીમી ગતિએ આગળ વધ્યો. ઓટલો ચડતાં એનું મન ઊંડું પેસી ગયું! બારણા આગળ સ્ત્રીની છેક બાજુમાંથી પસાર થતાં એ અંદર પેઠો. સ્ત્રી પણ તરત જ એની પાછળ ઝૂંપડાના અંધારામાં દાખલ થઈ.

ચોમેર રાત્રીનાં ઘોર અંધારાં છવાઈ ગયાં. દિવસ કરતાં વધારે તોફાની પવન વાવો શરૂ થયો, બંધ બારણાં ક્યારેક હચમચી ઊઠતાં. કોઈક બળવાન ઝાપટનો તમાચો ખાઈને ક્યારેક એ ઝૂંપડાની છત ચીંચાટ કરવા માંડતી.

મોડી રાતે, ઘનઘોર અંધકાર વચ્ચે, ઝૂંપડામાંથી બહાર આવતું એક રૂદન પવનના એક ઝાપટા પર સવાર બની ઊડવા લાગ્યું. બેફામ થઈ દોડતો એ પવનનો સુસવાટો ટેકરીને પડખે અથડાયો અને એના ઢોળાવ પર પેલું રુદન વેરાઈ ગયું!

***'જયંત ખત્રીની શ્રેષ્ઠ વાર્તાઓ' માંથી સાભાર***

*હું યુગોનું સંભારણ આપી શકું*
*આંસુનો એકાદ કણ આપી શકું.*
*જો દિશા થઈ પણ ખુલી સીમ તો*
*દોડવા મારાં ચરણ આપી શકું.*
*આપ તું એકાદ હોંકારો મને*
*રાત આખી જાગરણ આપી શકું.*

***– રમેશ ઠક્કર***
***સૌજન્ય : "ભણતરનું ભાવજગત"***

## વિદ્યાર્થીનું આત્મસન્માન એ કોઈ પણ સન્માન કરતાં મોટી ચીજ છે

ભણતા બાળકને બિરદાવવાનું કામ પણ અત્યંત જરૂરી છે. માણસ માત્રને કોઈકની હૂંફ કે પ્રેરણાની તલાશ હોય છે. તો વિદ્યાર્થી એમાંથી કઈ રીતે બાકાત રહી શકે? આપણી જે વ્યવસ્થા છે એમાં વિદ્યાર્થીને આપણે રેસમાં ઉતારીએ દઈ - હાકલા, પડકારા કરી સતત ઉત્તમ રિઝલ્ટ માટે અપેક્ષાનું કેન્દ્ર બનાવતા રહીએ છીએ. હકીકતમાં એના આંતરજગતને સ્પર્શ કરી પ્રોત્સાહિત કરવાની કળા ભાગ્યે જ કોઈને હસ્તગત હોય છે.

આમ જોઈએ તો શાળાપ્રવેશથી શરૂ કરીને કૉલેજ કાળના અંતિમ સમારંભ સુધી વિવિધ તબક્કે વિદ્યાર્થીઓને અનેક પ્રકારે માન સન્માન કે ઍવોર્ડો વગેરે મળતાં રહે છે. પરંતુ આ બધી જ વ્યવસ્થામાં કેન્દ્રસ્થાને એની સફળતા હોય છે. અર્થાત્ શાળાકીય માપદંડોથી જે વિદ્યાર્થી શ્રેષ્ઠ પ્રદાન કરે એને પુરસ્કૃત કરી આપણે નવાજતા રહીએ છીએ. આપણી સ્કૉલરશિપો પણ તેજસ્વી વિદ્યાર્થીઓને જ મળતી હોય છે. હકીકતમાં હતાશ વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવાની જરૂર હોય છે - એ વાત આપણે ભૂલી જઈએ છીએ.


આજની શિક્ષણ વ્યવસ્થા સંદર્ભે અનેક જગ્યાએ ટીકાત્મક ઉલ્લેખો સંભળાય છે પણ ઉકેલ બાબતે કોઈ બોલતું નથી. આપણી પદ્ધતિમાં અત્યંત નબળા અને સરેરાશ વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક યોજનાઓ કે કાર્યક્રમો આપણે શરૂ કરીએ તો એ એક નૂતન અભિગમ પુરવાર થઈ શકે — માણસમાત્રને સદ્‌ભાવની તલાશ હોય છે. પોતે કોઈ બાબતે મૂંઝવણ અનુભવે છે એ વાત કહેવા પ્રત્યેક વ્યક્તિ હંમેશાં તત્પર હોય છે. આવા સંજોગોમાં આપણી પહેલ એના માટે મહત્ત્વની પુરવાર થઈ શકે છે.

વિદ્યાર્થીના ઘડતર માટે સુંદર પાઠ્યપુસ્તકો - યુનિફૉર્મ - અદ્યતન શાળાઓ કે કૉલેજો ઉપરાંત અત્યંત જરૂરી છે એના આત્મસન્માનને ઉજાગર કરવું. આપણી સમગ્ર વ્યવસ્થામાં આ અંગે કોઈ ગોઠવણ નથી. જ્યાં સુધી આપણે એનું વ્યક્તિ ગૌરવ નથી કરી શકતા ત્યાં સુધી એને યોગ્ય દિશામાં વાળવાનું અત્યંત દુષ્કર બની જતું હોય છે.

***– રમેશ ઠક્કર***
***સૌજન્ય : "ભણતરનું ભાવજગત"***

"ROLEX" Brand

**Rushabh**
STEEL CENTRE
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072**



# સાત-પાંત્રીસની ટ્રેન ચૂકી ગયા પછી

• ધીરેન્દ્ર મહેતા •

ટ્રેનને પહોંચ્યાને કંઈ ઝાઝો વખત થયો નહોતો, છતાં એને જોતાં એમ લાગતું હતું કે એ વરસોથી આમ ને આમ અહીં ઊભી રહી છે. કદાચ એ ક્યારેય હલી જ નહિ હોય. મેં એની સામે જોયા કર્યું. મને લાગ્યું કે ટ્રેન શટરની જેમ સરકીને આંખ આગળ આવી ગઈ છે. સામેના દશ્યને ઢાંકી દેવા માટે જ જાણે આ ટ્રેન વચ્ચે આવી ગઈ હતી અને આંખોમાં જડાઈ ગઈ હતી.

પછી હું પોતે પણ જડાઈ ગયો હોઉં એમ બેસી રહ્યો; ગતિરોધનો આવો વસમો અનુભવ આ પૂર્વે મેં કદી કર્યો નહોતો. મારે અટકવું નહોતું અને અણધારી રીતે અટકી જવું પડ્યું હતું.

આ ટ્રેન અહીં પહોંચે એ પહેલાં આગળ જનારી ટ્રેન ઊપડી ચૂકી હતી. એ ટ્રેનને ગતિમાં આવતી મેં જોઈ પણ હતી. મને ફાળ પડી હતી પરંતુ પછી હું વિચારમાં પડી ગયો હતો.

મને તો એમ હતું કે આ ટ્રેન પહોંચશે નહિ ત્યાં સુધી પેલી ટ્રેન ઊપડશે નહિ. આથી જ ટ્રેન મોડી પડવાને કારણે મુસાફરોમાં જે આકુલતા જન્મી રહી હતી, એથી હું અળગો રહી શક્યો હતો. જોનારને કદાચ એમ પણ લાગે કે હું એમની બધાની આકુલતાનો આનંદ લઈ રહ્યો છું.

વાત છેક ખોટી પણ નહોતી. મને એ જોવામાં ચોક્કસ રસ પડ્યો હતો કે છેલ્લા બે કલાકમાં આ આકુલતા કેવાંકેવાં રૂપે પ્રગટ થઈ રહી હતી. કોઈકને એ જાણવું હતું કે ટ્રેન કેટલી મોડી છે. કોઈક વધી રહેલી ગરમીને એની સાથે સાંકળતું હતું, કોઈ અધીરાઈથી બારણા પાસે જઈને ઊભું રહેતું હતું અને થોડી વારે જાણે બહારનું એકએક દશ્ય, એકએક વસ્તુ આવી આવીને વાગતી હોય એમ પાછું અંદર આવી જતું હતું... ટ્રેન કેટલી મોડી છે એ જાણવા ઇચ્છનારને પછી એ પણ જાણવું હતું કે મોડા પડવાનું કારણ શું છે. કોઈકે કહ્યું કે રાત્રે પોતે જાગતો હતો ત્યાં સુધી તો સમયસર હતી. બધાં જુદું જુદું કહેતાં હતાં. કોઈકને અકસ્માતની આશંકા હતી. કોઈકને સિગ્નલ મળ્યું ન હોવાનું લાગ્યું. કોઈકે રોષપૂર્વક કહી દીધું કે આમ ચલાવી ન લેવાય. કોઈ વાતનું ઠેકાણું છે! અત્યાર સુધી છુપાવી રાખેલું કારણ કહેતું હોય એમ કોઈ બોલ્યું, વચ્ચે કોઈક ઠેકાણે બહુ વખત પડી રહી હતી. એણે સમર્થનની રીતે કહ્યું, પોતે જાગતો હતો પરંતુ અંધારું હોવાથી કયું સ્ટેશન હતું તેની ખબર ન પડી.

આ બધાં કારણે ટ્રેન એકાએક અટકી ત્યારે જ તે ચાલી રહી હતી એવો ખ્યાલ આવ્યો. શું થયું, શું થયું, એવો પ્રશ્ન વિહ્વળતાથી પુછાઈ રહ્યો. કોઈકને સાંકળ ખેંચાઈ હોવાનો વહેમ ગયો. હોહા થઈ ગઈ, સામાન કોણે વચ્ચે મૂક્યો હતો? ચાલવાનીય જગા નથી રાખી ત્યાં બહાર શી રીતે નીકળવું?

પછી અચાનક જલદી કરો, જલદી કરો... આવી ગયું, એમ થઈ રહ્યું. ટ્રેન નિયત સ્થાનને બદલે બીજે ઊભી રહી હોય એમ લોકો હાંફળાં ફાંફળાં થઈ રહ્યાં. કોઈકે નારાજ થઈને કહ્યું, અત્યાર સુધી વસવસો કરતાં હતાં ને હવે આવી ગયાં તો ઊતરવાનું નામ લેતાં નથી ...શું માણસો થાય છે!

....માણસોની સાથેસાથે બધું જ ધીરે ધીરે વીખરાઈ ગયું અને એકમાત્ર હું જ બાકી રહ્યો.

ટ્રેનમાંથી એકલો હું જ ઊતર્યો ન હોઉં, એવું મને લાગ્યું અને હુંય ટ્રેનની આગળ એવી અદાથી ઊભો રહ્યો, જાણે હું પોતે જ ટ્રેનને લઈને ન આવ્યો હોઉં!

પ્લેટફૉર્મ ખાલી મેદાન હોય એમ મને લાગ્યું. એની આસપાસનો વિસ્તાર વગડા જેવો દીસતો હતો. વગડાઉ ઝાડઝાંખરાંની બરછટતા તડકાની સાથે આખા પ્લેટફૉર્મ પર ફેલાઈને દઝાડતી હતી. હવાની સાથે સાથે રેતી પણ વીંઝાતી હતી.

મને હવે થાક લાગ્યા જેવું થયું. ભારે સાહસો ખેડીને વરસો પછી હું નિર્ધારિત સ્થાને પહોંચ્યો ન હોઉં, એમ મને લાગ્યું. મનમાં એક ઉપેક્ષાનો ભાવ લઈને હું ચાલ્યો. ટ્રેનને છેડે પડતા પડછાયાના ટુકડામાં બૅગ મૂકીને બેઠો.

પડછાયાનો આકાર અવળસવળ થયો ત્યારે મેં ઊંચે જોયું. મારી ખબર પૂછવા ન આવ્યો હોય એ રીતે કુલી ઊભો હતો. પછી એણે પૂછ્યું પણ એવી જ રીતે-

*પૈસો સુખ પણ આપે, દુઃખ પણ. સાચવીએ તો ધીમું ઝેર છે, બેફામ વાપરીએ તો ઘાતક ઝેર છે.*

'કેમ સાહેબ?'

મેં એની સામે પૂર્વવત્ જોવાનું ચાલું રાખ્યું એટલે એ બોલ્યો : 'ક્યાંય જવાનું નથી, સાહેબ?'

અને ફરીથી પૂછ્યું : 'સામાન છે?'

મેં છેવટે જવાબ આપ્યો : 'જવું તો હતું પણ ટ્રેને મારી રાહ ન જોઈ; હું આવું એ પહેલાં નીકળી ગઈ.'

એણે, સમજ્યો ન હોય એ રીતે, પણ સમભાવપૂર્વક પૂછ્યું : 'કઈ ગાડીમાં જવું છે, સાહેબ?'

મેં જાણે ટાળવા માગતો હોઉં એમ કહી નાખ્યું : 'સાત-પાંત્રીસની.'

પેલો ટગરટગર જોઈ રહ્યો.

'એ તો ક્યારની ગઈ સાહેબ, ખબર નથી? કોઈને પૂછ્યું નહિ તમે?'

પછી ઓચિંતો જ બોલ્યો, 'આ ટ્રેન જવાની નહિ સાહેબ!'

એ જાણે મને અહીંથી ઉઠાડવા જ આવ્યો હોય એમ કહેવા લાગ્યો : 'હવે અત્યારે કોઈ ગાડી નથી સાહેબ, હવે છેક સાંજે મળશે...અહિંયાં ક્યાં સુધી બેસી રહેશો? ગામમાં કોઈ સારી હૉટલમાં...'

પછી સહસા પૂછી જ નાખ્યું, 'બૅગ ઊંચકી લઉં, સાહેબ?'

એના એમ પૂછવાની સાથે જ નિર્ણય લેવાઈ ગયો હોય એમ હું તરત ઊભો થઈ ગયો. એ મારી પાછળ પાછળ બૅગ ઊંચકીને ચાલ્યો.

રિક્ષામાં બેઠા પછી મને એમ થયું કે રિક્ષા સુધી આવતાં આવતાં જ મેં રેખાને મળવા જવાનો નિર્ણય કરી લીધો હતો. બેઠો હતો ત્યાં સુધી તો કદાચ એનું સ્મરણ પણ થયું નહોતું. મજૂરે ઉઠાડ્યો ન હોત તો કદાચ ત્યાં પ્લૅટફૉર્મ પર બેઠાંબેઠાં જ વખત વિતાવી દીધો હોત. હવે તો નવાઈ પણ લાગતી હતી, આ સ્ટેશન પર આ અચાનક અટકી પડવાની સાથે રેખા આ ગામમાં રહે છે એ યાદ આવવું જોઈતું હતું. ઓચિંતી ઊભી થયેલી આવી પરિસ્થિતિમાં એથી એક રાહતનો અનુભવ થાત. આમ અચાનક એને મળી લેવાશે એનો આનંદ પણ થવો જોઈતો હતો.

રેખા!

દસેક વરસ પહેલાં હંમેશાં સામેની બેંચ પર જ એક છેડે બેસતી મુગ્ધ આંખોવાળી એક છોકરી યાદ આવતી હતી. પછીનાં વરસોમાં એ અલપઝલપ જ મળી હતી. એને જોતાં એ મોટી થતી જતી હોય એમ લાગ્યું હતું. પછી એના ચહેરા પર ઝાંખપ આવી ગઈ હોય એવો ભાસ થયો હતો. એકવાર એક બાળક સાથે હતું. બીજી વાર મળી ત્યારે એમ લાગ્યું હતું કે હવે તો એ પણ મોટું થઈ ગયું. રેખાએ એને કહ્યું હતું, અંકલને નમસ્કાર કરો...

રેખાનું ઘર સ્ટેશનની નજીક જ હતું. રેખાએ જ એક વાર કહ્યું હતું, અમે લોકો રિક્ષાનું જે ભાડું થાય એને આધારે અંતરનો અંદાજ બાંધીએ. પછી કહે, સ્ટેશનથી મારું ઘર બે રૂપિયાના અંતરે છે. પછી હસી પડી હતી. સરનામાની પૂરેપૂરી વિગત એણે આપી હતી.

રિક્ષામાંથી ઊતરીને મેં સામેના બિલ્ડિંગ પર નજર નાખી. દેખતાં જ એ બહુ જૂનું લાગતું હતું, એના પર મોટા અક્ષરોમાં લખાયેલું વર્ષ ભૂતકાળને વધુ આગળ જતાં રોકતું હતું, નહિ તો એને હજુ પણ વધારે જૂનું કલ્પી શકાત.

પૅસેજમાં દાખલ થઈને દાદર ચઢી ગયો. ઉપર જતો હતો પણ લાગતું એમ હતું જાણે ભૂગર્ભમાં ઊતરી રહ્યો છું, એટલું બધું અંધારું અને બંધિયારપણું હતું. નીચેની મદ્રાસી હૉટલમાંથી ડુંગળી લસણની તીવ્ર વાસ આવતી હતી અને દાદરના પૅસેજમાં બેઠેલા દરજીના સંચાનો કર્કશ અવાજ મને જોરથી ધકેલી રહ્યો હતો.

પહેલા માળે પહોંચીને ડોરબેલનું બટન દબાવ્યું એ સાથે જ અપેક્ષા કરતાં બહુ જ ઓછા સમયમાં કોઈકે બારણું ઉઘાડી નાખ્યું. મને અંદર પ્રવેશતાં રોકવાનો ઈરાદો ન હોય, એ રીતે દરવાજાની વચ્ચોવચ ઊભા રહીને એણે પૂછવા માંડ્યું : 'કોણ છો ભાઈ, તમે? તમારે કોનું કામ છે?'

આ મારી ધારણા બહારનો વ્યવહાર હતો પરંતુ હવે એનો સામનો કર્યા સિવાય બીજો રસ્તો પણ શો હતો? મેં કંઈક ક્ષોભ પામીને પૂછ્યું, 'રેખા...રેખાબહેનનું ઘર આ છે?'

અને પછી રૂક્ષ ચહેરા અને ટૂંકા વાળવાળા એ ઠીંગણા માણસ સામે મેં જોયા કર્યું. ધોળા થવા માંડેલા વાળને કલપ લગાડવો કે નહિ તેની અવઢવ એનું માથું જોતાં દેખાતી હતી.

'હા, પણ તમારે શું કામ છે? અને તમે ...'

એણે અણગમો દેખાડીને મને વારવાનો પ્રયત્ન જારી રાખ્યો.

'તમે કેતનકુમાર તો નહિ?'

એના પ્રશ્નના ઉત્તરમાં મેં પહેલાં એનું નામ કહ્યું અને પછી મારું કંઈક રમૂજી લહેકામાં : 'હંઅઅ! તો હું અખિલ - અખિલ પંડ્યા.'

પછી એના ઉત્તરની રાહ જોયા વિના જ કહ્યું : 'ન ઓળખ્યો મને? નામથી પણ નહિ?!'

એને એમ ને એમ ઊભો રહેલો જોઈ મને હસવું આવી ગયું.

એમ કરો, કાં તમે દરવાજામાંથી ખસીને મને અંદર આવવા દો. અથવા રેખાને...'

એટલામાં તો અંદરથી આ તરફ આવતો અવાજ સંભળાયો : 'કોણ છે? લો, હું આવી જ ગઈ.'

કેતન તો જેમનો તેમ દરવાજામાં જ ઊભો હતો. રેખાએ હજુ મને તો જોયો જ નહોતો. છેક સુધી આવી ગયા પછી વચ્ચે ઊભા રહેલા કેતનની ઉપરથી એ મને જોઈ શકી હશે કેમ કે હું

*ક્યારેય વધુ પડતા લાગણીશીલ થવું નહિ.*

એનો ચહેરો એ જ રીતે જોઈ શક્યો.

મને જોયા પછી એના ચહેરાના ભાવો એકાએક બદલાયા હોય એમ મને લાગ્યું. એની આંખોમાં આવેલી ચમકે પણ મારું ધ્યાન ખેંચ્યું.

'તમે...તમે...કોણ અખિલ સર?'

મેં હળવાશથી કહ્યું : 'હં! હવે મને હાશ થઈ! સારું થયું કે તું ઘરમાં છે, નહિ તો મારું શું થાત? આ કેતનકુમારે તો ન ઓળખીને મારો જીવ અધ્ધર કરી દીધેલો.'

પણ રેખા એમ હળવી થઈ શકી નહિ. એ કેતનની બાજુમાંથી નીકળીને બહાર આવવા મથી રહી. પોતાનો ક્ષોભ ઢાંકવા કેતનને ઉદ્દેશીને તિરસ્કારપૂર્વક એ બોલી : 'હવે તમે એમ બાજુ તો થાઓ. બહારગામથી માણસ આવે એને આવકાર આપવાને બદલે આમ મોં વકાસીને વચ્ચે ઊભા રહેવાતું હશે? હં!'

કેતને જાતને સંભાળી લીધી. બાજુ પર ખસીને જગા કરી આપતાં એણે કહ્યું : 'આવો, આવો, અખિલભાઈ!'

રેખાને આ પણ ન ગમ્યું. ન ગમવા કરતાંય એને દિલગીરી થઈ હોય એમ મને લાગ્યું. એવા જ ભાવ સાથે એ કેતન તરફ ફરીને બોલી, 'અખિલભાઈ? સરને તમે...'

'ઈટ્સ ઑલરાઈટ, ઈટ્સ ઑલરાઈટ.'

મેં એને આગળ બોલતાં અટકાવી અને પછી એને દિલગીરીનો ભાવ દૂર કરવા માગતો હોઉં એમ બોલ્યો : 'હું તારો સર, એમનો થોડો?'

અને પછી વાતાવરણમાં સ્વાભાવિકતા લાવવા માટે હસવા લાગ્યો.

મેં જોયું કે કેતન પણ કંઈ સમજ્યા વગર હં હં હં કરતો હસતો હતો. એ કદાચ આ વિચિત્ર સ્થિતિમાંથી છૂટવા માગતો હતો.

પૅસેજ વટાવીને મારી પહેલાં રેખા ઘરમાં દાખલ થઈ. હજુ એનો ક્ષોભ દૂર થયો નહોતો, એમ એનો ચહેરો જોતાં દેખાઈ આવતું હતું. પાછળ ફરીને એ ફરીથી કેતનને કહેવા લાગી : 'તે તમે સરને ઓળખ્યા નહિ?'

જવાબ આપવામાં કેતનને મારી હાજરી આડે આવતી હોય એમ મને લાગ્યું. એ અંતરાયને ઓળંગીને કહેતો હોય એમ એ કહેવા લાગ્યો : 'હેં? ના, એમ તો નહિ, પણ મને જરા વાર થઈ.... કેટલા વખતે જોયા!'

એની એ મથામણ જોઈને એમાં એને મદદ કરવાના આશયથી હું ત્યાંથી આગળ વધી ગયો. ત્યાં મેં સાંભળ્યું : 'હવે જરા બહાર જઈને એમની બૅગ તો લાવો!'

હું પોતે તો બૅગની વાત જ ભૂલી ગયેલો. એ લાવવા માટે પાછો વળવા જતો હતો પણ પછી કંઈક વિચારીને અટકી ગયો અને ત્યાંથી આગળ પણ વધી ન શક્યો. ખરું કહું તો શું કરવું એની મને સૂઝ જ ન પડી. રેખા પણ ત્યાં ને ત્યાં ઊભી રહી ગઈ હતી. એ મૂંઝવણમાં ને મૂંઝવણમાં એણે બબડવા માંડ્યું : 'એવો વહેમી છે કે ન પૂછો વાત! ડૉરબેલ વાગે ત્યારે કોઈ દિવસ મને બારણું ઉઘાડવા જવા ન દે, તરત પોતે દોડે...'

એ જ્યાં ઊભી રહી હતી ત્યાંથી ખસ્યા વગર એણે ડોક મારા ભણી લંબાવીને નિયંત્રિત સ્વરે કહેવા લાગી : 'એ દરવાજામાં ને દરવાજામાં શા માટે ઊભો રહ્યો, ખબર છે? એણે દરવાજો ઉઘાડ્યો હશે ને તમે મારી પૃચ્છા કરી હશે એટલે તરત એને વહેમ પડ્યો હશે...'

એણે લંબાવેલી ડોક દરવાજા તરફ ફેરવી. એનો સ્વર હતો એથીય વિશેષ સંયત થઈ ગયો : 'એ આવતો લાગે છે... ઝાઝી વાર મને એકલી પડવા જ ન દેને!'

ક્ષણવાર માટે એણે ફરી પાછું મારી સામે જોયું. એની વિસ્ફારિત આંખોમાં મોટા મોટા ડોળા તગતગતા હતા. એણે લગભગ મારા કાનમાં મોઢું નાખ્યું, 'જુઓ, સર! તમને કહી રાખું? એની હાજરીમાં મને એકવચને બોલાવશો નહિ; એને નહિ ગમે.'

આટલું કહીને એ તરત અળગી થઈ ગઈ. ડોક એણે ફરી પાછી દરવાજા તરફ ફેરવી. પછી ઊંચા સાદે બોલી : 'આટલી બધી વાર હોય બૅગ લેતાં?'

એના અવાજમાં અધીરાઈ હતી કે આકુલતા તે નક્કી કરવું મુશ્કેલ હતું. પરંતુ એની વચ્ચેથી સંશયની અણી બરોબર નીકળી આવી હતી. 'કાં તો સંતાઈને આપણી વાતો સાંભળતો હશે!'

મને આ આખીય પરિસ્થિતિ બહુ જ બેહૂદી લાગવા માંડી. અહીં આમ આવી ચઢવા બદલ ગ્લાનિ પણ થઈ રહી હતી. કોઈ ખાસ ઈરાદા વગર આમ આવી ગયો ન હોત તો શું અટકી પડવાનું હતું? આવું બધું વિચારી વિચારીને મનમાં ને મનમાં હું જાત ઉપર ખિજાવા લાગ્યો.

પણ જે કંઈ બની રહ્યું હતું તે એટલી હદે અણધાર્યું હતું કે એના વિશે કુતૂહલ પણ જાગતું હતું.

કેતન બૅગ લઈને આવી ગયો હતો. એના હાથમાંથી બૅગ લઈ લઈને ચાલતાં ચાલતાં મેં કહ્યું : 'કેતનકુમાર, તમને બહુ તકલીફ આપી.'

પણ મારો મનોભાવ એના સુધી પહોંચ્યો હોય એમ મને લાગ્યું નહિ. એણે કહ્યું : 'હું તમારે માટે નાહવાની સગવડ કરવામાં રોકાયો હતો એટલે વાર થઈ. અમારે પાણીની જરા મુશ્કેલી છે. તમે એક વાર નાહીધોઈને પરવારી જાઓ. પછી જ આપણે બેસીએ. રેખા, તું રસોડામાં-'

રેખા, છણકો કરી બોલી : 'હું રસોડામાં જ જઉં છું. મને કંઈ વાતો કરવાનું પોસાય એમ છે?'

રેખા એક ઝાટકા સાથે રસોડા ભણી વળી ગઈ. કેતન પણ એની પાછળ પાછળ ગયો.

મેં બૅગ ખોલીને કપડાં કાઢવા માંડ્યાં. આખા ખંડમાં હું

*વધુ પડતી બુદ્ધિથી ગમે તેમ બોલીને કોઈને હેરાન કરવા નહિ.*

એકલો હતો. એ પરિસ્થિતિ ન સમજાય એ રીતે મને સભાન બનાવી રહી હતી. આજુબાજુની બે દીવાલોને અઢેલીને મુકાયેલા બે પલંગ. એક ખૂણામાં બે ખુરશીને એક ટિપાઈ. ગેલેરીમાં પડતા દરવાજામાંથી ધસી આવતો પ્રકાશ, દીવાલોના મેલા થઈ ગયેલા રંગમાં ભળીને ઝાંખો થઈ જતો હતો.

★

કેતન જાણે પૂરી તૈયારી કરીને બોલતો હતો : 'હું આમ નામથી તમને ઓળખું, પણ તમે અમારા લગ્નમાં આવ્યા હો કે આપણે મળ્યા હોઈએ એવું કશું મને યાદ નથી.'

હું આ અંગે કશો પ્રતિભાવ આપું એ પહેલાં જ એણે એકાએક યાદ આવ્યું હોય એ રીતે આગળ કહેવા માંડ્યું : 'સારું થયું તમે આજે આવ્યા, આપણે મળવાનો મોકો મળ્યો...તમે અગાઉથી જાણ ન કરી, નહિ તો હું....'

આટલું કહેતામાં એ સાવધ થઈ ગયો હોય એ રીતે એણે સુધાર્યું : 'અમે બંને — હું ને રેખા તમને લેવા માટે સ્ટેશને આવત.'

પછી એનો અવાજ એ રીતે પ્રગટ થઈ ગયો કે મને બહુ વિચિત્ર લાગ્યું.

'કેમ, તમે જાણ કર્યા વિના આવ્યા?'

રેખા આ સાંભળીને છેડાઈ પડી. કેતનની નજર ચુકાવીને એણે ક્ષણેક મારી સામે જોઈ લીધું. પછી હોઠ એવી રીતે ભીડી લીધા કે કશુંક કહેવા જતી હતી તે એણે એકદમ રોકી લીધું હોય એમ મને લાગ્યું.

મેં પૂરેપૂરી તટસ્થતા જાળવી રાખીને જવાબ આપ્યો : 'સાચું પૂછો તો કોઈ ઇરાદો જ નહોતો અહીં આવવાનો. અહીં પહોંચીને તરત મારે સાત પાંત્રીસની ટ્રેન પકડવાની હતી એ હું ચૂકી ગયો. હવે બીજી ગાડી તો છેક સાંજે મળે.'

પછી મને પોતાને જ મારી તટસ્થતા ખૂંચી. એટલે મેં કહ્યું : 'પણ એથી તમે લોકો એવી ગેરસમજ ન કરશો કે હું માત્ર સમય પસાર કરવા જ અહીં આવ્યો છું. એક લાગણીથી ખેંચાઈને આવ્યો છું.'

ક્ષણાર્ધ રોકાઈને ઉમેર્યું, 'આ તો એવું છે કે અનેકવિધ જંજાળો હવે કેટલુંક યાદ રહેવા દે છે આપણને!'

મન ન સમજાય એ રીતે ક્ષુબ્ધ થઈ રહ્યું હતું.

રેખા હજુ એ જ મનોદશામાં હતી. એણે નીચું જોઈ રાખીને કહ્યું : 'પણ સારું થયું તમે આવ્યા તે, આ બધું જોઈ તો શક્યા!'

કેતન ચોંકી ઊઠ્યો હોય એમ લાગ્યું : 'જોવાનું શું હતું વળી. હુમ્!'

રેખાએ છણકા સાથે કહ્યું : 'આ બધું, બીજું શું? આપણું ઘર, આપણે રહીએ છીએ તે, આપણાં....'

રેખા એકાએક અટકી ગઈ, પછી માથું ધુણાવીને બબડી, 'બીજું શું?'

પછી વાત એ ક્ષણમાં જડાઈ ગઈ અને અમે ત્રણે જણા પણ. મેં એક વેફર મોંમાં મૂકીને એનો કુર્રમ્ કુર્રમ્ અવાજ સાંભળ્યા કર્યો. ટિપાઈ પર મૂકેલી થાળી ખોળામાં લઈને રેખાએ શાક સમારવા માંડ્યું.

રેખાએ કેતન સામે જોઈને કહ્યું : 'તમારે જવાનો સમય થયો એટલે જમી લેવું પડશે, તમે હમણાં નાસ્તો ન કરશો, નહિ તો પછી જમાશે શું? ભલે અખિલસર જ...'

કેતન એ બાબત કશી પ્રતિક્રિયા આપે એ સંભવને ટાળવા મેં એને પૂછ્યું, 'તમે ક્યાં કામ કરો છો, કેતનકુમાર?'

'ફાઉન્ટન પેનની એક મેન્યુફેક્ચરિંગ કંપની છે. સારું છે ફોરિન-કન્સર્ન છે.'

એ વખતે રેખાએ મોં મચકોડ્યું હોય એવો વહેમ મને પડ્યો પણ એ પ્રત્યે દુર્લક્ષ સેવીને મેં કેતનને કહ્યું : 'તમારો સમય થાય એટલે તમે જજો ભલે, મારે માટે કરીને રોકાશો નહિ, હું આમ ઓચિંતો આવી ચઢ્યો!'

મને હવે ખરેખર એ વાતનો વસવસો થતો હતો.

કેતન સાવધ થઈ ગયો હોય એમ મારી સામે જોવા લાગ્યો : 'કંઈ વાંધો નહિ, હું ઑફિસમાં ફોન કરી દઈશ.'

એ સાંભળીને રેખા છળી ઊઠી હોય એમ મને લાગ્યું. એ સહસા બોલી ઊઠી : 'એવી શી જરૂર છે?... તમારે એમ કરવાની કંઈ જરૂર નથી; તમે તમારે જાઓ.'

કેતન અધીર થઈ ગયો, 'પણ એમ તો હું ઘણી વાર - અને અખિલભાઈ આટલાં વરસે થોડા કલાકો માટે આવ્યા છે.'

રેખા તરત જ અસ્વાભાવિક રોષથી બોલી પડી, 'હા, એમ તો ઘણી વાર તમે ઑફિસે નથી જતા એમ જ કહેવું છે ને તમારે? ખરી વાત છે. એમ તો તમે ઘણીય વાર ઑફિસે નથી જતા, મારા પર તમારે —'

રોષમાં ને રોષમાં એનો અવાજ રૂંધાઈ ગયો.

કેતનની સ્થિતિ જોતાં મને એમ લાગ્યું કે કદાચ એ કાબૂ ગુમાવી બેસશે. પણ એણે કેવળ એની સહજ વ્યાકુળતા સાથે કહ્યું : 'અરે, અરે, રેખા! આ તું શું કરે છે!'

'સર હાજર છે તો શું થઈ ગયું? મારે શું છુપાવવાનું છે? બધાં જ તો બધું જાણે છે... કોણ નથી જાણતું?'

રેખા ઉન્મત્ત થઈ ગઈ હોય એમ બોલતી હતી.

કેતન પણ ઉત્તેજિત થઈને ઊભો થઈ ગયો, 'તું એમ જ ઇચ્છે છે ને કે હું અહીંથી ચાલ્યો જાઉં, તો લે —'

હું ભારે મૂંઝવણમાં મુકાઈ ગયો. કશું સમજ્યા વગર જ મેં રેખાને કહ્યું : 'શી વાત છે, રેખા? કેમ આમ?!'

રેખા એકદમ ઢીલી પડી ગઈ. એ રડમસ અવાજે બોલી :

*જે ખોટું છે, અનૈતિક છે, તેનો વિરોધ દરેક સ્તરે થવો જોઈએ.*

'એ આમ જ કર્યા કરે છે! વહેમ, કંઈ વહેમ....!'

મારું મન ખિન્નતાથી ભરાઈ ગયું. મેં રેખાને કહ્યું : 'આ તો હું આવ્યો એમાં તમારા વચ્ચે કંકાસ થઈ ગયો. મને આવી કલ્પના નહોતી, નહિ તો —'

રેખા હતાશ સ્વરે બોલી : 'તમારી વાત નથી, સર! એના મનમાં મારા માટે ભારોભાર અદેખાઈ છે.'

મેં જોયું કે જે બેહૂદી પરિસ્થિતિ એકાએક ઊભી થઈ ગઈ હતી એ બદલ રેખાના મનમાં બિલકુલ રંજ નહોતો. એનો ચહેરો તંગ હતો અને એવા તંગ ચહેરાથી એ મારી સામે તાકી રહી હતી. મેં એને પૂછ્યું : 'અદેખાઈ? હમણાં તો તું કહેતી હતી કે વહેમ છે...વહેમનું તો હજીયે સમજી શકાય, પણ અદેખાઈ —'

શાક સમારાઈ ગયું હતું. રેખાએ થાળી ટિપાઈ પર મૂકી દીધી હતી અને પોતાના બંને હાથ ખોળામાં રાખીને મારી સામે બેઠી હતી. હાથના અંકોડા સખતાઈથી ભીડીને એ બોલી :

'એ એટલી સીધી વાત નથી સર!'

વાત ક્યાં ગૂંચવાતી હતી તે મને સમજાતું નહોતું.

'મારી કમાણી વિના, એનામાં એટલી તાકાત નથી કે અમારું પૂરું કરે...ઘેરબેઠાં હું કેટલું કામ કરું છું એ તમને ખબર છે?'

વાત વધુ ને વધુ ગૂંચવાતી હતી કે ગૂંચવાઈ ગયેલી વાતમાં હું વધુને વધુ વળોટાતો જતો હતો તે મને સમજાતું નહોતું. એક બાજુ મને એમ થતું હતું કે જાણે હું આ બધું સાંભળવા માટે આમ અહીં આવી પહોંચ્યો છું તો બીજી બાજુ આ આખીય ઘટના મને બેહદ અસંગત લાગી રહી હતી...

રેખામાં એક કાળે ગજબનો આત્મવિશ્વાસ હતો. કૉલેજની નાનીમોટી પ્રવૃત્તિઓ ઘણીવાર એ એકલે હાથે ઉપાડી લેતી, એથી મને એના પ્રત્યે પક્ષપાત હતો પરંતુ એ વાતને તો વરસો વીતી ગયાં.... વરસો વીતી ગયાં પછી હું આમ એને ઘેર આવી ચઢ્યો હોઉં અને એ આ રીતે આટલી નજીકથી એની અંગત કહી શકાય એવી વાતો ઉખેળે એ મારે માટે બિલકુલ અનપેક્ષિત ઘટના હતી અને એ અનુભવ મારે માટે વસમો એટલા માટે બનતો હતો કે કેતનને અને મારે કશો પૂર્વપરિચય નહોતો. એને માટે હું લગભગ અજાણ્યો પુરુષ હતો... પરંતુ વાત એવી રીતે ચાલી રહી હતી જાણ હું ને રેખા પાસેપાસે હોઈએ અને કેતન કોઈ વિક્ષેપકર તત્ત્વ ન હોય! એ બે જણની વાતમાં આ રીતે વચમાં આવવું મને ઠીક નહોતું લાગતું, તેમ છતાં હું એમાં ખેંચાતો હતો. મેં રેખાને તરત કહ્યું : 'પણ કેતનકુમાર નોકરી તો કરે છે.'

રેખાએ મોં ફુલાવ્યું અને ખીજભર્યા સ્વરે કહ્યું : 'હુમ્! શું નોકરી કરે છે! કામ કરવાની દાનત જ ક્યાં છે! બે દિવસ જાય ને વળી બે દિવસ કંઈ બહાનું શોધી કાઢે... આ એમાં ને એમાં તો એણે નોકરી ગુમાવી.'

'નોકરી ગુમાવી?'

'આ જે ફાઉન્ટનપેનની કંપનીમાં સેલ્સમેનશિપની વાત કરી ને, એ.'

'તો હવે એ બેકાર છે?'

મેં સચિંત સ્વરે પૂછ્યું.

'લગભગ એવું જ. એક રેલવે ગુડ્ઝ ક્લિયરિંગ એજન્ટ પાસે ડેઈલી વેજિસ પર છે....એમા પણ અખાડા!'

'પણ તો પછી એણે એમ શા માટે કહ્યું કે —'

'નાનમ! નાનમ અનુભવે છે તમારી આગળ કબૂલ કરતાં.'

રેખા રહસ્યો ઉકેલતી જતી હતી. એ એટલા આક્રોશપૂર્વક બોલતી હતી કે કેતન આ બધું સાંભળશે એવી ભીતિ મને લાગવા માંડી. મેં એને શાંત પાડવાના હેતુથી કહ્યું : 'મારી પાસે એણે શા માટે નાનમ અનુભવવી જોઈએ, રેખા? અને મારી પાસે કશી કબૂલાત પણ એણે શા માટે કરવાની હોય?'

પણ રેખાની મનઃસ્થિતિ બદલાઈ નહિ. મનમાં ને મનમાં એણે ખાળી રાખેલું કશુંક એકાએક ધસમસતું બહાર આવવા લાગ્યું : 'તમને એમ થાય ને કે રેખાનો વર આવો નિર્માલ્ય? રેખા જેવી રેખા આવા પુરુષને પરણી છે?... અને પછી એનાથી અસંતુષ્ટ હોવાને લીધે હું તમારાથી પ્રભાવિત થાઉં તો? તમે મને જીતી જાઓ તો? તમે મને વશ કરો તો? મને આંજી નાખો તો? તો-તો લોકો શું કહે? કેતન પોતાની બૈરીને સાચવી ન શક્યો...તમને ખબર છે, એ આજે ઑફિસે પણ એટલા માટે જ નહિ જાય.'

હું ચોંકી ગયો. રેખા આ શું કહી રહી હતી! એમાંથી છૂટવા માટે જ મેં કહ્યું : 'પણ એણે ના ક્યાં પાડી?'

રેખા તરત બોલી : 'ના ન પાડી પણ એ નહિ જાય એ હકીકતમાં કંઈ ફરક પડવાનો નથી. ધક્કો મારીને બારણાની બહાર કાઢીશ તો બારણાની પાછળ ઊભો રહેશે. ઘણી વાર એમ કરે છે, ઘણી વાર નથી જતો... મને પડોશમાં રહેતા કોઈ પુરુષ સાથે વાત કરતી જુએ તે દિવસે પણ નથી જતો, કોઈની સામે સ્મિત કરતી જુએ તે દિવસે પણ નથી જતો.'

રેખા ભાન ગુમાવી રહી હતી. મારી સ્થિતિનો કંઈ જ વિચાર કર્યા વિના એ બોલ્યે જતી હતી — કશા જ સંદર્ભ વગર. હું અત્યંત ક્ષુબ્ધ થઈ ગયો હતો. ત્યાં અચાનક બાજુના ખંડમાંથી જોરથી કંઈક ચીજવસ્તુ પછડાવાનો અવાજ આવ્યો. હું એક ધક્કા સાથે ઊભો થઈ ગયો, પરંતુ રેખા સંપૂર્ણ સ્વસ્થતાથી બોલી : 'ચોંકવાની કંઈ જરૂર નથી, એ જ છે, આપણી વાત સાંભળી રહ્યો છે ને એના પ્રત્યાઘાત આપી રહ્યો છે...'

રેખા રોષમાં ને રોષમાં ઊભી થઈ. જોકે, એને કંઈ ઉતાવળ હોય એમ લાગતું નહોતું. જતાં જતાં એ બોલી : 'હવે મારે જવું પડશે. તમે આટલો નાસ્તો પૂરો કરો.'

હું એમ ને એમ બેસી રહ્યો. ઘડીક એમ લાગતું હતું કે આ સ્થળ છોડીને ચાલ્યો જાઉં. પરંતુ આ બધું આમ ને આમ

*અહંકાર મનુષ્યને દુષ્ટ બનાવી દે છે, જ્યારે નમ્રતા દેવદૂત.*

છોડીને ચાલ્યા જવાનું બની શકે એમ પણ ક્યાં હતું! બાજુના ખંડમાંથી ખિજવાટભર્યા અવાજો આવ્યા કરતા હતા. થોડીવારે એકલી રેખા જ એ તરફથી દોડી આવી. મારી એકદમ નજદીક આવીને એ બોલવા લાગી : 'જોયું આ પરાક્રમ! આ ચહેરા પર દેખાય છે એનાં નખોરિયાં?'

હું એકદમ વિચલિત થઈ ગયો, 'આ શું રેખા? આવું બધું શોભે?'

પરંતુ રેખા પર એની કશી અસર નહોતી.

'અડોશપડોશમાં સહુ કોઈ અરે, આખો માળો જાણે છે.'

આ પરિસ્થિતિને આટલી સહજતાથી સ્વીકારી લેવાનું મારે માટે શક્ય નહોતું.

'પણ આટલા બધા રોષનું કાંઈ કારણ?'

'કારણમાં બીજું શું? લોકો મને એનાથી હોશિયાર, એનાથી ચાલાક ગણે છે એ એને કેમ કરીને પરવડે?'

મારું મન હવે આ આખીય પરિસ્થિતિનું મૂળ પકડવા તરફ ઝૂકવા લાગ્યું મેં પૂછ્યું : 'પણ એવું એણે કેમ ધારી લીધું?'

'એમાં ધારવાની ક્યાં વાત છે? સૌને સહેજે સમજાય એવી વાત છે આ તો.'

હું રેખા સામે જોઈ રહ્યો. ક્ષણાર્ધ માટે એ જાણે અંદર ઊતરી ગઈ.

'....એટલે જ તો મને આજુબાજુમાં કોઈની સાથે બોલવાની પણ છૂટ નહિ... એણે ના પાડી હોય એ વ્યક્તિ સાથે ભૂલમાંય વાત કરું... અરે, મેં ડૉરબેલ વગાડ્યો હોય અને બાજુના બ્લૉકમાંથી કોઈ બારણું ઉઘાડે તો પણ મારા ભોગ લાગે.'

આ બધું માનવું મારે માટે બહુ મુશ્કેલ હતું. હું જે જાણતો હતો તે યાદ કરીને મેં કહેવા માંડ્યું :

'કેવું મોજીલું તમારું જીવન, શરૂઆતના દિવસોમાં!'

રેખાનો સ્વર મંદ પડી ગયો.

'સુખ હતું તે સંપત્તિ સાથે વહી ગયું... અને સંબંધમાં સંપત્તિ સિવાય બીજી કશી ગણતરી ન હતી. કેતનમાં જે અપલક્ષણો સંપત્તિ આડે ઢંકાયેલ હતાં તે બધાં બહાર આવી ગયાં.'

'એટલે કેતન કોઈ કુછંદે —'

'ના, બીજું કશું નહિ. માત્ર મોજમજા! મોજમજાની ટેવ પડી ગયેલી...અને બૈરીને મોજમજાથી જીતી લેવાની હતી. પૈસા - બાપના પૈસા સિવાય કશું એની પાસે નહોતું, જેનાથી પત્નીને જીતી શકાય. હવે એ પણ નથી એટલે એ હતાશ થઈ ગયો છે. શું કરવું એ એને સૂઝતું નથી. કામધંધો એનાથી થઈ શકે તેમ નથી. પૈસા કમાતાં તો આવડતા નથી, સાચવતાં પણ નથી આવડતા.'

આ વાત મને દૂર ને દૂર લઈ જઈ રહી હતી. મેં રેખાને પૂછ્યું : 'પણ આ બધું કંઈ એકાએક તો નહિ થઈ ગયું હોય. તેં એને રોક્યો નહિ?'

રેખાએ શાંત સ્વરે કહ્યું : 'રોકી શકી નહિ, કારણ કે હું એના કબજામાં હતી.'

'અને હવે?'

રેખાએ નિઃસહાય સ્વરે કહ્યું : 'એનો જવાબ મારી પાસે નથી, અને હું ઇચ્છતી પણ નથી કે એનો જવાબ મારે આપવો પડે.'

આટલું કહીને એણે ફરી આવેશમાં માથું ધુણાવ્યું.

'ના...ના...એવું શા માટે?'

મેં એને શાંત પાડતાં કહ્યું : 'આ ઉશ્કેરાવાની વાત નથી રેખા, સમજવાની વાત છે, માત્ર સમજવાની.'

પરંતુ રેખાને માટે જાણે એ શક્ય જ નહોતું. એણે કહેવા માંડ્યું : 'ના, એમાં સમજવા જેવું શું છે? અને સમજાવવાની તો શક્યતા જ ક્યાં છે! રોજેરોજ બનતો એકએક પ્રસંગ કંઈ આપણને વિચારવા કે સમજવા માટે થોભવા દેતો નથી. એક પ્રસંગને ધક્કો મારીને બીજો પ્રસંગ ધસી આવે છે. આપણે હજુ એક પ્રસંગનો હડદોલો વેઠીને ટકવા મથતા હોઈએ ત્યાં એ બીજો પ્રસંગ આપણને ક્યાંય ધકેલી મૂકે છે એવું નથી બનતું?...એ બધું હું ક્યાં તમારી આગળ વર્ણવવા બેસું!'

ક્ષણાર્ધ પછી નિઃશ્વાસ સાથે ઉમેર્યું, 'અને તે પણ આપણે આટલાં વરસે મળ્યાં હોઈએ ત્યારે.'

આટલું કહીને રેખાએ શાકની થાળી હાથમાં લીધી. ઊભા થઈ એણે રસોડા ભણી જવા માંડ્યું : 'હું જમવાનું તૈયાર કરું.'

ફરી એકવાર હું ખંડમાં એકલો પડી ગયો. રેખા અને કેતનના સંબંધનાં રૂપો હું જાણે એમાં શોધવા લાગ્યો.

★

વીતી રહેલા સમય સાથે રેખાની મનઃસ્થિતિ પણ જાણે બદલાઈ રહી હોય એમ મને લાગતું હતું.

'આ બધું ક્યારેક જ કહેવાઈ જાય છે...બાકી તો આ બધું કહી શકાય એવી કોઈ વ્યક્તિને એમ યાદ પણ ક્યાં કરી શકાય છે! એવી કોઈ ઘડી - એવી કોઈ પળ, જ્યારે કોઈને યાદ કરી શકાય, ક્યાં કોઈ પણ વાર મળે છે!'

આ આખીય પરિસ્થિતિ મારા મનમાં રેખા માટે સમભાવ જગાવી રહી હતી. તેણે આગળ કહેવા માંડ્યું : '....હવે બીજી રીતે વખત પસાર કરવાની હોંશ પણ નથી. માત્ર બાળકોનો વિચાર આવે છે ત્યારે હારી જાઉં છું. બહુ સમજુ છે એટલે કશું બોલતાં નથી પણ એમના મનમા શું થતું હશે, જ્યારે અમને બેને — એમનાં મમ્મી પપ્પાને એકબીજાની સાથે આમ આમ જંગલીની જેમ — જાનવરની જેમ વર્તતાં જોતાં હશે... હું એમને કોઈ દિવસ કહી શકતી નથી કે તમારા પપ્પાને માન આપો. એવી જ રીતે કેતને કોઈ દિવસ એમ કહ્યું નથી કે તમે તમારી મમ્મીનું કહ્યું માનો.'

રેખાનું આખું રૂપ જ જાણે બદલાઈ ગયું હતું, એની વેદનાનું રૂપ. એનાથી અભિભૂત થઈને મેં પૂછ્યું : 'બાળકો તમને માન

*સરળ - સાદું જીવન ભક્તિનું પ્રતીક છે.*

આપતાં નથી? તમારી સાથે ઠીક રીતે વર્તતાં નથી શું?'

રેખા રુદ્ધ સ્વરે બોલી : 'એવું કોઈ દિવસ બન્યું નથી, પણ એમના મનમાં અમારે માટે આદરની-સન્માનની લાગણી હશે ખરી, એવો વિચાર મને ઘણીયે વાર બેચેન કરી મૂકે છે. તો વળી ક્યારેક મને એમ પણ થાય છે કે અમે એમની એ પ્રકારની લાગણીને લાયક છીએ ખરાં?'

સહેજ અટકીને એણે આગળ કહ્યું : 'અને એમાંય કેતન પપ્પા છે એવો ખ્યાલ આવ્યા પછી હું મમ્મી તરીકે? અને હું મમ્મી છું એવો ખ્યાલ આવ્યા પછી કેતન પપ્પા તરીકે?'

રેખાએ ખંડના રાચરચીલામાંથી જાણે કશુંક શોધવા લાગી હોય એમ જોયા કર્યું.

'એ કોઈ પણ દિવસ એમને માટે એક રૂપિયાની વસ્તુ લાવતા નથી અને બીજું કોઈ આપે તે સહી શકતા નથી. એક વાર પડોશીએ મનોજને એક પેન આપેલી. એણે બિચારાએ ખુશ થતાં થતાં એના પપ્પાને બતાવી તો એકદમ મિજાજથી પૂછે છે, ક્યાંથી લાવ્યો? કોણે આપી? મનોજે ઉત્સાહથી કહ્યું, અંકલે આપી. એ સાથે જ એમનો પિત્તો ગયો. કહે કે હમણાંને હમણાં પાછી આપી આવ. મનોજ એ માટે તૈયાર ન થયો. રડમસ થઈને બોલ્યો, અંકલ મારે માટે લાવ્યા છે તો કેમ પાછી આપી આવું? એમણે ગુસ્સામાં ને ગુસ્સામાં એને લાફો મારી દીધો. ઉપરથી કહે છે, પેનને બહાર ફેંકી દઈશ અને પેનની સાથે તને પણ!'

ક્યારે બન્યો હશે આ પ્રસંગ, મને વિચાર આવ્યો. એને રજૂ કરતા રેખાના સ્વરને હજુ પણ એ હચમચાવી રહ્યો હતો

'...એ દિવસથી મેં એ છોકરાના ચહેરા પર હાસ્ય જોયું નથી.'

રેખાના ઉદ્ગારોમાં કશુંક અપ્રગટ પણ હતું જે મને ક્ષુબ્ધ કર્યા કરતું હતું. એને ફંફોસવાના પ્રયત્નરૂપે હું બોલ્યો : 'એમ નહિ. વાત એમ પૂરી ન કરી નાખ રેખા! વાત એટલી સરળતાથી કોઈ દિવસ પૂરી થતી પણ નથી.'

'તો?'

'પછી શું થયું એ કહે.'

રેખાએ એકધારું કહેવા માંડ્યું : 'પછી શું? તે દિવસે તો મારાથી રહેવાયું નહિ. મેં મોં ફેરવીને મનોજને સાફ શબ્દોમાં જણાવી દીધું, પેન પાછી આપવા જવાનું નથી, હું જોઉં છું તારા પપ્પા કેમ એનો બહાર ઘા કરે છે અને તને પણ કેવોક બહાર ફેંકી દે છે...'

રેખાનો સ્વર રુદિત થઈ ગયો.

'હું શું કરું? એક માણસ લાગણીપૂર્વક મારા દીકરાને માટે પેન લઈ આવે એની અવગણના થવા દઉં?...અને મનોજ પણ એ કેવી રીતે પાછી આપવા જાય? જઈને કહે શું? એમને તો એ વાતનો કંઈ વિચાર ન હોય પણ સૌની વચ્ચે રહેવું તો મારે ને? આ ઘર ચલાવવું તો મારે ને? હું કોઈની મદદ માગવા ન જાઉં પણ કોઈ સામે ચાલીને લાગણી બતાવે એને પણ ઠોકર મારું? તો પછી જાઉં ક્યાં?'

પણ મારું મન કોઈ જુદી જ દિશામાં ગતિ કરી રહ્યું હતું એટલે મેં એને પૂછ્યું : 'એમ નહિ, પછી એ શું કરે એ કહે.'

'કેટલાય વખત સુધી એનો બડબડાટ ચાલ્યા કરે, તમે બધાં સાથે મળીને એમ સાબિત કરવા માગો છો કે હું છોકરાંઓ માટે કંઈ લાવી શકું એમ નથી. મારામાં કશી પહોંચ નથી. હું તદ્દન નકામો માણસ છું. તમે બધાં એકબીજાં સાથે મળી ગયાં છો. તમારે બધાંએ મારો ધજાગરો બાંધવો છે, નહિ તો મારા છોકરા માટે કોઈકે શા માટે કંઈ લાવવું જોઈએ?'

મારાથી એક જુદો જ પ્રશ્ન પુછાઈ ગયો : 'તારાં મમ્મી પપ્પાને આ બધી વાતની ખબર છે?'

'પૂરેપૂરી ખબર તો કદાચ નથી પણ કંઈક કંઈક અણસાર હોય એમ લાગે છે. એમણે સામે ચાલીને કોઈ વાર કશું પૂછ્યું નથી ને મેં કહ્યું નથી. એ લોકો ભાગ્યે જ કોઈ વાર અહીં આવે. પણ ભાઈને એના કામકાજ અંગે આવવાનું થાય. મેં તો એમને પણ કંઈ કહ્યું નહોતું; પણ આ તો કંઈ કહ્યા વગર પણ સમજી શકાય એવી સ્થિતિ છે. આ તમે આટલા વખત માટે આવ્યા એમાં પણ કંઈ છૂપું રહ્યું?'

'પછી? એમણે કેતનકુમારને કશું કહ્યું નહિ?'

મેં એકસરખા પ્રશ્નો પૂછ્યા કર્યા; પણ હું જોઈ શક્યો કે મારા પ્રશ્નો સાથે રેખાના ઉત્તરો જ નહિ, એનો સૂર પણ બદલાયા કરતો હતો : 'એને શું કહે? મને કહ્યું, તું રહી કેમ શકે છે આવા માણસની સાથે? ચાલ મારી સાથે અને ડિવોર્સની માગણી કર. છોકરાંની જવાબદારીથી પણ ગભરાઈશ નહીં...આમેય એ શું જવાબદારી ઉઠાવે છે?'

હું જાણે આ ક્ષણની જ રાહ જોઈ રહ્યો હોઉં એમ મેં તરત કહી નાખ્યું : 'તો પછી શું છે? તોડ તો કાઢી આપ્યો એમણે.'

એ સાથે જ એ આખીય પરિસ્થિતિ જાણે એ એક ક્ષણમાં જકડાઈ ગઈ અને રેખાની ચૂપકીદીમાં ઊપસવા લાગી. મેં ફરીથી પૂછ્યું : 'કેમ કશું બોલતી નથી?'

રેખાની વિવશતા એના શબ્દોમાં ઊતરી આવી : 'મેં એક વાર કંટાળી જઈને એને કહ્યું ખરું, તો...તો...'

રેખાનો સ્વર એની લાગણીમાં ખેંચાઈ ગયો. પછી જાણે આ જ ક્ષણે અમારી વાત શરૂ થઈ હોય એમ એણે કહેવા માંડ્યું : '....એની આંખો ભરાઈ આવી. મને તો હતું કે એ હાથ ખંખેરી નાખશે કે ચાલો, ભલું થયું ભાંગી જંજાળ...પણ એ તો સાવ ઢીલો થઈ ગયો કહે, તમારા બધા વિના મારે એકલા જ રહેવાનું? એ તો મારાથી કેમ બને?'

મેં લગભગ નિષ્ઠુરતાથી કહ્યું : 'એ ન રહી શકે એવી પરવા તારે શા માટે કરવી જોઈએ, જો તું આટલી બધી ત્રાસી ગઈ હોય

*સંબંધને લાગણી સાથે જોડો, અપેક્ષા સાથે નહિ.*

તો!'

સહેજ થંભીને મેં ઉમેર્યું, 'મને તો એમ લાગે છે કે એ કદાચ એનું નાટક પણ હોય.'

રેખા એ સ્વીકારી શકી નહિ, 'ના, ના, એ કહેતો તો હતો સાચું. મેં એની આંખોમાં...'

વાક્ય એણે અધૂરું જ છોડી દીધું. ખબર નહોતી પડતી કે એના મનમાં શું ચાલી રહ્યું છે. એણે ધીમે રહીને કહ્યું : 'અને....અને હું પણ એને એમ છોડીને તો કેમ ચાલી જાઉં!'

એ સાથે જ ડૉરબેલ વાગ્યો. પછી રેખાએ જુદા જ સૂરમાં કહ્યું : 'જોયું? એ જ પાછો આવી પહોંચ્યો લાગે છે...માંડ માંડ મોકલ્યો હતો, પણ એની દાનત જ એવી.'

'હું પણ હવે જઉં. એક વાર તો ટ્રેન ચૂકી જવાઈ, ક્યાંક બીજી વાર પણ.'

એટલું કહીને હું ઊભો થઈ ગયો. બૅગ ઉપાડીને ખંડની બહાર નીકળ્યો.

રેખા એમ ને એમ ઊભી હતી.

મેં જ દરવાજો ઉઘાડ્યો.

કેતનને અંદર પ્રવેશ કરાવી હું બહાર નીકળી ગયો. ■

*કસરત કરવાનો મારી પાસે સમય નથી અને છતાં મારે તંદુરસ્તી જાળવવી છે!*

*પેટ્રોલ પંપ આગળ ગાડીને ઊભી રાખવાની મારી તૈયારી નથી અને છતાં મારે મંજિલે પહોંચવું છે!*

*ધર્મ મારે કરવો જ નથી અને છતાં સુખ મારે જોઈએ છે! કરુણતા જ છે કે બીજું કાંઈ?*

*સ્વયં કો ઐસા બનાઓ*
*જહાં તુમ હો વહાં*
*તુમ્હે સબ પ્યાર કરે.*
*જહાં સે તુમ ચલે જાઓ*
*વહાં તુમ્હે સબ યાદ કરેં.*
*જહાં તુમ પહુંચને વાલે હો*
*સબ તુમ્હારા ઈંતજાર કરેં.*

**સૌજન્ય : "ભણતરનું ભાવજગત"**


# LIC — નવા વર્ષની શુભેચ્છા સાથે તમામ વડિલોને સાદર પ્રણામ પાઠવું છું.

PROGRESSIVE PARIVAR
સેવા, સુરક્ષા, સફળતા
Service, Security, Success

- આપ સર્વની શુભેચ્છા અને આશીર્વાદ સાથે વિવિધ પ્રકારની સેવાઓ આપતો આપણો પરિવાર ૧૨માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે.
- છેલ્લા - ૧૨ વર્ષથી ઉત્તરોત્તર વ્યવસાયમાં વૃદ્ધિ સાથે આજે આપણે લગભગ-૨૦૦૦ કુંટુંબોને સેવાઓ આપી રહ્યા છીએ.
- અમદાવાદ વિભાગમાં સતત અગ્રીમ હરોળમાં સ્થાન મેળવી **COT, MDRT USA** અને ચેરમેન ક્લબ જેવી ઘણી સિદ્ધિઓ પણ મેળવેલ છે.
- આપણી પરિવાર ઓફિસ પરથી **LIC** / મેડીકલેમ/ જનરલ ઈન્શ્યોરન્સ / મ્યુચ્યુઅલ ફંડ / **FD** જેવા વિવિધ રોકાણ વિશે માહિતી તથા સેવાઓ ૨૦૦૦ થી વધારે કુંટુંબોને અપાઈ રહી છે.
- ચાલુ વર્ષથી આપણાં જ્ઞાતિભાઈઓ તથા તેમના કુંટુંબીઓને **Pancard / Passport** જેવી સેવાઓ ની સર્વીસ વિનામૂલ્ય આપવાનું નક્કી કરેલ છે.
- સર્વ જ્ઞાતિજનોને ઉપરોક્ત સેવા માટે અમને પરિવાર ઓફિસ પર ફોન કરી આપની સેવા કરવાની તક આપવા ખાસ વિનંતી છે.

Hemendra Shah (Dharamshi)
(C.M. Club Member)
M. : 9662028266

**PROGRESSIVE PARIVAR**
LIC Premium Collection Centre


Sweta Shah (Dharamshi)
(C.M. Club Member)
M. : 9558809266

Court of the Table Member MDRT. The Premier Association of Financial Professionals

Office : A/87/88, 8th Floor, Pariseema Complex, Lal Bunglow Cross Road, C.G. Road, A'bad. Ph. : (O) 9375518266, 9725575266
Resi : F-14, Takshashila Tower, Vastrapur, A'bad. Ph. : 26762681 Email : hemendra_lic@ymail.com

**YOUR PROBLEM OUR SERVICE**

MDRT The Premier Association of Financial Professionals



# કંસારી

**● વીનેશ અંતાણી ●**

કમરાનો દરવાજો ઊઘડ્યો.

દૂર થોડા લોકો એકઠા થયા હોય અને વાતો કરતા – હસતા હોય એવો શોરબકોર પણ અંદર આવ્યો. દરવાજો ફરી બંધ થઈ જાય તે પહેલાં બહારના બધા જ અવાજોને સૂંઘી લેવા માગતા હોય તેમ દાદાજીનો ચહેરો ખેંચાયો. દરવાજો બંધ થયો. તે સાથે જ બહારના અવાજો સંકેલાઈ ગયા. દાદાજીએ આંખો પટપટાવી, કોણ આવ્યું હશે? દરવાજો ઊઘડ્યો હતો અને બંધ થયો હતો. તે વચ્ચે કોઈ અંદર આવી ગયું, પણ કોઈ બોલ્યું નહીં. કદાચ કમરામાં પ્રવેશ પણ ન કર્યો હોય. કોણ હશે? બહાર આવેલા મહેમાનોમાંથી કોઈએ ભૂલથી દરવાજો ઉઘાડ્યો હોય, પછી અંદરનો અંધકાર જોઈને અને અવાવરું કૂવા જેવી હવડ વાસ આવવાથી દરવાજો બંધ કરી દીધો હોય.

દાદાજીને હસવું આવ્યું. હવે દાદાજી હસે છે ત્યારે અવાજ નથી આવતો, માત્ર ખાલી મોઢું ઊઘડે છે. એમના હાસ્યની આછી સુગંધ જ આવે છે. ગોપી સિવાય બીજી કોઈ વ્યક્તિને તો ખબર પણ ન પડે કે દાદાજી હસ્યા!

'દાદાજી...!' ગોપીનો અવાજ સંભળાયો.

દાદાજીએ પૂછ્યું : 'તું આવી છે, ગોપી?'

'હા...દાદાજી...લાઈટ કરું?'

'અંધારું છે?'

'હા....અને રાત થઈ ગઈ છે. નવ વાગી રહ્યા છે. ન્યૂઝ નથી સાંભળવા?'

દાદાજીએ આંખો પટપટાવી. હાથ ફેલાવીને કશુંક શોધવા લાગ્યા. એમને કશું જોઈતું નહોતું. માત્ર ટેવવશ હાથ લંબાવીને આંગળીઓ ફેલાવી હતી. કદાચ તરસ લાગી હતી. બપોર પછી આ કમરામાં નોકર પણ આવ્યો નથી અને પાણી પી શકાયું નહોતું. ગોપી પણ અત્યારે જ આવી.

સ્વિચ દબાઈ તેનો અવાજ આવ્યો. ટ્યૂબલાઈટ ચાલુ થઈ હોય એવો આછો આછો, માત્ર અંધારામાં જ સાંભળી શકાય તેવો અવાજ...

આજ સાંજથી ઓરડામાં કોઈ જગ્યાએ કંસારી ભરાઈ બેઠી છે અને ત્રમ્‌ત્રમ્ અવાજ કરે છે.

'તને પણ સંભળાય છે, ગોપી?'

ગોપીએ જવાબ ન આપ્યો. કદાચ સાંભળ્યું નહીં હોય. અચાનક આવા સંદર્ભ વિનાના પ્રશ્નો પૂછવાની દાદાજીને ટેવ છે તે જાણતી હોવાથી પણ કદાચ ગોપીએ જવાબ આપ્યો ન હોય. કંસારીના અવાજ વિશે ગોપી શા માટે ધ્યાન આપે? એના માટે બીજા અવાજો ખૂટી ગયા છે? એ દાદાજીની મૂર્ખતા પર મોઢું દાબીને હસતી હશે!

કદાચ એ ચાલી પણ ગઈ હોય, નહીં તો જવાબ તો આપે. છેવટે હોંકારો પણ ભણે...પણ દરવાજો ફરી ઊઘડ્યો નહોતો. એ ઓરડામાં જ હતી.

'તું ક્યાં છે, ગોપી?'

'બારી પાસે...'

'શું કરે છે?'

'બારી બહાર જોઉં છું.'

'કેમ?'

'ખબર નહીં...' થોડી વાર પછી ગોપીએ ઉમેર્યું : 'અહીંથી કમ્પાઉન્ડનું અંધારું દેખાય છે. દાદાજી, તમારા ઓરડાની બારીમાંથી રાતરાણીની સુગંધ પણ આવે છે.'

દાદાજી કશું બોલ્યા નહીં. ગોપી બારી પાસે ઊભી હશે. એની પીઠ દાદાજી તરફ હશે. એ અવાજ વિના, મનમાં ને મનમાં ગણગણતી હશે. ગોપીને અંધકાર અને રાતરાણીની સુગંધ બહુ ગમે છે અને બારી પાસે ઊભા રહેવું પણ ગમે છે. એ વિશે તો એ વારંવાર દાદાજીને કહે છે.

લાઈટની સ્વિચ દબાઈ હોય એવો અવાજ ફરી આવ્યો.

'શું કર્યું, ગોપી?'

*હંમેશાં હૃદયની ઉદારતા અને મનમાં કંજુસાઈ રાખવી. સમય આવે ઉચિત ખર્ચ કરવો.*

'લાઈટ બંધ કરી નાખી. હવે ઓરડામાં પણ અંધકાર છે, માત્ર બંધ દરવાજાની નીચેથી બહારના પ્રકાશની આછી રેખા દેખાય છે.'

'એ બધું તું મને શા માટે કહેતી રહે છે, ગોપી?'

ગોપી હસવા લાગી.

'તમે પણ મારી આંખોથી કશુંક જોઈ શકો તે માટે...'

દાદાજી પણ હસવા લાગ્યા. ગોપી હસતી હતી, છતાં દાદાજીને વહેમ ગયો હતો કે એના હાસ્યમાં કશુંક ખૂટતું હતું. દાદાજીને સારું લગાડવા એ હસી હોય એવું કેમ અનુભવ્યું દાદાજીએ?

'ગોપી તું બહાર જઈ આવી?'

'ના...'

'ક્યાંય બહાર જવા માટે તૈયાર થઈ છે?'

'તમને ખબર પડી ગઈ, દાદાજી?'

'તેં ઊંચી એડીનાં ચંપલ પહેર્યા છે. તારાં કપડાંનો અવાજ... અને તેં પરફ્યૂમ પણ લગાવ્યું છે.'

ગોપીએ જવાબ ન આપ્યો. દાદાજીએ કોઈ મોટી વાત પકડી લીધી હોય એવું તો હતું જ નહીં. આ બધી રોજની, વર્ષોથી રમાતી આવતી રમતો હતી. ગોપી અમુક દૃશ્યો વિશે દાદાજીને અનુમાન કરવાનું કહે અને પછી સાંભળતી રહે. વસ્તુઓના રંગો વિશે દાદાજીને પૂછે અને દાદાજીએ ભૂતકાળમાં જોયેલા રંગોની સ્મૃતિ ખૂલવા લાગે. દાદાજીએ ગોપીને પણ જોઈ હતી. એ નાનકડી ગોપીને લઈને બગીચામાં પણ જતા. બંને જણાંએ સાથે મળીને ચબૂતરા પર ચણ પણ નાખ્યા છે. ખાટાં કરમદાં ઝાડ પરથી ઉતાર્યાં છે અને...

હવે દાદાજીની આંખ સામેથી દૃશ્યો ખસી ગયાં છે. માત્ર ગોપીના શબ્દો એ ઊખડી ગયેલા રંગોવાળાં, વારંવાર ખરી પડતાં દૃશ્યો ઊભાં કરે છે.

ગોપી ચૂપ થઈ ગઈ છે. બારી બહાર જોતી હશે. કમરાના અંધકાર અને બહારના અંધકાર વચ્ચેનો તફાવત એ જોઈ શકતી હશે? બહારનો અંધકાર તરલ લાગતો હશે. સુગંધી પણ લાગતો હશે. દાદાજીના કમરાનો અંધકાર એક ખડક જેવો અને દાદાજીના શરીરમાંથી છૂટતા પરસેવાની વાસ જેવો –

દાદાજીએ ફરી હાથ લંબાવ્યો અને આંગળાં ફેલાવ્યાં. પંખાની હવા અહીં સુધી પહોંચતી નથી અને શરીરમાંથી પરસેવાની વાસ આવ્યા કરે છે. ગોપીને રાતરાણીની સુગંધ આવે છે! દાદાજી હસવા લાગ્યા.

'તમે હસો છો, દાદાજી?' ગોપીએ પૂછ્યું.

'અંધકારમાં પણ તને દેખાયું?'

'ના...મને સંભળાયું! શા માટે હસો છો?'

'તારી રાતરાણીની સુગંધ પર!'

ગોપી હસી હોય એવું ન લાગ્યું. કદાચ હોઠ ફેલાવીને સ્મિત કર્યું હશે. કેવી લાગતી હશે ગોપી? દાદાજીની સ્મૃતિમાં તો નાનકડી, સફેદ મોજાં પહેરીને દોડી રહેલી ગોપી જ આવે છે. એક દિવસ ગોપીએ દાદાજીને પોતાનું વર્ણન કરી બતાવ્યું હતું. હાથમાં અરીસો પકડી પોતાના ચહેરા વિશે, આંખો વિશે, ખંજન વિશે, પોતાના સ્મિત વિશે.

'સફેદ મોજાં પહેરે છે હજી, ગોપી?' દાદાજીએ પૂછ્યું હતું.

'ના...સફેદ મોજાં હવે ટૂંકા પડે છે, દાદાજી!' ગોપી અને દાદાજી ખડખડાટ હસ્યાં હતાં.

અચાનક દાદાજીને એવું લાગ્યું કે કમરાની હવામાં આજે બેસુમાર બેચેની છે. કશુંક તરફડતું હોય એવા આછા આછા અવાજો આવે છે. આ ઓરડો આખા ઘરથી અલગ થઈ ગયો હોય, ઘર જાણે ટ્રેન હોય અને આ ઓરડાને અજાણ્યા સ્ટેશન પર છોડી દઈને ટ્રેન આગળ નીકળી ગઈ હોય - બહારથી સંભળાતા અવાજો પ્લેટફોર્મ પર ઊભેલા લોકોના અવાજો જેવા લાગતા હતા.

'ગોપી...'

'હં દાદાજી –'

'તું અહીં કેમ ચાલી આવી છે? બહાર તો લોકો આવ્યા છે.'

'હા...બહાર પાર્ટી ચાલે છે. ડેડીને એક નવો કૉન્ટ્રેક્ટ મળ્યો છે, દાદાજી...'

દાદાજીની આંખોની પાછળ ગૂંચળાં છૂટવા લાગ્યાં. ઘરમાં ખુશીના પ્રસંગો આવતા હતા. માત્ર દાદાજીને કોઈ કહેતું નહોતું. નવા નવા કૉન્ટ્રેક્ટ મળે તો મજા જ આવે. દીકરો ખૂબ આગળ વધી ગયો. દાદાજીએ નાના પાયે શરૂ કરેલો કન્સ્ટ્રક્શનનો ધંધો દીકરાએ ખૂબ આગળ વધાર્યો છે. આપણો બંગલો બહુ મોટો છે, દાદાજી, બગીચો પણ બહુ મોટો છે... ગોપીએ કહ્યું હતું. ધીરે ધીરે નિસ્તેજ થઈ ચૂકેલી નજર અને તે પછી તો સાવ અંધકારભર્યા દિવસોમાં જે કંઈ બનતું હતું તેના વિશે ક્યારેક ગોપી વાતો કરતી અને દાદાજી સાંભળતા.

સુખ – દાદાજીની આંખોની અંદર આસમાની રંગની કલ્પના ઊભી થઈ. પછી એ રંગ લીલા જેવો થઈ ગયો. દાદાજીને થયું કે આ ક્ષણે લીલા રંગની કલ્પનાની વચ્ચે એ બગીચામાં ઊભા છે પણ એટલામાં તો કંસારીનો ત્રમ્‌ત્રમ્ અવાજ સંભળાયો અને દાદાજી ફરી પાછા પોતાના ઓરડામાં આવી ગયા...

કંસારીનો અવાજ ગોપીને સંભળાતો ન હોય તો સારું દાદાજીએ વિચાર્યું.

'તમને ખબર છે, દાદાજી?'

'કઈ વાતની, ગોપી?'

'આજે મારો બર્થ-ડે પણ છે.'

દાદાજીની સફેદ આંખો જરા પહોળી થઈ. એમણે કોઈ પણ એક દિશા તરફ હાથ લંબાવ્યો - ગોપીના અવાજ પરથી એ કઈ

*જે આપણી સમક્ષ બીજાની નિંદા કરતા હોય તે બીજા સામે આપણી પણ નિંદા કરશે.*

તરફ ઊભી હશે તે કલ્પીને એમણે હાથ લંબાવ્યો હતો. થોડી વારે દાદાજીને ગોપીના હાથનો સ્પર્શ થયો.

'ગોપી... બેટા...' દાદાજીનો અવાજ થરકવા લાગ્યો.

'ઇટ્સ ઑલરાઈટ, દાદાજી...'

'કેમ એવું બોલે છે?'

'એકવીસમું પૂરું થયું મને....'

દાદાજીએ માથું હલાવ્યું. ગોપી મોટી થઈ ગઈ. આ ક્ષણે જ જાણે ગોપીએ ઉંબર બહાર પગ મૂક્યો અને દાદાજીના ખાલી હાથમાં નાનકડાં સફેદ મોજાં મૂકી ગઈ.

'દાદાજી, ઉદાસ થઈ ગયા તમે?'

'એવું બધું તને દેખાય છે — અંધકારમાં પણ?'

ગોપી દાદાજીના ખાટલા પર બેઠી. પગ હલાવવા લાગી.

'અંધકારમાં તમારી આંખો બહુ સ્પષ્ટ દેખાય છે, દાદાજી...'

'પણ મારી આંખો...' દાદાજીએ વાક્ય અધૂરું રાખ્યું. એ ગોપીના શરીરમાંથી ઊઠતી કપડાંની, પરફ્યુમની, વાળમાં ખોસેલા બટમોગરાની સુગંધને આકાર આપવાનો પ્રયત્ન કરવા લાગ્યા. કદાચ એમાંથી એમને એકવીસમું વર્ષ પસાર કરી ચૂકેલી ગોપી દેખાઈ જાય. ગોપી દાદાજીના હાથ પર ઊપસી આવેલી નસો પર આંગળી ફેરવવા લાગી.

ગોપી કહેતી : 'દાદાજી, તમને ખબર છે - તમારા આખા ચહેરામાં તમારી આંખો સૌથી વધારે સુંદર છે!'

'ગોપી, મારી મશ્કરી કરે છે?'

'ના...દાદાજી... આ ઉંમરે પણ તમે હેન્ડસમ લાગો છો...પણ એક જ વાતની તકલીફ છે... યુ આર એ ગ્રેટ બૉર ....!'

દાદાજી ખડખડાટ હસતા.

'થેંક્યું, ગોપી... થેંક યુ ફૉર ધ કોમ્પ્લીમેન્ટ્સ...!"

આજે એવું હસવું નજીક આવતું નહોતું. દાદાજી અને ગોપી બંને મૌન બની ગયાં હતાં. કદાચ તો ગોપી જ વધારે મૌન હતી અને એથી તો વાત આગળ વધતી નહોતી. બહાર આવેલા કમરાઓમાં ચાલી રહેલી પાર્ટીનો આછો દબાયેલો અવાજ સંભળાતો રહ્યો. ગોપીએ અચાનક દાદાજીનો હાથ છોડી દીધો. થોડીવાર માટે દાદાજીનો હાથ અધ્ધર તોળાયેલો રહ્યો, પછી નિર્જીવ થઈને ઢળી પડ્યો.

'મેં આજે સાડી પહેરી છે, દાદાજી....'

'રંગ?'

'આછો આસમાની...'

'તો તો તું વધારે સુંદર દેખાતી હશે — તારા દાદાજીની જેમ!'

થોડું હસી શકાયું, પણ એ હસવું વચ્ચેથી તૂટી પડ્યું.

બહારથી ગોપીની મમ્મીનો અવાજ સંભળાયો : 'ગોપી...' દરવાજો ખૂલ્યો. અવાજ વધારે સ્પષ્ટ રીતે સંભળાયો.

'ગોપી? તું અંદર છે?'

'હા મમ્મી ....'

'શું કરે છે અંધારામાં એકલી?' મમ્મીના અવાજમાં દબાયેલો ગુસ્સો હતો.

'એકલી નથી, દાદાજી પાસે છું.'

'આ સમય છે દાદાજી પાસે બેસવાનો? દાદાજી પણ કશું સમજ્યા વિના...' મમ્મીનો ગુસ્સો ફાટવા લાગ્યો હતો.

'મમ્મી, તું જા... હું આવું છું....'

'જલદી આવજે... એ લોકો તારી રાહ જુએ છે અને તું...'

દરવાજો બંધ થઈ ગયો. તે સાથે જ ગોપીના દબાયેલા હોઠમાંથી આછું ડૂસકું સરી પડ્યું. દાદાજીની હથેળીમાં ગોપીનું મોઢું આવી ગયું. એ દાદાજીના ખભા પર માથું મૂકીને રડવા લાગી. થોડી વાર પછી એણે કહ્યું : 'પાર્ટી વિશે હું તમારી પાસે ખોટું બોલી હતી, દાદાજી.'

એના અવાજમાં હજી પણ અધૂરું ડૂસકું હતું.

'તો?'

'એ લોકો આવ્યા છે... મને... મને જોવા માટે દાદાજી...'

દાદાજી હસવા લાગ્યા : 'એ તો ખુશ થવાની વાત છે, ગોપી! તું રડે છે?'

'દાદાજી-'

ગોપીના અવાજમાં કશુંક એવું હતું કે તે સાંભળતાં દાદાજીની આંખોની પાછળ સળવળાટ જાગ્યો. એમને કશુંક દેખાયું - કંસારીનો અવાજ દેખાયો હશે?

'ગોપી, બેટા?'

'હા દાદાજી...હું બીજા કોઈને—'

બીજા કોઈને? આ શું કહ્યું ગોપીએ? દાદાજીના કાનમાં ખેતરોની પાર થઈને આવતા ભીના, આછા આછા મધુર સ્વરો સંભળાવા લાગ્યા. એ સ્વરોમાં લીલાં ખેતરોમાં ઊભેલા અજાણ્યા પાકની સુગંધ હતી.

'શું નામ છે એનું, ગોપી?'

'પવન—'

'તો પછી? એમાં રડવાનું શું છે? ડેડીને કહી દે બધું - ધૅટ્સ ઑલ ....'

'ડેડી ના પાડે છે, દાદાજી. મમ્મી પણ ના પાડે છે.'

'ઓહ...' દાદાજીનો નિઃશ્વાસ સંભળાયો. એ સફેદ આંખે કશું જ જોયા વિના વિચારવા લાગ્યા. ગોપીની લાગણી વિશે જાણ્યા પછી હવાની જે સુગંધ મનમાં ઊતરી હતી તે હવે લૂ બની ગઈ.

*દયા એવી ભાષા છે કે બહેરા તે સાંભળી શકે છે, અંધ તે અનુભવી શકે છે અને મૂંગા સમજી શકે છે.*

'તારાં ડેડી અને મમ્મીએ પવનને જોયો છે?'

'ના...'

'તે પહેલાં જ ના પાડે છે?'

'એ લોકો એને જોવા કે મળવા પણ તૈયાર નથી...'

દાદાજીએ તકિયા તરફ શરીર ઢાળ્યું. એમની પાંપણો ધ્રૂજતી હતી. ગોપી એમની સામે જોતી હશે.

'દાદાજી, તમે પવનને ન મળો?'

'ગોપી, હું શું કરી શકું?'

'તમે-તમે — ડેડીને...'

દાદાજીની આંખમાં એક આંસુ તગતગ્યું તે ગોપી જોઈ ન શકી, પણ એના હાથ પર આંસુ ટપક્યું ત્યારે એ ચમકી ગઈ.

'દા...દા...જી...!'

બહારથી મમ્મીનો અવાજ સંભળાયો : 'ગોપી! બધાં તારી રાહ જુએ છે!'

ગોપી ઊભી થઈ ગઈ.

'હું જાઉં છું, દાદાજી...મેં તમને દુઃખી કર્યા...'

'તું શું કરશે, ગોપી?'

'હું...હું કદાચ ડેડીને હા પાડી દઈશ–'

એનો અવાજ દૂર ચાલ્યો ગયો. પછી દરવાજો ઊઘડ્યો. બહારના અવાજો અંદર આવ્યા. દરવાજો બંધ થયો. અવાજો પણ બંધ થયા. દાદાજીને લાગ્યું કે એ બધા જ અવાજોની સાથે ગોપીનો એક આછો અવાજ પણ હંમેશને માટે જાણે બંધ થઈ ગયો હતો.

હવે ગોપીનો અવાજ પણ કંસારીના અવાજની જેમ કમકમતો દાદાજીના મનમાં સંભળાયા કરશે.

દાદાજીએ આંખો બંધ કરી. કશો જ ફરક ન પડ્યો. માત્ર એક વિચાર આવ્યો —

હવે જે ગોપી આ કમરામાં આવશે એ હમણાં ગઈ તે ગોપી નહીં હોય... ■

*અમને નાખો જિંદગીની આગમાં*
*આગને પણ ફેરવીશું બાગમાં*
*સર કરીશું આખરે સૌ મોરચા*
*મોતને પણ આવવા દો લાગમાં.*

**— શેખાદમ આબુવાલા**
**સૌજન્ય : "ભણતરનું ભાવજગત"**

## મિત્રોની પસંદગી
## એ વિદ્યાર્થીની જિંદગી માટે મહત્ત્વની બાબત છે

છાસવારે મળી જતા મિત્રોમાં શાશ્વત દોસ્તી ના શોધી શકાય. શેરી મિત્રો સહુ મળે, તાળી મિત્રો અનેક, જે લાખોમાં યાદ રહે એવો મિત્ર એક. દોસ્તી એ અજાયબ માનવસંબંધ છે. આજના જમાનામાં વૉટ્સએપ મિત્ર કે ફેસબુક ફ્રેન્ડ પણ હોઈ શકે છે — એક જમાનામાં પત્રમિત્રો બનાવવા માટેની ફૅશન હતી. માધ્યમ ગમે તે હોય, મૈત્રીભાવનું પવિત્ર ઝરણું સતત વહેતું રહે એ બાબત મહત્ત્વની છે.


આજનો વિદ્યાર્થી કોની સાથે ફરે છે, એનું મિત્રવર્તુળ કેવું છે એની જાણકારીના આધારે આપણે એનું ભાવિ કેવું હશે એ નક્કી કરી શકીએ.

આમ તો મોટાભાગના માનવસંબંધો આપણને જન્મથી અથવા તો લોહીના સંબંધથી આપોઆપ મળી જાય છે — એમાં આપણે કશું પસંદ કરવાનું હોતું નથી. પરંતુ દોસ્તી એવી ચીજ છે જે ફક્ત આપણી પોતાની ઈચ્છાથી નક્કી થાય છે. આપણે ત્યાં 'સોબત તેવી અસર' તેવી કહેવત પ્રચલિત છે. માણસે પોતાનો રસ કે પ્રવૃત્તિને અનુરૂપ મિત્ર પસંદ કરવો જોઈએ. જેથી કોઈ ધ્યેય કે લક્ષ્ય માટે ટીમવર્કથી કામ થઈ શકે — આ તો આપણા વ્યવસાયિક મિત્રોની વાત થઈ, પણ ઘણીવાર મિત્રતા આવી બધી બાબતોને અતિક્રમી જાય છે.

મિત્રતાની મ્હોર નિઃસ્વાર્થતા ઉપર નિર્ભર છે. ઊંડી જીવન સમજણ ધરાવતી વ્યક્તિ કે તમારી મર્યાદાઓ જાણ્યા પછી તમારું સાંનિધ્ય સ્વીકારતી વ્યક્તિ એ મિત્રતા માટે ઉત્તમ ગણી શકાય. મિત્રોમાં એકબીજાને પૂરક બની મદદરૂપ થવાની બાબત મહત્ત્વની છે. આપણે જે વાત માબાપ, શિક્ષક કે અંગત સ્વજનને નથી કહી શકતા એ મિત્રને સહજ ભાવે કહી શકીએ છીએ. મિત્ર જેમ જૂનો, એમ વધારે વિશ્વાસુ હોય છે. અભ્યાસકાળ દરમિયાન થયેલી મિત્રતા ચિરકાલીન હોય છે. કૃષ્ણ-સુદામાથી લઈને આજ સુધી અનેક મિત્રોની સાફલ્ય કથાઓ માનવ સંબંધોને ધબકતું રાખવામાં સફળ રહી છે. સારો અને સાચો મિત્ર હંમેશાં આપણો સહારો હોય છે.

**— રમેશ ઠક્કર**
**સૌજન્ય : "ભણતરનું ભાવજગત"**

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137



# વ્યક્ત મધ્ય-તંત્ર કા પરિદેવના!

• હરેશ ધોળકિયા •

છેલ્લાં લોકો ઊભાં થયાં.

પ્રજ્ઞા પણ ઊભી થઈ. તે બધા સામે હાથ જોડી ઊભી રહી.

વીણા માસીએ પ્રજ્ઞાનો હાથ પકડીને કહ્યું, "બેટા પ્રજ્ઞા, થયું તે બહુ જ ખરાબ થયું છે. મારું તો હૈયું ફાટી જાય છે." તેમણે એક ધ્રુસકું પણ ભર્યું. "પણ બેટા, ભગવાનની ઇચ્છા આગળ આપણે લાચાર છીએ. હવે તો તારે જ સ્વસ્થ થવું પડશે."

પ્રજ્ઞાની નણંદ કલ્પનાએ પણ રડતાં રડતાં કહ્યું, "પ્રજ્ઞાભાભી, અમને પણ ખૂબ જ દુઃખ થાય છે. મારો તો એકનો એક ભાઈ ચાલ્યો ગયો. હજી તો તેની ઉંમર પણ નાની હતી. હૈયે અરમાનો હશે, પણ શરીરનો કોઈ જ ભરોસો નથી હોતો." કહી તે જોરથી રડી પડી.

વાતાવરણમાં ગંભીરતા છવાઈ ગઈ. બાકીનાં બધાં પણ આંખ લૂછતાં હતાં.

પ્રજ્ઞા નીચું મોં કરી ચૂપચાપ ઊભી હતી.

વીણા માસી બોલ્યાં, "પ્રજ્ઞા, કહેતી હો તો રાત રોકાઈ જાઉં."

પ્રજ્ઞાએ માથું હલાવી ના પાડી.

"પણ બેટા, રાતે તો વધારે...!"

પ્રજ્ઞાએ ફરી ના પાડી. માસીનો હાથ દબાવ્યો.

"તો પછી બેટા, રજા આપ. તારા માસા ઘેર એકલા છે. તો નીકળું."

"અમે પણ નીકળીએ," કલ્પના બોલી.

પ્રજ્ઞાએ બધા સામે ફરી હાથ જોડ્યા. બધાએ તેનો હાથ પકડી લીધો. પછી બારણા પાસે ગયાં. બહાર નીકળી સામેની લિફ્ટ ખોલી અને અંદર પ્રવેશ્યાં. તેનો દરવાજો બંધ કર્યો. ગ્રાઉન્ડ ફ્લોરની સ્વિચ દબાવી. લિફ્ટ દસમા માળથી સરેરાટ કરતી નીચે ઊતરી ગઈ.

લિફ્ટ નીચે ઉતરી ત્યાં સુધી પ્રજ્ઞા સામે જોતી રહી. તે ગઈ એટલે ફ્લેટનો દરવાજો બંધ કર્યો. પછી બારી પાસે ગઈ. દસમા માળની બારીમાંથી શહેર ખૂબ નીચે દેખાતું હતું. શહેરનો આ વિસ્તાર હજી નવો નવો વિકસતો હતો. તેથી થોડાં બહુમાળી મકાનો તૈયાર થયાં હતાં. તે બધાં એકબીજાથી દૂર દૂર હતાં. એટલે દરેક બહુમાળી મકાન આસપાસની જગ્યા ખાલી હતી. સામે થોડે દૂર હાઈ-વે પસાર થતો હતો. તેના પર બન્ને તરફ વાહનો ફૂલ સ્પીડથી પસાર થતાં હતાં. હાઈ-વેની સામી બાજુ શહેર હતું. ત્યાં હાઈરાઈઝ મકાનોની હારમાળા દેખાતી હતી. શહેર હવે આઈ.ટી. હબ બનતું જતું હતું, એટલે શહેરનો ઝડપી વિકાસ થઈ રહ્યો હતો. તે ગીચ થતું જતું હતું. તેથી ધીમે ધીમે મૂળ શહેર ચારે તરફ ફેલાઈ રહ્યું હતું. પ્રજ્ઞાનું બહુમાળી મકાન એવા જ એક નવા વિસ્તારમાં હતું.

પ્રજ્ઞા બારી પાસે ઊભી રહી જોઈ રહી. તેના સંબંધીઓ નીચે ઊતરી ગયાં હતાં. બહાર નીકળી પોતપોતાની ગાડીઓમાં બેસતાં હતાં. સામે સૂર્ય તદ્દન પશ્ચિમ કોર પર હતો. આકાશ લાલઘૂમ થઈ ગયું હતું. આ લાલાશમાં પક્ષીઓનું ઉડ્ડયન એક છાયાચિત્ર ઊભું કરતું હતું. અદ્‌ભુત દૃશ્ય હતું. રસ્તા પરનો વાહનોનો ગણગણાટ, પાસેનાં મંદિરમાંથી આવતો ઘંટારવનો નાદ, લાલાશથી છવાયેલ આકાશ! પ્રજ્ઞા તો આ અદ્‌ભુત સૌંદર્ય જોઈ ગદ્‌ગદ થઈ ગઈ. તેણે હાથ જોડી સૂર્યને નમસ્કાર કર્યા. તેની આંખમાં ભીનાશ આવી ગઈ.

તે બારી પાસેથી ખસી ડ્રોઈંગ રૂમની છેડે લટકાવેલ હીંચકા પર બેસી ગઈ. હળવેથી તેને ઝુલાવવા લાગી.

આ આંખની ભીનાશ શેની હતી? - તેને વિચાર આવ્યો.

વિચાર આવતાં તેની આંખ છલકાઈ જ ગઈ.

અચાનક જ ઘટના બની ગઈ હતી. હજી કાલે સાંજે તો મયંક નાચતો નાચતો ઘરમાં આવ્યો હતો. આવીને પ્રજ્ઞાને વળગી જ પડ્યો હતો. તેને ચુંબનોથી નવડાવી દીધી હતી. પછી બોલ્યો હતો, "પ્રજ્ઞા, મને આજે ખૂબ મોટો પ્રોજેક્ટ મળ્યો છે."

પ્રજ્ઞા પણ હરખાઈને બોલેલી, "શેનો વળી?"

"મેં તને વાત નહોતી કરી?" મયંકે જવાબ આપ્યો,

*બીજાનું સુખ જોઈને આપણે દુઃખી થવાની જરૂર નથી.*

"ઇન્ફોસીસ નવાં સોફ્ટવેર તૈયાર કરવા માગે છે. સેમ્પલ માગ્યાં હતાં. મેં તૈયાર કરી મોકલેલ. આજે અમને બધાને હોટેલ સનસેટમાં બોલાવેલા. બધાં ચકાસ્યાં. પછી મને પસંદ કર્યો છે. પચાસ લાખનો પ્રોજેક્ટ છે, પ્રજ્ઞા! આઈ વન ધેટ!" તેણે ફરી પ્રજ્ઞાને ચુંબન કરી લીધું.

"તો, ચાલ થઈ જાય પાર્ટી," પ્રજ્ઞાએ કહ્યું.

"બોલ, ક્યાં ચાલવું છે? જરૂર ચાલીએ."

"પહેલાં ફ્રેશ તો થઈ જા. પછી નિરાંતે બેસી વાત કરીએ." પ્રજ્ઞાએ કહ્યું.

"હા, આજે તો ખૂબ થાક લાગ્યો છે. જબરો સ્ટ્રેસ હતો. પચાસ લાખ, પ્રજ્ઞા! નાની રકમ નથી."

"નથી જ. પણ ફ્રેશ થઈ આવ."

"હા" કહી તે પ્રજ્ઞાથી અળગો થયો અને બેડરૂમમાં ગયો.

પ્રજ્ઞા બારી પાસે ઊભી રહી. તે પણ ખુશ હતી. મયંક તેજસ્વી કમ્પ્યુટર ઇજનેર હતો. સરસ પ્રોગ્રામ્સ બનાવતો હતો. સારું કમાતો હતો.

થોડી મિનિટો નીકળી ગઈ.

પ્રજ્ઞાને નવાઈ લાગી કે ઉતાવળિયો મયંક ફ્રેશ થવામાં આટલો સમય લેતો હતો. પાછો આજે શાંતિથી તૈયાર થતો હતો. નહીં તો અંદરથી પણ બોલબોલ કર્યા જ કરે. સરખો થાક્યો લાગે છે.

થોડી મિનિટો વધારે ગઈ. પ્રજ્ઞાને વધારે નવાઈ લાગી. જિજ્ઞાસાવશ અંદર ગઈ. પ્રવેશતાં જ તે ચમકી ગઈ. મયંક શેટી પર સૂતો હતો. તે ખૂબ ધ્રુજતો હતો. શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય તેમ લાગતું હતું. આંખો પણ ફાટી ગઈ હતી.

પ્રજ્ઞા તો દોડીને પાસે ગઈ. જોયું તો તે તરફડિયાં મારતો હતો. સખત ધ્રુજતો હતો. આખા શરીરમાં પરસેવો વળતો હતો. તેની આંખો પ્રજ્ઞા તરફ ફરી. તે ચકળવકળ હતી. બોલી શકતો ન હતો.

પ્રજ્ઞા સમજી ગઈ કે કંઈક ગંભીર સ્થિતિ હતી. તરત પાસેનો ફોન ઉપાડી પોતાની ડૉક્ટર મિત્ર અંજનાને ફોન કર્યો. મયંકની સ્થિતિનું વર્ણન કરી ઝડપથી આવવા વિનંતી કરી.

ફોન નીચે મૂકી તે મયંક પાસે બેસી ગઈ. તેનું માથું ખોળામાં લીધું અને માથા પર હાથ ફેરવવા માંડી. મયંકના હોઠ ફફડતા હતા, પણ અવાજ નીકળી શકતો ન હતો. પ્રજ્ઞા પણ ધ્રુજવા માંડી. તે તેના સામે જોઈ રહી.

"મયંક, શું થાય છે તને?" બોલી.

મયંકની આંખો ચકળવકળ થતી રહી.

ત્યાં ડોરબેલ વાગી. પ્રજ્ઞા દોડી. બારણું ખોલ્યું. ડૉ. અંજના ઊભી હતી. પ્રજ્ઞા તેને બેડરૂમ તરફ દોરી ગઈ. અંજના જોતાં જ સમજી ગઈ કે મયંકને મૅસિવ હાર્ટ ઍટેક આવ્યો હતો. પળભર તો તે પણ મૂંઝાઈ ગઈ. પણ તરત સજ્જ થઈ પોતાની બેગ ખોલીને ઇન્જેક્શન કાઢ્યું. તેમાં દવા ભરી મયંકને આપવા તેના તરફ ફરી.

તેણે જોયું કે મયંકે ઊંડો શ્વાસ લીધો, પણ તે લઈ ન શક્યો. તેને જ કારણે એક ઝાટકો લાગ્યો અને તે અર્ધો ઊંચો થઈ ગયો. આંખો વધારે વિસ્ફારિત થઈ ગઈ. તરત નીચે પછડાયો. ફરીવાર એવું થયું. પછી તેણે માથું ઢાળી દીધું.

ડૉ. અંજના તો જોતી જ રહી. ઇન્જેક્શન હાથમાં જ હતું. તેણે તે બાજુમાં મૂકી સ્ટેસ્થોસ્કોપ લીધું. મયંકની છાતી પર મૂક્યું. તપાસવા લાગી. તેનો હાથ પણ ધ્રુજતો હતો. બે-ચાર વાર તપાસી અટકાવી દીધું. સીધી થઈ. પ્રજ્ઞા સામે જોવા લાગી.

પ્રજ્ઞાને તેની આંખમાંથી આંસુ પ્રગટતાં દેખાયાં.

પ્રજ્ઞા સમજી ગઈ.

તે સ્તબ્ધ થઈ ગઈ. અરે! દસ મિનિટ પહેલાં તો કેવો નાચતો હતો મયંક! હજી તો તેનાં ચુંબનનો સ્પર્શ પણ વિલાયો ન હતો. અજ્ઞાતપણે તેનો હાથ પોતાના ગાલ પર ફરી ગયો.

દસ જ મિનિટમાં બધું ખતમ!

એમ કેમ બને?

"અંજના શું થયું?" તેણે પૂછ્યું.

ડૉ. અંજનાએ પ્રજ્ઞાનો હાથ પકડી લીધો. એક ડૂસકું ખાતાં બોલી, "પ્રજ્ઞા, મયંક ઈઝ નો મોર."

પ્રજ્ઞા સમજી તો ગઈ જ હતી. છતાં ધ્રુજતા અવાજે બોલી, "પણ વ્હાય?"

"પ્રજ્ઞા, તેને મૅસિવ હાર્ટ ઍટેક આવ્યો. તે સહન જ ન કરી શક્યો."

"પણ અંજના, જસ્ટ દસ મિનિટ પહેલાં તો તે આવ્યો હતો. હી વૉઝ ટૂ મચ હેપ્પી. ફ્રેશ થવા તો બેડરૂમમાં આવ્યો હતો."

"હા, પણ અહીં જ તેને મૅસિવ હાર્ટ ઍટેક આવ્યો હશે. બસ! ગયો!"

પ્રજ્ઞા તો લગભગ જડ થઈ ગઈ.

મયંક ગયો! અનબીલીવેબલ!

તેનાથી ધ્રુસકું લેવાઈ ગયું. અંજનાએ તેના ખભા પકડી લીધા. પ્રજ્ઞાએ તેના ખભા પર માથું મૂકી દીધું અને રડવા લાગી. અંજના પણ રડતી જ હતી.

થોડી ક્ષણો નીકળી ગઈ. અંજના ઝડપથી સ્વસ્થ થઈ ગઈ. તે પ્રોફેશનલ હતી. તેણે પ્રજ્ઞાને બહાર લઈ જઈ ખુરશી પર બેસાડી. તે તેનાં સંબંધીઓને ઓળખતી હતી. તેણે પ્રજ્ઞાનો સેલફોન માગ્યો. પ્રજ્ઞાએ ટેબલ તરફ આંગળી ચીંધી. અંજના તેમાંથી નંબરો શોધતી ગઈ અને કૉલ કરતી ગઈ. પ્રજ્ઞા રડતી આંખે જોતી રહી.

થોડીવારમાં તો સંબંધીઓ અને મિત્રો દોડતાં આવી પહોંચ્યાં.

*અમુક ધર્મવાળા થઈને જ અમુક ધર્મ પાળી શકાય એ વાત બરાબર નથી. બાહ્ય પરિવર્તનથી ધાર્મિક થવાતું નથી.*

કોઈ માની શકતું ન હતું કે મયંક ગયો. તે તો સ્વસ્થ હતો. તરવરિયો હતો, બુદ્ધિશાળી હતો. અને હજી તો પાંચમા દાયકામાં પ્રવેશતો હતો. તેને વળી હાર્ટ ઍટેક! પણ તેને સૂતેલો જોઈ માનવું પડતું હતું.

પછી તો વિધિઓ શરૂ થઈ. સ્મશાને લઈ ગયા. બધાં પ્રજ્ઞાને વીંટળાઈને બેઠાં. પ્રજ્ઞા તો મૂઢ થઇ ગઇ હતી. બધાં તેને આશ્વાસન આપતાં રહ્યાં.

આજે સવારથી આવ-જા રહી. પ્રજ્ઞા ચૂપચાપ બેસી રહી. આશ્વાસનો સાંભળતી રહી. બપોરે બધાએ તેને ખાવાનો આગ્રહ કર્યો, પણ તેણે ના પાડી. માંડ ચા પીધી.

છેવટે અત્યારે બધાએ વિદાય લીધી. હવે તે એકલી પડી હતી.

ચોવીસ કલાક પૂરા થતા હતા. કાલે આ લાલાશ દરમ્યાન જ મયંકને હાર્ટ ઍટેક આવેલ. આજે ફરી લાલાશ છે વાતાવરણમાં. માત્ર મયંક નથી.

પ્રજ્ઞાનું મન ભરાઈ આવ્યું. તે જોરથી રડી પડી. ડૂસકાં ભરવા લાગી. થોડી વાર તે રડતી રહી. સમગ્ર શરીર ધ્રુજતું હતું. તેણે પણ રડવાનું ન અટકાવ્યું.

ધીમે ધીમે તે શાંત થઈ. ઊઠીને કિચનમાં ગઈ. પાણી પીધું. મોં ધોયું. લૂછ્યું. ફરી બહાર આવી. સૂર્ય આથમી ગયો હતો. લાલાશ ઘટતી હતી. વાતાવરણમાં અંધકાર પથરાવાની શરૂઆત થતી હતી.

પ્રજ્ઞાએ લાઇટ કરી. રૂમમાં ટ્યૂબનો બ્લુ પ્રકાશ પથરાઈ ગયો. પ્રજ્ઞા ફરી ખૂણામાં થઈ અને સોફા પર બેસી ગઈ. કાલથી સતત બેસવાથી તેનું શરીર અકડાઇ ગયું હતું. એટલે તે થોડી આડી થઈ અને પગ લંબાવ્યા.

તેણે આંખો બંધ કરી દીધી.

તેને વીણા માસીના શબ્દો સંભળાયા, 'પ્રજ્ઞા, હવે તારે એકલા જ જીવવાનું છે. વિધવાની સ્થિતિ વિચિત્ર છે. ક્યાંયની નથી રહેતી તે. માનસિક દયાજનક રીતે જીવે છે.'

પ્રજ્ઞાને વિચાર આવ્યો- પોતાની સ્થિતિ વિચિત્ર થશે? પોતે દયાજનક સ્થિતિમાં જીવશે? વિધવાપણાનો બોજો સહન કરશે તે?

તેને ભીની આંખમાં પણ સ્મિત આવી ગયું. આવી કરુણ સ્થિતિમાં પણ તેને મનોમન હસવું આવી ગયું. વિધવા! વિચિત્ર સ્થિતિ! દયાજનક! પોતાને આ શબ્દો લાગુ પડે? વીણા માસી મોટા ભાગે પોતાથી-કુટુંબથી-દૂર જ રહ્યાં છે. તેમને ખબર નથી કે પોતે કેમ ઊછરી છે! કેમ જીવી છે! કેમ વિચાર્યું છે! ખબર હોત તો આમ બોલત ખરાં? કદાચ આશ્વાસન પણ ન આપત! અરે, કદાચ આપવા પણ ન આવ્યાં હોત! કલ્પના પણ!

બંધ આંખોવાળો પ્રજ્ઞાનો ચહેરો એક અદશ્ય ગૌરવથી ઝગમગી ઊઠ્યો. તે લાંબી જ પડી હતી છતાં થોડી ટટ્ટાર થઈ. તેના સમગ્ર શરીરમાંથી એક ઊર્જા પ્રગટીને અદશ્ય થઇ ગઇ.

તેને તેનો ભૂતકાળ યાદ આવી ગયો. તેની આંખ અચાનક ઊઘડી ગઈ. નજર બારીને વીંધીને બહાર અનંત આકાશમાં પ્રસરી ગઈ. બહાર હવે પૂરો અંધકાર હતો. આકાશમાં તેજસ્વી શુક્રનો ગ્રહ દેખાતો હતો. ટ્યૂબને કારણે તેની તેજસ્વિતા થોડી ઝાંખી દેખાતી હતી, છતાં ઝાંખો પણ શુક્ર હતો. આકાશમાં પોતાનું વ્યક્તિત્વ પ્રગટ કરતો!

પોતાના પિતા જેવો!

પ્રજ્ઞાને શુક્રમાં પોતાના પિતાનો ચહેરો દેખાયો. જાણે શુક્ર અદશ્ય થઈ ગયો અને તેજસ્વિતા પિતાની આંખોમાં ફેરવાઈ ગઈ.

પ્રજ્ઞાથી તેજ સહન ન થયું. તે ઊભી થઈ અને હીંચકા પર બેસી ગઈ. આંખો ફરી બંધ કરી નાખી. પગથી ઠેલો માર્યો અને હિંચકો ઝૂલવો શરૂ થયો.

તેની આંખો સામેનો અંધકાર પણ હલી ગયો. તેમાં વમળ પેદા થયાં. વમળ મોટાં થતાં ગયાં અને ફેલાતાં જ ગયાં. વર્ષો પાછળ ખસતાં ગયાં. તેને પોતે ફ્રૉક પહેરીને ઊભી હતી તેવું દશ્ય દેખાયું. બાજુમાં પિતા ઊભા હતા. તેણે તેમની આંગળી પકડી હતી. પ્રજ્ઞાને થયું કે પોતે ત્યારે ધ્રૂજતી હતી. પિતાની આંગળી સખત રીતે પકડી હતી.

શું બન્યું હતું?

પોતે શાળામાં હતી. કોઈ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમાં કોઈ સંદર્ભમાં આચાર્યા સામે દલીલ કરી હતી. પોતે સાચી હતી તેમ કહ્યું હતું. આચાર્યા ગુસ્સે થયાં હતાં અને પિતાને બોલાવ્યા હતા. તે ગભરાઈ ગઈ હતી. પિતાએ આવીને ઘટના જાણી હતી. ત્યારે આચાર્યાને કહેલ, "મેડમ, તમને નથી લાગતું કે પ્રજ્ઞા સાચી છે?"

આચાર્યા પણ જાણતાં હતાં કે પ્રજ્ઞા સાચી હતી. પણ તેથી કંઈ આચાર્યા સાથે દલીલ કરાય?

તેમણે જવાબ આપેલ, "કદાચ હશે, પણ તેથી આચાર્યા સામે દલીલ ન કરાય."

"મેડમ, મને લાગે છે કે તેણે દલીલ નહોતી કરી. પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવ્યું હતું."

"તે સમજાવવા હજી નાની છે તે. શિસ્ત તો શીખવું જ જોઇએ."

"મેડમ, શિસ્ત અવશ્ય શીખવાનું છે પણ બાળકને પોતાનું દૃષ્ટિબિંદુ કહેતાં પણ શીખવવાનું છે."

"તો તો છોકરાં સ્વચ્છંદી બની જાય."

"તો તેમને ચોક્કસ અટકાવવાં. પણ તેના ભયે અભિવ્યક્તિને તદ્દન અટકાવી ન દેવાય." પિતાએ દલીલ કરેલી.

"જુઓ ભાઈ, મારે દલીલ નથી કરવી. આને દલીલ કરતાં

*બહારના દેખાવ પરથી ફૂલની કે પતંગિયાની કિંમત ભલે કરો, મનુષ્યની ન કરતા.*

જોઈ કાલે બીજી છોકરીઓ દલીલ કરતાં શીખી જશે. અમારે તો શિસ્ત જાળવવાનું છે.''

પિતા મૂંગા રહ્યા હતા.

સાંજે પ્રજ્ઞા પિતા પાસે રડી પડી હતી. પિતાએ તેને ખોળામાં બેસાડી કહ્યું, ''જો પ્રજ્ઞા, નાની બાબતમાં રડવાની મનાઈ છે. પોતે સાચા હોઈએ તો કદી ન ગભરાવું. સ્પષ્ટ બોલી દેવું.''

''પણ પપ્પા, તમે આવ્યા તે પહેલાં તેમણે મને ધમકાવી હતી.''

''ભલે ધમકાવે. તેથી પોતે સાચા હોઈએ તો ન ગભરાવું. કદાચ આપણી વાત ન સ્વીકારે તો વાંધો નહીં, પણ પોતાની સચ્ચાઈ તો ન જ છોડવી.''

પ્રજ્ઞાને યાદ આવ્યું કે પપ્પા હંમેશ તેને સ્વતંત્ર વિચારવાની સલાહ આપતા. કોઈના પ્રભાવમાં ન આવવાનું કહેતા. તે તેને ખૂબ વંચાવતા. ખાસ કરીને ચરિત્રો. તેની ચર્ચા પણ કરતા. દરેકમાંથી કહેતા, ''જો પ્રજ્ઞા, ગાંધીજી હોય કે વિવેકાનંદ, બધા સ્વતંત્ર વિચારકો હતા. સ્પષ્ટતાથી વિચારતા હતા. કોઈના પ્રભાવમાં આવતા ન હતા.''

''પણ પપ્પા, વિવેકાનંદ તો રામકૃષ્ણને ગુરુ માનતા,'' તે દલીલ કરતી.

''હા, ચોક્કસ માનતા, પણ તેથી તેમણે સ્વતંત્ર રીતે વિચારવાનું છોડ્યું ન હતું. ખુદ ગુરુ સામે પણ જોરદાર દલીલ કરતા.''

કૉલેજમાં પ્રજ્ઞાએ અંગ્રેજી સાહિત્ય લીધેલું. સાથે વિશ્વના ધર્મોનો પણ અભ્યાસ કરતી. તે પૂછતી, ''પપ્પા, કયો ધર્મ સારો?''

''બેટા, બધા જ ધર્મો સારા છે. તેમની જગ્યાએ. પણ કોઈ ધર્મ સંપૂર્ણ નથી. જ્યાં માણસના હાથમાં ધર્મ હોય, ત્યાં મર્યાદા તો આવવાની જ.''

''તો શું કરવું? કયો ધર્મ સ્વીકારવો?''

''સંપૂર્ણ રીતે એક પણ નહીં. બધાના પાયાના સનાતન વિચારો સ્વીકારવા. પ્રાસંગિક વિચારો, વિધિવિધાનો - વગેરેથી દૂર રહેવું. તે જાણવા, સ્વીકારવા નહીં. તટસ્થ રહેવું. વેદના આ વિચારને સૂત્ર તરીકે સ્વીકારવું- ''અમને બધી જ દિશાઓમાંથી શ્રેષ્ઠ વિચારો પ્રાપ્ત થાવ.'' અને તે વાંચી-જાણતી વેળા વિનોબાને યાદ રાખવા - ''સાર લો, અસાર છોડો. બધું તેની જગ્યાએ યોગ્ય છે. સર્વાંગી દૃષ્ટિએ અપૂર્ણ છે. વાદ-વિવાદમાં ન પડવું.''

''પણ કહેવાનો પ્રસંગ ઊભો થાય તો?''

''તો સાચું હોય તે જ કહેવું. નિંદા કર્યા વિના તટસ્થતાથી યોગ્ય હોય તે જ બોલવું. તેમાં ન ડરવું.''

''વિરોધ થાય તો?''

''થાય! સાંભળવો. સ્વીકારવાની જરૂર નથી. પોતાનો મત રજૂ કરી ચૂપ થઈ જવું. પોતે સાચા હોઈએ તો ડરવાની જરૂર નથી.''

પ્રજ્ઞા સ્વતંત્ર રીતે ઊછરતી હતી. તેના પિતા તેના સાથે બધા જ વિષયોની ચર્ચા કરતા. ઉપનિષદ હોય કે સેક્સ — બધું ચર્ચતા. બાયોલોજી, ઍનેટોમી પણ શીખવતા. જાતીય ગ્રંથો વંચાવતા. સાથે કૃષ્ણમૂર્તિ, રજનીશ, ફ્રોઇડ, હેવલોક એલીસ, રસેલ વગેરે પણ વંચાવતા. અભિપ્રાયો કેળવતાં શીખવતા.

''કશું ખરાબ પણ નથી અને કશું સંપૂર્ણપણે સારું પણ નથી. માત્ર છે! યોગ્ય બુદ્ધિ હશે તો યોગ્ય નિર્ણય જ આવશે'' - કહેતા.

પિતાએ પ્રજ્ઞાને પ્રખર રેશનલ બનાવી હતી. ક્યારેક તે છોકરીઓમાં સ્વભાવગત હોય તેવા લાગણીવેડા પ્રગટ કરે, તો ઠપકો આપતા- ''પ્રજ્ઞા, લાગણી અને બુદ્ધિમાં સમતુલા હોવી જોઇએ. અને પસંદગી કરવી હોય, તો બુદ્ધિની કરવી. બુદ્ધિમાં તાકાત છે કે તે લાગણીને સમતુલિત કરી શકશે, પણ લાગણીમાં એ શક્તિ નથી કે જાતે સ્વસ્થ થઈ શકે. તે તો આવેશમાં પલટાઈ જશે. વહી જશે. તો બુદ્ધિ પણ ધૂંધળી થઇ જશે અને ખોટા નિર્ણયો લેવાશે.''

''પપ્પા, સાચા નિર્ણયો લેવા એટલે શું?''

''નિર્ણય પર વ્યક્તિ, ઘટના કે વસ્તુનો પ્રભાવ પડવો ન જોઇએ. તે તટસ્થ, વિવેકયુક્ત, સ્વસ્થ, સમતોલ, લાંબાગાળામાં લાભદાયી હોવો જોઇએ. આ ત્રણમાં રાગ હોય તો નિર્ણય એકાંગી થશે. શુદ્ધ તર્કથી નિર્ણય લેવાય. કામ ભલે પ્રેમ અને લાગણીથી કરાય, પણ વિચાર તો શુદ્ધ વૈજ્ઞાનિક રીતે જ કરાય. તો જ સાચા નિર્ણયો લઈ શકાશે.''

''પપ્પા, માની લો કે તમે ભૂલ કરી. ત્યારે મારે નિર્ણય લેવો પડે તો?''

''તો પણ તટસ્થ નિર્ણય જ લેવો. ત્યારે હું તારો પિતા છું તે ભૂલી જવાનું. ત્રીજી વ્યક્તિ તરીકે જ મને જોવાનો. તો જ યોગ્ય નિર્ણય લેવાશે.''

''દાખલા તરીકે?''

''માની લે કે તારી મમ્મીનું મેં અપમાન કરી લીધું યા તો અન્યાય કરું, તો તરત તારે મને ટકોરવાનો કે આ તો ખોટું છે.''

''પપ્પા, આ શિસ્તભંગ નથી?''

''ના, નથી. હા તે વખતે ભાષા સ્વસ્થ અને વિનયી હોય, તાર્કિક હોય તે જરૂરી છે. પણ વડીલને ન કહેવાય તેવું નથી વિચારવાનું. સ્પષ્ટ જ કહેવું.''

સ્વતંત્ર વિચારવા સાથે સ્વતંત્ર જીવવાની પણ તાલીમ આપતા. વારંવાર શિબિરો, કેમ્પો, મિટિંગોમાં, પ્રવાસોમાં મોકલતા. એકલી જ મોકલતા. સ્વતંત્ર કામો સોંપતા. ક્યાંય સાથે ન જાય જેથી એકલી રહેતાં શીખે. જાતે જ નિર્ણયો લે. પુરુષો વચ્ચે ન ગભરાય. કરાટે પણ શીખવેલ જેથી સ્વરક્ષણ પણ કરી શકે.

*સાહિત્ય એટલે જીવનની ભવ્યતા પ્રગટ કરતી લાગણી.*

પરિણામ એ આવ્યું કે પ્રજ્ઞા આત્યંતિક સ્વતંત્ર વ્યક્તિત્વવાળી થઈ ગઈ. આવેશયુક્ત છોકરીઓના ટોળામાં તે અલગ પડી જતી. કોઈ છોકરી રડે તો ધમકાવતી. કોઈ છોકરો આગળ વધે તો ડરાવતી. મિટિંગો વગેરેમાં સ્વતંત્ર અભિપ્રાયો વ્યક્ત કરતી. બધા તેનાથી દલીલ કરવામાં દૂર રહેતા.

"પપ્પા, મારે પરણવું જોઇએ?" એક વાર તેણે પૂછેલ.

"એ નિર્ણય તો તારે લેવાનો છે. હું કેમ લઉં?" પિતાએ હસીને જવાબ આપેલ.

"છતાં અભિપ્રાય તો આપો."

"પરણવાના બે-ત્રણ હેતુ છે : હૂંફ મેળવવી, સલામતી મેળવવી, શારીરિક તૃપ્તિ મેળવવી વગેરે. આવું હોય તો પરણવું."

"માત્ર શારીરિક તૃપ્તિ જ મુદ્દો હોય તો?"

"તો પણ તારે જ નિર્ણય લેવો."

"શું લેવો?"

"તૃપ્તિ મેળવવી કે નહીં."

"લગ્ન બહાર મેળવી શકાય?"

"તને વાંધો ન હોય તો મેળવાય."

"પણ તે અનીતિ ન કહેવાય?"

"તે સાપેક્ષ છે. હા, તેને કારણે કોઈ પરિણીતનું જીવન ન બગાડાય. પણ સ્વતંત્ર રીતે નિર્ણય લઈ શકે છે."

તેની મા તો આ વાતથી ગભરાઈ જતી. પતિને ઠપકો આપતી. "બગાડો છો તમે તો પ્રજ્ઞાને," કહેતી. પિતા હસતા.

પ્રજ્ઞાએ એકલા જ રહેવાનું નક્કી કર્યું. પિતાએ તેને આત્મતૃપ્તિ અને સ્વતંત્રતાનું શિક્ષણ આપ્યું હતું. તેને બંધન નહીં ફાવે. પિતાને વાત કરેલ, તો બોલ્યા હતા, "તું જે નક્કી કરે તે. હા, કાલ નિર્ણય બદલવાની ઇચ્છા થાય, તો તેને જડતાથી વળગી ન રહેજે. મુક્ત બુદ્ધિથી કરજે."

પ્રજ્ઞાએ એમ.એ. કર્યું. વિવિધ તાલીમો લીધી. અનેક સંસ્થાઓમાં પ્રોફેશનલ સેવાઓ આપતી. સરસ કમાતી. પોતાની રીતે રહેતી. અનેક મિત્રો હતા. પણ ક્યાંય ન બંધાતી. કામ-પ્રવાસ-વાચન-મનનમાં મસ્ત રહેતી.

ચાર દાયકા નીકળી ગયા. માતા પિતાએ વિદાય લીધી. એક જ સંતાન હતી. તેથી બીજું કોઈ ન હતું. શાંતિથી સર્જનાત્મક રીતે જીવતી હતી.

એક વાર એક કામ સંદર્ભે એક મિટિંગમાં મયંકનો પરિચય થયો. વાતચીત પછી તેને તેની તેજસ્વિતા ગમી. ઉત્સાહ પણ ગમ્યો. કામના સંદર્ભમાં વારંવાર મળતાં રહ્યાં. તે તેને ગમતો. અલબત્ત, લગ્નનો વિચાર ન આવતો.

અચાનક એક વાર મયંકે પૂછ્યું, "પ્રજ્ઞા, તું મને પરણે ખરી?"

પ્રજ્ઞા તો નવાઈથી તેના સામે જોઈ રહી.

બોલી, "એવો વિચાર મને આવ્યો નથી."

"પણ મને આવ્યો છે."

"કેમ? મૈત્રી પૂરતી નથી?"

"છે. છતાં મન થાય છે."

"વિચારીશ," પ્રજ્ઞાએ જવાબ આપ્યો.

ઘેર જઈ તેણે વિચાર કર્યો-ચાર દાયકાની સ્વતંત્રતા પછી બંધન ફાવશે?

પછીની મિટિંગમાં મયંકે ફરી પૂછેલ.

પ્રજ્ઞાએ પોતાનો વિચાર કહ્યો.

"પ્રજ્ઞા, આપણે બંધન નહીં બનાવીએ. મુક્ત જ રહીશું." મયંકે જવાબ આપેલ.

"મયંક, હું અતિ સ્વતંત્ર છું."

"માટે તો મને ગમે છે."

"મને બાળકો પસંદ નથી. તે માથાકૂટમાં ન પડું."

"ન પડવું. ન બંધન. ન બાળકો. કામ પણ કરજે. મુક્ત જ રહેજે. તો?" મયંકે લુચ્ચી આંખે કહ્યું.

પ્રજ્ઞા તો વિચારમાં પડી ગઈ. પિતા પણ ન હતા કે પુછાય.

પણ પૂછત તો? તો પિતા જવાબ આપત-કરી જો પ્રયોગ. ફાવે તો ચાલુ રાખજે. ન ફાવે તો મુક્ત થઈ જવું.

પ્રજ્ઞાએ મયંકને આ વાત કરી.

"કબૂલ," મયંકે જવાબ આપેલ.

કોઈ પણ વિધિ વિના, માત્ર નોંધાવી, બન્ને પરણી ગયાં. થોડા જ મિત્રોને હાજર રાખેલ. પ્રજ્ઞાના મિત્રોને નવાઈ લાગેલ.

બન્ને પોતાની રીતે, છતાં સાથે, જીવવા લાગ્યાં. મયંક પણ સ્વસ્થ, તેજસ્વી હતો. પ્રેમ અને આમન્યા-બન્ને રાખતો. પ્રજ્ઞાને પણ તે ગમી ગયો. બન્ને ભરપૂર જીવતાં હતાં. પ્રજ્ઞાએ કામ ઘટાડી નાખ્યું. મયંકને જ મદદ કરવા લાગી. પૈસા વધતા ગયા. ફ્લેટ લીધો. ખૂબ ફર્યાં. મુક્ત રીતે જીવતાં હતા. પ્રજ્ઞા મયંકમાં પરોવાઈ ગઈ. ભૂલી જતી કે તે એકલી જીવવા માગતી હતી.

અને અચાનક મયંક અદૃશ્ય થઈ ગયો.

પ્રજ્ઞાને જબરો ખાલીપાનો અનુભવ થયો. ચોવીસ કલાકમાં તો તે સ્તબ્ધ થઈ ગઈ હતી. આટલું પ્રેમાળ વ્યક્તિત્વ આમ ચાલ્યું જાય! હવે? ખરેખર તે સ્વસ્થ થશે? અને નહીં થાય તો દયાજનક નહીં બને? ભલે પૈસાની તકલીફ ન હતી, પણ હૂંફ, પ્રેમ, કંપની, સહઅસ્તિત્વ?

પોતે એકલી નહીં થઈ જાય? અને હવે એકલું ગમશે?

પ્રજ્ઞાએ અકળાઈને આંખ ખોલી નાખી. શુક્ર ટમટમતો હતો. પિતાનો હસતો ચહેરો ફરી દેખાયો.

-પપ્પા, શું કરવું મારે? તેણે પૂછ્યું.

પિતાનું સ્મિત ગાઢ બન્યું.

-પપ્પા, જવાબ તો આપો.

-બેટા, મેં તને વિચારવાની તાલીમ આપી છે.

*ગમતું મળે તે સુખ અને મળ્યું ગમે તે આનંદ.*

-પણ આ સ્થિતિમાં કેમ વિચારવું?

-યાદ કર...

પ્રજ્ઞાને પપ્પાના શબ્દો યાદ આવ્યા... વ્યક્તિ, ઘટના અને વસ્તુના પ્રભાવથી તટસ્થ રહી વિચારવું!

મને લાગે છે કે હું મયંકના સંદર્ભમાં જ વિચારું છું... તેને વિચાર આવ્યો.

પિતાની આંખો ટમટમતી દેખાઈ.

- તો મારે તેના વિશે ન વિચારવું?

- તારા ભાવિ માટે તે ઉપયોગી છે?

- પણ પપ્પા, મયંકને ભૂલવો?

- બેટા, વાત ભૂલવાની નથી. રાગની છે.

- એટલે કે યાદ રાખું, પણ સ્વતંત્ર રહીને.

- શાબાશ!

- પણ કેમ?

- વિચાર.

પ્રજ્ઞા વિચારવા લાગી. તેને અચાનક વિચાર આવ્યો- અરે! દસ વર્ષ પહેલાં તે એકલી જ હતી ને. અરે, ચાર દાયકા પણ તે એકલી જ હતી ને. આ દસ વર્ષ એક નવો અનુભવ મળ્યો. મજા આવી. માણ્યો. ત્યારે સહભાગી સ્વતંત્રતા હતી. ફરી મૂળ સ્વતંત્રતા આવી છે. માની લે કે પ્રયોગ પૂરો થયો. બૅક ટુ પેવેલિયન!

- પણ પપ્પા, હવે એકલું નહીં લાગે?

શુક્રમાં તેને ઠપકાનો ભાવ દેખાયો.

લાગણીવેડા! - તે ટમટમતાં બોલ્યો.

પ્રજ્ઞા હસી પડી. આ તો પપ્પાના શબ્દો.

તે સમજી ગઈ. ઘટના પૂરી થઈ. વ્યક્તિએ વિદાય લીધી. આનંદ આવ્યો. પણ જીવન તો નદીનો પ્રવાહ છે. તે તો ચાલુ જ છે. પિતા-માતા-શાળા-કાર્યો... તે જ રીતે મયંક પણ તેના જીવનમાં આવ્યો. તે સમયે મજા કરી. પૂરું જિવાયું. બસ! હવે ફરી નવી વાત.

- પળમાં જીવો... પપ્પા કૃષ્ણમૂર્તિનું વાક્ય ટાંકતા તે સંભળાયું. Live Here And Now.

પ્રજ્ઞાએ હીંચકો ઝૂલતાં અટકાવ્યો. તેનું મન પણ સ્થિર અને સ્વસ્થ થઈ ગયું.

ગીતાનું વાક્ય મનમાંથી પસાર થઈ ગયું - 'સ્થિતોડસ્મિ. ગતસંદેહ'!

- થેન્ક યુ પપ્પા-તે ગણગણી.

તે ઊભી થઈ. તેને લાગ્યું કે હવે ભૂખ લાગી હતી. ચોવીસ કલાકથી પેટ ખાલી હતું. મયંકનું સેલિબ્રેશન અધૂરું રહી ગયું હતું.

- મયંક, તારી કંપની બદલ આભાર માનવા થોડું ખાઈને સેલિબ્રેટ કરું.

તેણે ફોન નંબરો જોયા. કાલે કામ શરૂ કરી દઈશ, વિચાર્યું.

-ખાઈને બધાને ફોન કરું.

પ્રજ્ઞા કિચન તરફ આગળ વધી. ■

## ભણતર ડચૂરો બની જાય ત્યારે...

આમ તો એવું કહેવાય છે કે જે મુક્તિ અપાવે એ વિદ્યા. પણ આજના વિદ્યાર્થીને જોતાં ચોક્કસ આ વિધાનની સાર્થકતા ઉપર શંકા નીપજે. આજનો વિદ્યાર્થી એટલે તણાવગ્રસ્ત, સતત ભયના ઓથાર હેઠળ જીવતો માણસ. એ મથામણ કરે છે, મહેનત કરે છે, પરિશ્રમ એનો પ્રાણ હોય છે તો પછી આવું કેમ? આજનું ભણતર એના માટે ભયસૂચક કેમ બનતું જાય છે? કદાચ આ વેધક સવાલનો જવાબ આપણે સહુએ આપવાનો છે.

હમણાં એક જણના ઘેર જવાનું થયું હતું — મારી સાથે મારા મિત્ર પણ હતા. જેના ઘેર અમે ગયા હતા એ ભાઈનો દીકરો બારમા ધોરણમાં હતો. મારા મિત્રએ પૂછ્યું, 'શું કરે છે?'

'બાર સાયન્સમાં ભણું છું...' દીકરાએ ટૂંકાક્ષરી જવાબ આપ્યો.

'એ ગ્રૂપ કે બી ગ્રૂપ?' મારા મિત્રએ તુરત પ્રતિપ્રશ્ન કર્યો.

'બી ગ્રૂપ.' ફરી ટૂંકો જવાબ મળ્યો.

'એ ગ્રૂપ લેવું હતું ને...?'

કોઈપણ પ્રકારની ઝાઝી ઓળખાણ વગર મારા મિત્રે પેલા વિદ્યાર્થીને આવું સૂચન કર્યું. મને ના ગમ્યું. આપણે એ બાળકની રુચિ કે એની આવડતને જાણતા નથી - એનું દિલ શામાં છે એની દરકાર કરતા નથી અને જાણે - અજાણે એને વિવિધ ગ્રૂપોના ચોકઠાઓમાં ગોઠવી નાખીએ છીએ, કદાચ આખી સમસ્યાનો જવાબ આમાં છે!

આપણો આવો અભિગમ એને ગતાનુગતિક અભ્યાસ કરવા પ્રેરે છે. એના દિલની વાત આપણાં આવાં આક્રમણોથી ધરબાઈ જાય છે. એને જે રીતે વ્યક્ત થવું હોય એમાં એ બાધક બની જાય છે. પોતાને મનગમતું નહીં પણ દુનિયાને ગમે એવું ભણવું એના માટે ફરજ બની જાય છે, રુચિ વગરના અભ્યાસક્રમથી એ તંગ આવી જાય એવું પણ બને. બાળકની મૂંઝવણ આમાંથી શરૂ થાય છે. ભણતર એના માટે ડચૂરો બની જાય છે.

*— રમેશ ઠક્કર*

*સૌજન્ય : "ભણતરનું ભાવજગત"*


AMBA SHIPPING AGENCIES

CLEARING FORWARDING & SHIPPING AGENTS

HIRALAL DAGHA

401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com

Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776



# ખોવાઈ ગયેલું ગામ

**• માવજી મહેશ્વરી •**

જીવાબાપા, ઓ જીવાબાપા!

ઝબકીને જાગી ગયેલા જીવાબાપાએ આંખો ચોળી. ઓરડીમાં અંધારું ભરાયેલું હતું. એમના ગળામાં શોષ પડતો હતો. ખાટલા નીચે અંદાજે હાથ ફેરવ્યો તો કળશિયા પર ઢાંકેલો વાટકો નીચે પડ્યો. નાની ઓરડીમાં અવાજ ફેલાઈને મોટો થઈ ગયો. તેમણે ઝટપટ પાણી પીધું. ખૂબ દોડીને આવ્યા હોય અને ફેફસાં ફૂલતાં હોય તેમ આંખે અંધારાં આવતાં હતાં. શરીર તાણ અનુભવતું હતું. પાણી પીધા પછી થોડી વારે કળ વળી. એમને અચાનક યાદ આવ્યું કે તેમણે પોતાના નામની બૂમ સાંભળી હતી. કોઈ ઝાંપા બહાર ઊભા રહીને બોલાવતું હતું. થોડીવાર તો એમને કંઈ ગડ ન બેઠી. રાતે બારીનો એક કમાડ ખૂલી ગયો હતો. અધખૂલી બારીમાંથી ઠંડો પવન અંદર આવતો હતો. એમના કાનમાં હજુ પેલા અવાજના ભણકારા વાગતા હતા. એમણે પ્રયત્ન કર્યો તોય સપનું યાદ ન આવ્યું. એટલું ખરું કે એમણે જે અવાજ સાંભળ્યો તે મુળજીનો હતો. કારા ભગતનો મોટો દીકરો મુળજી. ગામ જેને આળસુનો પીર કહેતું. તે મુળજી સાથે જીવાબાપાને આગલા ભવની કોઈ લેણાદેણી હતી. મુળજી જીવાબાપાનો પડ્યો બોલ ઝીલતો. અને ખાસ તો દિવાળી પછી જ્યારે મજૂરો ભાવ ખાતા ત્યારે જીવાબાપા મુળજીને ખેતરોનો હવાલો સોંપી દેતા. મુળજી જીભનો મીઠો. મજૂરોને સમજાવી પટાવીને રાજી કરી લેતો. જરૂર પડે જીવાબાપાને પૂછ્યા વગર એકાદ બે રૂપિયા મજૂરી વધારે ઠેરવી નાખતો. મુળજીને મુકાદમ થવામાં મજા આવતી. જે દિવસે ગુવાર ઉખેડવા જવાનું હોય તે દિવસે મુળજી વહેલી સવારે જીવાબાપાને ઝાંપે આવી જતો. અને આખું ગામ જાગી જાય તેવા મોટા અવાજે બૂમો મારતો. જીવાબાપાને ઊઠવામાં વાર થાય તો એકલો બબડતો રહેતો.

આમને છે કોઈ ચિંતા? બધાય કેવા લાંબી તાણીને સૂતા છે. ઝાકળ ઊડી જશે તો વઢાઈ રહ્યું ખેતર! મજૂરો માંડ માંડ તો આવવા તૈયાર થયા છે.

એ આવું છું ભાઈ, આવું છું. કહી જીવાબાપા બળતા જીવે પોતાના છોકરાઓના ઓરડાના બંધ કમાડો સામે જોઈ, મોમાં દાતણ મૂકી ચૂલો પેટાવતા. એમની ઘરવાળી લીલા વહેલી ચાલી ગઈ. જોકે એ વખતે જીવાબાપાના બેય છોકરા પરણી ગયા હતા. જીવાબાપાને વહેલી સવારે ચા પીવાની ટેવ. એટલે લીલાના મરી ગયા પછી પોતાની નાનકડી ઓરડીમાં ચા જાતે બનાવી લેતા.

મુળજીની ઉતાવળ જોઈ જીવાબાપાને તેના પર વહાલ ઊભરાતું. ચા પીને બેય ખેતરે જવા રવાના થતા. ગાડું ખીજડા - બાવળો વચ્ચેથી ક્યારેક ચંદ્રના અજવાળે, તો ક્યારેક તારોડિયાના તેજે ચાલતું ખેતરે પહોંચતું. પછી મજૂરોના હાકલા પડકારા, મુળજીનો રોફ, ખેતરમાં ઊભેલો મોલ, શેઢા અને આખીય સીમ જીવાબાપાની આંખોમાં સમાઈ જતી. એમનું હૈયું લહેરાતી લીલીછમ્મ જુવારની જેમ મઘમઘ થઈ રહેતું. દિવસ ચડે પછી બેય દીકરા ખેતરે આવતા, મને કમને થોડું કામ કરતા. ઘેર જમતી વખતે પોતાની ઘરવાળી સાંભળે તેમ જીવાબાપા સામે બળાપો કાઢતા.

હવે તમારે આવડી દોડાદોડી કરવાની શી જરૂર છે. મુળજી છે જ. તેને પાંચ રૂપિયા વધારે આપી દેશો તો એ બધું સંભાળી દેશે. એને સાથી તરીકે જ રાખી લ્યો, કામનો માણસ છે.

તે વખતે જીવાબાપાના ગળામાં કોળિયો અટકી રહેતો. એમને પોતાના બાપથી હડધૂત થતો મુળજી દેખાતો.

આમ ખેતર હંમેશની જેમ ખેડાતાં, વવાતાં, વઢાતાં. ફરી ખેડાતાં રહ્યા. પણ એક રાતે અણધાર્યું બન્યું. મેળો જોઈને એકલા ઘેર આવી રહેલા મુળજીને કોઈ વાહન કચડીને ચાલ્યું ગયું. લોકો એવી વાતો કરતા હતા કે દારૂ પીને ખટારો ચલાવતા કોઈ ડ્રાઈવરે મુળજીને પાછળથી ઠોકર મારેલી. ફંગોળાયેલો મુળજી તરફડી તરફડીને મરી ગયો.

મુળજીના મોતનો આઘાત એના સગા બાપ કરતાં જીવાબાપાને વધારે લાગ્યો. દિવસો સુધી સૂનમુન થઈ બેસી રહેલા. તે પછી જીવાબાપાને વાહનો અને તેમાંય ખટારાને જોઈ ક્રોધ ચડતો.

જીવાબાપાએ અધખૂલી બારી બહાર જોયું. એમને લાગ્યું આજે

*પાયાની વાત હિંમત છે. હિંમત ગઈ તો બધું ગયું.*

મોટી ઝાકળ પડી લાગે છે. બારી વાટે આવતા ઠંડા પવનને અટકાવવા બારી બંધ કરવાની ઈચ્છા થઈ. છતાં તેઓ ઢીંચણને બાથ ભીડી બેસી રહ્યા. એમના છોકરાએ એમના માટે બનાવી દીધેલી નવી ઓરડી છોકરાના બંગલાને અડીને જ હતી. છોકરાના બંગલામાંથી પંખો ફરવાનો અવાજ આવતો હતો.

બળ કરતાંય ન છૂટે તેવા જૂના કફ જેવી કાળી બળતરા તેમની છાતીમાં અટવાઈ રહી. એમણે પેલા સુખદ સપનાને યાદ કરી જોયું. પણ ઊડી ગયેલી ઝાકળની જેમ સપનામાં જોયેલાં દૃશ્યો ઉડી ગયાં હથાં. કશું યાદ આવતું ન હતું. એ એમ ને એમ બેસી રહ્યા. આસપાસ કોઈ સંચાર ન હતો. સિવાય કે બંદરે જતા ખટારાના એકધારા આવતા અવાજો. મુળજીના મૃત્યુ પછી એમને ખટારો જોઈને જ ગુસ્સો જાગતો. હવે આખું ગામ ખટારાથી ઘેરાઈ ગયું હતું. બંદરે જવાનો નવો હાઈ વે ગામને અડીને જ નીકળ્યો. બીક લાગે એવા મોટા મોટા ખટારા રોજ પસાર થવા લાગ્યા. રાત-દિવસ ખટારાની દોટમદોટ. આખો દિવસ અવાજ અવાજ ને અવાજ! સીમમાં જવાના રસ્તા જ બંધ થઈ ગયા.

જોકે હવે સીમ જ ક્યાં રહી છે? અને સીમમાં કોઈ જાય પણ શા માટે? સીમ ન રહી, ખેતરો ન રહ્યાં, બધું વેચાઈ ગયું. અરે ખળાવાડેય વેચાવા માંડી છે. નદી સુકાઈ ગઈ. જે વોકળાઓમાં લીલું ઘાસ ઊગતું ત્યાં ગાંડા બાવળ ઊગી નીકળ્યા છે. જીવાબાપા મનોમન બોલ્યા. તેમની પાંસળીમાં સબાકો ઊપડ્યો.

બારી વાટે આવતા પવનની સાથે એક વિચિત્ર વાસ તણાઈ આવતી હતી. ન ગમે તેવી વાસ. આથમણી દિશામાં બનેલા કારખાનામાંથી નીકળતા ધુમાડાની વાસ હવે આખા ગામમાં ફેલાઈ ગઈ હતી. પણ, ગામને એની કોઈ ચિંતા નહોતી. જીવાબાપાએ થોડાંક વર્ષ પહેલા સરપંચ પાસે બળતરા ઠાલવેલી. નવો સવો સરપંચ બનેલો શંકર બાવાનો છોકરો મોહનગીરી ભારે કાબો નીકળ્યો. એનો બાપ શંકર બાવો પોતાની હોટલનું છાપરુંય બદલાવી ન શક્યો, ને સરપંચ થયા પછી એકાદ વર્ષમાં જ મોહનગીરીએ પોતાનું જૂનું મકાન તોડીને નવું બનાવ્યું. ગામ લોકો કહેતા ફરે છે કે, સરપંચ કંપનીવાળા સાથે ભળેલો છે. એટલે હવે આ ધુમાડો ગામનો પીછો નહીં છોડે.

મોહનગીરીએ આપેલો જવાબ અત્યારેય જીવાબાપાને ડંખી ગયો : 'જીવાબાપા તમારે જીવવું કેટલું? શીદને આવી બળતરાઉં કરો છો. આવું બધું તો હવે થાવાનું. જોતા નથી ગામની સિકલ બદલી ગઈ છે. માણસોને કામ મળી રહે છે. અમારે ગામનો વિકાસ કરવાનો છે. આવી ચિંતાઓ કરશું તો કંઈ નહીં વળે. તમારા વખતમાં હતુંય શું? તમારા છોકરાએ બંગલા બનાવી લીધા. તમારાથી કેમ ન બન્યા? તમેય જલ્સા કરો ને.'

જીવાબાપાને એમના બાપા વારસામાં પચાસ એકર જમીન આપી ગયા હતા. એ જમીન જીવાબાપા માટે ધૂળ અને ઢેફા જ નહોતી, જીવાબાપાનું ખોળિયું હતાં એમનાં ખેતરો, ખેતરોના એકે એક શેઢા, ખૂણા, વળાંકો, વાટ, વહેણ, જીવાબાપાને મન પોતાનાં અંગો હતાં. એમના છોકરા અધકચરું ભણ્યા, પરણ્યા અને બરાબર ખેતરો સંભાળી લે તેવડા થયા ત્યારે જ ખબર આવ્યા કે એમના ગામથી થોડે દૂર વસેલા માછીમારોના ગામની નજીક એક મોટું બંદર બની રહ્યું છે. જીવાબાપા તે વખતે હજી કડેધડે હતા. એક દિવસ એમના બેય છોકરાઓએ વાત મૂકી : બાપા તમે હવે મોટા થયા. આટલી જમીન પડી છે. અમને બેઉ ભાઈઓને ભાગ કરી દો તો અમે અમારું પોતપોતાનું કરી શકીએ. પછી તમનેય શાંતિ. આમેય દિવસે દિવસે કાયદા બદલતા જાય છે. જીવાબાપાને લાગ્યું કે વાત સાચી છે. પોતાની હાજરીમાં જો ભાગ થઈ જાય તો પોતાના ગયા પાછળ દુનિયાને જોણું ન થાય. એમણે ગામના ચાર આગેવાનોને સાથે રાખી બધી જમીન બેઉ છોકરાને નામે કરી દીધી.

એ દિવસે તો જીવાબાપાને હરખનાં આંસુ આવી ગયેલાં. બેઉ ભાઈઓ વચ્ચે મીઠી તકરાર થઈ. નાનો કહે, બાપા મારી સાથે રહેશે અને મોટો કહે, મા-બાપ મોટા દીકરા સાથે રહે. માટે બાપા તો મારી સાથે રહેશે. જીવાબાપાની છાતીમાં રાજીપાનો ડૂમો ભરાઈ ગયેલો. એમને રહી રહીને સંતોષ થયો કે, હાશ! પોતે સમજતો હતો એવું નથી. દીકરા બધું સંભાળી લે તેવા છે. હવે જીવરાજ નરશીનાં ખેતરો વવાતાં રહેશે, પોતે તો આમેય હવે બે રોટલાના હકદાર છે.

અચાનક પવન ફર્યો. શાંત દરિયામાં જાણે તોફાન ઊઠ્યું. જે ગામમાં માંડ બે વાર બસ આવતી, તે ગામમાં નાની - મોટી ગાડીઓનાં ધાડાં ઊતરી પડ્યાં. બીકાળવાં મશીનો ગામની ધરતી ધમરોળવા લાગ્યાં. જાતજાતના સાધનો લઈ આવતા ખટારા ખેતરો વચ્ચે આડેધડ દોડવા લાગ્યા. સરકારી જીપો આવ-જા કરવા લાગી. ન સાંભળી હોય તેવી બોલી બોલતા લોકોથી જીવાબાપાનું નાનકડું ગામ ઊભરાઈ ગયું.

જીવાબાપાને આ બધું કશું સમજાતું ન હતું. જોયું ન જાય તેવું હતું બધું. એ કોઈને કશું પૂછે તો કોઈ જવાબ આપવા માટે નવરું ન હતું. એવામાં એક સાંજે નાના છોકરાએ એમને ખબર આપ્યા - મોટાભાઈએ મૉરો વેચી નાખ્યો.

જીવાબાપા એક શબ્દ ન બોલી શક્યા. એમને લાગ્યું જાણે દૂર ગાજતો દરિયો એકાએક તોફાને ચડ્યો છે. તેનાં વેગવાન પાણી ધસમસતાં આવી રહ્યાં છે. ફીણ ઉછાળતાં મોજાં મારગમાં આવતાં કાચાં-પાકાં મકાનોને ધ્વંસ કરતાં આગળ વધી રહ્યાં છે. બીજાની પરવા કર્યા વગર બધા સલામત જગ્યા ભણી દોટ મૂકી રહ્યા છે. બેબાકળા બની ગયેલા જીવાબાપાથી દોડી શકાય તેમ નથી. તે આંગણામાં ઊભેલા લીમડાના થડને બાથ ભરી લે છે. કમરના અંકોડા ઢીલા કરી દેતી પાણીની થપાટો વાગી રહી છે. પાણીના વેગ સામે ટકી શકાય તેમ નથી. આખરે થડ છૂટી જાય છે અને પોતે બચવા માટે હવાતિયાં મારે છે.

કોઈ પડીકી ચાવતો નાનો છોકરો એમની સામે જોઈ રહ્યો

*બીજાને જેટલી વાર બને એટલી વાર ક્ષમા કરજો, પણ તમારી જાતને એકવાર પણ ક્ષમા કરતા નહીં.*

હતો. જીવાબાપાએ ખાલી આંખે નાના છોકરા સામે જોયું. ઉભડક બેઠેલા છોકરાએ કોઈ અજબ ઉત્તેજનાથી કહ્યું : બાપા એકરના પચાસ હજાર દેવા તૈયાર થઈ ગયા કંપનીવાળા.

જીવાબાપાએ આંખો મીંચી દીધી.

મૉરો એમનું સૌથી વહાલું ખેતર. એ ખેતરને શેઢે આવેલી ટેકરી પર જખ્ખદેવનું થાનક હતું. બે ટેકરી પરથી દરિયો દેખાતો. પોતાનાં લગ્ન થયા પછી એમની ઘરવાળી લીલાએ પહેલીવાર એ ટેકરી પરથી દરિયો જોયેલો. એ વખતે યુવાન જીવાબાપાનો હાથ પકડીને એમની ઘરવાળી લીલાએ કહેલું : મને દરિયો જોવો છે. દરિયે લઈ જશોને? પછી ક્યાંય સુધી નાની છોકરીની જેમ દરિયાના ચમકતા પાણીને તેણે જોયા કરેલું.

વીરજીએ મોરો વેચી નાખ્યો? મારો મૉરો વેચાયો?

જીવાબાપાની આંખોમાં આઘાત સમાતો ન હતો.

બાપા એક એકરના પચાસ હજાર એટલે કેટલા થાય ખબર છે? પૂરા ચાર લાખ! તમારાં બધાં વર્ષોનું ભેગું કરો તોય મૉરાએ તમને એટલા નહીં આપ્યા હોય.

છોકરાએ મોઢામાં રાખેલો કચરો થૂંકતાં કહેલું.

જીવાબાપાને ત્યારે પહેલીવાર એવો વિચાર આવેલો કે હું ક્યાં છું? મારા ઘરમાં કે ગામમાં છું કે કોઈ અજાણ્યા દેશમાં? ખેતર વેચાયાની વાતે ઘડીભર ઊકળી ઉઠેલું મન નિરાશાની ખાઈમાં ધકેલાઇ ગયું. જાણે શરીરમાંથી કોઈએ હાડકાં જ કાઢી લીધાં હોય તેમ તેઓ ખાટલા પર ફસડાઈ પડ્યા. એ રાતે એમણે ખાધું નહીં. એમને એવું હતું કે મોટો કદાચ ખેતર વેચ્યાની વાત કહેવા આવશે. પણ એ ન આવ્યો. જીવાબાપા રાતભર તરફડતા રહ્યા. એમની ઘરવાળી લીલા તે દિવસે સતત યાદ આવતી રહી.

તે પછી જીવાબાપા સમૂળગા બદલાઈ ગયા. કરચલીવાળા મોં પર રમતી ગરવાઈ ઊડી ગઈ. આંખોમાં સૂનકાર ફરી વળ્યો. એકાએક વય વધી ગઈ હોય તેમ કમર ઝૂકી ગઈ. ખાટલા પરથી ઝડપભેર ઊઠીને જોડા પગમાં નાખી ચાલતા થવાની ઝડપ જ ચાલી ગઈ. તે સાથે કેટલુંય ચાલ્યું ગયું. ઘરના ઝાંપે આવી હળવો ખોંખારો ખાઈ જરા અચકાઈને પછી અંદર આવવું, સવારે નાનાને ત્યાં ચા પીધી હોય તોય મોટાને ત્યાં જઈ - વઉ, ચા મૂકો. એમ કહેવું. ઘરની બહાર નીકળતી વખતે - વઉ, કંઈ લાવવું છે? એવું પૂછવું, ત્રીજા ચોથા દિવસે ખાટલાના પાંગત તાણવા, બસ સ્ટેશને જુવાનિયા સાથે નવકાંકરી રમવાનું. આવું તો કેટલુંય બંધ થતું ચાલ્યું. પૌત્ર પૌત્રીઓ હવે ટીવીમાં મશગૂલ થઈ ગયાં હતાં. એમને પણ હવે દાદાબાપામાં કોઈ રસ ન હતો. નવી ચકચકિત ઓરડીમાંથી દેખાતા બે બંગલાને જોઈ પોતાની ભૂલ પર પસ્તાવો કરવા સિવાય બીજો કોઈ રસ્તોય ન હતો.

બે વર્ષમાં તો ગામનો નકશો બદલી ગયો. જાણે એ ગામ જ ન હતું. જીવાબાપા એક પછી એક આઘાત છાતી પર ઝીલતા રહ્યા. પહેલાં મૉરો વેચાયો. પછી લાંગાઈ, પછી બંધ, પછી હાલેવારો, પછી સીંભરિયો, પછી હમીરવારો. પણ જ્યારે એમણે જાણ્યું કે હવે સોનાના ટુકડા જેવા બે અજોર બાકી રહ્યા છે ત્યારે એમની આંતરડી કકળી ઊઠી. એમણે રીતસર દીકરાઓ સામે હાથ જોડ્યા.

હું જીવતો છું ત્યાં લગી આ બે ટુકડાને ન વેચો તો તમારી ભલાઈ. મારા મા-બાપનો પરસેવો આ ખેતરોમાં વહ્યો છે. હું તમને હાથ જોડું છું.

અરે બાપા અમે મૂરખ છીએ તે બધું વેચી નાખશું? અને જે વેચ્યા છે તેના રૂપિયાથી પણ બીજે જમીન લેવી છે, જ્યાં ભાવ ઓછા છે. મોટાએ કહેલું.

અને બે ખેતર બચી ગયાં.

જીવાબાપાનાં દસ વર્ષ લિસ્સી ચમકતી ટાઇલ્સવાળી ઓરડીમાં વીતી ગયાં. એ ઓરડીમાં ખાટલા પર પડ્યા રહી જીવાબાપા જોયા કરે છે. માત્ર જોયા કરે છે. ન કોઈ એમને બોલાવે છે કે ન એ કોઈને બોલાવે છે. જે ઘરના આંગણામાં ગાડું ઊભું રહેતું, ત્યાં બે મોટર ઉભી રહે છે. ઘરમાંથી ટીવી અને મોબાઈલ ફોનની ઘંટડીઓના અવાજો બહાર વેરાતા રહે છે. ધમ ધમ કરતી વહુઓ હાથમાં ફોન રાખી આખો દિવસ આંગણાંમાં આંટા મારતી રહે છે. બહાર દિવસ ઊગે છે અને આથમે છે. એમની ઓરડીમાં તો માત્ર અજવાળું અને અંધારું જ થાય છે.

બંદરથી દૂર લાંગરેલા જહાજની ઘેરી સીટી ઝાકળને વીંધતી વહી આવી. જીવાબાપાને લાગ્યું હવે ઊઠવું જ પડશે. પેઢુમાં ભાર વધતો જતો હતો. એમણે ધીમેથી પગ ખાટલા નીચે મૂક્યા. શરીર ધ્રૂજી ગયું. આ ઠંડીના ચમકારાને કારણે કે પછી શરીરમાં કોઈ ચેનચાળા થતા હતા તે એમને ન સમજાયું. એ ધીમે પગલે બહાર આવ્યા. ચંદ્ર ધુમ્મસિયા વાદળોથી ઢંકાઈ ગયો હતો. એમણે ઊભા રહીને બેય છોકરાઓના બંગલાને જોયા. એ પીઠ ફરે તે પહેલાં મોટા છોકરાનાં આંગણામાં બત્તી થઈ. એમણે આંખો તાણી જોયું. વીરજી બાઉન્ડરી કૂદીને એમના તરફ આવ્યો. કોઈ અજાણ્યા માણસને જોતા હોય તેમ એમણે વીરજી સામે જોયા કર્યું.

બાપા આજે વહેલા ઊઠી ગયા? હું તમને જગાડવા જ આવતો હતો.

જીવાબાપા હજુ વીરજી સામે તાકી રહ્યા હતા. વીરજીએ રબ્બરવાળો લેંઘો ઉપર ચડાવતાં કહ્યું, બાપા તમને એક સમાચાર આપવાના છે. રાતે રામજી કાકા ગુજરી ગયા. ત્યાંથી એક ઓળખીતાનો મેસેજ હતો. પણ મેં હમણાં જોયો એટલે થયું કે તમને કહું. તમને તો ખબર છે કે રામજીકાકાના દીકરાએ લાંગાઈમાં પોતાનો હક નીકળે છે એવો કેસ કર્યો છે. એટલે અમે બેઉ ભાઈઓ તો નહીં જઈએ. તમે જાઓ તો સારું. તમારા કાકાઈ ભાઈ થતા હતા એટલે તમારે જવું પણ જોઈએ. હું રમેશને કહું છું, એ તમને ગાડીથી મૂકી આવશે અને લઈ આવશે.

*કંજૂસ જેવો દાતાર કોઈ થયો નથી કે થશે નહિ, કારણકે તે પોતાનું બધું જ ધન એને હાથ અડાડ્યા વિના મરણ પછી બીજાને આપી દે છે.*

જીવાબાપાને લાગ્યું જાણે વીરજી પોતાનાં આંતરડાં ખેંચી રહ્યો છે.

એમના હૈયામાંથી હાયકારો નીકળી ગયો - હાઉં રામજીય ગયો? મારા દાદાની એક માત્ર નિશાની જેવો ભાઈ હતો. એય ગયો? બાજુના ગામે રહેતા રામજીના દીકરાએ જ્યારથી એક ખેતર બાબતે કોર્ટમાં કેસ દાખલ કર્યો ત્યારથી એ ઘર સાથે વહેવાર કપાઈ ગયો હતો. જીવાબાપાએ જાણ્યું કે રામજી પથારીવશ છે ત્યારે એમણે નાનાને કહેલું, 'બાપા બેસી રહો ને છાનામાના. એ કપાતરે અમારી સામે કેસ કર્યો છે ને તમારે એના આંગણે જવું છે?'

તે દિવસે જીવાબાપાએ પોતાના જ નામનું નાહી નાખેલું.

જવાબ આપ્યા વગર જીવાબાપાએ પીઠ ફેરવી લીધી. બે ડગલાં ભર્યાં પણ જાણે બેય પગમાં કીડી ચટકા ભરતી હતી. હાથ ભારે થતો જતો હતો. એમણે લાકડીને ટેકે ઊભા રહીને ઊંડો શ્વાસ ભર્યો. એમને લાગ્યું કે સામે રામજી ઊભો છે. તે ખડખડાટ હસે છે અને કહે છે, જીવા હાલ, હવે મોડું થાય છે. હું તારી વાટ જોઈને ઊભો છું ભાઈ.

તેમણે આકાશ સામે જોવા માટે માથું ઊંચું કર્યું. પણ માથું ઊંચું થઈ જ ન શક્યું. હાથમાંથી લાકડી છૂટી ગઈ.

પોતાના બાપાને જોઈ રહેલા વીરજીની આંખો ચમકી. દોડવાને બદલે એનાથી અનાયાસે નાના ભાઈને રાડ પડાઈ ગઈ. અરજણ દોડ ભાઈ....

અરજણના બંગલામાં ફટાફટ લાઈટ થઈ. એજ વખતે ગેઈટ પાસે મોટર સાયકલ ઊભી રહી. બાજુના ગામેથી રામજીના મૃત્યુના ખબર દેવા આવેલા યુવાને જોરથી બૂમ મારી,

'જીવાબાપા, ઓ જીવાબાપા!' ■

*કઈ તરકીબથી પથ્થરની કેદ તોડી છે?*
*કૂંપળની પાસે શું કુમળી કોઈ હથોડી છે?*

***— ઉદયન ઠક્કર***
***સૌજન્ય : "ભણતરનું ભાવજગત"***

*"જેટલા રૂપિયા છે મારી પાસે એટલી વાર તો મારે પ્રભુનું નામ લેવું જ છે. અને એ શક્ય નહીં બને તો જીવનમાં જેટલી વાર મેં પ્રભુનું નામ લીધું છે એટલા રૂપિયા રાખી લઈને બાકીના રૂપિયા મારે સારાં કાર્યોમાં વાપરી દેવા છે."*

*આટલું નક્કી કરી દેવાની આપણી તૈયારી ખરી?*

## આપણું અરમાન
### એ બાળક માટે ફરમાન ના બનવું જોઈએ!


મા-બાપ માટે કેટલીક મજબૂરીઓ હોઈ શકે છે — પણ એક બાબતે એ તમામ કારણ વગર મજબૂર હોય છે — પ્રત્યેક માબાપને એવું અપેક્ષિત હોય છે કે એનું બાળક એનું અધૂરું સ્વપ્ન પૂરું કરે — એણે જે સહન કર્યું છે, એ ના કરે. આમાં કશું ખોટું પણ નથી. આપણે સૌ બાળકમાં આપણું પ્રતિબિંબ જોઈએ છીએ - જાણે એ આપણો જ અવતાર થઈને ના આવ્યો હોય! અમુક અંશે આ બાબતને માનવીય ગણીએ - પરંતુ એ આપણી ઈચ્છાઓને કોઈ પણ ભોગે સાકાર કરે એવી આત્યંતિકતા જ્યારે આપણામાં જન્મે છે ત્યારે કદાચ એના માટે તણાવની શરૂઆત શરૂ થઈ જાય છે!

વિદ્યાર્થીને મૂંઝવતો સામાન્ય સવાલ એ હોય છે કે 'હું મારા મમ્મી-પપ્પાને શું જવાબ આપીશ?' આ પ્રશ્નના ઘેરાવામાં એ પોતાની શક્તિઓ કે પોતાને ગમતી બાબતોનું આકલન કરવાનું પણ ભૂલી જાય છે. મા-બાપનું ફરમાન એ એમના અરમાનનો અનુપ્રાસ છે, જે હકીકતમાં વિદ્યાર્થી માટે ત્રાસ બની જાય છે!

આપણે જો સમત્વપૂર્વક વિચારીએ અને બાળકના અંતરંગને જાણવાનો પ્રયાસ કરીએ તો ઘણીબધી બાબતો એકતરફી જવાના બદલે એમાં આવનજાવનનો લય ઉમેરાશે. જેમ આપણી અપેક્ષાઓ હોય છે એમ વિદ્યાર્થીને પણ મા-બાપ તરફથી કેટલીક બાબતે હૂંફની જરૂર પડે છે. 'મારે પણ કંઈક કહેવું છે.' એવી ધરબાયેલી લાગણી પ્રત્યેક બાળકના અવાવરુ મનમાં પડેલી હોય છે — આપણે જો એમાં ડોકિયું કરીએ તો એને તાજગીપ્રદ હવાનો જાણે અનુભવ થાય છે. એની મરજીથી પણ ઘણુંબધું કરવા દેવા જેવું હોય છે — આખરે તો દરેક વ્યક્તિનું અલગ અલગ અને વૈવિધ્યસભર વ્યક્તિત્વ હોય છે — એની મૌલિક મનોચ્છાઓ હોય છે — આપણે મોટાભાગે એકતરફી આરોહણ કરી બાળકની આવડતને અવગણવાનું કામ કરતા રહીએ છીએ. એને ફરમાનોથી મુક્ત રાખી પોતાની પસંદગી અનુસાર અનુસરવાની તક પ્રદાન કરીએ તો ચમત્કારિક પરિણામો જોવા મળતાં હોય છે. આપણે એટલા આસાન હોતા નથી! અને એટલે જ એના પ્રતિભાવો પણ એટલા સરળ હોતા નથી!

***— રમેશ ઠક્કર***
***સૌજન્ય : "ભણતરનું ભાવજગત"***

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com



# તમસો મા જ્યોતિર્ગમય

● હંસરાજ કંસારા ●

અજય ઊઠ્યો. દોઢેક કલાકથી પથારીમાં પડખાં ફેરવી એ કંટાળી ગયો હતો. એણે રૂમની લાઈટ ઑન કરી. એની પત્ની અલ્પા તરફ જોયું. અલ્પા એની લાક્ષણિક ઢબે સૂતી હતી. પરંતુ એના વદન પર સદૈવ રમતું સંતોષનું સ્મિત નહોતું. બત્તી બંધ કરી એ ડ્રોઈંગ રૂમમાં આવ્યો. રૂમની લાઈટ અને પંખાની સ્વિચ ઑન કરી. ખટ...ખટ...ખટાક કરતો પંખો થોડો ધ્રૂજ્યો અને પછી એની પાંખડીઓ જોરથી ઘૂમવા લાગી. એણે બેડરૂમ તરફ જોયું ત્યાં એનાં બન્ને બાળકો સૂતાં હતાં. આઠ વર્ષનો અંટુ એના નાનકડા બૅડ પર ઓશીકામાં મોં છૂપાવી ટૂંટિયુંવાળી પડ્યો હતો. એની બાજુના બૅડ પર બાર વર્ષની તૃપ્તિ પડખાંભેર સૂતી હતી. એનો એક હાથ અંટુની પીઠ પર હતો.

અજયને એ રૂમમાં જવું હતું. અંટુને સરખો સુવડાવવો હતો. એનું ઓશીકું જો અશ્રુભીનું થયું હોય તો તે બદલવું હતું. એના માથાના વાળ સહેલાવવા હતા. પરંતુ અત્યારે એ ત્યાં જતાં અચકાતો હતો.

અજયે ઘડિયાળમાં જોયું. સાડા બાર થયા હતા. ચારેક કલાક પહેલાં એ ઘેર આવ્યો હતો. ઘરમાં પગ મૂકતાં જ બંને બાળકો એને ઘેરી વળ્યાં હતાં. તૃપ્તિને એની રંગોળી માટેના રંગ અને અંટુને એના ફટાકડા મળશે તેની ખાતરી હતી. પરંતુ અજય એ બધું લાવી શક્યો નહોતો. તૃપ્તિએ તો મન મનાવી લીધું પરંતુ અંટુએ ધાંધલ કર્યું. અજયે ગુસ્સામાં એના ગાલ પર લાફો ચોડી દીધો. એની પત્ની અલ્પા તરત જ રસોડામાંથી બહાર આવી. બન્ને બાળકોને ચૂપચાપ એમના રૂમમાં લઈ ગઈ.

અજય સ્વભાવે ગુસ્સાખોર હતો. પરંતુ ઘરમાં સૌએ એની એ ક્ષણિક નબળાઈ સ્વીકારી લીધી હતી, ખાસ તો અલ્પાએ. અને એટલે જ, અલ્પા બન્ને બાળકોને લઈ ગઈ તેની અજયને કોઈ નવાઈ લાગી નહોતી. અજયને એના અકારણ ક્રોધ બદલ દુઃખ થયું. પરંતુ એને વિશ્વાસ હતો કે અલ્પા બાળકોને મનાવી લેશે. બાળકોને સુવડાવી અલ્પા બહાર આવી. બન્ને જમવા બેઠાં. અજય એના વર્તન બદલ પસ્તાવો કરવા લાગ્યો. એણે અલ્પાને ગળગળા અવાજે કહ્યું કે આ વરસે પણ પ્રમોશન લિસ્ટમાં એનું નામ નહોતું. એની ફ્લેટ માટેની લૉન પણ મંજૂર થઈ નહોતી. ઑફિસેથી એ સીધો ફટાકડા અને રંગો લેવા માટે બજારમાં જ જતો હતો. ત્યારે રસ્તામાં કોઈએ ફેંકેલો બોમ્બ જેવો ફટાકડો અચાનક ફૂટતાં એને એક્સિડન્ટ નડ્યો હતો. અને એ ગરબડમાં એનું પૈસાનું પાકીટ ક્યાંક પડી ગયું હતું. એને કંઈ ખાસ ઈજા થઈ નહોતી માત્ર કોણી છોલાઈ ગઈ હતી. અલ્પા, અજયની કેફિયત મૂંગે મોંએ સાંભળી, ટેબલ પરનાં વાસણો ચોકડી પર મૂકવા આવી ગઈ.

અજયને દુઃખ થયું કે અલ્પાએ એની છોલાયેલી કોણી પર આયોડેક્સ લગાવવાનું તો ઠીક, એણે તો ઉઝરડો જોવાનીય દરકાર કરી નહોતી. અજય પણ ડ્રોઈંગ રૂમમાં ગયો. દીપોત્સવી પૂર્તિનાં પાનાં પલટાવતો ત્યાંજ બેસી રહ્યો. અલ્પા એનું રસોડાનું કામ આટોપી, ચૂપચાપ બેડરૂમમાં જઈ સૂઈ ગઈ. અલ્પાનું આજનું વર્તન અજયને કેમેય સમજાતું નહોતું. અને એટલે જ આજે એને ઊંઘ આવતી નહોતી. ડ્રોઈંગરૂમમાં પંખો જોરથી ફરતો હતો, છતાં અજયને અકળામણ થતી હતી. એણે રૂમની બારીનો પડદો હટાવ્યો. પડદા પાછળ લપાયેલી ગરોળી ટપ...કરતી નીચે પડી, ઝડપથી દીવાલ પર ચડી, ત્યાં લટકતા એક કેલેન્ડર પાછળ ભરાઈ ગઈ. કેલેન્ડરમાં વિવિધ રંગોસભર દીપોત્સવનું ચિત્ર હતું. એની નીચે લખ્યું હતું : 'ઉત્સવ એટલે આંસુની ગેરહાજરી, સ્મિતની ઘેર હાજરી.'

અજયને અહેસાસ હતો કે આજે એના ક્ષણિક ક્રોધને કારણે એના ઘરમાં ઉત્સવ સમયે 'સ્મિત'ને બદલે 'આંસુ' છે. પરંતુ અલ્પાએ આ વાતે એનાથી અબોલા લીધા એનું અજયને અધિક દુઃખ થયું. 'અંટુના અશ્રુ' અને અલ્પાના 'અબોલા'ને લીધે આજે એને કેમેય ઊંઘ આવતી નહોતી. એટલે બીજું કંઈ ન સૂઝતાં એણે ટેબલ પર વેરાયેલા તેમજ બીજે પડેલાં અખબારોનો ટિપોય પર ઢગલો કરી એને તારીખવાર ગોઠવવા લાગ્યો. એક અખબારના પ્રથમ પૃષ્ઠે એણે 'રાવણ દહન'ની ખબર અને તસવીર જોઈ. હેડલાઈન હતી : 'શુભનો અશુભ પર વિજય.' બીજી એક ખબરમાં આઠ વર્ષના કમ્પ્યુટર જાયન્ટ બાળકની તસવીર હતી. અંટુને એની સ્કૂલ માટે સ્કેચબુક બનાવવા કામ લાગશે એમ માનીને અજયે એ બન્ને ખબરની તસવીરો સહિત કતરણો રાખી લીધી. અખબારો પલટતાં એનું ધ્યાન બીજી ખબરો

*શ્રદ્ધાનો અર્થ છે આત્મવિશ્વાસ અને આત્મવિશ્વાસનો અર્થ છે ઈશ્વર પર વિશ્વાસ.*

પર પણ ગયું. એમાં એક ફટાકડાની ફેક્ટરીમાં લાગેલી આગની વિગત હતી. એની તસવીરમાં બે ઇન્સેટ હતા. એકમાં એક બાળ મજૂર ફેક્ટરીમાં કામ કરતાં નખશિખ દાઝી ગયો હતો, તેની તસવીર હતી. બીજી તસવીરમાં આગમાં ભડથું થયેલી મહિલા હતી. અજયે એ બન્ને ખબર ધરાવતાં પૃષ્ઠો ડૂચો વાળી ફેંકી દીધા.

અજયે અખબારોનું બંડલ ડ્રોઈંગરૂમમાં એક ખૂણે મૂક્યું. એ ખૂણાની દીવાલમાં ભેજ ઊતર્યો હતો. ક્યાંક પ્લાસ્ટરનાં પોપડા ખરી ગયા હતા. એને લીધે એ દીવાલ પર કાંઈ આધુનિક શૈલીનું abstract ચિત્ર ઊપસી આવ્યું હતું. જેમાં એક તરફ 'રાવણ દહન' તો બીજી તરફ 'બાળ દહન'નો આભાસ અજયને થયો. કેલેન્ડરની પાછળ છુપાયેલી ગરોળી હવે બેધડક એના શિકારની શોધમાં એ ભેજવાળી ભીંતે આંટા મારતી હતી. અજયની આંખમાં હવે ઊંઘ ભરાણી હતી. અંટુનો આક્રોશ અને અલ્પાના અબોલા આ ચિત્રો વચ્ચે વામણા બની અદૃશ્ય થઈ ગયા.

અજય ટેબલ પરના કાગળો અને બીજી વસ્તુઓ સમેટવા લાગ્યો. અચાનક એના કોઈ મિત્રે મોકલેલું દિવાળી ગ્રીટિંગ કાર્ડ એની નજરે ચડ્યું. એણે એ ખોલીને જોયું. એમાં પાંચ યુગાવતારનાં ચિત્રો હતા. એક તરફ રામ અને શ્રી કૃષ્ણ હતા. બીજી તરફ મહાવીર સ્વામી અને બુદ્ધ હતા. વચ્ચે હતા મહાત્મા ગાંધી. કાર્ડમાં સામેની બાજુ એમના દ્વારા પ્રતિપાદિત શાશ્વત સત્યોનાં દોહન સમા સૂત્રો હતાં :

*'કષ્ટો'નું કારણ 'ભય' છે.*
*ભયનું કારણ 'ક્રોધ' છે.*
*ક્રોધનું કારણ 'એષણા' છે.*
*'એષણા' 'ક્રોધ' અને 'ભય' હટે*
*જો 'અંતરદીપ' સ્વયં પ્રગટે*
*'તમસો મા જ્યોતિર્ગમય'*
*દીપોત્સવીની શુભકામના...*
*નવ વર્ષ આપને*
*એષણા મુક્ત થઈ નિર્ભય થવા*
*પ્રેરણાદાયક બને તેવી પ્રાર્થના.*

અજયે ડ્રોઈંગરૂમની બત્તી બુઝાવી. પંખો બંધ કર્યો. અલ્પાની ઊંઘમાં ખલેલ ન થયા એ માટે એ બાલ્કનીમાં હીંચકા પર સૂતો.

હિંડોળો હળવેકથી હલતો રહ્યો. આસો માસનું એ તારે મઢ્યું આભ એની આંખમાં સમાણું અને એને એક નવું સત્ય સમજાણું. આટલા બધા તારા ઝળહળતા હતા છતાં એનો સામટો પ્રકાશ પણ સૃષ્ટિને ઉજાળવા સમર્થ નહોતો. એ બધા તારલાઓની આસપાસ પણ અંધારાં જ હતાં.

લગભગ પરોઢ થવા આવી હતી. ચંદ્ર એની છેલ્લી કળાના ઝાંખા અજવાળાં લઈ આવી ગયો હતો. ઝાકળ વર્ષા થતી હતી. એને એના બાળપણની એના ગામની દિવાળી યાદ આવતી હતી. દીપાવલીના સપરમા દિવસે પરોઢે ઘેર ઘેર અને ગલીએ ગલી 'સબરસ'નો સાદ અને લવણના પ્રસાદનું શુભ શુકન થતું હતું. મંગળા આરતી ગુંજતી હતી...

...પપ્પા... ઊઠો, જલ્દી ઊઠો...આજે બારસ છે. સરસ્વતી વંદનાની બારસ. અમારી સાથે સરસ્વતી વંદના કરો. અંટુ અજયને ઢંઢોળતો હતો. અલ્પા અને તૃપ્તિ એની બાજુમાં ઊભાં હતાં.

અજયે અધખુલ્લી આંખે બધા સામે જોયું. પ્રભાતમાં ખીલેલાં પુષ્પો જેવાં એમના પ્રફુલ્લિત વદન ઉજ્જવળ ભવિષ્યનો સંકેત કરતા હતા. અજયે જોયું તો એના કુર્તાની બાંય કોણીની ઉપર હતી. એની કોણીના ઉઝરડા પર આયોડેક્સ લગાડેલું હતું.

અજયને પહેલી વાર આયોડેક્સની એ વાસ ગમી ગઈ! ■

## સમયબદ્ધતા એ પ્રતિબદ્ધતા માટેની પારાશીશી છે

આજનો વિદ્યાર્થી પોતાને મળેલો સમય વેડફે છે. એ રમતિયાળ છે. એનામાં પરિપક્વતા નથી — આવી ફરિયાદો થતી રહે છે. નાટક, સિનેમાનો યુગ હતો ત્યારે પણ બાળકોને એનાથી બચવા વડીલો સલાહ આપતા — આજે ટી.વી. સોશિયલ મીડિયા, ફેસબુક કે વૉટ્સએપના જમાનામાં પણ વિદ્યાર્થીઓ માટે શિકાયતો એની એ જ છે. આજનો વિદ્યાર્થી સમય બાબતે કેટલો ગંભીર છે એમાં સત્ય શોધવા કરતાં પણ આત્મમંથનને વધારે અવકાશ છે.

વાસ્તવમાં આપણે જ્યારે કોઈક ચોક્કસ લક્ષ્ય કે ધ્યેય સાથે આગળ વધીએ છીએ ત્યારે સૌપ્રથમ એ કામની રૂપરેખા નક્કી કરવી આવશ્યક બની જાય છે. આપણી પાસે ભૌતિક સાધનો, ટેકનોલોજી કે કોઈ પણ સગવડો હોઈ શકે — જેના સુંદર વિનિયોગ થકી ધાર્યું પરિણામ મેળવી શકાય — પરંતુ એ માટે એને ઉપલબ્ધ સમય સાથે તાલમેલથી અમલી કરવાનું કામ અગત્યનું છે. સમયનું સમયપત્રક આપણી તમામ સમસ્યાનું સૉલ્યુશન હોય છે.

ગામડામાં કહેવત છે કે 'પ્રસંગે ઢોલ વાગવો જોઈએ.' આપણે પણ કોઈ કામ સમયસર ન આટોપીએ તો કસમયે વાગતા ઢોલ જેવો બેસૂરો સૂર એમાંથી નીકળતો હોય છે. બપોરની આરતી ના હોઈ શકે — એ સંધ્યાના સૌંદર્યમાં જ શોભતી હોય છે.


સમયની એ વિશેષતા છે કે દરેકને સરખા ભાગે મળે છે. ઈશ્વર તરફથી માણસજાતને મળેલી એ મૂલ્યવાન ભેટ છે — પ્રત્યેક વ્યક્તિ એનો ઉપયોગ જુદી જુદી રીતે કરે છે. એમાં કુનેહ અને સૂચકતા જરૂરી છે. સમયબદ્ધ રૂપરેખા એ સફળતા માટે પાયાની શરત છે. આપણને મળેલી પળો હંમેશાં ઉત્તમ હોય છે. આપણા લક્ષ્યબિંદુના ધ્યેયમાં સમયની ફ્રેમ હંમેશાં નક્કર પરિણામ આપે છે. જેના થકી સહજભાવે સિદ્ધિ મેળવી શકાય છે.

સહુ કોઈને સરખે હિસ્સે મળતો સમય - વ્યક્તિની વિવેકબુદ્ધી થકી વિશિષ્ટ રીતે ઉપયોગમાં લઈ શકાય છે. આ કામ આત્મસૂઝ માગી લે છે. જેમાં પારંગત થવું એ પણ કેળવણીનો એક હિસ્સો હોય છે.

**— રમેશ ઠક્કર**

***સૌજન્ય : "ભણતરનું ભાવજગત"***

MILAN® MASALA
K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883
MILAN® MASALA



# અણસાર

● ડૉ. કાંતિ ગોર 'કારણ' ●

અનિકેત એ છોકરી સામે જોઈ જ રહ્યો. એને લાગ્યું એ જોઈ રહ્યો તે ભ્રમ છે. એ આંખોને ચોળી રહ્યો. અને થોડી વારમાં તો એ ક્યારેય વર્ષોને ઓળંગી ગયો એ એને ખબર પણ ન પડી.

એ નવરાત્રિમાં એના ગામના મહેતા ચોકમાં છંદ ગવડાવી રહ્યો હતો. ગામની મહિલાઓ સંગીતના સથવારે ઝૂમી રહી હતી. એના અવાજમાં રહેલી મસ્તીએ આજે નવું રૂપ ધારણ કર્યું હતું. રમનાર સૌ ભાન ભૂલ્યાં હતાં. આખી રાત અનિકેતનો સ્વર ગુંજતો રહ્યો.

બીજે દિવસે સાંજે એને સુધા મળી. હંમેશાં ગંભીર જોવા મળતી એ છોકરીએ એની સામે સ્મિત આપ્યું. એણે પણ એનો પ્રતિભાવ આપ્યો. સુધાએ પૂછ્યું, આવો સૂરીલો કંઠ અને આવી અદાઓથી લોકોને કેટલી તકલીફ પડે છે એ જાણો છો?

એ તો જોઈ જ રહ્યો. એને સમજાયું નહીં કે શું કહેવું? ત્યાં તો એ છોકરીએ હસતાં હસતાં કહ્યું. 'તકલીફ સમજવા માટે દિલ પણ હોવું જોઈએ ને?' એ કંઈ જવાબ આપે તે પહેલા તો એ હસતાં હસતાં ચાલી ગઈ.

સાંજે એ અવાજ સાંભળીને અંદરના ઓરડામાંથી બહાર આવ્યો. રાતના ઉજાગરાથી એને ઊંઘ ચડી ગયેલી. એણે જોયું તો સુધા એની મા પાસે બેસીને એમને ઘઉંમાંથી કાંકરા વીણવામાં મદદ કરી રહી હતી. એ અનિકેત સામે હસીને બોલી. 'તો માસી, હવે અનિકેત માટે વહુ ક્યારે લાવો છો?'

બહાર જવા માગતો અનિકેત થંભી ગયો.

માએ કહ્યું, 'એકનો એક દીકરો છે. હજુ તો પગભર પણ નથી થયો. એના બાપના ગયા પછી આ ઘરમાં કંઈ બચ્યું નથી અને આ ખાલી ઘર જોઈને આ ઘરમાં કોણ દીકરી આપવાનું હતું?'

અરે એવું તે શું છે? ગામમાં તો ઘણી છોકરીઓ આ ઘરમાં આવવા તૈયાર છે. પણ એની ઈચ્છા હોવી જોઈએ.

'દીકરી, મજાક ન કર. દીકરો ખૂબ કમાતો હોય અથવા ઘર બહુજ સમૃદ્ધ હોય તો લોકો દીકરી આપવાનું વિચારે. અહીં તો માથે ઓઢવા માટે આ છાપરું છે, તે સિવાય કંઈ નથી અને અનિકેત ભણવાની હઠ કરીને બેઠો છે. મનેય દીકરાને પરણાવવાનું મન તો થતું હશે ને? આ તો કોઈ સાથે વાત ન કરાય, ગઈ કાલે મંજુબેનના ઓટલે બેઠાં હતાં ને વાત નીકળી, તો કોઈક કહે કે અનિકેતને છોકરી કોણ આપે? ઘરમાં ચાર ઠામડાં પણ સરખાં નથી અને પઈની આવક નથી.' માએ બળતરા ઠાલવી.

અનિકેત ચાલતો થયો. અને એની પાછળ જ, 'માસી, માએ બજારમાંથી ઘી લાવવાનું કહેલું. પણ હું તો ભૂલી જ ગઈ. તમને બેઠેલાં જોયાં ને અહીં આવીને બેસી ગઈ. ચાલો જાઉં ત્યારે' એમ કહેતીને સુધા ઊભી થઈ.

ભલે, બેટા ક્યારેક ક્યારેક આવતી રહેજે. અમને ઘરડાંને કોઈ પૂછા કરે તો સારું લાગે.

'એ હો માસી' કહેતીને સુધા ભાગી. તે થોડીવારમાં અનિકેતને આંબી ગઈ.

'માણસો પણ કેવા છે, ઘરે જઈએ તો કંઈ બોલે પણ નહીં અને બહાર ભાગે.' એણે અનિકેતને સંભળાવ્યું.

'તું થોડી મને મળવા આવી હતી? તું તો માને મળવા આવેલી.' અનિકેતે પણ રોકડું પરખાવ્યું.

'લોકો કૉલેજમાં ભણતા હોય પણ મગજ વગરના હોય, કશું જ ન સમજે.' સુધાએ પણ છણકો કર્યો.

'સુધા, તારા મનમાં શું છે?' હવે અનિકેતે સીધું જ પૂછ્યું.

'તારી પાછળને પાછળ ફર્યા કરું છું. તને કંઈ ભાન નથી પડતું?' જવાબ મળ્યો.

'સુધા, હું છંદ ગવડાવતો હોઉં, પણ મારી આંખો તને શોધતી હોય છે. પણ શું કરું?' હવે અનિકેતે પણ મનમાં હતું તે કહેવાની કોશિશ કરી.

'તારા કરતાં તો છોકરીઓ સારી, મનમાં હોય તે વ્યક્ત તો કરે.' સુધાથી બોલ્યા વિના ન રહેવાયું.

'એટલું તો વિચાર, તારો બાપ ગામનો સૌથી શ્રીમંત માણસ, નગરશેઠની એની છાપ, અને હું મજૂરી કરીને આગળ આવવાની કોશિશ કરતો, રોજ બે નવડા પણ માંડ ભેગા કરી શકતો માણસ.

*બે વ્યક્તિ વચ્ચે પ્રેમ હશે ત્યાં અહંકાર નહિં આવે.*

આપણે ક્યારેય ન મળી શકીએ પછી સમણાં જોવાનો કોઈ અર્થ ખરો?'

'અરે ડરપોક! હું છોકરી થઈને તને પામવાની હામ ધરાવું છું અને તું આમ પાણીમાં બેસી જાય છે?'

ત્યાર પછી તો બે પ્રેમી પંખીડાં રોજ મળવા લાગ્યાં. સુધાએ પણ હઠ પકડીને અનિકેતની કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. બંનેની સાથે ઉપસ્થિતિ લોકોમાં ચર્ચાનો વિષય બની ગઈ.

સુધાના બાપને સમાચાર મળી ગયા. એમણે દીકરીને પૂછ્યું. સુધાએ સ્પષ્ટ કહી દીધું. 'હું અનિકેતને ચાહું છું. અને એને જ પરણીશ.'

એના બાપે કહ્યું, 'ભલે બેટી, જેવી તારી મરજી. મેં તો તારા માટે મુંબઈમાં ખૂબ ભણેલો છોકરો અને સારું ઘર શોધી રાખ્યું છે, પણ મારે તો તું કહે તે જ કરવું છે. હું કાલે બહાર જાઉં છું. પણ તું પરમ દિવસે અનિકેત મને મળે તેવું એને કહેજે.'

સુધા તો ખુશ થઈ ગઈ. એ તો ત્યારે જ અનિકેતને મળવા પહોંચી ગઇ અને પરમદિવસે પપ્પાને મળવા આવવાનું છે એમ કહી દીધું.

ત્રીજે દિવસે બપોરથી જ સુધા અનિકેતની રાહ જોવા લાગી. પણ એ ન દેખાયો. એના પપ્પા એને સતત પૂછતા રહ્યા. અનિકેત કેમ આવતો નથી? ક્યારે આવશે? સુધા એના ઘરે જઈ આવી તો અનિકેતની માએ કહ્યું. 'એ બે દિવસથી ઘરે નથી આવ્યો. મને તો એની ચિંતા થાય છે.'

સુધાના પપ્પાએ એને પોતાની સાથે મુંબઈ આવવાનું કહ્યું અને સમજાવ્યું, 'અનિકેત આવી જશે ત્યાં સુધી તું પણ ફરવા ચાલ. અનિકેત આવશે પછી શાંતિથી લગ્નની વાત કરશું.' સુધા એમની સાથે મુંબઈ ગઈ.

મુંબઈમાં દસ દિવસ પછી સુધાના હાથમાં પેપરમાં સમાચાર વાંચવામાં આવ્યા. એના પગ નીચેથી ધરતી સરકી ગઈ. અનિકેતના ફોટા નીચે આપેલી વિગત પ્રમાણે એ ડ્રગની હેરાફેરીમાં પકડાયો હતો અને એને પાંચ વર્ષની કેદ થઈ હતી. એનું મન આ વાત સ્વીકારવા તૈયાર ન હતું.

બીજે દિવસે એને એના પપ્પાએ સમજાવી અને એ પપ્પાએ બતાવેલ યુવાન સાથે પરણી ગઈ. અનિકેત ગરબે રમતી એ નાનકડી છોકરીને જોઈ રહ્યો. એને યાદ આવ્યું કે એ સુધાના પપ્પાને મળવાનો હતો એના આગળના દિવસે એ કૉલેજમાંથી પાછો આવી રહ્યો હતો ત્યારે પોલીસે એને અટકાવેલો અને એના થેલામાંથી સફેદ પાવડર નીકળેલો. એને પકડી લેવાયો ત્યારે એણે પોલીસને આજીજી કરીને કહેલું કે એની માને આ વાતની જાણ કરવામાં ન આવે. આજે તો એને વર્ષો વીતી ગયાં છે.

એ બાલિકાને જોઈને એને સતત કંઈક યાદ આવતું હતું. એ અણસાર એને પજવી રહ્યો હતો.

એણે એ નાનકડી બાળાને પૂછ્યું, 'બેટા, તું ક્યાંથી આવી છો?'

જવાબ મળ્યો, 'મુંબઈથી.'

'તારી માનું નામ?'

'સુધા.'

'એ શું કરે છે?'

'એ તો ભગવાનના ઘરે ગઈ છે.'

અનિકેતને ચક્કર આવ્યા. એ લથડતે પગે ઘર તરફ પાછો વળ્યો. ■

## આત્મસંતોષથી વધીને મોટો કોઈ ઈલકાબ નથી

વિદ્યાર્થી માટે ઈનામ - અકરામ કે સન્માનના પ્રસંગો યાદગાર હોય છે. એનાથી ચોક્કસ એનામાં ચેતનાનો સંચાર થાય છે. કોઈક એમની પીઠ થપથપાવતું હોય એવી લાગણી થાય છે. આમ જોઈએ તો સ્કૉલરશિપ કે સ્પર્ધાઓના અંતે જાહેર થતાં વિજેતા, મેડલ, પ્રમાણપત્રની અર્પણવિધિ આ તમામ પ્રોત્સાહક ચીજો છે. સમાજ, સંસ્થા કે શાળાએ આ બધું કરવું પણ જોઈએ. પરંતુ આપણે જો બાળકોને આત્મસંતોષના પાઠ શીખવીએ તો એથી વધીને બીજો કોઈ મોટો ઈલકાબ હોતો નથી.


આપણી સમગ્ર વ્યવસ્થામાં સતત દોડતા અશ્વની માફક આપણે વિદ્યાર્થીને ટપારતા રહીએ છીએ. એ હકીકત પણ છે કે પ્રબળ જિજીવિષા થકી જ કશુંક પ્રાપ્ત થતું હોય છે. માણસે શીખવાની ઉંમરે મહત્ત્વાકાંક્ષી બનવું જોઈએ પણ આ જ બાબતે અતિરેક ના થાય એ પણ જોવું જરૂરી છે. વિદ્યાર્થીમાં સ્પર્ધાત્મક વિચારો એ હદે ઘર ના કરી જવા જોઈએ કે એને કોઈ વાજબી સફળતા પછી પણ આત્મસંતોષની અનુભૂતિ ના થાય. સતત અસંતોષ કે અભાવની સ્થિતિ લાંબાગાળે આપણા માનસને એકવિધતાનો શિકાર બનાવે છે. આપણને જગતમાં આપણી સિદ્ધિઓ સિવાયની તમામની સફળતા ઉચ્ચ લાગે છે. એક નકારાત્મક લાગણીનું પડ આપણી આસપાસ ઘેરાઈ જાય છે. એમાંથી જે લઘુતાના ભાવો પ્રગટે છે એ વિદ્યાર્થીને નિસ્તેજ બનાવે છે. આપણે જાણે અજાણે આપણી જાતને અન્યાય કરતા રહીએ છીએ.

આત્મવિશ્વાસ સંપન્ન થાય ત્યારે કેળવણીનો યથાર્થ અમલ થયો ગણાય. જગતના પ્રચલિત માપદંડો, ઈનામ કે સન્માન અમુક હદ સુધી આપણા વ્યક્તિત્વને ઉપસાવવા સમર્થ છે. માણસને સાચા અર્થમાં પ્રતિભાસંપન્ન બનાવવો હોય – એને સમગ્રતયા સફળ વ્યક્તિ તરીકે ખીલવવો હોય તો એને સ્વયંતૃપ્તિનો અનુભવ કરાવવો જરૂરી છે. આત્મસંતોષથી વધીને જગતમાં બીજો કોઈ ઈલકાબ ના હોઈ શકે!

*– રમેશ ઠક્કર*

*સૌજન્ય : "ભણતરનું ભાવજગત"*

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL GROUP
MRL CLEARING AND FORWARDING PVT. LTD.
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
Clearing, Forwarding & Shipping Agents



# કન્યાદાન

• રજનીકાંત સોની •

'ચાંદુબા, આપણે દીકરીને માંડવામાં પધરાવી દીધી છે. હજી ખાનજીબાપુ આવ્યા નથી.'

ચાંદુબા પેટીમાં કપડાં ભરી રહ્યાં હતાં. તેમણે હસીને જવાબ દીધો, 'ફકર મ કરો, મારો મરદ ધણી કન્યાદાન દેવા આવતો જ હશે. તેણે પોતે કહેવડાવ્યું છે અને પોલીસને પણ પડકાર દઈ દીધો છે કે હું મારી દીકરીને પરણાવવા આવવાનો છું. તમારાથી થાય તે કરી લેજો.'

'ઈ વાત બધી સાચી બા, પણ ગામ આખાને પોલીસે ઘેરી લીધું છે. બાપુ આવશે ક્યાંથી?'

'ગમે ત્યાંથી આવશે, પણ આવ્યા વિના નહીં રહે. મને ગળા સુધી ખાતરી છે બાઈ. આજે ચાર ચાર વરસથી મારા મરદ ધણી ખાનજીએ બહારવટું લીધું છે અને રાજને તોબા પોકરાવી છે. ઈ કાંઈ પોલીસથી બી જઈને પાછાં પગલાં ભરશે?'

ત્યાં તો એક જુવાન દોડતો આવ્યો,

'હાલો હાલો બા, ખાનજીબાપુ આવી ગયા છે.'

ચાંદુબા હરખાઈને ઊભાં થઈ ગયાં, ત્યાં તો ઓરડાના દરવાજામાં ખાનજીએ દેખાવ દીધો. માથા પર કચ્છી પાઘડી. દાઢી મૂછથી ભરાઈ ગયેલો ચહેરો અને અંગરખા પર કારતૂસનો હારડો શોભતા હતા. ચાંદુબાએ હસું હસું થતાં કહ્યું, 'આવી પહોંચ્યાને? હું હમણાં જ મારી દેરાણીને કહેતી હતી કે તમે આવ્યા વગર નહીં રહો. આપણી દીકરી પણ તમારી વાટ જોઈ રહી છે. પણ પોલીસના ચોકી પહેરામાંથી તમે કઈ રીતે આવ્યા?'

'આ ખાનજીને રોકવો મુશ્કેલ છે. પોલીસને થાપ આપીને હું, હરભમજી અને રતનજી આવ્યા છીએ. હાલો, હવે વાતું પછી કરશું. ગોર મા'રાજ આપણી વાટ જુએ છે.'

બંને બહાર આંગણામાં આવ્યાં અને માંડવામાં ગોરમહારાજે કહ્યું ત્યાં બેસી ગયાં. ખાનજીએ કહ્યું, 'મા'રાજ, ઝપાટો કરજો હોં. કન્યાદાનની વિધિ ઝટ પતાવજો. પછી મોડું થઈ જાશે.'

'ભલે બાપુ, ઝપાટો કરું છું. બાકી તમને તો આંઈ આશાપુરાનાં રખવાળાંછે. પોલીસવાળા તમારો વાળ પણ વાંકો નહીં કરી શકે.'

વિધિ પતી ગયા પછી ડૂસકાં ભરતી પુત્રીના માથા પર હાથ મૂકીને ખાનજીએ આશીર્વાદ આપ્યા.

'દીકરી, જોગમાયા, તું તો છતા બાપે નબાપા જેવી હતી. પણ જો, ટાણામાથે તો તારો બાપ આવી ગયોને?

'બાપુ...' દીકરી વધુ બોલી શકી નહીં.

'રડ નહીં બેટા, તું મને આશીર્વાદ દે કે બહારવટું ખેડતાં ખેડતાં હું ધરમનો મારગ ચૂકું નહીં. માણસ મટીને હેવાન બની ન જાઉં.'

ચાંદુબાએ કહ્યું, 'હવે હાલો ઘરમાં. હું જમવાનું પીરસું.'

'હોય અટાણે જમવાનું? અટાણે ખાવા રોકાઉં તો તો આખી જિંદગી જેલના રોટલા ખાવાનો વખત આવે.

ચાંદુબાએ લાડવાના એક બટકાથી ખાનજીનું મોં મીઠું કરાવ્યું.

'હમણાં જ જાશો? હવે પાછા કૈયે મળાશે?'

'માતાજી જાણે. રે'વાનું તો હવે કચ્છની બહાર સિંધમાં છે એટલે કંઈ નક્કી નહીં. હવે તો મળાય ન મળાય...'

'સાવ એવું કરશો?' ચાંદુબાનો અવાજ ભારે થયો.

ખાનજીએ તરત કહ્યું, 'ના ના, તમે ઢીલાં પડો નહીં. તમારી હિંમતની ઓથ મને ઘણી મોટી છે. હું તો કચ્છ રાજની સામે બહારવટે ચડી ગયો એટલે ગમે ત્યાં ધોડ્યા કરું, પણ પાછળ ઘર, ખેતર અને બધા વહેવાર તમે સાચવીને બેઠાં છો. વળી મારે કચ્છમાં આવવાનું તો બન્યા જ કરે છે એટલે માતાજી કરશે તો પાછા મળશું.'

'ને નહીં તો?'

'નહીં તો પછી જય માતાજી, બીજું શું? ખડિયામાં ખાંપણ ભેગું જ રાખ્યું છે. અને બીજી વાત તમે ધરપત રાખજો કે તમારો મરદ ધણી બહારવટું ખેડતાં ખેડતાં પણ કદી ધરમનો મારગ ચૂકશે નહીં. ખાંડાના ખેલ ખેલતાં પણ ખાનજી અસલી રાજપૂતવટ જાળવી

*શું થયું તેના પર હું કદી નજર રાખતો નથી. પરંતુ શું કરવાનું બાકી છે તેનું જ ધ્યાન રાખું છું.*

રાખશે.'

ચાંદુબાના ચહેરા પર ગૌરવનું તેજ છાયું. 'એની તો મને ખાતરી છે. તમે કદીયે તમારું જોગંદરપણું મૂકવાના નથી. એ વાત તો મારાથી વધુ કોણ જાણતું હોય? તો પણ કૈયેક કૈયેક મળવાનું થતું રહે તો હૈયે હામ રહે.'

'બસ બસ, તમારી હામ મોટી છે. મને એની ચિંતા નથી. હવે મોડું થાય છે. રજા દિયો.' ખાનજીએ વિદાયની તૈયારી કરતાં કહ્યું.

'જાઓ એમ તો મારાથી નહીં જ બોલાય.'

ચાંદુબા ધણીની સામે ઊભાં રહ્યાં. ખાનજીએ કહ્યું, 'મારા મનમાં એમ થઈ ગયું છે કે આપણો આ મોંમેળાપ છેલ્લીવારનો છે. હવે કદાચ મળાય નહીં. આ તો દીકરીને કન્યાદાન દેવા આવી ગયો અને વહેવારનું છેલ્લું મોટું કામ કરી લીધું.'

ચાંદુબાએ હસતા મોંએ કહ્યું, 'મોંમેળાપ તો આજે થઈ જ ગયો ને? સામસામાં આવીએ તો જ મોંમેળાપ કહેવાય એવું થોડું છે. આ મોં તો હૈયામાં એવું જડાઈ ગયું છે કે આંખો બંધ કરીએ એટલે સામે આવીને ઊભું રહી જાય છે.'

'હા ઈ વાત તો સાચી છે આપણ બેના જીવતો ગંઠાઈ ગયા છે. પણ હવે હું જરાક ચનુભાને મળીને ભેટી લઉં અને દીકરીને સાચવવાની ભલામણ કરી દઉં.'

ખાનજી બહાર આવીને પોતાના વેવાઈ ચનુભાને ભેટ્યા અને હાથ જોડીને બધાની વિદાય લીધી. ચનુભાએ પણ કહ્યું કે, 'ગામ આખા ફરતે પોલીસનો આકરો પહેરો છે. સંભાળીને નીકળી જજો.'

આ તરફ નાની સુડધ્રો ગામના પાદરે પોલીસની છાવણીમાં પોલીસ કમિશનર ઠક્કર અને ઈન્સ્પેક્ટર સારાભાઈ ખાનજીની વાટ જોતા હતા. ખાનજીએ કચ્છના પોલીસ ખાતાને ખુલ્લો પડકાર ફેંક્યો હતો કે મારી દીકરીના લગ્ન વખતે હું જાતે કન્યાદાન દેવા આવવાનો છું. તમે પૂરતો બંદોબસ્ત ગોઠવી લેજો. એટલે આખા ગામ ફરતે પોલીસનો પહેરો ગોઠવાયો હતો. પોલીસ અધિકારીઓને ખાતરી હતી કે જ્યાં એક ચકલું પણ ફરકી શકે એમ નથી ત્યાં ખાનજી કઈ રીતે ગામમાં જઈ શકશે. પણ ત્યાં ગામમાંથી ભડાકા સંભળાયા. બંને અધિકારી હાંફળા ફાંફળા થઈને ઊભા થયાં ત્યાં એક જમાદાર દોડતો આવ્યો, 'સાહેબ, સાહેબ, ગજબ થઈ ગયો.'

'શું થયું એલા? નિરાંતે વાત કર.'

'સાહેબ, ખાનજી આવી ગયો અને કન્યાદાન દઈને નીકળી પણ ગયો. આ ભડાકા એણે પોતાની બંદૂકમાંથી કર્યા હતા.'

બંને અધિકારીએ કપાળ કૂટ્યું. આટલી આટલી ચોકસાઈ અને કડક બંદોબસ્ત હોવા છતાં બહારવટિયો ખાનજી પોતાના પડકાર મુજબ દીકરીનું કન્યાદાન દઈ ગયો અને પોલીસતંત્રનું નાક કાપી ગયો. ■


શાહ પરિવારનું ગૌરવ



**ડૉ. ખુશ્બુ અમરભાઈ શાહ**


**B.D.S. (ડેન્ટીસ્ટ)**

*માતા કાશ્મીરાબેન તથા પિતા અમરભાઈ શાહની લાડકવાયી સુપુત્રી ડૉ. ખુશ્બુ અમરભાઈ શાહએ B.D.S. (ડેન્ટીસ્ટ)ની ડિગ્રી કર્ણાવતી સ્કૂલ ઓફ ડેન્ટીસ્ટ્રીમાંથી ફર્સ્ટ ક્લાસ સાથે ઉત્તીર્ણ કરેલ છે. સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં ૧૯મા ક્રમાંકે આવેલ છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન.*

**દાદી-દાદા : મંજુલાબેન સુબોધચંદ્ર શાહ તથા સુબોધચંદ્ર પીતાંબર શાહ પરિવાર**

**ઋષભ અમરભાઈ શાહ - અંજાર**

**મંજુલાબેન જયસુખભાઈ ઘીવાળા - ભુજ ● જયસુખભાઈ વાડીલાલ ઘીવાળા - ભુજ**



# ગૌરવ – મારું ગૌરવ

● બલવીરસિંહ જાડેજા ●

'કોન્ગ્રેચ્યુલેશન એન્ડ બેસ્ટ વિશીસ'

'થેંક્યુ.' 'એન્ડ થેંક્યુ ફોર ડેલિશિયસ ફૂડ એન્ડ એક્સેલન્ટ મેનેજમેન્ટ.'

યુ.કે.થી મામાના ઘરે નરોડા આવેલા ચિરાગ પટેલને ફૂડપોઈન્ટ રેસ્ટોરન્ટમાં સગપણ - સગાઈની રિંગ સેરિમનીની વિધિ વખતે, સૌ સ્ટાફ સાથે ગૌરવ રાવલે પણ અભિનંદન આપ્યાં. રિસેપ્શન, બિલિંગ અને મેનેજરનો હોદ્દો સંભાળતા ગૌરવને ચિરાગે કહ્યું, 'લંડન-વેમ્બલીમાં અને લેસ્ટરમાં મારા રેસ્ટોરન્ટ છે. પણ આવું ટેસ્ટી પંજાબી, વેજિટેરિયન ફૂડ અમે નથી બનાવી શકતા. ખરેખર બધાને જમવાની ખૂબ મજા આવી.'

'એમ! તો હંમેશાં આવું સરસ જમવાનું બનાવવું હોય તો, મને અને અમારા ઉસ્તાદ, મેઈનશેફને લઈ જાય તમારે ત્યાં, તો, કાયમ સરસ જમવાનું બનાવી દઈએ.' ગોરવે મજાક કરી.

'ખરેખર! બોલો આવવા તૈયાર છો?'

'તમે લઈ જાય તો તૈયાર!'

અને પછી થોડા વધુ દિવસો રોકાયેલા ચિરાગ પટેલને ફૂડ પોઈન્ટમાં જાણે જમવાની આદત પડી ગઈ અને ગૌરવ સાથે મિત્રતાની અને નિકટતાની પણ આદત પડી ગઈ. કારણ કે પછી જેટલા દિવસ ચિરાગ ત્યાં રોકાયો અને જ્યારે પણ એકલો કે મિત્રો સંબંધીઓ સાથે જમવા આવે ત્યારે ગૌરવ પોતાના ખર્ચે, ડિસ્કાઉન્ટ લઈને ચિરાગ એન્ડ પાર્ટીને જમાડતો. પછી ભલેને પગારનો મોટોભાગ એમાંજ વપરાઈ જાય.

'ખરેખર તું યુ.કે. આવવા સિરિયસ છો?'

'હા, કેમ નહીં. પણ મારી પાસે પૈસા નથી, તું લઈ જાય તો હું ચોક્કસ આવું.'

'ભલે તું અને તારા ઉસ્તાદ ભેરુસિંગ દેવડા માટે... હું મારા ડેડીને વાત કરી બન્નેના સ્પોન્સર લેટરની વ્યવસ્થા કરું છું. તમે તમારી પાસપોર્ટ વિઝાની તૈયારી કરી રાખો. હું હજી પંદર દિવસ પછી જવાનું વિચારું છું. ત્યાં સુધીમાં મારા ડેડી એગ્રી થાય કે જઈને, તમારા બન્ને માટે સ્પોન્સર લેટર મોકલાવું છું. ઓ.કે.?'

'ઓ.કે. ડન.'

અને ગૌરવ રાવલ અને ભેરુસિંગ દેવડા ઉર્ફે ઉસ્તાદ પંજાબી સબ્જીના એક્સપર્ટ તૈયારી કરવા લાગ્યા. ઉસ્તાદને સમજાવવા પડ્યા કે તમારા હેલ્પર તરીકે તમારી આવડતના અંશો મને સમજાવો, શિખવાડો, તો તમારો બોજ હળવો કરી શકું. તમારી મદદથી હું શીખી જઈશ તો મારી કિંમત પણ કોઈ દિવસ કૂક તરીકે થશે. તમે મારા ગુરુ.

ભેરુસિંગ ઉત્સાદને ગૌરવની લાગણી સ્પર્શી ગઈ તેમજ પોતાની આવડત લંડન જેવા શહેરમાં થાય અને વિદેશ જવા મળે એ લાભમાં.

ઉસ્તાદને સંમત કર્યા પછી હજી તો અભિમન્યુના સાત કોઠા જેવી એક પછી એક અડચણો પાર કરવાની હતી. બીજી બધી તો છ કોઠા જેવી અડચણો પાર થઈ શકશે, પણ છેલ્લા કોઠા જેવી મમ્મીને રાજી કરી લંડન જવાની રજા મેળવવાની અડચણ ખાસ હતી.

બચપણમાં જ રેલવેમાં કામ કરતા પિતાની છત્રછાયા ગુમાવનાર ગૌરવ અને બે વરસ મોટી બહેન ઈના સાથે રેલવેમાં જ પતિના મૃત્યુ બાદ મળેલી કલાર્ક તરીકેની નોકરી કરતાં મમ્મી પૂર્ણિમા બહેન. દીકરાને લંડન જવાની રજા કેમ કરી આપશે? છતાં ગ્રેજ્યુએટ થયા પછી કેટ-કેટલીય નોકરીઓ માટે પ્રયત્નો કરી છૂટનાર ગૌરવને વિદેશ જવા માટે મળેલી એકમાત્ર તક માટે મમ્મી પૂર્ણિમા બહેનને બ્રાહ્મણ તરીકેના સંસ્કારો જાળવી રાખવાની હૈયાધારણ આપી દૃઢ સંકલ્પના સહારે અભિમન્યુ ભલે છેલ્લે કોઠે હારી ગયો પણ ગૌરવને છેલ્લો કોઠો જીતી જવાની ખાતરી હતી. માટે પહેલાં મોટી બહેન ઈનાને વિશ્વાસમાં લીધી.

'જો ઈના, કલાર્ક, પોલીસમેન, કુરિયર બોય કે ડિલિવરી મેન જેવી કેટલીય જગ્યાઓ માટે મહેનત અને પ્રયત્ન કર્યા પછી અહીં ઘર આંગણે નરોડામાં આ નવા ખૂલેલા રેસ્ટોરન્ટમાં અનુભવની ઊણપ હોવા છતાં કમ્પ્યુટરના અભ્યાસ થકી બિલ બનાવવાની

*પિતાએ પુત્રના જન્મથી અને પુત્રે પિતાના મૃત્યુથી પોતપોતાના મૃત્યુનું અનુમાન કરી લેવું જોઈએ.*

નોકરી મળી.

— તેમાં પણ મારું ભવિષ્ય શું? તું જ વિચાર કે ચિરાગ પટેલ સ્પોન્સર કરે છે અને હું અને ઉસ્તાદ ભેરુસિંગ સાથે છીએ. બે-ચાર વરસ ખેંચી કાઢશું તો તારાં અને મારાં લગ્ન માટે મમ્મીને કોઈના ઓશિયાળા થયા વિના ટેકો થઈ રહેશે. માટે પ્લીઝ મમ્મીને સમજાવવામાં મદદ કરી મારો પક્ષ લઈ મમ્મી પાસે 'હા' પડાવજે. બહેને ભાઈની લાગણી સમજી હા ભણી.

દિવસ દરમિયાન બપોરના સમયે કે શનિ, રવિ કે તહેવાર સિવાયના દિવસોએ ગૌરવ - ઉસ્તાદ ભેરુસિંગ પાસેથી પંજાબી સબ્જીની વાનગીઓ બનાવવા લાગી ગયો. બસ પછી તો ચિરાગ પટેલે બે મહિનામાંજ બન્ને માટે સ્પોન્સર લેટર મોકલી આપ્યા. પાસપોર્ટ તો વહેલા જ આવી ગયા હતા. વિઝા માટે તૈયારી થઈ ગઈ. ભાડા તથા ખર્ચ માટે, શરૂઆતમાં ગૌરવે બે-ત્રણ મિત્રો પાસે ઉછીના પૈસાની વ્યવસ્થા કરી. જઈને, ચિરાગ પટેલે પાસેથી લઈને પરત કરવાની શરતે. પછી એક દિવસ મમ્મી પૂર્ણિમા બહેનને બહેન ઈનાની હાજરીમાં વાત કરી.

'મમ્મી ઈના અને મારાં લગ્ન માટે તારી પાસે શું સગવડ છે!' 'કેમ? તમે બન્નેએ મને અંધારામાં રાખીને પાત્રો નક્કી કરી લીધાં છે કે શું?' 'ના, ના, એવું નથી. પણ તારી કલાર્કની નોકરીમાં અને મારા ટૂંકા પગારમાં આ ઘરના ઘર સિવાય બીજી કોઈ બચત તો ક્યાંથી હોય — એટલે પૂછું છું.'

'અત્યારે તો વિચાર્યું નથી. થઈ પડશે, જ્યારે જરૂર પડશે ત્યારે' કહીને પૂર્ણિમા બહેને વાત વાળી લીધી. 'ના એમ નહીં, મમ્મી મને પૈસા પેદા કરવાની એક તક મળી છે. તું રજા આપે તો હું આગળ કાંઈક વિચારું. બાકી ફૂડપોઈન્ટ કે એના જેવી બીજી કોઈ નોકરીમાં હું કે આપણે બે ટાઈમ ખાવાનું મળી રહે એ સિવાય કાંઈ કરી શકીએ?' કહીને ગૌરવે મમ્મીને પૂરી વિગત જણાવી.

મમ્મી તો સાંભળતાં જ ગુસ્સે થઈ ગયાં.

'મને અહીં એકલી મૂકીને આટલે દૂર જવાનું તું વિચારી જ કેમ શકે? કાલે ઊઠી ઈના સાસરે જાય પછી અહીં હું એકલી અને ત્યાં આટલે દૂર તું એકલો, એનો વિચાર કર્યો છે? ત્યાં તને કોઈ રોકવાવાળું નહી અને તું ત્યાં કોઈ આડી લાઈને નહીં ચડી જાય કે વ્યસનોનો શિકાર નહીં બને એની ખાતરી શી?'

'ના મમ્મી હું તારા સોગંદ લઈને અને જનોઈ ઉપર હાથ મૂકીને કહું છું કે તારું દિલ દુખાય એવું એક પણ કામ કે વ્યવહાર નહીં કરું, બસ. અને અહીંની જેમજ બ્રાહ્મણના દીકરા તરીકે પૂર્વજોના સંસ્કાર મુજબ સંધ્યા-ગાયત્રી વગેરે કરતો રહીશ. બસ મને એકવાર બે-પાંચ વરસ માટે જવા દે.'

છેવટે હારીને દીકરાની જીદ અને દીકરીની ભલામણ અને ખાતરીના ભરોસે પૂર્ણિમાબહેને કચવાતા મને ગૌરવને જવાની સંમતિ આપી.

આજની ઘડીને કાલ નો દી. ગૌરવ અને ભેરુસિંગ બંને ચિરાગ પટેલના લંડન સ્થિત વેમ્બલીમાં આવેલા રેસ્ટોરન્ટમાં પહોંચી ગયા. બે-ચાર મહિનાના સહવાસથી, શીખવાની ધગશ, કાંઈક કરી બતાવવાની તમન્ના અને ઉસ્તાદની ઊંડી સૂઝના સહારે ગૌરવ રાવલને ઉસ્તાદ જેવી નહીં પણ એમના સમકક્ષની નજીક ગણી શકાય એવી પંજાબી વાનગીઓમાં હાથ બેસી ગયો. ક્યાં પાટડી ખારાઘોડાના સૂકા રણની કાંધીનો કર્મકાંડી બ્રાહ્મણનો નબીરો યુ.કે. લંડનની વેમ્બલી જેવા ગુજરાતી વિસ્તારના પંજાબી રેસ્ટોરન્ટ 'આપકા બાવર્ચી'નો આસિસ્ટન્ટ કૂક બની ગયો!

ધીમે ધીમે લંડન શહેરની ભવ્યતાથી પરિચિત થતા જતાં ગૌરવને એકાએક લંડનથી લેસ્ટર જવું પડ્યું. ચિરાગ પટેલના ડેડી પ્રવીણભાઈની લેસ્ટરમાં આવેલી 'બાવર્ચી' રેસ્ટોરન્ટના મેઈન પંજાબી કૂકને, જે પંજાબી હતો, તેને દારૂ પીવાની આદત અને બેદરકારી બદલ ધંધામાં આવેલી એકાએક પડતીને લઈને છૂટો કરવો પડ્યો. હવે લેસ્ટરમાં પહેલાં જેવી જ કે તેનાથી સારી પ્રસિદ્ધિ અને ગુમાવેલા ગ્રાહકોને પાછા વાળવા તાત્કાલિક ગૌરવ રાવલને લેસ્ટર જવું પડ્યું જ્યાં તેને આત્મવિશ્વાસ સાથે, કાબેલિયત બતાવવાની તક મળી.

વારંવાર મમ્મી અને બહેન સાથે ફોનથી સંપર્ક રાખતા ગૌરવે બે વરસમાં ખાસ્સી એવી બચત કરીને એકઠી કરેલી રકમ તો મોકલી જ હતી. પરંતુ સંધ્યા ગાયત્રીના પાઠ સાથે બન્ને વરસના શ્રાવણમાં, જનોઈ બદલાવી, કોઈપણ જાતના દારૂ-સિગારેટ કે અન્ય વ્યસનોથી દૂર રહીને મમ્મી પૂર્ણિમા બહેનને આપેલા વચનની ખાતરી કરાવતો રહેતો. જેને માટે પૂર્ણિમાબહેન ગૈરવ માટે ગૌરવની લાગણી અનુભવતાં રહેતાં. પણ હજી વધુ ગૌરવ ઊપજે એવી બીના કે પ્રસંગો તો બાકી હતા.

લેસ્ટરમાં આફ્રિકાથી આવેલા, મૂળ પોરબંદરના સ્થાયી થયેલા હરિપ્રસાદ વ્યાસની વિધવા બહેન જામનગરમાં એકની એક દીકરી સાથે રહેતાં હતાં અને એકાએક હાર્ટ ઍટેકથી સ્વર્ગે સિધાવ્યા. શાળાનો અભ્યાસ પૂરો કરીને નોકરી શોધતી ભાણી વીણાને મામા સિવાય કોઈનો સહારો નહોતો. એટલે મામા હરિપ્રસાદ બહેનના અવસાન થકી તાત્કાલિક ઇન્ડિયા આવી, ભાણીના પાસપોર્ટ વિઝાની કાર્યવાહી કરી લેસ્ટર લઈ આવ્યા. એકાદ બે વાર લેસ્ટરમાં ધંધાકીય બાબતે આવેલા મહેમાનોને બાવર્ચી રેસ્ટોરન્ટમાં જમવા લઈ આવેલા હરિપ્રસાદે જાણ્યું કે આટલું સરસ પંજાબી વેજિટેરિયન ખાવાનું બનાવતો કૂક, સૌરાષ્ટ્રના બ્રાહ્મણનો દીકરો છે ત્યારે આશ્ચર્ય સાથે મળીને અભિનંદન આપ્યાં. યોગાનુયોગ ફરી શ્રાવણી આવતાં, ભારતથી લાવેલ બે જનોઈ વપરાઈ ગઈ હોવાથી જનોઈ બદલાવવા ગૌરવે હરિપ્રસાદનો સંપર્ક કર્યો ત્યારે તેમને ગૌરવના ચારિત્ર્ય માટે માન ઊપજ્યું.

એકાદ બે વારની સામાન્ય વાતચીત અને પરિચય પછી ભાણી વીણા માટે ગૌરવ રાવલ યોગ્ય પાત્ર લાગતાં ગૌરવ સાથે વાત

*દરેકને પ્રેમ, દયા અને સમભાવની નજરે જુઓ.*

કરી પ્રસ્તાવ મૂક્યો. જ્યારે ગૌરવે પ્રથમ માતા - પૂર્ણિમાબહેન સાથે વાત કરવા જણાવ્યું.

નરોડા અમદાવાદ રહેતાં પૂર્ણિમાબહેનને હરિપ્રસાદે પોતાની ઓળખાણ આપી, ફોન ઉપર બધી વિગતવાર વાત કરી ત્યારે સાવ અપરિચિત દ્વારા પોતાના પુત્રની સાચી પ્રશંસા જાણીને ગૌરવ માટે અતિ ગૌરવની લાગણી અનુભવી રહ્યાં. ગૌરવ વીણા બન્ને એકબીજાને પસંદ કરતાં હોય અને ગૌરવ સાથે વાત કરી બધી રીતે વીણા યોગ્ય હોય તો પોતાની મંજૂરીની મહોર મારી અને ગૌરવ અને વીણા લેસ્ટરમાંજ હિન્દુવિધિ પ્રમાણે પતિ-પત્ની બની ગયાં.

આ બધું એકાદ વરસના સમયમાં જ બની ગયું એટલે ગૌરવને બીજું કાંઈ વિચારવાનો વખત જ મળ્યો નહોતો. પરંતુ ઊંડે ઊંડે એની ઈચ્છા તો લેસ્ટરને બદલે લંડનમાંજ કામ કરવાની – રહેવાની હતી. એટલે એ લેસ્ટરમાં પણ એના આસિસ્ટન્ટ રહેલા હેલ્પરને કે કૂકને શિખવાડતો રહેતો અને સ્વતંત્ર કામ કરવાની તક આપતો. અને એકાએક ફરી એને લંડન પાછા ફરવાની તક મળી ગઈ.

વેમ્બલીમાં 'આપકા બાવર્ચી'ને લોકપ્રિયતાના શિખરે પહોંચાડનાર ઉસ્તાદ ભેરુસિંગ દેવડાને વતન રાજસ્થાનમાં પિતાના અવસાન અને ભાઈઓ સાથે જમીનની વહેંચણી બાબતે ભારત આવવાની જરૂર પડી.

લંડનના ગુજરાતી પંજાબી કે કોઈપણ ભારતીયોને પંજાબી સ્વાદનું ઘેલું લગાડનાર 'આપકા બાવર્ચી'ના ઉસ્તાદ ભેરુસિંગની ખોટ પૂરવા ગૌરવ રાવલને લેસ્ટરથી લંડન લાવવો પડ્યો. એટલે પત્ની સાથે રહેતા ગૌરવને નજીકમાં નાનું એવું ઘર પણ લઈ દેવું પડ્યું. પ્રવીણભાઈને બધું જ મંજૂર હતું પરંતુ જમાવેલા ધંધામાં પીછેહઠ થાય તે કોઈ પણ ધંધાદારીની જેમ મંજૂર નહોતું. એટલે ગૌરવ ફરી લંડન આવી ગયો. શેઠે મૂકેલા વિશ્વાસને મહેનત અને આવડતથી સાર્થક કરી બતાવનાર ગૌરવથી ચિરાગ અને ડેડી પ્રવીણભાઈ ખુશ હતા અને સમયાંતરે પગાર સાથે સન્માન આપી કદર કરતા.

બીજાં બે વરસ પસાર થઈ ગયાં. ભેરુસિંગ પાછા આવી શક્યા નહીં. હવે ગૌરવ જ આપકા બાવર્ચીનો કર્તા-હર્તા હતો. ગૌરવ-વીણાને ત્યાં નાની પરી જેવી ગાયત્રી પણ જન્મી હતી. પૂર્ણિમાબહેને રેલવેની નોકરીમાંથી નિવૃત્ત થતાં પહેલાં ઈના માટે યોગ્ય પાત્ર શોધી અમદાવાદમાંજ પરણાવી ત્યારે એકના એક પુત્ર ગૌરવની ગેરહાજરીની હકીકત સ્વીકારી છાના ખૂણે આંસુ સારીને મન મનાવ્યું. નિવૃત્તિ પછી ગૌરવે જ પોતાની ઈન્ડિયા આવવાની અશક્તિ બતાવી, મમ્મીને જ લંડન બોલાવવાની તજવીજ કરી.

જેટ ઍરવેઝની ઍરબસ હિથરો ઍરપોર્ટ પર લૅન્ડ થઈ ત્યારે રાતના આઠ વાગી ગયા હતા. પરંતુ ઉનાળો હોવાથી લંડનમાં હજી અજવાળું હતું. પૂર્ણિમાબહેન દીકરા-વહુ અને પૌત્રીને મળવાના આનંદથી ઊભરાતાં હતાં પણ ઈમિગ્રેશન વિધિ પતાવી બહાર આવતાં, પુત્ર ગૌરવ અને કોઈને નહીં જોતા આશ્ચર્ય સાથે આંચકો અનુભવી રહ્યા હતા. ત્યાં જ રૂપાળી પરી જેવી ઢીંગલીને તેડીને ગુજરાતી સાડીમાં સજ્જ હાથમાં ગુજરાતીમાં લખેલા બૅનર 'ભલે પધાર્યા મમ્મી પૂર્ણિમાબહેન... અમે આતુર છીએ...' સાથે ઊભેલી વીણાને જોઈને હરખના આંસુ રોકી શક્યા નહીં. પગમાં પડીને સાસુમાને ભેટી, દીકરી ગાયત્રીને સાસુમાને આપતાં વીણા પણ આંસુ રોકી શકી નહીં.

'ગૌરવ ક્યાં?' 'એમને આજે એક મહત્ત્વની પાર્ટીનું આયોજન છે એટલે અવાયું નહીં પણ આપણે સીધા ત્યાં જ જઈએ છીએ.' પ્રવીણભાઈ શેઠના ડ્રાઈવર સાથે, કારમાં બેસી, હિથરોથી વેમ્બલીના રસ્તે પૌત્રી ગાયત્રીને વહાલ કરવામાં અને રમાડવામાં મગ્ન, પૂર્ણિમાબહેનને લંડનનો નજારો જોવા કરતાં પોતાની પૌત્રી ગાયત્રીને આત્મીય બનાવવામાં વધુ રસ હતો.

વેમ્બલીના 'આપકા બાવર્ચી' રેસ્ટોરન્ટના વિશાળ બૅન્કવેટ હૉલમાં પુત્રવધૂ વીણા અને પૌત્રી ગાયત્રી સાથે પહોંચતાં જ પોતાના પુત્ર ગૌરવને જોવા આંખો તલસી રહી હતી પણ પણ હજી વાર હતી.

ઘણા બધા ગુજરાતીઓ અને ભારતીયો સાથે ગોરાં સ્ત્રી પુરુષોથી ભરાયેલા હૉલમાં સૌ બૂફે ડિનરની મજા માણી રહ્યા હતા. ચિરાગે પૂર્ણિમાબહેન સાથે વીણાને જમવામાં જોડાઈ જવા આગ્રહ કર્યો. પણ એક માને ઘણા વખત પછી દીકરાને મળવાની - જોવાની ભૂખ હતી. બીજી બધી ભૂખ ગૌણ થઈ ગઈ હતી. એટલે હમણા નહીં, કહી અસ્વીકાર કર્યો.

જમવાનું પૂરું થતાં વેમ્બલીના ગુજરાતી એમ.પી. મેડમ નંદિની પટેલે ગોરા હેલ્થ મિનિસ્ટર મિ. રિચાર્ડસનને આયોજક અને માલિક પ્રવીણભાઈ પટેલની હાજરીમાં પૂછી લીધું, 'હાઉ વોઝ ફૂડ?' 'એક્સલેન્ટ.' 'આઈ વુડ લાઈક ટુ મીટ યોર શેફ.' કહીને પછી પોતાના સેક્રેટરીને બોલાવી કાંઈક સૂચના આપી.

પ્રવીણભાઈએ ચિરાગ સાથે ગૌરવને બોલાવ્યો. માથે શેફની નળાકાર સફેદ ટોપી અને ઍપ્રન પહેરેલા ગૌરવને, પ્રથમ તો પૂર્ણિમાબહેન ઓળખી જ શક્યાં નહીં. પણ કદી મા દીકરાને ઓળખી ન શકે એમ બને? ગૌરવના જન્મથી મોટા થયા સુધીની યાદો, સિનેમાની પટ્ટીની જેમ માના સ્મૃતિપટ પરથી પસાર થઈ ગઈ. એકીટસે તાકી રહેલી મા એ જોયું કે, ગોરા મિનિસ્ટર, મિ. રિચાર્ડસન, ગૌરવ સાથે હાથ મિલાવી સેક્રેટરીએ આપેલા 'મોમેન્ટો' ગૌરવને આપી રહ્યા છે અને ફોટોગ્રાફરોની સાથે સાથે એકઠા થયેલા મહેમાનો ફટાફટ, કેમેરા કે મોબાઈલમાં, આ યાદગીરીને કેદ કરવા લાગી ગયા. ત્યારે એક માતા ભાવુક થઈને, આંખમાં હર્ષનાં આંસુ સાથે પોતાના પુત્રની સિદ્ધિ નીરખી રહ્યાં છે અને આંસુ દ્વારા આશીર્વાદ વહાવી રહ્યાં છે જેનો બીજા કોઈને ખ્યાલ નહોતો.

ધીમે ધીમે સૌ વિદાય થયા ત્યારે મમ્મીને મળવા આવેલા પુત્રને પગમાં પડતાં પહેલાં જ છાતી સરસો ચાંપીને એક મા એટલું જ બોલી શકી, 'ગૌરવ – મારું ગૌરવ' જેનો પ્રતિભાવ એકઠાં થયેલાં સૌની આંખોનાં હર્ષાશ્રુઓ આપી રહ્યાં હતાં. ■

*મિત્રોને સંતુષ્ટ રાખવા કદી તેમને ઉધાર આપવાનું નહીં કે તેમની પાસેથી ઉધાર લેવું નહીં.*



# વિનિપાત

• બાબુલાલ ગોર •

**પો**તાના ઘરની ડેલીથી બહાર પગ મૂકી તેણે ચાલવા માંડ્યું. તે સાથે જ તેના તંગ માનસમાં વિચારચક્ર ઘૂમવા લાગ્યું - અને એ જ કારમી વેદના તેને ભીંસી રહી.

પોતાની બેકારીથી કપરી આર્થિક ભીંસમાં ફસાયેલું કુટુંબ, ક્ષયની નાગચૂડમાં સપડાયેલા નાના ભાઈની સ્થિતિ તથા પક્ષઘાતના ખતરનાક હુમલાથી આ દુનિયા છોડીને ચાલ્યા ગયેલા પિતાના મૃત્યુનો લાગેલો આઘાત! આ સઘળી વેદનામાં ગળાડૂબ તે કંઈક શાંતિ મેળવવા ફરવા નીકળ્યો હતો. પણ એ જ અસહ્ય પરિસ્થિતિની અંકાયેલી અમીટ છાપ અને તજજન્ય વિચારોથી તે અલિપ્ત ન રહી શક્યો.

નાકું વટાવી, મિલ ઓળંગી, શહેરના છેવાડેની ગરીબોની ઝૂંપડીઓ અને તેની પાસે આવેલ શંકરનું મંદિર ઓળંગી તે એક ખુલ્લા મેદાનમાં આવી પહોંચ્યો.

તેની નેમ તો હજુ આગળ વધવાની હતી. પણ ત્યાં પડેલા એક હાડપિંજર પર તેની નજર પડતાં તે ત્યાં જ અટકી ગયો. મૃત્યુ પામેલ કોઈ ઢોરનું તે હાડપિંજર હતું.

આંખોની જગ્યાએ માત્ર ફાંકાં રહ્યાં હતાં. ખુલ્લી થઈ ગયેલી ખોપરી કરુણ દેખાતી હતી. પાંસળીનાં હાડકાં પર ચીટકેલું થોડું માંસ ખાવા ગીધ-કાગડા પડાપડી કરતાં હતાં.

આ દશ્ય જોતાં તેની સમક્ષ પોતાના ભાઈનો એક એક હાડકું ગણી શકાય તેવો કૃષકાય દેહ ખડો થયો. તેથી આ દશ્ય જોવું અકારું થઈ પડ્યું હોય તેમ તેણે બીજી તરફ નજર કરી.

તો તેની નજરે પડ્યાં પાંજરાપોળ અને અનાથાશ્રમ.

બન્ને અનાથ બાળકો અને મૂંગાં પશુઓનાં આશ્રય સ્થાન! કરુણ બેહાલીની કેવી પરાકાષ્ઠા!

તેની સમક્ષ જીવની હજી શરૂઆત થઈ હોય ત્યાં જ મા-બાપ ગુમાવી બેઠેલાં આંસુ સારતાં બાલુડાં અને અત્યંત કષ્ટ ભોગવી જીવન વ્યતીત કરતાં પશુઓના વિલપતા અને ઓશિયાળા ચહેરા તરવરી રહ્યા.

તેને લાગ્યું કે આ હાડપિંજર પણ કદાચ એવાં જ કોઈ ઢોરનું હશે. કોણ જાણે કેટલીય યાતનાઓ પછી તેનું મોત થયું હશે!

સંધ્યાનો સમય હતો છતાં અંગાર ઝરતા વાયરા વાતા હતા. સૂકાં પર્ણો, ધૂળની ડમરીઓ, સૂકાં ભઠ્ઠ ખેતરોનું મેદાની સ્વરૂપ અને મોતનો કરુણ ચિતાર આપતું પેલું હાડપિંજર - આ વિસ્તારમાં દુકાળે સર્જેલી બેહાલીનો આબેહૂબ ચિતાર આપતાં હતાં.

ને આ સમગ્ર ચિત્રને કરૂણ ઘેરા રંગે રંગી નાખવા મથતા માતરિશ્વ ત્યાં ધૂળ-કચરાના સહયોગથી ધૂંધળાશ રચી રહ્યો હતો અને તેની શાંતિ-પ્રાપ્તિની અભિપ્સાને જાણે રજોટી રહ્યો હતો.

શાંતિ મળવાની આશા ઠગારી નીકળતાં તે પાછો ફર્યો. પાછા ફરતાં તેણે પાકી સડક પરથી જવાનો નિર્ધાર કર્યો. પગની ગતિ સાથે વિચારોની ગતિ પણ ચાલુ રહી અને મનના પડદા પર ભૂતકાળ નાચી રહ્યો.


એક તો પોતાનું કુટુંબ પહેલેથી જ ગરીબ એટલે માંડ માંડ મેટ્રીક સુધી ભણી શકેલો. તે પછી માંડ માંડ નોકરી મળતાં સુખની આશાનો સંચાર થયેલો. ત્યાં પિતાજી લકવામાં સપડાયા અને પોતાની નોકરીમાંથી છટણી થઈ. આમ પણ ભાઈની બિમારીનું ખર્ચ માંડ ઉપડતું, ત્યાં પિતાજીને આ જીવલેણ માંદગી લાગુ પડી. ખર્ચ બેવડો થતાં રહેવાનું એક માત્ર બાપીકું ખોરડું પણ વેચવું પડ્યું. છતાં પિતાજી તો સંસાર છોડી હંમેશને માટે ચાલ્યા ગયા.

ભાઈની માંદગીના વિચાર સાથે જ તેની નજર સમક્ષ રૂગ્ણ શય્યા પાસે બેઠેલી અને પળેપળ ખાંસતા ભાઈની છાતી પર હાથ ફેરવતી ભાઈની કોડભરી પત્ની તરવરી રહી. તો સાથે અન્ય કુટુંબીજનો - સંતાનોના બેહાલથી સંતાપ અનુભવતી વિધવા માતા, લગ્ન એટલે નિતાંત યાતનાઓનો ઓથાર એવો જેનો અનુભવ હતો તે પોતાની પત્ની અને ખીલવાની ક્ષણે કરમાઈ રહેલાં માસૂમ બાળકોના મ્લાન ચહેરા પણ આંખ સામે તરવરી રહ્યા.

આ બધા વિચારથી તે અકળાઈ ગયો. તેણે ચારેબાજુ દૃષ્ટિ ફેરવી. થોડે દૂર દુકાળથી બેહાલ થયેલા માલધારીઓના પડાવ તેણે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૮ ઉપર)**

*પ્રશંસા વ્યક્તિમાં નૈતિક સાહસ જગાડે છે.*



# સલાડ

**• ગૌતમ એસ. જોશી •**

ધરતીકંપ પછી ઘરમાં આમે, હું અને મમ્મી જ રહીએ છીએ, પપ્પા તો વહેલી સવારે શાકભાજી લેવા જવાનું કહીને ભૂકંપના દિવસે ગયા તે ગયા!! આજે બે વર્ષે પણ હું મારા પપ્પાની રાહ જોતી ઘરની બારીમાં ઊભી રહું છું...

મારા પપ્પા જાહેર રજાના દિવસોમાં વહેલાં ઊઠી મારા માટે મંગલમ્ ચાર રસ્તા પરની ખાવડાઈની દુકાનેથી દેશી ઘી ની મઘમઘતી જલેબી અને ગાંઠિયા લેવા અચૂક વહેલા ઊઠે. અને સાથે તાજાં શાકભાજી પણ લાવે. તે દિવસે પણ પપ્પા વહેલા ઊઠી બજારમાં ગયેલા પણ!! આ મહાવિનાશક ભૂકંપે... મારા પપ્પાને...

અડીખમ ઊભેલું મારા દાદાજીના સમયનું અમારું ભવ્ય મકાન આજે પપ્પાજી વિના સૂનું ભેંકાર ભાસે છે; બા મૂંગી મૂંગી ઘરકામમાં વ્યસ્ત હોવાનો દેખાવ કરતી રહે છે; પણ! મને બરોબર યાદ છે. બા, એકાંત મળતાં જ છાનાં છાનાં ડૂસકાં ભરી રડી લે છે. અને જ્યારે જ્યારે મેં બાની ભીની આંખોમાં તરતાં અધૂરાં સોણલાં શોધવાની કોશિશ કરી છે, 'મીનુ! આ તો અમથું અમથું એવું લાગે બાકી તો ઈશ્વર ઈચ્છા બળવાન હોય છે...!' એવું કહી મને તેનાં સોણલાં શોધવાની મનાઈ કરી દેતી.

ત્રીસ બત્રીસની મારી બા સારું એવું ભણેલી છે; પપ્પા સાથે અનેક વખત અંગ્રેજીનાં ભાષાંતરમાં મદદ કરતી મેં જોઈ છે; આટલી નાની વયે બા વિધવાના પરિવેશમાં મને બિલકુલ ગમતી નથી; પણ! આ કેવા સામાજિક રિવાજો!! નાની વયે જ વૃદ્ધત્વ તરફ ધકેલવામાં કારણભૂત બની રહ્યાનું મને લાગી રહ્યું છે.

એક સાંજે બાનાં બા એટલે કે, મારાં નાનીમા એક યુવાનને લઈ અમારા ઘેર આવ્યાં. અને બા જોડે થોડી વાત કરી, મને કહ્યું 'મીનુબેટા! આ સતીષકાકા છે, તમારી સાથે તમારા મકાનમાં રહેશે, તમને હવેથી એકલું એકલું નહીં લાગે!' નાનીમાના આ શબ્દો મને બહુજ ગમ્યા, બા ને પણ ગમ્યા. બા ના ચહેરા પર આજે બે વર્ષ પછી મેં એક લાલિમા તરતી જોઈ. બાએ સતીષકાકાની સૂટકેસ અને મોટા થેલાને પપ્પાના રૂમમાં ગોઠવી આપ્યા.

બીજા દિવસે સવારે હું વહેલી જાગી ગઈ અને સીધી જ નવા કાકાના રૂમમાં પ્રવેશી ગઈ; કાકા દાઢી પર શેવિંગ ક્રીમથી ઘણું ફીણ ઊભરાવી દાઢી બનાવી રહ્યા હતા.

'અરે મીનુબેન! આવો આવો!!'

'કાકાજી! આ દાઢી દરરોજ કરવાની... કેટલો કંટાળો આવે નહીં? મારા પપ્પા તો દરરોજની દાઢીથી કંટાળી આ બ્રશ અરીસામાં જ પછાડતા.'

'તો તો પપ્પા બહુજ ખારા હશે નહીં?'

'ના હોં! કાકાજી! પપ્પા તો મીઠા, એવા મીઠા કે, કેસરની કેરી જેવા!!'

'ઓહો! તો...!! હેં મીનુબેન તમને જમવામાં શું ભાવે?'

'જમવામાં? જમવામાં મીઠું દહીં. તમને?'

'મને દરરોજ તાજાં શાકભાજીનો સલાડ જોઈએ...!'

'તો! તો બા ને કહેવું પડશે; કાકાએ ના... ના... કરી પણ મેં તો બાને સલાડની વાત કરી. બા તુરંત જ બજારમાંથી તાજાં શાકભાજી લઈ આવી અને સરસ મજાની સલાડ ડિશ શણગારી ડાઈનિંગ ટેબલ પર ગોઠવી આપી.

જમવાના ટેબલ પર આજે બે વર્ષ પછી ત્રણે ત્રણ ખુરશીનું કૉરમ હતું. બા પણ આજે બે વર્ષ પછી પહેલીવાર આનંદિત જણાતી હતી. બાની સફેદ સાડીમાં સેંથો પૂર્યા વિનાનો ગુલાબી ચહેરો આજે પ્રફુલ્લિત જણાતો હતો. બાએ ત્રણ થાળી પીરસી. પહેલી થાળી કાકાજીને આપી અને સલાડ ડિશ આપતાં બાની મુખમુદ્રા પર જે સ્મિત તરવરતું મેં જોયું તેથી મને બહુજ આનંદ થયો. કાકા પણ અમારી સાથે દૂધમાં સાકરની જેમ ભળી ગયા અને પછી તો દરરોજની અવનવી વાનગીઓ અને સલાડથી અમારું ડાઈનિંગ ટેબલ દરરોજ શોભાયમાન થવા લાગ્યું. મારા પપ્પા વિના ઘર અને બામાં અનેરું પરિવર્તન મેં અનુભવ્યું.

એક સાંજે શહેર બહારના બગીચામાં ફરીને હું કાકાજી સાથે પાછી આવતી હતી; રસ્તામાં મારી બહેનપણીઓ મળી જેમાંથી એકે મને પૂછ્યું, 'કાં મીનુ! પપ્પાજી સાથે બગીચામાં ફરવા ગઈ હતી?'

*સંતોષ વર્તમાન ધન છે, પૈસૌ ભવિષ્ય માટે પણ બંનેના સમ્યક્ ઉપયોગથી જ સુખ મળે.*

આ શબ્દોથી મારા હૃદયના ધબકારા એક ક્ષણ માટે થંભી ગયા. પણ! કાકાજીના ચહેરાની લાલિમા અચાનક ઓઝલ થયેલી મેં અનુભવેલી. તેમ છતાંય મારાથી ન રહેવાયું ને મેં પૂછ્યું; 'કાકાજી! તમે મારા પપ્પાજી ના બનો?'

'મીનુ બેટા! મોડું થઈ ગયું છે, ઘરે તારી બા રાહ જોતી હશે. ચાલો, પગ માંડો જલદી, ચાલો મોડું થઈ ગયું છે.' એવું કહીને કાકાજીએ મારા હાથને જે રીતે ખેંચેલો તે હું કદી ભૂલવાની નથી. એક દિવસની વાત છે, બાલ મંદિરે ગઈ હતી; કાકાજી રૂમમાંથી પોતાની સૂટકેસ અને થેલો લઈ બહાર આવ્યા; અને મને એક કવર આપતાં કહ્યું, 'લે, બા ને આપજે! આ કવરમાં ભાડાના રૂપિયા છે; હું જાઉં છું.'

કોઈ પણ ભાવ વિના અક્કડ ચહેરે કાકાજી એ કવર મને આપી ચાલ્યા ગયેલા એ મને યાદ છે. ઘણીવાર ઓફિસ કામે પપ્પાજી બહાર જતા ત્યારે આ રીતે જ જતા પણ બા પપ્પાને પાછળથી ટકોર કરતી.

'નોકરી તો બધાજ કરે છે; તમારી જેવી નહીં. બિચારી મીનુને બોલાવશો પણ નહીં?' અને પપ્પા સૂટકેસ મૂકી, મને ઊંચકી વ્હાલપની વર્ષાથી નવડાવી મૂકતાં. પણ આજે તો કાકાજી??

બા મંદિરેથી આવી, સાથે તાજાં શાકભાજી પણ લાવી. મને પ્રસાદ આપ્યો. અને પપ્પાની તસવીર સામે પ્રસાદ મૂકી પપ્પાની તસવીરને પ્રણામ કરવા લાગી. ત્યારે મેં કાકાજીએ આપેલું કવર બા ના હાથમાં મૂક્યું. બાએ કવરમાંથી પાંચ હજાર રૂપિયા કાઢ્યા અને પપ્પાની તસવીર પાસે મૂક્યા. પછી કવરમાંથી એક પત્ર કાઢ્યો. તે વાંચીને ફાડી નાખ્યો ને પોતે રસોડામાં કામે લાગી ગઈ. તેની સાથે જ અચાનક બા ના ચહેરા પર વૃદ્ધત્વ ડોકાઈ રહ્યું. બા તો ગંભીર જ બની ગઈ.

રસોઈ તૈયાર થઈ ગયા બાદ બાએ જમવાના ટેબલ પર દરરોજની જેમ ભોજન ડિશો ગોઠવી દઈ મને જમવા બોલાવી. હું બેબીડૉલને રમાડતી ડાઈનિંગ ટેબલ પર આવી. બાએ થાળીઓ પીરસી. હું જોઈ રહી. બાએ ત્રણ થાળી પીરસી અને પછી મને જોઈ રહી ત્યારે મેં ટેબલ પર નજર ફેરવી અને બાને પૂછ્યું, 'બા, સલાડ ડિશ નથી બનાવી?' ત્યારે બાની આંખો ભીની થતાં મેં જોઈ અને બાના શબ્દો કાને અથડાયા!!! 'સલાડથી પેટ ન ભરાય. સલાડ તો ટેબલની શોભા હોય છે. જમી લે, હવેથી સલાડ નહીં બનાવું!!!'

અને હું જમવા લાગી. ■

## મનને સમજાવો તમે – મન સમજતું હોય છે!

હકીકતમાં શીખવું એ અઘરો સવાલ છે. અમારા શિક્ષક હાથમાં લીમડાની ખરબચડી સોટી રાખી અમને કહેતા, 'ખોટું પડ્યું તો આ શરમ નહીં રાખે.'

અને જાણે કે જાદુ થઈ જતો - અમે કડકડાટ વિગતો બોલી નાખતા - આમ જોઈએ તો અભ્યાસમાં પ્રમાદ રાખવો એટલે નિષ્ફળતાને આમંત્રણ આપવું. શિસ્તપાલન એ ભણતર માટેની આગવી શરત છે. એનો અર્થ એવો પણ ના કરી શકાય કે માત્ર સોટીના સહારે જ બાળકને કેળવી શકાય! આપણે જો આપણા મનને કેળવીએ તો અભ્યાસને પણ ઉજાગર કરી શકીએ. કોઈ પણ બાબતે 'મન મનાવવું' અને 'મન બગાડવું' એવી બે પરસ્પર વિરોધી સ્થિતિ પ્રવર્તતી હોય છે પરંતુ આપણે જો વિકસવું હોય તો ભણવું ફરજિયાત છે. કેવું ભણવું? કોની પસંદગી મુજબનું ભણવું? કઈ રીતે ભણવું? – આ બધા પૂરક પ્રશ્નો છે.

તમને કોઈ કહે અને તમે અભ્યાસમાં મન લગાવો એ ચીજ ક્યારેય શક્ય બનતી નથી! કોઈ તમને ફરજ પાડે કે ભય પમાડીને ભણાવે તો એના થકી ઘણીવાર ટૂંકાગાળાના કે પરીક્ષાલક્ષી પરિણામો મેળવી શકાય. પણ જેનું શાશ્વત મૂલ્ય હોય એવી બાબતો મેળવી શકાતી નથી.

વિદ્યાર્થી બીજાની નજરે જ્યારે વિષય પસંદગી કરે છે ત્યારે આપોઆપ એમાંથી સમસ્યાઓ જ નીકળે છે. મા-બાપ કે વડીલો જ્યારે પરાણે એને કોઈ પણ બાબત ગ્રહણ કરવા મજબૂર કરે છે ત્યારે એમાં એક જ માપ સાઈઝનાં શર્ટ દરેકને પહેરાવી દેવાં જેવી આત્યંતિકતા એમાં ભળી જતી હોય છે. આપણે પરસ્પરની સમજણ થકી બાળકના મનના ભાવોનું રેખાંકન કરી, વિષયનું આલેખન કરીએ તો એમાંથી સારું નીપજતું હોય છે. કોઈ પણ ચીજ મનથી સ્વીકૃતિ પામે તો એના થકી સુંદર આકૃતિ પ્રગટતી હોય છે - મન એ ફક્ત મનાવવાની વાત નથી, એને સજાવવાનું પણ હોય છે. હાથમાં લીધેલ કામ કે અભ્યાસ માટે પ્રમાદી મન ના ચાલે. આપણા પોતાનામાં જ એવી શિસ્તપાલનની સોટી આપોઆપ ઊભી થાય કે આપણું મન એથી સહજભાવે શરમ ભરે – હકીકતમાં મનને સમજાવવાની કળા ઉપર જ શિક્ષણની સભરતા અવલંબતી હોય છે!

*– રમેશ ઠક્કર*

*સૌજન્ય : "ભણતરનું ભાવજગત"*


**કોટન બેઝમાં પરવડે તેવી રેન્જ** વિશેષતા : હોલસેલ ભાવે રીટેલ

- ગઢવાલ
- કોરા કોટન
- સુપરનેટ કોટા
- ટીસ્યુ કોટા
- ફેન્સી કોટા
- જૈન સિલ્ક
- ચંદેરી ટેમ્પલ
- પ્રિન્ટેડ જ્યોર્જેટ



**"કાંચી"ની સાડી વાહ... વાહ...!!**

મીનલ દેઢિયા • 09930704743

KANCHI A Blend of Indian Heritage

૭૧/૭૩, શાહ ભુવન, ગ્રાઉન્ડ ફ્લોર, જુની હનુમાન લેન, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨.

Tel. : (022) 22060636 E-mail : sareekanchi@gmail.com Sunday Closed


*મૌનવ્રત અને ધીરજ દ્વારા તમો વધુ શાંતિ મેળવી શકો છો.*



# હિસાબ મળી ગયો!

• ધનજી ભાનુશાલી 'કડક બંગાલી' •

'હવે તું સાંભળે છે કે નથી સાંભળતી? આજે પણ ચા માં ખાંડ વધારે નાખી દીધી છે... તને ખબર તો છે કે મને વધારે ખાંડવાળી ચા સિંભાતી નથી...' હરિભાએ દરરોજની ટેવ પ્રમાણે પત્ની ચંપાભેણને કહ્યું.

'એ તો મને ખબર છે કે તમે ઓછી ખાંડવાળી ચા પીઓ છો. આમ તો હું ઓછી ખાંડ જ નાખું છું... આજે પણ ખાંડ તો ઓછી જ નાખી હતી...' ચંપાભેણે ધીમે ધીમે જવાબ આપ્યો.

પરંતુ ચંપાભેણનો જવાબ હરિભાને જચ્યો નહિ. એટલે લાગલા જ કહ્યું કે, 'ખેર, હવે ખોટી જીભાજોડી કરવા જેવી આપણી ઉંમર નથી... તને તો ખબર હશે કે અત્યાર સુધી ખાંડ સત્યાવીસ રૂપિયે કિલો હતી... અને આજે તેતરી રૂપિયા થઈ ગયા છે...' આ રીતે હરિભા પોતાની વાત મૂકવા તૈયાર ન હતા, ને બીજી બાજુ પત્ની ચંપાબેન પોતાની વાત પૂરી થવા માટે છેડો ફાડતા ન હતા!

જો કે એવો તાલ તો હંમેશનો હતો... ચંપાબેન સમજી સમજીને ઘર ચલાવતી હતી તો પણ હરિભાને રાજીપો નહોતો... કેમકે હરિભાની વાત પણ બિલકુલ કાઢી નાંખવા જેવી ન હતી. કેમકે, પોતે નાના ગામડામાંથી મોટા શહેરમાં આવ્યો હતો. તે માટે કોઈ માનતા નહોતી કરી. પોતાના ગામમાં પણ ધંધો તો રસકસની દુકાનનો જ હતો. પણ વધારે કમાણી કરવા માટે એ શહેરમાં આવ્યો હતો ને અહીં પણ રસકસની દુકાન ખોલી હતી.

આ હરિભાની ખૂબી જો કહીએ તો એ હતી કે પોતે દુકાનની નાનીમોટી ચીજ જેવી કે પ્લાસ્ટિકના ટુકડા, લોખંડના ઍન્ગલ અને આવી ઉકરડે નાખવા જેવી ચીજો સાચવી રાખે ને થોડી ભેળી થાય એટલે ભંગારની ફેરી કરવાવાળાને આપી જે પાંચ-પચ્ચીસ મળે તે લઈ લેતો હતો. વળી, આખા દિવસ દરમ્યાન જે વેપાર થયો હોય તે ચીજોની ગણતરી કર્યા પછી દુકાન બંધ કરવાની ટેવ પણ હતી. એટલે કે દરેક ચીજ કેટલા કિલો વેચાણી, બાકી કેટલી રહી છે વગેરે દરેક ચીજનું ધ્યાન રાખતો હતો. ભરતીવાળી ચીજોના નાનામોટા ડબ્બા ખાલી થયા તોય કે ખોખાં ખાલી થયાં હોય તે પણ સાચવી રાખતો હતો... ને થોડો એવો માલ એકઠો થતાં તે વેચી તેમાંથી બે દોકડા કમાઈ લેતો હતો. ટૂંકમાં, એ કરકસરિયું જીવન ગુજારતો હતો.

હવે આવા કરકસરિયા જીવને દરેક ચીજમાં કરકસર કેમ કરવી પડે તેની સલાહ આપવાનો વણલખ્યો નિયમ હોય તેવું વર્તન પણ કરતો હતો. જ્યારે ચંપાબેન પણ કરકસર તો કરતી જ હતી પણ એવી કરકસરની ગણતરી લોભમાં ન થાય એ ખ્યાલ રાખતી હતી. એ રીતે બંને પતિ-પત્ની અવારનવાર નાની મોટી વાતને કારણે એકબીજાને ચક નાખતા હતા.

જ્યારે આજે ચામાં ખાંડ વધુ નાખી દેવાની વાત હતી. તદ્દન નાની વાતને મોટા સ્વરૂપે જોવાની તથા ગાલનું ગાલોતર બનાવી નાખવાની વાત હતી, તે બંને સમજતાં ન હતાં...

આમ, દિવસો ઉપર દિવસો પસાર થતા હતા... ને એક દિવસ ભગવાને તેમની અંતરેચ્છા જાણી લીધી હોય તેમ ચંપાબેનને સારા દિવસો રહ્યા... ને પછી પૂરા દિવસે ભગવાને છોકરો આપ્યો ત્યારે બંને પતિ-પત્ની તેમજ એમનાં માવિત્ર પણ રાજીનાં રેડ થઈ ગયાં... છોકરાનું નામ રાખ્યું : રામુ... રામલો...

રામુ મોટો થવા લાગ્યો.... અને હરિભા તેમજ ચંપાભેણની જિંદગી એવી જ ચડભડમાં વીતવા લાગી... હવે તો રામુ પણ પાંચ-છ વરસનો થયો હતો. હવે તેને ગામની સ્કૂલમાં બેસાડવામાં આવ્યો.

તો પણ હરિભાનો સ્વભાવ તેમજ વર્તન બદલ્યાં ન તે ન જ બદલ્યાં...

રાત્રે દુકાન બંધ કર્યા પછી ઘેર જઈ, જમી-પરવારી લીધા પછી હિસાબ મેળવવાની પોતાની ટેવ હાલે પણ ચાલુ હતી. તે એટલે સુધી કે જ્યાં સુધી હિસાબ બરાબર મળી રહે નહિ ત્યાં સુધી હરિભાને ઊંઘ આવતી ન હતી! અહીં એક વાત કહેવી પડે તેમ છે કે હિસાબ મેળવવાની વાતને બીજી રીતે જોવામાં આવે તો તેમાં કંઈ ખોટું પણ ન હતું. પોતાની આવી ટેવને કારણે દુકાનમાં કેટલો માલ છે અને બીજા દિવસે કેટલો માલ ક્યાંથી મંગાવવાનો થશે તેની મનોમન ગણતરી પણ કરી લેતો હતો. એટલે પોતાની

*જાત અનુભવ વિના બીજાની પીડા ન સમજાય.*

દુકાનમાં ક્યારે પણ કોઈ ચીજ ન હોય એવી નોબત આવતી ન હતી.

રામુ પણ સ્કૂલમાંથી આવ્યા બાદ સાંજના ભાગે દુકાને આવી રમવા લાગતો. હરિભાને રામુની આ પ્રવૃત્તિ ગમતી હતી કેમકે કોઈ કામકાજને કારણે દુકાન પર બેસવું પડે એટલે કે દુકાન સંભાળવી પડે ત્યારે રામુ બેસવા લાયક હોય તો કામ લાગે... દુકાન બંધ ન રહે એવી હરિભાની ગણતરી હતી. તેમાં આજથી છ માસ પહેલાં હરિભાને બાજુના ગામે મરણ પ્રસંગે સાદડીમાં - પ્રાર્થનાસભામાં જવાનો પ્રસંગ ઊભો થયો હતો ત્યારે રામુ બે કલાક સુધી દુકાન સંભાળી બેઠો હતો. એ રીતે હરિભા રામુને દુકાનદાર બનાવવાના પાઠ ભણાવતો હતો.

રામુને પણ આવા કામમાં મજા આવતી હતી. એટલે આનંદથી આવાં કામ કરતો હતો. એ કારણે રામુને પણ એવી ટેવ પડી ગઈ કે તે પોતાના સરખેસરખા છોકરાઓ સાથે રમવા પણ જતો ન હતો અને દુકાને જઈ પોતાની રીતે રમતો હતો. હરિભા તેને આવા સમયે જોઈ રહેતા.

આ રીતે બંને પતિ-પત્ની વચ્ચે રામુ પણ થોડો ટેવાઈ ગયો હતો...

એક દિવસ રામુની અમુક હરકતોને કારણે બંને પતિ-પત્ની વચ્ચે ઝઘડો થઈ ગયો.

ગામમાં પાણીપૂરી વેચવાવાળો ફેરિયો આવ્યો હતો. મધુરા સાદે તે પાણીપૂરી વેચતો હતો. એ જ્યારે હરિભાના ઘર પાસે આવ્યો ત્યારે ઘરમાં રામુ એકલો હતો. પાણીપૂરીવાળાનો સાદ સાંભળી બહાર આવ્યો, ને તેને શું સુઝ્યું કે એક રૂપિયાની પાણીપૂરી લીધી ને તેમાંથી બે પૂરી ખાઈ ગયો. બાકીની પાણીપૂરી ચંપાબેન માટે રાખી મૂકી અને ચંપાબેન આવ્યાં ત્યારે તેણે આ વાત તેમને કરી.

જ્યારે બીજી બાજુ એક ઘરાકને બસ્સો રૂપિયાના વેપાર પાછળ એક રૂપિયો પરત આપવાનો પ્રસંગ ઊભો થયો હતો. હરિભા પાસે દુકાનમાં એક રૂપિયો છૂટો ન હતો. એટલે ગઈ રાતના ઘરમાં છૂટા પૈસા - પરચૂરણ રાખી હતી તેમાં રૂપિયો એક છૂટો પણ હતો તેની હરિભાને ખબર... એટલે એ તો દોડતો દોડતો ઘેર આવ્યો અને ઘરવાળીને રાડ પાડી. એ જ સમયે ચંપાભેણ પણ બહારથી ઘરે આવ્યાં હતાં. એટલે પતિનો સાદ સૂણી બહાર આવી ત્યારે હરિભાએ એક રૂપિયો છૂટો આપવાની વાત કરી.

પણ ઘણી શોધખોળ પછી પણ એક રૂપિયો છૂટો ન મળ્યો ત્યારે ચંપાબેને બહાર આવી તેવી વાત કરી. વાત સાંભળી હરિભાનું માથું ઘૂમી ગયું.

'તે રૂપિયો ગયો ક્યાં? રાતના જ રાખ્યો હતો...' હરિભા તાડૂક્યા.

'જુઓ, આપણા રામુએ વાપરી નાખ્યો છે... પાણીપૂરી લીધી હતી... તેમાં આટલો ડખો કેમ કરો છો?' ચંપાબેને પ્રેમભરી ભાષામાં જવાબ આપ્યો.

'તે તું રામુને ખાવા નથી આપતી, જેથી તેણે રૂપિયો વાપરી નાખ્યો. એ ગયો ક્યાં? આજે તો એની ખેર નથી...' હરિભા જોરથી પોતાના બંને હાથ પછાડી ઊઠ્યા.

'જુઓ, રામુ બીજા છોકરા સાથે રમવા ગયો છે... આવશે એટલે હું તેને કહીશ... અત્યારે તમે દુકાને જાઓ... કોઈ ઘરાક કોઈપણ માલસામાન લઈ જશે તો?' હરિભાથી જાન છોડાવવા ચંપાબેનને જે સૂઝ્યું તે કહ્યું.

ચંપાબેનનો જવાબ સાંભળી હરિભા સાતમા આસમાને પહોંચી ગયા... ને તાડૂક્યા : 'ચોક્કસ ઇ છોરો મારો નથી લાગતો. કોનો છોરો છે તે મને કહે. મારો છોરો આ રીતે રૂપિયો વાપરી નાખે એવું બને જ નહિ....'

આવી વાત સાંભળી ચંપાબેન તો હેબતાઈ જ ગયાં. એમને આવા જવાબની આશા પણ ન હતી. ચંપાબેન ચૂપ થઈ જતાં હરિભાએ બીજાં કપરાં વેણ કાઢ્યાં, 'હવે વેવલી થા મા... ચોક્કસ એ મારો છોરો નથી... નહિતર આ રીતે પેસા વાપરી નાખે?'

હરિભાની આવી ન કહેવા જેવી વાત સાંભળી ચંપાબેન ત્રાસી ગયાં હતાં. પણ કરે શું? તો પણ ચંપાબેને બમણા જોરથી સામો જવાબ આપ્યો : 'તમે શું કહો છો? એનો અર્થ શું થાય છે? આજુબાજુવાળા બધા સાંભળે છે ને આપણી કદર કરશે તે વધારામાં. આવતીકાલે તરેહ તરેહની વાતો કરવા માંડશે તે વધારામાં... એટલે હવે ચૂપ રહો તો સારું.' ચંપાબેને વાતને ઠારવા નીચલી વાટ પકડી લીધી. તો પણ હરિભાના મનનો પારો નીચો ઊતર્યો નહિ.

'....મુંકે લગેતો કે આપણે છોરાનો ડી.એન.એ. ટેસ્ટ કરાવીએ... કેમકે એ છોરો મારો લાગતો નથી...' હરિભાએ બીજી ખરાબ વાત કરી. ત્યારે ચંપાબેને એ લપમાંથી છૂટવા કહ્યું કે, 'હા, તમે ડી.એન.એ. ટેસ્ટ કરાવો... દૂધનું દૂધ ને પાણીનું પાણી થઈ જશે....' એમ કહી ચંપાબેન ઘરમાં ચાલ્યાં ગયાં.

પછી તો હરિભાને પણ ભાન થયું કે પોતે ખોટો ડખો ઊભો કરી નાખ્યો છે. ને પાડોશીઓ પોતાની બારીમાંથી આ તમાશો જોતા હતા, તેનો ખ્યાલ હરિભાને આવી જતાં તે ભોંઠો પડી ગયો.

એ પોતે દુકાને આવ્યો ત્યારે રૂપિયો પાછો લેવાવાળો ઘરાક તો દુકાન છોડી પોતાને રસ્તે પડી ગયો હતો.

★

આ વાતને બે-એક મહિના થઈ ગયા હશે ત્યારે પોતાના ગામે હરિભાના પિતાજીનું મરણ થયું હતું... એટલે કે હરિભાના હમણાંના રહેવાના શહેરમાં એના પિતાજી ફરવા આવ્યા હતા ને ગુજરી ગયા.

બાપાના મરણ પછી બધી ધર્મક્રિયાઓ હરિભાના ઘેર રાખવામાં આવી હતી. અને પહેલી રાતે જ હરિભા ઘરનો આખા દિવસનો

*હાથીના પગલામાં જેમ બધાં જ પ્રાણીના પગલાં સમાઈ જાય છે તેમ અહિંસામાં બધા જ ધર્મોનો સમાવેશ થઈ જાય છે.*

હિસાબ માંડવા બેઠા ત્યારે બજારુ ઘી ના કિલો કિલોના બે ડબ્બા ઓછા થતા હતા હિસાબમાં. કોઈપણ રીતે હિસાબ મળતો નહોતો. એવા સમયે હરિભાએ ચંપાબેનને પૂછ્યું. એને પણ ખબર નહોતી.

અને આખી રાત હિસાબ મેળવવા હરિભાએ માથાકૂટ કરી તો પણ હિસાબ નહિ મળતાં જેમતેમ રાત કાઢી નાખી... ને બીજા દિવસે ફરીથી બાકી રહેલા ડબ્બાની ગણતરી કરવાનું નક્કી કર્યું.

બીજી સવારે ઊઠ્યા ત્યારે પણ બે ડબ્બા ઓછા થતા હતા, એ વાત પોતે ભૂલ્યા નહોતા. જેમ તેમ કરી દુકાને પહોંચ્યા ને હિસાબ કરવા પ્રયત્ન કરવા લાગ્યા. તો પણ હિસાબ મળ્યો નહિ ત્યારે ધૂઆંપૂઆં થતાં બપોરના દુકાન બંધ કરી ઘર તરફ પગ માંડ્યા. કેમકે આજે બાપાની સધરી – પ્રાર્થના સભા રાખી હતી, તેની તૈયારી કરવાની હતી.

સાદડીનો ટાઈમ થતાં બધાં શંકર મંદિરના ચોકમાં ભેળાં થવાં લાગ્યાં. આખું ગામ ને બીજા ઓળખીતા પાળખીતા પણ આવ્યા હતા. સમજોને, બસ્સો-ચારસો માણસોની હાજરી હતી.

કલાક પછી સાદડીનો સમય પૂરો થતો હતો ત્યારે ઓચિંતો હરિભાનો છોકરો રામુ દોડતો દોડતો આવ્યો ને કિલો કિલોના પતરાના બે ખાલી ડબ્બા હરિભાના પગ પાસે રાખી બોલ્યો : ‘બાપા, તમે ગઈ રાતના હિસાબ મળતો નથી એમ કહેતા હતા પણ મારા દાદાજીને બાળવા ઘીના બે ડબ્બા તમે દુકાનમાંથી લઈ આવ્યા હતા તે કેમ ભૂલી ગયા? જુઓ, એ બે ખાલી ડબ્બા પણ સ્મશાનમાં તમો ભૂલી આવ્યા હતા... એ હું લેતો આવ્યો છું. તમે તેને ભંગારમાં આપશો તો ભંગારવાળો કંઈક તો આપશે ને...’ બહુ ભોળાભાવે રામુ બોલ્યો... ને બંને ખાલી ડબ્બા હરિભાના પગ પાસે મૂક્યા.

– ને હરિભાને ટ્યૂબલાઈટ થઈ... હિસાબ બરાબર હતો... પોતે જે બે ડબ્બા મસાણમાં વાપરી આવ્યા હતા તે યાદ ન આવ્યા... પણ બીજી પળે રામુની વાત સાંભળી સાદડીમાં આવેલા બધા હરિભાના મોં સામે જોવા લાગ્યા : આ તે કેવો હિસાબ?

પણ હિસાબ મળી જતાં હરિભાને ધરપત થઈ. ને પોતાનું મન કાબૂ બહાર નીકળી જતાં જોરથી બોલ્યા, ‘જો ચંપા... હિસાબ બરાબર છે અને હવે ડી.એન.એ. ટેસ્ટ કરાવવાની કાંઈ જરૂર નથી. કેમકે રામુમાં બધાં લક્ષણ મારાં જ છે એ મેં જોઈ લીધું છે... વધારે કંઈ જાણવું નથી...’

પણ હરિભાનો એવો લવારો સાંભળવા કોઈ હાજર ન હતા કેમકે, સાદડીમાં આવેલા બધા ચોક છોડી આગળ નીકળી ગયા હતા.... ■

## આપણા જીવન માટે મહત્ત્વનું શું છે? જિંદગી કે ગુણપત્રક?

તમે જ્યારે કોઈ પણ ધ્યેય કે પ્રવૃત્તિમાં કાર્યરત થાઓ છો ત્યારે એનો ઉદ્દેશ આપણા જીવનને ઉમંગમય બનાવવાનો હોય છે. ભણતર એ કિંમતી છે. જીવનની તમામ સમસ્યાનો ઉકેલ આદર્શ શિક્ષણ વ્યવસ્થામાં રહેલો છે. અને એટલે જ આપણે સહુ કોઈ ને કોઈ વિષયનું શિક્ષણ પ્રાપ્ત કરીએ છીએ – જેનો મુળભૂત ઉદ્દેશ આપણી પ્રગતિ હોય છે. પરંતુ વિડંબના એ થાય છે કે આપણે જેના થકી જીવન પ્રફુલ્લિત કરવાનું હોય છે એ ભણતરનો બોજ જ આપણા માટે અડચણ બની જાય છે!

સમાજ વ્યવસ્થા અનેક થાંભલાઓ ઉપર ઊભેલી વિશાળકાય ઈમારત છે - એમાં શિક્ષણ પણ એક મહત્ત્વની પાંખ છે. આપણે ધ્યેય નક્કી કરી - પરિશ્રમ કરતા રહીએ તો ચોક્કસ પરીક્ષાલક્ષી ઉમદા પરિણામો મેળવી શકીએ છીએ. પરંતુ જીવનનો હેતુ કેવળ ડિગ્રી મેળવવી અને પરીક્ષાઓમાં અવ્વલ નંબરે રહેવું એવો જ થઈ જાય ત્યારે એક નવી સમસ્યાનું સર્જન થઈ જાય છે.

આપણે જો આપણી જિંદગીના અનેક રંગોને ઓળખતા થઈએ તો કદાચ આ રીતે એકાંગી બનતા અટકી જઈએ છીએ. સમાજમાં તમામ પ્રકારના માણસો, વ્યવસાયો અને વિષયોની જરૂરિયાત રહેતી હોય છે. અને એટલે જ પ્રત્યેક વિષયમાં નિપુણ વ્યક્તિને માનપાન અને ધનદોલત મળતાં રહે છે. આથી વકીલ, ડૉક્ટર કે ઈજનેરની જરૂર છે – તો એટલી જ, બલકે ઘણીવાર તો કુશળ કડિયા, પ્લમ્બર કે વાયરમૅનની પણ જરૂરિયાત રહેતી હોય છે. વ્યવસાય સિવાયની પ્રવૃત્તિઓમાં તમામનો દરજ્જો સમાન હોય છે. ઘણીવાર આર્થિક વળતરના કારણે આવા ભેદ રચાતા હોય છે. જે છેવટે શિક્ષણમાં કારકિર્દી બનાવવાની હોડમાં પરિણમતા હોય છે.

આ બધામાં આપણે એ બાબત ચોક્કસ વિચારી લેવી જરૂરી છે કે આપણે જિંદગીને ઉન્નત બનાવવાની છે. બાકી કોઈ પણ પ્રવૃત્તિ ગૌણ હોય છે. જીવનની જીવંતતા એ હળવાશની પળોમાં અનુભવાય છે - કાતિલ સ્પર્ધામાં એ ખળભળી જ ઊઠતી હોય છે.

*– રમેશ ઠક્કર*


*સૌજન્ય : “ભણતરનું ભાવજગત”*

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

*આદતને જો રોકવામાં ન આવે તો તે ઝડપથી ટેવ બની જાય છે.*



# ઘરની બચતનાં

• ખુશમન ગુલાબચંદ શાહ •

“ઘરની બચતનાં” – આ શબ્દો લખાયેલા હતા એક ૧૦૦/- રૂા.ની ચીમળાયેલી અને મેલી નોટ પર.

સુમન શેઠના કર્મચારી મનને આ નોટ પોતાની પર્સમાંથી કાઢી, સુમન શેઠને આપી. મનન સુમન શેઠનો પી.એ. હતો.

તે સમયે રંગારંગ પાર્ટી ચાલી રહી હતી. મદમસ્ત સંગીત વાતાવરણમાં પ્રસરી રહ્યું હતું. સંગીતના તાલે મહેમાનો ઝૂમી રહ્યા હતા. રંગબેરંગી રોશનીથી હોટલ ઝળહળી રહી હતી. માદક વાતાવરણ હતું. ઐશ્વર્ય અને શ્રીમંતાઈનું પ્રદર્શન થઈ રહ્યું હતું.

સુમન શેઠે આ પાર્ટી તેમના કારોબારનું વિસ્તરણ કર્યું તેની ખુશાલીમાં આપી હતી.

અને ત્યાં સીમા શેઠાણી – સુમન શેઠનાં પત્નીએ, શેઠની પાસે આવી કોઈ ચોકીદારને આપવા માટે રૂા. ૧૦૦/- માગ્યા. શેઠ પોતાની પાસે પર્સ રાખતા નહિ. હરસમયે ક્રેડિટ કાર્ડ સાથે હોય. રોકડા રૂપિયા કાં તો પી.એ.ને આપ્યા હોય અથવા ડ્રાઈવર પાસે હોય. શેઠે પોતાના પી.એ. પાસેથી રૂપિયા માંગ્યા. આથી તેણે ૧૦૦-૧૦૦ રૂા.ની બે નોટ શેઠને આપી. શેઠે એક નોટ શેઠાણીને આપી જ્યારે બીજી નોટ ગજવામાં મૂકી. પણ ગજવામાં મૂકતાં પહેલાં તેમની ચકોર આંખોએ નોટ પર લખાયેલા શબ્દો વાંચ્યા – “ઘરની બચતનાં.”

અને તે વાંચતાની સાથે તેમનું મન આ માદક વાતાવરણમાંથી નીકળી ભૂતકાળમાં ડોકિયું કરવા લાગ્યું. ભૂતકાળ ઘૂમરીઓ લેવા લાગ્યો અને થોડી ક્ષણો માટે ભૂલી ગયા કે તેઓ પાર્ટીમાં છે. તેમને તેમનો ભૂતકાળ યાદ આવવા લાગ્યો. તેઓ એક ગરીબ પરિવારમાં જન્મ્યા હતા. બાળપણમાં જ પિતાનો દેહાંત થઈ ગયો હતો. માએ ઘણી મુશ્કેલીથી તેમનો ઉછેર કર્યો હતો. લોકોનાં ઘરકામ કરી તેમને ભણાવ્યા હતા. એ ત્યારે ફક્ત સુમન હતા. ભણવામાં હોશિયાર હતા એટલે માએ કૉલેજમાં દાખલ કરાવ્યા. પૈસાની ખૂબ તંગી હતી. કૉલેજ જતી વખતે બસના ભાડાના પૈસા પણ તેમની પાસે નો’તા રહેતા. ચાલીને કૉલેજ જતા.

શેઠ વિચારોમાં ડૂબેલા હતા ત્યારે, ‘સુમન શેઠ! હવે અમને રજા આપો. પાર્ટીમાં બહુ મજા આવી.’ આમંત્રિત મહેમાનો રજા માગતા હતા. શેઠ એક ક્ષણમાં ભૂતકાળમાંથી વર્તમાનકાળમાં આવી ગયા. શેઠ હસી હસીને મહેમાનોને વિદાય આપવા લાગ્યા. પણ શેઠના હાસ્ય પાછળ દુઃખ છુપાયેલું હતું.

પાર્ટી પૂરી થતાં શેઠ તથા શેઠાણી ઘરે આવવા કારમાં બેઠાં. મનને પણ હાથ જોડીને રજા માગી. શેઠે ડોકું હલાવી તેને પણ જવાનું કહ્યું. મનન જઈ રહ્યો હતો ત્યારે તેની પીઠને શેઠ જોઈ રહ્યા.

તે રાતના શેઠને ઊંઘ ન આવી. એ ૧૦૦/- રૂા.ની ચીમળાયેલી નોટ તેમની આંખો સામે દેખાઈ રહી હતી. જ્યારે કૉલેજમાં ભણતા હતા ત્યારે કૉલેજની કેન્ટીનમાં ચા-નાસ્તાના પૈસા પણ નો’તા રહેતા. પણ અભ્યાસમાં ખૂબ ધ્યાન આપી, સારા માર્કસથી પાસ થયા. માની ખુશીનો પાર ન રહ્યો. તેની મહેનત સફળ થઈ હતી.

અને ગ્રેજ્યુએટ થયેલો સુમન નોકરીની તપાસ કરવા લાગ્યો. એક ઓળખીતાએ તેને ચીમન શેઠને મળવાનું કહ્યું તથા ભલામણ ચિઠ્ઠી પણ લખી આપી. નોકરીમાં ઈન્ટરવ્યુ આપવા જ્યારે સુમન ઘરેથી નીકળવાની તૈયારી કરતો હતો ત્યારે પૉકેટમાં બસના ભાડાના પૈસા પણ નો’તા. ત્યારે માએ એક જૂનો ડબ્બો ખોલી, એક ૧૦૦/- રૂા.ની જૂની નોટ આપતાં કહ્યું કે, ‘બેટા! આ બચતની છેલ્લી નોટ છે. હવે મારી પાસે કાંઈ નથી.’

સુમન ચીમનશેઠની ઑફિસે પહોંચ્યો. શેઠે તેનાં સર્ટિફિકેટ તથા માર્કશીટ વગેરે જોયાં.

‘આ પહેલાં ક્યાંય કામ કર્યું છે?’

‘ના શેઠ, પહેલીવાર નોકરી માટે નીકળ્યો છું.’

‘ઘરમાં કોણ કોણ છે?’

‘ફક્ત મા છે. પિતાજીનું અવસાન થઈ ગયું છે.’

‘તારો અનુભવ બિલકુલ નથી. તને કેવી રીતે કામ સોંપું?’

‘શેઠ! ચિંતા ના કરો. ટૂંક સમયમાં બધું કામ શીખી લઈશ, તથા ધગશ અને પ્રામાણિકતાથી કામ કરીશ. મહેનતમાં પાછો નહીં

*મનુષ્યે કરેલાં શુભાશુભ કર્મોનાં ફળ અવશ્ય ભોગવવાં જ પડે છે.*

પડું.'

થોડીવાર ચીમનશેઠ તેને જોતા રહ્યા. દૂબળું - પાતળું શરીર, સાવ સાદાં કપડાં.... પણ મોઢા પર તેજ હતું. પાણીદાર આંખો હતી. ચહેરા પર ખુમારી હતી. અને શેઠે સુમનને નોકરીમાં રાખી લીધો.

નોકરીમાં મહિનો પૂરો થયો. જ્યારે પહેલો પગાર માના હાથમાં આપ્યો ત્યારે માની આંખમાં આંસુ આવી ગયાં હતાં. તેમની મહેનત સફળ થઈ હતી.

દિવસો વીતતા ગયા. સુમન પોતાની કુશળતાથી તથા પ્રામાણિકતાથી શેઠનો કારોબાર વિસ્તારતો ગયો. સુમન, શેઠનો વિશ્વાસપાત્ર બની ગયો.

અને એક દિવસ...

'સુમન?'

'જી શેઠ!'

'અહીં આવ તો...'

સુમન શેઠ પાસે ગયો.

'તારા પરિવારમાં કોણ કોણ છે?'

'ફક્ત મા જ છે, બીજું કોઈ નથી.'

'જો તને વાંધો ન હોય તો મારી દીકરી સીમાનો હાથ તને સોંપવા માગું છું. તેની માનું નાનપણથી અવસાન થઈ ગયું છે. મેં તેને મા-બાપ બંનેના સંસ્કાર આપ્યા છે અને મારી એકની એક દીકરી છે.'

સુમન અવાક્ થઈ ગયો. તેની વિચારશક્તિ કામ કરતી બંધ થઈ ગઈ હતી. તે કાંઈ બોલી ન શક્યો.

'હું કાલે તારી મા ને મળવા માગું છું' શેઠે કહ્યું.

અને બીજા દિવસે શેઠ સુમનના ઘરે ગયા. સુમને તેની માને આ વાત કરી નો'તી. શેઠ પ્રવેશીને જોઈ રહ્યા. એક નાની ઓરડી તથા રસોડું. ઘરમાં કાંઈ ફર્નિચર નહોતું. સાવ સાદું હતું. આ જ સુમનની મિલકત હતી.

ચીમનશેઠે સુમનની મા ને કહ્યું, 'બેન! તમારા આંગણે આશા લઈને આવ્યો છું.'

'ભાઈ! અમે તો સામાન્ય માનવ. અમારી શું હેસિયત, કે તમારી આશા પૂરી કરી શકીએ?'

'બેન! તમારી પાસે ધનદોલતની કમી હશે પણ સંસ્કારિતાનો મોટો વારસો છે. તમે જે છોડને પ્રામાણિકતા તથા સંસ્કારથી સીંચ્યો છે, એ જ તમારી મોટી મૂડી છે.'

'હું સમજી નહીં.'

'બેન! મારી દીકરી સીમા માટે સુમનનો હાથ માંગવા આવ્યો છું. સીમા મારી એકની એક દીકરી છે. તેની મા નથી. સીમાને તમારામાં માના દર્શન થશે અને તે આશાએ આવ્યો છું.'

સુમનની મા પણ અવાક્ થઈ ગયાં હતાં. આવા કરોડપતિ શેઠની દીકરી માટે સુમનનું માગું.... અશક્ય... આ તો કલ્પના બહારની વાત હતી.

તેમણે શેઠને કહ્યું, 'શેઠ! તમારો આભાર કે તમે તમારી દીકરી માટે સુમનને યોગ્ય ગણ્યો. પણ ક્યાં અમે અને ક્યાં તમે? તમે અમારું ઘર તો જોઈ લીધું. શું તમારી દીકરી આમાં રહી શકશે?'

'બહેન, ચિંતા ના કરો. મારો બીજો બંગલો અમારા બંગલાની બાજુમાં છે. લગ્ન પછી તમો સર્વે તેમાં રહેજો. સીમા પણ ત્યાં રહેશે. એને પણ કોઈ અગવડ નહીં પડે. તમે સીમાને દીકરીની જેમ સાચવશો તેવી મને ખાતરી છે.'

સુમનની મા ચૂપ થઈ ગયાં. આવું માગું સામેથી આવતું હોય તો સુમનનાં ભવિષ્ય ખાતર સ્વીકાર કરી લેવો જોઈએ. સુમન અભાવવાળી જિંદગીમાંથી બહાર આવશે અને તેનું ભવિષ્ય બનશે.

અને તેમણે હા પાડી દીધી. થોડા દિવસોમાં લગ્ન લેવાણાં. સુમનમાંથી સુમનશેઠ બની ગયા. બધા ચીમનશેઠના બીજા બંગલામાં રહેવા લાગ્યા. ધીમે ધીમે ચીમનશેઠે પોતાનો સંપૂર્ણ કારોબાર સુમનશેઠને સોંપી દીધો.

દિવસો વીતતા ગયા. સુમનશેઠ ધંધામાં વ્યસ્ત થઈ ગયા. સમાજમાં માન અને પ્રતિષ્ઠા વધતાં ગયાં. કાર્યક્રમોમાં તેમને પ્રમુખ બનાવવા સંસ્થાઓમાં હોડ લાગવા માંડી. સુમનશેઠની, સીમા સાથે વિદેશની ટૂરો થવા લાગી.

પણ તેમની માને બંગલામાં નો'તું ગમતું. તેમને ગામડાનું પોતીકું ઘર યાદ આવતું હતું. અને સુમનશેઠની સમજાવટ બાદ પણ તેઓ ગામડે ચાલ્યાં ગયાં. સુમનશેઠ પણ ધંધામાં એટલા ડૂબી ગયા હતા કે માની યાદ ઝાંખી થતી ગઈ. તેમને પોતાનાં ધંધાદારી કાર્યો માટે આસિસ્ટન્ટની જરૂરત લાગવા માંડી અને ઓળખીતાઓને, કોઈ સારો, બાહોશ યુવક નજરમાં હોય તો તેને મોકલવા માટે કહ્યું.

...અને એક દિવસ... ૫-૬ મહિના પહેલાં એક દૂબળો પાતળો યુવક તેમની સામે ઊભો હતો. સાધારણ કપડાં... પાણીદાર આંખો, અને સાવ સામાન્ય પરિવારનો. પિતા રિટાયર થઈ ગયા હતા. ઉપરાંત મા તથા નાની બહેન. મા ટ્યૂશનો કરીને ઘરનો ખર્ચો ચલાવતી હતી. બહેન ૧૨મા ધોરણમાં હતી. નોકરીની સતત જરૂરત હતી. નામ હતું — મનન.

અને શેઠને તેના પર વિશ્વાસ બેઠો. પોતાના પી.એ. તરીકે રાખી લીધો. તે પણ ખંતથી કામ કરતો હતો. મહેનતુ હતો. શેઠને ધીમે ધીમે તેના પર વિશ્વાસ બેસવા લાગ્યો. અને કામની જવાબદારીઓ વધારતા ગયા. સુમનશેઠને મનનમાં પોતાનો ભૂતકાળ દેખાણો.

*મન શાંત ન રહે તો કોઈ વાંધો નહીં, જીભ શાંત રહે એટલે બસ.*

સુમનશેઠને માની યાદ ઝાંખી થઈ ગઈ હતી. પણ આ જૂની ચીમળાયેલી નોટે તેમને એક ઝટકામાં ભૂતકાળમાં ધકેલી દીધા. માએ કરેલા ત્યાગો તેમની નજર સામે દશ્યમાન થયા... તે રાતના તેમને ઊંઘ ન આવી.

અને સવારમાં સીમા શેઠાણી ઊઠ્યાં ત્યારે શેઠ ઘરમાં નો'તા. બહાર ચાલ્યા ગયા હતા. તેમની કાર ગામડા તરફ દોડી રહી હતી – માને મળવા.... નજર સમક્ષ ૧૦૦/-ની ચોળાયેલી નોટ ચક્કર ચક્કર ફરી રહી હતી. કાર પૂરપાટ દોડી રહી હતી અને જ્યારે ઘર નજીક પહોંચવાની તૈયારીમાં હતી ત્યારે શહેરમાં તેમની ઑફિસનું કામકાજ શરૂ થઈ ગયું હતું અને જનરલ મેનેજરે મનનને બોલાવી, અભિનંદન આપતાં, પ્રમોશન લેટર આપ્યો. તેને પી.એ.માંથી મેનેજરનું પ્રમોશન આપવામાં આવ્યું હતું તથા પગારમાં પણ વધારો કરવામાં આવ્યો હતો.

મનનનું મગજ બહેર મારી ગયું. આવું પ્રમોશન મળશે તેવી તેને કલ્પના પણ નો'તી. તેના ચહેરા પર ખુશીઓ દોડવા લાગી. મા-બાપને જ્યારે ખબર મળશે ત્યારે કેટલાં ખુશ થશે! સુમનશેઠનો અંતરથી આભાર માન્યો.

સાંજના ઑફિસેથી નીકળ્યો ત્યારે જલદીથી ઘરે પહોંચી જવું હતું. મા-બાપને આ ખુશખબર આપવા તેનું મન ઊછળી રહ્યું હતું. પણ તેને ખ્યાલ નો'તો કે આ ચમત્કાર થવાનું કારણ તેને માએ આપેલી રૂા. ૧૦૦/-ની ચોળાયેલી નોટ હતી, જે ઘરની બચતમાંથી કાઢીને માએ આપી હતી. જેમાં માના આશીર્વાદ છુપાયેલા હતા. આ નોટે તેનું ભવિષ્ય બદલી નાખ્યું. ■

*ચીજવસ્તુઓ બનાવવી પણ તેને પાળવી નહીં,*
*સર્જન - ઉત્પાદન કરવું પણ તેનો કબજો ના મેળવવો,*
*કાર્ય કરવું પણ પોતાની કાર્યશક્તિ પર ફિદા ન થવું*
*આગળ ચાલવું પણ સૂત્રધાર બની ન જવું*
*આ જ ગહન અને ગુપ્ત સદ્‌ગુણ છે.*

**સૌજન્ય : "તાણાવાણા – ૧૨"**

*અરમાનો અંતરમાં જ રહી જાય છે*
*સપનાંઓ પાંપણોમાં શમી જાય છે.*
*વાદળી વરસ્યા વગર વહી જાય છે*
*ને આંખડી તરસી સૂકાઈ જાય છે.*
*તારું હસવું મને તો ગમી જાય છે*
*તારું હસવું સપનાંઓ રચી જાય છે.*

**સૌજન્ય : "ભણતરનું ભાવજગત"**


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

## J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***


| MUMBAI OFFICE | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

| PUNE & OTHER MAHARASHTRA OFFICE | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

| GUJARAT OFFICE | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

| UTTAR PRADESH OFFICE | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |


*અન્યાય દ્વારા મેળવેલું ધન દસ વર્ષ ટકે છે. તે પછી એ ધન સમૂળગું નષ્ટ થઈ જાય છે.*



# દેવદૂત

● નીતા જોશી ●

વળી પાછી એની ચિંતામાં વધારો થયો. આ પ્રશ્ન, એનો કેમે કરી કેડો મૂકતો નથી.

એના મનમાં અનેક વિચારો ઘૂમરાઈ રહ્યા હતા. આ કારમી મોંઘવારી આમ આદમીને બેહાલ કરી મૂકશે. ડેલીમાંથી બહાર પગ મૂકતાંની સાથે જ સઘળી વેદનાઓ તેને ઘેરી વળતી. અને એજ કારમી વેદનાઓ જાણે તેને ભીંસી રહેતી. થોડું ચાલવા માંડ્યું કે સાથે જ તેના નાના ભાઈની સ્થિતિ, માંદગીના વિચારો પણ તેને હચમચાવી મૂકતા. હાલમાં જ તેનો મોટો ભાઈ પણ હાર્ટએૅટેકથી આ ફાની દુનિયા છોડી ચાલી નીકળ્યો તેનો આઘાત! આ સઘળી વેદનામાંથી કાંઈક શાંતિ મેળવવા તે ફરવા ચાલી નીકળ્યો. પણ પરિસ્થિતિના વિચારો.... તેનો કેડો કેમ મૂકે?

શહેર નજીક હનુમાનજીનું મંદિર ઓળંગી આગળ વધ્યો. ખુલ્લા મેદાનમાં આવી પહોંચ્યો. ત્યાં જ તેને થયું, આ વખતે વરસાદ ખેંચાયો છે. એટલે પરિસ્થિતિ હજુ કેટલી વકરશે? ગરીબ માણસ માટે જીવવું હજુ વધુ દોહ્યલું થશે.

ત્યાં તો પોતાની બાજુમાં રહેતા ગામના લાલજી બાપા યાદ આવ્યા. તેમનાં વહુ ટબીમા પણ કેવાં દિલાવર. વતન પ્રેમી કે કચ્છી લોક કવિની કવિતા સમાં....

*'શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,*
*ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારેમાસ...*

આમ શિયાળે, ઉનાળે ધરા સૂકીભઠ્ઠ ઉજ્જડ ભાસતી ભોમકા, જેવા મીઠડા મે વરસે ને મીઠી ભોમકા વરણાગી આણાત જેવી અલબેલી લાગે. બહોળા ધાનવાળી ધરતી માતા અન્નપૂર્ણા સમી દયાળુ દીસે એવાં અમારાં ટબીમાં જેમ વરસાદ પછી જાણે લીલીછમ ભોમકા લીલું ઘરચોળું ઓઢીને પરણેતર જેવાં નમણાં, જેને દીઠે નયણ ઠરે એવી ધરતી સમાં નાજુક દીસતાં. જાણે આભમાંથી ઘુમટો ઉઘાડી સૂરજી ડોકિયું કરે તેવો તેમનો ઘાટ. અનોખાં રૂપાળાં ઘાટીલાં અંગોની નમણાઈ જાણે દીનાનાથ નવરો હશે તે દિવસે તેમને ઘડ્યાં હશે... એવાં ટબીમા પરણી કંકુ પગલાં કરી ઘરમાં પ્રવેશ્યાં ત્યારે જાણે લક્ષ્મીનો સાક્ષાત્કાર થયો હોય તેવું ઘર ભાસતું હતું. ટબીમાંના આવ્યા પછી લાલજી બાપાના જાણે ગયા દી પાછા વળ્યા હોય એમ આખું કુટુંબ માનતું હતું. ટબીમા માત્ર શોભણાં નહીં પણ તેમાં ગૃહિણીને શોભતાં દરેક ગુણ હતા. પછી તે આતિથ્ય સત્કારમાં કે ધાર્મિક કામમાં તે ક્યારે પાછું વળીને ન જુવે. ગામમાં લાલજી બાપા પણ સરપંચ જેવો હોદ્દો ધરાવતા. તેમના બાપા નગરશેઠ કહેવાતા. એટલે ગામમાં જ્યારે પણ કોઈ નવી વ્યક્તિ આવે, તે પછી અમલદાર હોય કે સાધુ સંત, તેમનું જમણ લાલજી બાપા ને ત્યાં જ હોય. તે ગામમાં અમલદાર કે નોકરિયાત વ્યક્તિ બરાબર ગોઠવાઈ ન જાય ત્યાં સુધી માત્ર લાલજી બાપા નહીં પણ ટબીમા પણ સંતાન સરીખું ભાવ - પ્રેમ આપી તેમનાં કુટુંબને ક્યાંય તકલીફ ન પડે તેની ખાસ કાળજી રાખતાં. આમ આખું કુટુંબ નીતિવાળું. લાલજી બાપાના કુટુંબમાં બે દીકરા અને એક દીકરી. તેઓ પણ શહેરમાં ભણી-ગણી સ્થાઈ થઈ ગયેલા. વર્ષમાં એકાદવાર લાલજી બાપા અને ટબીમા દીકરા - દીકરીને ઘેર ફરી આવે. હવે તો તેઓ પણ અવસ્થાને કારણે જવાનું ઓછું કરતાં. દીકરાઓ પણ તેમને ત્યાં રહેવાનો આગ્રહ ખૂબ કરતાં. વહુઓ પણ પડ્યો બોલ ઝીલતા. પણ ટબીમા અને લાલજી બાપા એક જ વાકયમાં કહેતાં, 'જ્યારે અંગ નહીં ચાલે ત્યારે તમારી પાસે જ આવશું.' આમ આખું કુટુંબ સંસ્કારી ખાનદાન તરીકે પંકાતું. લાલજીબાપાનો મોટો દીકરો અસલ સ્વભાવે પિતા પર ગયેલો. તેની પાસેથી કોઈ પણ ખાલી હાથે જાય નહીં.

વિચારોની મથામણમાં થોડુંક આગળ ચાલ્યો, ત્યાં ઝૂંપડપટ્ટી વિસ્તાર શરૂ થયો. ત્યાંથી થોડે દૂર અનાથાશ્રમ, ગાયોની પાંજરાપોળ – બંને અનાથ બાળકો અને મૂંગાં પશુઓનું આશ્રય સ્થાન! જ્યાં ઓશિયાળા ચહેરાઓની કેટલીયે યાતના જાણે ભૂકંપ, અતિવૃષ્ટિ કે સાઈક્લોન જેવી કુદરતી આફતોએ કે દુષ્કાળે સર્જેલી બેહાલીનો ચિતાર...!

શાંતિ મળવાની આશા ઠગારી નીવડી. પાછા ફરતાં તેણે કાચા રસ્તે નહીં પણ પાકી સડક પરથી જવા નિરધાર કર્યો. પગની સાથે મનની ગતિ પણ ચાલુ રહી. ત્યાં ફરી માનસ પર પાછું

*માણસનું મન સ્વર્ગને નરકમાં અને નરકને સ્વર્ગમાં ફેરવી શકે છે.*

ભૂતકાળના વિચારોમાં મન પાછું બેચેની અનુભવવા લાગ્યું. ત્યાં રસ્તામાં સમાચાર મળ્યા કે લાલજીબાપાનો દીકરો પ્રશાંત પણ અહીં શહેરમાં બાજુની કોલોનીમાં રહેવા આવેલ છે. તેના સ્વભાવમાં ઋજુતા અને મૃદુતાનો સુભગ સમન્વય. તેની કામ કરવાની ચીવટ તથા કાર્ય પદ્ધતિ પણ સૌના હૃદયે સ્પર્શે એવી આગવી. તેની મૃદુવાણી અને મધુર સ્મિત જાણે વિરાસતમાં મળી ન હોય! આંતર વૈભવથી મ્હોરી ઉઠેલો દિલાવર દિલનો ભાવનાશીલ. તેના ખોરડે મહેમાનો ક્યારે સુકાતાં સંભળાય નહીં. તે માત્ર પોતાના માટે નહીં પણ ભાઈબંધ દોસ્તોને પણ એવા જ અંતરના ઉમળકાથી આવકારે. વીરેન્દ્રને થયું, તેને મળી આવું. તેણે પગને તેનાં ઘર તરફ વાળ્યા.

ને... ડોરબેલ વાગી.... પ્રશાંતે બારણું ખોલ્યું ને પોતાનો બાળપણનો દોસ્ત વીરેન્દ્ર... અરે! વીરેન્દ્ર તું અહીં? હા...! હવે ગામમાં બહુ કામ-ધંધા છે નહીં એટલે અહીં શહેરમાં કોઈ કામ કરી આગળ વધશું - બાજુની કોલોનીમાં હાલ ભાડે રહું છું. તેથી થયું ચાલ પ્રશાંતને મળી આવું. સારું, કાંઈ કામકાજ હોય તો જરૂર જણાવજે. જરૂર... ચા-નાસ્તો કરી બન્ને છૂટા પડ્યા. ચાલો, આવજે....

વીરેન્દ્ર પણ કામકાજે આગળ વધતો જાય. તેમ તેની પત્ની પણ ઘરમાં બેસી રહે તેવી નહીં. બને તેટલું બે પૈસા ઊભા કરવાની હામ રાખે. તે ફૉલબિડીંગ, વેફર, ટ્યૂશન ભણાવવા જેવાં કામ કરી પતિને બનતી મદદ કરતી. જોતજોતામાં ૧૧ મહિના થયા ને મકાન ખાલી કરવું એવો શહેરનો શિરસ્તો. વળી બીજે ભાડે રહેવા જવું. આમ તો બન્ને માણસ ખંતથી મહેનત કરે ને પોતાના દીકરાને ભણાવે. તેઓ બંને વિચારતાં, કાલે દીકરો મોટો થઈ જશે ને આપણા સુખના દિવસો આવશે. આમ કરતાં કરતાં શહેરમાં પાંચ વર્ષ થઈ ગયાં. દર અગિયાર મહિને મકાન ખાલી કરવું પડે, તે સિવાય બીજું દુઃખ શહેરમાં નહીં. બાકી તો આધુનિકતાના અજગરે અનેકને ભરડામાં તો લીધા જ છે. વીરેન્દ્ર પોતાની પત્નીને ઘણીવાર કહેતો, આપણું ઘરનું ઘર અહીં ક્યારે થશે?

જમીનના ભાવ.... ને એક નિસાસો નંખાઈ જતો. રોજથી અલગ આજે વીરેન્દ્રનો ચહેરો ઉદાસ હતો. પત્નીએ પૂછ્યું, કંઈ ભાર છે? ચિંતામાં છો? આજે ઉદાસ કેમ છો? તમારો ચહેરો ઊતરેલો લાગે છે. ત્યારે તેણે માંડીને વાત કરી કે મકાન માલિકને મકાન વેચવું છે. તેણે કહ્યું કે કાં તો મકાન આવતા માસે ખાલી કરી આપજો, ને તમારે વેચાતું જોઈએ તો એ પ્રમાણે મને કહેજો. આપણે બન્ને દાગીના કે ફિક્સ ડિપોઝિટ ભેગી કરીએ તો પણ માંડ એક લાખ સુધી થાય. ત્યાં મકાન કઈ રીતે લેવાય? આ વાત સાંભળતા, તેની પત્ની સરલા પણ ધ્રાસ્કો પામી. હેં? શું વાત કરો છો? ફરીથી એજ કડાકૂટ... હવે શું કરીશું? માથે ચોમાસાના દિવસો છે. મકાન ભાડે ક્યાં ગોતશું? એકાદ માસમાં ખાલી કરવાનું તો છે જ. તો થોડો-થોડો સામાન બાંધવો તો પડશે જ. હું બાજુમાંથી ડિસમિસ લઈ આવું. સરલા વિચારવા લાગી. ફરીથી એજ પંખા - ટ્યૂબલાઈટ વગેરે ખોલવાની પાછી કડાકૂટ. ત્યાં જ પ્રશાંતભાઈ આવ્યા ને સરલાભાભીને ઉદાસ ચહેરે જોઈ પૂછ્યું, ‘કેમ ભાભી, આજે ઉદાસ છો? વીરેન્દ્ર નથી?’ ત્યારે તેણે માંડીને વાત કરી. ત્યાંજ પ્રશાંતભાઈએ હસીને કહ્યું, ‘બસ આટલી જ વાત! આ ભાઈબંધી ક્યારે કામ લાગશે? મકાન માલિક કેટલા કહે છે? તમારી પાસે થોડા જે નીકળે તે રૂપિયા ને બાકી હું બેઠો છું. તમારી જ્યારે સગવડ થાય ત્યારે તે રીતે આપજો. વ્યાજ નહીં લઉં. સોદો કરી નાખીએ.’ પ્રશાંતભાઈએ તરત ફોન કરી મકાન માલિકને બોલાવી સોદો ફાઈનલ કરી નાખ્યોને સુથીના રૂપિયા આપી દીધા. ત્યાં જ વીરેન્દ્ર ડિસમિસ લઈ ઘેરે આવ્યો. મકાનમાં પ્રવેશતાંજ સરલાએ માંડીને વાત કરી. આ મકાન આપણે ખરીદ્યું છે.

આજે સાચે જ વીરેન્દ્રને પ્રશાંત દેવદૂત લાગ્યો. ■


*શરીરમાં લોહી એની મેળે ફરતું રહે છે, શ્વાસ એની મેળે લેવાતો રહે છે, ખોરાક એની મેળે પચતો રહે છે અને છતાં મને એમ લાગી રહ્યું છે કે આ શરીરને હું જ ટકાવી રહ્યો છું!*

*કોણ સમજાવે મારા મનને કે આ જગતમાં ફેંકી દેવા જેવી કોઈ એક જ મૂડી હોય તો એ મૂડીનું નામ છે, ‘અહંકાર!’*

*રસોઈમાં મીઠું ન હોય તો રસોઈ બે-સ્વાદ લાગે પણ કડવી ન લાગે. ગાડીમાં પેટ્રોલ ન હોય તો ગાડી આગળ ન ચાલે પણ ખાડામાં ન જાય. ઘરમાં ફર્નીચર ન હોય તો ઘર શોભાવિહીન લાગે પણ સ્મશાનતુલ્ય ન લાગે. પણ સુખ સાથે જો સદ્‌બુદ્ધિ ન હોય તો એ સુખ જીવનને કડવું વખ પણ બનાવી દે, પતનની ગર્તામાં પણ ધકેલી દે અને જીવનને સ્મશાનતુલ્ય પણ બનાવી દે. સાવધાન!*

તીર્થ પટ
**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**
**જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર**
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
**Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761**

*ઉત્તમ પુસ્તક તમે ફરી ફરીને વાંચશો તો પુસ્તકમાં તો તમને કંઈ નવું દેખાય, પણ તમારા પોતામાં દેખાશે.*



# મારી 'સાંવલી' ઘરોઘર જીવે છે

• હસમુખ અબોટી 'ચંદન' •

અખબારના પ્રથમ પાને ગીધની તસવીર નીચે - 'લુપ્તતાના આરે પહોંચેલાં ગીધ પક્ષીઓ' વાંચી, મને ભૂતકાળે આશ્લેષે લઈ અને રીતસરનો ઢંઢોળવા મંડી પડ્યો.

હું ત્યારે નવ વર્ષનો હતો. મને પ્રિયમાં પ્રિય મારાં દાદી અને અમારી સાંવલી લાગતાં. આ બે પ્રત્યે મને ખૂબજ આસક્તિ રહેતી.

દાદીએ મને બાથી પણ વિશેષ પ્રેમ આપેલો. તેઓ ભલે અમારાં સગાં દાદી ન હતાં, સંબંધમાં મારા પિતાજીનાં ભાભી થતાં હતાં પરંતુ અમે સૌ 'બા' કહી સંબોધતા. બાનાં ચૌદમે વર્ષે લગ્ન થતાં જ તેમનાં ચાંલ્લો ચૂડી તૂટ્યાં હતાં. તેઓએ જ નવ નવ ભાંડુઓને ઉછેરી અમને મોટાં કરેલાં. સાથે-સાથે બા દરરોજ પાંજરાપોળમાં વાસીદું કરવા જતાં, અન્નક્ષેત્રના રોટલા બનાવતાં અને પારકાં દરણાં દળતાં. મારી માતાને 'બાઈ' બાએ જ મને સાંવલીના ગુણ કહી સંભળાવેલા.

'સાંવલી' તો સાંવલી જ હતી. સાંવલી એટલે એવો પ્રેમાળ જીવ; તેની નજીક કોઈ પણ વ્યક્તિ અથવા જાનવર જઈ શકતું. તે ક્યારે પણ શિંગડાં ન ઉલાળે. બા કહેતાં - 'આ સાંવલી ત્રણ વખત વિયાઈ છે. પ્રસૂતિ સમયે પણ કોઈને રંજાડ્યાનું મને યાદ નથી.' પાડોશીઓ તેને 'શબરી' કહીને પણ બોલાવતાં. વાર-તહેવારો કે પછી શુભ દિવસે તેના ગૌમૂત્રની ભારે માંગ રહેતી. અમારા બ્રાહ્મણો તો તેનું પૂંછડું આંખે અડાડી ધન્ય બનતા.

તે વખતે મને ગામની આખી ભૂગોળનો ખ્યાલ. દરેક મહોલ્લો, શેરી અને પાદરનો હું ભોમિયો હતો. રજાના દિવસોમાં બે-ત્રણ વખત ગોવાળની સાથે ધણમાં ગયેલો, એટલે ધણ કયા સમયે ક્યાં હશે તે ગમે ત્યારે કહી શકતો. શ્રીકૃષ્ણને ગાય પ્રિય તેથી મને કૃષ્ણ વહાલા લાગે. આમ તો બાલસંસ્કાર કેન્દ્રમાં ઘણાં શ્લોકો અમારા ગુરુજી સ્વ. વિઠ્ઠલજી જીવરામ ગોર શીખવતા, પણ બે શ્લોક આજ દિન સુધી ભૂલી શક્યો નથી. એક 'આયુર્બલં યશો વર્ચ...' અને 'ગાવો મે અગ્રતઃ સન્તુ ગાવો મે સન્તુ પૃષ્ઠતઃ ગાવો મે હૃદયે સન્તુ ગવાં મધ્યે વસામ્યહમ્.' જ્યારે જ્યારે કોઈ ચિત્રમાં શ્રી કૃષ્ણને ગાય સાથે જોઉં છું ત્યારે અદ્દલ મારી સાંવલી યાદ આવી જાય છે. તેને રામની શબરી કહેવી કે પછી કૃષ્ણની કામધેનુ કહેવી એ આજ દિન લગી નક્કી નથી કરી શક્યો. એક વાત ચોક્કસપણે કહી શકું, તે વખતના કપરા દિવસોમાં સાંવલી જ અમારા માટે આશીર્વાદરૂપ બની શકી હતી.

સાંવલીના લીધે હું એક વખત બીમાર પડી ગયેલો એ બરોબર યાદ છે. વાત જાણે એમ હતી કે ધણમાં અન્ય ગાય સાથે એક આખલાની લડાઈ જામી. આખલાના શિંગડાંની પક્કડમાંથી પેલી ગાય છટકાવી ગઈ. શિંગડાં ઉલાળતો અને દોડતો દોડતો તે સામે ચરતી સાંવલીના પાછળના ભાગમાં પોતાનું અણિયાળું શિંગડું ભરાવી દીધું. શિંગડું બરોબર તેના પાછલા બે પગની વચ્ચોવચ ભરાઈ ગયું. લોહી નીંગળતી હાલતમાં બેહોશ થઈ પડી ગઈ. ગોવાળે ભાનમાં લાવવા બધા ઉપાયો કર્યા. મોડે-મોડે ભાનમાં આવતાં ગોવાળ તેને નિયત સમય પહેલાં જ ઘરે લઈ આવ્યો. પશુચિકિત્સક ધીરુભાઈ ડાભી આવ્યા. ઈલાજો થયા. મેં તેની આંખમાંથી સતત ટપકતાં આંસુઓ જોયાં. શિંગડું ભરાયાની જગ્યા એટલી ઊંડી હતી કે કોઈ પણ જોનારને કંપારી છૂટી જાય. હું પણ તેની પીડા જોઈ શક્યો નહિ. તેને કંઈ કરતાં કંઈ જ ન થાય તે વાસ્તે મેં માનતા રાખી. વેદનાથી ગાય બેસી શકતી ન હતી. સાંજના વખતે મને તાવ ચડી આવ્યો. તેની શરૂઆતની સેવા-ચાકરીના કારણે હું આઠેક દિવસ સુધી લેશન કરી શક્યો નો'તો અને નિશાળમાં કલાકો સુધી અંગૂઠા પકડવાનું આજે પણ સ્મરણમાં છે.

છ મહિના પછી અમારા ઘર માટે શુભ દિવસો આવ્યા. એક સાંજે ગોવાળે બાપુજીને સાંવલી ગાભણી થયાના સમાચાર આપ્યા. તે ચોથા વિયાની મા થવા જઈ રહી હતી. હવેથી તેને દાણા અને થોડો-ઘણો લીલો ચારો આપવામાં આવતો હતો. દરરોજ મારો નાનકડો હાથ તેના પર ફરે. તે માથું હલાવી રાજીપાના સંકેત આપે. હું નાના બચ્ચા વિશે રોજ કલ્પના કર્યા કરું.

સવારે સાંવલીને ખીલે ન જોતાં ઉદાસ થઈ ગયેલો. મારું વીલું મોઢું જોઈ બાએ પ્રશ્ન કર્યો - 'કેમ હસુ, આજે તું કેમ

*ભવિષ્યની ચિંતા કર્યા વિના વર્તમાન પર જે ધ્યાન આપે છે તેને સફળતા મળે છે.*

ઉદાસ છો?' મેં માથું નકારમાં ધુણાવી ચલતી પકડું ત્યાં બા ફરી બોલ્યાં - 'સવારે સાંવલીને ખંજવાળી નથી એટલે ને? પણ, આજે તેને વે'લી ધણમાં મૂકી દીધી છે. ઠાકોરજી કરશે તો આજે પોતાની સાથે બચ્ચાને પણ લાવશે. પછી તો રાજી ને?' વાત સાંભળી મેં સહસા પ્રશ્ન પૂછી નાંખ્યો - 'તમને કેમ ખબર પડી હેં બા...?' બાએ જવાબ વાળ્યો - 'ગોવાળબાપા કહેતા હતા એટલે.'

આજે નિશાળે ન ગયો. ગામમાં ધણ જ્યાંથી પ્રવેશ કરે છે તે જગ્યાએ સાંવલીની રાહ જોઈ બેસી રહ્યો. તેના બચ્ચાના અને મીઠા દૂધની કલ્પનાએ ચડી ગયો. તેના પીધેલા દૂધથી હજુ હોઠ સુકાયા ન હતા. તાજા દૂધના ફીણથી બનેલી મારી મૂછો સઘળા સભ્યોમાં હાસ્ય રેલાવતી. ક્યારેક તો બહેનના ભાગનું દૂધ પણ ઝૂંટવી પી જતો. ત્યારે રીતસરનું વાક્યુદ્ધ છેડાતું, જે પછીથી મારામારી સુધી પહોંચતું. બા દૂરથી હાકોટા પાડી કહેતાં : 'ખબરદાર! બહેનને મારી છે તો? જોજે... તારા હાથ થોરમાં ખૂંપી જશે.' આ શબ્દો સાંભળી દૂર થઈ જતો.

હજુ હું ઘેર પગ મૂકું ત્યાં બધું પૂરું થઈ ગયું હતું. સૌના મોઢાં પડેલાં જોયાં. સાંવલીને શૂળ ઉપડેલું ને તે મરી ગઈ! મરી ગઇ શબ્દ સાંભળતાં જ હું રડી પડ્યો. 'ક્યાં ગઈ મારી સાંવલી?' પૂછતાં જ બાઈએ તેની વિગતે વાત કરી. રડમસ ચહેરે હું ગામની બહાર જ્યાં મૃત જાનવરોને લઈ જાય છે તે જગ્યાએ પહોંચી ગયો. આ લોકો મારી સાંવલીને ચીરી રહ્યાં હતાં. તેની આંખો જાણે મારી સામે તાકેલી જણાઈ. તે કશુંક કહેવા મથતી હશે? પણ, હવે શું? મેં તેના પેટમાં નાની વાછલડી જોઈ. હૃદય ભરાઈ આવ્યું. ફરી રડવું આવ્યું. બિચારી સાંવલી અને તેના બચ્ચાને હાથ ફેરવવા આગળ વધું ત્યાં આચુએ મને દૂર ઊભા રહેવા આદેશ આપ્યો. એ વખતે માંડ-માંડ ગુસ્સાને કાબૂમાં રાખી શક્યો. મનમાં બે-ત્રણ અપશબ્દો પણ બોલાઈ ગયા. મોટા થાળમાં તેનું માંસ અને ઉતારેલું ચામડું લઈ આ લોકો ત્યાંથી ચાલ્યા ગયા. ભલા, હવે મારાથી બીજું શું થઈ શકવાનું હતું? સાંવલી આખે આખી ચૂંથાઈ ચૂકી હતી. લોહીથી લથપથ કાયામાં માત્ર તેનું બચ્ચું માની ગોદમાં સોડ તાણી સૂતું હતું. થોડી જ વારમાં ગીધડાં, સમડીઓ, કાગડાં અને કૂતરાં આવી ચડ્યાં. હવે આ રાક્ષસો પણ થોડાં છોડવાનાં હતાં? આવા વખતે જાણે સાંવલી જ ન કહેતી હોય! - 'કાગા! ચુન-ચુન ખાઈઓ, ચુન-ચુન ખાઈઓ માંસ. મત ખાઈઓ મેરે દો નયનાં, મોહે પિયા મિલનકી આશા.

મારા મનમાં કશોક સળવળાટ થયો. એક હાથમાં પથ્થર ઉપાડી, બીજો હાથ ઢીલી ચડ્ડીને પકડી; પથ્થરને ગીધડાં ઉપર ફેંક્યો. તે સણણણ... કરતો એક ગીધની ડોક પર વાગ્યો. ગીધ ગડથોલિયાં ખાઈ ગયું. મારા મોઢાંમાંથી શબ્દો સરી પડ્યા - 'મુઆ, મરી જાવને! તમારી જાતને મારું!!!' થોડાં સમયમાં તો સાંવલી અને તેના બચ્ચાનું ક્યાંય નિશાન ન હતું. બચ્યાં હતાં તો માત્ર ને માત્ર તેના હાડકાં!

આજે પણ સાંવલીનું નામ ઉચ્ચારાય છે ત્યારે બેશક મનોમન તેને શ્રદ્ધાંજલિ અપાઈ જાય છે. જેમ-જેમ મારી સમજ કેળવાતી ગઈ, તેમ-તેમ લુપ્ત થતી આ ગીધની જાત પાસે, ભૂતકાળમાં મેં કરેલ અપરાધ બદલ હું ક્ષોભ સાથે દિલગીરી વ્યક્ત કર્યા વગર રહી શકતો નથી. ■

## સંવાદ – એ સદ્ભાવનો સરળ ઉપાય છે

'આવો મિત્ર, હું તમારું સ્વાગત કરું છું.' આજના વિદ્યાર્થીને આવા ઉદ્ગારોની પ્રતીક્ષા છે. એની સામે અફાટ જીવન છે, અભેદ રસ્તા છે. અડચણોની આબોહવા છે. આ બધાની વચ્ચે એને ઝંખના છે આપણા સદ્ભાવની.

આપણે એટલે કોણ? સૌપ્રથમ મા-બાપ આ શ્રેણીમાં આવી શકે. આપણે માતા-પિતા તરીકે બાળક સાથે દિવસમાં કેટલી વાર સદ્ભાવથી ઉદ્બોધન કરીએ છીએ? જરા ગણતરી કરજો. આશ્ચર્યજનક તારણો મળશે – અર્થાત્ સતત ટોકવું કે ભણતરની બાબતે અનુસરણ કર્યા કરવું એ જાણે આપણી જવાબદારી બની જાય છે. બાળકને મિત્ર માની કે સહપ્રવાસી માની એની સાથે દિલથી ડાયલોગ કરવો એ પણ આવડત છે!

સમાજ વ્યવસ્થા એ આમાં બીજા ક્રમે આવી જાય. આપણે સહુ વિદ્યાર્થીઓને સાહજિક સ્વીકારતા નથી. એ શું ભણે છે? બજારમાં એ ભણતરની શી કિંમત છે? એનાથી એને કયા પ્રકારની રોજગારી મળશે? આવા માપદંડોથી આપણે એને નવાજીએ છીએ. જે ખરેખર એના સમગ્ર વ્યક્તિત્વને ઉજ્જવળ કરવા માટે પૂરતું નથી. સમત્વભાવ અને સત્ત્વશીલ ભાવ જો સમાજ વ્યવસ્થા પાસેથી વિદ્યાર્થીને મળે તો ચોક્કસ એ ખીલી ઊઠે છે.


શિક્ષકો આ પ્રશ્નમાં આવે જ એ સહજ છે. સામાન્ય રીતે વિદ્યાર્થી માટે શિક્ષક તરફથી સમાન ભૂમિકાએ વાત થાય એ બાબત જ અશક્ય લાગે છે – બાળક અને ગુરુજન વચ્ચેની ખાઈ એ સમગ્ર શિક્ષણ જગતની કરુણતા બની જાય છે. તમે તમારા વિદ્યાર્થીને સહજભાવે હાથ પકડી એના પથદર્શક બનો તો એના માટે રસ્તાની ધૂળ પણ ગોધૂલી બની જાય છે. એની ક્ષિતિજો ઉપરનાં સ્વપ્નાં વાદળોની ઘટાટોપ સવારી બની જાય છે.

આપણે સૌ સાથે મળી જો સદ્ભાવથી વિદ્યાર્થીનું દરેક તબક્કે અભિવાદન કરીએ તો આજની તણાવભરી સ્થિતિને ચોક્કસ તરંગમય બનાવી શકીશું.

*– રમેશ ઠક્કર*

*સૌજન્ય : "ભણતરનું ભાવજગત"*

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭



# મા, તમે તો મને પારકી ગણી લીધી?

• નેહા ભાવેશ પારેખ •

'બેટા, તારે તો હજી જીવનની લાંબી મંજિલ કાપવાની છે, તું અમારી જરાય ચિંતા ના કરીશ. અમે તો મા દીકરી અમારા નસીબનું ફોડી લઈશું.' ચંદન બાએ હેતથી વહુના માથે હાથ ફેરવતાં કહ્યું. 'હા, ભાભી! આમ ને આમ ક્યાં સુધી તમે વિધવાનું જીવન જીવશો? હવે, તમારે પણ તમારી જિંદગી વિશે વિચારવાનું હોય કે નહીં!' નણંદ મિનુએ કટાક્ષમાં ભાભીને કહ્યું.

મા-દીકરી બંને દીપ્તિને બીજાં લગ્ન માટે સમજાવતાં હતાં, પણ બંનેની સમજાવવાની રીત અલગ હતી.

વાત જાણે એમ હતી કે ચંદનબેન અને નવીનભાઈને બે સંતાનો હતાં. એમાં મોટો દીકરો પ્રદીપ સ્વભાવે શાંત, સમજુ અને ઠરેલ હતો. જ્યારે નાની મિનુ ચંચળ અને હાજર જવાબી. નાનપણથી જ મિનુને હરવા ફરવા, સાજ-શણગારનો ભારે શોખ. વળી એને કોઈની રોકટોક પણ પસંદ નહીં.

નવીનભાઈના મૃત્યુને આજકાલ કરતાં દસ વર્ષ વીતી ગયાં. એમના પ્રોવિડન્ડ ફંડના પૈસામાંથી ચંદનબાએ બંને સંતાનોને ભણાવ્યાં. વળી જીવન ગુજારવા સાથે સાથે સિલાઈકામ પણ કરતાં. જોત-જોતાંમાં પ્રદીપ ગ્રેજ્યુએટ થઈ ગયો અને એને સારી નોકરી પણ મળી ગઈ અને મિનુ કોલેજમાં આવી ગઈ.

બે વર્ષ પછી પ્રદીપનાં લગ્ન લેવાયાં. વહુ દીપ્તિ પણ ખૂબ જ સુશીલ અને સંસ્કારી હતી. ઘરમાં આવવાની સાથે જ તેને ઘરની બધી જ જવાબદારીઓ હસતા મોઢે સ્વીકારી લીધી. ઘણા સમય પછી ચંદનબાના જીવનમાં સોનાનો સૂરજ ઊગ્યો હતો.

પરંતુ ચંદનબાનું આ સુખ બહુ લાંબો સમય ચાલ્યું નહીં. એક દિવસ ઓફિસેથી આવતાં પ્રદીપના બાઈકનો ટ્રક સાથે અકસ્માત થતાં પ્રદીપનું મૃત્યુ થયું.

જુવાનજોધ દીકરો મૃત્યુ પામે એ દુઃખ એની મા માટે દુનિયાનાં તમામ દુઃખોથી ઉપર હોય છે. ચંદનબા આ કારમો આઘાત જીરવી તો ગયાં, પણ દીપ્તિનું દુઃખ તેમનાથી છાનું ન હતું. વિધવાનું જીવન કેવું હોય છે એ ચંદનબા સારી પેઠે જાણતાં હતાં. વળી દીપ્તિએ તો હજી જીવનની શરૂઆત કરી હતી. પ્રદીપને ગયે પણ આજકાલ કરતાં વર્ષ થવા આવ્યું હતું. અને એટલે જ આજે મા-દીકરી દીપ્તિને બીજાં લગ્ન માટે સમજાવતાં હતાં. 'ઠીક છે બા, પણ તમે વચન આપો કે, પ્રદીપની પોલિસીના જે પૈસા આવ્યા છે એમાંથી મિનુનાં લગ્ન ધામધૂમથી કરશો. મારે આમાંથી એક પૈસો પણ જોઈતો નથી' ઘણું વિચાર્યા પછી દીપ્તિએ જવાબ આપ્યો. છેવટે, ચંદનબાએ એમની જ જ્ઞાતિમાંથી પોતાના દીકરા જેવો જ સંસ્કારી દીકરો સુનીલ, દીપ્તિ માટે શોધી કાઢ્યો. દીપ્તિ અને સુનીલનાં સાદાઈથી લગ્ન કરાવ્યાં. બા એ દીકરીની જેમ દીપ્તિને છાતી સરસી ચાંપીને વિદાય આપી. હવે મિનુ તો આઝાદ થઈ ગઈ હતી. એ તો પોતાની જિંદગી મસ્તીથી જીવતી હતી. પોતાનાં માની એને સહેજ પણ પરવા ન હતી. એક દિવસ ઘરમાંથી પૈસા અને બધા દાગીના લઈને મિનુ એની સાથે ભણતા સાઉથ ઇન્ડિયન છોકરા સાથે ભાગી ગઈ.

'હે ભગવાન! હજી મારી કેટલી કસોટી લેવાની બાકી છે? મેં એવાં તે શાં પાપ કર્યા છે કે મારે પેટે સંતાનસુખ જ નથી! આ છોકરીએ તો સમાજમાં મારું નામ કપાવ્યું છે, હવે હું ખૂબ થાકી ગઈ છું, ભગવાન તું મને ઉપાડી લે.' ચંદનબા કરુણ કલ્પાંત કરતાં હતાં.


'મા, તમે કેમ આવું બોલો છો? હજી હું તમારી દીકરી જીવતી છું.' દીપ્તિએ ઘરમાં પ્રવેશતાં જ ચંદનબાને કહ્યું.

'મા, તમે મને પારકી ગણી લીધી? તમે તો મને સમાચાર જ ના મોકલાવ્યા, પણ મને બહારથી ખબર પડી. મા, જે થયું તે ખૂબ ખરાબ થયું. પણ હવે એનો અફસોસ કરવાનો કોઈ અર્થ નથી.' દીપ્તિએ બાને હૈયાધારણ આપી.

'આજથી તમે મારી સાથે મારા ઘરે રહેશો. સુનીલને પણ આમાં કોઈ વાંધો નથી. મા, તમારા લીધે જ મારું જીવન આજે ખુશીઓથી ભરેલું છે. મા તમે ના ન પાડશો. પ્લીઝ એક દીકરી તમને વિનંતી કરે છે.' દીપ્તિએ ભાવુકતાથી કહ્યું.

ચંદનબાની આંખોમાંથી આંસુ ટપકી પડ્યાં. દીપ્તિને એ ભેટી પડ્યાં. 'ભગવાન મેં ખરેખર પુણ્ય કર્યા છે એટલે જ મને દીકરા અને દીકરીના રૂપમાં દીપ્તિ જેવી વહુ મળી. 'તને પામીને હું ધન્ય થઈ ગઈ દીકરી' મનમાં જ તે ગણગણ્યાં. ■

*જીવન આવું છે, તે બતાવવા માટે પ્રભુએ સર્જેલું જીવન તે નદી.*



# બરકત

**● ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ' ●**

— એના પિતા મોટાભાઈના હાથમાં પાંચેય ભાઈઓ — અનિલ, દિનેશ રતીન્દ્ર, વિનોદ અને ગૌરવને સોંપી ગયેલા. ત્યારથી કમલેશ પિતાધર્મ બજાવતો હતો. સદ્‌ભાગ્યે તેની પત્ની ગીતા પણ પતિના પગલે ચાલતી હતી. મોડાં મોડાં સંતાન થયાં એમાં સૌથી મોટો દીકરો બે-ત્રણ મહિનાનો થયો અને મૃત્યુ પામ્યો. પછી આવેલો પુત્ર પણ અલ્પાયુ ભોગવીને પરમધામ સિધાવ્યો. શ્રદ્ધાનાં બળે ફરી ગીતાને સારા દિવસો રહ્યા અને અત્યારે અંગ્રેજી વિષય સાથે પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ દર્શનનો જન્મ થયો. ત્રીજા વરસે પોલિયોમાં જમણો પગ ખોટો થઈ ગયો. બીજો પુત્ર કનૈયો પણ માનસિક ક્ષતિગ્રસ્ત જન્મ્યો, એ અત્યારે વીસ વરસનો છે. 'જો દીકરીઓની સ્થિતિ આવી હોય તો?' એ વિચાર બેઉ જણને ધ્રુજાવી દેતો. પણ આવડી મોટી જવાબદારી અને પિતાજીનો સારો સ્વભાવ એટલે ગામના પટેલ સાથે સારા સંબંધોને કારણે શરૂઆતમાં મીઠાઈ - ફરસાણની નાની દુકાન કરેલી. આજે ત્યાં દસ માણસો કામ કરે છે અને પિતાધર્મ બજાવતાં કમલેશે પાંચેય ભાઈઓને સ્વૈચ્છિક રીતે દુકાને બેસવાનો સમય મુકરર કરી આપ્યો હતો.

મકાન જૂનાં હતાં. એમાં સુધારા - વધારા કરાવીને પાંચ ભાઈઓ આમ જોઈએ તો ભેગા કે અલગ રહેતા હતા. બધાનાં સંતાનો સવારથી સાંજ સુધી લગભગ ભેગાં જ રહેતાં. સાથે જ ભણવા જતાં. રમતાં, ત્યારે આંગણું છલકાઈ જતું.

સવારથી સાંજ સુધી મીઠાઈ - ફરસાણ બનાવવા, વેચવા, ઉઘરાણી, કાચા માલની ખરીદી, બૅન્ક લોનનો હપ્તો અને કુલ છ ભાઈઓ મળીને બત્રીસ જણા અને દસ માણસો મળીને બેંતાળીસ લોકોનો પરિવાર પ્રેમ - સંપથી રહેતો હતો.

સવારના ભાગમાં વહેલી આવતી બસોના મુસાફરો અને વહેલાં જતાં અપડાઉન કરતા કર્મચારીઓ, વિદ્યાર્થીઓ માટે 'બરકત નાસ્તા ફરસાણ માર્ટ'નો નાસ્તો અને ચાનું નામ છેલ્લા ચાલીસ વર્ષથી શહેરમાં જાણીતું હતું. નાસ્તો બનાવતો કમલેશ ફાફડા વણતો જાય અને પરસેવાનાં બિંદુઓ તેની કસેલી કાયા પર શિયાળામાં ઊગતા સૂર્યની જેમ ડોકિયું કરતાં હોય અને મૃગજળ પાછળ દોડતાં હરણ જેવા કમલેશના શ્વાસ, કઢાઈમાં ઊકળી રહેલું તેલ, વણવાના પાટલા પર ફાફડા ઘસાઈને પડેલા કાપા, મસાલાનો છંટકાવ કરતો રાણો... દુકાનનો ગેસ ચૂલો... બધું જ એક લયમાં ચાલ્યા કરતું. વળી લીલાં મરચાં કઢાઈમાં પડે એટલે તેલમાં ઊભરો આવે. કમલેશ ઝારા વડે મરચાં ઉપર - નીચે કરે.... કોઈ ફટાક... કરતું ફાટે, ઊડે, ઊકળતું તેલ કમલેશનું કંઈ પણ ન બગાડી શકે... ગેસનો ચૂલો અને કમલેશ જાણે વાતો કરે!! કાચાં પપૈયાં અને ખમણનો મસાલો ખીમજી તૈયાર કરે. ખાંડ અને લીંબુવાળા પાણીનો છંટકાવ મેઘજી કરે અને 'બાવન ચૌદ આવી'નો સાદ સાંભળીને વરસતા વરસાદમાં આબાલવૃદ્ધ દોડાદોડી કરવા માંડે એમ ફટાફટ... થાળામાંથી ફાફડા, જલેબી, ચટણી, સંભારો ગોઠવાય, ને થાય વજન... તરત જ પડીકું ટેબલ પર ગોઠવાય તે પહેલાં તો પાણીનો ગ્લાસ ગોઠવાઈ ચૂક્યો હોય. ચારેબાજુ કમલેશે ટેબલો ગોઠવી દીધેલાં. બે પંખા અને બહાર રસ્તા પર પડતી બારીમાંથી નાસ્તો ઠંડો ન થઈ જાય અને ખાનારને રાહત મળે એટલી હવા આવે. કોઈક વળી છાપું વાંચતાં વાંચતાં નાસ્તાની જયાફત ઉડાવીને 'આ બિહારમાં તો ભારે થઈ' કહીને સવાર અને સાંપ્રતનો સેતુ રચાય... અને દસ સવા દસ સુધી દસેક કિલો લોટ તળાઈ જાય.

બીજો રાઉન્ડ ગરમાગરમ ભજિયાંનો. આજુબાજુના ગામના માલધારીઓ માવો, દૂધ, છાશ લઈને આવે અને 'બરકત નાસ્તા ફરસાણ'ની બરકત વધ્યા કરે.

પહેલા બે કલાક આવેલ ભાઈ ગલ્લો સંભાળીને બીજા દિવસના સ્ટૉક જેટલી રકમ આઈટેમ મુજબ અલગ રાખી દે અને કમલેશને હિસાબ આપીને ઘેર જઈને શાળાએ જતાં બાળકોને મૂકવા જાય. પછી બીજો ભાઈ આવે. ગરમાગરમ ભજિયાં અને માવો લઈ, વેચાણ કરી હિસાબ કિતાબ પૂરા કરીને ઘેર શાકભાજી પહોંચાડી દે. અને બપોરે માત્ર ફરસાણનો વેપાર થાય. બે કલાક પછી એ ઘરની ચીજવસ્તુઓ લેવા નીકળી પડે. ચોથો ભાઈ સાંજે ચારથી છ વાગ્યે આવે ત્યારે ફરી હટાણું કે ઑફિસકામે આવેલા તેમજ દવાખાને આવેલા લોકો વળતા થાય અને ફરસાણનાં, મીઠાઈનાં તૈયાર પેકેટ લેતા જાય. ત્યાં સાંજે છ વાગ્યે ફરી કમલેશ આવે

*દુનિયામાં કોઈ પ્રામાણિક નથી એવું જે કહે છે, તેનાથી ચેતતા રહેજો.*

અને આખા દિવસમાં થયેલ વેપારમાંથી પાંચેય ભાઈઓને ગણ્યા વિના આપે. ભાઈઓ પણ 'મોટાભાઈની આમન્યા' રાખીને, જરૂરત મુજબ જે જોઈએ તે લઈને કમલેશને જાણ કરી દે. 'ભાઈ... થોડીક જરૂર હતી એટલે બે હજાર લીધા છે.' કમલેશ તો પિતા સમાન. ઘણીવાર ભાઈઓ જરૂરિયાત મુજબ લઈને ચોખવટ કરવાનું ભૂલી જતા કે કમલેશ પૂછવાનું ભૂલી જતો તોય તેમની વચ્ચે ક્યારેય તું તું... મૈં મૈં... કે પરસ્પર અવિશ્વાસ કે સ્વાર્થ કે છળકપટ જેવો પ્રશ્ન ઉદ્‌ભવેલો નહીં. 'બરકત' હતી એટલે!

ગૌરવ કમલેશ પછીનો, ચાર ભાઈઓથી મોટો... એણે દુકાન લીધેલી. દીકરો કામ પણ કરતો હતો પરંતુ દોસ્તોની ચડામણીથી દુકાન વેચી મારી. સારી કિંમત આવી. પરંતુ પિતાજીની દુકાનમાં ગાંઠિયા બનાવવા અને વેચવાની મહેનતની જગાએ જરાક તુંડમિજાજી આવી અને વેચેલી દુકાનની રકમની ગરમી ધીમે ધીમે મગજ પર સવાર થવા લાગી. કમલેશ પરિસ્થિતિ પામી ગયો. પરંતુ શાણો હોવાથી ગૌરવનું દુકાને આવવાનું બંધ થયું ત્યાં સુધી તે દુઃખી થઈને સહન કરતો રહ્યો. ગૌરવ દુકાન પાસે આવતો, બેસતો... પણ ફાફડા તેણે ન જ ઉતાર્યા અને ફાફડાનાં પડીકાં વાળતા રતીન્દ્ર સામે તુચ્છકારભરી નજરે જોવા લાગ્યો ત્યારે કમલેશને દુઃખ લાગ્યું. ગૌરવે લગભગ બધી રકમ વિચાર્યા વગર વાપરી નાખી. ફરી દુકાને આવવા પગ નહોતા વળતા, છતાં પિતાતુલ્ય ભાઈ પરના વિશ્વાસે તેને ફરી દુકાને આવતો કર્યો. બરકત વધતી રહી અને રતીન્દ્ર શેરબજારમાં સલવાઈ ગયો. પૈતૃક મકાન વેચી વ્યવહાર સાચવ્યો. બરકત અને કમલેશની મદદ મળતા રહ્યા. દિનેશ તો આમેય લગ્નપ્રસંગોમાં રસોડાં કરીને કમલેશને મદદ કરતો રહેતો. વિનોદને કોઈક કાપડની દુકાનવાળાએ ભાગીદારી આપી.

હવે કમલેશ અને એના માણસો તથા બે પુત્રો દુકાને વધુ સમય રહેતા... દુકાન તો પિતાજીએ સ્થાપેલી અને આપેલી. એની બરકત બરકરાર હતી.

અરુણ ગોસ્વામી કમલેશનો મિત્ર. તેને કહેતો, 'કમલેશ, વેપાર તો ઘણો થાય છે... તો ગલ્લો...'

'હું કંઈ એકલો માલિક નથી, પાંચેય ભાઈઓ...'

અને 'લે ચા પી ગરમાગરમ...' કહીને કમલેશ તેના મિત્રને કડક મીઠી ચા પીવડાવીને વાત આડી કરી દેતો. એની ખબર અનિલને પણ એટલી જ હતી. એટલે કમલેશની 'બરકત નાસ્તા ફરસાણ માર્ટ' દ્વારા પરોક્ષ અને પ્રત્યક્ષ બેઉ રીતે ભાઈઓને મદદરૂપ થવાની વાત સો ટકા સાચી હતી. બૅન્કનો હપ્તો પણ ભરાઈ જતો. તો ડેઈલી કલેક્શનમાં વેપારીઓની ક્રેડિટ સોસાયટીના પાંચસો રૂપિયા પણ ભરાઈ જતા.

દસ માણસોની બે-બે કલાકની ડ્યૂટી લાગતી. પગાર, વાર્ષિક કપડાંની ચાર જોડી, દિવાળી - હોળી, વાર તહેવારોએ ખિસ્સા ખર્ચ પણ કમલેશ આપતો.

રસ્તા ઉપર દુકાન હોવાથી ઘરાકી પણ સારી રહેતી. લોકોને બરકતનો નાસ્તો બધી રીતે બરકત એટલે આપતો, કે સૂરોખાર વિનાના ફાફડા પર પાણી વધુ પીવાથી પેટ જાણે ભરાયેલાં જ રહેતાં અને ખર્ચમાં ખોટો કાપ મૂકવાનો સવાલ જ ન હતો.

ચાર કારીગરોમાં કમલેશની ડ્યૂટી દસ કલાક, ભાણેજ અને બે ભાઈઓ સતત માલ બનાવતા જ રહેતા.

હોળી - દિવાળી તહેવારોમાં મીઠાઈ ફરસાણમાં 'બરકત'નું મોટું નામ હતું.

કમલેશને કમરનો દુઃખાવો હતો. ડૉક્ટરો નિદાન કરવા લાગ્યા. દવાઓ કરી પણ બહુ ફરક ન પડ્યો. ડૉક્ટરોએ ઊભા રહીને આઠ આઠ કલાક નાસ્તો બનાવવો, વહેંચવો — ને કારણે આમ બનવાનું જણાવ્યું. કમલેશ પાસે પાંચ ભાઈઓનાં પરિવારો અને માણસોનાં ઘર ચલાવવા માટે 'બરકત' દુકાન અને કમરનો દુઃખાવો છે. હવે દુઃખાવામાંય 'બરકત' દેખાવા માંડી છે. ■


*રોજ સવારે સ્મિતથી ઊજળા ચહેરા સાથે ઊઠું,*
*મારા માટે નવી નવી તકો લઈને આવતા દિવસને*
*હું સન્માનથી સત્કારું,*
*મારા કાર્યને ખુલ્લું મન રાખી સ્વીકારું,*
*સહુ કોઈને મળતાં હોઠ પર હાસ્ય અને પ્રેમ રાખી મળું.*
*પરિશ્રમને અંતે જે નિદ્રાને નિમંત્રે છે અને*
*અચ્છુ કામ કર્યાનો આનંદ લાવે છે*
*તે થાકના ભારે રાતના ખોળામાં પોઢી જાઉં*
*આવી સમજદારીથી હું મારું જીવન પસાર કરવા માગું છું.*

**— દિનકરભાઈ શાહ**
**સૌજન્ય : "તાણાવાણા – ૧૨"**

*પ્રકૃતિના દરેક રંગમાં તેની તાકાત મહેસૂસ કરી શકાય છે.*
*તેનાં દરેક પાસાંમાં કંઈક ને કંઈક છૂપાયેલું હોય છે.*

**JAYANT STEELS** **જયંત સ્ટીલ્સ**
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
**Ph. : (022) 2242 2463 • 2242 7263**
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
**સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન**

*જે વિવાદ કરે તે સાચી બુદ્ધિ નથી પરંતુ જે સંવાદ કરે તે સાચી બુદ્ધિ છે.*



## કચ્છી વાર્તા

# ભલીડાન

• દિલીપ આચાર્ય 'દિલકશ' •

કચ્છજી ધરા મથે કંઈક શૂરવીર ને ઝનુની બહારવટિયા થૈઈ વ્યા ઐંઈ. એડી હી ઐતિહાસિક ધરાજી બહાધુરીજી ગાલ્યું નું હી મધમધી પાવન ધરામેં કંઈક રાસ રમાઈ વ્યા ઐં. એડા ઐતિહાસિક સંભારણેજી ગાથા ગવાઈ ચૂકી આય. ઈતરે લગન ગીત ગવાયાં હુ એને કંઈક વીરેંજા ખેલ ખેલાણા અંઈ. ને નરવીર લાડા લગન મંડપ છડી વાટે ચડી વ્યા અંઈ. એડી ખમીરવંતી જિંધગી અરમણ ક્યાં અયાં.

હી જંગલ ઝાડીજી વચમેં પાવન ધરામેં ડુંગરજી હારમાળા સે સડાય ગોઠ ઘેરાયેલો આય. નયજો સૂરીલો અવાજ, મધુર વાણી સોણાયતે. તેંજી મુર તોં રામપર ગામ જે થોડે છેટે, થોડા બ્યા ગોઠ અચેલા અંઈ. તેની જૂના ખંડેર જે પાસ મેં ડુંગર મથે ડેવી માતાજો મિંધર આય. જડેં પાં ગોઠજે પાસે મેં નજર કરીયું, તાં વૃદ્ધ વડલો ગોઠજે પાધર તેં તરાવટે સમાધિયું. જોને ઈતિહાસજી સાક્ષી પૂરે તીયું. જેં જીવન જા અડીખમ તડકા છાંયડા ને સોખ-ડોખ વડર ન્યારેલા અંઈ. હી ડુંગર મથાનું નજર કરીયું તાં હિલોરા ગિનધો મોલ નજરેં પે તો. જાણે ધરતી માં લીલી ચાધર ઓઢેં આય. તેડો આનંધોત્સવ ઊજવી લીલી ધરા નજરે પે'તી એડો ખાસ્સો ચિતર ડિસાજે તો. એનમેં સોગંધ ભિરે તેડો વધારો થીએતો. હી ગાલ જોની આય. કિતરાક વરેં વિતી વ્યા તાંય માડુંએ જેમોંમેં લોકવાયકા વસી આય.

હીન ગોઠમેં નારૂભા નાં જા બાપુ રેં'તા. ઇ ગોઠજા અગુઆ મુખી. હુ નારૂભા ગોઠજે બ્યા ખેડુંએકે હેરાન કરે ને કેંજી જમીન બરજભરીસે પચાંઈએ, ગિની ગેને. ગોઠમેં ધીરસિંહ નાંજા રાજપુત રેં'તા. ઈ શુરવીર યોદ્ધા હોઆ. હી મરી વ્યા. ઈનજો પોત્તર 'પે તેડા પોત્તર'જા પ્રતીકરૂપ માનસી કુંવર હિન ગોઠમેં કીં ન કરે. આરે પાંચારે જે ગોઠમેં લુંટ્યો હો.

ઈતરે તેંજી ધાક બોરી. પોલીસ પણ કીં ન કરે. માં સોનલબાઈ નિવૃત્ત જીવન જીએંતાં ટેકરે તેં અચીંધલ હી ડાકુ માનસી ડેવી ભગત. ઈતરે રોજ સિભુજો માજા ડરશન કરી નાઈયર ખણી અચેં. ઈ નારીયર માતાજી કે ચડાય પોય આડોશ-પાડોશ મેં ધાડ વિજેલા વિઞે. નારૂભા ને માનસંગ જે નાં જો ધ્રા બતાય, હી ડાકુ જેંજે નાં સે મેડે ધ્રજે. ઈતરે ઇ ધ્રા સે ન ડે તાં કોટુંભ જો નાશ કરેજી ધમકી ડે. ઈતરે ગોઠ સજોય ધ્રજે...

હિન ગોઠ મેં જીવરામ ખેડૂ રે. ઈનજી પંજ - છ એકર જમીન. તેંમેં ખેતી કરેં ને ગુજરાન હલાંય. જીવરામ હિંમતવારો ને વિસવાસુ માડુ. સુખી હુઆ. ઘરજે અંગણ મેં નારૂભા ખટલો વેજીને ખાલી હવામેં ડોલેં વિઠા હુએ. તડેં નારૂભા કે જીવરામ જે લીલેછમ મૉલજી અડેકાઈ આવેઈ. ઈતરે જીવરામજી નોં એ ન સુનાણું ઈતરે ચેં બાઈ હલ્યા વિઞો. ગોઠ જા મોખી થૈઈને સરન'તી અચે, એડી મજાક કરયો તા...!

નારૂભા ત ગરમ થિઈ વ્યા. હલધેં હલધેં જીવરામ કે ચ્યોં, 'યાધ રખજા' એડી ધમકી ડીંના. ને તન ડીં નું જીવરામજી વિચારા ચિંધા મેં અચીંવ્યા. સજો ડીં ઉધાસ રેં ને મન ન અચેં એતરે ગમગીન વેઠા હુએ.

નારૂભાજો દેખાવ, ચમકધી અખ, ગોર ચેરો, ગરિમા સે ગાલ્યું કરે તેડો શરીર જો બાંધો હુઓ. તિન ઇ ડાકુ માનસંગ કે ડુંગર મેં મિલેલા વ્યા. બે ડીં નારૂભા, જીવરામ જે ખેતર તે વ્યા ને ધમકી ડેંના, જીવરામ હી ગોઠ છડી ભજી વિઞ. જીવરામ ગરમ થઈ જવાબ ડેંના, 'હી ગોઠ આંજે બાપાજો નાય!'

હા... હા... મુંજે બાપાજો આય... તો કે ચાંતો ન ઈતરે હલ્યો વિઞ નકાં તોજો વારો અચીં વેંધો.

જીવરામ ચેં, વિઞ તોનું થીએ સે કરી ગિનજ...

નારૂભા તાં હલ્યા વ્યા. પોય ડાકુ માનસંગ વટે ગાલ ક્યાં. જીવરામ હિકડો બ ડીંએ મેં ખેતર ખાલી ન કરે તાં, પાં ઈનજી છોરી કે ખણી વેંધા સીં.

બ-ત્રે ડીં થૈઈ વ્યા. માનસંગ કે ગાલ કરેલા આયા. જીવરામ વ્યો નાંય. જીવરામ ખેતર ખેડેતો. બપોર જો ટેમ... કારો ઉનારો તપધો વો... સીમમેં ચકલા પાં ડિસાંજે નતો. એડી ગરમી સૂર્ય નારાયણ વરસાઈધાં હુઆ. એડે ટેમ તેં છોરી જિમેજો ભાથો ખણી

*જે સ્વનો વિચાર કરે છે તે બુદ્ધિ નથી પણ સર્વનો વિચાર કરે છે તે બુદ્ધિ છે.*

ગરમી જે પગર સે નિતરધી આવઈ. ગાઢ ડુંગરજી જંગલ વિંધીને હલઈ આવઈ. હી ડીસી માનસંગ જા સાથીદાર લાગ ગિની છોરી ખણી વ્યા. ખાધે જો ટેમ થ્યો. ઈતરે જીવરામ વાટ નેરીંધા હોઆ. પોય બોરો મોડો થ્યો. ઈતરે ઘરે તપાસ કરેલા નકર્યા. તડેં વટે મારગુ કે પૂછ્યાં તાં સમાચાર મિલ્યા, ડાકુ હિકડી છોરી કે ખણી વ્યા તેં...

ને જીવરામ સીધા ડુંગર મથે ડેવી માતાજે મિંધર તે વ્યા. પગે લગ્યા. પોય ચ્યાં, માતાજી આસાંજો પોત્તર મુંજી ધી કે ખણી વ્યો આય.

ઈતરે સોનલમા કે નવાઈ લગી. મુંજો પોત્તર હાણે ભેંણેજી લજ ગિનેતો. જીવરામજી ધી ત મુંજી ધી ચોવાજે. ને હથમેં ભંધુક ખણી રણચંડી યોધ્ધેજી શોધમેં નિકરી પ્યા. ભરાભર ડુંગરજી વચ્ચેં વિઞી સોનલમા સીં સર્જના ક્યાં - પોત્તર! જીવરામજી ધી કે છડી દે. ગોઠજી ધી, ઇ પાંજી ધી આય. ઈનજી લજ ન લુંટાજે. ડાકુ માનસંગ અભેમાનમેં અચી વ્યો. ને ચેં જીવરામ કે ચો ગોઠ છડી વિઞે. સોનલ માં ચ્યોં, 'ગોઠ તોજે બાપાજો આય? છોકરી કે છડ નકા મારી વેજંધીશે... ને માનસંગ કે આવેશમેં ન્યારીને સોનલમાં ભંધુકજા ભડાકા ક્યાં... જીવરામ ચેં અરે... અરે... માતાજી મુંજી ધી લાય આસાંજો પુત્તર ન મારયો મ મારયો –

સોનલમા ચ્યોં 'હિન સજા કે લાયક આય. છોરી જી લજ ઈ મુંજી લજ આભરૂ આય...'

માનસંગ કે લગો જ હાણે તાં મોત સામે અચી ઊભો આય. ઈતરે ઇ ગોઠ કોરાય ભગો. સોનલમાં પુઠિયા પ્યા. તડેં છેલ્લે છેલ્લે સોનલમા ગોલી હણ્યો ને માનસંગ ઓત્તઈ છડ્યો... ઈનજો પ્રાણ પંખેરો ઓડી વ્યો... ■

## વિનિપાત

**(અનુસંધાન : પાના નં.-૫૧ ઉપરથી ચાલુ)**

જોયા. જીર્ણ વસ્ત્રો અને ફિક્કા ચહેરાવાળા માલધારીઓના પેટે પડેલા વેંતવેંતના ખાડા અને હાડકાંના ભારા જેવા દેહવાળાં તેમનાં ઢોર... આ બધાં કરુણ દશ્યો જોઈ તેનું હૃદય વેદનાથી ચિત્કારી ઉઠ્યું...

'દુઃખ... દુઃખ... દુઃખ....! અત્ર, તત્ર, સર્વત્ર... દુઃખ... અને દુઃખ! આ જીવનનો અર્થ શું છે?'

વિચારોના ઉદ્વેગમાં તેણે ચાલવાની ગતિ વધારી નાકું વટાવી, જેલ ઓળંગી, પોતાની શેરીમાં આવી પહોંચ્યો. ત્યારે ત્યાં મૃત રોડ લાઈટ પર અંધકાર પોતાનાં અશ્રુ સારી રહ્યો હતો.

તે ડેલી ઉઘાડી ઝડપથી ઘરમાં પ્રવેશ્યો.

ઘરમાં રોક્કળ મચી રહી હતી.

તે તો હતપ્રભ થઈ ગયો. ચકળવકળ આંખે જોવા લાગ્યો.

ત્યાં તેના ભાઈનો કંઈક સમજણો થયેલો પુત્ર તેની નજીક આવી બાળ સુલભ બોલીમાં કહી રહ્યો...

'કાકા, કાકા, બાપુજી મલી ગયા!' ■


• નીત નવા ખાન-પાન સ્વતંત્ર રસોડે • મીનરલ વોટર • લગેજ હેન્ડલીંગ •

॥ શ્રી ભોમીયા દાદાય નમઃ ॥

શ્રી શિખરજી મહાયાત્રા

દિ. : 6, 7, 8 અને વધુ
• ઇકોનોમી
• ડિલક્સ ટુરો
• ટ્રેન / વિમાન દ્વારા
66 કલ્યાણક ભૂમિ યાત્રા • ગ્રુપ માટે

સાથે સિવાય બૌદ્ધ ગયા • કોલકત્તા • ચંપાપુરી • વારાણસી


યાત્રા-પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા
તન મન ® ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708 / 9869017285
(022) 25903514-5-6
E-mail : tanmantravels@yahoo.co.in • www.tanmantoursandtravels.com

શિખરજીની એકમાત્ર અને સર્વ પ્રથમ ★★★ જેવી સુવિધાયુક્ત આપણી પોતાની અદ્યતન A.C. હોટલ
SHIKHARJI Continental ™
MADHUBAN - JHARKHAND
09304560708

ઠોળકી • પાનવાળા • નાઈની ફ્રી સેવાઓ • ગીઝર પાઉચ • ફ્રેશ

શ્રી મહીલપુર કલ્યાણક તીર્થ પ્રવાસમાં સામેલ કરવામાં શ્રી પ્રથમ

• વિરાયતન • રાજગીર રેસીડન્સી • હોકે • ગાર્ગી ગૌતમ વિહાર રીસોર્ટ • શ્વે. કોઠી ન્યુ વિંગ • પ્રકાશ ભુવન • નિહારીકા •



કચ્છી વાર્તા

# ગંગા....

• નારાયણ જોશી 'કારાયલ' •

'ગંગા....!!'

વિજય લમૂં નીસાકો વિજી કિપાર તેં હથ રખેં — ગામેં જેડો તતલ મોં, ખટારા વસાઇંધલ અખિયૂં, ઉભા થેલ રૂંવારા, બીં હથેં જ્યું બોય મુઠૂં... ઇનં વટાં અવાઈ ચીસ નિકરી વઈ... 'ગંગાડી...!!'

વિજય સ્નાતક હો. ગોઠજે મૂરોમૂર આવલ હિકડી બૉક્સાઈટજી કમ્પનીમેં હેવર હેવર મુકાધમી જુડઈ હુઈ. રોજ સવારો ટિફીન ખણીં, મજૂર કોઠે, કમ્પનીજે ખટારેમેં કમતેં વિઞણું ને સાંજી મુડંધે - મોં મોં અંધારે — મજૂરેં ભેરોજ પાંઊં વરણૂં.

વિજયજી બાઈ પાટૂમા મેંણૂંક થ્યો - નિંઢે ભા જે ઘરેં સુવાવડ પ્રિસંગેં વ્યા હૂવા નેં અધા... ઇનકે સંભરે પન તેંનીં ડેવ થઈ વ્યા હુવા. પિંઢ બ ભા નેં હિકડી ભેંણ, બૉય પેંણલ હેંણલ ને પિંઢજે જ ગોઠમેં પિંઢ પાર સુખી હુવા - પાછો બિનીં ભાયેંકે બ-બ ટુકર ખેતર પ ભાગેં આયા વા - હૂં તાં ખેડ રામ મૉલજી પ વરે ભને ત ઘર પાર ખિચડી નેં ગાવડી જો ચરોંચર થઈ અચેં નેં મીં રીસાજે ત રામ રામ!

મેંણૂંક થ્યો હેવર ઘરમેં વનૂં-વનીં બ જ જેણાં - ગંગા ને પિંઢ. 'ગંગા...' ઇનવટાં વરી નીસાકો નિકરી વ્યો - નિલાડતેં રતો વડો ચાંધલો કારે નાંગ જેડો કારા લમા વાર, સૂરજ જી ડિત જેડી મોં જી મૂરત, વિજજે વરાંકે જેડા નેંણાં... કાયમ કામોઢી, પરકાજુ, ઘર રખી, કુટમ ગોઠ નેં ધરમજી રખવાર, હુભ હેતજી જાગંધલ જોત... પિંઢ જિતરી જ ભણલ-ગુણલ, વીંયાં નું મોંધજ 'મહિલા વિકાસ'જી સંસ્થાએં કે સેવા ડઇનેં કચ્છ ભરજીયેં ભેંનરેંમેં માનકારી થઈ ચુકી હુઈ.

'હૈયો... હૈયો હાંણેં, ત્રુ ડિઠે રૂપારા વેં' ગંગાજે વખાણેં ચડલ ચિતકે ડાટી ડીંધે વિજય ગાડૂક્યો. ઇનકે 'ભભેજી સમક' સંભરઈ "વિજય ભા, હેવર હેવર ગંગાભાઈ માઈત્રેં વ્યા અંઈ ક કુરો?!! મૂંજી ઘરેં વારી બ-ત્રે વેરા વિરાંઢજો આંજે ઘરાં ખયલ ઘેંટૂડો પાંઉ પુજાયણ વઈ હુઈ પ ઘર કે તાડો ડિઠેં!' ભોરો ભા વેરીજો અરથ સારે - ભભેજી હિન ગાલ વિજય જે મનમેં સંકાજો વિષ પોંખેં!

બે જ ડીં સવારો જ, મેનેજરકે ઊંઠા ભણાંય કમ્પનીજી ગાડી ભુજ વઈતે તેં મેં વઈ ઉલથે પંજક વગેં પાઉં ઘરેં વરી આયો. તકડો તકડો ડેલી ડીંયાં ન્યારેં ત કમાડ ભંધ હુવા. બારીજી તાડી ઉપટી અઙણમેં પગ રખી જ ન્યારેં ત બાંયણેં તે સુથરીજોં જોરાતો તાડો ટિંગ્યો તે!

'ગંગા....!!' વિજયજા સત્રોય ડખણા થઈ વેંધે ઈ વમ મિંજાં ત્રડ્યો. તાં — માધવી અઙણ મેં પગ રખેં. માધવી વિજયજી ચાગલી નિંઢી ભેંણ. ગોઠમેં જ સારા - ને ગોઠમેં જ માઈતર.

અજ સઉત્રો જ ઘરેં વરી અચલ ભા-કે ડિસી માધવી હિરસઈ નેં ચેલતાં કુંજીએંજો જૂડો કઢી જિરા મુરકંધે મુરકંધે ગાલ ચોરેં. 'વિજયભા, અજ અંઇ વેલા જ વરી આયા ઇ ખાસો થ્યો, અજ વીયારૂ કરે ગોઠ માજન પાંજે ઘરેં અચેવારો આય. પાટૂમા, ભા દેવેન્દ્ર ને પાંજે કુટમજા વડેરા પ અચીંધા... અંઇ નાય-ધોય તૈયાર થઈ વિઓ ને તૅસતઇં આંઊં ઘરજી ટાય લાય ગિનાં. નેં હા... અજ ગંગાભાભી... ભભેભાજે પુતર પ્રકાશકે અખમેં કીંક લગોણે સે - તેં કે કોઠે ભુજ વ્યા અંઇ, ફૉન આયો હો, છોકરે કે ઠીક આય નેં સાંજી અઠેંવારી ગાડીમેં મિડે પાં વરી અચીંધા...' ચોંધે માધવી ખાંણ ચાડેં, ફટાફટ રસૉડેજી ટાય લાય, ખિચડીજો આંધણ ચાડેં. બૉઙણૂં - નૂઞણ બાર રખી, ડીયા બત્તીજી તૈયારી કેં, તાં ગવરી ધ્રોડધીંક નેં પુગી તેં કે ખીલે બધી વીયાર ઠારેં - ડુવાઈલા ગાભી છોડેં.

તાં પાટૂમા પુજી આયા, વિજય જે મથેતાં હથ ફેરી, બૉઙણૂ નૂઞણ ખણીં, ગાભી વારે ડુવાઈ કેંણ વઈ અચા નેં માધવી રસૉડે મેં વિઞીં ખિચડીજી હંઢી લાય - માનિયૂં ઘડણ વઈ રઈ.

વિજયજી બાંફ હઞાં પ મનોમન ત્રૉકઈ જ તે, પ-મા-ધી કે કમમેં લગલ ડિસી ઇ કીં કુછીજ ન સગ્યો - નેં ઇન પ નાય ધોય ધૂપ ડીયો કેં.

સાંજી વારી ગાડી મેં ગંગા પુગી, વાટમેં જ ડેર ડેવો ઘડજી વ્યો તેંકે વઉજા સર-સમાચાર પુછી ગિડેં. માધવીજો વર - રામજી ભેંણૈયો પ વાટમેં જ ભેરા થઈ વ્યા ને મિડે પુગા ઘરેં — ગંગાકે

*અનુભવ જ્ઞાનનો પિતા છે અને યાદશક્તિ તેની માતા.*

ડિસી વિજય કીંક મોં ફિટાંય કાપુરુષ વાંગર કીંક કુસૂગા પુપડાટ પ મંઢેં પ કી કુછે-પુછેજી ક ધેજજીતાં બારી જ ન હુઈ.

વીયારૂ મિંજાં પરવારી ઉકર્યા તેં ભેરો જ 'હે રામ રામ - રામ રામ' જી જકોર સેં ગોઠ માજન અચી પુગો. તેં કે પારુમા સીખેં મિણીં ખીંકાર્યા. ચાયપાણી પીયાંણાં નેં હરેંહરેં ઠા સેં મનુભા બાપૂ ગાલ ચોર્યો - ગોઠ માજન જે ચિત ગંગાજી માકામૂઠ સેવા ચુણકઈ તે!

પારુબાઈ..., પાંજે ગોઠજી પંચાયતજી મુધત પૂરી થીએતી, પાં હરહમેસ વિગર ચૂંટણીએ 'સમરસ' પંચાયત ચુંઢિયૂંતા, સજે ગોઠ જી એડી ભાવના આય ક અગલેં પજેંવરેંલા ગંગા વઉકે સરપંચ જી પાઘ ડીંયૂં - બાપૂજી ગાલકે ગામજા સરપંચ પરબતભા મહેશ્વરી સીખેં હર કૉમજા અગુઆ માડૂ - બાઇએં ટેકો ડઈ વધાયોં, નેં હાકારજી વાટ ન્યારણ લગા.

'માજન કરે સે મથે તેં-!' મારુમા હિરસંઘ ચ્યોં... નેં તેં ભેરો સજે કુટમ ડોગો ધૂણાય છડેં. હિન ગાલકે સુણી વિજય જિયેં અખિયેંજા ભંધ પડર ઉપટાજી વ્યા નેં તેરઇં સેવાજી બુસકાર સેં ઈનજો હીંયૂં હિરસી હલ્યો ને ઇનજે ચિત ભણતર મેં આવલ પૌરાણિક કથાપિરસંગ ચડ્યો.

ઋષિ વિશ્વામિત્ર ભગવાન શ્રી રામતેં લિછમણજતિ કે ગંગાજી જી ઉત્પત્તિ જી કથા ચેંતા. સગર રાજા જે અશ્વમેઘ જગનકે ભગ્ગેલા ઈંધર ડેવ અશ્વમેઘ જે ઘોડેકે જલી કપિલ મુનિજે આશ્રમ મેં બધી આયા.

સગર રાજા જા સઠહજાર પુત્તર ઘોડે કે ગોતીંધા - ગોતીંધા કપિલ મુનિજે આશ્રમ તેં પુગા નેં મુનિજો ભારી અપમાન ક્યોં. મુનિ વટા સગર પુત્તરેંજી ભૅઅધભી સૅન ન થીંધે, ખારમેં નેં ખારમેં બારે ભસમ કરે છડ્યોં - તેંનીં ગંગાજી સરગમેં હુવા...

ગંગાજી પ્રથમીં તેં પધારેં નેં અસ્થિ ફુલેં કે ગંગાજીમેં પધરાવાજેં ત - જ સગર પુતરેંજી ગત થીએ, સગરજા પુત્તર અંશુમાન તેં જા દિલીપ સીખેં ગંગાજી કે પ્રથમીં તેં પધારેલા અરધાસ, જપ-તપ ક્યોં, પ ગંગાજી રાજી ન થ્યા.

ગંગાજી કે રાજિયાંણાં કરણલા ભગીરથ રાજા ભારી કઠણ - ગોર તપ ક્યોં. નેં ગંગાજી હિરસીનેં પ્રથમીં તેં પધારેલા હાકાર ક્યોં - હિડાં સરગમેં બ્રહ્માજી વિષ્ણુભગવાન જે પગજો આંગૂઠો ધૂઈ - ગંગાજી કે પધારેલા ચ્યોં.

ગંગાજી સરગ મિંજાં પ્રથમીંજે સુમેરુ ડુંગર મથે પધાર્યા, પ પ્રથમીલોક ગંગાજીજે ધૂધૂભાજ વેંણમેં તણજી ન વિઞે તેંલા - મહાદેવજી - શંકર ભગવાન તેં કે પિંઢજી જટામેં સામાય ગિડોં. નેં ખૂધ ભગવાન શંકર રાજા ભગીરથ સામેં પિરગટ થ્યા - ભગીરથ ભગવાન જે ડરસન સેં ધન ધન થ્યા નેં અરધાસ કંધે ચ્યોં, 'હે ભગવાન, ગંગાજી કે છૂટા કરી પ્રથમીંતેં વોંણજી રજા ડ્યો.' નેં રાજી થઈ ભગવાન ગંગાજી જે હિકડે નિંઢે વહેંણ કે જટા મિંજાં બાર નિકરી વય જી રજા ડિનોં.

પોયતાં ભગીરથ અગિયાં - અગિયાં ને ગંગાજી પુઠિયાં - પુઠિયાં. વાટ મેં જહનુ ઋષિ મિલ્યા સે ગંગાજી જે વોંણકે સજેં સજો પી-જ વ્યા! પ ભગીરથ જે ભાવ નેં આરાધ સેં ઋષિ રાજી થ્યા નેં કન મિંજાં જાંગ મથાં વોંણજી છૂટ ડિનોં, હયાંનૂં ગંગાજી જાહનવી ચૉવાણા.

નેં પોયતાં ભગીરથ રાજા પિંઢજા પુરખા જિત ભસમ થ્યા વા તિત ગંગાજી કે કોઠે વ્યા, નેં ગંગાજી જે પરસ સેં મિણીં કે મુગતી પિરાપત થઈ.

લૉકમાતા મા ગંગાજી જી કથા હઞાં વિજય જી રટનામેં જ હુઈ, તાં — ગામ માજન જા માતામા કુછ્યા - 'ત... હાંણેં કરિયૂં કંકૂજા?'

વિજયજી જિભાનતેં કીં સભધ ન આયો, પ ઇન મિણીં ભેરો ડોગો હકાર મેં ધૂણાય છડેં નેં પિંઢજા ધનભાગ ડિસી મનોમન હિરસ્યો ઇનકે ચુટો થઈ વ્યો ક 'ખલકજી જિભાન ખુધાઈ નંગારો આય,' ગંગા ત મા ગંગા જેડી જ પવીતર આય...! નેં આપોઆપ પિંઢજા બૉય હથ જોડજી વ્યા નેં જિભાન તેં રટના થીંણ લગી...

*વિષ્ણુપાદાબ્જ સમ્ભૂતે ગંગે ત્રિપથ ગામિનિ ।*
*ધર્મદ્રવેતિ વિખ્યાતે, પાપં મે હર જાહ્નવિ ॥*


**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*— રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
**An ISO 9001-2000 COMPANY**
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**

*દુર્વ્યવહારનો જવાબ વિનમ્રતાથી આપો.*



### સિંધી વાર્તા

# માટીની મહેક

**• લખમી ખિલાણી • અનુ. : રમેશ લુહાણા •**

ન્યુયોર્કથી મુંબઈ જઈ રહેલા બોઈંગ વિમાનની પ્રથમ વર્ગની કેબિનમાં જ્યોર્જ શુગાની (ઝમટ છુગાણી) એ તેની બાજુની બેઠક પર આડી પડેલી નવી દુલ્હન જોલી થોમસ પર પ્રેમભરી દૃષ્ટિ નાખી. પ્રવાસના થાકને કારણે જોલીની આંખના નીચેના ભાગમાં કાળાશ ઊભરી આવી હતી. હનીમૂન માટે ભારત આવવાની જીદ એણે જ કરી હતી. ભારતમાં તાજમહેલ, ખજૂરાહોનાં મંદિર, અજંતા-ઈલોરાની ગુફાઓ, બનારસમાં ગંગાના ઘાટ તથા જયપુરનો હવામહેલ જોવાની જોલીની તીવ્ર ઈચ્છાશક્તિ આગળ તે નમી ગયો હતો. જોલી એક આર્કિટેક્ટ હતી. તે ભારતની આ અદ્‌ભુત ઈમારતો પર ફિદા હતી. ફ્લોરિડાના મિયામી બીચ પર પોતાનો બંગલો બાંધવાનો નિર્ણય જ્યોર્જે લીધો, ત્યારે જોલીએ ભારતીય નિર્માણ શૈલી પર આધારિત તૈયાર કરેલ મોડેલ જ તેને સૌથી વધુ પસંદ પડ્યું હતું. બંગલાના નિર્માણ દરમ્યાન બન્ને વચ્ચે પાંગરેલ પ્રેમ લગ્નમાં પરિણમ્યો હતો.

અલબત્ત જ્યોર્જ પરિણીત તો હતો જ અને બે જુવાન દીકરીઓ તથા પુત્રનો પિતા પણ હતો. પણ કલા (કલાવતી) તેને કોઈપણ રીતે તલાક નહોતી આપતી. ભરણપોષણ માટે એક મિલિયન ડોલર આપવાની પણ તેને ઑફર કરાઈ હતી. છેવટે બીજો રસ્તો તેણે શોધી કાઢ્યો. ધર્માંતર કરીને જોલી સાથે નિકાહ કરી લીધા. જોલીનું નવું નામ હવે આયેશા હતું અને પોતે અસ્સલમ બની ગયો હતો.

જ્યોર્જે ઍર-હોસ્ટેસને વ્હિસ્કીનો બીજો પેગ લાવવાનો ઈશારો કર્યો. સિગરેટ સળગાવતાં જોલીને પૂછ્યું, 'તું કંઈ પીશ?'

વાળની લટોને સરખી કરતાં જોલીએ કહ્યું, 'ના, હું સૂવા ઈચ્છું છું.' તે આંખો બંધ કરીને આડી પડી ગઈ. આ 'સ્લીપિંગ બ્યુટી' કેટલી નિર્દોષ લાગતી હતી! બંનેની ઉંમરમાં મોટો તફાવત હતો, તો શું થયું? પ્રેમ તો બધી મર્યાદાઓ ઓળંગી જતો હોય છે. એના સોનેરી વાળની લટો હટાવીને ગાલ પર ચુંબન લેતાં જ્યોર્જે કહ્યું, 'આઈ લવ યુ વેરી મચ ડિયર.'

સહેજ નારાજ થઈને, હાથ વડે દૂર ધકેલતાં જોલીએ પ્રતિકાર કર્યો, 'નાઉ યુ લીવ મી અલોન.'

અમેરિકામાં તેમની પોતાની હોટલ વ્યવસાયની મોટી શૃંખલા હતી. જોલીની સલાહને પગલે હવે ભારતમાં પણ એ જ 'શુગાની હોલી-ડે હોમ્સ'ની શૃંખલા શરૂ કરવાનો વિચાર કર્યો હતો. મુંબઈના ઍરપોર્ટ પર ઊતરી સીધો જ તે આજે બાંદ્રા-કુર્લા વિસ્તારમાં જમીન જોવા જવાનો હતો. સાંજે મુખ્યમંત્રી સાથે મુલાકાતનો સમય નક્કી કરાયો હતો. રાત્રે કંપનીઓના ડાયરેક્ટરો સાથે તાજમહેલ હોટલમાં ડિનર હતું. મુખ્યમંત્રીના દીકરાને જ્યોર્જે ભાગીદાર બનાવ્યો હતો. આમ, ભારત આવવાનાં તેનાં બે લક્ષ્યો સિદ્ધ થવાનાં હતાં — હનીમૂન તથા વ્યવસાય.

અચાનક જ લાઉડ સ્પીકર પર વિમાનના કેપ્ટનની જાહેરાત સાંભળીને જ્યોર્જ કાંપી ગયો. 'વિમાનમાં ટેકનિકલ વિક્ષેપ સર્જાતાં આપણે મુંબઈને બદલે કરાંચી ઍરપોર્ટ પર ઊતરવું પડશે. વિમાનના એન્જિનની તપાસ કરવામાં ચાર થી છ કલાક જેટલો સમય લાગી શકે છે. આ તકલીફ બદલ અમે દિલગીર છીએ.'

'ઓ શીટ!' જ્યોર્જ ગુસ્સાથી બોલ્યો, 'આજનો મારો સમગ્ર કાર્યક્રમ ચોપટ થઈ જશે.'

'શું થયું ડિયર? તમે આટલા આકળા કેમ થાવ છો?' જોલીએ કુર્સી પર સીધા થતાં પૂછ્યું.

'સાંભળ્યું નહીં — કેપ્ટન શું બોલ્યો? આપણે મુંબઈને બદલે કરાંચી ઍરપોર્ટ પર ઊતરી રહ્યાં છીએ.'

'તો શું થઈ ગયું? આપણે એક દિવસ કરાંચી ફરીશું. તેં તો કહ્યું હતું ને કે કરાંચી મારું હોમટાઉન છે.'

'પણ પ્રિયે, આપણો સમગ્ર કાર્યક્રમ પહેલાંથી જ નક્કી થયેલો છે. વધારે સમય ક્યાં છે? ૧૨મી તારીખે મારે ગમે તે ભોગે ન્યુયોર્ક પાછા પહોંચવાનું છે. આના કરતાં તો આપણે આપણું ખાનગી વિમાન લાવ્યા હોત તો બરાબર થાત. હું પણ હજુ કેટલાક દિવસ આપણા લગ્નની વાત કલાવતીથી છુપાવી રાખવા માંગતો હતો. હવે શું થશે?'

*જિનિયસ એટલે એક ટકો પ્રેરણા અને નવ્વાણું ટકા પરિણામ.*

'કંઈ નહીં થાય. કરાંચીમાં ઊતરીને ઍરપોર્ટની હોટલમાં આરામ કરવાને બદલે આજે આપણે મુઅન-જો-દડો જોઈ આવીશું. એ જોવાની મારી તો તીવ્ર ઈચ્છા છે. પ્લીઝ!' જોલીએ પ્રેમપૂર્વક મનાવતાં અને જ્યોર્જના હોઠ પર ચુંબન ચોડતાં કહ્યું.

'શું દાટ્યું છે મુઅન-જો-દડોમાં? ચારે તરફ વેરાયેલા પત્થરો અને ઠીકરાં! ખંડેર ને ખંડેર જ! એ મારા વતન નઓંદરોની નજીક જ છે. નાનપણમાં મેં જોયેલું છે.' જ્યોર્જે વાતને ટાળતાં જવાબ આપ્યો.

જોલીએ તેનો હાથ પકડ્યો અને પંપાળતાં બોલી, 'જેમ હિંદુઓ માટે મથુરા-કાશી, મુસલમાનો માટે મક્કા-મદીના અને ક્રિશ્ચિયનો માટે રોમ-જેરૂસલેમ પવિત્ર સ્થાનો છે, તેમ અમારા જેવા સ્થપતિ, પુરાતત્ત્વવિદ તથા નૃવંશશાસ્ત્રીઓ માટે મુઅન-જો-દડો તીર્થ સ્થાન છે. આ સ્થળે મનુષ્યની સંસ્કૃતિએ જન્મ લીધો હતો. આ ખંડેર આજે પણ માનવતાના ઉદ્ભવની દાસ્તાન ગાય છે. એ ભૂતકાળમાં જ આપણા ભવિષ્યનાં બીજ પડેલાં છે...'

લાઉડ સ્પીકર પર ઍર-હોસ્ટેસનો અવાજ સંભળાયો, 'આપણે હવે કરાંચી ઍરપોર્ટ પર ઊતરવાનાં છીએ. તમે મહેરબાની કરીને પોતાની ખુરશીના પટ્ટા બાંધી લો અને સિગરેટ બુઝાવી નાખો.'

★

મુઅન-જો-દડોના અધિકૃત ગાઈડ મિસ્ટર ખાન સાથે જોલીને ખંડેર જોવા માટે જીપમાં રવાના કરીને જ્યોર્જ પોતે ઠંડી બીઅર પીને, લંચ લઈને, રેસ્ટ હાઉસના વાતાનુકૂલિત ખંડમાં આવીને આડો પડ્યો. આ ગરમીથી તેને ઍલર્જી હતી. થાકને કારણે તેનું શરીર પણ તૂટતું હતું. આંખો બંધ કરીને ત્રણ-ચાર કલાક સૂવાની ઈચ્છા હતી, પણ તેને વિવિધ પ્રકારના ડર સતાવવા લાગ્યા. જોલીને પઠાણ ગાઈડ સાથે એકલી મોકલીને કંઈ ખોટું તો નથી કર્યું ને? આ પઠાણ જાતિ ખતરનાક હોય છે. શક્ય છે કે તે જોલીનું અપહરણ કરી જાય અને પાછી આપવા માટે એકાદ મિલિયન ડોલર માગી બેસે તો? ના, ના. એના માટે તો આ સોદો ઘણો મોંઘો સાબિત થશે. જોલીની જીદ સામે તેને ઝૂકવાની જરૂર નહોતી. આ દેશમાં અપહરણ પણ એક વ્યવસાય બની ચૂક્યો હતો.

કરાંચી ઍરપોર્ટ પર ઊતરીને કોઈ ખાનગી વિમાન કે હેલિકોપ્ટર દ્વારા મુંબઈ પહોંચવા માટેની તપાસ જ્યોર્જે કરી, પણ ખબર પડી કે એવી કોઈ સર્વિસ અહીં શરૂ કરાઈ નહોતી. મુંબઈ માટે અન્ય ઍરલાઈન્સની ફ્લાઈટ પણ મોડી રાતની હતી. મજબૂર થઈને જોલીની વાત માનીને કરાંચીથી લાડકાણાની ફ્લાઈટ પકડવી પડી. કરાંચી ઍરપોર્ટથી મુંબઈ ફોન કરીને મુખ્યમંત્રીના પુત્રને પોતાના કાર્યક્રમમાં આવેલા પરિવર્તનની જાણ કરી દીધી. કંપનીના મેનેજિંગ ડાયરેક્ટરને પણ બેઠક રદ કરવાની સૂચના આપી દીધી. જોલીએ આવીને ઢંઢોળીને જ્યોર્જને જગાડ્યો. આંખ ક્યારે લાગી ગઈ તેની તેને ખબર જ નહોતી પડી.

'ઊઠો! સાંજના પાંચ વાગ્યા છે. હાથ-મોં ધોઈને ચા પી લો. પછી નઓંદરોમાં તમારું ઘર જોવા જઈએ. હું સિંધીઓને મળવા ઈચ્છું છું, જેઓ દુનિયાની સૌથી સમૃદ્ધ સંસ્કૃતિના વારસદારો છે.'

ચા પીતાં - પીતાં જ્યોર્જ કોઈ બહાનું શોધવા માંડ્યો. પોતાના પૈતૃક ગામની મુલાકાતના આ નવા બખેડાથી તે પોતાને બચાવવા માંગતો હતો. શક્ય એટલા વહેલા તે કરાંચીથી મુંબઈની ફ્લાઈટ પકડવા માંગતો હતો.

'જોલી ડિયર! આ ગામડિયા સિંધીઓમાં એવું તે શું છે કે તું જોવા ઈચ્છે છે. એ લોકો એટલા તો ગંદા હોય છે કે એમને જોવા માત્રથી ચેપ લાગી જવાનો ડર રહે છે. તને સિંધી વ્યક્તિ જોવાની એટલી જ ઘેલછા હોય તો એક તો હું તારી સામે ઊભો છું અને જીવનભર તારી સાથે જ રહેવાનો છું. તું ધીરજપૂર્વક મારો અભ્યાસ કરતી રહેજે ને!'

જ્યોર્જની વાત સાંભળીને જોલી મોટેથી હસી પડી. 'તું અને સિંધી વ્યક્તિ? ના રે ના! મુઅન-જો-દડોના સિંધી માણસો સાથે તારી સરખામણી નથી થઈ શકતી! તું હવે સંપૂર્ણ રીતે અમેરિકન બની ચૂક્યો છે. અમારા મની કલ્ચરમાં ઊછરતો એક મશીની માણસ.' જોલીએ નજીક જઈને તેના શરીરને સૂંઘતાં કહ્યું, 'તારામાં હવે એ માટીની સુગંધ જ રહી નથી.'

'શું બકે છે?' જ્યોર્જે અરીસામાં જોતાં જોતાં ટાઈ ઠીક કરતાં લગભગ રાડ પાડતાં કહ્યું. પછી વાતનો ટ્રેક બદલાવતાં ઉમેર્યું, 'તેં તો મુઅન-જો-દડો વિશે કોઈ વાત જ ન કરી. મેં તો તને પહેલાં જ કહ્યું હતું કે ત્યાં જોવા લાયક કંઈ જ નથી. તને પેલાં ખંડેર કેવા લાગ્યાં?'

'અદ્ભુત! મને તો હજુ સુધી મારી આંખો પર વિશ્વાસ નથી આવતો કે પાંચ હજાર વર્ષો અગાઉ આપણા કરતાંયે વધુ સભ્ય કોઈ જાતિ અસ્તિત્વમાં હતી. શહેરી જીવનનાં સૌ સુખ સગવડતાઓ માણતાં માણતાં શાંતિપૂર્વક જિંદગી જીવતી હતી.

પાકી ઈંટોની રચેલી ઈમારતો, સીધા રોડ-રસ્તા, ગંદા પાણીના નિકાલ માટે જમીનની નીચે બનાવેલી ગટર વ્યવસ્થા, નહાવા-ધોવા માટેના વિશાળ કમ્યુનિટી ખંડ, અનાજ સંઘરવાની કોઠીઓ તથા ગોદામો, સુંદર નકશીકામવાળા સુવર્ણાલંકારો, હથિયારોને બદલે બાળકોના રમકડાંઓ! આ ખંડેર ખરેખર તો બોલે છે! પોતાની ભાષાકીય સભ્યતાના પ્રારંભની, પોતાના લોકોની વાર્તાઓ સંભળાવે છે! મને લાગે છે કે મારે અહીં એકાદ મહિનો રોકાઈને એ સભ્યતા વિશે વિસ્તૃત લેખ લખવો જોઈએ.'

'માત્ર મહિનો કેમ? તું ઇચ્છે તો વર્ષ બે વર્ષ કે સમગ્ર જિંદગી અહીં રહી શકે છે.' જ્યોર્જે તેને ચીડવતાં કહ્યું.

'તો તો ઘણું સારું!' જોલી તાળી વગાડતાં આગળ બોલી, 'તારું તો જન્મસ્થળ અહીં જ છે. મુઅન-જો-દડોની શૈલીવાળો એક બંગલો બનાવીને આપણે અહીં જ રહી જઈએ. ચાલ, નઓંદરોમાં

*ચારિત્ર્ય એટલે પાકી બની ગયેલી ટેવ.*

જઈને કોઈ જમીનના પ્લોટની તપાસ કરીએ.'

જોલી સાથે વાતાનુકૂલિત કારમાં બેસતાં જ્યોર્જે વિચાર્યું કે, જોલી સાથે લગ્ન કરીને તેણે કોઈ ભૂલ તો નથી કરીને? કેવી ગાંડી છોકરી છે. મિઆમી બીચ પર 'વ્હાઈટ હાઉસ' જેવો વિશાળ તથા શાનદાર બંગલો છોડીને હવે હું નઓંદરોની માટી તથા તડકામાં નવું મકાન બનાવીને આ અભણ ગામડિયાઓની વચ્ચે આવીને રહું?

'તારા કોઈ સગા-વહાલા નઓંદરોમાં હજુ પણ રહે છે કે સૌ ભારત ચાલ્યા ગયા છે?'

જોલીને તેની મોટી દીકરીની જેમ ખોદી ખોદીને પ્રશ્નો પૂછવાની ખોટી ટેવ હતી. તે જવાબો આપતા થાકી જતો. અમુક પ્રશ્નોના જવાબ નથીયે હોતા. ક્યારેક મનુષ્ય શાંત રહેવા પણ ઈચ્છે છે. 'તેને યોગ્ય જવાબ આપવો પડશે, નહિ તો વળી આ મશીનગનની જેમ શરૂ થઈ જશે.' જ્યોર્જે વિચાર્યું, 'અહીં, અમારા સગા સંબંધીઓ રહે છે પણ સૌ આપણા માટે મરી ચૂક્યા છે. એમાં મારા મોટા ભાઈ પણ છે. જમીનદારીની લાલચમાં ધર્માંતર કરીને મુસલમાન બનીને અહીં જ રહી ગયો છે. સાંભળ્યું છે કે એક મુસ્લિમ સ્ત્રી સાથે લગ્ન પણ કરી લીધા છે. અત્યારે તો એના બાળકો પણ મુસ્લિમ જ હશે ને! આપણને નહીં ઓળખે. ધર્માંતર જ કરવું હોત તો અમે પણ અહીં રહી શક્યા હોત. પણ અમને અમારો ધર્મ, અમારા વતન કરતાંય વધુ પ્રિય લાગ્યો. તેની રક્ષા ખાતર અમે અમારું વતન કુરબાન કરીને અહીંથી અન્યત્ર ચાલ્યા ગયા. સરકાર પણ અમને અહીંથી બળપૂર્વક હાંકી કાઢવા માંગતી હતી. અર્થાત્ અહીં અમારા જીવ તથા સંપત્તિને રક્ષણ ન હતું. અહીં અમે સૌ ખપી જાત.'

જ્યોર્જની વાત સાંભળીને જોલી થોડીવાર માટે જાણે ક્યાંક ખોવાઈ ગઈ. છેવટે કંઈક વિચારતાં બોલી, 'મને ન જાણે કેમ એમ લાગે છે કે વતન છોડવાને બદલે તમારે ધર્માંતર કરીને અહીં રહેવું જોઈતું હતું. એ વધુ ઉચિત ગણાત. જેમ તમારો ભાઈ રહે છે. જે ધર્મ વટલાવવાની તું વાત કરે છે તે માત્ર નામ પૂરતો જ ધર્મ છે. એ નામ તો દરરોજ બદલાયા કરે છે. સમગ્ર માનવજાતિનો મૂળ ધર્મ તો એક જ છે. એ વાત જુદી છે કે રાહ ભટકેલા લોકોએ મૂળને બદલે નકલનો પાલવ ઝાલ્યો છે અને એકબીજાનાં માથાં વાઢે છે.'

'આ તું શું કહે છે? મને તો તારી વાત ગળે જ નથી ઊતરતી. માણસ પોતાની ઓળખ કેવી રીતે બદલી શકે? જે ધર્મમાં તે જન્મ્યો અને ઊછર્યો, તેને કેમ છોડી શકે! ચાલ છોડ.' જ્યોર્જ ગુસ્સે થતાં બોલી ઊઠ્યો.

જોલીએ તેના બન્ને હાથ પકડતાં કહ્યું, 'શું તું એટલામાં ભૂલી ગયો કે તારું મૂળ નામ ઝમટ છે. આજે આપણે સગવડતા ખાતર નામ બદલાવ્યાં છે. તારું નવું નામ અસ્સલમ છે અને મારું આયેશા.'

★

અમેરિકી વૈભવી કાર નઓંદરોની શેરીઓના રસ્તે ધૂળ ઉડાડતી એક જૂના હવેલી જેવા મકાનની સામે આવીને ઊભી રહી ગઈ. જ્યોર્જે જોયું કે નઓંદરો આજે પણ એમ ને એમ પ્રાચીન હતું. ૫૦ વર્ષના ગાળામાં કંઈ જ બદલાયું ન હતું. એ જ મકાનો, એ જ શેરીઓ અને એ જ માણસો. એક ગોરી મૅમને કારમાંથી ઊતરતી જોઈને માટીથી લથપથ અર્ધનગ્ન બાળકો માખીઓની જેમ એકઠાં થઈ ગયાં. આજુબાજુનાં મકાનોમાંથી પણ કેટલીક સ્ત્રીઓએ બારીનો પડદો સેરવીને આગંતુકો સામે નજર માંડીને વિચાર્યું કે, ચાચા ફઝલકરીમના ઘરે આ કયા મહેમાનો આવ્યા હતા.

હવેલીના વિશાળ પ્રાંગણમાં વાણના ખાટલે બેસીને હુક્કો ગડગડાવતા સફેદ દાઢીધારી બુઝુર્ગ પુરુષને જ્યોર્જ પૂછ્યું, 'હું અમેરિકાથી આવ્યો છું. શિવલદાસ અહીં રહેતો હતો. હજુ જીવે છે કે ...?'

લુંગી ચડાવીને બેઠેલો અર્ધનગ્ન શરીરવાળો તે પુરુષ ઊભો થઈ ગયો. કાળા દોરે બાંધેલું તાવીજ ગળે લટકતું હતું. પોતાને ઘેર ઘૂસી આવેલા મહેમાનની સામે તે એકીટશે જોવા માંડ્યો. સૂટ-બૂટમાં સજ્જ આ દીવાન તથા આ ગોરી મૅમ કોણ હોઈ શકે? પુરુષનો ચહેરો કંઈક પરિચિત લાગ્યો. અંધારામાં તીર ફેંકતો હોય તેમ બોલ્યો, 'તું ઝમટનો દીકરો તોલો...ના...ના....ટોની તો નથી ને? આ મૅમ સાથે લગ્ન કરી આવ્યો છે?"

'ના...ના...' જ્યોર્જે સહેજ સંકોચાઈને શરમથી જવાબ આપ્યો, 'હું પોતે ઝમટ છું.'

'ઝમટ? તું જ ઝમટ છો?' બુઝુર્ગના મોંમાંથી એક રાડ નીકળી ગઈ, 'તું તો સાવ ઓળખાતો જ નથી. પૂરેપૂરો બદલાઈ ગયો છે. હું જ છું શિવલ, તારો મોટો ભાઈ.' ફઝલકરીમ નાનાભાઈ જ્યોર્જને જોશથી ભેટી પડ્યો. ઝમટે મોટાભાઈના ચરણસ્પર્શ કર્યા.

'ખુદાતાલાએ આજે મારી પુકાર સાંભળી. વર્ષોથી તને મળવા માટે હું ખુદા પાસે દુઆ માંગતો હતો. આજે તેણે આપણા ઉપર રહમ કરી છે. વર્ષોથી વિખૂટા પડેલા ભાઈઓને પુનઃ મેળવી દીધા.'

ગળે વીંટળાયેલા ભાઈના હાથમાંથી જ્યોર્જ પોતાની જાતને છોડાવવા ઈચ્છતો હતો, એના શરીરમાંથી કોઈ વાસ આવતી હતી. ખેતર ખેડીને કદાચ હમણાં જ પાછો ફર્યો હતો. ઘરના આંગણામાં જ ગાયો-ભેંસો બાંધેલી હતી. તેમના છાણ મૂત્રની વાસ પણ હોઈ શકે.

'અરે સદ્દીક, જમાલ! ઓ રઝિયા! ઘરમાં કોઈ છે કે નહીં? સૌ બહાર આવો, જુઓ આપણે ઘેર કોણ આવ્યું છે? તમારો કાકો! અરે ઓ અલહડિના! ગફૂર, સૌ ક્યાં મરી ગયા? આંગણામાં પાણી છાંટીને ખાટલો ઢાળો. ત્યાં સુધી અમે ઓટલે બેઠા છીએ.'

ફઝલ કરીમની આંખોમાં હર્ષનાં આંસુ તરી આવ્યાં હતાં. તેણે આંસુને છુપાવવાનો કે લૂછવાનો કોઈ પ્રયત્ન ન કર્યો. ગાલ પરથી સતત આંસુઓને વહેવા દીધાં. જ્યોર્જને એનો આ

*અહંકારનો ત્યાગ મહાન ત્યાગ છે પછી બીજું કંઈ ત્યાગવાનું રહેતું નથી.*

લાગણીસભર દેખાવ બિલકુલ ન ગમ્યો. આ માણસો કેવા સીધાસાદા અને ભોળા હતા. આવા ઉપરછલ્લા લાગણીના સંબંધોને કોરાણે મૂકીને, આજે માનવ રોકેટમાં બેસીને સમગ્ર અવકાશમાં ફરી રહ્યો છે, પ્રગતિ કરી રહ્યો છે, ચંદ્રમા તથા તારાઓ સાથે વાતું કરી રહ્યો છે, ત્યારે આજે આવા માણસો પણ છે જે કૂપમંડૂકની જેમ જિંદગી જીવી રહ્યા છે!

ફઝલ કરીમનું ધ્યાન અચાનક ગોરી મૅમ તરફ ગયું. તે એક ખૂણામાં ઊભા રહીને આ વિખૂટા પડી ગયેલા ભાઈઓના મિલનનું દૃશ્ય રસપૂર્વક જોઈ રહી હતી. તેની સામે જતાં ફઝલ ત્રૂટક અંગ્રેજીમાં બોલ્યો, 'મેડમ અહીં આવો, તમારું પણ સ્વાગત છે. અમારા ઘરને તમારું સમજીને અંદર પધારો. તમે અમને પરોણાગતની તક આપીને લાખ મહેરબાની કરી છે. આવો.... આવો...'

જોલીએ આગળ આવીને ફઝલને કીધું, 'કાકા! તમે લોકો મને ઘણાં ગમ્યાં.' ફઝલ કંઈ બોલે એ પહેલા તો જોલીએ એનો ગાલ ચૂમી લીધો. ફઝલ કરીમ શરમનો માર્યો લાલ થઈ ગયો પણ મૅમસાહેબની લાગણીની આવી રજૂઆત તેને ગમી ખરી!

આંગણામાં ખાટલાઓ ઢાળીને તે પર નવી ચાદરો બિછાવાઈ. પિત્તળના મોટા ગ્લાસમાં શરબત પિરસાયું. ખાવા માટે નાનખટાઈ, સેવ જેવી વાનગીઓ મંગાવાઈ. મુહમ્મદ સદ્દીક અને અબ્દુલ જમાલે આવીને ચાચીને પગે લાગ્યા. બંને છ ફૂટ લાંબા જવાનો શરીર પર બોસ્કીનો ઝભ્ભો અને સલવાર પહેરીને આવ્યા હતા. આગળ નાડું આગળ લટકતું હતું. જોલીએ પણ ઊભા થઈને સસ્મિત હાથ મિલાવ્યા. ગોરી મૅમનો સ્પર્શ વીજળીની જેમ તેઓના શરીરમાંથી પસાર થઈ ગયો અને તેઓના ચહેરાઓને લાલ-ગુલાબી કરી ગયો. મહેમાનોને મળીને તેઓનો આનંદ માતો નહોતો.

જ્યોર્જે ઊભા થઈને એક ખંડમાં જોયું તો તેનાં માતા પિતાના જુવાનીના દિવસોની જૂની તસવીર ભીંતે ટીંગાડેલી હતી. તે પર શિવલે રેશ્મી હાર ચડાવેલો હતો. તે જ ભીંત પર શિવલ સાથે પોતાનો બચપણનો અન્ય ફોટો પણ હતો. પણ અતિશય ઝાંખો પડી જવાને કારણે તેમાંના ચહેરાઓ ઓળખાતા નહોતા.

'કલા તથા બાળકોને તારી સાથે કેમ નથી લાવ્યો? કુટુંબીજનોને મળીને તેઓને પણ કેટલો આનંદ આવત. આ મૅમ કોણ છે? તારી સેક્રેટરી છે?' ફઝલે ઝમટને પૂછ્યું.

જ્યોર્જે જીભ બટકાવતાં કહ્યું, 'ના! આ મારી પત્ની છે. મેં બીજાં લગ્ન કર્યાં છે, પણ કલાને તલાક આપ્યા નથી.'

'હું સમજ્યો નહીં,' ફઝલે પ્રશ્નાર્થ દૃષ્ટિએ જોયું.

'એમાં અચરજ પામવા જેવું શું છે?' જ્યોર્જે સહેજ હસીને શરમ છુપાવતાં કહ્યું, 'તમે પણ જરૂર ચાર લગ્ન કર્યાં હશે. અહીં તો એ સામાન્ય રિવાજ છે.'

'ના....ના...!' ફઝલે તરત જ વાતને નકારતાં કહ્યું, 'તારાં ભાભી એ જ જૂનાં ફોર્ડ મોડેલ છે, જે મને આજે પણ બેહદ પ્રિય છે. દર વર્ષે મોડલ બદલાવવાનો શોખ તમો અમેરિકનોને હોય છે. જા અંદર જા. તારા ભાભી અને દીકરી રઝિયાને મળી આવ. તારી આ નવી પત્નીને પણ સાથે લઈ જા. તેઓ બંને તમને મળવા, તમારા સૌના હાલ-ચાલ જાણવા માટે વરસોથી તરસે છે.'

જ્યોર્જે ઘડિયાળમાં જોયું. રાત્રે દસ વાગ્યે કરાંચીથી મુંબઈની તેઓની ફ્લાઈટ હતી. કોઈપણ સંજોગોમાં એ ફ્લાઈટ ચૂકવા માગતો નહોતો. જોલીની જીદ્દ તેને અહીં લઈ આવી હતી. પચાસ વર્ષો અગાઉ દફનાવેલા આ મડદાંઓને વળી ખોદવાથી શું વળવાનું હતું? શિવલ પણ જો સિંધ છોડી દઈને, ભારત આવીને તેની સાથે ધંધામાં ભાગીદાર બન્યો હોત તો આજે તેનું પણ જાપાનમાં કે જર્મનીમાં હોટલોનું મોટું સામ્રાજ્ય હોત. આ ગામડિયાઓએ તેઓની જિંદગી વેડફી નાખી હતી!

કારમાં ગોઠવાતા પહેલાં સૌને ભેટીને વિદાય લીધી. તેમનો કોઈ કુટુંબીજન ફરી તેમનાથી કાયમ માટે વિખૂટો પડી રહ્યો હોય તેમ સમગ્ર નઓંદરો વિદાય આપવા ઊમટી પડ્યું હતું. ફઝલકરીમે આંસુ સારતાં ઝમટને કહ્યું, 'ભાઈ! તું અહીં અમારી સાથે રહી જા. હું તને મારી જમીન તથા હવેલીનો અડધો ભાગ ખાલી કરી આપવા તૈયાર છું. ઘરના ઓટલે બેસીને જીવન સંધ્યા વિતાવવા જેવો આરામ તથા શાંતિ દુનિયામાં બીજે ક્યાંય નથી. મૃત્યુબાદ જેને પોતાના દેશની માટી નસીબ થાય છે, તે ખરેખર નસીબદાર હોય છે.'

જોલીને જાણે શું થઈ ગયું હતું. પર્સમાંથી નોટબુક કાઢીને કંઈક લખવા માંડ્યું. તે જાણે જીવતા જાગતા 'મુઅન-જો-દડો' માં આવી પહોંચી હતી.

નઓંદેરોની ધૂળ ઉડાડતી કાર ઍરપોર્ટ તરફ દોડવા માંડી. જ્યોર્જના કાનમાં ભાઈના શબ્દો પડઘાતા હતા. 'પાછો આવ ભાઈ, પાછો આવ!'

ઝમટ ઉર્ફે જ્યોર્જ ઉર્ફે અસ્સલમે પોતાના બંને કાન પર હાથ મૂકી દીધા. ■


Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

**MFG. ST. STEEL UTENSILS**

*જ્યાં સુધી માનવ પોતાનું કર્તવ્ય નહિ બજાવે ત્યાં સુધી કુટુંબ, સમાજ અને રાષ્ટ્રનો વિકાસ અશક્ય છે.*



# નારીનો પરાજય

• ધૂમકેતુ •

**આ**ટલી મોડી રાતે કોણ સાંકળ ખખડાવતું હશે? એ વિચાર આવતાં હું જાગી ગયો. તરત સાંભર્યું કે એ તો પડખેવાળા બાબુભાઈ નાળિયેર રમવાના શોખીન છે તે મોડા આવે છે, એમના ઘરનું બારણું ખખડતું હોવું જોઈએ. ફરીને જાગ્રત સ્વપ્નનિદ્રામાં પડી ગયો. પડખું ફરીને સોડ સરખી કરી. ત્યાં ફરીવાર સાંકળ ખખડવાનો અવાજ આવ્યો. કાન દીધા. ખાતરી થઈ કે ઘરની સાંકળ જ કોઈક ખખડાવી રહ્યુંછે.

'કોણ હશે અત્યારે?' મનમાં સવાલ ઊભો થયો. ગામમાં છેક છેવાડે હું રહેતો હતો. સવારે ચોરામાં જઈને છોકરાં ભેગાં કરીને ભણાવતો. બપોરે ત્યાં જ કથાવાર્તા માંડતો. સાંજરે ગોપાળ ધોળિયાને ત્યાં અરધોએક કલાક સભા ભરાતી તેમાં હાજરી આપી આવતો. ગોપાળને જરા કોઢ જેવું દેખાતું હતું, એટલે આખું ગામ તેને ગોપાળ ધોળિયો કહેતું. બાકી આખા ગામમાં એ એક જ 'જનરલ' વેપારી હતો. અને ઘણાની ઊઠબેસ તેમ લેવડદેવડ એને ત્યાં જ થતી.

પણ મારી આ પ્રવૃત્તિએ મને ગામમાં ઠીક જાણીતો કર્યો હતો. એટલે કેટલીક વખત ચોવટમાં પણ કોઈને કોઈ મને બોલાવવા આવતા. આજે ગોપાળ ધોળિયાને ત્યાં સાંજે સાંભળ્યું હતું કે જસતાભાભાની કેશીની ફારગતીની વાત ચાલે છે, ને કાલે એ બધાં આવવાનાં છે.

એ વાતને આ સાંકળ ખખડાવવા સાથે સંબંધ હશે એમ કલ્પના કરીને હું ઊઠ્યો.

જસતાની છોકરી કેશી રૂપનો ભંડાર હતી. હસમુખી પણ એવી હતી કે ન પૂછો વાત! પણ કોણ જાણે શું હતું. પહેલા ધણી સાથે ન બન્યું. છ-આઠ મહિનામાં લખાવટ થઈ ગઈ. બીજા સાથે સંસાર ચાલતો હતો. ઠીક હતું. એક છોકરો પણ એને થયો હતો. એટલામાં વળી સમાચાર ફેલાયા કે ત્યાં પણ કાંઈક તોફાન જાગ્યું હતું.

ને આવતી કાલે ફારગતી લેવા દેવા સુધીની વાત થતી હતી! આવતી કાલે સાસરિયાંવાળાં આવવાનાં હતાં.

આ વાત ગોપાળ ધોળિયાની દુકાને થઈ ત્યારે જસતો ત્યાંથી નીકળ્યો પણ હતો.

મને સાંભર્યું. એ વખતે જ એ મને કાંઈક કહેવા માટે રોકાયો પણ હતો. પણ પછી કહેવાનું રહી ગયું ને એ કામે ચાલ્યો ગયો હતો.

એટલે કદાચ એ જ હોવો જોઈએ એમ મેં ધાર્યું. છતાં ચેતતા નર સુખી કરીને ગામડાગામના ધોરણ પ્રમાણે મેં દીવો કર્યો. ખૂણામાં પડી હતી તે લાકડી લીધી. માથે ફાળિયું પણ વીંટી લીધું. એક ખોંખારો ખાધો ને પછી નરસિંહ મહેતાનું એક ભજનિયું બોલતો જોડા પહેરીને અવાજ થાય તેમ ફળિયામાં આવ્યો. બારણું ઉઘાડતાં પહેલાં જ મોટેથી પૂછ્યું : 'અલ્યા કોણ છે ભાઈ! અત્યારે?'

'એ તો હું છું બાપા! જસતો...'

'હાં, હાં. મેં મનમાં તો ધાર્યું'તું કે જસતાભાઈ જ હોવા જોઈએ!'

'કેમ જસતાભૈ! છો તો મજામાં નાં? આજ તો કાંઈ અત્યારે નીકળ્યો?'

જાણે બહુ જ છાની વાત કહેવા માગતો હોય તેમ જસતો ધીમેથી બોલ્યો : 'બાપા! કાલ તમારો બે ઘડી ખપ પડ્યો છે!'

'મારો? કેમ, એવું શું છે?'

'આ વાત ઈમ છે કે આપણી કેશીની લખાણપટી હવે કાલ કરી નાખવી છે. કજિયાનું મોં કાળું!'

કેશી એને બીજે ઘેરથી પણ છોકરો લઈને ભાગી આવી હતી, ને સામાવાળાને નોટિસ આપીને, પછી ભરણપોષણનો દાવો માંડ્યો હતો. એમાં હુકમનામું થયું હતું.

સામી વળી અપીલ થઈ હતી. એ પાછી નીકળી ગઈ હતી. એમ કરતાં કરતાં બે-ત્રણ વરસે છેવટે ઘરમેળે ફારગતીની વાત નક્કી કરવા બંને કબૂલ થયા હતા. ત્યાં સુધીનો લાંબો ઇતિહાસ મારી જાણમાં હતો. કાલે એ પ્રમાણે કેશીનો વર ને સૌ આવવાના

*નિરંતર સફળતા જીવનનું એક જ પાસું બતાવે છે, પરંતુ નિષ્ફળતા બીજું પાસું પણ બતાવે છે.*

હતા એ પણ મને ખબર હતી.

એટલે મેં કહ્યું : 'સારું, ક્યારે, કાલે નવ વાગે આવવાનું છે?'

'હા, નવ વાગે. પણ આવજો, ચોક્કસ હો બાપા! તમ વના કામ નઈ થાય હો! ઈ છે બે'ક લોંઠ હો! ને ઈને કાયદાનું બહુ જોર છે!'

'આમાં હવે કાયદાનું ક્યાં કામ છે? જ્યાં તમે બેય સમજીને સમાધાન કરો છો ત્યાં? આવીશ તો ખરો. પણ કેશીને પૂછ્યું?'

'એને તો પરથમ પૂછ્યું છે. એ ક્યાં ના પાડે ઈમ છે? એય હાથ જીભ કાઢી ગઈ છે!'

થોડી વાર પછી જસતો ગયો. પણ મારી નિંદર લેતો ગયો. રાત આખી મને નિંદર આવી નહિ. કેશીના જ વિચાર આવ્યા કર્યા.

કેટલી રમતિયાળ, કેવી હસમુખી, સ્વતંત્ર અને મુક્ત પંખી જેવી એ છોકરી હતી! અને તે આંહી-જ્યાં બધે જ બંધિયાર પાણી હતાં ત્યાં!

એનો દોષમાં દોષ હોય તો એક જ. એનો ચહેરો ને દેહ બંને જાણે આખો દિવસ હસતાં જ હોય! જ્યારે જુઓ ત્યારે એની પાસેના વાતાવરણમાંથી પણ રમૂજ, ટીખળ, વિનોદ, આનંદ, મસ્તી, રમતગમત નીકળતાં જ હોય!

કોઈ કવિ હોય તો કલ્પના કરે કે મૃત્યુ પણ રડ્યા વિના આને ઉપાડશે શી રીતે? એટલો આનંદ તેની પાસે હતો. એને જસતાએ પરણાવી ત્યારે આખા ગામે કહ્યું હતું કે, 'અલ્યા! આ તો તેં રૂપરૂપની જળદેવીને ખારા સમુદ્રમાં વળાવી!'

અને થયું પણ તેમ જ. કેશીને છ-આઠ મહિનામાં પાછું ફરવું પડ્યું. પણ ગોપાળ ધોળિયાએ તરત બીજે વેતરણ પાર ઉતારી.

એટલે જસતાએ એને બીજે ઠેકાણે બેસારી. એ સંસાર થોડો વખત ચાલ્યો પણ ખરો. એક છોકરો પણ કેશીને થયો. પણ માણસ એવો વહેમીલો નીકળ્યો કે એ સંસારનું વહાણ પણ તોફાને ચડી ગયું. એને લાગ્યું કે હવાની સાથે પણ આને દોસ્તી છે. એટલે એ જાપ્તો રાખવા માંડ્યો.

તો કેશી એના માથાની નીકળી. ઊભીઊભી અમસ્તી હસતી હોય! પેલો નીકળે એટલે જાણે પોતાની વાત કળાઈ ગઈ હોય તેમ ગભરાય! પેલો ઠોંટબુંહટ કરે ત્યાં સુધી તો જવાબ ન દે. પછી પેલો રાતોપીળો થાય ત્યારે ખંડેરમાં ઊભેલો ગધેડો બતાવીને કહેશે : 'મૂઆ! હું તો આને હસતી હતી!' એના વરનું મોં જોવા જેવું થતું!

પણ એ ખિજાળને મૂકીને છેવટે કેશી ભાગી. અને પિયરમાં આવીને બેસી ગઈ. ત્યાર પછી તો કેસ વગેરે થઈ ગયા.

અને છેવટે હવે આવતી કાલે એ વાતનો ઘરમેળે નિકાલ થવાનો હતો. કેવો લગ્નસંસાર!

## (૨)

બીજે દિવસે નવ વાગે હું જસતાને ત્યાં ગયો.

ત્યાં ફળીમાં બે ખાટલા ઢાળ્યા હતા. ચાર-પાંચ માણસો ત્યાં બેઠાં હતાં. ગોપાળ ધોળિયો પણ ત્યાં આવી ગયો હતો. કેશીનો વર પણ ત્યાં હતો. માથે સાફો બાંધીને એ ખાટલા ઉપર બેઠો હતો. એનો પીળો, સુક્કો, લાંબો, શૂન્ય ચહેરો હું જોઈ રહ્યો. જેની સાથે અમસ્તું બેસતાં પણ થાક ચડી જાય એવો એ ચહેરો હતો, તેની સાથે આ હસમુખી છોકરીએ આટલા દિવસો શી રીતે ગાળ્યા હશે એ જ મારા મનને એક મોટો કોયડો થઈ પડ્યો. હું એની સામે જ જોઈ રહ્યો. એ કોઈની સાથે બોલતો ન હતો.

હું પણ ત્યાં સૌ સાથે બેઠો. થોડીવાર પછી કલમ ખડિયો મુકાણાં. કાગળ નીકળ્યો. ગોપાળ ધોળિયો આગળ આવીને બેઠો. એને વાતમાં કાંઈક રસ હોય તેમ જણાવ્યું. ત્યાં જસતાએ મને કાનમાં કહ્યું : 'આપણે તો ભરણપોષણની જ વાત કરી હતી, મનખાદેહ છે, વહેલીમોડી મનની મૂંઝવણ ટળે તો, પાછો સંસાર બંધાઈ જાય તો બંધાય! પણ એમને વાત ચમડીદમડીની થઈ. એટલે હવે ભલે ફારગતી કરી દો, બીજું શું!'

એટલામાં જસતાને મારી સાથે વાત કરતો જોઈને ગોપાળ ધોળિયો આગળ સર્યો. તે ધીમેથી બોલ્યો :

'ઘર ને વર બે'ય મારા ખીસામાં છે, જસતાભાઈ! ને કેવાં? કંચન જેવાં! હું કહું છું, હવે તો કરી જ નાખો! કાં બાપા? આમાં કાંઈ રેણ હાલે છે? આ તો હૈયાં!'

'હવે તો કરવા બેઠા જ છીએ નાં? પણ કેશીનું મન માનવું જોઈએ નાં?' જસતો બોલ્યો.

'એને શું વળી?'

મને નવાઈ લાગી. એટલામાં અંદરના બારણામાંથી કોઈનો હાથ મને બોલાવતો હોય તેમ લાગ્યું.

ભ્રમ હશે એમ માનીને હું તો પાછો ધોળિયા સાથે વાતોએ વળગતો હતો ત્યાં જસતો જ બોલ્યો : 'કેશી તમને બોલાવતી લાગે છે બાપા! એને સમજાવજો...જઈ આવો તો...'

શું સમજાવવાનું એ હું કાંઈ સમજ્યો નહિ. હું ઊઠ્યો. ઘરમાં જવા માટે ઓશરી ઉપર પગ મૂકું છું ત્યાં ગોપાળ ધોળિયો મારી પાછળ આવ્યો. મારા કાનમાં કહ્યું : 'જુઓ બાપા! છોકરી છે રીંગી. પણ જસતાને માથે દોઢસોનું નામું તો આપણે ત્યાં છે. ટેટા જેવો છોકરો પાસે રાખવાનું કરશે તો વાત વળે ચડી જાશે! એને તો હજી જોઈએ એટલાં છોકરાં આવશે! આ છોકરામાં શું સોનું નાખ્યું છે? કેશીને સમજાવજો.'

હું ગોપાળ સામે જોઈ રહ્યો. એને આ દોઢસોનો સ્વાર્થ હતો એ સમજાઈ ગયું. ફારગતી સામાવાળા લખી આપે તો નુકસાનીના પૈસા દઈ જાય. એટલે તરત ગોપાળના હાથમાં પૈસા આવી જાય,

પણ છોકરાની શી વાત એ કહી રહ્યો હતો તે તરત કાંઈ સમજાયું નહિ. હું ઘરમાં ગયો ત્યાં કેશી ઊભી હતી. એની પાસે ઘોડિયામાં એનો છોકરો સૂતો હતો. કેશીના ચહેરા ઉપર ઉગ્ર મથામણ દેખાતી હતી. પણ તે શાંત હતી. છતાં તેણે મને જોયો અને એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. એના ઘરને મારા ઉપર પ્રેમ હતો.

'બાપા!' કેશી બોલી. એનો અવાજ ધ્રૂજતો લાગ્યો : 'હું આને છોડવાની નથી હો...જેને જી કરવું હોય ઈ ભલે કરી લ્યે!' કેશીએ ઘોડિયાની પાસે આડે ઊભાં રહેતાં મને કહ્યું. એની આંખમાં એ શબ્દો બોલતાં ગજબની દઢતા વસી ગયેલી મેં જોઈ.

હું તેની સામે જોઈ રહ્યો. તેના રમતિયાળ, વિનોદી, હાસ્યના ફુવારા સમા ચહેરા ઉપર આજે મેં જે જોયું તે કાંઈક જુદું જ હતું. એ ઘોડિયાની આડે એવી રીતે ઊભી રહી હતી કે જાણે એમ માનતી હોય કે કોઈક એનું છોકરું ઉપાડી લેવા આવવાનું છે, ને એને ત્યાં દેહ અર્પણ કરવો પડે તો તે કરીને પણ છોકરાને જાળવવાનો છે!

હું તો આભો બની ગયો. એ વખતે મને એ પોતાના બચ્ચાં આડે ઊભેલી સિંહણ જેવી લાગી.

ગોપાળ ધોળિયાની વાત હવે સમજાઈ ગઈ. કેશીનું મન અતિ દઢ હતું. એ છોકરાને છોડવા માગતી ન હતી.

'શું છે કેશી?' મેં એની સામે જોઈને કહ્યું : 'કહેવું છે તારે કાંઈ?'

'મેં આ તમને કહ્યું ઈ, બાપા! બીજું કાંઈ નહિ. મને એક વાતનો પેલો ફોડવો પાડો.'

પછી તે વધારે દઢતાથી બોલી : 'આ છોકરો કોનો?' તેણે સૂતેલા બાળક ઉપર એક દૃષ્ટિ કરી ને મારી સામે જોયું, 'પહેલાં મને એ સમજાવો. પછી તમે લખાણપટી કરો. આ છોકરો કોનો?'

'છોકરો તો બાપનો જ હોય નાં? સખી દુનિયા એ જાણે, કોરટ પણ એમ જ કહે, છોકરો એના બાપનો!'

'એના બાપનો?'

'હાસ્તો!'

'ના ના, છોકરો તો મારો છે.' કેશી બોલી : 'એને મોટો હું કરીશ!'

'મોટો તું કરજે ભલે, પણ મોટો થયા પછી પણ, તારે એને સોંપવો પડશે! હમણાં તું રાખ!'

કેશીના ચહેરા ઉપર એક પ્રકારની શોકછાયા વળતી જણાઈ.

એટલામાં મારા નામની બહારથી બૂમ પડી. હું પગ ઉપાડતો હતો ત્યાં તો કેશીએ અચાનક જ છોકરાને ઘોડિયામાંથી ઉપાડીને પોતાની છાતીસરસો લઈ લીધો હતો. તે અત્યંત દઢતાથી ધ્રૂજતા અવાજે બોલી : 'તમારે ભાયડાઓને જે કરવું હોય ઈ કરજો. પણ આ છોકરાને મારી છાતીએથી છોડાવનારો મારું મડદું દેખશે. આને હું નથી છોડવાની તે નથી જ છોડવાની!'

'પણ તો તારે ધણી સાથે રહેવું પડશે. કાં છોકરો દેવો પડશે. નહિતર તો પેલા સાથે જવું પડશે!' મેં આંગળીની નિશાની કરીને બહાર બેઠેલા એના વરને બતાવતાં કહ્યું : 'પેલા સાથે? છો તૈયાર?'

'હા, હા, તૈયાર છું!' કેશી બોલી : 'ઈ બાયલાનો ટોટો પીસીને એને ત્યાં રહીશ - અને એને ટપલામાં દઈને રોટલો લઈશ. પણ મારા આ આધારને હું નહિ છોડું તે નહિ જ છોડું. તમે જઈને એને સંભળાવી દ્યો!... જાવ!'

હું બહાર આવ્યો. ત્યાં કેશી પણ મારી પાછળ જ આવી રહી હતી. એણે છોકરાને છાતીસરસો એવી રીતે ચાંપી રાખ્યો હતો, કે જાણે એને કોઈ ઉપાડી જવાનું હોય! પછી એના પેલા સાફાવાળા ધણીના પાસે જઈને એ ઊભી રહી ગઈ.

એ ત્યાં ઊભી રહી ગઈ અને એટલામાં આછકલી લાજમાંથી આવતું એનું વેણ સાંભળતાં અમે સૌ સ્તબ્ધ થઈ ગયા. લખાણ લખાણને ઠેકાણે રહી ગયું. કેશી એના ધણીને કહી રહી હતી : 'ધૂડની ઘોડ્યે બેઠા છો શું? મોઢા આગળ થાવ! હાલો, હું તમારી વાંહોવાંહ હાલી આવું છું!'

*'વનરેખા' માંથી સાભાર*

*સુખ એક એવી ચીજ છે*
*જે પરસ્પર વહેંચાવા માટે જ સર્જાયેલી છે.*

**ક્ષમાપના.... (૧)**

*ક્ષમા ત આય આત્માજી દિવાળી,*
*ત ચુકતે કયો વેર ઝેર જા હિસાબ;*
*વડો રખી મન માફી ડૈ માફી ગિનો,*
*ત આત્મામેં ખીલે સમ્યકત્વજો ગુલાબ.*

**ક્ષમાપના.... (૨)**

*વેરીના વેરના ઝેર પીને, જીતીયે વેરીના મન;*
*ક્ષમા તણા અમૃત પાઈને, કરીયે સૌ આત્મા પ્રસન્ન.*
*— રશ્મિન્ ખોના*

**"સંગમ - મસાલા"**
**હંસરાજ લાલજી મસાલાવાલા**
૧૫, રાજ રાજેશ્વરી એપાર્ટમેન્ટ, નારાયણ નગર,
એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૮૬.
ફોન : (૦૨૨) ૨૫૧૧૨૯૩૪
મો. : ૯૮૯૨૦ ૬૬૬૬૨

*પરિવારને શ્રદ્ધા અને પ્રેમથી ભરેલો રાખો.*



# વાત્રકને કાંઠે

• પન્નાલાલ પટેલ •

સંધ્યાએ આભલાંને આજ ગેરુઆ રંગથી આખાંય રંગી નાખ્યાં હતાં. ધરે પડીને વહેતાં વાત્રક નદીનાં આસમાની નીર લાવા સરખાં બની રહ્યાં. જમણા કાંઠા ઉપર આવેલી પેલી ટેકરી ઉપરના એકલા ઘરનાં નળિયાં ઉપર સોનેરી ઢોળ ચડ્યો. પેલી બાજુની તળેટીમાં ઊડતી ગોરજનું પણ ઘડીભર માટે ગુલાલ બની ગયું. અરે, કારતક મહિનાની ટાઢને પણ આજની સંધ્યાએ જાણે ફૂલગુલાબી બનાવી દીધી.

ટેકરી ઉપરના પેલા ઘર આગળ ઢોર-બકરાંના ભાંભરવાનો કલશોર મચી રહ્યો, પણ એય ઘડીભર માટે. ઢોર કોઢમાં બંધાયાં ને બકરાંનેય અઠ્ઠાવીસેકની એક યુવાન બાઈએ ચોપાડના કોઢિયામાં પૂરી દીધાં. કમાડિયું વાસીને એ પીઠ ફેરવે છે ત્યાં જ એની નજર ચણા વાવેલા ખેતરની પેલી પાર નદીકાંઠા ઉપર જઈ પડી :

એક નાનકડી તાપણી પોતાનો પ્રકાશ પાથરવાનાં ફાંફાં મારતી હોય એમ બળવા લાગી હતી. દાઢી-મૂછ, થોભિયા કરતાં કંઈક લાંબી એવી જટા અને ગળે ગાંઠ પાડી અડધું પહેરેલું ને અડધું ઓઢેલું ગેરુઆ રંગનું ધોતિયું વગેરે સાધુની નિશાનીઓવાળા બે માણસોમાંથી એક, ઘડા જેવડું તૂંબડું ભરીને લંગડાતો કાંઠો ચડી રહ્યો હતો. બીજો તાપણીની બાજુમાં ચીપિયો ખોસવાનો પ્રયત્ન કરી રહ્યો હતો; તો વળી પેલો તાપણીએ જાડાં લાકડાં અડાવતો હતો...

'શું તાકી રહી છે, નવલ? આ પેલી ગાય બાંગડે (ભાંભરે) છે ને?' ચોપાડના ખૂણામાં ખાણ ઠારી રહેલી ડોશીએ કહ્યું. પણ પછી તો એય પેલા કાંઠા તરફ સાધુઓને તાકવા લાગી. 'બીજું તો કાંઈ નંઈ માસી, પણ પીટ્યાને અહીં ક્યાં ધૂણી ધખાવવાનું સૂઝ્યું હશે?' નવલની વાણીમાં ભલે હળવાશ હતી - સહજ ભાવ હતો, બાકી કાંઠા તરફ મંડાઈ રહેલી એ આસમાની આંખોમાં ને ભીના વાન પર તો ભારોભાર ગંભીરતા હતી, પ્રતિક્ષણે વધતી જતી હતી.

'હશે, આપણે શું? ઘો મરવાની થાય એટલે વાઘરીવાડે જાય. પોર પેલો એક મદારી તો પકડાઈ ગયો છે અહીંથી, ત્યારે આ પીટ્યા જાણતા નંઈ હોય? સરકારનો ડોળો તો આ ત્રણ વરસથી દિનરાત આ ઘર ઉપર મંડાયેલો જ છે.'

નવલનું ધ્યાન માસીના બોલવા તરફ હોત તો એને કદાચ હસવું આવત : 'આ બિચારા પરદેશી શું જાણે કે આ ઘરનો માણસ મુખીના દીકરાનું ખૂન કરીને ત્રણ વરસ ઉપર ભાગેલો છે?' પરંતુ નવલનું ધ્યાન અત્યારે પેલા બે જણની આસપાસ જ હતું. આંગણામાંથી પોદળા ભરતી હતી તેય યંત્રવત્.

માસીનો બબડાટ ચાલુ જ હતો : 'એય મૂવો છટક્યો એ તો છટક્યો પણ પકડાઈ જતો હોય તો આવા બાપડા કોક તો ફંદામાં ન પડે. સામાવાળું (નવલ)ય ક્યાં લગી વાટ જોઈ બેસી રે'શે, એટલુંય એ નંઈ જાણતો હોય?'

માસીની વાત ઘણીવાર અસંગત અથવા તો ઊલટીસૂલટી થયા કરતી. ખાણ ભરેલું એક ટોપલું ઉપાડતાં એમણે નવલને કહ્યું : 'લે આ ટોપલું ચાંદરી (ભેંસ) ને મેલ હેંડ.' જતાં જતાં ઉમેર્યું : 'એવા તો પીટ્યા ઘણાય ભટક્યા કરે છે ધુતારા.'

નવલને કહેવું હતું : 'પણ આ લોક તો આપણા ઘરની વાત કરતા હોય એમ જ લાગે છે માસી જો ને, બીડી પીવા બેઠા છે એય આ પા મોઢાં કરીને!...' પરંતુ માસી આગળ આવી વાત કરવા જેટલી આજ એની હિંમત ન લાગી. એટલું જ નહિ, એનો અર્થ પણ કંઈ જ ન હતો.

નવલ ખાણનું ટોપલું કોઢમાં મૂકી આવી. કંઈ સૂઝ ન પડતાં વળી પાછી ચોપાડની ધાર પર જઈ બેઠી. અલબત્ત હાથમાં કામના બહાના તરીકે એક તૂટેલો દામણાનો સાંધો થઈ રહ્યો હતો. આંખો તો લગભગ નદી તરફ જ હતી.

એક વાર વળી એમ પણ થયું : 'માસા આવ્યા હોત તોય ખબર કઢાવત... આટઆટલી ધરતી પડી છે, સામે કાંઠે જ માતાજીનું મંદિર છે ને આખું ગામ ક્યાં નથી? ત્યારે એ બધું મેલીને અહીં મારી છાતી સામે ધૂણી ધખાવવાનું કંઈ કારણ? કે પછી પીટ્યા પેલા રજવાળામાંના (જાસૂસ) જ છે?'

*વસ્તુનો અભાવ એ વ્યવસાયિક તક કહેવાય.*

એટલામાં તો ઢોર-બકરાંને સેર ચઢાવી-ઘર તરફ વાળી, બળદોને શેઢે ચરાવવા રહેલા પચાસેક વર્ષના માસાય, ઘોડીઓ સરખા બે બળદ સાથે આવી લાગ્યા. લાગલું જ નવલે એમનું ધ્યાન દોર્યું : 'જુઓ ને માસા, કોકે ધામા નાખ્યા છે એ?'

પરંતુ માસાએય કંઈ ધ્યાન ન આપ્યું. 'છો ને નાખે, આપણું શું ખાવા માગે છે?' કહી એય બળદની પાછળ પાછળ ઘરમાં ચાલતા થયા.

નવલનેય પોતાને માટે આજ-આ ક્ષણે-નવાઈ લાગવા માંડી. શા માટે પોતે આજ પેલા અવિચારી-ખૂની માણસને ઝંખી રહી છે, ને તેય ત્રણ વરસે જતી?....ને એ તો ઠીક પણ આઠેક વરસ ઉપર રિસાઈને તજી ગયેલા પેલા પ્રથમ વારના અભાગી પતિનેય એ ઊંડે ઊંડે યાદ કરી રહી હતી. કોઈ દિવસ નહિ ને આજે જ પેલા બે જણને જોતાં બે પતિ એને સાથે યાદ આવી રહ્યા હતા. અરે અતલ ઉરે તો, પેલો સાજો એ પ્રથમ વારનો ને લંગડો એ ખૂની એવું પણ એની જાણ બહાર ગોઠવાઈ ચૂક્યું હતું.

એ જામતા અંધારામાં એણે પેલા બે જણને આ તરફ આવતા જોયા. એ ઊભી થઈ ગઈ. બારણા આગળ થંભી ન થંભી ને ઘરમાં જ ચાલી ગઈ.

કોણ જાણે કેમ પણ નવલને અઠ્ઠાવીસની ઉંમરમાં આજ પહેલી જ વાર ડર જેવું લાગ્યું હતું. જ્યારે ક્ષોભનો તો પાર ન હતો. ઘરમાં જઈને એણે પેલા હઠીલા હૈયાને કહ્યું પણ ખરું : 'પેલા તો બેય જણ સાજા સારા ને છોકરા જેવા હતા, જ્યારે આ તો - ભાળતી નથી એમાં એક તો લંગડો છે? ને પેલો - પેલોય પાતળો હતો ત્યારે આ તો કોઠીના ફેરે (જાડો) તો છે?'

માસા-માસી એક તરફ નવલના વાલીપદે હતાં તો બીજી બાજુ એનાં આશ્રિત પણ હતાં. બાપ મરી જતાં એકલી પડેલી નવલને આવા કોઈની જરૂર ઊભી થઈ, જ્યારે પેલાંને ચાર વહુઓમાંથી એકેય સંઘરતી ન હતી. અને એટલે જ આ અનાથ થઈ પડેલાં ડોસા-ડોસી એની ઈચ્છાને સદાય માન આપતાં. કોઈ વાતની સલાહ આપતાં, દાખલા તરીકે નાતરું કરી લેવાની - તેય એને રાજીમાં જોઈને જ. પરંતુ આજ ઘરની ધણિયાણી ખુદ નવલ જ એમનાથી ડરી રહી હતી, તેમાંય માસીથી તો ખાસ. સેડ કાઢી રહેલાં માસીએ વિના કારણ ઘરમાં આઘાપાછી કરી રહેલી નવલને ભાનમાં આણી : 'શું કરે છે તે અંધારામાં બુન તું? દીવો તો કર બાળ?' નવલે દીવો સળગાવી, કોઢ તથા મોવડ વચ્ચે આવેલી ઢીંચણભરની ઓટલી ઉપર મૂક્યો. અંદરથી ચોખા લાવીને ઝાટકવા વળી, બારણાની બાજુમાં આવેલા ચૂલા આગળ બેસી લાકડાંના અજવાળે વીણવા લાગી.

ગોરસામાં દૂધ પાડવા જતાં માસીને કહેવાનું મન તો થયું, 'લાકડાંના અજવાળે તે કોઈ વળી ચોખા વીણતું હશે?' પરંતુ આવું કંઈ ન કહેતાં એમણે ચોખ્ખી જ વાત કરી : 'ઓરી દે ને બુન પાટૂડામાં!' અને બહાર ભસી રહેલા કૂતરા તરફ ચીઢને વાળી રહ્યાં : 'આ મૂવા કૂતરાનેય ભસભસનો જ વહેવાર છે!'

લાડકી નવલ એના અસલ મિજાજમાં હોત તો જરૂર કહેત : 'ત્યારે તુંય ક્યાં ઓછું બોલે છે માસી? ચોર-લફંગા, દા'ડે તારાથી બીએ છે ને રાતે આ કૂતરાથી!'

પરંતુ નવલ અત્યારે ધ્યાનધારી જોગી જેટલી જ બેધ્યાન હતી. નદીના કાંઠા રણકાવતા કૂતરાનું ભસવું સુધ્ધાં એના ખ્યાલ બહાર હતું.

પાટૂડામાં ચોખા ઓરતી નવલને કાને - બલકે હૈયા ઉપર જ સીધા, આંગણાના પથ્થરો પર પડતા ડંગુરાના અવાજ ઊઠ્યા. એક જણના જોડા ખખડતા પારખ્યા, તે વિના જોયેય લંગડા સાધુને એણે જોડા વગરનો કળી કાઢ્યો. પહેલાનો અવાજ આવ્યો : 'જય સીતારામ, કાકા.'

એકાએક નવલનો અંતરાત્મા બોલી ઊઠ્યો : 'એક તો એ જ છે. એનો જ સાદ છે!' બારણાથી બે ખાટલાવા છેટે આવેલા તાપણામાં દેવતા સળગાવતા માસાએ આવકાર આપ્યો : 'આવો મહારાજ! બેસો એ ખાટલા પર!'

પહેલા સાધુએ ખાટલાને ઉઠાવી પેલી બાજુ મૂક્યો. તાપણા તથા બારણા તરફ મોં રહે એ રીતે જવાબમાં બબડ્યો : 'અહીં એક પા જ ઠીક રે'શે!' લંગડાએ પણ પાંગેથ તરફ જમાવ્યું.

સામી બાજુના બકરાંના કોઢિયાની આડે બાંધેલા કૂતરાએ ભસવું છોડીને ઘુરઘુરાટ શરૂ કર્યો. માસીનો બબડાટ પણ ઘરની અંદર ચાલુ થઈ ગયો હતો : 'હરીફરીને એક સીતારામ જ આવડ્યું છે. બસ, પારકાના જીવતર પર જીવવું ને ફર્યા કરવું!...'

પાટૂડા નીચે હદ ઉપરાંતનાં લાકડાં ખોસી રહેલી નવલના કાન તો બહાર જ જડાઈ ગયા હતા. પેલા બેમાંથી એક (જેને નવલ પહેલી વારના પતિ તરીકે માની રહી હતી) માસાને સવાલ પૂછતો હતો : 'કેટલા દીકરા છે?' 'ચાર દીકરામાંથી એકેય અહીં નથી?' 'એકે વહુ નથી સંઘરતી?' 'ડોસા-ડોસી બેયને?...' 'ડોસા-ડોસી બેયને?...' 'આ ઘરની માલકણ તમારે ભાણી થાય?' 'બાઈ એકલી જ છે?' બારણામાં રહી બિલાડીની જેમ ડોળા ઘુરકાવી રહેલાં માસીથી બોલ્યા વગર ન રહેવાયું : 'એ બધું તમારે પૂછવાનું કાંઈ કારણ, બાવાજી?' કહેતાં કેડે હાથ દઈ પેલા સાધુ સામે જઈ ખડાં થઈ ગયાં. 'કારણ તો માડી, બીજું કાંઈ નંઈ પ...ણ...પ...ણ..., સંસારી સાથે બીજી વાતેય શી કરવી?' બની શકે એટલી મીઠાશ વાપરતાં સાધુએ કહ્યું.

ગુસ્સાને દબાવી રહેલાં માસીનો ઈરાદો તો હતો આરોહ તરફ જવાનો, પરંતુ પા-ઘડીની વાતમાં તો બાવાએ એમને અવરોહ તરફ વાળી દીધાં...ને પછી તો એ પોતે જ તાપણા આગળ બેસીને વાત કરવા લાગ્યાં :

'બળ્યા અવતાર ને બળ્યો આ સંસારેય, બાવાજી! મારા પીટ્યા ભગવાનને ઘેરેય સો મણ તેલે અંધારું છે કે શું તે-' અને

*બાળકોને બાળક બનીને તાલીમ આપવી જોઈએ.*

બે કમાડ વચ્ચે અંધારાનો લાભ લઈ તરઘટ ઉપર આવી બેઠેલી નવલ તરફ હાથ કરતાં આગળ બોલ્યાં : 'આ અમારે નવલ! પાંચ ભાઈઓના મોત ઉપર એ એકલી જ જીવતી રહી છે. માય નાની મેલીને મરી ગઈ. અધૂરામાં પૂરો બાપેય એવો મળ્યો કે આખી 'પચ્ચીસી' થી વેર બાંધ્યું. પછી તમે જ કો' બાવાજી! ગોળ બા'રનો જ વર ખોળવો પડે ને? ને ઘરજમાઈ રે'વા આવેય કુણ? કાં તો આવે છટેલ-દંડેલ કે કોક આવે હલકા ઘરનો.' આંખો ફાડી ક્ષણભર તાકી રહ્યા પછી ઉમેર્યું : 'ને એમ જ થયું. બાઈના કપાળે પે'લો વર જ છટેલ મળ્યો.'

'કેમ છટેલ, માડી?' પહેલા સાધુને પૂછવું જ પડ્યું.

'કેમ તે ન મળે બાપીતામાં મા કે બાપ. કે' છે મામાને ઘેરે રે'તો તો. એમાંથી મારી દીકરી કે'તી'તી એમ કોક મેળામાં આ મારી નવલને એણે ભાળી ને' એકાએક ડોશીનાં ભવાં તંગ થઈ ઊઠ્યાં : 'મારો પીટ્યો છોગાળો! એની આખીય 'બેતાળી' પડતી મેલી અહીં 'પચ્ચીસી' માં આવી ઘરજમાઈ રહ્યો! હવે તમે જ કો' બાવાજી! છટેલ વગર બીજો કોઈ રહી પડે આમ? એમાં વળી કામના કૂડા ને વાતોના રૂડા. તમે તો જાણો છો, અમારે ખેડૂતને તો દનનો દોઢ શેર પરસેવો પાડવો પડે. પછી ઠાકોરના જેટલી સાહ્યબી ફેરવનાર અમારા બનેવીથી દીઠુંય જાય? ને પરવડેય ખરું? એમને રૂપિયાનું તો દન ઊગ્યે અફીણ ખાવા જોઈતું! એટલે સસરા-જમાઈને ઘડીભર ઊભા રહ્યે બને નંઈ. ને એમ કરતાં એક દન બેયને જામી પડી. સસરાએ હાથ પકડ્યો ને જમાઈય તું-તુંકારે આવી ગયો. એમાંથી પીટ્યાને છડીછોટ લાગી તે રાતે પરબાર્યો જ ઝાકળિયેથી હેંડતો થયો. મામાને ઘરેય ભાળ કરાવી, પણ હોય તો મળે ને? પીટ્યો જાણે ધરતી જ ઊતરી પડ્યો.'

પહેલા સાધુએ એક ભારે શ્વાસ લીધો; જ્યારે લંગડો કંઈક ખુન્નસભરી આંખે એની સામે તાકી રહ્યો. ભાન ભૂલ્યો હોય તેમ બબડી ઊઠ્યો : 'એણે જ તો આ બધા ખેલ કરાવ્યા!'

'બાવાજી...મારો!' મોકાસર ટાપસી પુરાતાં ખુશ થઈ ઊઠેલી ડોશીએ એની સામે મીઠી એવી એક નજર પણ નાખી દીધી. જ્યારે પહેલા સાધુએ એને કોણી મારી અણગમો વ્યક્ત કર્યો - ભાનમાં આણ્યો.

ડોશી પોતાની ધૂનમાં હતાં : 'તોય બાપ, મારી નવલે તો આજ આવે, કાલ આવશે એમ કરીને ચાર વરસ વાટ જોઈ.'

અને સ્વગત બોલતાં હોય તેમ ડોકું ધુણાવતાં આગળ બોલ્યાં : 'થાકીને છેવટે એક બીજો વો'ર્યો, પણ એય પીટ્યો રખડેલ, ગોળ બા'રનો. પેલા મૂવાનો કાંક સગોય થતો'તો. કોક વાત કરતું'તું કે સાત તો એને ભાઈ છે ને ડોસા-ડોસીય હજી જીવે છે, પણ મિજાજનો એવો કે ઘરમાં ભાઈઓથી કાંક લડાઈ થઈ ને નીકળી ગયો ઘર બા'રો. ફરતાં ફરતાં ગરો (ગ્રહો) જ એને અહીં તાણી લાવ્યા હશે ને? નકર ક્યાં અહીં ભાગિયો રે'વા ને ક્યાં પેલા ડોસાનું મન રંગવા (રીઝવા)! બીજે વરસે તો ભાગિયામાંથી ઘર જમાઈ થઈ બેઠો.'

'એને તો બાવાજી, મીંય એક ફેરા ભાખેલો!' ડોશીના ચહેરા પર થોડોક આનંદ પથરાયો. 'કામને તો દીઠું કે જાણે લીધું છે. રાખસની પેઠે ખાઈ જ જાય જાણે... ને જીભ જુઓ તો ટૂંકી પાછી. બે ફરા બોલાવો ત્યારે એક ફરા બોલે. પછી તમે જ કો,' ડોસાને ગમી જ જાય ને?'

'હાસ્તો.' પહેલા સાધુએ હુંકારો ભણ્યો પણ નિઃશ્વાસ સાથે.

ડોશી એમની ધૂનમાં હતાં, 'ને બાપ મારી નવલને તો કોઈ ટૂંટિયા સાથે પૈણાવો ને ભલે! એ ભલી, એનું કામ ભલું ને અફીણી બાપની ચાકરી ભલી. બે જમાઈ વો'ર્યા પણ એયની સાથે એક જરા સરખુંય કે' છે નથી ચડભડી.' ડોશીનો અવાજ ઢીલો પડવા માંડ્યો. 'પણ પીટ્યો ભગવાન જ હાથ ધોઈને એની પાછળ પડ્યો'તો. આટઆટલાં શાણપણેય એને સુખી થવા ન દીધી! નકર વળી...' ને પછી તો શબ્દોને બદલે નર્યું રૂદન જ વહી રહ્યું. માસા પણ આંખો લૂછવા વળ્યા. જ્યારે કમાડ અઢેલીને બેઠેલી નવલની આંખો તો ક્યારનીય ટપકી રહી હતી. કોઈએ જોયું હોત તો લંગડા સાધુની આંખોય આંસુભરી માલૂમ પડત.

વાત કઢાવનાર સાધુ પણ બેચેન હતો. 'હા, પછી વાત તો પૂરી કરો, મા?'

'પૂરી ને અધૂરી બાપા!' બબડી, ભારે શ્વાસ લઈ વળી શરૂ કર્યું : 'આ સામા ગામના મુખીને ને ડોસાને બાપ માર્યા વેર જતાં'તાં. એટલે જ તો વીસ વરસથી આ વગડો વેઠી રહ્યાં'તાં ને? પણ તોય-એ પીટ્યા મુખીના દીકરાને ગરોએ ઘેર્યો હશે ને ત્રીજા ચોમાસા પર ભર્યા મેળામાં નવલની કાંક લખણી (છેડતી) કરી.' ડોશીએ એક જોરથી શ્વાસ લઈ જરીપુરાણી ધમણમાં હવા ભરી, 'ને કે' છે કે એ વાત જાણીને ડોસાએ છાતીએ ગડદા ઘાલ્યા ને પછી તો એ રાતે મરેલા દીકરાને યાદ કરી કરીને ડોસાએ એવા તો વલાપ કર્યા કે - આજેય એ સાંભળનારા કે' છે, કણકણ કરતો વરસાદ વરસતો'તો ને એ અંધારી રાતે ડોસાનું રોવું (રુદન) એવું લાગતું જાણે સામા કાંઠાનો પેલો વગડો જ ન વલાપતો હોય! ને ભાઈઓના ઓરતા લાવતી નવલેય - કે' છે, નવલ નો'તી રોતી, અમને તો લાગતું'તું જાણે કાંઠા ભરીને વે'તી વાત્રક વલાપતી'તી!'

ડોશી વળી પાછાં સ્વગતની જેમ ડોકું હલાવી રહ્યાં. બોલ્યાં : 'એવું હશે ત્યારે જ તો પેલા જમાઈનો - પારકા જણ્યાનો માંહ્યલો કોપ્યો હશે ને? કે' છે કે ખેતરે સૂવા ગયો'તો એ માળેથી બારોબાર ઊપડ્યો ને અંધકોપ રાતમાં નદીનાં પાણીનેય એણે ન ગણકાર્યાં. ને કે' છે માળે સૂતેલા પેલા વેરવાઈને જગાડીને ઝટકાવી નાખ્યો. ઘેર આવી ડૂસકાં ખાતા સસરા આગળ વધામણી ખાવા મંડ્યો. પણ એટલામાં તો કે'છે નવલે એના મોઢા આડા હાથ દઈને પાછે પગલે વગડાની વાટે જ વાળી દીધો ને કહ્યું જ હશે તો, 'જીવતો રહીશ તો ભદર પામીશ.' એ વેળાથી ગયો છે તે આજની ઘડી

*સમય જેવું સ્થિતિસ્થાપક બીજું કોઈ નથી.*

ને કાલનો દન!'

નિઃશ્વાસ નાખતાં ઉમેર્યું : 'આજકાલ કરતાં તો ત્રણ ત્રણ વરસનાં વા'ણાં વાયાં, બાવાજી! નથી પેલા ભાગેડુનું કાંઈ થતું, કે નથી નવલ ઘર માંડવાનું ગણકારતી ને—'

વચ્ચે જ નવલનો અકળાયેલો અવાજ આવ્યો : 'અડધી રાત તો થઈ, ત્યારે ખાશો ક્યારે માસી?' અને આછી ભડક સાથે ઊભાં થઈ ગયેલાં માસીને ઘરમાં આવવા દઈ કહ્યું : 'આલો એમને શેર ચોખા આલવા હોય તો ને કાઢી દો અહીંથી.'

પરંતુ સાધુ ઠંડા હતા. ચોખા મળવા છતાંય ઊઠવાની દાનત નહોતા કરતા.

નવલે માસાનેય ખાવા માટે ઘરમાં બોલાવી લીધા. તોય પેલા 'એદી' (આળસુ) લોક ન ઊઠ્યા. ને નવલને બહાર નીકળી સામે આવી કહેવું જ પડ્યું : 'મોતના મૂઢામાં બેસી રે'વાનું કાંઈ કારણ?'

'અમારે તને કાંક વાત કે'વી છે. પૂછવું છે થોડુંક...' ખુશ થઈ ઊઠેલા પહેલા સાધુએ કહ્યું. તાપણાને અજવાળે ધૂપછાંય થઈ રહેલી નવલની આંખ શું આંખ મેળવવા એ મથી રહ્યો હતો.

જ્યારે લંગડા સાધુની ચંચળ થઈ ઊઠેલી આંખો નવલની દેહલતાને જ માપી રહી હતી. કહેવા જતો હતો, 'પણ તું પેટ ભરીને ખાય છે કે નંઈ? જો તો ખરી, કેટલી બધી ઓસમાઈ ગઈ છે!' ને પૂછ્યું : 'એ પહેલાં તું એટલું કે'ને - તીં અમને ઓળખી લીધા છે કે...'

એ ભોળા, ભલા ને અબુધ અવાજ તરફ વળતી નવલની આંખોમાં સ્નેહનો એક ઊભરો ઊઠ્યો ન ઊઠ્યો ને શમી ગયો. કંઈક દયાભરી, દુઃખભરી નજરે તાકતાં એણે એને સવાલ કર્યો : 'હા. પણ આ પગ ક્યાં ખોયો?'

'એ તો ખોયો' - એને ઉતાવળ હતી પોતાના સવાલ માટેની અને કહી નાંખ્યું : 'પેલી ગોઝારી રાતે નાસતાં નાસતાં, પણ તું તારી વાત...'

નવલ ક્રૂર બની — પોતાના જ નહિ, સામાં બે હૈયાં ઉપરેય! ને દાતરડું ચલાવતી હોય એમ 'કરપ' કરતાકને સ્નેહીજનના સવાલને કાપી નાખ્યો : 'એ બધું રે'વા દઈને, એક ફેરા તમે ઊઠો અહીંથી. મારું કહ્યું માનો તો ધૂણી ઉપર ગયા વગર પરભાર્યા જ અહીંથી...' અને લંગડા સાધુ તરફ તાકતાં ધીમેથી ઉમેર્યું : 'અહીં તો આ ઝાડવાંય રાજનાં ચાડિયાં છે. માટે...' વાક્ય અધૂરું મૂકી પહેલી શિખામણ એણે પોતે જ લીધી. બારણા તરફ પગ ઉપાડ્યો, જતાં જતાંય હાથને ઈશારે કહી રહી હતી : 'ઊઠો, ઊઠો, હેંડવા માંડો...'

પહેલો સાધુ ફાળ સાથે ઊભો થઈ ગયો. 'પણ...પણ અમે તો મરવા માટે જ આવ્યા છીએ. એક થોડુંક અમારે તને પૂછવું...'

લંગડો સાધુ જ એની સામે ઘૂરક્યો : 'અને તુંય ભલો આદમી છે ને? એ શું એમાં કે'વાની છે. તું તારે હું કહું છું એમ જ...'

અને એ તો લપ ટાળવા કે પછી, 'શું હશે' એ જાણવા કે ગમે તેમ પણ નવલ એકદમ પાછી ફરી. છેક ખાટલા પાસે આવી ખડી થઈ ગઈ : 'લો, પૂછી લો પૂછવું હોય એ.'

સાધુ તો સાચે ગભરાઈ પડ્યો. આ કંઈ રૂપિયા-પાઈની વાત ન હતી કે પટ દેતોકને હિસાબ કરવા માંડે. અને એટલે જ તો એ લોચા વાળવા લાગ્યો : 'પૂછવાનું તો એમ કે ....તું જરા થરથાએ (નિરાંતે) બેસે તો...'

લંગડા માટેય આ ગલ્લાંતલ્લાં અસહ્ય થઈ પડ્યાં. બોલી ઊઠ્યો : 'એમ લોચા વાળ્યા વગર,' અને સામે જોતી નવલને પોતાની વાત જ પૂછી રહ્યો, 'મારું કે'વું એમ કે આ અહીં રે'ને હું...'

નવલ અકળાઈ ઊઠી, 'અરે રા...મ! તમે કે એ, ગમે તે રે'શે તોય પોલીસવાળો તો એને પકડી જ લઈ જવાનો. રામાયણ તો એ થઈ છે કે તમને — સિપાઈની તો ઘણી વાત — પણ ગામનુંય કોઈ નથી ઓળખતું ને એટલે છીંડે ચઢ્યો એ જ ચોર; માટે હું તમને હાથ જોડું-' અને સાચે જ નવલે હાથ જોડ્યા. પેલા પહેલા સામેય ઉમેર્યું : 'ઊઠીને હેંડવા જ....'

'અરે પણ હું કહું છું શું? પોલીસમાં જઈ પકડાઈ જવાની તો વાત કરું છું. પછી આને કુણ —'

પહેલાએ નવલ સામે જોઈ લાગલી જ વાત સાંધી : 'એમ નંઈ. આ લંગડો થઈ ગયો છે, એટલે એને કોઈ ઓળખવાનુંય નથી ને પૂછવાનુંય નથી. માટે હું જ પોલીસમાં ગુનેગાર થઈને —' લંગડો એની ધૂનમાં હતો. બલકે અકળામણના વંટોળમાં હતો. ને પોતાની જ વાત ચાલી રહી હોય એ રીતે એ નવલને કરગરી રહ્યો : 'સાચી વાત છે! બબ્બે ધણીએય આ વનવગડામાં, તું એકલી? માટે —'

'રહી જ જા તું.' કહેતાં પહેલો ખડો થઈ ગયો. 'અત્યારે જ હું થાણામાં...'

લંગડો તો આ સાંભળી ચિઢાઈ જ ઊઠ્યો : 'એ તો તું વાત જ ભૂલી જા — ખૂન મેં કર્યું ને પકડાય તું એ તો સમણેય નથી થવાનું.'

નવલનું મગજ અસ્તવ્યસ્ત તો હતું જ. એમાં આ લોકોએ વળી સાધુવાળી ચલાવી — જીદ આદરી. એ અત્યંત અકળાઈ ઊઠી. અને 'કૂટો ત્યારે માથાં' આવું કંઈક બબડી રડતી, જાણે ભાંગી પડી હોય એમ લથડતી ચાલે બારણા તરફ ચાલતી થઈ.

ત્યાં તો બારણામાં ઊભાં રહી 'તાસ' (ખેલ) જોતાં માસી બબડાટ કરતાં બહાર ધસી આવ્યાં : 'મારા પીટ્યા હેંડ્યા જતા નથી ને!' પાસે આવી, 'તમારો ભા (પોલીસ) આવશે તો બેયને પકડી લઈ જશે. માટે હેંડતા થાઓ —' કહી એય પાછાં ફરી ગયાં.

પરંતુ કોણ જાણે શું સૂઝ્યું કે અડધી ચોપાડેથી વળી એમણે ગુલાંટ લગાવી, પહેલા સાધુના કાનમાં જ લગભગ કહ્યું : 'કરવું

*જેનું મન અશાંત હોય, ઉદ્વેગવાળું હોય તેને સુખ મળે નહીં.*

ન કરવું એ મન સાથે છે, એમાં નવલને પૂછવું'તું શું, ભલા આદમી.' જતાં જતાં લંગડાનેય કહી નાખ્યું : 'જે કરવું હોય એ કરી નાખ્યું એટલે છૂટકો મટે.'

અને ભડોભડ કરતાં કમાડ વસાતાં જોઈને એકલા પડેલા આ બે બબૂચકોનેય ઊઠવું પડ્યું. ઢાળ ઊતરતાં જ વાત કાઢી ને ધૂણીએ પહોંચતાં પહેલાં જ બેય જણ નિર્ણય ઉપર આવી ગયા : 'પોલીસ જેને પકડી લઈ જાય એ સાચો.'

અલબત્ત, લંગડા સાધુના ગળે આ ઘૂંટડો ઊતરે એમ ન હતો... પણ શું કરે? પેલાએ એને નવલના કસમ દઈને મૂંગો કરી દીધો હતો. વળી પોતાના કરતાંય એ (લંગડો) નવલને વધારે સુખી કરી શકશે એ પણ એણે સમજાવ્યું. અને લંગડાને પણ એ વાત કબૂલ કરવી પડી. પણ આ મુખ્ય સવાલ પત્યા પછી પકડાવું કેવી રીતે એ પ્રશ્ન પણ એટલો જ મૂંઝવણભર્યો બની રહ્યો હતો.

ત્યાં તો બન્યું એવું કે બીજી સાંજે ફોજદાર માટે મરઘીની તલાશમાં નીકળેલા સિપાઈની નજર આ બે મરઘાઓ ઉપર જ સ્વાભાવિક રીતે જઈ પડી. જવાબમાં એ લોકોને દેશી ભાષામાં વાત કરતા જોયા અને - માસી કહેતાં હતાં એમ જ બન્યું. બન્નેયને આગળ કરી ગયો.

ઓટલે બેસી જોઈ રહેલી નવલે મહામુસીબતે રુદનને ખાળી રાખ્યું. એ લોક પર એને રોષ પણ એટલો જ ચડ્યો હતો, માસી આગળ વ્યક્ત પણ કર્યો : 'છેવટે મારી છાતી ઉપર આવીને — ' આગળ એ બોલી જ ન શકી.

પરંતુ માસીને તો એક પ્રકારનો આનંદ જ થઈ રહ્યો હતો : 'જે થશે એ, પણ એક પાનો ફાટકો (નિકાલ) તો આવશે!' અને કંઈ સમજતાં ન હોય, પેલાઓને ઓળખ્યા જ ન હોય એમ બોલ્યાં : 'ઠેકાણે પડ્યા! ચપટી ઉઘરાવવી મટી! ને જેલમાં બેઠા 'સીતારામ' ભજવાનું કામ તો એમને રૂડું રૂપાળું થયા કરશે.' અને પછી તો એ બેમાંથી કયો કામનો અને કયો નકામો એની મનમાં મનમાં ગણતરી ગણી રહ્યાં. પરંતુ નવલને - વાત્રકને એના ડાબા-જમણા કાંઠા માટે પક્ષપાત હોય તો આ બેમાંથી એકના પર હોય! એને તો ડાબી ફૂટે તોય ને જમણી ફૂટે તોય, આંખ તો પોતાની જ હતી ને! અને એટલે તો પોલીસ થાણામાંય એણે નવગુણ ટાળનાર નન્નો જ પકડી રાખ્યો ને? 'અવતારમાંય આવા બાવા મીં નથી ભાળ્યા પછી ઓળખવાની વાત જ ક્યાં સાહેબ!'

પરંતુ છ માસ પછી લંગડો (ખૂની) છૂટીને આવ્યો ને પેલો નિર્દોષ જનમટીપમાં પડ્યો ત્યારે બહાર માસી આગળ થઈ રહેલી વાત સાંભળતામાં જ નવલને લાગ્યું કે પેલો અભાગી માણસ એને વધારે વહાલો હતો. એની કુમાશ, એનું સુંવાળાપણું ને રિસાળવો સ્વભાવ વગેરે - બધાં જ લક્ષણ એને ગમતાં હતાં.

એ સમજી ગઈ કે પોતે રુદનને ઝાઝીવાર નહિ રોકી શકે. અને બેડા સાથે એ ઘર બહાર નીકળી પડી. ઓશિયાળી આંખે ચોપાડમાં બેસી રહેલા લંગડા પતિની ભાંગેલી સિકલ સામે એણે જોયું સુધ્ધાં નહિ. સડસડાટ કરતી ટેકરી ઊતરી પડી.

કાંઠે પહોંચતાં પહેલાં જ આંસુની ધાર છૂટી. પાણી સુધી પહોંચી ત્યાં ભીડેલા હોઠ પણ ઉઘડી ગયા. અને પછી તો લગભગ વિલાપે ચઢેલી નવલ પોતાને જ ભાંડી રહી : 'અરેરે ભૂંડી સંસારમાંય એ તો એકલો હતો!... આટલે વરસે તારે આંગણે આવ્યો'તો. ખવરાવવું-પિવરાવવું તો ઠીક..પ...ણ! સુખદુઃખની બે વાતો તો પૂછતી!...'

અભાગી લંગડો! એને શી ખબર કે નદીકાંઠે આમ હશે? નહિ તો નવલ પાછળ પાછળ એ આવત જ નહિ. એને તો એકાંતમાં નવલ આગળ, પોતાના ડંખી રહેલા હૈયાના ડંખ કાઢવા હતા. કહેવું હતું, 'કોરટમાં મીં મારાવાળી તો ઘણીય કરી પણ પેલા બોલકાએ મને નંઈ પોં'ચવા દીધો. રાજવાળાએય કાને કાંઈ નંઈ ધર્યું. અડધો તો આ ભાંગેલો ટાંટિયો નડ્યો મને...સાચું કહું છું! જીવતરને મીં કોઈ દા'ડો વા'લું કર્યું નથી ને કરુંય નંઈ...પણ! —'

કોણ જાણે આમાંનું એ કેટલું કહી શકત એ તો. પણ ધારો કે આમાંનું કંઈ જ કે'વા ન પામત-બોલી જ ન શકત તોય, નવલ માટે એની પેલી ઓશિયાળી આંખો ને આતતાયી શી સિકલ ઓછાં ન હતાં! પણ હાય! ન નવલ આ બધું જોવા પામી કે ન પેલા ઓશિયાળા પુરુષે ધીરજ ધરી, અને કેમ કરીને ધરી શકે?

ભાઈઓના ઓરતા લવતી નવલના તે દિવસના વિલાપે તો તેનું મગજ એકલું જ ફેરવી નાખ્યું હતું. પરંતુ આ આજના વિલાપે તો એનું હૈયું જ ભાંગી નાખ્યું — ભુક્કો ઉડાડી દીધો!

જાણે બીજો પગ પણ 'કડાક' દઈને ભાંગી ગયો હોય એમ એ કાંઠા ઉપરની પેલી ખાખરી આગળ જ અટકી પડ્યો. તરતના જન્મેલા, ફૂલ સરખા કોઈ કુમળા બાળક પર ભૂલ ભૂલથી જાણે ઘા કરી બેઠો હોય એમ એનું અંગપ્રત્યંગ — અરે આત્મા સુધ્ધાં થરથરી ઊઠ્યાં — 'અરરરરરરરર — ભૂલ્યો, ભૂલ કરી!'

અને એ ભયંકર ભૂલને હળવી કરવા જ હોય એમ છેલ્લા ઉપાય તરીકે એણે પેલો ભાંગેલો પગ ઉપાડ્યો ને ચાલતી પકડી! એવું લાગતું જાણે ઊભે કાંઠે આવેલાં ઝાડથી છેલ્લી વિદાય લેતો - 'રામ રામ' કરતો કરતો ન જઈ રહ્યો હોય.

હજુય નદીમાં બેસી રહેલી આંસુ સારતી નવલને કોણ કહે કે હાથમાંનું હેવાતન તો એ ચાલ્યું... એ નદીનો વળાંક વળ્યો... એ લંગડાતો લંગડાતો ડુંગરી ચઢ્યો... એ ઊતરે... એ... એ...એ... એ ઊતરી પડ્યો!

એક જ આશા હતી : ઢોર ચરાવવા ગયેલા માસા સામા મળે ને એને સમજાવીને પાછો લાવે!

***'વાત્રકને કાંઠે' માંથી સાભાર***

*ક્ષણિક નિષ્ફળતાને પૂર્ણ નિષ્ફળતા ના માની લેવી.*



# સુખનો ઓડકાર

**● ઈશ્વર પેટલીકર ●**

**ભા**ઈલાલનો જન્મ થયો હશે ત્યારે જેટલો આનંદ નહિ થયો હોય તેથી અનેકગણો હર્ષ નરોત્તમકાકાને એના એક પત્રથી થયો. એ તો ભણેલા નહોતા, પરંતુ ટપાલીએ કાર્ડ હાથમાં મૂક્યું ત્યારથી એ જાણી ગયા હતા કે ભાઈલાલનો કાગળ છે. એમાં બહુ બુદ્ધિ પહોંચાડવાનો પ્રશ્ન પણ નહોતો. દસ વર્ષનો કનુ, આજે તો ત્રીજીમાં ભણતો એટલે ભાંગ્યુંતૂટ્યું વાંચી શકતો, પરંતુ નિશાળેય નહોતો બેસાડ્યો તે પહેલાંથી ટપાલમાં કાગળ આવતો કે નાચી ઊઠતો : 'માલા બાપુનો કાગળ, માલા બાપુનો કાગળ!' કારણ કે, નરોત્તમકાકાને દીકરાના કાગળપત્તર વગર બીજેથી ટપાલ આવવાની જ ન હતી.

ટપાલીના પગરવને પીછાની ગયેલી શાન્તા તરત રસોડામાંથી બહાર આવી. થોડું લખતાં વાંચતાં શીખેલી શાન્તાને ભાઈલાલે પોતે થોડોક આગળ અભ્યાસ કરાવ્યો હતો, એટલે કાગળ વંચાવા-લખાવાની નરોત્તમકાકાને પંચાત ન હતી. શાન્તા ઉંમરાની અંદર લાજનો ઓઠો કરીને ઊભી રહી એટલે ઓસરીમાં બેઠેલા નરોત્તમકાકાએ એમના કાંડામાં હતું તેટલું જોર કરીને કાર્ડ ઉંમરા ભણી ફેંક્યું. પરંતુ માંડ એમનાથી એક હાથ દૂર એ પડ્યું.

લાજનો છેડો જરા લાંબો ખેંચી શાન્તા ઉંમરા બહાર આવી, કાર્ડ લેવા નીચી નમી ત્યારે વિચારમાંથી જાગ્યા હોય તેમ નરોત્તમકાકા બોલ્યા : 'વહુ! આવડું નાનું પત્તું શા મેળનું આ વખત આવ્યું?' કારણ કે, ભાઈલાલ તરફથી બીડેલું કવર આવતું કે લડાઈમાં પોસ્ટ ખાતાએ હવાઈ વિમાન માટે કાઢેલો આસમાની 'ઍર લેટર' આવતો.

શાન્તા એનો કંઈ જવાબ આપે તે પહેલાં એનું હૈયું નાચી ઊઠ્યું. મોં ઉપર હર્ષની સેરો વહેવા લાગી. એ આનંદ લાજ ઓથે ઢંકાયેલા મોંને લીધે નરોત્તમકાકાને દેખાય તેમ ન હતો. વળી, વહુના સામું એ ન છૂટકે જ જોતા, એટલે વહુ તરફથી ઝટ જવાબ ન મળ્યો ત્યારે એમણે દૃષ્ટિ ઊંચી કરી. એમની ઊંડી ગયેલી અને તેજ સુકાઈ જવા આવેલી ઘરડી આંખે નજીક બરાબર જોઈ શકાયું પણ ન હતું.

વહુના શરીરનું કોઈ અંગ જો નરોત્તમકાકાને ઘણી વખત જોવા મળ્યું હોય તો તે શાન્તાનો જમણો હાથ. ઘરમાં કનુ સિવાય કોઈ નાનું મોટું હતું નહિ. એટલે વસ્તુની આપલે વહુ-સસરાને જાતોજાત કરવી પડે એ અનિવાર્ય મુશ્કેલીને લીધે શાન્તાના જમણા હાથને નરોત્તમકાકા સંપૂર્ણ ઓળખી ગયા હતા. આ શિયાળામાં શાન્તા વધુ સુકાઈ ગઈ હતી એ પણ એના હાથ ઉપરથી એમને ખબર હતી. પોષની ભૂખરી ઠંડી શરૂ થઈ ત્યારે એ સુકાયેલા કાંડા ઉપર ફાટો પડી ગઈ હતી એય એમની ધ્યાન બહાર ન હતું.

ગઈ કાલના એ સુકાયેલા અને ઠંડીથી ફાટી ગયેલા હાથ ઉપર નરોત્તમકાકાની ઝાંખું દેખતી આંખ પડી ત્યારે એમને તરત એમાં થયેલો ફેરફાર નજરે પડ્યો. જીભ નીચે જેમ થરમામિટર મૂક્યું હોય અને દરદીના તાવનો પારો ઊંચે ચડવા માંડે, તેમ જમણા હાથમાં પકડેલા પત્રને લીધે શાન્તાનો એ હાથ હર્ષને લીધે ખિલખિલાટ થઈ ગયો હતો. ચામડીની ચિરાડો ઓચિંતી પુરાઈ ગઈ હોય તેમ નરોત્તમકાકાને લાગ્યું.

શાન્તા કાર્ડ વાંચી રહીને હર્ષની કળ વળી રહેતાં બોલી : 'બાપા! એ પરમ દહાડે મુંબઈ આવી ગયા. આવતી કાલે બપોરે અહીં આવી પહોંચશે, એમ લખ્યું છે.'

ટિકિટ મળશે તો પહેલી સ્ટીમરમાં આવું છું, એવો પત્ર ભાઈલાલનો આવી ગયો હતો. પરંતુ એ ચોક્કસ ન હતું. એટલે આ ઓચિંતા હર્ષના સમાચાર સાંભળતાં નરોત્તમકાકા ગાંડાઘેલા થઈ ગયા. મારા ભઈબા, મુંબઈ આવી ગ્યો!

અને બરાબર નવ વરસ અને ત્રણ માસ ભાઈલાલને આફ્રિકા ગયે થયા હતા. એ આખો ૩૩૧૫ દિવસનો સમયનો પ્રવાહ નરોત્તમકાકાની દૃષ્ટિ આગળ વહેવા લાગ્યો.

એકના એક દીકરાને પરદેશ મોકલતાં નરોત્તમકાકાનો જીવ ચાલતો ન હતો. બીજી બાજુ એ સિવાય બીજો ઉપાય ન હતો. માથા ઉપર દેવું વધી ગયું હતું. નરોત્તમકાકાની ગણતરીએ તો ભાઈલાલે ભણવાનું કંઈ કહેતાં કંઈ બાકી મૂક્યું ન હતું. વહીવંચાના

*નિષ્ફળતા એ અવસર છે, જે આપણને આગળ ઉપર કાર્ય કઈ રીતે કરવું તે શીખવે છે.*

ચોપડામાં છાપરા ગામ બંધાયાનો ઈતિહાસ નથી. પરંતુ અડાળજથી શક્કરદા પટેલ સાડીછસો વર્ષ ઉપર આ ગામમાં આવીને વસ્યા. એમના ત્રણ કુટુંબ ઉપરથી આજે ગામમાં ત્રણ ખડકીઓ છે. એટલા સત્તાવાર ઇતિહાસને કબૂલ કરીએ તો પણ સાડીછસો વર્ષના ઇતિહાસમાં ચોવીસ વર્ષની ઉંમરનો થતાં સુધી છાપરા ગામમાંથી કોઈ કહેતાં કોઈ છોકરો-ભાઈલાલ સિવાય-ભણ્યો ન હતો. એ વાતનેય આજે દસમું વર્ષ જાય છે, છતાં આજ સુધી પણ એટલી ઉંમર સુધી કોઈ ભણ્યો નથી. મનસુખ શેઠનો વિઠ્ઠલ ભાઈલાલ કરતાંય બે ચોપડી વધારે ભણ્યો છે એમ કોઈ કહેતું, પરંતુ નરોત્તમકાકાને ગળે એ ઊતરતું જ નહિ. કારણ કે વિઠ્ઠલ બાવીસમે વર્ષે ભણીને ઊઠી ગયો હતો. પછી એ ચોવીસ વર્ષના ભાઈલાલ જેટલું બાવીસમેં વર્ષે ભણી જ શી રીતે રહે? તો પછી બે ચોપડીઓ આગળ તો બને જ ક્યાંથી?

છતાં આ દેશના લોકોને એ ભણતરની કદર જ ન હોય તેમ જે હોય તે ૪૦-૫૦ ની અંદર જ પગાર આપવાની વાત કરતું હતું. નરોત્તમકાકાની ભૂખ એથી ભાંગે એમ ન હતી. ત્રણ હજાર રૂપિયા માથે દેવું હતું. ઘરમાં ખર્યું પાન જે ગણો તે પોતે એકલા હતા. એટલે એમના પાછળ ભાઈલાલ ગામ જમાડે તો જ એમની મરતી વખતની વાસના પૂર્ણ થાય એમ હતી. એટલે એ ય નહિ નહિ તો પણ બે ત્રણ હજારની વચ્ચે જોઈએ. પરંતુ એ સૌ કરતાં એમના મનની મોટી મુરાદ બીજી હતી. બાપનો જીવ પણ એમાં ને એમાં રહી ગયો હતો : મરતી વખતે મનની એ વાસના એમણે દીકરાને કહી હતી 'જો નરોત્તમ, જિંદગીમાં બીજું થાય કે ન થાય, પરંતુ દસ વીઘાં આંબાવાળું જે છે, તેને પંદર વીઘાં કરજે.' મૂળ તો ભાગોળ ઉપર એ આંબાવાળું ખેતર આખું પંદર વીઘાંનું હતું. પરંતુ નરોત્તમકાકાના દાદાને ભીડને લીધે પાંચ વીઘાં વેચવું પડ્યું હતું. ગીરો મૂકવાથી રૂપિયા મળી રહ્યા હોત તો એ વેચત નહિ. પરંતુ એ ન બન્યું એટલે કાળજું કાપી આપતાં જે દુઃખ ન થાય એ એમને થયું હતું. નરોત્તમકાકાના બાપ તે વખતે જુવાનજોધ, એટલે તેમણે પોતે એ જમીન માગે એ પૈસા આપીને પાછી લેવાનો મનમાં મનસૂબો ઘડેલો. પરંતુ એ પાર ન પડ્યો. જતી વખતે નરોત્તમકાકાને એટલી જ ભાળ સોંપતા ગયા હતા. પરંતુ એમનાથી પણ અત્યાર સુધી એ બન્યું ન હતું. વળી, કોઈ બહારની કમાણી ન આવે તો દેવું પૂરવું જ ભારે હતું. એટલે ભાઈલાલને એમણે કાળજું કઠણ કરીને આફ્રિકા મોકલ્યો.

ગામમાંથી ત્રણ છોકરાઓ આફ્રિકા ગયા હતા. બે જણ સારું કમાયા હતા. ગામમાં બધાં કરતાં વધારે, પચ્ચાસપચ્ચાસ વીઘાં જમીન કરી હતી અને સિમેન્ટ રેતીના પ્લાસ્ટરવાળું ત્રણ માળનું બંને જણે મકાન બંધાવ્યું હતું. આ સિવાય બીજા કેટલા રૂપિયા તેમની પાસે હશે તેનો કોઈને અંદાજ પણ ન હતો! ફક્ત એક જણ, છેલ્લાં છ વરસથી ગયો હતો તેણે રાતીપાઈ મોકલી ન હતી. કાગળપત્તરનું પણ એવું જ ઠેકાણું. પરંતુ આખું ગામ કહેતું કે એ કમાય ત્યારે શું જોઈતું હતું? બુદ્ધિને અને એને તો બાર ગાઉનું જ છેટું છે!

એટલે નરોત્તમકાકા આગળ તો આફ્રિકા જનાર કમાય છે જ, એ એક જ દૃષ્ટાંત મોજૂદ હતું. ભાઈલાલ વળી, એ કમાનાર બેત્રણ કરતાંય વધારે ભણેલો હતો. આથી ઘડીના છઠ્ઠા ભાગમાં એ કમાઈ નાખશે એ એક જ શ્રદ્ધા નરોત્તમકાકા રાખી રહ્યા હતા.

પહેલા બેત્રણ મહિના ભાઈલાલના પત્રો આવ્યા તેમાં પોતે ભાષા શીખે છે એવો ઉલ્લેખ આવતો.

નરોત્તમકાકા તો એનો અર્થ જ ન સમજી શક્યા. પૂછ્યું : 'વહુ! ભાષા વળી શું છે?'

સસરાને ઠેકાણે બીજું કોઈ હોત તો જરૂર શાન્તાથી ખડખડ હસી જવાયું હોત. મોં ગંભીર રાખીને એણે કહ્યું : 'આપણે અહીં બોલીએ છીએ એવી ત્યાં બોલી નહિ. એ દેશમાં જે બોલી બોલાતી હોય તે એક વખત માણસ શીખે ત્યારે આગળ કંઈ કામ કરી શકે ને?'

તુંબડીમાં કાંકરા ઘાલી કોઈ હલાવે તેવું નરોત્તમકાકાને લાગ્યું. ચોવીસ વર્ષ સુધી શહેરમાં ભણેલા છોકરાને વળી, નવું તે એવું શું હોય કે શીખવું પડે! એમને થયું કે ત્યાંના લોક અજાણ્યાને જરૂર છેતરી પાડતા હશે. મારો ભઈબા, ગમે તેટલો હોશિયાર પણ ત્યાંનો તો અજાણ્યોને! ત્રીજા મહિને એમણે વહુ પાસે કાગળ લખાવ્યો કે, પરદેશનો મામલો છે, ચેતતો રહેજે, બાકી આજના લોક તો છેતરી ગયા વગર નહિ રહે!

છઠ્ઠે મહિને પત્ર આવ્યો. એક અંગ્રેજી નિશાળમાં બે મહિના નોકરી કરી જોઈ, પગાર દોઢસો શિલિંગ હતો; અહીંના ખર્ચ પ્રમાણે બહુ ઓછો કહેવાય. વળી, માસ્તરની અહીં કંઈ કિંમત પણ નથી. પૈસા કમાવા હોય તો વેપારમાં પડ્યા વગર બીજો ઉપાય નથી. એક વેપારીને ત્યાં જાઉં છું. પગાર તો સો શિલિંગ જ આપે છે. મારું પોતાનું ખર્ચ પણ પૂરું થતું નથી; પણ આગળ ઉપર લાભ મળે તેવો છે.

નરોત્તમકાકાને થયું ભઈબા, ભણવામાં ભલે હોશિયાર હોય પણ ભોળો તો ખરો; જગો અને શંકર તો ગયા એવા જ રેલવેની નોકરીમાં પેસી ગયા હતા. પહેલવહેલાય સરકારને ખર્ચે મુંબઈથી ગયા હતા. છઠ્ઠે મહિને તો શંકરે ત્રણસો રૂપિયાની હૂંડી મોકલી હતી. સોમાભાઈએ હું સાથે હતો ને નાથા પારેખને ત્યાં વટાવી હતી.

નરોત્તમકાકાને કોણ કહે, કે '૨૧ ની સાલ હતી અને આ '૩૮ ની સાલ હતી?

છતાં એમને એટલો સંતોષ હતો કે એ માસ્તર મટી ગયો. પૂજાલાલ માસ્તર ગામમાં વીસ વર્ષ રહ્યા હતા. પરંતુ બદલી થઈ ત્યારે પચ્ચાસ રૂપિયા ગામમાં દેવું હતું તે ગામના લોકોએ જતી

*પોતાનાં દુઃખમાં કર્મને કારણ માને તે જ્ઞાની, પોતાનાં દુઃખમાં અન્યને કારણ માને તે અજ્ઞાની.*

વખતે સો રૂપિયા ગજા પ્રમાણે ભેટ આપી હતી, તેમાંથી એ દેવું વળ્યું. એટલે એ ધંધો ન કર્યો તેથી એમને સંતોષ થયો.

એક-બે વખત તો શાન્તા કાગળ વાંચી એનો ભાવાર્થ નરોત્તમકાકાને કહેવા ગઈ, પરંતુ એથી એમને સંતોષ ન વળતો. એટલે પોતાની બાબત બાદ કરી બીજો ભાગ એ લીટીએ લીટી વાંચી સંભળાવતી. બીજા ત્રણ મહિના ગયા પણ ધંધા અંગે કંઈ બોલ ન આવ્યો, એટલે એમણે લખાવ્યું કે, માગ્યા વગર તો માય ન પીરસે. શેઠને તારે ચોખ્ખું કહેવું કે ઘેર મારા ઉપર ત્રણ જણ ખાનાર છે, ચપટી મૂઠી દેવું છે તે આપવાનું છે.

શાન્તા કાગળ લખવા બેસતી ત્યારે એ ઓસરીમાં બેઠા બેઠા આવું કેટલુંય બોલ્યે જતા.

બીજા ચાર મહિના થયા ને જે પત્ર આવ્યો તેમાં લખ્યું હતું મને તો ઊલટો અહીં આવ્યાનો પસ્તાવો થાય છે. ભણેલાની તો અહીં કિંમત જ નથી; જે સારું કમાય છે તે મોટો. સાચી વાત કરવા જઈએ તો પણ અપમાન કરે છે; ભણતરની મશ્કરી કરે છે આ તો નોટ ચોપડીઓ ગોખી પાસ થવાનું! આ દુકાને બેઠાં સાડાચાર મહિના થયા પણ મારું મન જાણે છે, હું કેટલો મનમાં બળી જાઉં છું. ઊંઘમાંય તમે બધાં મારી આંખ આગળ દેખાયાં કરો છો. પૈસા કમાઈને ક્યારે મોકલું તેમ દિલમાં થયા કરે છે. છતાં તમે જ ખ્યાલ કરજો કે મેં આ નોકરી છોડી દીધી તે મને કેટલું દુઃખ થયું હશે? બીજી નોકરી મળી જાય તેવી છે, એકાદ અઠવાડિયામાં મળી જશે.

બાપાને ચિંતા થાય તે માટે આ હકીકત ન કહેવા ભાઈલાલે પત્રમાં લખ્યું હતું. પરંતુ શાન્તાનો સ્વભાવ હતો કે એ કોઈને છેતરી શકતી ન હતી, એ વાત આટલાં વરસના અનુભવ છતાં ભાઈલાલ કરતાં નરોત્તમકાકા સારી રીતે જાણતા હતા, એટલે વચ્ચે એમને તાવ આવતો હતો ત્યારે શાન્તાને ચોખ્ખું સમ દઈને કહી દીધું હતું કે એને ચિંતા થાય એવું મારી બાબતમાં તારે કંઈ લખવું નહિ.

ભાઈલાલનો તે પછી છેલ્લો કાગળ આવ્યો તેમાં એણે શહેર છોડી ગામડામાં જંગલમાં જવા વિષે લખ્યું હતું. ત્યાં સારી કમાણી છે અને પ્રભુની કૃપા હશે તો એકાદ વરસ પછી કોઈ હોશિયારી જોઈ ધંધામાં ભાગ રાખનાર પણ મળશે. જંગલની અગવડને લીધે પોતે નિયમિત પત્ર નહિ લખી શકે, માટે ચિંતા ન કરવા પણ સાથે સાથે જણાવ્યું હતું.

નરોત્તમકાકાએ કલ્પ્યું હતું કે પોતાનો ભઈબા, આફ્રિકા પહોંચતાં જ ઘડીના છઠ્ઠા ભાગમાં જ પૈસાનો ઢગ વાળી દેશે. આ અંધારી અગિયારસે એને ગયાં બરાબર એક વરસ થયું, પરંતુ પૈસાનું દર્શન તો રહ્યું, ધંધો જ એને જડતો ન હતો!

નરોત્તમકાકાનું ભાઈલાલ રણે રાખશે, એમ ગામના સૌ લોક કહેતાં. અંગ્રેજી સાત ભણ્યો ત્યાં સુધી ફી આપવી પડી ન હતી. કોલેજનાં ચાર વર્ષમાં નરોત્તમકાકાએ બસો રૂપિયા જ જોડવા પડ્યા હતા.

છોકરો ભણવામાં હોશિયાર છે એટલે કમાશે ત્યારે બાકી નહિ મૂકે એ નશામાં નરોત્તમકાકા દેવું કરી બેઠા. ઘરને તોડીને જરા ઠીક કર્યું. એન્જિનમાં કંઈ ન સમજતા હોવા છતાં મોટાં સ્વપ્નાં સેવી પંપમાં ચાર આની ભાગ રાખ્યો. ભાઈલાલને ધામધૂમથી પરણાવ્યો. અને ત્રણ હજાર દેવા તળે પેસી ગયા, છેલ્લા બે વર્ષથી વ્યાજ પણ આપી શકાયું ન હતું.

હવે ભાઈલાલ ઉપરની શ્રદ્ધા લોકોને ડગવા લાગી. નરોત્તમકાકા એના પત્રોની વાત કરતાં એ ઉપરથી જુદો જુદો સૂર નીકળવા લાગ્યો, બહુ ભણે એટલે છોકરા ઊભાં હાડકાંના થઈ જાય છે. ઢેકો નમાવીને કામ જ નહિ કરવાના. કોઈના ભેગો પૈસો રળી ખાવો હોય તો એ બે વાનાં કહે તે સાંભળવાંય પડે. દીકરો થઈને ખવાય, કંઈ બાપ થઈને ખવાયું?

નરોત્તમકાકાને વણમાગી સલાહ પણ મળવા લાગી : છોકરાને ભરોસે હવે ના રહેશો. ઉકરડીને (છોડીને) અને દેવાને વધતાં વાર નહિ. ત્રણ હજાર તો હતા. બે વરસનું વ્યાજ સાડી ચારસો થયું. આવતે વર્ષે ત્રણ વરસ થશે એટલે વ્યાજ ઉમેરી નવું ખાતું પાડવું પડશે. વ્યાજનું વ્યાજ વધીને મારી નાખશે. અને આ સોંઘવારીનાં વરસો! ખેતીમાં કશી બરકત નહિ. ભાવ આવે નહિ અને પહેલાં જેવી હવે ખેતી બનવાની નહિ.

એ સલાહ આગળ ચાલતી : આપણો પાટીદારનો સ્વભાવ જ એેડ્ય. કોહ્યું ત્યાંથી કાપે નહિ અને વધવા દે. છેવટ બધુંય હાથમાંથી જાય ત્યારે રહે. આપણી બધાંની આંખે મગન ભગતનું જોયું. પહેલેથી કાપ્યું હોત તો રોટલો ખાવા જેટલું રહેત. પણ ના માન્યું. છેવટ આઈડીને ઘર ને જમીન બધું લખી આપવું પડ્યું. માટે મારું માનો તો, નરોત્તમકાકા, આંબાવાળામાંથી અર્ધું કાપી નાખો. પૈસા હશે તો એ નહિ ને એનો બાપ, ઘણાંય ખેતર મળી રહેશે!

ચાર છ માસ બીજા ગયા. નરોત્તમકાકા બેચેન બનતા ગયા. એક પડખું ખાટલામાં ફરે ત્યારે મરેલો બાપ દેખાય છે. બીજું પડખું ફરે ત્યારે શિખામણ આપનાર લોક દેખાય છે. અને તેની પાછળ દૂર દૂર પરદેશ પડેલો દીકરો દેખાય છે! કોનું કહ્યું કરે?

ઓચિંતા તો નહિ, પરંતુ ગામડાના લોકોની દૃષ્ટિએ ઓચિંતા ઇંગ્લેન્ડ અને જર્મની વચ્ચે લડાઈ ફાટી નીકળ્યાના સમાચાર ફેલાઈ ગયા. નરોત્તમકાકાને તો ભાઈલાલ પરદેશ ન હોત તો લડાઈના બાપનીય સાડાબાર ન હતી. પરંતુ ગામમાં કૂતરું હડકાયું થાય અને બહાર રમવા ગયેલા છોકરા માટે મા જેટલી ગભરાઈ ઊઠે, તેટલા નરોત્તમકાકા ફફડી ઊઠ્યા.

ટપાલીને પાકી માહિતી માની એમણે ફળિયામાં બીજાને ઘેર કાગળ નાખવા એ આવેલો ત્યાં જઈ પૂછ્યું : 'શનાજી, આ લડાઈ

*કોઈ શું કહેશે તેના બદલે આત્મા શું કહેશે તેનો વિચાર કરો.*

ફાટી તે આફ્રિકા સુધી તો નહિ ને?'

એથી સંતોષ ન થયો હોય તેમ મનસુખ શેઠનો વિઠ્ઠલથી નાનો દીકરો મનુ, જે અત્યારે ગામમાં સૌથી વધુ ભણતો હતો, તેને ઘરે જઈને પૂછ્યું. એથી પણ ધરપત ન વળી હોય તેમ નિશાળના મોટા માસ્તરને પૂછ્યું.

છતાં એમને જોઈએ તેટલો સંતોષ ન થયો એટલે શાન્તાને કહ્યું : 'વહુ, આપણે કાગળ લખી દો કે એવો ભો હોય તો આવતો રહેજે. નહિ કમાવાય તો ખાસડે માર્યું, પણ મરીને માળવો નથી લેવો.'

તે પછી, નરોત્તમકાકા ભાઈલાલનો પત્ર દેખે કે ખુશ ખુશ થઈ જતા. એ હર્ષાવેશમાં શું લખ્યું છે તે કાન માંડીને સાંભળતા પણ યાદ રહેતું નહિ. કોઈ પૂછે તો કહેતા : 'ભઈબા ખુશીમજામાં છે. વહુને વાંચતાંય હાંફ ચડી ગયો એટલો લાંબો કાગળ લખ્યો છે. જાતે સાજો નરવો હોય ત્યારે જ એટલું લખાય ને!'

સાંભળનાર મોઢું મચકોડતું. 'ખુશીમજામાં છે એમાં શું ધોળકું ધોળ્યું? કંઈ મોકલવું કરવું...'

આ વખતે નરોત્તમકાકાએ કાગળ પણ જુદો લખાવ્યો : 'જો વહુ, તું તો બહુ ડાહી ને સમજુ છે. પરદેશમાં લડાઈનો મામલો. ઘડીમાં ત્યાં પણ જઈ પહોંચે. લોકો વાતો કરે છે કે દરિયાની ટિકિટ કાચાપોચાને મળતી નથી. એટલે એના દુઃખમાં આપણે આપણું દુઃખ રડવાનું નહિ. એ સુખમાં રહે એ જ આપણે લખવાનું. લખ, આ વરસ સારું છે. ડાંગર અને કોદરાના ભાવ સારા ઊપજ્યા છે. તુવેરને ફૂલ પુષ્કળ બેઠાં છે. પરમ દહાડે પહેલીવાર શાક પણ કર્યું. વાદળ ના આવે, માવઠું ના થાય તો આ વરસે ત્રણે વરસનું વ્યાજ આપી દેવાશે. શો ભઈ પાક ઉતર્યો છે પાક! સૌનો ભગવાન છે ને!'

આટલું એ બોલી ગયા, પણ શાન્તાની કલમે એક અક્ષર પાડ્યો ન હતો. શાન્તાએ દલીલ કરી ત્યારે એ બોલ્યા : 'વહુ! હું બાપ થઈને છોકરાને જૂઠું લખાવતો હઈશ તે કૈં અમસ્તો? આજ તું લખતાં પાછી પડે છે. પણ વખત હતો ત્યારે મેં દુઃખ રડવામાં બાકી રાખ્યું છે? પૈસા માટે કેવું એને ખોટું લાગે તેવું લખાવતો હતો? તે વખતેય તું તો પાછી પડતી હતીને? જેવો વખત, કહેવા જેવું હોય ત્યારે કહીએ, ના કહેવા જેવું હોય ત્યારે એય પણ...'

નરોત્તમકાકા કરતાં શાન્તાને કંઈ ભાઈલાલ ઓછો વહાલો હતો? બાપા લખાવે છે કે, એમ લખી આગળ શબ્દો મૂકી એ બધું જુઠાણું પતિને લખી નાખતી.

લડાઈ તો લંબાતી જ ગઈ. ભાવ પણ વધતા ચાલ્યા. ખેતી માટે વરસ પણ ઠીક ઠીક આવવા લાગ્યાં. પરદેશ રહેતાં લોકો અસ્થિર વાતાવરણને લીધે બચત પૈસો ઘેર ધકેલવા મંડ્યા. જગજીવન અને શંકરભાઈએ એકસામટા પાંચ પાંચ હજાર રૂપિયા મોકલી દીધા. લડાઈને ચોથું વરસ બેઠું હતું. ગઈ લડાઈની પેઠે ચાર વર્ષ થશે પણ આ વખત બંધ નહિ રહે એમ દરેક માનતું હતું. ભાઈલાલ લગભગ બે વખત થઈ પંદરસો રૂપિયા મોકલ્યા હતા. નરોત્તમકાકા જે હિસાબ લખતા એ પ્રમાણે હવે દેવું રહ્યું ન હતું. જ્યારે સાચી રીતે, દેવામાંથી હજાર રૂપિયા ટૂંકા થયા હતા. બે હજાર બાકી હતા. ખેતી પણ હવે થતી ન હતી એટલે ભાગે આપી દેતા હતા.

લોકો એમને ચેતવણી આપતા : 'જંગલમાં વાંદરાંનું મૂતર પીધેલું નકામું જશે. જાપાન લડાઈમાં પડ્યું કે તરત પરદેશના રસ્તા સાવ બંધ થઈ જવાના. જ્યાંનો ત્યાં પૈસો રહી જવાનો. જગો અને શંકર કંઈ કાચા હશે? વીસ વર્ષથી ત્યાં રહે છે એટલે એમણે તો ચેતી જઈને બધા પૈસા ધકેલી દીધા.'

નરોત્તમકાકા દુઃખમાં ડૂબી ગયા. બધા રસ્તા બંધ થઈ જાય તો અવાય શી રીતે? લોકો સ્ટીમરની ટિકિટ ન મળે તો વહાણમાંય અત્યારે આવે છે. પરંતુ એય બંધ થઈ ગયાં તો?

લોકો પૈસા મોકલવાનો પત્ર લખાવવા ફરતા હતા ત્યારે એમણે બીજો જ સંદેશો મોકલ્યો : જો રસ્તો ખુલ્લો હોય તો હમણાં આવતો રહે. લોકો કહે છે કે પછી લડાઈ આવવાની છે એટલે નહિ નીકળાય!

જવાબમાં ભાઈલાલનો કાગળ આવ્યો : લડાઈની બીક રાખશો નહિ. એની કશી બીક નથી. હાલ ધંધો સારો ચાલે છે. કમાણી પણ ઠીક ઠીક છે. કમાઈએ છીએ એટલો વેપાર વધારતા જઈએ છીએ. મારા ભાગીદાર, ગોરધનભાઇ, દેશમાંથી કાગળ ઉપર કાગળ આવે છે કે સુશીલા (તેમની દીકરી) સત્તર વર્ષની થઈ, ક્યાં સુધી બેસી રહેવું, માટે એટલું લગન પતાવવા આવી જાય. પણ આવો કમાવાનો મોકો મૂકી અવાય તેમ નથી. એમણે લખી દીધું કે : એટલી બધી ઉતાવળ હોય તો પરણાવી દો. હું હમણાં નહિ આવી શકું. એટલે આવવાની વાત હમણાં કરશો નહિ. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે કપાળ ધોવા જવા જેવી એ તો વાત કહેવાય. દેવું હવે રહ્યું નથી, ખર્ચ ખેતરમાંથી નીકળે છે એમ લખો છો એટલે પૈસા મોકલતો નથી. કારણ કે અહીં તો આજ ધંધામાં રોકેલા પૈસા આવતી કાલે બમણા થાય છે! એટલે ત્યાં જરૂર વગરના પૈસા પડી રહે અને અહીં...પંદરમી તારીખે વહાણ ઊપડે છે તેમાં અહીંથી એક ભાઈ, નડિયાદના, દેશમાં આવે છે. તેમની સાથે તમારા માટે એક ગરમ કામળો, આખી બાંયનું ગંજીફાક અને રેશમી ખેસ થાય તેવો કડકો, કનુ માટે ચોમાસામાં પલળે નહિ તેવું ચોપડીઓ-સ્લેટ મૂકવાનું પાકીટ, મોજાં અને ગરમ કોટ, એની બા માટે પણ એવી પરચૂરણ ચીજો છે. દેશમાં આવ્યા પછી એ તમને કાગળ લખશે એટલે જાતે જઈ લઈ આવશો. મારી ખુશી આનંદની વાત પણ કરશે.

ખુશખુશ થઈ જતાં, બોખા મોંએ થૂંક ઉડાડતા નરોત્તમકાકા બોલ્યા : 'મારા ભઈબાને હું ઓળખું ને. એવો છોકરો આખા ગામમાં નથી. હવે કમાવા બેઠો છે એટલે બધાંને ટપી ના જાય તો એનું નામ ભઈબા નહિ!'

*મહાન કાર્યોની સૌ પ્રથમ જરૂરિયાત આત્મવિશ્વાસ છે.*

શાન્તા ધીમેથી બોલી : 'આપણે તો સાપે છછુંદર ગળ્યા જેવું થયું. એ જાણે કે અહીં દેવું નથી, અને પણે તો દેવાનું વ્યાજ ચડે જાય છે!'

મોં મલકી જતાં નરોત્તમકાકા બોલ્યા : 'તે વહુ, તારું એમ કહેવું છે કે આપણે એ બધું લખવું?'

'એમાં શો વાંધો?'

'જો જે વહુ, આવું ઊંધું ન મારતી. ખા જોઈ તારા કનુના સમ કે એવું કંઈ નહિ લખે, એમાં બહુ મોટી વાત નથી. અહીં તો વરસે દા'ડે વ્યાજ જ ચડે છે ને ત્યાં તો રોજ રોજ બમણા થાય છે! એ તો એ ય એટલો કાચો કે દેવું હોય તો ય મોકલવાની વાત કરે! એનો તે હિસાબ? હા, મારો ઘાટ આવે તો તરત મંગાવું.'

અને એ ઘાટ શાન્તાએ ઘણા વખત સાંભળ્યો હતો એટલે એ વાત આગળ લંબાવી નહિ.

લોકો એમાંની એકેય વાત માનવા તૈયાર ન હતા. ત્યાં કમાતો હોય અને અહીં દેવું રહેવા દે એ બને શી રીતે? અને અહીં દેવું હોય અને બાપ ન મંગાવે એ પણ કોણ માને? લોકોને વસી ગયું હતું કે ભાઈલાલ કંઈ કમાતો નથી, નરોત્તમકાકાની બધી મૂરખાઈ જેવી વાતો છે. એવા મૂરખા માણસને થોડી જમીન વેચી નાખી દેવું કાઢી નાખવાનું કહેવું એ ય અકારણ માની એ અંગે હવે કોઈ વાત પણ કરતું નહિ.

છતાં એક વાત જાણીને લોકોને ખાતરી થઈ ગઈ કે નરોત્તમકાકાનું ખસ્યું છે એ ચોક્કસ. અને થોડા આકરા તો એમને મોઢે જ બોલી ઊઠ્યા : 'કાકા! કંઈ ખસ્યું છે કે શું?'

ગઈ સાલ એક મહિનો શિયાળામાં તાવ રહ્યો ત્યારથી નરોત્તમકાકાનું શરીર વળ્યું ન હતું. કાયમ માંદલા જેવા રહેતા હતા. બહાર નીકળતી વખતે લાકડીનો ટેકો જોઈતો. એ લાકડીનો ટેકો ઉઠાવી લઈ રસ્તા વચ્ચે બીજા જતા આવતા સાંભળે એ રીતે પૂછનારને એ જવાબ આપતા : 'કોઈને જમીન વેચવી હોય અને તેને પૂછવા જઈએ એટલે ખસ્યું કહેવાતું હશે? એમ એને કાને વાત ન નાખી હોય તો એને ખબરેય શું પડે કે આપણે જોઈએ છે?'

સાંભળનાર આગળ બોલ્યા વગર ચાલ્યો જતો. એને બિચારાને શું માલમ કે એ આંબાવાળા ખેતરમાં પાંચ વીઘામાં તો નરોત્તમકાકા મરે તોય જીવ રહી જાય તેમ છે! નરોત્તમકાકાએ જાણ્યું કે, મોહન માંદો છે. છ મહિના ઉપર આ મોંઘવારીમાં દીકરીના લગ્નના ખર્ચનું દેવું અકબંધ બાકી છે. પાછલી ઉંમરમાં થયેલો દીકરો નાનો છે. આ સ્થિતિમાં પોતાની હયાતીમાં દેવું પૂરું કરી ચોક્ખો વહીવટ કરી જવો એમ મોહન વિચારતો હતો. એ માટે જમીન થોડી વેચશે, એમ બધા વાત કરતા.

નરોત્તમકાકાએ જઈને એટલું જ કહ્યું કે : 'જો મોહન, આ તને કહી મૂક્યું. આંબાવાળું વેચે તો મને પૂછ્યા વગર છાનું કંઈ ના કરતો. વીઘાના હજાર શું, બે હજાર થશે પણ હું રાખ્યા વગર નહિ રહું!'

જાપાનના પડ્યા પછી લડાઈ લંબાઈ ગઈ. અહીં દેશમાં પણ ભય વ્યાપ્યો. વહાણો જાપાનવાળા પકડે છે, ડુબાડે છે, એવી કૈં કૈં વાતો આવવા લાગી. એક વહાણ આફ્રિકા જતાં ડૂબ્યું. ઘણા કહેતા કે જાપાને પકડ્યું છે. તે પછી તો નરોત્તમકાકાએ ભાર દઈને પત્ર લખાવ્યો કે લડાઈ બંધ ન થાય ત્યાં સુધી તારે આવવું નહિ. રસ્તામાં શું છે કે શું નહિ!

દેવું તો જ્યાં હતું ત્યાં સ્થિર જ હતું. વ્યાજ તો આ મોંઘવારીનાં વરસોમાં ભરી શકાતું હતું. આંબાવાળું ખેતર મોહનને મળ્યું એટલે વેચવાનું બંધ રહ્યું અને નરોત્તમકાકાએ પૈસા મંગાવ્યા નહિ, ભાઈલાલે વચ્ચે વાપરવા જોગ, પાંચસો મોકલ્યા હતા. એનો ઈરાદો હતો કે હવે તો લડાઈ પત્યે સારી રકમ સાથે લઈને જ જઈશ.

કોઈએ કહ્યું : 'નરોત્તમકાકા, લડાઈ હવે બંધ થઈ.'

લડાઈની શરૂઆત થયાના સમાચાર જેમ ટપાલીને પૂછ્યા હતા તેમ બીજા દિવસે એમણે એને પૂછ્યું. એ ટપાલી તો બદલાઈ ગયો હતો, એટલે નવા મરઘાજીએ કહ્યું : 'હા, કાકા હવે લડાઈ બંધ થઈ.'

નરોત્તમકાકાનું શરીર લગભગ છેલ્લા બે વરસથી વધારે નંખાતું જતું હતું. છતાં એમણે એ અંગે દીકરાને ખ્યાલ ન આવે એવો જ પત્રમાં ઈશારો કર્યો હતો. આ વખતે, લડાઈ બંધ થઈ, રસ્તાની બીક ન રહી એટલે એમણે શાન્તા પાસે કડક કાગળ લખાવ્યો. પોતાનું શરીર નરમ છે, દેહનો ભરોસો નહિ, ઘરમાં વહુ એકલી રહી, ક્યારે પૈસાની જરૂર પડે, માટે તરત દેશ આવવા નીકળ. અને તરત ન બને તો પૈસા મોકલ. કેટલાં વર્ષો થયાં, વહુ એકલી અહીં ક્યાં સુધી દુઃખી થાય, કનુ પણ મને હવે ગાંઠતો નથી. માસ્તર કહે છે કે નિશાળમાં પણ બધાં છોકરાંને મારે છે. માટે તું તારે આવીને ઘર સંભાળી લે.

ભાઈલાલે લખ્યું : 'પૈસા હમણાં વેપારમાં રોકાયેલા છે, બધું વેચી સાટીને પતાવતાં એકાદ વરસ તો સહેજે લાગે; દુકાને તાળું મારીને બેઉ ભાગીદારો સાથે જ આવીશું. બહુ વરસ કમાયા ત્યારે ભલે છ બાર માસ ધંધો બંધ રહે. તમને બધાંને મૂંઝવણ થતી હશે એની મને ખબર છે; અમે અહી ધંધામાં એટલા દટાઈ ગયા છીએ કે મારાં અહીં જંગલમાં આઠ વર્ષ પસાર થયાં તે ય માલમ ન પડ્યાં. હવે આપણને કાંઈ વાતની કમી નથી. માટે ચિંતા કરશો નહિ.'

છેલ્લું વાક્ય સાંભળીને નરોત્તમકાકાનું પેટ ભરાઈ ગયું. મોહન પાછો બીમાર પડ્યો હતો, બચે એમ લાગતું ન હતું. એ આંબાવાળું ખેતર પોતે રાખી લે, પછી એમના જીવનમાં કોઈ તૃષ્ણા રહેતી ન હતી. ભાઈલાલને એમણે તે માટે લખ્યું હતું. એણે જવાબ

*ઉંમર વધે એટલે ઝડપ તથા શક્તિ ઓછી થાય, પરંતુ ચતુરાઈ, હોશિયારી, આવડત અને કૌશલ્ય વધે છે.*

પણ આપ્યો હતો કે ગમે તે પૈસા થાય, એવો મોકો ન જવા દેશો, હું મોકલી આપીશ. જો કે જમીનના આસમાને ગયેલા ભાવની એને કલ્પના પણ ન હતી, નહિ તો એવી મોંઘી જમીન રાખવા એણે હા જ ન પાડી હોત.

પણ નરોત્તમકાકાની ભગવાને લાજ રાખી મોહન એ વેચે તે પહેલાં ગુજરી ગયો. એની વિધવા બાઈને એ કહી આવ્યા હતા. ભાઈલાલને કાગળ પણ લખ્યો હતો. બીજી બાજુ કોંગ્રેસ સરકાર આવતાં ગણોત બિલ આવવાની જાહેરાત થઈ. જમીનના ભાવ પણ નીચે પડ્યા. એટલે થોડો ઘણો ભાવ વધારે આપવો પડશે તેનો નરોત્તમકાકાને વાંધો ન હતો. છેવટ ખાનગીમાં તો નહિ, પણ જાહેરમાં જે ચડે તે ખરીદે, એમ લેવા પણ તે તૈયાર હતા.

ભાઈલાલનો એ અંગેનો જવાબ પણ આવી ગયો. લખ્યું હતું કે, ટિકિટ મળશે તો પહેલી સ્ટીમરમાં જ આવવા નીકળું છું.

અને એ નવ વરસ ત્રણ માસનો સમય કાપી ભાઈલાલ પરમ દિવસે મુંબઈ આવી ગયો હતો. આવતી કાલે તો નરોત્તમકાકા એને નજરોનજર જોશે!

★

એ આખો દહાડો નરોત્તમકાકાને ઘેરથી માણસ ઊલ્યું જ ન હતું. બૈરાં અને પુરુષો આવતાં અને જતાં હતાં. ભાઈલાલનો આખા ગામમાં ડંકો વાગી ગયો. શાન્તા માટે ચાલીસ તોલાની જણશો અને આ મોંઘવારીમાં હજાર આપતાં ન મળે એટલાં ભાતભાતનાં કપડાં તો બધાં બૈરાંએ જાતોજાત જોયાં હતાં. કનુ માટે પણ પાર વગરની ચીજો હતી. પોતાના માટેની વસ્તુઓ જોતાં નરોત્તમકાકા હસી પડ્યા : 'ભઈબા! મારે આ અવતારે બધી નવી જંજાળ શું કરવા જોઈએ?' અને અંદરના ગુણની વાત જણાવતાં ભાઈલાલે કહ્યું કે પાંચ હજાર રૂપિયા રોકડા મુંબઈથી વટાવીને લાવ્યો છે. પંદર હજારનો બેંકનો ડ્રાફ્ટ છે, તે નાથા પારેખ પાસેથી વટાવી લાવીશું.

કોઈ સ્વપ્નની સૃષ્ટિમાં વિહરતા હોય તેમ નરોત્તમકાકા મોરલીમાં લીન થયેલો સાપ ડોલે તેમ ડોલતા હતા.

રાત્રે બધાં લગભગ વેરાઈ ગયા ત્યારે મોહનની વહુ, વિધવા થયે છ મહિના થયા ન હતા અને ઘરનો ખૂણો છોડ્યો ન હતો એટલે દસ-અગિયાર વર્ષના પોતાના બાળકને આંગળીએ વળગાડી લપાતી છુપાતી આવી.

બહાર ઓસરીમાં, ખાટલા ઉપર બેઠેલા નરોત્તમકાકા કાળો ઓળો જોતાં બોલ્યાં : 'એ તો હું, કાકા!' જવાબ આપી મોહનની વહુ સરકીને અંદર ગઈ.

મોરલીમાં લીન થયેલો સાપ મોરલી બંધ થતાં જેમ ઝબકી જાય તેમ નરોત્તમકાકા 'એ તો હું, કાકા'ના શબ્દો સમા ધબકી ગયા. અને કોઈ ભયાનક દશ્ય જોતા હોય તેમ ગભરાઈ ઊઠ્યા.

આ વહુ...આ છોકરો.

મારી શાન્તાવહુ...કનુ દીકરો!

જાણે પોતે અને ભાઈલાલ ન હોય અને પોતાની જ પુત્રવધૂ અને પૌત્ર કોઈ બીજાને ત્યાં એ જ આંબાવાડિયું વેચવા જતાં હોય...આગળ દશ્ય ન જોઈ શકાતું હોય તેમ નરોત્તમકાકા આંખો મીંચી ગયા. મોંમાંથી એક જ ઉચ્ચાર નીકળ્યો : રામ...રામ...

અને ભાઈલાલને કે શાન્તાવહુને પૂછ્યા વગર નરોત્તમકાકા બોલી ગયા : 'જો ગંગાવહુ, તમારા પુણ્યપરતાપે ભાઈલાલ સારું કમાયો છે. ભગવાન આટલું સુખ ભોગવવા દે તો ય બસ છે. તમારે જ્યાં ત્યાં ત્રણ હજાર દેવું છે તે લઈ જાવ. એનું વ્યાજ લેવું હરામ છે. છોકરો મોટો થાય અને અપાય ત્યારે આપજો...'

નરોત્તમકાકાના મોંમાં એક જ વાક્યનું રટણ હતું : 'ભગવાન આટલું સુખ ભોગવવા દે તો ય બસ છે!'


***'પેટલીકરની શ્રેષ્ઠ વાર્તાઓ' માંથી સાભાર***

## પપ્પા તમે....

*પપ્પા, તમે મને એટલે દૂર નહીં પરણાવતા કે*
*જ્યાં તમારે મને મળવા આવવું હોય*
*તો ઘરની ગાયોબકરિયું વેચવી પડે.*
*પપ્પા, તમે મને એવા ગામમાં નહીં પરણાવતા*
*જ્યાં માણસ કરતાં ઈશ્વરની સંખ્યા વધારે હોય!*
*જ્યાં જંગલ, નદી અને પહાડો ન હોય*
*એવા સ્થળે મારાં લગ્ન કરતાં નહીં.*
*એ ઘર સાથે મારો રિશ્તો ક્યારેય જોડતા નહીં*
*કે જ્યાં ફળિયું ન હોય!*
*કૂકડાની બાંગથી જ્યાં સવાર ન પડતી હોય,*
*સાંજે પાછલા વરંડામાંથી ડૂબતો સૂરજ ન દેખાતો હોય,*
*એવા ઘરમાં મારે ક્યારેય જવું નથી.*
*મારા માટે એવો વર શોધતા*
*નહીં કે જે કાયર હોય, નક્કામો હોય.*
*મેળામાંથી છોકરિયુંને ઉઠાવી જવામાં હોશિયાર હોય.*
*જે વાત વાતમાં લાઠી-દંડાની વાત કરે,*
*તીર અને કુહાડી ઊંચકીને ફરતો હોય.*
*મારે એવું સૌભાગ્ય નથી જોઈતું પપ્પા...*
*પપ્પા, તમે મારો હાથ એવા*
*માણસના હાથમાં આપતા જ નહીં*
*કે જેણે પોતાના હાથથી એકેય વૃક્ષ વાવીને ઉછેર્યું નથી.*
*જો તમારે મને પરણાવવી હોય તો એવા ગામમાં પરણાવજો કે*
*જ્યાં સવારે જઈને પગપાળા ઘરે આવી શકાય.*

***– નિર્મલા કુતુલ***
***સૌજન્ય : "તાણાવાણા – ૧૨"***

*જેણે કોઈ શત્રુ નથી બનાવ્યો, તેનો કોઈ ગાઢ મિત્ર પણ નથી હોતો.*



# કમાઉ દીકરો

• ચુનીલાલ મડિયા •

ભેંસ ગાભણી હતી ત્યારથી જ ગલાશેઠે અઘરણિયાત વહુની જેમ એની ચાકરી કરવા માંડી હતી. શેઠને તો ઘરનાં જ ખેતરવાડી રહ્યાં એટલે ઘાસ કે નીરણ-પૂળાની તો ખેંચ ન જ હોય પણ ઓછામાં પૂરું ખેડુશાઈ વેપારધંધો હોવાથી કપાસિયાનીય કમીના ન હતી. વળી, ગલાશેઠને મૂળથી જ ઢોરઢાંખર ઉપર બહુ ભાવ. આ ભેંસને તો તેમણે હથેળી ઉપર જ રાખી હતી. પણ જ્યારે ભેંસ વિયાણી અને પાડીની આશા રાખી હતી ત્યાં પાડો આવ્યો ત્યારે ગલાશેઠ સિવાયનાં સૌ માણસો નિરાશ થયાં. શેઠનેય ઘડીભર લાગ્યું તો ખરું કે આ તો દવરામણનો સવા રૂપિયો પણ માથે પડ્યો. પણ શેઠ ગમે તેવા તોય મોટા માણસ અને એમનાં મન પણ મોટાં એટલે પાડીને બદલે પાડો આવતાં બહુ વિમાસણ ન અનુભવી.

ગામલોકોએ તો માંડી મેલ્યું હતું કે આ વણમાગ્યા, અણગમતા પાડાને શેઠ પાંજરાપોળ ભેગો કરી દેશે. પણ વાણિયા માણસની વાત થાય? ગમે તેવા તોય ધર્મી જાત રહી. ગલાશેઠ તો કહે, ‘પાડાને મારે પાંજરાપોળને ખીલે નથી બંધાવવો. ભલે મારી કોઢમાં જ બે કોળી રાડાં ચાવે. સૌ પોતપોતાનું લખાવીને જ આવે છે. કીડીને કણ ને હાથીને મણ દેવાવાળો આ પાડાના પેટનુંય મને દઈ રહેશે?

પાડો તો લીલાંછમ રાડાંને માથે બોઘરું છાસ પીને વર્ષની આખરે તો ક્યાંય વધી ગયો. તો ય શેઠે તો કીધું કે મારે એને પાંજરાપોળ નથી મોકલવો. એમાં અમારા ઘરની આબરૂ શી? ભલે મારા વાડામાં ભારે સાઠાં બગાડે અમને ભગવાન દઈ રહેશે.

પણ ન-દૂઝણિયાત ઢોરનું પાટું ખમીખમીનેય કેટલા દી’ ખમાય? પાડો મોટો થતો ગયો તેમ તેમ એનો આહાર પણ વધતો ગયો. સાંજસવાર ચારચાર કોળી રાડાં પણ હવે એને ઓછાં પડવા લાગ્યાં. તુરત શેઠની આંખ ઊઘડી.

એક સવારે પાડાને પાંજરાપોળ મૂકવા જવા સારુ ગલાશેઠ પાદર થઈને નીકળ્યા. લખુડો ગોવાળ પણ એક ખડાયાને ડચકારતો ડચકારતો પડખેથી પસાર થયો. ખડાયું હજુ હતું તો નાનકડું પણ જોયું હોય તો પહેલા વેતરવાળી ભગરી ભેંસ જેવું જ લાગે. રંગેરૂપે પણ એવું જ. ચારેય પગ ને મોં ઉપર ધોળાંફૂલ ચકરડાં ને કપાળ વચ્ચોવચ મજાની ટીલડી. આંખ કાળી બોઝ જેવી, ને ચામડીની રુંવાંટી તો મખમલની જ જોઈ લ્યો! ડિલ આખું જાણે કે રૂના પોલથી જ ભર્યું છે ને હાડકું તો ક્યાંય વાપર્યું જ નથી એવું પોચું પોચું ગાભા જેવું. ભેંસ એક તો ભરાઉં ડિલવાળી ને એમાં પાછું ચડતું લોહી એટલે આંચળ પણ ખોબામાં ન સમાય એવા. એને જોઈને પાડાના પગમાં તો કોકે મણમણ સીસાંના ઢાળિયા ઢાળી દીધા હોય એમ એ રણકીને ઊભો રહ્યો. લખુડાએ પાડીને ડચકારા કરી જોયા પણ સાંભળે જ કોણ? પૂંછડું ઊંબેળ્યું પણ ખસે એ જ બીજા!

લખુડો શેઠના પાડાને કહે : ‘એલા શરમ વગરના! નકટા! નાગા, હાલતો થા હાલતો! જરાય લાજતો નથી?’

પણ પાડો તો તસુયે ખસે જ નહિ ને!

લખુડે ફરી પાડાને બે-ચાર ગાળો સંભળાવી અને પોતાનો પરોણો પાડાની પીઠ ઉપર સબોડ્યો. પણ પાડો તો ફરીથી રણકીને ખડાયા સામે ઊભો થઈ રહ્યો.

લખુડો તો પ્રાણીઓનો પરખંદો આદમી એટલે આ પાડાનું પોત તુરત પારખી ગયો. ગલાશેઠને કહે : ‘શેઠ, આ પાડાને હવે પાંજરાપોળ મોકલવો રહેવા દિયો. ભલે મારા વાડે મોટો થાય. સામટું ખાડું બાંધ્યું છે એમાં આનો ખીલો એક વધારે.’

‘તું એને શું કરીશ?’ શેઠે પૂછ્યું.

‘હું એને ખવરાવી-પીવરાવી મોટો કરીશ. મારે આમેય ભેંસું દવરાવવા સારું મૂંઝાવું પડે છે એ મૂંઝવણ તો ટળશે. આજે ઠીક જોગેજોગ જડી ગ્યો, બાયલા!’

શેઠે તો તરત દાન અને મહાપુણ્ય કરીને, જા, તું કમાઈ ખા, કહેતાં પાડો લખુડાને આપી દીધો.

‘કમાવાની તો કોને ખબર છે? કે દી મોટો થાય ને ગામ એની પાસે ભેંસું દવરાવે ને મને રૂપિયો રોડો મળતો થાય? પણ

*સુખ શરીર માટે ફાયદાકારક છે, પરંતુ દુઃખ છે જે મનની શક્તિઓને વિકસાવે છે.*

હમણાં તો મારે હાથહાથથી કાતરિયુંવાળાં મોંઘાંપાડાં રાડાં એને નીરવાનાં જ ને?'

ગલાશેઠને એક કાંકરે બે પક્ષી મારવાનું પુણ્ય મળતું હતું. આમેય પાડાને પાંજરાપોળમાં મૂકવા તો બહાર કાઢ્યો હતો. લખુડા ગોવાળને આપવાથી એ ગામમાં ને ગામમાં પોતાની નજર આગળ રહેતો હતો; એટલું જ નહિ, પોતાના જેવા મોટા માણસને ઘરેથી, ઢોર મહાજનવાડે મુકાય એ નીચાજોણામાંથીય ઊગરી જવાતું હતું. પણ પોતાની એ મિલકતમાંથી જતે દિવસે લખુડો દવરામણનો ધંધો કરીને માલેતુજાર બની જાય એ વસ્તુ તેમના વેપારી ગળા માટે ગળવી મુશ્કેલ હતી. તેમણે તુરત તુરત પાડાના વેચાણ માટે કિંમત આંકવા માંડી.

'દવરામણના પૈસા આવે એમાંથી મને કેટલું જડે?'

લખુડો વેપારી નહોતો. એને એ કળાની ગતાગમ પણ નહોતી. એણે તો સીધો ને સટ જવાબ આપ્યો : 'દવરામણનાં અડધાં ફદિયાં તમારાંને બાકીનાં અડધાં મારાં, પછી?' શેઠે સોદો કબૂલ રાખ્યો.

લખુડો ઢોરઢાંખરનો હોશિયાર પારખુ રહ્યો એટલે ગલાશેઠના પાડાનાં લખણ વરતી ગયો. એણે તો પાડાને સારી પેઠે ખવરાવી-પીવરાવીને સાંઢ જેવો કરવા માંડ્યો. પોતાને બાળપણથી જ ઢોર ઉપર અનર્ગળ પ્રેમ હતો. બાપીકા સાઠ ભેંસના ખાડા વચ્ચે જ પોતે નાનેથી મોટો થયેલો; પશુઓને તે પોતાનાં આપ્તજનો ગણતો. એમાં ગયે વર્ષે પોતાનો જુવાનજોધ દીકરો રાણો બે દિવસના ઊલટી-ઝાડામાં ફટાકિયાની જેમ ફૂટી ગયો ત્યારથી એનું દિલ ભાંગી ગયું હતું. જ્યારથી ગલાશેઠનો પાડો આંગણે બાંધ્યો ત્યારથી લખુડાને એમાં પોતાના મૃત પુત્ર રાણાનો અણસાર કળાતો હતો. એક દિવસ નીરણ-પૂળો કરી રહ્યા પછી એને કાળીભમર રુવાંટીભરેલ છાતીવાળો રાણો સાંભળી આવ્યો ત્યારે એનું કઠણ હૈયું પણ હાથ ન રહી શક્યું. 'આજે એ જીવતો હોત તો મને ગઢપણમાં રોટલો તો કામી દેતને!' પણ માથે વીંટેલ પનિયાના છેડા વતી આંખ લૂછીને વિચાર્યું, કાંઈ નહિ, આ સામે ખીલે બાંધ્યો ઈય મારો રાણો જ છેને? કાલ સવારે વધીને મોટો થઈને ભેંસું દવવા માંડશે તંયે તો મૂળાનાં પતીકાં જેવા કલદારથી મારો ખોબો ભરી દેશે.' અને તે ઘડીએ જ લખુડાએ શેઠના પાડાનું નામ રાણો પાડી દીધું.

રાણો તો લખુડાના હાથની ચાકરી પામતાં કોઈ લક્ષાધિપતિને ઘેર સાત ખોટનો દીકરો ઊછરે એમ ઊછરવા લાગ્યો. દિવસને જતાં કાંઈ વાર લાગે છે? થોડાક મહિનામાં તો રાણો જુવાનીમાં આવી ગયો. મોંનો આખો 'સીનો' બદલી ગયો. આંખમાં નવી ચમક આવી ગઈ. અંગેઅંગ ફાટવા લાગ્યું. લખુડાના અનુભવી કાન રાણાનો નવો રણકો વરતી ગયા. બીજે જ દિવસે લખુડો બાવળની ગાંઠ કાપી લાવ્યો, ને સુથાર પાસે જઈને થાંભલા જેવો જાડો ને ભોંયમાં હાથ એક સમાય એવો મજબૂત ખીલો ઘડાવ્યો. રાણાને હવે પછી એ ખીલે બાંધવા માંડ્યો.

પણ અંતે તો રાણો ગલાશેઠની ભેંસને પેટે એક કાઠી આપાના ઘરઘરાવ પાડાના દવરામણથી અવતર્યો હતો. એની દાઢમાં શેઠની કોઠીના કણ ભર્યા હતા. એનામાં સંસ્કાર પણ શેઠના જ હતા. નાનપણમાં શેઠના ઘરનાં કપાસિયાં, રાડાં, અડદમગનાં કૂરમાં ને માખણસોતી છાશ પી પીને મોટો થયો હતો. એમાં વળી લખુડા જેવા ગોવાળ બાપની ચાકરી પામ્યો; પછી કાંઈ બાકી રહે ખરું? એક દિવસ સૂંડલો એક અડદનું કોરમું ભરડી ગયો અને રાત પડી ન પડી ત્યાં તો ઘેરા, ઘૂંટેલા અવાજે રણકવા માંડ્યો. લખુડો ખાટલામાં સૂતો હતો ત્યાંથી સફાળો ઊઠીને રાણા પાસે આવ્યો અને નવો ખોડેલો બાવળિયો ખીલો હલબલાવી જોયો, પણ ચસ ન દીધો ત્યારે એને નિરાંત વળી. રાણાની ડોકમાં પહેરાવેલી સાંકળમાં એક કડી ઊંચી ચડાવીને લખુડો બીતો બીતો જઈને ખાટલામાં પડ્યો.

મધરાતે લખુડો ફરી જાગી ગયો. રાણાનો આવો જોરદાર રણકો તો એણે પોતાના આવડા લાંબા આયખામાં કોઈ દિવસ સાંભળ્યો નહોતો. ડાંગ કે પછેડી કાંઈ પણ ભેગું લીધા વિના એ દોડતોકને જોવા ગયો તો ખીલે રાણો તો નહોતો, પણ નવોનકોર ખીલોય મૂળમાંથી ઊખડી ગયેલ જોયો. ટોલ્લે પડેલ મોરાયાની વાટ ઊંચી ચડાવીને અડખેપડખે નજર કરી તો સામે ખૂણે બાંધેલ એક ખડાયાના વાંસા હારે રાણો પોતાનો વાંસો ઘસે છે! ડોકમાં રૂઢમાળ જેવી લઠ્ઠ સાંકળ ને છેડે ધૂળ-ઢેફાં સોતો ભોંયમાંથી ઉખેડી કાઢેલ બાવળિયો ખીલો લટકે છે! લખુડાનો જીવ ઊડી ગયો. પણ આવે ટાણે બીને બેઠાં રહ્યે કામ થાય? લખુડાએ એની આવડી આવરદામાં ભલભલા પાડાઓને હથેળીમાં રમાડી નાખ્યા હતા, ઝટઝટ એણે તો પડખેને ખીલેથી એક વાછડી છોડી મૂકી : રાણાને ખબર પણ ન પડે એવી રીતે એની સાંકળમાંથી ખીલો છુટ્ટો કરી, નવે ખીલે એનો ગાળિયો પરોવી દીધો. ને થોડીક વાર પછી ખડાયાને એની જગ્યાએથી છોડીને પડખેના એક ઢાળિયામાં બાંધી આવ્યો. પણ એથી તો રાણાના રણકા ને છાકોટા વધતા જ ગયા. તરત લખુડો ચેતી ગયો અને રાણાની સાંકળ હળવેકથી છોડીને ઓશરીના તોતિંગ થાંભલા ફરતી બાંધી દીધી. હવે રાણો કાંઈક શાંત થયો.

આ બનાવ ઉપરથી લખુડો ચેતી ગયો કે હવે રાણાનું નાક વીંધવાનો અને નાકર પહેરાવવાનો સમય પાકી ગયો છે. નાકર નાખ્યા વિના આ જનાવર હવે હાથ નહિ રહે. બીજું બધું તો ઠીક પણ કાળ ચોઘડિયે કોઈ માણસને શીંગડું ઉલાળીને ભોંય ભેગો કરી દેશે તો જાતે જનમારે મારે કપાળે કાળી ટીલી ચોંટશે. રાણાની આંખ બદલતી જતી હતી. લખુડાએ એના પગમાં મોટો તોડો નાખ્યો હતો અને નાકમાં નાકર પહેરાવી હતી એટલે એ કાંઈકેય હાથ રહેતો હતો. બાકી તો ખાઈ-પીને રાણો એવો મસ્તાન થયો હતો અને ફાટફાટ થતાં અંગોને લીધે આંખમાંથી એટલું તો ઝેર વરસતું હતું કે કોની મજાલ છે કે આંખ સામે આંખ પણ મેળવી શકે?

હવે રાણો સાવ તૈયાર થઈ ગયો હતો. લખુડાને થયું કે ખવરાવી-પીવરાવીને મોટો કરેલ દીકરો હવે બે પૈસા કમાતો થાય તો સારું કારણ કે હવે તો રાણો ફાટીને ધુમાડે ગયો હતો. વાડામાંથી

*વર્તનમાં બાળક બનો, સત્યમાં યુવાન થાવ અને જ્ઞાનમાં વૃદ્ધ બનો.*

બહાર તો કાઢ્યો નહોતો થાતો. વળી, હમણાં હમણાં તો એનો આહાર પણ બેહદ વધી ગયો હતો. એટલું વળી સારું હતું કે ગલાશેઠે, ભવિષ્યની કમાણીને લોભે, પોતાની વાડીમાંથી રાણા માટે લીલું વાઢી જવાની લખુડાને છૂટ આપી હતી. ગલાશેઠનું મફત મળતું લીલું ખાઈને રાણાનું જે લોહી જામ્યું એથી ગામ આખું તો ઠીક, પણ લખુડો પોતે પણ હવે તો બીવા લાગ્યો હતો. એના છાકોટા સાંભળી લખુડાને દહેશત લાગતી કે કોક દિવસ રાણાની આંખ ફરકશે તો મારાં તો સોયે વરસ એક ઘડીમાં પૂરાં કરી નાખશે. અગમચેતી વાપરીને એક રાણાના નાકની નાકર પગના તોડા સાથે બાંધી રાખવાનું શરૂ કર્યું હતું. પણ આમ દિવસ આખો હાથીની જેમ બાંધી રાખવાનું અને સાંજ પડતે અધમણ કડબનો બૂકરડો બોલાવી દેવાનું તે કેટલાક દિવસ પોસાય? લખુડાને થયું કે હવે ભેંસો દવરાવવી શરૂ કરીએ તો સાંજ પડ્યે રૂપિયા-રોડાનું દનિયું પડવા માંડે.

લખુડાએ ગામમાં વાત વહેતી મૂકી કે મારા રાણા પાસે ભેંસ દવરાવવી હોય તો રૂપિયો બેસશે; પણ ગલાશેઠે એ કબૂલ ન કર્યું. તેમણે બે રૂપિયા ભાવ બાંધવાનો આગ્રહ રાખ્યો.

ગલાશેઠનો ભાવ બીજા ગોવાળોના ભાવ કરતાં બમણો હતો. પડખેના જ ગામમાં એક કાઠી આપા ફક્ત એક રૂપિયામાં ભેંસ દવરાવી દેતા. પણ એ આપાના પાડાને ચાકરી જોઈએ તેવી નહોતી મળતી એટલે ડિલમાં એ રાણા કરતાં બહુ નબળો હતો. પરિણામે ગલાશેઠે સૂચવેલો લખુડાનો બે રૂપિયાનો ભાવ લોકોને બહુ આકરો ન લાગ્યો. આથી આપાનો વેપાર કંઈક અંશે તૂટવા લાગ્યો અને લખુડાની ઘરાકી જામવા માંડી.

ધીમે ધીમે રાણાની ખ્યાતિ ગામના સીમાડા વટાવી પરગામે પહોંચી. હટાણા માટે આવરોજાવરો કરનારાઓએ લખુડાનાં અને રાણાનાં બે મોંએ વખાણ કરવા માંડ્યાં. તે દરમ્યાન ગામમાં દવરાવેલી ભેંસો વિયાવા માંડી હતી. એમનાં પાડી-પાડરડાં બતાવીને લખુડો તેમજ ગલાશેઠ રાણાની વધારે જાહેરાત કરતા.

લખુડાની મૂઠી રૂપિયાથી ભરાવા લાગી. જો કે કુલ આવકમાંથી અડધોઅડધ તો ગલાશેઠ વગર મહેનત ઉપાડી જતા અને બાકી વધતી રકમમાંથીય લખુડાને રાણાના ખાણ માટે રોજિંદું ખરચ થતું, છતાં રાણાનો ભાવ બમણો રાખ્યો હતો એટલે બચત સારા પ્રમાણમાં થઈ શકી.

પાંચેક વીસુ રૂપિયા ભેગા થયા એટલે લખુડાએ વાડામાં ગયે ચોમાસે પડી ગયેલી વંડી ફરી ચણી લીધી. વરસાદપાણી ટાણે નીરણ-પૂળો ભરવા માટે આટલા દિવસ મૂંઝાવું પડતું હતું, તે હવે ફળિયામાં એક ખૂણે કાચું ચણતર કરીને માથે સાંઠી છાઈ દીધી. લખુડાએ પોતાની ડાંગને છેડે પિત્તળનાં ખોભળાં પણ જડાવ્યાં; અને છતાં જ્યારે રૂપિયા વધ્યા ત્યારે એણે રાણાના પગમાં રૂપાનો તોડો પહેરાવ્યો અને સ્મૃતિપટ ઉપર મૃતપુત્રના ચિત્રની રહીસહી રેખાઓ સાથે આ નવા પુત્રની રેખાકૃતિની ઘડ બેસવા માંડી.

લખુડાની આ આબાદી ગલાશેઠ જીરવી ન શક્યા. તેમને થયું કે રાણાની કમાણીમાંથી પોતાને મળવું જોઈએ તેટલું વળતર નથી મળતું. વળી, રાણાની વધતી જતી શાખને લીધે તેમની વેપારી બુદ્ધિને ભાવ વધારવાનું સૂઝ્યું. લખુડાને તેમણે બેને બદલે અઢી રૂપિયા ભાવ રાખવાની ફરજ પાડી. છતાં, ભરતામાં જ ભરાય એ કોઈ અણલખ્યા નિયમને આધારે કે પછી લખુડાના સદ્ભાગ્યે, રાણાની કમાણી ઘટવાને બદલે ઉત્તરોત્તર વધતી ચાલી. વધેલા ભાવ નહિ ગણકારતાં, અડખેપડખનાં ગામડાંગોઠડાંમાંથીય માણસો પોતાની ભેંસો લઈને લખુડા પાસે આવવા માંડ્યાં.

લખુડો જીવનની ધન્યતા અનુભવી રહ્યો. રાણા ઉપર એક દિવસ મહાજનવાડે પુરાવા જતા એક અનાથ પાડરડા ઉપર પોતે લીધેલી મહેનત લેખે લાગી હતી. પોતાના પુત્ર રાણાને પણ એની મા સુવાવડમાંથી જ મા-વિહોણો કરીને ચાલી નીકળી હતી. લખુડાએ એ બાળકનાં બાળોતિયાં ધોઈને એની માનું સ્થાન લીધું હતું. ન-માયા છોકરાને પોતે વીસ વર્ષનો જુવાનજોધ બનાવ્યો. અદેખું કોગળિયું એની જુવાની ન સાંખી શક્યું. લખુડાના પિતૃવાત્સલ્યની અભંગ ધારા નીચે પુત્રની જગ્યાએ આ પ્રાણી આવીને ઊભું અને આંખ ઉઘાડતાં વારમાં તો એણે પુત્રની ખોટ વિસારે પાડી દીધી. આજે આ કમાઉ દીકરાએ એને પાંચ પૈસાનો ધણી બનાવ્યો હતો અને આખી જિંદગીએ સુખનો રોટલો અપાવ્યો હતો.

તે દિવસે સનાળીના ગામપટેલ પંડે જ પોતાની ભગરી ભેંસ લઈને રાણા પાસે દવરાવવા આવ્યો ત્યારે લખુડાના હર્ષનો પાર ન રહ્યો. ગલા શેઠને ખબર પડી ત્યારે તેમને પણ આનંદ થયો પણ તેમનો આનંદ લખુડાના આનંદથી જુદી જાતનો હતો. તેમને થયું કે પટેલ જેવા ખમતીધર માણસ પાસેથી પાવલું-આઠ આના વધારે મળે તો સારું! પટેલે તેમની ભેંસ સાથે પાદરની એક હોટેલ પાસે ઊભા હતા. તેમણે લખુડાને કહેવરાવ્યું એટલે તો લખુડો રાણાને દોરતો કોઈ શહેનશાહી મલપતી ચાલે આવ્યો.

સૌની ધારણા એવી હતી કે વહેલામાં વહેલી રોંઢા ટાણે ભેંસ દવરાવાશે, અને બન્યું પણ એમ જ. રોંઢો નમતાં રાણો બરોબર તૈયાર થઈ ગયો હતો. ભગરી પણ ઠેકાણે આવી ગઈ હતી. લખુડો ખુશમિજાજ હતો. ગામપટેલ આવતી સાલ થનાર દૂઝણાના દિવાસ્વપ્નમાં રમતા હતા.

ઓચિંતા જ ગલાશેઠ આવી ચઢ્યા અને લખુડાને અને ભગરીના ધણી ગામપટેલને કહી ગયા કે દવરામણના અઢીને બદલે ત્રણ રૂપિયા પડશે.

ભાવ સાંભળીને ગામપટેલને ટાઢ વાઈ ગઈ. લખુડાને પણ ગલાશેઠની આ કંજૂસાઈ પ્રત્યે અણગમો ઊપજ્યો.

ગામપટેલ અને ગલાશેઠ વચ્ચે બહુ રકઝક ચાલી તે દરમિયાન ગામના કેટલાક વિઘ્નસંતોષીઓ આવીને પટેલના કાનમાં ફૂંક મારી ગયા.

ગામપટેલનું મન ઢચુપચુ થવા લાગ્યું. આઠ આના વધારે

*પોતાની જાત પર જીત એ મનુષ્યની મહાનતમ જીત છે.*

આપતાં તેમનો જીવ કચવાવા લાગ્યો.

રાણો હવે લખુડાના હાથમાંથી રાશ છોડાવતો હતો. ગામના માણસોએ ફરીથી પટેલના કાનમાં હોઠ ફફડાવ્યા. પટેલે છેવટનો નિર્ણય જણાવ્યો : 'શેઠ, તમારો આવો આકરો ભાવ તો અમને નહિ પોસાય. જોઈએ તો અઢી રૂપિયા આપું.'

'અરે, ત્રણ રૂપિયાની માથે આનો એક લટકાનો આપવો પડશે; સાત વાર ગરજ હોય તો આવો ને!' ગલાશેઠે તુમાખીમાં કહ્યું.

રાણાનું જોર વધતું જતું હતું. લખુડાએ સમો પારખીને શેઠને વાર્યા. 'શેઠ, પાવલું-આઠ આના ભલે ઓછા આપે, રાણા સામું તો જરાક જુવો!'

ગલાશેઠે કહ્યું : 'ના ના, એક પૈ ઓછી નહિ થાય.'

પટેલે કહ્યું : 'તો મારે પાછું જાવું પડશે!'

'તો રસ્તો પાધરો પડ્યો છો!' ગલાશેઠ બોલ્યા. ગામલોકોએ પટેલને શાનમાં સમજાવ્યા.

પટેલે છેવટનું જણાવી દીધું : 'અમારે તમારા રાણા વિના અડ્યું નથી રહેવાનું. તમે ને તમારો રાણો રહો તમારે ઘેર. અમે ભલાં ને અમારી ભેંસ ભલી. તેરેકું માંગન બહોત તો મેરેકુ ભૂપ અનેક.'

રાણો હવે હાથ નહોતો રહેતો. લખુડાએ ગલાશેઠને સમજાવ્યા : 'શેઠ આઠ આનરડીના લોભમાં પડો મા, ને આ જાનવરની આંખ સામે જરાક નજર કરો.'

ગલાશેઠ તાડૂક્યા : 'હવે જોઈ જોઈ એની આંખ! એમ આંખ જોઈને બી જઈએ તો રહેવાય કેમ? બાંધી દે એની નાકર તોડા હારે!'

શેઠનો હુકમ કબૂલ કરી અનિચ્છા છતાં લખુડો રાણાની નાકર એના તોડામાં ભેરાવવા જતો હતો. એ વખતે ચબૂતરે બેઠેલા બધા માણસોએ બૂમો મારીને લખુડાને વાર્યો : 'એલા! રેવા દે, રે'વા દે નાકર બાંધવી રે'વા દે, હો! રાણિયાની આંખ્ય ફરી ગઈ છે. હવે ઈ ઝાલ્યો નહિ રહે.'

અને નાકરની કડી ભરાવીને લખુડો હજી ઊભો થવા જાય છે ત્યાંજ રાણો વીફર્યો. એક છાકોટા સાથે એણે માથું હવામાં વીંઝ્યું, અને નાકના ફોરણાનું જાડું ચામડું ચીરાઈ ગયું. નાકરની કડી તોડા સાથે જ પડી રહી અને રાણાના નાકમાંથી લોહીનો દરોડો છૂટ્યો; પણ અતૃપ્તિના દુઃખ આગળ આ નસકોરાંની વેદના શા હિસાબમાં? રાણાએ વીફરીને લખુડા સામે શીંગડાં ઉગામ્યાં. લખુડો લાગ ચુકાવીને દોડ્યો. અડખેપડખેનાં માણસો તો ક્યારના ચેતી જઈને ચબૂતરે ચડી ગયા હતા. ગલાશેઠ અને ગામપટેલ વગેરે લોકો હોટલમાં પેસી ગયા હતા.

લખુડો મુઠ્ઠી વાળીને દોડ્યો : જીવ બચાવવા સારુ વીરડીમાં પડેલા ધણમાં ઘૂસી ગયો. ડોબાં આડે સંતાઈ જવાની બહુ મથામણ કરી પણ ફાવ્યો નહિ કારણ કે આજે રાણાને વિફરાટ જુદી જ જાતનો હતો. એણે ધારી નેમથી લખુડાનો પીછો પકડ્યો. લખુડો આડેધડ દોડવા લાગ્યો. એને આશા હતી કે ક્યાંક ઝાડની ઓથે ઊભીને રાણાની નેમ ચૂકવી દઈશ પણ એમાંય એ નિષ્ફળ નીવડ્યો.

આટલી વારમાં તો બધેય રીડિયારમણ થઈ ગઈ હતી. 'એલાવ ભાગજો! ભાગજો! રાણિયો ગાંડો થયો છે.' ચારેકોરથી બૂમ સંભળાતી હતી. લખુડાના હોશકોશ ઊડી ગયા હતા. આઘે આઘે ડોબાં ચરાવતા છોકરાઓએ રાણાને જ્યાં ત્યાં શીંગડાં ઘસતો ને છાકોટા નાખીને દોડતો જોયો એટલે સૌ ચપોચપ પીપળા ઉપર ચઢી ગયા. પણ કમભાગ્યે લખુડાને તો એવું કોઈ ઝાડઝાંખરું પણ વેંતમાં નહોતું આવતું, એની મતિ મૂંઝાણી હતી. ડૂબતા માણસના તણખલાની જેમ એણે પોતાનો ફેંટો રાણાના રસ્તા આડે નાખીને એને ભૂલવવા કરી જોયું, પણ ફેંટાને તો રાણાએ શીંગડે ચડાવી લીધો અને ફેંટાનો લાલચટક રંગ જ કેમ જાણે લખુડાનો આખરી અંજામ લાવવાનો હોય એમ બમણા વેગ અને ક્રોધથી રાણો લખુડાની પાછળ પડ્યો.

દોડી દોડીને લખુડાને હાંફ ચડ્યો હતો. મોઢે જાણે કે લોટ ઊડતો આવતો હતો. છાતી ધડક ધડક ધબકાર મારતી હતી. પેટમાં જાણે કે લ્હાય લાગી હતી. કપાળ ઉપર પરસેવાનાં મોતિયાં બાઝ્યા હતાં. આવી સ્થિતિમાં એ રાણાથી છટકવા આડેધડ દોડ્યો ગયો.

હવે લખુડો થાક્યો હતો. આજે ફરી બેઠેલો રાણો મને નહિ જ મૂકે એવી ખાતરી થતાં ટાંટિયા ભાંગી ગયા. ચારેકોર નજર ફેરવી પણ ક્યાંય ઓથ જડે એવું ન લાગ્યું. ભાંગેલ હૃદયે પણ એ દોડ્યે જ જતો હતો. છતાં, એ હવે આવી રહ્યો હતો. હવે બહુ ઝાઝું દોડાય એમ લાગતું નહોતું. ભવિષ્યમાં દૂરદૂર પણ ઊગરવાનો આરો દેખાતો ન હોય તો પછી માણસને ક્યાં સુધી હૈયારી રહી શકે? લખુડાએ ફાટી આંખે પાછળ જોયું. રાણો હવે બહુ છેટો નહોતો. લોહીલુહાણ નાખોરી અને શીંગડામાં હીરાકશીનો ફેંટો લઈને એ છંછેડાયેલી નાગણની જેમ નજીક ને નજીક ઊડતો આવતો હતો.


લખુડાને દિશાઓ નહોતી સૂઝતી. કાળને અને પોતાને હાથવેંતનું છેટું છે એ હકીકતનું ભાન થતાં એના ગૂડા ભાંગી ગયા. એને બાજુ પર ઊભેલ આવળના ઝૂડ આડે સંતાવાથી પોતે રાણાની નજર ચૂકવી શકશે એવી ગણતરીથી આવળ આડે ઢગલો થઈને એ પડી ગયો.

પણ રાણાની કાળઝાળ આંખોમાંથી લખુડો પોતાને બચાવી નહોતો શક્યો. ઢગલો થઈને પડ્યા પછી હાંફતી ધમણ સહેજ પણ ધીમી પડે એ પહેલાં જ પાંસળાંની કચડાટી બોલાવતો રાણાનો એક હાથીપગ લખુડાનાં પાંસળાં ઉપર પડ્યો અને બીજી જ ક્ષણે લોહીમાંસ સાથે ભળી ગયેલ એ હાડકાંના ભંગાર ટુકડાઓમાં ભાલા જેવું એક અણિયાળું શીંગડું ભોંકાયું અને એક જોરદાર ઝાટકા સાથે, સૂતરની આંટલી બહાર આવતી રહે એમ આંતરડાનું આખું જાળું બહાર ખેંચાઈ આવ્યું.

આવળના એ ખાબોચિયામાં લખુડાના ઊના ઊના લોહીનું જે પાટોડું ભરાણું એમાં રાણાએ ખદખદતો પેશાબ કરીને બધું સમથળ કરી નાખ્યું.

***'મડિયાની શ્રેષ્ઠ વાર્તાઓ' માંથી સાભાર***

***ધર્મ એટલે જે ભયભીત ન કરે, ભેદની ભીંતોને ભાંગે અને જે ભ્રમણામાં ન નાખે.***



# ગતિભંગ

**• મોહનલાલ પટેલ •**

**રા**જપુર સ્ટેશને ગાડી પકડવા ડુંગર અને એની વહુ ઊભા માર્ગે ઝડપભેર જઈ રહ્યાં હતાં. પત્નીનો પાછળ પાછળ આવવાનો અણસાર મોળો પડી જતાં ડુંગરે પાછળ જોયું. પત્ની રસ્તા પર નજર ફેરવતી ધીમી પડી રહી હતી. 'શું ખોળે છે?'

'કાંઈ નહિ.' પત્નીએ જવાબ આપ્યો ને ઝડપથી પગ ઉપાડવા પ્રયત્ન કર્યો. થોડાં ડગલાં ચાલ્યા પછી વળી એનો વેગ મંદો પડી ગયો.

'આમ ગાંડાની માફક અડવડિયાં શું ખાય છે?' ડુંગર ગુસ્સે થયો : 'દિવસ આથમવા આવ્યો; આમ કર્યા કરીશ તો રસ્તામાં જ અંધારું થઈ જશે, કાં તો!'

પત્ની થોડાં ડગલાં આગળ ચાલી ખરી; પણ પછી તો એ બેસી પડી.

પાછો ફરીને ડુંગર પાસે આવ્યો : 'તેં આજ ધાર્યું છે શું? ગાડી ચૂકી જઈશું તો નહિ ઘરનાં કે નહિ ઘાટનાં એવી દશા થશે. રાત કાઢીશું ક્યાં? પત્ની કશું જ બોલી નહિ. ભાવાર્દ્ર બનીને એ તો નજરની પીંછીને ધૂળ ઉપર પસવારી રહી હતી. 'જોયું?' એ બોલી.

'શું? મને તો કંઈ દેખાતું નથી!'

પત્ની આંગળીનો છેડો છેક જમીન પાસે લઈ ગઈ. એક ઘાટીલી પગલીની છાપ એ બતાવી રહી હતી : 'આપણી બબલીની જ પગલી જાણે! હું તો ક્યારનીય આ પગલીઓ જોયા જ કરતી આવું છું... બરોબર એ જ પગલું... આંગળાંની બોર જેવી જ છાપ...'

'ગાંડી એવાં પગલાં તો ઘણાંય હોય. લે ચાલ મોડું થશે.' બાળકની પગલાંની છાપ જોઈ, મૃત સંતાનની હાલી ઊઠેલી સ્મૃતિથી ડગી ગયેલી પત્ની પ્રત્યે સહાનુભૂતિનો બોલ પતિએ કાઢ્યો.

પત્ની બેસી જ રહી. એ બોલી : 'ખેતરે જતાં અને આવતાં આગળ આગળ દોડી જતી બબલીની પગલીઓ મારે હૈયે જડાઈ ગઈ છે. આ એ જ પગલી...' પગલીના બીબામાં પત્નીની નજર ઢળી હતી.

ડુંગર એકવાર પત્નીના મુખ સામે જોઈ રહ્યો. અને પછી પોતાની નજર ગગનના કોઈ માર્ગ તરફ વાળી લીધી. બંને જણ સ્થિર થઈ ગયાં.

લાકડીના ટેકે ગગન તરફ મોં કરીને ઊભા રહી ગયેલા પતિને જોઈને પત્ની સાવધ બની ગઈ. એણે કહ્યું : 'લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ...ગાડી ચૂકી જઈશું.'

અને બંને જણે વળી બમણા વેગથી ચાલવા માંડ્યું.

***'મોહનલાલ પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ' માંથી સાભાર***

*પ્રભુના મંદિરમાં ૧૦ની નોટ મૂકવા હું તૈયાર તો થઈ ગયો. ખિસ્સામાં હાથ નાખ્યો. એક સાથે ૧૦ની બે નોટ બહાર આવી. એક નોટ ગંદી હતી, બીજી નોટ એકદમ નવીનક્કોર હતી.*

*પળનીય વાર લગાડ્યા વિના મેં ગંદી નોટ પ્રભુના મંદિરમાં મૂકી દીધી! એમ સમજીને કે 'અહીં તો બધું ય ચાલી જાય!'*

*હું આટલો બધો નિર્લજ્જ?*

*આજે સ્વપ્નમાં પ્રભુ પધાર્યા અને એમણે મારા હાથમાં કારણદર્શક નોટિસ પકડાવી દીધી.*

*'આ જનમમાં મેં તને આંખ-કાન-જીભ-મન-સંપત્તિ-હૃદય વગેરે જે કાંઈ આપ્યું છે એ બધું મારે તને આવતા જનમમાં પણ શા માટે આપવું?'*

*મારું શરીર પસીનાથી રેબઝેબ છે. નોટિસનો શું જવાબ આપવો? કશું જ સમજાતું નથી.*

*તારું શરીર તારું નથી, તો તારું ધન તારું છે એવું કેવી રીતે કહી શકે?*



# મૂસ

● દોલતરાય ભટ્ટ ●

ધમા સોનારાએ જ્યારે ત્રણ ભોંની મેડી બાંધી, કીસન લાઈટુંને અજવાળે ધુમાડાબંધ ગામ જમાડી વાસ્તુ કર્યું ત્યારે ગામ આખું મોંમાં આંગળાં નાખી ગયું. ધમા સોનારાના હુલામણા નામે પંથકમાં પંકાયેલા ફૂંકણી ફૂંકતા આધેડ અવસ્થાને આંબી ગયેલા આ સોની મહાજનનું નામ રાતોરાત બદલાઈને બાળપોથીમાં બેસતી વખતે નિશાળને ચોપડે નોંધાયેલું નામ અસલ રૂપનો આકાર ધારણ કરીને ઊપસી આવ્યું - ધરમશી.

ધરમશીભાઈ પાંચમાં પુછાવા લાગ્યા. ધરમશીભાઈ મા'જનના મોવડી લેખાવા લાગ્યા. ગામમાં ત્રણ ભોંની મેડી સાડાત્રણસો વરસના ટીંબે પે'લવેલી થઈ. રંગરોગાને રોનકદાર લાગતી મેડી હવે તો વટેમાર્ગુની દીવાદાંડી સમી બની ગઈ. રાતવરતે અહૂરટાણે ધરમશીભાઈની મેડીએ કીસન લાઈટના અજવાળે ત્રણ ગામના ત્રિભેટેથી પંથીઓ ગામનું અંતર માપવા લાગ્યા.

વાસ્તુ કર્યાને હજી તો માંડ પાંચ વરસ થયાં હશે ત્યાં તો ધરમશીભાઈએ મોટો જગન માંડ્યો, ભાગવત પારાયણનો. સાત દિવસ સુધી મે'માનોને છૂટી-ધારે ઘી પીરસ્યું. આંગણે આવેલાઓની અદકેરી આગતાસ્વાગતા કરીને વળી પાછું ધરમશીભાઈને વિશેષણ લાગ્યું : 'ધરમશીભાઈ ધર્મપરાયણ છે.' ગામની ડોશીઓ તો ધરમશીભાઈ ઉપર હેતની હેડકીઓ ખાવા લાગી અને કહેવા લાગી કે આનું નામ દીકરા. પૈસો પેદાય કરી જાણ્યો ને વાપરી પણ જાણ્યો.

બીજા પાંચ વરસે તો ધરમશીભાઈની દીકરી ટીબલી કાઠું કરી ગઈ. આવળના ફૂલની જેમ રૂપે ઊઘડી ગઈ. ટીડડાં જેવી ટીબલી માટે મૂરતિયો ગોતવા જવા પગરખાંની જોડ્યું ફાડવી પડે એમ નો'તી. ધરમશીભાઈ જેવો સગો મળતો હોય તો ભામણને પૂછવા ખોટી થવાય નહીં. શ્રીફળ અને રૂપિયો સમે હાથે લઈ લેવાય. એથી રોજ નાતીલાના આંટાફેરા વધી ગયા. ધરમશીભાઈએ બધાયનો કસ કાઢીને સોળવલ્લું જોયું ત્યાં સગાઈ કરીને ગોળ ખાધો ને લગનનું નક્કી કરી નાખ્યું.

ગામ આખામાં ગારગોરમટી થાવા લાગી. માંડ્યુંછાંડ્યું ઉટકાવા લાગી. બારણાને બારસાખે તોરણ ટીંગાવા લાગ્યાં. ટોડલે હીરના ભરતે ભર્યા ટોડલિયા ધરમશીભાઈની નજરને ઝડપવા ઝડપું દેવા લાગ્યા.

ધરમશીભાઈને આંગણે હવે શરણાયું શોભે નહીં એવું માનીને ધમણવાજાં મંગાવ્યાં. રંગેચંગે ધરમશીભાઈએ ટીબલીનાં લગન પૂરાં કર્યાં. હરખજમણ ને વરોઠીના વહેવાર ચાલ્યા. સાતમે દિવસે જાન વળાવવા ગામ આખું ભેગું થયું. ટીબલીને ગાડે બેસાડવા વેવાઈ ઉતાવળા થવા લાગ્યા. ટીબલીએ રેણાંક ઓરડામાંથી ઓસરીમાં પગ દીધો. ઓસરીની થાંભલીને ટેકે કાયા ટેકવીને ઊભેલાં કાશી ડોશી બોલ્યાં, "હેં ગંગા! આ ટીબલી ને મારા કાનાની વઉ એક સારથના (એક ઉંમરના) નહીં! મારા કાનાની વઉ પરણીને આવી ત્યારે આવી જ રૂડી લાગતી હતી નહીં!" પણ ગંગા ડોશીને અત્યારે કાશીની વાતમાં જરાયે રસ નહોતો એટલે એ કંઈ મોં-મન દેતાં નહોતાં તોય કાશીએ એનો કક્કો ઘૂંટ્યે રાખ્યો એટલે ગંગા તરડાઈને બોલી.

"હવે અટાણે એનું શું છે?"

કાશી ડોશી મૂંગાં થઈ ગયાં. એનું કાળજું કરવતે કપાતું હતું. એને પંડ્યનો એકનો એક દીકરો કાનો હૈયે ચડી ગયો. ટીબલીમાં એને કાનાની વઉના અણસાર ઊઠતા હતા. મારા કાનાને પરણ્યે હજી તો મઈનો પણ પૂરો થયો નહોતો. વઉને ચડાવવા માગેલા ઘરેણાંનો દાબડો લઈને એ મામાને ઘેર પુગાડવા જતો હતો ત્યારે ગામને સીમાડે મૂવા રાખહ ભેટી ગયા. કાનાને ઠામ મારીને દાગીનાનો દાબડો લૂંટીને ભાગી ગયા. આજનો દિ' ને કાલ્યની ઘડી, દીકરો ને દાગીના કંઈ જ હાથમાં આવ્યું નહીં. ડોશીની ઊંડી ઊતરેલી આંખ્યુંના કૂવામાંથી પાણી ઊમટ્યાં.

ગાડાનું પૈ સિંચાઈ ગયું. વિદાય ગીતના ઘેરા વાતાવરણમાં જાનનાં ગાડાં દડબડ દડબડ કરતાં ઊપડી ગયાં. આણોહરા માંડવા મધ્યે કીસન લાઈટુંના ઝબકારા ને લલકાર ઊઠતા રહ્યા.

જુવાનજોધ દીકરાના મોતે ભાંગીને ભુક્કો થઈ ગયેલાં કાશી

*માણસ અર્થ (પૈસા)નો દાસ છે, અર્થ કોઈનો દાસ નથી.*

ડોશીએ મારગમાં પૂછ્યું : "ધરમશીભાઈએ પૈસો ખોબે ને ખોબે વાવર્યો. તે વાવરે જ ને. દીકરો કે દીકરી જે ગણો ઈ આ ટીબલી. પાછું ભગવાને દીધું છે તે શું કામ નો વાવરે?" કાશી ડોશીને વળી પાછો સવાલ ઊઠ્યો : "હે ગંગા! ભગવાન પૈસો કેમ કરીને દેતો હશે? મલક વાતું કરે છે કે ટંકશાળમાંથી નાણું નીકળે છે."

"વેવારના કારહા તો માણહે કર્યા છે. એમાં ભગવાનની માથે ભાર કાં મૂકતાં હશે!"

ગંગા ડોશી મૂંઝાણાં એટલે મરડાઈને બોલ્યાં : "જાવ, પૂછી આવો ભગવાનને."

વળી પાછો કાશી ડોશીના કાણાં પડી ગયેલા કાળજામાંથી એક નિસાસો સરી ગયો. વળી પાછા એ બોલ્યા : "હા ગંગા, ભગવાનને ઘરે જાવા જેવડી તો હું હતી ને મારો કાનો હાલ્યો ગયો. પણ હું તને એક વાત પૂછું છું કે મૂવા રાખહ માણહને મારીને દાગીના લૂંટી જાય ઈ લૂંટારા દાગીના ખાઈને પેટ ભરતા હશે કે એની ઘરવાળીયુંને પેરાવતા હશે?"

ગંગા ડોશી છણકો કરીને બોલ્યાં : "અરે! તું ય તે શું કાશી! ઘરેણાંના બટકા થોડા ભરાય! ઈ તો રાતોરાત ગળાય જાય."

"તંઈ બિચાડા સિપાયું શું કરે? મલક ખૂંદે તો ય ક્યાંથી મળે? ઘરેણાંનું મોં માથું કેમ કરીને વરતે?"

શેરીનો છેડો આવી ગયો ને કાશી અને ગંગા ડોશી નોખાં પડ્યાં. ટીબલીને ધામે ધૂમે પરણાવીને ધરમશીભાઈ પરવારી ગયા હતા. હવે ધરમશીભાઈને ચારધામની યાત્રા કરવાનો જ ઓરતો રહ્યો હતો. તેથી વરસાદની વાટ જોતા હતા. ચોમાસું આવે ને મોસમ મોળી પડે તંઈ નિરાંતે નીકળાય. વળી પાછું લગનટાણું આવે ત્યારે કામની બહુ ભીંસ રહે. ધંધો ધમધોકાર ચાલતો હતો. એની કોઢમાં મૂસ (સોનું ગાળવા માટેની ખાસ બનાવેલી કોઠી) આઠેય પહોર અંગારા ઉપર તપતી રહેતી હતી, જેથી સોનું ગાળવામાં ઝાઝી વાર નો લાગે.

ખોંખારો ખાઈને ધરમશીભાઈ બોલ્યા : "કેશવલાલ, ઊઠો વાળુ કરવા."

ટીબલી પંદર દિવસથી પિયર આવી હતી. એનો વર કેશુ વિરહની વેદનાથી વીંધાઈને હવે હરેરી ગયો હતો. પ્રીતનો પટારો પિયરમાં લઈને આવેલી પરણેતર હારે ચાર આંખ્યું ભેળી કરવા આવ્યો હતો.

વાળુ કરીને કેશુએ જ્યારે પોતાને ગામ જવા ઘોડી ઉપર રાંગ વાળી ત્યારે ધણીના હૈયેથી ખરી પડેલી નવોઢાના ઉરમાં આળોટતા અંધકાર જેવું આભનું રૂપ બંધાઈ ગયું હતું. પરણેતરની પતંગિયા જેવી પાંપણના પલકારા ઘોડીના ડાબે ડાબે પડઘા પાડી રહ્યા હતા. પરણેતરની પ્રીતનો પિયાલો પીને પંથે પડેલા કેશુની આંખમાં કહુંબાનો કેફ છલકતો હતો.

કાળી રાતનું ધાબું ધરતીને ઢબૂરી ગયું હતું. ધણીનો વિજોગ ટીબલીની આંખને ઉંબરેથી ઊંઘને ઠેલી રહ્યો હતો. ત્રીજી ભોંયે ટીબલી તનથી ને મનથી તરફડતી હતી. પળપળ જાણે પહાડનું રૂપ ધરીને ખડકાતી હતી. ધણીની ઘોડીના પડતા ડાબા એના દલડાના ધબકારામાં ભળી જતા ભાસતા હતા.

ધરમશીભાઈ ઓસરીની વાટે ટીંગાતી કીસન લાઈટને ઓલવીને આડે પડખે થયા ત્યાં ડેલીનું કડું ખખડ્યું. એ હંમેશની જેમ સાવધ થઈને ઊઠ્યાં. ડેલીની ગળક બારી ઉઘાડી. બુકાનીબંધાને અંદર લીધો. ડાબે હાથે ઘરેણાંની પોટલી લીધી ને જમણે હાથે રૂપિયાની કોથળી દીધી. બુકાનીબંધાને વળાવી ધરમશીભાઈએ પોટલીને મૂસમાં નાખી પાછા પલંગ પથારીમાં પોઢ્યા ત્યારે મોટું ભળકડું થવા આવ્યું હતું, એકાએક ટીબલીનો અવાજ ઊઠ્યો :

"બાપુ! માણસનું મડદું બળતું હોય એવી વાસ શેની આવે છે?"

ધરમશીભાઈ ચમક્યા. હાથબત્તી લઈને આમતેમ જોયું. મૂસમાં પ્રકાશ પાથર્યો તો કોઈ માણસનો કપાયેલો કાન ઘરેણાં ભેળો બળતો હતો. માંસ ખદબદતું હતું. પાછા ફર્યા ત્યાં ડેલી ઉપર ધડધડ ટકોરા પડ્યા. ધરમશીભાઈએ ડેલીની બારી ઉઘાડી પૂછ્યું : "શું છે અટાણના પહોરમાં!" એના બોલવામાં અણગમો હતો.

"ધરમશીભાઈ! ગજબ થઈ ગયો."

"શેનો?"

"તમારા જમાઈ કેશુનું ખૂન કરીને કોઈ દાગીના લૂંટી ગયું છે. જમાઈની લાશ તરભેટે પડી છે. એના કાનમાંથી લવિંગિયું નીકળ્યું નહીં હોય એટલે કાન પણ કાપતો ગયો છે." ધરમશીભાઈની આંખ ફાટી રહી.

કંઈક કોડભરી કન્યાઓની, કંઈક ઓરતા ભરેલા જુવાનોની લોહીભીની લાશો ઉપરથી ધાડપાડુઓએ ઉતારેલાં ઘરેણાંને કાળી રાતે ઓગાળી નાખનાર 'મૂસ' આજ ધરમશીભાઈને ઓકતી દેખાણી.


***'છાલક' માંથી સાભાર***

## 'અગ્નિ' તરફ

*કોઈ સેતાનને અટકાવનાર યા*
*તમારી શક્તિને પ્રદર્શિત કરનાર*
*એક શક્તિ તરીકે ન જુએ.*
*તે તો*
*ભારતીયના હૃદયમાં પ્રજ્જવળતો અગ્નિ છે.*
*તેને પ્રક્ષેપાસ્ત્રનો આકાર પણ ન આપો.*
*તે તો, આકાશમાં તરે છે ત્યારે,*
*આ દેશનું ઝળહળતું ગૌરવ છે,*
*માટે તે પ્રકાશિત છે.*

***– ડૉ. અબ્દુલ કલામ***
***સૌજન્ય : "તાણાવાણા – ૧૨"***

*વગર લેવાદેવાએ કોઈને કંઈ સૂચન કરવું કે કોઈને સુધારવા મંડી પડવું એ અહંકારની પેદાશ છે.*



# આઝાદીના લાડવા

● જોસેફ મેકવાન ●

બુધિયો બાપડો હતો હાવ અભણ. આખું ગામ આઝાદી આવીના ઉમંગમાં ઘેલું થઈ રહ્યું હતું ત્યારે એ ગામની ચારેય ભાગોળોએ હડિયાપટી કરીને ફાંફાંખોળાં કરીને નાસીપાસ થઈ ગયો હતો ને આખરે ના જ રહેવાયું ત્યારે એના લંગોટિયા ભેરુ કાળિયા કને જઈને એણે પૂછ્યું હતું :

"હેં કાળા, આ આઝાદી ચ્યાં આઈ છં? ઊં તો આખું ગામ ચીરીને ચારેય દેશ જોઈ આયો. પણ ભૈ, મને તો એ ચ્યાંય દેખાઈ ન'ઈ!"

કાળાનેય કાળા અક્ષર ભેંસ નહીં તો ડોબા બરાબર હતા. એણેય માથું ખંજવાળ્યું પણ હવે ભેરુબંધ ભર્યે ભરોસે એની પાસેથી અજવાળાની આશા રાખતો'તો એને નિરાશ કેમ કરાય? એણે ખાસ્સું વિચાર્યા પછી ભર્યાભરમમાં કીધું :

"જો બુધા, આખું ગાંમ કે'છ એટલે આઝાદી ક્યેંક તો આઈ હોવી જ જોઈએ. ગામમાં આવું-તેવું કશુંકેય આવતું હોય છે તાર એ ઉજળિયાતોના તાં જ ધામા નાંખ છ. એટલ ભઈ, આઝાદીય તાંજ ઊતરી અં'શે. આપા આવ તો એક તો આભડછેટનો ભો અને હાહરાં આપણાં દરકાંન હારાં નં'ઈ બાચી હંધુય ગામ ગાંડું થયું છ, એટલે તારા બોલ એ આયી અ'શે તો ખરી' જ!"

"આયા વના આવા આ નેહારિયાં જમાડતા અ'શે! કાલે આપણા ફળિયાનાં છૈયાંનેય બોલાયાં'તાં. છેવાડે તો છેવાડે પણ હારબંધ બેહાડેલાં ને પેલા, જાડુંબખ ગજિયું પે'ર છ નં એ બાલુકાકા જાતે પીરહતા 'તા આપણાં છોરાંને. ખાજો લ્યા ધરઈને, કોઈ ભૂછ્યાં ન રે'તાં. એમ પાછા પોરહ ચડાવ. મારો લાલિયો તો રાજીરંમ થઈ જ્યો'તો; મારો બેટો પાક્કો એવો કાળા, કે ચડ્ડીના ગજવામાં એક લાડવો લેઈ આયેલો. કે'ક મેં તો પે'લીવાર બાપા, આવા લાડવા ધરઈને ખાધા, આ તમારી હાટુય એક હંતાડી લાયો સુ તે લ્યો ખઈ જાવ. મેં ને તારી ભાભીએ ભઈ અર્ધો અર્ધો ખાધો પણ કાળા, એના હવાદની શી વાત કરું? હાહરું અમરત કે'છ એ આવું જ અ'શે. નં લગનગારો આવ તાર એમનાં પેલાં એંઠાં પતરાળાંની વાસથી આપણે ફેફડાં નથી ભરતા, અદલ એની તાજી વાસ મારા લાલિયાના હાથમાંથી આવતી'તી, તે મેં તો ચ્યાંય લગી હોંજ્યા જ કરી." ને પછી ઊંડો નિસાસો નાખતાં બોલ્યો :

"હાહરું આપણંય નાના હોત કાળા, તો લાડવા તો જમવા મલત."

"એક વાત કે'વ બુધા."

"કે'યનં, એમાં વળી પૂછસ શોંનો!"

"આ જમાડવાનું ઉપાસણ લેઈ બેઠા છ તે દા'ડાનું મારું મન ખઉં-ભરખું થઈ જ્યું છ. હાહરું માઝા મેલાતી નથી નં એઠ્ય ફેંદાતી નથ્ય. નેંકર છાંડ્યા-છોડ્યાં લાડવાનાં બે ફોડવાંય મલી જ્યાં હોત. હાચું કે'છ નથ્ય રે'વાતું."

"આ તો તેં તારી ગત્ય ક'ઈ, એમાં કે'વાની વાત ચ્યાં આઈ?"

"એ જ કે'તો તો. આ બાલુકાકો તો એક હારો માંણહને? કદી કદા હાવૈણો લેઈને વારતો હોય છ. આપણાં ફળિયામાં આવ તો અભડાતો નથ્ય. મા'ત્મા વારી વાતો કર છ નં પાછો રેંટિયો ફેરવ છ. તને એનો ભરુંહો ખરો?"

"હા, પણ એનું છ શું એ તો કે!"

"એની પાંહણ જઈને ક'ઈએ ક કાકા આ આઝાદીનાં અમારંય દરશણ કરવાં છે."

"એમાં લાડવા ચ્યાં આયા?"

"પછેં ભેળાભેળું ક'ઈ નાંછીશું કં, કાકા આ છૈયાં જમાડો છો તો અમારો ચિયો વાંક ગુનો? અમારી ગરીબની આંતૈડીય ઠારોને...જલમ ધારીને કદી લાડવા નથી ખાધા."

"કોણ કે'શે?"

"આપણં બેય..."

"ના. હાહરાનું મારી વશે તો જિબાંન ન'ઈ ઊપડ...અ...! તું કે'તો હાચું!"

"હારું હેંડયનં ઉ લવો વારેશ પણ કાકો હાહરો પાધરો તો

**આદર્શ સમાજ એટલે માત્ર કલ્પનામાં ભજવાતું નાટક.**

પડશે નં...''

બેય જણ તરતોતર્ત હેંડ્યા. હમીહાંજનો સુમાર હતો. ચરામાંથી ભેંસોનો ધોરી પાછો વળી રહ્યો હતો. અવડ કૂવાની પછીતના ટેકરા ઉપર ઢગલો વાળેલ એંઠાં પતરાળાંમાંથી ઠરેલી દાળમાં બેઠેલા હીંગના વઘારની અને વાલની વાસ બુધાકાળાનાં નસકોરાં ભરી રહી હતી. વગર બોલ્યેય બેયને ધર્મા પટેલે જીવતે-જગતિયું કરેલું ને ધુમાડાબંધ આખું ગામ જમાડેલું એ યાદ આવી રહ્યું હતું. ત્યારે એ બેય જણા બારેક વરસના હતા. બુધિયાએ ઠાંસી-ઠાંસીને એટલા લાડવા ઝાપટ્યા હતા કે એને ઝાડા થઈ ગયા હતા. પણ એ પછીનાં વીસ વીસ વરસો વહી ગયાં છતાં પેલો 'હવાદ' એ ન'તા વીસર્યા. ન'તા વિસારી શકતા.

કોઈને અડી ન જવાય એ ભીતિ ભર્યા બેય જણા દબયાચંપયા રામજી મંદિર આગળ પહોંચ્યા કે એમણે હાંમે વાણિયાવાળી પોળના દરવાજામાંથી એક હાથમાં ધોતિયાનો છેડો પકડીને બહાર આવતા બાલુ પટેલને જોયા.

''અલ્યા કાકો તો હાંમો આયો! અંઈ અધવચ્ચ આવડા મોટા મનેખ હંગાથ્ય જિબાંન ચ્યમની ફડાય?'' કાળાએ બુધિયાને ગોદો મારતાં કહ્યું.

''રાત હોરોય પાછો તો જશે જ ને? આપણં તે ચિયાં છેતર ભેલઈ જાય છ તે ઉતાવળ્ય!''

કોઈની નજરે ન પડાય એમ બેય જણા બાલુ પટેલની પાછળ ચાલ્યા. બાલુભાઈ રામજી મંદિર આગળ જઈને ઊભા રહ્યા. ઓટલે રાવળિયો બેઠો હતો એને એમણે કાંક કીધું. એ મંદિરમાં ગયો અને ત્રીજી જ ઘડીએ મંદિરના મહંત લાલજીબાપા બહાર પધાર્યા. હાથ જોડીને શાંતુ પટેલે એમને માથું નમાવ્યું.

''કયો બાપજી, મને કેમ યાદ કીધો'તો.''

''જુઓ પટલ, તમે કાંગરેસવાલા આઝાદી લાયા એ તો અચ્છી બાત હૈ. મગર ધરમ-કરમકા નાશ કરના અચ્છા નાહીં.''

''હું હમજ્યો નહીં, બાપજી. આપની શી આજ્ઞા છે?''

''ત્રણ દા'ડાથી તમે નિશાળિયાં જમાડો છો એમાં અછૂતોનાં છોરાંનેય બોલાવો છો ને?''

બાલુ પટેલે ડોકું હલાવ્યું.

''યે ભેળીહારા નહીં ચલેગા. ધરમકા સત્યનાશ કર દિયા સબકે સાથ અછૂત લોગન કો બિઠાકર, બંધ કર દો યે અધરમ.''

''મહારાજ, એમાં ભગવાન કેમનો રાજી રે?'' અને આઝાદી તો આખા દેશની પ્રજાનું પનોતું પર્વ. એમાં નાતજાતના ભેદ કેમના કરાય? આપ તો ધર્માત્મા છો. બધું સમજો છો.''

''હમ સમઝત હૈ ઇસ લિયે તો યે કહત હૈ. સુનો, કલકો મંદિર કી ઓરસે ગાંવ કે બચ્ચોં કો જમણ દેંગે. તુમ ભી અપની ઓરસે નોટિશ દે દેના કે અછૂત કે બચ્ચે જમણવાર મેં ન આયેં.''

''મહારાજ, એમાં તો ગામનું સારું નહીં દેખાય. આખા ગામના બાળકો આનંદ-મંગળ કરે અને ગરીબોનાં બચ્ચાં ભૂખ્યાં રહે એ તો ભગવાનનેય ના ગમે. આપણે એમને દૂર..આઘાં બેહાડીશું. આપણા ભણી એમનો પણછોય નહીં પડવા દઈએ મહારાજ! તમે તો દયાના દાતાર છો. દયા કરો.''

''હમને એક વખત જો કહા સો કહા. તુમ ગાંવકે મુખિયા હો તો હમ ગાંવ કે મંદિર કે મહારાજ હૈ. તુમસે જ્યાદા ગાંવકી ઈજ્જત હમેં પ્યારી હૈ. અબ હમને જો કહા વોહી હોગા. તુમ બીચમેં ટાંગ મત અડાના.''

ગામ આખામાં મંદિરના મહંતનો દબદબો હતો. અંગ્રેજો ચાલ્યા જાવ વાળી વાત લાલજી બાપાએ મંદિર મધ્યે કરી તો આખેઆખું ગામ સરઘર કાઢીને અર્ધા દા'ડા લગી સૂત્રો પોકારતું ઘેલું ઘેલું થઈ ગયેલું. જેના પડઘા છેક તાલુકા ને જિલ્લા સુધી પડેલા : 'બાલુભાઈ પટેલે છેક છેવાડાનાં લોકમાંય દેશદાઝ અને જાગૃતિ આણી દીધાં. મા'ત્માજી કહે છે એવું આવું પાયાનું કામ ભાગ્યે જ કોઈએ કર્યું હશે.'' આવી વાહ વાહ દિવસો સુધી ચાલેલી. છાપામાં બાલુભાઈનો ફોટો અને સમાચાર છપાયેલાં.

આવા મહંતશ્રીનો વિરોધ કેમનો કરાય? ભવિષ્યના રાજકારણમાં ટકવું હોય, નામ કમાવું હોય તો તો આવી વગદાર વિભૂતિનો સાથ અનિવાર્ય જ લેખવો રહ્યો. એક પળાર્ધમાં બાલુભાઈએ દેશહિત વિચારી લીધું ને વિનમ્ર સૂરે બોલ્યા :

''જેવો આપનો આદેશ મહારાજ. આપના પુણ્યપ્રતાપે આઝાદી આવી છે. આપની પવિત્ર ઈચ્છા વિરુદ્ધ ગામમાં કાંઈ નહીં થાય.''

''યે અચ્છી બાત હૈ, ઈસી મેં સબકા ભલા રહેગા. અબ સુન લો. કલ સવેરે હવન હોગા. બપ્પોર કા બ્રહ્મભોજન હોગા, પુરા દિન પારાયણ હોગા ઔર શામકો બાલગોવિંદકા જમણવાર. કલકા પૂરા દિવસ પવિતર હોગા. તુમ જાકર અછૂતોં કો બોલ દેના કે કલ ગાંવકી ઓર કોઈ ઢૂંકે તક નાહીં, ઔર ગાંવ કો અપવિતર હોને સે બચાયેં!''

''જૈસી આપની આજ્ઞા બાપજી'', હાથ જોડી માથું નમાવી બાલુ પટેલ ત્યાંથી ચાલ્યા. એ દસેક ડગલાં આઘા ગયા હશે કે મહંતે ઉંકારો કર્યો : ''રઘલા...આ...કિધર મર ગયા તૂ...ઉ...?''

રઘુ રાવળિયો પડખે જ હતો. હાથ જોડી એ સામે આવ્યો :

''આ ર'યો બાપજી, શો હકમ છે?''

''એ પટેલ સાલ્લા બેમાની હૈ. તૂ ઉસકે પીછે જા. કહાં જાતા હૈ, કિસસે મિલતા હૈ સબ દેખ-સુન કે આ. ફિર વો અછૂતોં કે ટીલે પર જાકર દાંડી પીટવા દે કે કલ કોઈ પૂરા દિન ગાંવ કી ઓર ન નિકલેં...સમઝા?''

મહંત અંદર ગયા અને રાવળિયો પટેલની પાછળ. અંધારામાં કાયા ગોપવતા કાળુ અને બુધો તો હહડી જ ગયા. દિલમાં ફફડાટ હતો કે ક્યાંક પેલા બાપજીની નજરે ચડી જઈશું તો હાડકાં રંગાઈ

*આપણે બધા એક જ આકાશ હેઠળ રહીએ છીએ, પણ સૌની ક્ષિતિજ જુદીજુદી છે.*

જશે. મંદિરવાળો રસ્તો પૂરો કરતાં જ બેય જણે દોટ્ય કાઢી. હોંહરા ફળિયામાં પહોંચીને જ હાહ ખાધો.

"હારું થયું ચ્યાંક ઝલઈ ના જ્યા. નંઈતર આજે લાડવા હોંહરવા નેકરી જાત." કાળો સ્વાસ બેસતાં બોલ્યો. ઉપાસણ બુધ્યે કર્યું હતું એટલે એણે હોઠ ભીડેલા રાખવામાં જ સાર જોયો. છતાં એ મનનો ઉકળાટ ઠાલવ્યા વિના ના રહી શક્યો.

"કાળા! આ અન્નાચક્કર બધું પેલી આઝાદી નંઈ જાણતી હોય?"

"જાણીનંય શું? જેનો ઉતારો જ ઉજળિયાતના તાં હોય એનં આનો શો ફેર પડ છ?"

"જોયું નંઈ, બાલુકાકો હરખોય ચડીચુપ્પ થઈ ગયો."

"થવું જ પડ બુધા, આ બાવો ઓછી માયા નથી. એના લાઠીબંધા તેં જોયા નથી. એક એકને ખઈ જાય એવા છ હાહરા!"

પેલી બાજુ ઝપાટાબંધ ચાલતા બાલુ પટેલના હૈયે જંપ નહોતો. એમને ગોસ્વામી માસ્તરને ત્યાં પહોંચવું હતું. પોતે પટલાઈના પેચ લડાવવામાં માહેર હતા પણ આ માસ્તર વળી એમનાય માથાનો હતો. છેલ્લા દસેક માસથી એ આ ગામે નિમાયો હતો. ખાદીની ચડ્ડી અને અર્ધી બાંયની કફની ને માથે મોટી ખાદીની ટોપી. છ ફૂટ ઊંચી અલમસ્ત કાયા. સવારે વ્યાયામ કરે અને બે કલાક તળાવમાં જઈને તરે. છોકરાંને તરવાનું અને લાઠી ફેરવવાનું શીખવે. લોકો કહેતા : "પહેલવાનોના અખાડામાંથી આવ્યો છે એને કશાયનો છોછ નથી. આવ્યો એના બીજા જ દહાડે અંત્યજોના મહોલ્લામાં જઈને ઘેર ઘેર ફરીને એમનાં છોકરાંનાં નામની યાદી બનાવી અને તે તમામને શાળામાં આવતાં કરી દીધાં. મહંતને અને બીજાઓને એ ખટક્યું તો ખરું પણ શાળા સરકારી, નિમાયેલો માસ્તર સરકારી વળી પાછો કુસ્તીબાજ લાઠી ફેરવી જાણનારો. હાંમે આંખ ના મંડાય એટલો કપરો. એને કોઈ કહે તો કોણ કહે!

૧૫ મી ઓગસ્ટે આઝાદી આવશે. આપણે તે દિવસે પ્રભાતફેરી કરીએ. આખા ગામને શાળાએ એકઠું કરીએ અને પછી ઝંડો ચડાવી ધ્વજવંદન કરીએ. એવો પ્રસ્તાવ આ માસ્તરે બાલુભાઈ પટેલ આગળ મૂકેલો. પણ રામજી મંદિરવાળા બાપજી જ એમાં આડા ફાટેલા.

"દેશના ભાગલા પડ્યા છે. ગામમાં થોડાંક મુસ્લિમ કુટુંબો છે. ખુન્નસ ફેલાવાનો ભય છે, ખોટું ગામ વગોવાઈ જશે. માસ્તર ભલે નિશાળિયાં આગળ ઝંડા વંદન કરે. હાલ ગામ આખાને એમાં સંડોવવું નથી."

એ પછી ગામના તવંગરોને આઝાદીના માનમાં છોકરાં જમાડવાની રગ ચડી. ગોસ્વામી માસ્તર એમાં વગર પૂછ્યે અછૂતોનાં બાળકોનેય લઈ ગયા. જોકે એમની હાર જુદી પાડી ત્યારે એ સમસમી ગયેલા પણ ભર્યા ભાણાથી ગરીબોનાં છોકરાં ભૂખ્યાં પાછાં ના જાય એટલા ખાતર એ પંક્તિભેદ માસ્તરને નામનો સ્વીકારવો પડેલો ને એ ભેદભાવ હવે આઝાદી આવ્યા પછી આ દેશમાં ના જ ચાલે - ના જ ચલાવી લેવાય. સ્વતંત્રતા એટલે સૌ સમાન. આઝાદીનો એ સાચો સંદેશો આખા ગામ સામે પ્રકટ કરવા જ બાલુભાઈને સમજાવીને માસ્તરે આવતી કાલના દિવસનો કાર્યક્રમ મુકરર કરેલો. પણ મહંતે તો બાલુભાઈની હવા જ કાઢી નાખી. હવે કરવું શું? મહંત મારો વાલો જાણી જ ગયો હશે ગોસ્વામી માસ્તરની ચાલ. નહીંતર અંત્યજો પર આટલો ખફા શાનો થાય?

બાલુભાઈ ગોસ્વામી માસ્તરને કઈ પેરે સમજાવવા એનું જ ચિંતન કરતા ચાલ્યા જતા હતા. મહંતને આજની પળે કોરે મેલવો પોસાય એમ ન હતું અને માસ્તરની દોટ કેટલી? બહુ બહુ તો જિલ્લા લગીની. જ્યાં માસ્તરને ભરી પિવાય બાકી મહંતને તો રાજી રાખવા જ પડે.

એ માસ્તરના ઘરે પહોંચ્યા તો આશ્ચર્યમાં એમના તો ડોળા જ ફરી ગયા. બુધિયો અને કાળિયો બેય માસ્તરની હાંમે બેઠેલા અને ખાસ્સા ગંભીર ભાવે માસ્તર એમની વાતો સાંભળી રહેલા. પોતે આવ્યા છે એની ખાતરી કરાવવા બાલુભાઈ સહેજ ખોંખાર્યા કે અનાયાસે જ એમના અંતરમાંથી પૃચ્છા સરી પડી :

"અલ્યા, તમે ઓંય ચ્યોંથી?"

બેય ભેરુ ગભરાયા. કેમનું કહે કે, કાકા અમે તો તમારી પાંહે આવ્યા' તા. પણ પછે હામ જ ના ચાલી. એમને ચુપ્પ જોઈ અત્યાર સુધીમાં એમની પાસેથી ઘણું-બધું સાંભળી ચૂકેલા માસ્તરે જ જવાબ વાળ્યો :

"પાછળ હરાયો હાંઢ પડ્યો હોય એમ આ બેય જણા અંધારે દોડતા હતા તે મને ભટકાઈ પડ્યા એટલે હું જ એમને અહીં લઈ આવ્યો. મહંતે તમને તણખલાની તોલે કરી નાખ્યા એય આમની કનેથી જ જાણવા મલ્યું."

"અલ્યા, તમે ત્યાં હતા? ત્યાં શું કરવા ગયા હતા?"

"એ તો તમને મલવા આવેલા પણ તમે મંદિર ભણી ગયા એટલે પૂંઠે-પૂંઠે એય ત્યાં આવ્યા ને મંદિરવાળા બાપજીનો કોપ ભાળીને એવા ભડક્યા કે ત્યાંથી જીવ લેઈને નાઠા."

"તો તો તમે હંધુય જાણી ગયા છો. એમ જ ને?"

"હા જી પટેલ!"

"તો પછી કાલ્યનું શું વચાર્યું."

"તમે ગામધણી છો ને હું તો એક પરગામી. તમે જ કહો; તમારી વાત શી છે?"

"માસ્તર, વાવાઝોડામાં જે ઝાડવાં નમી જાય છે એ મૂળહોતાં ઊખડી જતાં નથી."

"મતલબ કે આપણે પવન જોઈને પીઠ ફેરવવી એમ જ ને."

"હવાહો ટકા હાચી વાત. બાકી આઝાદી આવી છે તે નાશી ઓછી જવાની છે? ઘણાય દા'ડા છે આપણું ધાર્યું કરવાના."

*દુશ્મન હોય જ નહીં તો જીવન જીવવા જેવું ન રહે.*

"તમારી સલાહમાં શાણપણ છે."

"તો કાલનો પ્રોગ્રામ બંધ?"

"બાપના બોલથી બંધ. તમારી ઉપરવટ્ય તો ના જ જવાય ને..."

"માસ્તર, તમે પ્રગતિ કરવાના. મારો વખત આવશે ત્યારે હું તમને નહીં ભૂલું."

"આપ મહાન છો."

જતાં જતાં બાલુભાઈ પૂછ્યા વિના ના રહ્યા :

"આવા આમનું શું છે?"

"કાંઈ નહીં. હું એમને સમજાવતો હતો કે હાપનો દર હોય ત્યાં હોડ્ય ના તાણવી."

"માસ્તર, તમારી તોલે કોઈ ના આવે."

"એ તમે હાવ હાચું કીધું બાલુભાઈ."

ખુશખુશાલ થતા બાલુભાઈ ઘર ભણી વળ્યા. રાવળિયાએ મંદિરે જઈને મહંતને પટેલ અને માસ્તર વચ્ચેની વાતોની તપસીલ આપી. ત્યાં બે અંત્યજો હતા એય ઉમેર્યું. મહંતે દાંત કચડીને હોઠ ભીડી દીધા.

વળતી સવારે મંદિરમાં નગારું વાગ્યું. ઝાલર ઝઝણી ઘંટનાદ થયા. મહંતશ્રી પૂજન-અર્ચન કરી રહ્યા હતા ને હાંફળો-ફાંફળો રઘુ રાવળિયો ગભારામાં ઘૂસી આવ્યો :

"બાપજી, ગજ્જબ થઈ ગયો. સત્યાનાશ વળી જ્યું."

મહંતે ખાંગી આંખે ઊંચું જોયું : "ક્યા હુઆ? રાડ્યો શાનો પાડો છ. બોલ કે ક્યા હુઆ."

"હવનનો કુંડ કરવાનો છ એ ચોકમાં મંદિરના મોટા બાયણા હાંમે જ ગાય મરી ગઈ છે."

"ઉધર ગાય કિધરસે આઈ? સો ગઈ હોગી. જરા ધ્યાન સે દેખ આ."

"ડોળા ફાટી જ્યા છ નં ટાંગા ફેલાઈ જ્યા છ. પેટ ફૂલીને ઢમઢોલ થઈ જ્યું છ."

રઘુ વિગત વર્ણવી રહ્યો હતો ત્યાં ફૂલ લઈને જગલો માળી આવી પહોંચ્યો. એ નવી વાત લાવ્યો હતો : "અમારા ફળિયામાં રાતે ગોસ્વામી માસ્તર બહાર સૂતેલા એમની ઉપર લાકડીઓ વડે હુમલો થયો. મારાઓએ લાશેય ચ્યાંક વગે કરી દીધી છે."

મહંતે એ નવા સમાચાર જાણે સાંભળ્યા જ ના હોય એમ રઘુને હુકમ કર્યો :

"રઘલા સબસે પહલે ગાયકો હટવા લે, લઠૈત લેકર ટીલે પર જા, સાલે હરામજાદોને કુછ ટોટકા કિયા હોગા નહીં તો હવનકે દહાડે યે ગાય મંદિર કે સામને કૈસે મરતી? પહલે સમઝા-બુઝાકર ગાય હટવા લેં ફિર ઈનકી ખાલ ઉતારતે હૈ!"

રઘુ બે લાઠીધારી ચેલકાઓને લઈને અંત્યજોના મહોલ્લા ભણી ચાલ્યો. મહોલ્લો જરાક ઊંચાણે હતો. નાકું એવું હતું કે પોણું પહોંચ્યા પછી જ પેલી પા કોણ છે એ દેખાય. ત્રણેય જણા છેક નાકાને છેવાડે પહોંચ્યા ને રઘુની સંગાથ આવનારા બેય લાઠીબંધાના પગ ખોડાઈ ગયા. રાતે ખાટલામાં ગળા પર લાઠી મેલીને મારી નાખેલો એ માસ્તર અહીં ક્યાંથી આવ્યો? એનું ભૂત તો નહીં હોય? કાથીની માંચી ઉપર માસ્તર ઉઘાડા બદને પગ લાંબા કરીને બેઠા હતા ને પડખે હાથે/ચડે એમ કડિયાળી ડાંગ ટેકવાઈ રહી હતી.

પેલા બે ભડકીને ભાગવા જતા હતા ને માસ્તર મોકળા મને હસી પડ્યાં.

"આવો આવો, હું જ છું ભિયા. ગોસ્વામી માસ્તર. ભૂત-બૂત તો રાતે જ ભાગી ગયા."

રઘુને કશું સમજાયું નહીં. પણ પેલા બેય જણે ઊંધું ઘાલતાં રઘુને કોણી મારી :

"હંદેહો આલી દે. લાંબી વાતમાં માલ નથી."

"અલેભઈ વાત એમ છ કં મંદિર આગળ ગાય મરી ગઈ છ ને આજ હવન કરવાનું છ. મહારાજ બાપજીએ કે'વડાવ્યું છ કં તમે ઝટ દેઈને ગાય તોંણી જાવ તો ચોક પવિતર કરાય."

માસ્તરની પાછળ બુધો, કાળો, રતિયો, રોહિત દાનો, ચતુર ને કાનજી મથુર ઊભા હતા. એમાંથી તો કોઈ બોલ્યું નહીં પણ માસ્તરે જવાબ વાળ્યો :

"જુઓ રઘાભાઈ, કાલે હાંજે તમે જ દાંડી પીટાવીને મહંતશ્રીનો હુકમ ફરમાવ્યો હતો કે આ અંત્યજોને આજે ગામ ભણી ડોકાવું સુધ્ધાં નહીં. એટલે એમનાથી એ હુકમ વિરુદ્ધ તો નહીં વર્તાય."

"પણ બાપજીએ પોતે જ આ હંદેહો મોકલ્યો છે." રઘુએ ગળચિયું ખાધું.

"એ તો મહંત ખુદ અહીં આવીને કહે તો મનાય. બાકી એમના હુકમની વિરુદ્ધ તો ના જ જવાય."

સાંભળીને મહંતનો પારો સાતમા આસમાને ચડી ગયો. એક તો હરામખોરોએ ગૌહત્યા કરી મંદિર અભડાવ્યું અને ઉપરથી આ સીનાજોરી! સાલ્લાઓનાં ખોરડાં જ સળગાવી દેવાં જોઈએ.

પણ એથી તત્કાળ ઊભી થયેલી સમસ્યાનો અંત આવતો નહોતો. એમણે રઘુને પોકાર્યો : "જા બાલુ પટેલકુ બુલા લા."

પટેલને જોતાં જ એ ઊકળી ઊઠ્યા : "યે સબ તુમારે કારસ્તાન હૈં. શૂદ્રકો ફટવને મેં, મોંઢે ચડાને મેં, હરબાતમાં ગાંધી કા પૂંછડા લાકર અછૂતો કા ઉપરાણાં લેને મેં તુમારી ખીચડી પકતી હૈ. મૈં ચાહૂં તો કચ્ચા મિલિટ મેં તુમારી રાજનીતિકી મિટ્ટી પલિત કર સકતા હૂં. અપના ભલા ચાહતે તો તુમારે ઈન સગે-વહાલોં કો

*ચેર (ખુરશી)ની ચળ એ વૈશ્વિક મહારોગ છે.*

બુલાકર ઝટ ઉસ ગાયકા નિકાલ લા દો. હવન કા મૂરત ચલા જા રહા હૈ.''

બાલુભાઈને વસી જ ગયું કે આ નિસરણીએ એમનું ભાવિ રાજકારણ કદી ઊંચે નહીં ચડે. આજે જો દબાયા તો કાયમની માત ખાધી માનવી. પેંતરો વિચારીને એ બોલ્યા :

''પણ એ લોકો કે'છે એમ આપ ખુદ જઈને એમને ગાય લઈ જવાનું કહી દોને!''

મહંત ગુસ્સે ભરાઈને તાડૂક્યા :

''ધરમ ભ્રષ્ટ લોગોં કે કારન મૈં ભી અપના ધરમ ભ્રષ્ટ કરું? હવન કે મૂરત કે પહેલે અછૂતોં કે ટીલે તક જાઉં? અભી અભી યે આઝાદી આયી હૈ તો મૈં ગાંવ મેં બખેડા પૈદા કરના નહીં ચાહતા. વરના ઈન અછૂતોં કી યે મજાલ? મૈં પૂછતા હૂં તુમ પોલીસ ક્યું નહીં બુલાતે?''

''પોલીસ આમાં શું કરવાની હતી?''

''હમ ગૌહત્યાકી ફરિયાદ કરેંગે.''

''અને માસ્તરના ખાટલામાં ઢાંકેલા કેળના થડિયા પર બરાબર ગળાના ભાગે લાકડી દબાયાનો આંકો પડ્યો છે. માસ્તર કે'છે, લાઠી મેલનારા બેય જણને એણે ઓળખ્યા છે. એ ફરિયાદ મેલશે ત્યારે શું કરશો?''

રાતના અંધકારમાં કાળું કામ કરનારા પેલા બેય જણે ઊંધું ઘાલ્યું. પરથમવાર મહંતની બોલતી બંધ થઈ ગઈ.

આખરે બાલુભાઈ બોલ્યા : ''હારું મહારાજ, આપ આપનો ધરમ હાચવો, હું તો પેલા માને તો મનાવી લાવું.''

ધૂંધવાયેલા મહંત આગ ઓકતે ડોળે શાંતિ પટેલને હેરી રહ્યા પણ એમાં જામદગ્નેય જેવી આંચ ન'તી જે પટેલને ભસ્તીભૂત કરી દે.

અર્ધાએક કલાકે એ પાછા આવ્યા ત્યારે એમની સાથે ગોસ્વામી માસ્તર હતા. બિન્ધાસ્ત એ મંદિરમાં પેઠા અને મહંતને ઉદ્દેશીને બોલ્યા :

''જૈ રામજી કી મહારાજ, મૈં એક બાત કરને આયા હૂં. દેખો મૈં ભી બામન હૂં. વો ભી કાશીકા પઢા લિખા. શાસ્ત્ર જાનતા હૂં. ધરમ-ધરમ કી ગરહી બાતેં ભી આપકી કિરપાસે જાનતા હૂં. અબ આપ તો જાનતે હૈ કિ મંદિર કે ઔસારે મેં બિલકુલ ભગવાન કી ઓર મુંહ કરકે ગૌમાતા મરી હૈ, ઉસી ક્ષણ સે આપ સમેત સારા મંદિર, સ્વયં ભગવાન ભી ભ્રષ્ટ-અપવિત્ર હો ગયે હૈં. અબ આપકે સનાતની બ્રાહ્મન ઐસી ભ્રષ્ટ રસોઈ તો ખાયેંગે નહીં. ઔર અછૂતોં કા કહના હૈ કિ જન્માંતર સે ઈનકો લડુ નસીબ નહીં હુએ. તીન તીન દિનોં સે તુમ્હારે જૂઠે પતલ્લોંકી બાસને ઈનકે ફેફડે ઐસે ભર દિયે હૈં કી ઈનકી ભૂખ ભડક ઊઠી હૈ. તો પહેલે આપ ઉસ પકી રસોઈસે અછૂતોં કી બુભુક્ષા તૃપ્ત કર દો. બાદમેં યે લોગ ખુશી-ખુશી ગૌમાતા કા ક્રિયા-કરમ નિપટા દેંગે.

મહંતમાં પડેલો દુર્વાસા ક્રોધાભિભૂત થઈ કાંપી રહેલો પણ સમો સાચવી લેવા એ ગર્ભગૃહમાં ચાલ્યા ગયા. કશીક અંત:પ્રેરણાથી રઘુ પણ પાછળ પાછળ ગયો ને પાછો આવીને બોલ્યો.

''પાછળથી એ લોક નખરાં કરશે એની મહારાજને શંકા છે. એટલે એમનું કે'વું છે કે, અમે રસોઈ પહોંચતી કરીએ ને એ લોકો ગાય ખેંચી જાય.''

માસ્તર બોલ્યા : ''તમારાં જેવાં વ્રત-વિધાનો છે એવાં એ લોકોનાં છે. જમ્યા પહેલાં એ કદી મુર્દા ઢોરને અડકતા નથી.'' ને જરાક વાર રહી માસ્તરે પૂરું કર્યું.

''મહંતની શંકા સાચી પડે ને એ લોક વચન ના પાળે તો હું અને બાલુભાઈ એના જવાબદાર.''

મહંતને છેક આ પળ સુધી બ્રહ્મભોજન ભ્રષ્ટ થયાનું ભાન નહોતું થયું. ખેપાની ગોસ્વામીએ ખરે ટાંકણે કાશીની દુહાઈ દઈ બ્રાહ્મણ હોવાની શાખે મંદિર સમેત બધુંય ભ્રષ્ટ થઈ ગયાની જાહેરાત કરી એની આડે હવે બચાવ કયો ધરાય? તૈયાર રસોઈ અછૂતોને આપી દઈ ગાયનો નિકાલ લાવવામાં જ એમને સાર વર્તાયો.

લાડવા અછૂતવાસમાં પહોંચ્યા. ત્યાં ઓચ્છવ-ઓચ્છવ થઈ રહ્યું. ગોસ્વામી માસ્તર અને બાલુભાઈ, હરખભેર પીરસણિયા બન્યા હતા અને કાળુ-બુધિયો એમના બાંધવ સહિત ત્રણે-ત્રણ ફળિયાનાં બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ સૌ ગુલતાન બની ખાસ બ્રાહ્મણો માટે જ તૈયાર કરેલ રસોઈ ઝાપટી રહ્યાં હતાં.

બુધિયો કહે, ''કાળા, આખર કાજ આઝાદી આપણી ઉપરેય વરસી ખરી. શાંતિકાકો આઝાદી હૌની હૌની કર છ એ હાહરું હાચું લાગ છ.''

''ઊં તો એનં હગ્ગી આંહ્યે આંઈ આપણા ફળિયામાં આઈનં ઊભેલી જોવ તાર હાચું માનું કે એ હૌની.'' કાળુ બોલ્યો.

બુધો કહે : ''એય થવામાં તું જોજે ને આ માસ્તર જેવા જ કોક એ ના ના કે'તી રેશે ને એને આપણી મધે ખેંચી લાવશે.''

''અલ્યા મૂરખા, એક તો બૈરાની જાત્યનં પાછી દેવાંશી, માસ્તર ફાસ્તરની કોઈનીય એને ખેંચી લાવવાની જિગર ના ચાલે..." કાળુ કહેતો હતો ને માસ્તર ખોંખાર્યા :

''બુધા, કાળા...આ....આપણે વેણ દીધું છે ભાઈ.'' એ ખોંખારા હમે બુધો ઊભો થતાં થતાં ગડથોલું ખાઈ ગયો એને ટેકો કરવા ખડા થઈ ગયેલા કાળાના માથામાં તમરાં બોલતાં હતાં.

''અલ્યા શું થાય છે તમને?'' પૂછતા માસ્તર નજીક આવ્યા તો બુધો કહે : ''મને બરમાંડ ચક્કર ફરતું લાગ છ. અફણ ખાધું હોય એમ મને ઘેન ચડ્યું છ. મનં હુઈ જવા દો...'' કરતો એ ત્યાં જ ઢળી પડ્યો. કાળુ વળી પરબડી સુધી પહોંચ્યો અને એણેય ત્યાં હોડ્ય તાણી.

*એક એક ડગલું ચાલતાં રહીએ તો લાંબો પંથ પણ પૂરો થાય.*

માસ્તરે તપાસ આદરી તો છોકરાં તમામ ઘેનઈ ગયાં હતાં અને એમની ચિંતા કરનારી માતાઓનેય બધું ગોળગોળ ફરતું લાગતું હતું.

મોઢું વકાસીને આ બધું જોઈ રહેલ બાલુ પટેલ પાસે આવી માસ્તર કહેવા લાગ્યા :

"હું માનું છું કે ચોક્કસ ખોરાકમાં કશુંક ભેળવાયું છે. આ કરમચંડાળ મહંતનું પરાક્રમ લાગે છે. કશી વેળાએ કંઈક થશે ને આ લોકો સાગમટે મરી જશે તો તમારું જ આવી બનશે. પટેલ હું અબી તાલુકે ફરિયાદ કરવા જાઉં છું ને બને તો તાબડતોબ દાક્તરનેય તેડતો આવું છું."

બપ્પોર પડવા આવ્યા હતા. આકાશમાં બે કાળાંડિબાંગ મસમોટાં વાદળ બંધાયાં હતાં એની પડછે છુપાયેલા સૂરજને કારણે ધોળે દાડેય વાતાવરણ અસૂરું ભાસી રહ્યું હતું. ગીધોનાં ટોળેટોળાં મંદિરની છત અને આસપાસનાં ઘરો પર છવાઈ વળ્યાં હતાં. એમની ઉપર સમડીઓ ચકરાવે ચડી હતી. ગમતી વાસથી લલચાતાં ગામનાં કૂતરાં મોકો મળે એની તાકમાં હતાં. ગાયનો મૃતદેહ ફૂલીને ઢમઢોલ થઈ ગયો હતો. એમાંથી દુર્ગંધ નીકળવા માંડી હતી. એના નિવારણ સારુ ઢગલાબંધ અગરબત્તીઓ જાત સમર્પી રહી હતી અને મનોમન મહંતને અને આડા ફાટેલ અછૂતોને ગાળો દેતા મંદિરના લાઠીબંધા સેવકો પેલા કૂતરાંના ટોળાં સામે મોરચા માંડી થાકી ગયા હતા.

પળે પળે પરિસ્થિતિ વિકટ બનતી જાય છે એ પામતો મહંત બરાબરનો ખુન્નસે ભરાયો હતો. એ રઘુ રાવળિયાને ફટકારી રહ્યો હતો.

"તૂં એકલા નહીં તો તેરી જાતવાલોં કો સાથ લે જા. ઇતની મહેંગી રસોઈ દે દી ફિરભી સાલ્લે અભી આતે નહીં હૈ. જા પીટતે પીટતે ઇધર લે આ."

એ જ વેળા ગોસ્વામી માસ્તર ત્યાં આવી પહોંચ્યા. મંદિરના મુખ્ય દ્વારે ઊભા રહી એમણે બૂમ પાડી : "મહંત મહારાજ, બહાર આવો...ઓ!"

ને એ બહાર આવ્યા કે દૂર દૂર ટોળે વળેલા લોક સાંભળે એમ માસ્તર મોટે ઘાંટે બોલવા લાગ્યા.

"બ્રહ્મભોજનના લાડુ આપતાં તમારો બામણિયો જીવ ન'તો ચાલતો તો ના કહી દેવી હતી. તમે એમાં ઝેર શા માટે ભેળવ્યું? અછૂતોનો આખો મહોલ્લો આ તમારી દીધી રસોઈ ખાધા પછી મરવા પડ્યો છે. તમે આ કાળું કામ ના કર્યું હોત તો અત્યારે તો એ લોક અહીંથી આ ગાયને તાણી ગયા હોત. કાન ખોલીને સાંભળી લ્યો. હું તાલુકે આ મહંત વિરુદ્ધ ફરિયાદ કરવા જાઉં છું. તમારે ગામવાળાઓએ મંદિર બચાવવું હોય તો કહો કે તમારા મહંતને રામની મૂર્તિ લેઈને એ મરેલી ગાયને અડાડે. રામની ચરણરજથી શલ્યા જો અહલ્યા થઈ ગઈ હતી તો મહંતની ભક્તિના પ્રતાપે રામ આ ગાયનેય સજીવન કરી દેશે. જો એમ ના થાય તો આ મહંત જૂઠો, લબાડ અને ઘોર પાપી. અછૂતો ગામ ભણી ના ફરકે એ ફતવો એણે જ કાઢ્યો હતો અને ભગવાન જ ગાય મારીને એનાં પાપોનો ભાંડો ફોડી રહ્યા છે. તમે જોજો આજે હાંજે જ આ નરાધમ મહંતનો સરકારી વરઘોડો નીકળશે."

એકીશ્વાસે નાનકડું ભાષણ ફટકારતા હોય એમ કહેવાજોગું કહી નાખીને માસ્તર તો લોકટોળાં ચીરીને ગામ પાર નીકળી ગયા ને ડઘાઈ ગયેલા બાલુભાઈને લાગતા-વળગતા પૂછવા માંડ્યા હતા : "હેં બાલુકાકા, આ માસ્તર ખરનંખાત ફરિયાદ કરશે!"

બાલુકાકા ટોપી ઉતારીને સૌ સાંભળે એમ બોલ્યા : "ખીલાના જોરે જ વાછરડું કૂદે. મેં હમણાં જાણ્યું કે જિલ્લામાં નવા નિમાયા છે એ કલેક્ટર આ માસ્તરના સગ્ગા ભાઈ છે."

પૂછનારા શિયાવિયા થઈ ગયા. રઘુના પગ તળેથી તો જાણે ધરતી ખસી ગઈ. એ મંદિરમાં મહંતને આ નવી જાણ કરવા નાઠો. ત્યારે મહંત રસોઈમાં ખરે જ કશું ભેળવાયું હતું એની ખરાનકરી કરી રહ્યા હતા ને એમને જાણવા મળ્યું કે, મહંતશ્રીએ તમામ રસોઈ અપવિત્ર ઠેરવી એથી નારાજ થયેલા ભૂખ્યા રસોયાઓએ પોતાની હિકમત વાપરી હતી.

બરાબર એ જ ક્ષણે રઘુએ અંદર આવી મહંતના કાનમાં માસ્તરની સગવાળ્યની ફૂંક મારી. ભયના માર્યા મહંતના બાલ સુધ્ધાં પરસેવે ભીના થઈ ગયા. પળવારમાં એમણે નિશ્ચય કરી લીધો. લેવા જેવું લેતાકને લઘુને સાથે લઈ પાછલે બારણે થઈ એ પોબારા ગણી ગયા.


મહંત સાથે રઘુય નાઠો એ ખબર પડતાં જ લાઠીબંધા ત્યાંથી છૂ થઈ ગયા અને તાકી રહેલાં શ્વાનટોળાં ગાય પર ત્રાટક્યાં. એમની સાથે જ ગીધડાંનું છત્રીદળ અણધાર્યો હુમલો કરી આવ્યું. રાસાયણિક બોમ્બના વિસ્ફોટ પછી જે અંધાધૂધ પ્રદૂષણ પ્રસરે એમ જ ગાયના પેટાળમાં સંઘરાઈ રહેલી દુર્ગંધની આંધી દશે દિશામાં વાવાઝોડાની ઝડપે ફરી વળી. લોક પડીને નાઠા. આસપાસનાં રહેણાંકો ભિડાઈ ગયાં.

ને એ રાતે ગીધટોળાં, સમડીવૃંદ અને શ્વાન સમુદાયે સંપીને પવિત્ર ગૌ માતાને ગોલોક પહોંચાડી દીધાં. ■

*મકાન ગમે તેટલું મોટું હોય, એનો દરવાજો તો નાનો જ હોવાનો! ગાડી ગમે તેટલી લાંબી હોય, એને જોડાયેલું એન્જિન તો નાનું જ હોવાનું! શરીર ગમે તેટલું મોટું હોય, એમાં ધબકી રહેલ હૃદય નાનું જ હોવાનું!*

*જીવનને સદ્ગુણોથી હર્યુંભર્યું બનાવી દેવું છે? એક નાનકડા સત્કાર્યથી એની શરૂઆત કરી દો. બની શકે કે સત્કાર્યનો ખૂલતો આ નાનકડો દરવાજો જ તમને સદ્ગુણોના વિરાટ મહેલમાં પ્રવેશ કરાવી દે!*

*તમે જ્યારે બોલો છો ત્યારે જે જાણો છો એનું પુનરાવર્તન કરો છો, પણ જ્યારે કંઈ સાંભળો છો ત્યારે કદાચ નવું શીખો છો.*



# માતુશ્રીની યાદ

• રજનીકુમાર પંડ્યા •

'હું મરી જાઉં ત્યારે મારી મિલ્કતની વહેંચણી કેવી રીતે કરવી તે માટે હું એક વિલ કરવા ધારું છું.' એ બોલ્યો ને પછી 'વ્યાપાર'નાં પાનાં ફેરવવા માંડ્યાં, 'પણ તે પહેલાં મારે એક બીજું અગત્યનું કામ પતાવવાનું છે.'

કદાચ કશી ગંભીર વાત આવી. હું સોફામાં અક્કડ થઈને બરાબર બેઠો ને સોપારીનો કકડો ચાવતો બંધ થયો. ડોસાને એમ તો ના લાગવું જોઈએ ને કે મને એમની વાતમાં રસ નથી.

'મને સૂરજ બહુ સાંભરે છે.' ધોળા માથા ઉપર હાથ ફેરવતાં કશુંક ખોવાઈ ગયું હોય એમ એ બોલ્યા, 'મારા માટેની એની ભક્તિ ગજબ હતી. પત્ની કરતાં કંઈક વિશેષ એવું એનામાં હતું હોં શિરીષચંદ્ર! એ ગુજરી ગઈ પછી એની એક ખાનગી પેટી મેં ખોલીને જોઈ તો એમાં મારો ચંદનના લેપવાળો ફોટો! કેવું કહેવાય!' ને વળી મૂછો ઉપર હાથ ફેરવવા માંડ્યા.

ડોસો ના સમજાય તેવી વાત ક્યારનાય કર્યા કરતા હતા. જાડાં ઘાટાં સફેદ નેણની નીચે બિલાડી જેવી આંખો ઝગારા મારતી હતી ને ઊફ... સિત્તેર બોંત્તેર વરસની ઉંમરે એ પત્નીને યાદ કરતા હતા - જમાઈ આગળ...

'હું એક આશ્રમ એના નામ પર ખોલવા માગું છું - અનાથ બાળકો માટે. એક બહુ ફક્કડ નામ પણ સૂઝ્યું છે એ માટે મારા મનમાં.' - એમના મોં પર મગરૂરીની લાલી છવાઈ ગઈ : 'છત્રછાયા...' 'છત્રછાયા' નામ રાખીશું એ આશ્રમનું ને...'

મને બગાસું આવતું હતું ત્યાં તો એમણે વાક્ય પૂરું કર્યું. 'તમે એના મેનેજિંગ ટ્રસ્ટી રહેશો.' મેં કોટનો કોલર સરખો કર્યો ને પછી તરત જ એવી રીતે નજર કરી કે જાણે મારા માટે આ બહુમાન સાવ સ્વાભાવિક જ હોય.

ડોસાએ બે પળ મારી સામે જોયા કર્યું ને પછી ફરીથી ઘેઘૂર નેણની નીચે આંખોને ઢાંકી દીધી. બોલ્યા. 'બાંધકામ માટે તમે જહોન્સન એન્ડ જહોન્સન સાથે વાત કરી લેજો. ચોગાનમાં સૂરજનું આરસનું યા કાંસાનું આપણા મોભા મુજબનું એક બસ્ટ રહેશે, આજુબાજુ રહેશે બગીચો — ખાસ કરીને કરેણનાં ઝાડ. એને પીળી કરેણ બહુ જ પસંદ હતી. એના ગુજરી ગયા પછી એની ખાનગી પેટીમાંથી મારા ફોટા સાથે કરેણનાં ફૂલની માળા પણ મળી આવી હતી ને - આશ્રમનું નામ રહેશે સૂરજગૌરી ઓતચંદ છત્રછાયા નામ કેવું છે શિરીષચંદ્ર?'

'ઘણું સરસ, ઘણું સરસ.' હું બોલ્યો (સૂરજગૌરી શબ્દ આગળ સ્વ. લગાડ્યું હોય તો ઠીક એમ મનમાં થયું) ને પછી રૂમાલથી હોઠ અમસ્તા જ લૂછ્યા. ડોસાને એમ ન થવું જોઈએ કે મેં એમની ખોટી પ્રશંસા કરી છે.'

'ને ફરી કહું કે તમે મેનેજિંગ ટ્રસ્ટી રહેશો.'

'આપને મારા માટે બહુ લાગણી છે.'

'ઓલ રાઈટ, ઓલ રાઈટ.' એ ફરીથી નેણ આગળ કરચલીઓ પાડીને હસ્યા. હું પણ હસ્યો ને ખભા ઉલાળ્યા. (મારો કોટ મને બહુ 'અન-ઈઝી' લાગતો હતો. બાકી માસ્તરોની માફક ખભા ઉલાળવા મને બિલકુલ પસંદ નથી) ડોસાએ નોકર કને ચા બનાવરાવીને પછી મારા નાના બાબાની ખબર પૂછી. શેરબજારની વાતો કરી. એમના નવા કારખાનાના બાંધકામ વખતે એક મજૂરણ ટ્રેક્ટરની નીચે ચગદાઈ ગઈ ને મરી ગઈ. તેના કોમ્પેન્સેશનનો કેસ બહુ કસી-કસીને પતાવી દેવાની સૂચના કરી. કાનના બે-ત્રણ સફેદ વાળ તોડ્યા ને પછી કાલે જોયેલા સરકસના ડાગલાની કોઈ મજાક યાદ કરીને ઉધરસ આવી જાય ત્યાં સુધી હસ્યા.

'આપને ઉધરસ થઈ લાગે છે.' મેં ચિંતાતુર અવાજે પૂછ્યું.

'થયા કરે.' એ બોલ્યાં, 'ઉંમર છે, આ વિલ કરાવવાનો ને આશ્રમનું કામ ઉકેલી નાખવાનો વિચારેય એટલે જ આવે છે. લપ છૂટે — હા, તમે જહોન્સન એન્ડ જહોન્સનને ક્યારે મળો છો?'

'આવતે અઠવાડિયે...પણ ના...' ડોસાની ઉધરસ યાદ આવતાં હું બોલ્યો, 'તમે કહો તો કાલે જ મળી લઉં.'

'કાલે તો રવિવાર છે' - ઉધરસ દબાવતાં એ બોલ્યા : 'પણ સોમવારે મળી લેજો. જરૂર હોં, ભુલાય નહીં.'

*પતનથી બચવા ગુસ્સો કાબૂમાં રાખીને ધીરજથી કામ લો.*

થોડીવાર પછી વળી ઘેઘૂર નેણ નીચેથી આંખો પટપટાવતાં એ બોલ્યાં, 'એ મને બહુ સાંભરે છે.'

★

'તમને તમારી મા બહુ સાંભરે એ હું સમજી શકું છું. પણ જુઓ, એક ખૂબ જ સ્પષ્ટ વાત કરી દઉં.' ગળામાંથી ઘોઘરો અવાજ કાઢવાનો પ્રયત્ન કરતાં મેં કહ્યું, 'તમારે કોર્ટમાં જવું હોય તો જઈ શકો છો પણ એમાં તમે ફાવવાના નથી. તમારી માને વાઈનું દરદ હતું એમ અમને કોર્ટમાં સાબિત કરતાં આવડે છે. તમને રાતી પાઈ પણ નહિં મળે ને કોર્ટનો ખર્ચો માથે પડશે. બાકી ઘર મેળે વાત પતાવવાની ઈચ્છા હોય તો બોલો; આપણે વાત કરી લઈએ.' મેં હાથમાં બ્લોટિંગ-પેડ લઈને કહ્યું. 'મને તમારા માટે સંપૂર્ણ સહાનુભૂતિ છે. હું જાણું છું કે તમારી સ્થિતિ ખરાબ છે. તમારી માની કમાણીનો તમને સારો એવો ટેકો હતો પણ...'

એ રડવા જેવો થઈ ગયો ને મારી સામે જોઈ રહ્યો. સાવ બાઘા જેવો લાગતો હતો. દાઢી પણ કદાચ દસ-બાર દિવસથી નહોતી કરી. ઈસ્ત્રી વગરનો ચલ્લીનો પીળો લેંઘો. ઊફ...સાવ સૂગ ચડે એવાં કપડાં હતાં.

'બોલો બોલો.' મેં બ્લોટિંગ-પેડને રમાડતાં કહ્યું : 'મને સમય ઓછો છે.'

'તમે ક્યો ઈ કબૂલ... પણ ઈ વાતનોય ખ્યાલ કરજો કે મારી મા હજી મર્યા જેવડી નહોતી.' એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. 'ઘણો ટેકો હતો અમને એની કમાણીનો. વાઈ આવતી હતી ઈ તો બરાબર પણ કંપનીના ટ્રેક્ટર નીચે પિચાઈ ગઈ એટલે કંપનીએ કાંક સમજવું તો જોવે ને!'

'કંપની સમજવા તૈયાર જ છે. તમે આંકડાનું નામ પાડો એટલે હું વિચાર કરું.'

એ મારી સામે તાકી રહ્યો ને પછી ભીખ માગતો હોય તેમ બોલ્યો : 'બે લાખ!'

મને નવાઈ લાગી હોય તેમ મેં ભવાં ઊંચા ચડાવ્યાં. (મને નવાઈ ન લાગે. ખાતરી સાચી પડી એનો ગર્વ થયો.) એની અરજીની ગડીઓ વાળતાં મેં પૂછ્યું : 'તમારી માને શું રોજ મળતું તે જાણો છો?'

'અરજીમાં લખ્યું છે, સાહેબ!'

મેં ગરબડિયા અક્ષરોમાં લખાયેલી અરજી તરફ જોયું. હોલ્ડરથી લખેલી લાગી. વાક્યે-વાક્યે 'અમારાં માતુશ્રી રળિયાત' શબ્દનો પ્રયોગ કર્યો હતો. મને ભારે રમૂજ થતી હતી. કંપનીને ચોપડે એનું નામ મજૂરણ તરીકેનું હતું ને પગાર રોજનો...સાવ મામૂલી.'

'તમે વાત જ એવી કરો છો કે કંપનીને પ્રથમ નજરે જ ગેરવાજબી લાગે. બે લાખ કોઈ કંપની એની સાધારણ મજૂરણ બાઈ માટે...'

'પણ સાહેબ, અમારાં માતુશ્રી...' એ વચ્ચે બોલવા જતો હતો પણ મેં રોક્યો - ટેબલ પર હાથ પછાડીને. સરસ અસર થઈ. એ ગળચવા ગળતો હોય તેમ બોલ્યો, 'પણ તો પછી તમે જ આંકડો માંડો, બસ?'

'પચાસ હજાર તો હદ થઈ ગઈ.'

'પણ સાહેબ, મારે બાવન હજારનું તો દેવું ચૂકવવાનું છે ને...' હું એની સામે ટીકી-ટીકીને જોઈ રહ્યો.

એનો અવાજ ધીમો પડી ગયો. એ બોલ્યો, 'છોકરીના લગનેય થોડા વખતમાં લેવાનાં છે. મકાનેય જાહલ થઈ ગયું છે એ સમુંનમું કરાવવાનું છે એનો ખર્ચો. આ મોંઘવારી...'

પંખાથી ફફડતી અરજી ઉપર મેં બ્લોટિંગ-પેડ મૂકી દીધું. ને પછી બોલ્યો, 'તમારી મા હયાત હોત તો આ બધા ખર્ચા એ કરત કે?'

એ છોભીલો પડી ગયો. ત....ત...પ...પ...થઈ ગયો, (હું તો ધારતો જ હતો.) અનાથ બાળકની જેમ એ ગરીબડો લાગવા માંડ્યો.

પછી મેં એને ચા પાઈ, સિગરેટ ધરી. એની સમજદારીનાં વખાણ કર્યાં. માની છત્રછાયા ગુમાવ્યા બદલ અફસોસ વ્યક્ત કર્યો. એના અસલ વતન વિષે પૂછ્યું. મોંઘવારી વિષે વાત કરી. છોકરાં બાબત વાત કરી.

થોડીવારે એ સમજ્યો. એકાવન હજાર રૂપિયાનો ચેક આપીને 'માતુશ્રી રળિયાત' વાળી અરજીની નીચે એની પાકી સહી લઈ લીધી.

ચેક લેતી વખતે એ બહુ નરમ થઈ ગયો. એકદમ રડવા જેવો થઈને બોલ્યો : 'મને મારી બા બહુ જ સાંભરે છે હોં સાહેબ!'

★

બધાં સૂઈ ગયાં, બાબો પણ. ત્યારે એ મારી પાસે આવીને કહેવા માંડી, તમને એક વાત કહેવી છે.'

ખૂબ ઠંડાઠંડા હાથ વડે એણે મારો હાથ પકડી લીધો. એની બંગડી સાથે હું રમવા માંડ્યો ને લુચ્ચું સ્મિત કરવા માંડ્યો. પણ એ હસી નહિં. ક્યાંકથી ખૂબ છળીને આવી હોય એવું લાગતું હતું.

'શું છે?' મેં ધીરેથી પૂછ્યું.

'તમે મને સવારે પેલી વાત કરીને - 'છત્રછાયા' વાળી- મારા બાપુજી મારી બાના નામે આશ્રમ ખોલવા માંગે છે તે.'

'હં.'

'મને એ નથી ગમતું.'

'કેમ કેમ?' હું જરા ચમક્યો ને બોલવા ગયો કે હું તો તેનો મેનેજિંગ ટ્રસ્ટી પણ પછી બોલ્યો નહીં. માત્ર ભવાં સંકોચીને

*નાણાથી તમે બદલાતા નથી પણ તમારી આજુબાજુના માણસો બદલાઈ જાય છે.*

તેની સામે જોઈ રહ્યો.

'કોણ જાણે મને નથી ગમતું - તમને ખબર છે, મારી બા તો દેવી જેવાં હતાં.

'એ તો ઉલટું સારું - એમના નામની યાદી.'

'તોય નથી ગમતું.' એ બોલી ને પછી મારી સામે જોયા વગર બીજી તરફ જોવા માંડી, ગુસ્સો આવતો હોય તેમ.

'તારી કોઈ વાત નથી સમજાતી.' હું રજાઈને પગ વડે ધકેલતાં બોલ્યો : 'ક્યારેક ક્યારેક બહું વિચિત્ર વાત કરે છે તું.'

'તમે નથી સમજતાં કે હું શા માટે ના પાડું છું - એ ઊભી થઈને મારા પલંગની ઈસ પર બેસી ગઈ. બહુ વિચિત્ર વાતાવરણ લાગતું હતું. હું પલંગમાંથી અડધો બેઠો થઈ ગયો.

'તમને એક વાતની ખબર છે?' એ ભારે અવાજે બોલીને સાવ મારા કાન પાસે મોં લાવી, 'ખૂબ ખાનગી વાત-સાવ ખાનગી તમારાથી પણ મેં આજ સુધી છુપાવી છે એવી. માત્ર હું, મારા બાપુજી અને ભગવાન જ જાણે છે એવી વાત.'

રૂમમાં ચુપકીદી પ્રસરી ગઈ.

'મારા બાપુજીને તમે ઓળખતા નથી.' દબાયેલા અવાજે એ બોલવા માંડી, 'મારી માને એણે મારી નાખી'તી. વેપારમાં ને સટ્ટામાં સાવ ખલાસ થઈ ગયા'તા. તે પચાસ લાખનો વીમો પકાવવા એને મારી નાખી.' - એ એકાએક રડી પડી- ધ્રૂસકે - ધ્રૂસકે, ને મારી છાતીમાં મોં નાખી દીધું. 'મારી બાને મારી નાખી. આબુ ઉપર લઈ જઈને ધક્કો મારીને. લાખમાંથી દેવું ચૂકવ્યું, વેપારમાં ફરીને તરતા થયા. મોટી બધી હવેલી અને બબ્બે મોટર - અને હવે 'છત્રછાયા' બંધાવવા માગે છે એ પૈસામાંથી.'

હું સ્તબ્ધ થઈ ગયો, જાણે કે પલભર જડ બની ગયો. એ હીબકે હીબકાં ભરતી હતી. અંધારામાં બહુ ભયંકર લાગતું હતું. જ્યારે એણે ઠીકઠીક રડી લીધું. ત્યારે ફરી મારી સામે જોઈને બોલી : 'તમે-તમે સમજતા કેમ નથી? - ના કેમ નથી પાડી દેતા? તમને તે કંઈ હૃદય જેવું છે કે નહીં?' - એના ગાલ નાના બાળકની જેમ ભીના ભીના થઈ ગયા હતા ને એ જરા મોટા અવાજે બોલતી હતી, કદાચ આવેશમાં.

કેટલીય મિનિટો મેં એમ ને એમ પસાર થવા દીધી. એની સામે મેં કશી દલીલો કરી નહીં. એના વાળ ઉપર હાથ ફેરવતો રહ્યો. એનાં આંસુ મેં મારા રૂમાલથી લૂછી દીધાં. બાજુના ગ્લાસમાંથી પાણી પાયું. એની માના આવા કરુણ મોત બદલ દુઃખ વ્યક્ત કર્યું. સહાનુભૂતિ દર્શાવી. ડોસાની પાશવતા પ્રત્યે ધિક્કાર વ્યક્ત કર્યો. ને આવી ખબર હોત તો હું મેનેજિંગ ટ્રસ્ટી થવામાં ક્યારેય સંમતિ આપત જ નહીં તેમ પણ કહ્યું - ને કહ્યું. 'પણ હવે શું થાય? મેં સંમતિ તો ક્યારનીય આપી દીધી છે.' - મેં અફસોસ પ્રગટ કર્યો. 'હવે ના પાડું તો ડોસાને કદાચ ખૂબ જ માઠું લાગે.'

પછી હું થોડીવાર માટે વિચારમાં પડી ગયો ને કશું બોલ્યો જ નહીં. થોડી મિનિટો જવા દીધા પછી મેં મારી ફિલસૂફી સ્પષ્ટ કરી. 'જો કે હું તો માત્ર મેનેજિંગ ટ્રસ્ટી જ હોઈશ. પૈસા પાપના હોય તોય આપણને એની સાથે શી લેવા-દેવા? આપણને તો અનાથ બાળકોની સેવા કરવાની તક મળે છે ને? તારી બાનો આત્મા પણ રાજી થશે.'

એ ધ્યાનથી મારી વાત સાંભળવા માંડી.

'જો' મેં ધીરેથી કહ્યું : 'બીજી રીતે પણ વિચાર. હું મેનેજિંગ ટ્રસ્ટી અને તું મેનેજિંગ ટ્રસ્ટીની પત્ની' ગાલે ટપલી મારીને હું બોલ્યો, 'આપણે તો સેવા કરીને જ દર મહિને ત્રીસ હજારનું ઑનેરેરિયમ લેવાનું છે ને? - સૌ એનાં કર્યા ભોગવશે. આપણે શા માટે આવા કામમાં આડે આવવું? - બાળકોની સેવા થશે ને તારી બાનો આત્મા પણ રાજી...ને હા, મહિને એ કંઈ જેવી તેવી વાત છે? - આપણી ચાલુ આવક ઉપરાંત હોં! તારી ઘણા વખતથી ઈચ્છા હતી કે આપણે આ નાની ગાડી કાઢી નાખીને સાથે બેસીને ફરવા જઈ શકીએ એવી એક મોટી ગાડી લઈ લઈએ. ડોસો તો આમ દમડી પણ આપે એવો નથી. ને હા, તારી બાની પુણ્યસ્મૃતિમાં તારા બાપુ ગમે એટલા પૈસા ખર્ચે, પણ તારી પોતાની ઈચ્છા એક કાયમી પરબ બંધાવી આપવાની હતી. એ બધું જ હવે થઈ શકશે ને...!'

એ એકદમ શાંત થઈ ગઈ. બાળક જેવું પ્રફુલ્લિત એનું મોં થઈ ગયું. ને પછી મારી છાતી પર ઢળીને લાડથી એ બોલી, 'બીજું બધું તો ઠીક પણ સૌથી પહેલાં તો મારી બાની યાદમાં એક કાયમી પરબ હોં? મારા નામે - આરસની તકતીવાળું - માથે મારું નામ હોં! મારી બા મને બહુ યાદ આવે છે.'

***'છાલક' માંથી સાભાર***

*મારાં સપનાં તારી આંખે સાચાં પડતાં જાય,*
*એને નવું વર્ષ કહેવાય.*

*હું કંઈ પણ ના બોલું તોપણ તરત તને સમજાય*
*એને નવું વર્ષ કહેવાય.*

*ખુલ્લી સવાર જેવું જીવશું કાયમ મસ્ત મજાનું*
*પકડાઈ જવાની મજા પડે ને એવું કાઢશું બહાનું*
*લાભ શુભ ને ચોઘડિયાં પણ અંદરથી શરમાય*
*એને નવું વર્ષ કહેવાય.*

*જીવન એવું જીવશું જાણે સહજ અવતરે પ્રાસ*
*વ્હાલ નીતરતા શ્વાસમાં ઘૂંટશું ઈશ્વરનો અહેસાસ*
*ટૂંકમાં, તારી સાથે દિવસો ઉત્સવ થઈ ઊજવાય*
*એને નવું વર્ષ કહેવાય.*

***– અંકિત ત્રિવેદી***
***સૌજન્ય : "તાણાવાણા – ૧૨"***

*સત્સંગમાં ગણતરી નહીં સમર્પણભાવ હોવો જોઈએ.*



# શંખધ્વનિ

• ભગવતીકુમાર શર્મા •

ચૈતન્યરાયે હળવેકથી ચાદર ઊંચે ખસેડી અને કરુણાબહેનના ચહેરા પર ઓઢાડવા જતાં પહેલાં અટકી ગયા. તેમણે પોતાની વૃદ્ધ ઝાંખી આંખોથી કરુણાબહેનના ચહેરા પર અપલક દૃષ્ટિ કરી. છેલ્લાં પચાસેક વર્ષથી તેઓ આ ચહેરો જોતા આવ્યા હતા. અડધી સદી પહેલાં તેમણે એક રાતે કરુણાબહેનના કપાળ પરની જરીભરત ભરેલી સાડી ઊંચી કરી તેમનું મુખ પહેલી વાર ધારી-ધારીને જોયું હતું. કપાળ પર સફેદ ટીપકીઓની પિયળ, મોટો લાલ ચાંદલો, હોઠ સુધી ઝૂલતી નાકની વાળી અને લજ્જાના ભારથી ઝૂકી ગયેલી આંખો.... આટલે વર્ષેય ચૈતન્યરાયના મનમાં એ મુખાકૃતિ ખાસ્સી અંકિત થયેલી હતી, તે આ ક્ષણે તેમની સ્મૃતિમાં ઊપસી આવી. ફરક તો ઘણો પડી ગયો હતો. ચહેરાની ઊજળી આભા લગભગ તેમની તેમ હતી. ચાંદલો પણ ખાસ ચહેરાયો નહોતો. વૃદ્ધ ગાલોમાં ખાડા પડી ગયા હતા. વર્ષો પહેલાં જે પાંપણો લજ્જાના ભારથી ઝૂકી ગઈ હતી તેના પર આજે મૃત્યુનો બોજ ઊતરી આવ્યો હતો. ચૈતન્યરાયના કંઠમાં ધીમું ડ્રુસકું ધસી આવ્યું. વય અને અનુભવે પ્રેરેલી ધૃતિને આધારે તેને રોક્યું, પણ આંખો તો ભીની થઈ જ ગઈ. આટલાં વર્ષોનો સહવાસ છેવટે થોડીક જ મિનિટોમાં છૂટી ગયો! એ રોકી શકાય એવી ક્ષણ નહોતી. વર્ષોથી તેનો પગરવ સંભળાતો હતો અને નજીક આવતો જતો હતો. શક્ય છે કે કરુણાબહેનને એ ભણકારા સંભળાયા કે ન સંભળાયા હોય. ચૈતન્યરાયને બરાબર ખ્યાલ હતો કે પત્ની સાથેની વાતચીતમાં પોતાનો અવાજ ઉત્તરોત્તર વધાર્યે જવો પડ્યો હતો. પછીથી તો મોટે ભાગે સંકેતોની ભાષામાં જ કામ ચલાવવું પડતું હતું. ક્યારેક તેઓ આ વધતી જતી અશબ્દતાથી થાક અનુભવતા હતા અને પછી પોતે જ જાણે બોલવાનું બંધ કરી દેતા હોય તેમ હોઠ ભીડીને ખૂણામાં હાથની અદબ વાળીને બેસી જતા. પણ પછી થોડી વારે તેમને જ પસ્તાવો થતો : 'અરે! મારા આ વર્તનથી કરુણાને કેટલું બધું ઓછું આવ્યું હશે!' તેઓ માંડ માંડ પત્ની ઉપર દૃષ્ટિ સ્થિર કરી તેના ભાવોને વાંચવાનો પ્રયત્ન કરતા. પણ લગભગ નિરર્થક. છેવટે કરુણાબહેન જ તેમની પાસે આવી પૂછતાં, 'કેમ? મારાથી થાકી ગયા?' ચૈતન્યરાયની પસ્તાવાની લાગણી ઘેરી બનતી. તેઓ પત્નીના માથાની સફેદ લટોમાં ધ્રૂજતો હાથ ફેરવતા અને પછી તેના કાન પાસે મોઢું લાવી ઊંચા અવાજે બોલતા, 'મારી ભૂલ થઈ. મારે આમ કરવું જોઈતું નહોતું.' વળી મનોમન ઉમેરતા, 'તેં મારી કેટલી બધી અધૂરપો જિંદગી આખી વેઠી છે, અને હું આટલામાં કંટાળી ગયો? છેવટે તો પુરુષ ખરો ને?'

થોડીક ક્ષણોમાં તો પતિ-પત્ની વચ્ચેની તિરાડ સંધાઈ જતી અને ચૈતન્યરાય કરુણાબહેનનો હાથ પકડી તેમને તેમની પ્રિય જગ્યા - ઘરના ભગવાનના ગોખલા પાસે દોરી જઈ આસન પર બેસાડતા. પછી પોતે તેમની બાજુમાં ગોઠવાતા. કરુણાબહેનના હાથ આપોઆપ ગોખલા ભણી પ્રણામની મુદ્રા રચી લેતા. ચૈતન્યરાય બધું થોડી થોડી આસ્થા સાથે જોઈ રહેતા. પછી કરુણાબહેનના શબ્દો સંભળાતા : 'હું કેવી હતી ને આજે કેવી થઈ ગઈ છું! દેવની ઘંટડી વગાડું છું પણ તેનો રણકાર હું જ સાંભળી શકતી નથી.' ચૈતન્યરાય કંઈ જ બોલ્યા વિના પત્નીને વાંસે થોડી વાર સુધી હાથ થપથપાવ્યા કરતા. એકાએક કરુણાબહેનના અવાજમાં અણધાર્યો ઉમંગ ઊતરી આવતો. 'રણકાર નથી સંભળાતો પણ આરતીના દીવાનો ઉજાસ હું ચોખ્ખેચોખ્ખો જોઈ શકું છું. અને ફૂલોની આ સુગંધ તો મારી છેક ઊંડે ઊતરી જાય છે...' પત્નીના આ શબ્દોથી ચૈતન્યરાયને સંતોષ થતો. થપકી દેતો તેમનો હાથ વધારે સક્રિય થતો.

થોડી વારે કરુણાબહેનના કંઠમાંથી ભજનો અને સ્તોત્રો રેલાવા માંડતાં : 'મેરે તો ગિરિધર ગોપાલ...' અને પછી પતિ તરફ જોઈ સ્મિત વેરી ઉમેરતાં : 'તમે સમજો છો ને? મારા ગિરિધર ગોપાલ કોણ છે તે?' ચૈતન્યરાય પોતાનું સ્મિત માંડ ખાળી શકતા. વળી કરુણાબહેનનો ધ્રૂજતો, પણ હજી સૂરીલો રહી શકેલો અવાજ વહી આવતો : 'મહિમ્ન પારન્તે પરમ વિદુષો...' અને વળી ઉમેરતાં... 'મારે મન તો મોટો મહિમા તમારો, સમજ્યા ચૈતન્યરાયજી?'

એક દિવસ કૌતુક થયું. ચૈતન્યરાયનો આ નિત્યક્રમ હતો : રોજ સવારે આઠેક વાગ્યે એક હાથમાં થેલી અને બીજા હાથમાં લાકડી લઈ ધીમે ધીમે શાકબજાર ભણી તેઓ જતા. વચ્ચે એક

*હોદ્દો નહીં, વ્યવહાર અને ગુણ સારા હોવા જોઈએ.*

લાઈબ્રેરી આવે. તેઓ ત્યાં જતા અને તાજાં અખબારો-સામયિકો ઉથલાવી જતા. તે દિવસે લાઈબ્રેરીના દરવાજા પાસેથી ફૂટપાથ પર આધેડ વયનો એક માણસ કપડું બિછાવીને બેઠો હતો. કપડાં પર શંખ-છીપલાં વગેરે દરિયાઈ પેદાશનો ઢગલો હતો. થોડાં લોકો કુતૂહલથી પ્રેરાઈ સહેજ ઊભાં રહેતાં, શંખ-છીપલાં વગેરે હાથમાં લઈ ભાવતાલ કરતાં ને પછી આગળ વધી જતાં. ચૈતન્યરાયને અણધાર્યો રસ પડ્યો. તેઓ લાકડીને ટેકે અધૂકડા બેસી શંખ-છીપલાંના ઢગલાને જોવા - સ્પર્શવા લાગ્યા. તેમને પહેલેથી આવી કુદરતી દરિયાઈ પેદાશોમાં બહુ રસ હતો. તેમણે એક મોટો સફેદ દૂધ જેવો શંખ હાથમાં ઉપાડ્યો અને તેને જોઈ રહ્યા. તેમને લાગ્યું કે સમગ્ર દરિયાઈ સૃષ્ટિ પોતાની ભીતર ઘૂઘવી ઊઠી હતી. તેમને એકાએક ભગવદ્ગીતામાં મહાભારતના યુદ્ધ પૂર્વેની સ્થિતિ વર્ણવતા શ્લોકો સાંભર્યા. યુદ્ધના આરંભ પૂર્વે યોદ્ધાઓ શંખધ્વનિ કરી વાયુમંડળને ગજવી રહ્યા હતા તેનું વર્ણન તેમને યાદ આવ્યું. 'પાંચજન્યો ઋષિકેશઃ ....' શ્રી કૃષ્ણના શંખધ્વનિનું વર્ણન કરતો શ્લોક તેમની રગેરગમાં ગુંજી ઊઠ્યો. તેમણે ભાવ-તાલ કર્યા વિના એ શંખ ખરીદી લીધો. શંખ વેચનારો ફેરિયો બોલ્યો, 'દાદા, આને પૂજામાં મૂકજો.' પણ ચૈતન્યરાયનું ધ્યાન એ શબ્દોમાં નહોતું. તેઓ તો તરત ઘરની દિશામાં ચાલવા માંડ્યા. ઘરનાં પગથિયાં ચઢતાં જ તેમણે બને તેટલા બળથી શંખઘોષ કર્યો. તે સાંભળી આસપાસનાં બાળકો દોડી આવ્યાં. બારણું જોગાનુજોગ અડધું ખુલ્લું હતું. ચૈતન્યરાય તરત ઘરમાં પ્રવેશ્યા. કરુણાબહેન પૂજા કરી રહ્યાં હતાં. ચૈતન્યરાયે ફરીથી શંખઘોષ ગજાવ્યો, પણ કરુણાબહેનની કર્ણેન્દ્રિય સુધી એ ધ્વનિ પહોંચ્યો ન હોય તેમ તેઓ પૂજામાં જ વ્યક્ત રહ્યાં. ચૈતન્યરાયને તે ક્ષણે ખાતરી થઈ : પત્નીની શ્રવણેન્દ્રિય હવે સાવ — બધી દિશામાં આરતી ફેરવતાં કરુણાબહેનને પતિની હાજરી વર્તાઈ. આરતી ભોંય પર મૂકી તેમણે તેમની તરફ જોયું. હાથમાં સારસની પાંખ જેવો ઊજળો શંખ જોઈ તેઓ રાજી થઈ ગયાં. હાથ લંબાવી ચૈતન્યરાય પાસેથી શંખ માગતાં બોલ્યાં, 'હવેથી હું રોજ આ શંખની પૂજા કરીશ. શંખ-ચક્ર-ગદા-પદ્મ એવું વિષ્ણુ ભગવાનનું વર્ણન'... ચૈતન્યરાયે પત્નીની પાસે પોતાનું મુખ લાવી મોટેથી કહ્યું, ને કરુણાબહેનના હાથમાંથી શંખ લઈ બળપૂર્વક તે વગાડ્યો. કરુણાબહેન માત્ર સૂનકાર અને કૌતુકભરી આંખે તેમના ભણી જોઈ રહ્યાં. ચૈતન્યરાયે ઊંડો નિઃશ્વાસ નાંખ્યો.

શહેરના જાણીતા ઈ.એન.ટી. સ્પેશિયાલિસ્ટ પાસે ઑપરેશન કરાવ્યું, હીયરિંગ એઈડ્ઝ લીધું, કાંઈ વળ્યું નહિ. કરુણાબહેનને શ્રવણયંત્ર તો ફાવ્યું જ નહિ. કડાકૂટથી કંટાળી એક દિવસ તેમણે ચૈતન્યરાયને કહ્યું, 'હવે આ વાત જ જવા દો. કાન ઠીક હતા ત્યાં સુધી સાંભળ્યું. સારું-સારું સાંભળ્યું. કથાઓનું શ્રવણ કર્યું; ભજન-શ્લોકો સાંભળ્યાં; સૌથી વધારે તો તમારી પ્રેમની ભાષા સાંભળી, ને એ તો હું હજીયે સાંભળી શકું છું હોં! માણસને આનાથી વધારે બીજું શું જોઈએ?

'પણ, રોજિંદા જીવનમાં તારી મુશ્કેલી...'

'એની તમે ચિંતા ન કરો. હા, તમને કઠણાઈ પડે છે, પણ...' કહી કરુણાબહેને ચૈતન્યરાયનો હાથ પસવાર્યો. ચૈતન્યરાયને વૃદ્ધત્વને ઉંબરે બેઠેલી પત્ની તરફ અગાધ વહાલ ઊભરી આવ્યું : થયું કે આ વહાલ પોતે કેટકેટલા શબ્દો દ્વારા વ્યક્ત કરે - ટચુકડા પંખીના ઝીણકા ટહુકા જેવા ધીમા અવાજમાં પણ - એમણે કરુણાબહેનના બંને કાનોને વારાફરતી અછડતો સ્પર્શ કર્યો. યુવાનીના દિવસોમાં પોતે કરુણાબહેનના કાનોમાં હજારો વાર 'કરુણા! કરુણા!' ફુસફુસાતા સ્વરે બોલ્યા કરતા ને કરુણાબહેન આંખો મીંચી, હૈયું કાનમાં લાવી તે સાંભળી મરક્યાં કરતાં. ને હવે તો - ઘરમાં બે જણ હાજર હોવા છતાં ચારે બાજુ મૌનની ઊંચી દીવાલો ઊભી થઈ હતી. માત્ર કોઈ કોઈ વાર ચૈતન્યરાયના મોટા અવાજે થતાં સંબોધનો અને ઉદ્ગારો તે દીવાલોને થોડીઘણી ઓગાળતાં.

ચૈતન્યરાય એમના પલંગ પર તકિયાને અઢેલીને વિચારતંદ્રામાં ડૂબી જતા. ટહુકતી કોયલ, કૂતરાનું જોર-જોરથી ભસવું, દૂરથી કોઈની વાંસળીના મીઠા સૂર, પડોશના ટી.વી. પર ગુંજતા મધુર ગીતના સ્વરો... બધું પોતાના માટે તો સુશ્રાવ્ય હતું, પણ કરુણાબહેન તો તેનાથી લગભગ સમૂળગાં વંચિત જ! આ તે કેવું સહધર્માચરણ? એક આંગણે વરસાદ, બીજે કોરુંધાકોર. ચૈતન્યરાયના ચિત્તમાં વિષાદ ઊભરવા લાગતો. શ્રાવ્ય અને અશ્રાવ્ય વચ્ચે આ તે કેવો વિલક્ષણ સંઘર્ષ! તેમને પત્ની તરફ અનુકંપા જાગતી. ઝળઝળિયાંભરી આંખે તેઓ પત્નીને જોઈ રહેતા. પણ તેના ચહેરા પર તો ગમગીનીની એક છાયા સરખીયે ક્યાં હતી? કદાચ તે કશાક નિજાનંદમાં ખોવાઈ ગઈ હતી. ચૈતન્યરાયને પત્ની પરત્વે વહાલની સાથે ગૌરવ ઊપજતું. આ સ્ત્રી-એક ઇન્દ્રિયના સુખથી જોજનો છેટી છે, પણ પ્રેમના ગુંજનથી સભર...

એ નિત્યક્રમ હતો. નાહીધોઈ, તુલસીના છોડની પૂજા કરી, કૂંડામાં ખરેલાં-ગરેલાં પાન વીણી કરુણાબહેન દેવના ગોખલા પાસે આવતાં અને ધીમે ધીમે પૂજા-આરતીની તૈયારી કરતાં. એ દરમિયાન ચૈતન્યરાય શાકભાજી અને પ્રસાદનું એકાદું ફળ લઈ આવતા. ફળ પત્ની પાસે મૂકી તેઓ પણ ત્યાં ગોઠવાતા અને પત્નીની ક્રિયાઓ જોયા કરતા. તે રૂની દિવેટો બનાવતી, આરતીમાં ઘી પૂરતી, પ્રસાદની ઢાંકણી તૈયાર કરતી, ફૂલ-બીલીપત્ર-તુલસી-દુર્વા બધું દેવને ચઢાવતી ને એક ક્ષણે દિવાસળી પેટી સાથે ઘસાતી તેનો અવાજ પણ ચૈતન્યરાય સાંભળતા ને એમને થતું કે કરુણા - ત્યાં તો પ્રકાશ ઝળહળી ઊઠતો. જમણે હાથે આરતી, ડાબે હાથે રૂપાની ઘંટડી અને હોઠો પર આરતીના સ્વરો... ચૈતન્યરાયની પાંપણો પલકારો મારવાનું ભૂલી જતી. કરુણાબહેન આરતી નીચે મૂકતાં, તેની ફરતે જળ લઈ પ્રદક્ષિણા કરતાં, આરતીની પહેલી આશકા દેવના ગોખલા તરફ અર્પતાં, પછી પોતે લેતાં અને ચૈતન્યરાય તરફ આરતી ધરતાં. દીવાના અજવાળાથી ચૈતન્યરાયનો ચહેરો

*હિમાલય જેવી શાંતિ ભગવાન મહાવીરના ચહેરાને જોઈ મેળવી શકાય છે.*

આછો આછો ઝગમગી ઊઠતો. કરુણાબહેને લંબાવેલી પ્રસાદની ઢાંકણીમાંથી થોડો પ્રસાદ લઈ મોંમાં મૂક્યા પછી તેમને એકાએક શંખ યાદ આવતો. તેઓ શંખધ્વનિથી વાતાવરણને ભરી દેતા. પત્નીનાં અર્ધસ્ફુટ ઉચ્ચારણોનો ગુંજારવ પણ તેમાં ભળી જતો.

એક વર્ષાભીની સાંજે કરુણાબહેનને શું સૂઝ્યું કે તેઓ પતિની લગોલગ બેઠાં અને થોડી વાર સુધી તેમને જોઈ જ રહ્યાં. ચૈતન્યરાયે નવાઈથી હાથનો સંકેત કરી પૂછ્યું, 'શી વાત છે કરુણા?' કરુણાબહેને મીઠું સ્મિત કરીને કહ્યું, 'તમને નવાઈ લાગશે, કદાચ હસવુંયે આવશે, પણ મારી એક ઇચ્છાને હું આજે રોકી નથી શકતી. જોઈએ તો તેને મારી છેલ્લી ઇચ્છા ગણી લેજો.' ચૈતન્યરાયની આંખોમાં આશ્ચર્યની રેખાઓ તરવરી. આ વૃદ્ધ, અશક્ત, બીમાર પત્ની આજે શું કહેવા-કરવા ઈચ્છતી હશે? તેમણે ફરીથી પૃચ્છા કરતો હાથનો ઇશારો કર્યો. કરુણાબહેન એમની વધુ નજીક સરક્યાં, બોલ્યાં, 'તમે ક્યારેક મારા બહેરા કાન સંબંધે વાત કરતાં'તા ને મેં કહેલું કે તમે યુવાનીમાં મારે માટે ઉચ્ચારેલા તે પ્રેમભર્યા શબ્દો હજી મને બરાબર યાદ છે, ને તે મારા મનમાં રણકે છે...' ચૈતન્યરાયે હકારમાં માથું ધુણાવ્યું. કરુણાબહેને વાત આગળ ચલાવતાં કહ્યું : 'એ શબ્દો તમારા પ્રેમભર્યા અવાજમાં હું આજે તમારી પાસે ફરીથી સાંભળવા માંગું છું.'

ચૈતન્યરાયે કાંઈ પણ બોલ્યા વિના પત્નીને આછેરા આશ્લેષમાં લઈ લીધી. કરુણાબહેન તેમની સામે તાકી રહ્યાં. ચૈતન્યરાયે કહ્યું, 'ઓહોહો! કેટલાં વર્ષ થયાં! તને એ બધું યાદ છે તો હુંયે ભૂલ્યો છું?' પછી એકાએક ખ્યાલ આવતાં ઊંચે અવાજે તેમણે કહ્યું, 'લાંબી વાત તો શી રીતે કરું? છતાં હું એટલું કહીશ કે ત્વમેવ ભાર્યા ન ચ વિપ્રયોગ.'

કરુણાબહેન જાણે બત્રીસે કોઠે દીવા થઈ ગયા હોય એમ સ્મિત વેરી બોલ્યાં, 'મારે માટે તો તમારા આટલા શબ્દો જ પૂરતા છે. તેને હું આવતા ભવ સુધી જાળવી રાખીશ.'

★

એ ધૂસર શિયાળુ સાંજ હતી. છેલ્લા થોડાક દિવસોથી કરુણાબહેનનું શરીર વધારે લથડ્યું હતું. તેમને અણસાર આવી ગયો હોય તેમ ચૈતન્યરાયને પોતાની પાસેથી ઝાઝું ખસવા દેતાં નહોતાં. ડૉક્ટરોના આંટાફેરા વધી પડ્યા હતા અને કરુણાબહેનનો તરફડાટ પણ. તેમના પલંગ પાસેની મોટી ટિપાઈ પર દવાઓનો ખડકલો થઈ ગયો હતો. કોઈ કોઈ સગાંસંબંધી ખબર જોવા આવ્યા કરતાં. પણ ચૈતન્યરાયનું મન તેમની વાતોમાં લાગતું નહિ. અજંપા અને ઉચાટથી ભીતર કશોક ચચરાટ થયા કરતો. ને વળી કરુણાબહેન થોડી થોડી વારે કશુંક લવ્યા કરતાં તે–

આંખ જ ફરી ગઈ હતી એમની. જૂની સ્મૃતિઓ એમના ચિત્તનાં પડળો ખોલી બહાર આવી જતી. છત તરફ ખુલ્લી આંખોએ પડ્યાં પડ્યાં એમને નાટકનાં દશ્યોની જેમ બધું દેખાતું. વર્તમાન-ભૂતકાળ બધુ ભેળસેળ થઈ ગયું હતું ને ભવિષ્યકાળ તો કદાચ હતો જ નહિ. તેમની આંખો દિગંતમાં તાકી રહેતી ને અચાનક જ તેઓ ચૈતન્યરાય તરફ ચહેરો ફેરવી હસું હસું થતાં બોલી ઊઠતાં - 'અરે! તમે સાંભળો છો ને? આ પડોશમાં કો'કને ઘેર લગન લેવાયાં છે તે બૈરાં ક્યારનાં ગીતો જ ગાયાં કરે છે. કેવાં તો મીઠાં લાગે છે ગીતો! આપણા લગનમાંયે પેલી કોકિલાએ આ જ ગીત નહોતું ગાયું? આમ કહી પોતે જ ગીત ગાવા લાગતાં — 'સૂરજ ઊગ્યો રે કેવડિયાની પાળે...'

ચૈતન્યરાય દિગ્મૂઢ જેવા થઈ જતા. કરુણાબહેન સાથેનો કોઈ અદશ્ય તાર જ કપાઈ ગયો હોય એવું લાગતું. કરુણાબહેન ખરા અર્થમાં બધિર થઈ ગયાં હોય તેવું એમને અનુભવાતું. ને થતું : વિધિની વિડંબના તો જુઓ! કશું જ સાંભળી ન શકતી આ સ્ત્રી મરણશૈયા પર અત્યારે જાણે બધું ચોખ્ખું સાંભળે છે, જે કોઈનેય નથી સંભળાતું એય સાંભળે છે! કદાચ આ પેલે પારના અવાજો...

તંદ્રામાંથી જાગી ગયેલાં કરુણાબહેને ચૈતન્યરાયનો હાથ પકડી પૂછ્યું, 'આ આપણાં બા ગાય છે તે મહેતાજીનું પદ સાંભળ્યું? છાબમાં તુલસીપત્ર મૂકશે, ઊભાં રહીને શંખ ફૂંકશે!...તમને સંભળાય છે ને? બા જેવું ગાતાં તો મને ન જ આવડ્યું...' થોડી વાર શાંત થયા પછી કણસાટ કરતાં કહ્યું, 'આ બધાં આખી રાત મોડે સુધી ગાયાં જ કેમ કરે છે? સૂવાયે નથી દેતાં...લો બોલો? હું બહેરીઠીઠ સાંભળું ને તમને ના સંભળાય? અરે! તમને તો મારો છાનો નિહાકોય નો'તો સંભળાતો? તો પછી કેમ ના પાડો છો કે કોઈ નથી ગાતું? મારું માથું ભારે થઈ ગયું. બધાને કહો ને કે...'


ચૈતન્યરાયે ડૂમો ખાળીને બારી આગળ જઈ ઠાલા ઠાલા ઘાંટો પાડ્યો - 'એ હવે બધાં જંપો, અવાજ ન કરો. સૂવા દો... લે બસ? કીધું ને? હવે શાંત થઈ ગયા જો! તું તારે ભગવાનનું નામ લેતી સૂઈ જા...'

લૅમ્પના આછા અજવાળામાં ચૈતન્યરાયની આંખોમાંથી આંસુનો અજસ્ર પ્રવાહ વહેવા લાગ્યો. ત્યાં ફરી કરુણાબહેનના શબ્દો વહી આવ્યા : 'ચાલો! સાંજની આરતીનો સમય થયો. ક્યાં છે તમારો શંખ? મારે તે સાંભળવો છે. મારી પેલી રૂપાની ઘંટડી ક્યાં ગઈ? ચૈતન્યરાય શ્વાસ રૂંધી બધું સાંભળતા રહ્યા. ફરી કરુણાબહેન મોટા અવાજે ગાવા લાગ્યાં, 'શ્રી ગંગાજી કા પટ હો, યમુના કા બંસીવટ હો... મેરા સાંવરા... સાંવરા... નિ...ક...'

કરુણાબહેનના શબ્દો અધૂરા રહ્યા. પત્ની હવે જંપી જાય તો સારું - એ વિચાર ચૈતન્યરાયના મનમાં પૂરો ઘૂંટાય તે પહેલાં તો કરુણાબહેને આંખો મીંચી દીધી. થોડીક ક્ષણો પહેલાં તેમના ધ્રૂજતા હોઠો જાણે આછું આછું ઉચ્ચારતા હતા - 'ત્વમેવ ભાર્યા... ન ચ...'

ચૈતન્યરાયના અસ્તિત્વમાં એકસાથે રૂપાની અનેક ઘંટડીઓનો મંજુલ રણકાર ગુંજી ઊઠ્યો અને તે સર્વની ઉપરવટ શંખધ્વનિ... ■

*પરમાત્મા પરિગ્રહ નથી કરતા. તે પોતાને જોઈતી વસ્તુ રોજ રોજ બનાવી લે છે.*



# આંધળો

• આબિદ સુરતી •

શિયાળાના સૂરજ સાથે જાગી લોકનાથ નળ નીચે નહાવા બેઠો. તેના ઉઘાડા શરીર પર ટાઢા પાણીનો ચાબખો પડતાં અચાનક તેને યાદ આવી ગયું. રાતે તેણે એક સપનું જોયું હતું. ટાઢા પાણી જોડે સપનાંઓને કાંઈ સંબંધ હોઈ શકે? તે એ પણ નહોતો જાણતો કે નેત્રહીન લોકો સપનાં જોઈ શકતા હશે કે નહિ?

આટલી તેને ખાતરી હતી. તે પોતે જન્મે આંધળો નહોતો. દસ વર્ષની ઉંમર સુધીમાં તેના મગજ પર જેટલી છાપો પડી હતી એમાંથી થોડીક ઝાંખી જરૂર પડી હતી, પણ હજી સુધી એકે ભૂંસાઈ નહોતી. દાખલા તરીકે કોયલ. આજે પણ ક્યારેક તે કોયલની કૂક સાંભળતો, બાળપણની એ જ કોયલનું ચિત્ર તેની અંધારી આંખોમાં ઊપસી આવતું.

સ્નાન પછી કમરે ગમછો વીંટાળી તેણે પૂજાપાઠ પતાવ્યાં. આ તેનો નિત્યક્રમ હતો. આ જ ક્રમમાં ત્રીજા નંબરે ચા-નાસ્તો હતાં. રસોઈમાં પલાંઠી મારી તે મા સામે બેઠો અને સપનાનો ઉલ્લેખ કરવો તેને યોગ્ય લાગ્યું.

માએ ખાખરાની પ્લેટ સાથે ચાનો કપ મૂકતાં પૂછ્યું, 'સપનામાં શું જોયું?'

'શંકરજી,' તે બોલ્યો. 'કહી રહ્યા હતા - 'લોકૂ, અમે તને એક મિનિટનો સમય દેશું. એમાં તું જે કાંઈ માગીશ એ તને મળી જશે.'

'ખરેખર!' મા હરખાઈ ગઈ. 'તેં શું માગ્યું?'

'હું વિચારતો રહી ગયો અને મિનિટ વીતી ગઈ.'

'ગાંડ્યા!' પોતાના સ્નેહમાં અજાણે દુઃખ ઘોળતાં માએ કહ્યું, 'કમસે કામ તેં આંખો માગી હોત!'

'ભોલાનાથ શું વિચારતે?' સામો પ્રશ્ન કરતાં તેણે ભગવાનના વિચાર પણ દર્શાવ્યા, 'આ લોકનાથ કેવો સ્વાર્થી માણસ છે! આખું જગ દુખિયારું છે અને તે પોતાના માટે આંખો માગી રહ્યો છે.'

તેનો ઉત્તર સાંભળી માને હેરત ન થઈ. તે ફિક્કું હસી. જાણે તેની સામે પુત્ર નહીં, કોઈ સંત બેઠો હોય!

લોકનાથ ન સંત હતો, ન મહાત્મા. આ દેશના લાખો અંધજનોમાંથી તે એક હતો, છતાં અલગ પણ હતો. અલગ એ અર્થમાં કે તેની સામે એકે માર્ગ ન હોવા છતાં તે કેડી કંડારતાં જાણતો હતો.

સફેદ બુશર્ટ-પેન્ટમાં તૈયાર થઈ તે કામે જવા ચાલ્યો તો માએ તેના હાથમાં લાકડી મૂકતાં ટોક્યો, 'આજે ફરી ભૂલી ગયો.'

તે ભૂલ્યો નહોતો.

માનું મન રાખવા તેણે લાકડીનો ટેકો લીધો અને પહેલા મજલાની પોતાની ઓરડીમાંથી બહાર નીકળી સીડીઓ ઊતરી ગયો. સ્ટીલની તેની લાકડી પણ સામાન્ય લાકડીઓથી અલગ હતી. ચાર ભાગોમાં વહેંચાયેલી હતી. જરૂર ન હોય ત્યારે તેને 'ફોલ્ડ' કરી ખિસ્સામાં મૂકી શકાય.

ફૂટપાથ પર પગ મૂકતાં તેણે એમ જ કર્યું. લાકડીને ફોલ્ડ કરી પેન્ટના ખિસ્સામાં સરકાવી અને કાળાં ચશ્માં કાઢી નાક પર ગોઠવ્યાં.

મુલ્લાંની દોટ મસ્જિદ સુધી. આ કહેવત લોકનાથ પર બંધબેસતી હતી, કારણકે તેના જીવનનું ક્ષેત્ર પણ મર્યાદિત હતું. ઘરથી ચોક, ચોકથી ઘર. ચોકમાં તેનું પોતાનું ટેલિફોન બૂથ હતું. આ માર્ગ તેનો વર્ષોનો પરિચિત હતો. અહીંના ઘોંઘાટમાં અથડાતા અવાજો તેના સહાયક હતા.

ઊજળાં વસ્ત્રો તથા ચામડાના બૂટમાં તેને લાકડી વિના ફૂટપાથ પર પગલાં ભરતો જોઈ કોઈ ભાગ્યે જ કલ્પી શકે કે તે નેત્રહીન હશે! સામાન્ય વ્યક્તિ માટે એ જાણવું પણ મુશ્કેલ હતું કે લોકનાથની અમુક ગણતરીઓ હતી - કેટલાં પગલાં ચાલ્યા પછી તેણે રસ્તો ઓળંગવો તથા બૂટ પોલિશ કરાવવા માટે કેટલામે પગલે થોભવું જોઈએ.

સીધી ફૂટપાથ પર આગળ વધતાં તેના કાને થોડાક શબ્દો અથડાયા. કોઈ બાળક તેને સડક પાર લઈ જવા વિનંતી કરી રહ્યું હતું. તેણે અવાજની દિશામાં હાથ લંબાવ્યો. બાળકે તેની આંગળી

*સંસારી માણસ વૈરાગી બની શકતો નથી.*

પકડી લીધી.

જ્યાં લોકનાથ ઊભો હતો ત્યાં ન ક્રોસિંગ હતું ન ઝેબ્રા લાઈનના સફેદ પાટા. દૂરના ચોક પર જ્યારે સિગ્નલ લાલ થતું, બધાં વાહનો ત્યાં થોભી જતાં. થોડીક પળો માટે અહીં ડામરની સડક પણ સૂની પડી જતી.

બાળકને સાથે લઈ તે સડક પાર કરી ગયો. 'થેંક્યુ અંકલ.' બાળકે આંગળી છોડતાં તેનો આભાર માન્યો. તેણે ફક્ત સ્મિત ફરકાવ્યું. હવે તે સામી ફૂટપાથ પરથી ચોકની દિશામાં પગલાં ભરી રહ્યો હતો. તેનું નાક પરિચિત સુગંધ માણી રહ્યું હતું. તે ફૂલવાળાની દુકાન સુધી આવી પહોંચ્યો હતો.

(આજે તેણે લાંબી દાંડીવાળું એક ગુલાબ ખરીદી પારદર્શક ફેન્સી કાગળમાં બંધાવી લીધું.) અહીંથી તેત્રીસમા પગલે બૂટ પાલિશ કરનાર છોકરો બેસતો હતો. લોકનાથ ઠીક તેની સામે થોભ્યો.

આ પણ તેનો નિત્યક્રમ હતો. સાફ વસ્ત્રો, ચમકતા બૂટ અને અલકમલકની વાતો. વાત કરવાની છોકરાની છટા કાંઈ એવી હતી કે તે કાન દઈ સાંભળી રહેતો : કઈ ફિલ્મની ટિકિટના બ્લેક ચાલી રહ્યા છે અને કયા થિયેટરમાં પહેલા જ દિવસે કાગડા ઊડ્યા અથવા કઈ હિરોઈને કયા સુપરસ્ટારને લપડાક મારી અને કયો દિગ્દર્શક કયા અડ્ડા પર લઠ્ઠો પીવા જાય છે.

ન જાણે કેમ આજે છોકરો જાણે તેનાથી રિસાઈ ગયો હોય એમ ચૂપચાપ પોતાના કામમાં વ્યસ્ત હતો.

'ચુનિયા!' લોકનાથથી તેનું મૌન ન સહેવાયું, શું બન્યું?'

'કાંઈ નહિ.'

'કાંઈ બોલતો કેમ નથી?'

'શું બોલું, સાહેબ!' ડાબા પગનું બૂટ ચમકાવી તેણે જમણા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. 'એક મા છે. બે નાના ભાઈઓ છે. આમ પણ ગુજરાન ચાલતું નથી. ચોમાસું બેસતાં ધંધો એકદમ ઠપ્પ થઈ જશે.'

'સાથે કાંઈ બીજું કામ શરૂ કરી દે.'

'આ ખડ ભેજામાં બત્તી થાય ત્યારે ને! હવે તમે જ કહો, મૂડી રોક્યા વિના બીજો કયો ધંધો શરૂ કરી શકાય?'

'સમજ!' લોકનાથે તેને ઉપાય સુઝાડ્યો, 'આપણા ઈલાકામાં ફૂલવાળાઓની ત્રણ દુકાનો છે. તેઓ દુકાન બંધ કરે છે ત્યારે ગુલાબની ખરેલી પાંદડીઓ ફેંકી દેતા હોય છે. એ પાંદડીઓનો ઢગ એકઠો કરી આપણા વૈદજીને તું વેચી શકે.'

પાલિશવાળા બંને બૂટ પર વારાફરતી કપડું ફેરવતાં છોકરો બોલ્યો, 'અને વૈદજી એનું શું કરશે?'

'તે ગુલકંદ બનાવી વેચે છે.'

છોકરો ચબરાક હતો. મહેનતુ હતો. સમજી ગયો. છતાં જાણે હજી વિશ્વાસ બેઠો ન હોય એમ તે લોકનાથને દૂર સુધી જતો જોઈ રહ્યો.

લોકનાથ ચોક આવ્યો અને ખિસ્સામાંથી ચાવી કાઢી તેણે ટેલિફોન બૂથના તાળામાં ફેરવી. આ બૂથ માટે તે નગરપાલિકા તથા મુંબઈ શહેરના ભલા માણસોનો આભારી હતો. એ માટે કે તેઓની કૃપાથી રોજીરોટીની તેની સમસ્યા હલ થઈ હતી અને એ માટે પણ કે આ બૂથ દ્વારા તેને માનવસેવાની ઉમદા તક મળી હતી.

હજી તે ખુરશી-ટેબલ ઝાટકી બૂથમાં બેઠો હતો કે ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. તેણે રિસીવર ઊંચકી કાને દાબ્યું. નંબર ખોટો હતો. તેણે જણાવી દીધું, 'જી નહિ, આ કબ્રસ્તાન નથી; લોકનાથ વર્માનું ટેલિફોન બૂથ છે.'

રોજના આવા ડઝનેક કોલ આવતા હતા. ક્યારેક નજીકના પ્રસૂતિગૃહનો નંબર અહીં લાગી જતો હતો, તો ક્યારેક પોલીસ સ્ટેશનનો. ક્યારેક કોઈ મટકા ડેનની લાઈન અહીં જોડાતી હતી તો ક્યારેક કોઈ હોટલની. સહેજે ચિઢાયા વિના સર્વેને નમ્રતાપૂર્વક જવાબ દેતો.

'હું...હું ફોન કરી શકું?'

અવાજ કોઈ યુવાનનો હતો. તેણે ઈશારાથી 'હા' કહી દીધું.

બૂથ બહાર ઊભેલા યુવાન બાબત વિચારતાં તેને લાગ્યું કે યુવાનમાં આત્મવિશ્વાસની ઊણપ હોવી જોઈએ! જે સેવા જનતા માટે ઉપલબ્ધ હોય તેના ઉપયોગ માટે પરવાનગી માગવાની ન હોય.

'ઈન્ટરવ્યૂ આજે છે?' ડાયલ ઘુમાવી યુવાન રિસીવરમાં બોલી રહ્યો હતો. 'આપે બે અઠવાડિયાં પહેલાં પત્ર મોકલાવ્યો હશે. મને હજી નથી મળ્યો...હમણાં?...અહીંથી અંધેરી આવતાં કલાક સહેજે લાગશે...જી હા, હું ટેક્સી કરી લઉં છું.'

રિસીવર મૂકી તેણે ખિસ્સું ફંફોળ્યું અને પરચૂરણમાંથી એક રૂપિયાનો સિક્કો તારવી લોકનાથના હાથમાં મૂક્યો. લોકનાથે તેની સામે પોતાનો રૂમાલ ધર્યો. જાણેઅજાણે રૂમાલ સ્વીકારી યુવાને કપાળ પરથી પરસેવો લૂછ્યો અને તેને એકાએક ખ્યાલ આવ્યો. આ આંધળાને કેમ જાણ થઈ હશે કે તેનો ચહેરો ભીનો છે? રૂમાલ પરત કરતાં તેણે પૂછી લીધું.

લોકનાથે સ્મિત ફરકાવ્યું. તે ઇચ્છત તો કહી શક્યો હોત; પરસેવાથી રૂપિયાનો સિક્કો ભીનો છે. રિસીવર પણ ભીનું હતું.

યુવાન તેના ચહેરા પર રમતા નટખટ સ્મિતને બે ઘડી હેરતથી જોઈ ત્યાંથી ખસ્યો અને થોડીક પળો પહેલાં આવી તેની પાછળ ઊભેલા એક મુછાળાએ બિંધાસ્ત રિસીવર ઊંચકી લીધું. આટલું જ નહિ, નંબર જોડી ફોનમાં બોલવા પણ લાગ્યો, 'જગ્ગા સે મૈં બાત કર સકતા હૂં જી?'

લોકનાથે વિચાર્યું, આ કોઈ ધાકડ માણસ હોઈ શકે! સામાન્યતઃ ફોન કરતાં પહેલાં લોકો જરૂરી શિષ્ટાચાર દાખવવાનું

*વસ્તુનો સૌથી ઉત્તમ ઉપયોગ, તેને બીજાઓના હિતમાં લગાડવી તે છે.*

ચૂકતા નહોતા. ફોન કરવો છે અથવા ફોન કરું છું આટલી સૂચના તેને જરૂર દેતા. આ પટ્ઠાને એની પણ આવશ્યકતા ન લાગી.

'કૌન....જગ્ગા!' બીજા છેડે મિત્ર આવતા મુછાળાએ શરૂઆત કરી.' હાં જી....હાં જી....અભી નહિ... હાં જી.... એક હફતા ઔર રુકના હોગા...તૂસી ઐશ કરો પાપે.'

ટૂંકમાં વાત પતાવી મુછાળાએ વીસ રૂપિયાની એક નવી નોટ લોકનાથ સામે ધરી, 'લો જી.' લોકનાથે કડક નોટનો સ્પર્શ માણી ટેબલના ખાનામાંથી ચાર નોટો કાઢી દસ તથા પાંચ રૂપિયાની એકએક અને બબ્બે રૂપિયાની બે. ત્યાં તેના કાને ચોકના ઘોંઘાટ વચ્ચે સેન્ડલનો પરિચિત અવાજ અથડાયો.

મુછાળાને ઓગણીસ રૂપિયા પરત કરતાં તેણે સ્નેહભર્યા સ્વરે કહ્યું, 'હલ્લો...!'

મુછાળો ચોંક્યો, 'મુજસે કુછ કહા જી?'

'તમારી પાછળ જે મિસ ઊભાં છે તેમને કહ્યું.'

તેણે ઝટકા સાથે ચહેરો ઘુમાવી જોયું તો તેની આંખો પહોળી થઈ ગઈ. ખરેખર તેની પાછળ વીસ વર્ષની એક સુંદર (પૂનમ) ઊભી હતી. ફરી એક વાર તેણે લોકનાથ સામે જોયું. (કહીં...યે અંધા પાખંડી તો નહિ?) અને એક આંગળી વડે પોતાની જાડી ડોક ખંજવાળતો તે ત્યાંથી ચાલ્યો ગયો.

પૂનમ લોકનાથ સામે આવી, 'મારો ફોન હતો, લોકૂ?'

નકારમાં તેણે માથું ધુણાવ્યું. બૂથમાં તે ખુરશી પર બેઠો હતો. પૂનમ બહાર ઊભી હતી. પળભર અકારણ ઊભી રહી તે બૂથ બહાર ગોઠવાયેલા એક સ્ટૂલ પર બેસી ગઈ. આ તેનો લંચઅવર હતો. રોજ તે પ્લાસ્ટિકનો લંચબોક્સ તથા પાણીની બોટલ લઈ આ સમયે (એકને દસ મિનિટે) અહીં આવતી હતી.

'કાંઈ લેશે?' લંચ બોક્સ ખોલી તેણે લોકનાથની દિશામાં ચહેરો ત્રાંસો કર્યો, 'પૂરી - ભાજી સાથે કેકનો એક કટકો પણ છે.'

'શ્યોર.'

'તમે...નજીકની કોઈ ઓફિસમાં કામ કરો છો, ખરું?'

'રેડીમેડ કપડાં બનાવતી એક કંપનીમાં હું પર્સનલ સેક્રેટરી છું.'

'ત્યાં ફોન પણ હશે!'

પૂનમ તેનો સંકેત સમજી ગઈ. 'તારે એ જાણવું છે ને કે હું મારા અંગત કોલ ત્યાં કેમ રિસીવ નથી કરતી?'

આ વખતે તેણે હકારમાં માથું ધુણાવ્યું.

'હું અમુક સિદ્ધાંતોમાં માનું છું.' પૂનમ લંચ આરોગી રહી હતી અને જવાબ પણ દઈ રહી હતી. 'જે સમય માટે મને પગાર મળતો હોય એ સમય મારો ન કહેવાય એટલે મેં મારા મિત્રો - પરિચિતોને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે ઑફિસમાં મને ફોન ન કરે. અલબત્ત, કાંઈ ખાસ કામ હોય તો જુદી વાત છે.'

'આ તો સમજાયું, પણ-'

'પણ શું?'

'કાંઈ નહિ. તમે વિચારશો કે આને આંગળી દીધી તો પહોંચો પકડ્યો.'

'મને આટલો વિશ્વાસ છે, લોકૂ.' ભોજન પૂરું કરી પાણીની બોટલ ખોલતાં પૂનમ બોલી, 'તું એ પુરુષોમાં નથી. બોલ, તારો બીજો સવાલ શું છે?'

'એ જ કે રોજ અહીં કૉલની વાટ જોવા કરતાં તમે પોતે ડાયલ કરી શકો છો!'

'એ શક્ય નથી.' પાણીના બે ઘૂંટડા વધુ ભરી તેણે ઉમેર્યું, 'મારો બોયફ્રેન્ડ ટ્રાવેલિંગ સેલ્સમેન છે. એક સ્થાનેથી બીજા સ્થાને ભટકતો રહે છે. તે પોતે પણ જાણતો નથી હોતો કે ચોક્કસ સમયે તે ક્યાં હશે!'

ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. પૂનમ ઊભી થઈ. પાણીની બોટલ તથા ખાલી લંચ બોક્સ સ્ટૂલ પર મૂકી તેણે રિસીવર ઊંચકી લીધું. કોલ તેના બોયફ્રેન્ડનો હતો.

'હાઈ રાહુલ!' તે ટહુકી, 'ક્યાંથી બોલે છે?'

'ઍરપોર્ટથી.'

'પ્રેમની બેડીઓ તોડી નાસી છૂટવાનો વિચાર નથી ને?'

'ખરું કહું તો છે.' રિસીવરમાંથી અવાજ ઊઠ્યો. 'પણ એમાં એક ભય છે. તારાથી જેટલો દૂર જાઉં છું એટલો વધુ નજીક આવું છું.'

ગલગલિયાં થયાં હોય એમ પૂનમ હસી. 'સાંજે ક્યાં મળીશું?'

'તેં મિનિ સ્કર્ટ પહેર્યું હોય તો કોઈ ડિસ્કોથેકમાં, સાડી પહેરી હોય તો કોઈ રેસ્ટોરાંમાં અને આંધળો પણ કહી શકે કે તેં સાડી પહેરી હશે. કૉફી હાઉસ કેમ રહેશે?'

'ઠીક છ વાગ્યે હું ત્યાં હોઈશ.'

રિસીવર ક્રેડલ પર મૂકી તેણે લોકનાથનો આભાર માન્યો અને સ્ટૂલ પરથી પોતાના લંચ બોક્સ તથા બોટલ ઊંચકી લીધાં. 'લોકૂ!' કાંઈ વિચારી જતાં પહેલાં તેણે પૂછ્યું, 'સાડી બાબત તારો શું અભિપ્રાય છે?'

'સાડી ભારતીય નારીની ઓળખ છે.' કહેતાં લોકનાથ ઊભો થઈ ગયો. પારદર્શક ફેન્સી કાગળમાં લપટાયેલું ગુલાબ તેના હાથમાં હતું. 'અને બીજી ઓળખ છે આ. મારા તરફથી રાહુલને ભેટ દઈ કહેજો કે આંધળો એ પણ કલ્પી શકે છે કે તેણે શું પહેર્યું હશે?'

પૂનમની આંખો તેના ચહેરા પર સ્થિર થઈ ગઈ. 'શું પહેર્યું હશે?'

'શર્ટ, પેન્ટ અને ટાઈ.' આશ્ચર્ય પ્રગટ કરવા પૂનમ હોઠ ખોલે એ પહેલાં તેણે ખુલાસો કરી દીધો. 'સેલ્સમેનોના પોશાક એ જ હોય છે.'

પૂનમથી હસ્યા વિના ન રહેવાયું.

તેનું હાસ્ય લોકનાથનું હાસ્ય હતું. તેનો આનંદ લોકનાથનો

*પ્રાર્થના પહેલાં વિશ્વાસ કરો, બોલતાં પહેલાં સાંભળો, લખતાં પહેલાં વિચારો.*

આનંદ હતો. જાણે તેના જીવનનો ધ્યેય માત્ર એક હતો. પોતાના પરિચયમાં આવતી દરેક વ્યક્તિનું જીવન સ્મિતથી ભરી દેવું. પછી તે વ્યક્તિ નાની હોય કે મોટી, નિર્ધન હોય કે ધનિક, તેના માટે સર્વે બરાબર હતાં.

ત્રણ દિવસ પછી તે બુટપાલિશ કરાવવા થોભ્યો તો તેના આનંદની સીમા ન રહી. છોકરાએ વિષય જ કાંઈ એવો છેડ્યો હતો.

'સાહેબ, ગુલકંદ ખરીદશો?'

તેની સમજમાં કાંઈ ન આવ્યું.

'મેં બનાવતાં શીખી લીધું છે.' લોકનાથના બૂટ ચમકાવતાં તે ગર્વથી કહી રહ્યો હતો. 'તદ્દન સરળ છે. એક હાથમાં ગુલાબની પાંદડીઓ તથા બીજા હાથમાં સાકરના દાણા લઈ મસળતા લોંદો બને. એ લોંદાને કાચની બરણીમાં ભરી તડકામાં મૂકતાં ગુલકંદ તૈયાર.'

'બરણી કેટલા કલાક તડકામાં રાખવી જોઈએ?'

'મેં બે દિવસ રાખી, ગુલકંદ બાટલીઓમાં ભરી લીધો હતો. સાહેબ, તમે બોણી કરશો તો સાંજ સુધીમાં મારી દસે બાટલીઓ વેચાઈ જશે.'

'એક બાટલીના ફક્ત છ રૂપિયા.'

'હું બે બાટલીઓ ખરીદીશ.'

'બજારમાં આજ નાની બાટલી બાર રૂપિયે મળે છે.' અત્યાર સુધીમાં છોકરાએ બંને બૂટ પોલિશ કરી નાખ્યા હતાં. 'હું અર્ધા ભાવે વેચું છું છતાં મને એક રૂપિયો નફો થાય છે.'

ગુલકંદ તથા પાલિશના પૈસા ચૂકવી લોકનાથે પાકીટ ખિસ્સામાં મૂક્યું. દસ મિનિટ પછી તે પોતાના ટેલિફોન બૂથમાં બેઠો હતો અને બહારના સ્ટૂલ પર એક ઇન્સ્પેક્ટર. અચાનક ફોન ડેડ થઈ જતાં આજે કેટલાય લોકો નિરાશ થવાના હતા. ઈન્સ્પેક્ટર ગોડબોલેની નિરાશાનાં કારણો એકથી વધુ હતાં.

'આજનો દિવસ જ મનહૂસ ઊગ્યો.' તે પોતાના પોશાક પર પડેલો એક તાજો ડાઘ કાગળના કટકા વડે ઘસીને સાફ કરી રહ્યો હતો. 'સવારે ચાનો પહેલો કપ હાથમાં હતો અને બાયડીએ કકળાટ શરૂ કર્યો. કંકાસથી કંટાળી ઘર બહાર નીકળ્યો તો કાળી બિલાડી આડી ઊતરી. અહીં રિસીવર ઊંચક્યું તો ફોન ડેડ થઈ ગયો.'

બડબડાટ કરતાં તેણે માથે, ઝાડ પર એક નજર પાથરી. 'અધૂરામાં પૂરું કાગડો ચરક્યો.'

'તમે સમયસર ફરજ પર નહિ પહોંચો તો.'

'મોટા સાહેબની ગાળો સાંભળવી પડશે; એ જ ને?' લોકનાથને રોકતાં તે વચ્ચે બોલી ઊઠ્યો. 'એ હું છેલ્લા એક અઠવાડિયાથી સાંભળતો આવ્યો છું. હવે એની અસર નથી થતી.'

'કોઈ નવા સાહેબ આવ્યા હશે!'

'ના રે! એસ.પી.સાહેબ એ જ છે. તેમને ઉપરથી ખાસડા પડે છે. તે અમારા પર લ્યાનતો વરસાવે છે. જો કે એમાં તેમનો પણ દોષ નથી.'

કાગળનો મેલો થઈ ગયેલો કટકો ફેંકતાં તેણે લોકનાથ સામે જોયું. 'મેં તને બૅન્ક ધાડ - કેસ બાબત જણાવ્યું હતું?'

'આશરે પંદરેક દિવસ પહેલાં તમે એનો ઉલ્લેખ કર્યો હતો.'

'એ જ.' તે બોલ્યો, 'હજી સુધી એ લૂંટારાઓનો ન પત્તો લાગ્યો છે, ન તેમના કાંઈ વાવડ મળ્યા છે. અમારા કૂતરાઓ પણ સાલ્લા ફેલ થઈ ગયા, અમે તો ફક્ત માણસ છીએ. શું કરીએ? અત્યાર સુધીમાં તો તેઓ સીમા પાર નીકળી ગયા હશે!'

થોડી વાર મૌન રહી લોકનાથે હળવેકથી પ્રશ્ન કર્યો, 'બૅન્કમાંથી નોટોનાં જે બંડલ ખોવાયાં છે એ વિષે તમે કાંઈ જાણો છો?'

પ્રશ્ન સામાન્ય નહોતો. ઈન્સ્પેક્ટર ગોડબોલેને હેરત થાય એ પણ સ્વાભાવિક હતું. (આંધળાના પેટમાં કાંઈ ખદબદતું હોય તો નવાઈ નહિ!) 'શું જાણવું છે તારે?'

'એ બંડલ સોનાં હતાં, પચાસનાં હતાં કે દસ - વીસનાં?'

'બે લાખ રૂપિયાનાં બંડલો સો સોનાં હતાં.' લોકનાથના સપાટ ચહેરાને વાંચવાનો પ્રયાસ કરતાં તેણે જણાવ્યું, 'બાકી વીસ વીસનાં.'

'નોટો બધી નવી હશે!'

'ચકાચક.'

ટેબલના ખાનામાંથી વીસ રૂપિયાની એક નોટ કાઢી લોકનાથ ખુરશી પરથી ઊભો થયો, 'આ નોટ પણ કડક છે. કદાચ એમાંથી એક હોઈ શકે!'

તેના હાથમાંથી નોટ લગભગ ઝૂંટવી લેતાં ઈન્સ્પેક્ટર ગોડબોલેએ પળભર ધારીને જોઈ. પછી પોતાની ડાયરી ખોલી તેણે સીરિયલ નંબર મેળવી જોયો. તેની આંખો ચમકી ઊઠી. 'યાર લોકૂ! આ નોટ એમાંની જ એક છે.' કહેતાં સ્ટૂલ પરથી તે પણ ઊભો થઈ ગયો. 'તને કોણે દીધી?'

'છેલ્લા થોડાક દિવસોથી એક ભાઈ ફોન કરવા અહીં આવે છે. અને હંમેશાં વીસ રૂપિયાની નવી નોટ દઈ જાય છે.'

ડાયરી પર બોલપેન નમાવતાં તેણે ફરી પ્રશ્ન કર્યો, 'તેમના વિશે કાંઈ વધુ માહિતી દઈ શકે?'

'જરૂર. તેમની ઊંચાઈ સાડા પાંચ ફૂટ હોવી જોઈએ.'

'એ કઈ રીતે?'

'મારી જોડે વાત કરતાં સમયે તેમનો અવાજ બિલકુલ ચહેરા સામેથી આવે છે અને મારી ઊંચાઈ એટલી જ છે.'

ઈન્સ્પેક્ટર ગોડબોલેએ ઝડપથી નોંધ ટપકાવતા કહ્યું, 'બીજું?'

'તે ઉત્તર ભારતના હોવા જોઈએ!'

'યુ.પી. ના?'

'કદાચ પંજાબના.'

*સેવા કરતાં પહેલાં ભૂલતાં શીખો અને મરતાં પહેલાં જીવતા શીખો.*

'ખાતરી?'

'ફોન પર તે હિંદી બોલે છે. પણ વચ્ચે વચ્ચે પંજાબી શબ્દોના પ્રયોગ પણ કરે છે' અને કાંઈક વિશેષ યાદ આવતાં તેણે ઝડપથી ઉમેર્યું, 'રવિવાર સુધી તેઓ અહીં મુંબઈમાં રહેવાના છે.'

'સૂરદાસ!' ઈન્સ્પેક્ટર ગોડબોલેએ પોતાની ડાયરી બંધ કરી ખિસ્સામાં મૂકતાં ઠાઠથી કહ્યું, 'લાગે છે, તેં ફક્ત મારો દિવસ નહિ, વર્ષ પણ સુધારી નાખ્યું.'

લોકનાથ મધુર સ્વરે બોલ્યો, 'હલ્લો...'

તે ચોંક્યો. પરંતુ કાંઈ સમજે એ પહેલાં તેની પાછળથી એટલો જ મીઠો અવાજ ઊઠ્યો, 'હલ્લો, લોકૂ!'

એ પૂનમ હતી.

બંનેને હેરતથી જોતાં જોતાં વચ્ચેથી તે ખસી ગયો.

'મિસ,' લોકનાથે વ્યંગ કર્યો, 'તમે નકામી તસ્દી લીધી. આજે તમારો ફોન નહિ આવે.'

પૂનમનું હૃદય બે ધબકારા ચૂકી ગયું. 'તને કેમ જાણ થઈ?'

'આખું જગ જાણે છે કે બાબા લોકનાથ ત્રિકાળજ્ઞાની છે.'

હવે પૂનમની નજર બહાર ઝૂલતા પાટિયા પર પડી. 'ફોન ડેડ છે.' તેના હોઠે સ્મિત ફરી વળ્યું. 'બાબા!' સ્ટૂલ પર બેસી લંચબોક્સ ખોલતાં તેણે રમૂજની રમત આગળ વધારી, 'શું તમે અમારું ભવિષ્ય જણાવી શકો છો?'

'અવશ્ય બાલિકે, શું જાણવું છે, તમારે?'

'રાહુલ જોડે મારાં લગ્ન ક્યારે થશે?'

'પ્રશ્ન એ નથી કે તમારાં લગ્ન ક્યારે થશે.'

'તો?'

'પ્રશ્ન આ છે કે રાહુલ જોડે તમારાં લગ્ન થશે કે નહિ?'

પૂનમના ગળામાં જાણે માછલીનો કાંટો ફસાયો હોય એમ તેનું મોં ખુલ્લું રહી ગયું. તે એકે શબ્દ બોલી ન શકી. બોલવા માટે તેની પાસે હતું જ શું? તે જે કંઈ જણાવવા નહોતી ઈચ્છતી એ પણ લોકનાથે જાણી લીધું હતું. જાણે તેના મનના અગાધ સાગરમાં ડૂબકી મારી લોકનાથ તેનો ભય સપાટી પર લઈ આવ્યો હતો.

'સમજો મિસ.' ધારી અસર થઈ જાણી લોકનાથે ગંભીરતા અપનાવી. 'તમે મારાં મિત્ર છો અને તે બદલ મને ગર્વ છે.'

પૂનમની આંખો ઊભરાવા લાગી.

'તમે પણ મને મિત્ર ગણતા હો તો તમારી ફરજ છે કે તમે નિખાલસપૂર્વક તમારી સમસ્યા રજૂ કરો જેથી આપણે બંને મળી તેનો હલ શોધી શકીએ.'

તે ચૂપચાપ રડવા લાગી, છતાં લોકનાથને એની ભણક આવી ગઈ. તેણે પોતાનો રૂમાલ કાઢી તેની સામે ધર્યો. પૂનમે ભીનો ચહેરો લૂછ્યો અને એકે કોળિયો લીધા વિના લંચબોક્સ બંધ કરી દીધો.

'રાહુલ...રાહુલ ઈચ્છે છે કે હું નવી ફેશનના ટૂંકા પોશાક પહેરું!' સ્ટૂલ પર બેઠાં બેઠાં જ હાથ લંબાવી તેણે રૂમાલ પરત કર્યો. 'ડિસ્કોમાં તેની સાથે નાચું, ગાઉં. આ બધું મને પસંદ નથી. મારા માટે શક્ય પણ નથી.'

છેલ્લું વાક્ય સૂચક હતું. એની શી અસર થઈ હશે એ જાણવા તેણે લોકનાથ સામે જોયું. તેને લાગ્યું, માત્ર આંખો નહિ, લોકનાથનો ચહેરો પણ આંધળો હતો. ન તેની આંખો કાંઈ કહેતી હતી, ન ચહેરો. નહિતર ક્યાંક તો આ પ્રશ્ન નજરે પડ્યો હોત કે ટૂંકા સ્કર્ટ પહેરી પૂનમ માટે ડિસ્કોમાં નાચવું શક્ય કેમ નહોતું? ભાવિ પતિની ખુશી માટે એકાદ વાર ડિસ્કો સંગીત પર નૃત્ય કરતાં કાંઈ આભ નહોતું તૂટી પડવાનું.

લોકનાથ તેને આ બધું કહી શકતો હતો. એ તેનો હક્ક હતો. ન કહ્યું. ન શબ્દો દ્વારા, ન ભાવ દ્વારા. (મીંઢો છે મીંઢો! પહેલા ગોદો મારી સઘળું ઓકાવે છે, પછી ચૂપ થઈ જાય છે.) પૂનમને કારણ દર્શાવવાની ફરજ પડી. 'મારો...મારો એક પગ ગોઠણ સુધી નકલી છે.'

ચોકના સિગ્નલ પાસે એક મારુતિનું એન્જિન ફેલ થઈ ગયું હતું. મારુતિ પાછળ કારની કતાર બેચેન ઊભી હતી. હોર્ન પર હોર્ન ચીસો પાડી રહ્યાં હતાં. અહીં, બંને વચ્ચે સન્નાટો છવાયો હતો.

'શું...' થોડી વારે લોકનાથે હોઠ ખોલ્યા, 'આ રહસ્ય રાહુલ નથી જાણતો?'

તે મૌન રહી.

'અર્થાત્ જેને તમે જીવનસાથી બનાવવા ઈચ્છો છો એના પર તમને વિશ્વાસ નથી, ખરું?'

'હું તેને જણાવું અને તે મને તજી દે તો?'

'એ સિદ્ધ થશે કે તેનો પ્રેમ કાચો હતો.' લોકનાથે ભારપૂર્વક જણાવ્યું. 'એ તમારા મનને નહિ, તનને ચાહતો હતો અને તનનો પ્રેમ ખરો નથી હોતો. લગ્ન પછી પણ એ તમને તજી શકે!'

'આ જ મારી મૂંઝવણ છે.'

'અને આ તેના પ્રેમની કસોટી પણ છે.' કહેતાં તેણે સ્મિત ફરકાવ્યું. 'મિસ, એક રીતે જોતાં તમે ભાગ્યશાળી છો. તમારા બોયફ્રેન્ડને અજમાવવાની એક સોનેરી તક તમને લગ્ન પહેલાં મળી છે. અજમાવશો ને?'

'હં...'

વિચારવા માટે પૂનમ સમય ઈચ્છતી હતી. તેણે કાંડા ઘડિયાળ પર નજર ઢાળી. લંચ અવર લગભગ પૂરો થવા આવ્યો હતો. 'આ ફોન ક્યારે ઠીક થશે?'

'ફરિયાદ સવારે નોંધાવી હતી. મિકેનિક આવવા જોઈએ.'

તે ઊભી થઈ ગઈ. 'ઘેર જતાં પહેલા સાંજે અહીં થઈને

*સફળ વ્યક્તિ ઉત્તમ ફળની નહીં, ઉત્તમ આરંભની યોજના બનાવે છે.*

જઈશ.'

ઈન્સ્પેક્ટર ગોડબોલે લોકનાથથી છૂટો પડી સડક પાર એક મકાનના પ્રવેશમાં સંતાયો હતો. તેની તીખી નજર ટેલિફોન બૂથ પર કેન્દ્રિત હતી. જે કોઈ વ્યક્તિ ફોન કરવા આવતી એને તે ઝીણવટથી જોતો હતો.

પૂનમ ગઈ પછી બે પુરુષો વધુ આવ્યા હતા. તેમાં એક બટકો હતો. સ્ટૂલ પર ચઢી તે ડાયલ ઘુમાવવાની તૈયારીમાં હતો કે લોકનાથે તેને આંગળીના ઈશારા વડે 'ફોન ડેડ છે' નું પાટિયું દેખાડ્યું હતું. કદાચ એ બંને સરકસના વિદૂષક હતા! બીજો તેનો સાથી તાડ જેવો લાંબો હતો.

થોડીવારે ટેલિફોન બૂથ સામે એક ટેક્સી આવી થોભી. એક ફાંફડો યુવાન બ્રીફ કેસ સાથે તેમાંથી બહાર નીકળ્યો. સૌ પ્રથમ તેની નજર બૂથ બહાર ઝૂલતા પાટિયા પર ગઈ. પછી લોકનાથના ચહેરા પર ઠરી.

'લોકનાથ તારું નામ છે?' થોડાંક પગલાં ભરી સામે આવતાં તેણે પૂછ્યું.

લોકનાથે હકારમાં માથું ધુણાવ્યું.

'મારું નામ -'

'હું જાણું છું.' સ્મિત ફરકાવતાં તેણે વચ્ચે કહ્યું, 'તમે રાહુલ છો.'

રાહુલ અપલક તેની સામે જોઈ રહ્યો. આજ દિવસ સુધી તે પૂનમના હોઠે લોકનાથના અજબગજબ કિસ્સા સાંભળતો આવ્યો હતો. આટલું જ નહિ છેલ્લી મુલાકાત વખતે પૂનમે એક વિચિત્ર વાક્ય ટાંક્યું હતું - લોકૂ આંધળો છે એનો અર્થ એ નથી થતો કે તે દેખતો નથી!'

રાહુલ ચક્કર ખાઈ ગયો હતો. આ વાક્ય નહોતું. 'રૂબિક ક્યૂબ' હતું. તેણે અલગ અલગ રીતે ફેરવી, તોળીને જોયું છતાં એ સમયે તે સમજી નહોતો શક્યો. આજે લોકનાથનો સાક્ષાત્કાર થતાં તેની એ ગૂંચ ઉકેલાઈ ગઈ. લોકનાથની આંખોમાં ભલે પ્રકાશ ન હોય; તે ધ્વનિ, સ્પર્શ તથા ગંધ દ્વારા જોઈ શકતો હતો.

'કહો,' લોકનાથે મૌન તોડતાં પૂછ્યું, 'હું તમારી શી સેવા કરી શકું?'

'મિસ પૂનમને એક સંદેશો કહેવો છે.'

'ઑફિસે છૂટ્યા પછી કદાચ તે અહીં આવે.'

'તેમને કહેજે કે આજે હું આ જ ઈલાકામાં છું અને છ વાગ્યે ચાઈનીઝ રેસ્ટોરાંમાં મળીશ.'

'હવે એક વિનંતી હું કરું?' કહેતાં તેણે ટેબલના ખાનામાં રાખેલી બોટલ કાઢી રાહુલ સામે ધરી.

'આ શું છે?'

'ગુલકંદ.' તે બોલ્યો. 'મારા તરફથી મિસને ભેટ દેશો તો આભારી થઈશ.'

બોટલ સ્વીકારતાં પહેલાં રાહુલે કહી દીધું, 'તું પોતે એને ભેટ દઈ શકે છે!'

'કદાચ મિસ નહિ સ્વીકારે. તે જ્યારે અહીં બેસી લંચ લે છે ત્યારે હું પણ તેમનું નિમંત્રણ નથી સ્વીકારતો.' કારણ સ્પષ્ટ કરી તેણે ઉમેર્યું. 'પણ તમે તમારા હાથે દેશો તો તે ના નહિ કહે.'

રાહુલના ચહેરા પર અજાણે સ્મિત ફરી વળ્યું. એ જ સ્મિત સાથે તે વાટ જોતી ટેક્સીમાં પ્રવેશ્યો. ટેક્સી સ્ટાર્ટ થઈ ચોકની ભીડમાં ભળી ગઈ.

લોકનાથ ખુરશી પર બેસવા ગયો અને તેના કાને પરિચિત અવાજ અથડાયો. 'ફોન ડેડ હૈ જી!'

'જી....' ઉત્તર દેતાં તેના કાન ઊભા થઈ ગયા. તે સચેત થઈ ગયો. મુછાળો તેની સામે ઊભો હતો.

સડક પાર મકાનના પ્રવેશમાં લપાઈને ઊભેલો ઈન્સ્પેક્ટર ગોડબોલે પણ સાવધ થઈ ગયો હતો. તે ઝડપથી વિચારી રહ્યો હતો. આ મુછાળો બૅન્ક લૂંટારો હોઈ શકે! લોકનાથે દીધેલી માહિતીઓ તેના પર ફિટ બેસતી હતી. દેખાવમાં તે પંજાબી ટ્રક ડ્રાઈવર જેવો લાગતો હતો. તેની ઊંચાઈ પણ લગભગ સાડા પાંચ ફૂટ હતી, પરંતુ હજી ખાતરીપૂર્વક કાંઈ કહી ન શકાય.

'યહાં કહીં ઔર પબ્લિક ફોન હોગા?'

'તમે પરદેશી લાગો છો!' મુછાળાના પ્રશ્નનો સૂઝપૂર્વક ઉત્તર દેતાં લોકનાથે જણાવ્યું. 'નહિતર તમે જાણતા હોત કે અહીં નજીકમાં એક બીજો ફોન છે.'

'કહાં હૈ જી?'

'પેલા સામેવાળા મકાનના પ્રવેશમાં.'

મુછાળો બૂથ પાસેથી ફર્યો અને લોકનાથે ખિસ્સામાંથી રૂમાલ કાઢી મોં લૂછ્યું. ઈન્સ્પેક્ટર ગોડબોલે માટે આ સંકેત હતો. હવે શંકાને સ્થાન નહોતું. મૂળ યોજના મુજબ તેણે મકાનના પ્રવેશમાંથી બહાર નીકળી મુછાળાનો પીછો કરવાનો હતો. તક મળતાં માર્ગમાં તેને આંતરી લેવાનો હતો.

મકાનમાંથી તે બહાર નીકળી ન શક્યો. મુછાળો તેની જ દિશામાં આવી રહ્યો હતો. તે અચંબામાં પડી ગયો. આંધળાએ એવો તે શું ચમત્કાર કર્યો હશે કે દીપડો પોતે સામે ચાલીને શિકારીના છટકામાં આવી રહ્યો છે? (આ રહસ્ય હજી થોડાક કલાક તેના માટે રહસ્ય રહેવાનું હતું.)

સડક પાર કરી મુછાળો જેવો મકાનના પ્રવેશમાં આવ્યો કે ઈન્સ્પેક્ટર ગોડબોલેએ એકાએક પ્રગટ થઈ તેની છાતી પર રિવોલ્વરની નાળ દાબી દીધી.

એ રાતે લોકનાથ ચેનથી સૂઈ ન શક્યો. તેની સમસ્યા એ નહોતી કે મુછાળાની ગેંગ પોલીસના છટકામાં સપડાઈ જેલના

*સુખ આવ્યા પછી માણસ પોતાની પહેલાંની સ્થિતિ ભૂલી જાય છે. તેથી જ્યારે સુખ જાય છે ત્યારે તે બહુ દુઃખી થાય છે.*

સળિયા પાછળ ફેંકાઈ ગઈ હશે કે નહિ? બલકે તેની પીડા આ હતી કે પૂનમ તથા રાહુલના પ્રેમમાં ક્યાંક તડ તો પડી નહિ હોય!

પૂનમમાં એટલો આત્મવિશ્વાસ સ્થાપિત થઈ ગયો હતો કે તે પોતાના જીવનની વાસ્તવિકતા પોતાના પ્રિયતમ સામે રજૂ કરી શકે. પરંતુ આ સાહસનું પરિણામ શું આવશે એ તેની કલ્પનાની પરે હતું. તે ફક્ત આટલું જાણતો હતો : સત્ય જીતે કે હારે તેનું માથું હંમેશાં ઊંચું રહેતું હોય છે.

ભીંત - ઘડિયાળમાંથી બારના ટકોરા ઊઠ્યા. રાતના અંધારામાં દીવાલો બોલતી હોય એમ તેના અવાજ પડઘાયા. લોકનાથની માએ પડખું બદલતાં જોયું તો પુત્રનું બિછાનું ખાલી હતું. તેણે ધાર્યું, કદાચ તે પાણી પીવા ઊઠ્યો હશે કે મોરીએ ગયો હશે!

કાન સરવા કરી તે થોડીક મિનિટો ચૂપચાપ પડી રહી. હિલચાલનો કોઈ અણસાર ન મળતાં તે બેઠી થઈ ગઈ.

લોકનાથ ઓરડીના એક ખૂણામાં ગોઠવાયેલી શિવજીની મૂર્તિ સામે પલાંઠી મારી મૌન બેઠો હતો. મા તેને હેરતથી જોઈ રહી. અંતે જિજ્ઞાસા રોકી ન શકતાં તેણે હોઠ ખોલ્યા, 'બેટા!'

લોકનાથે પ્રાર્થના પૂરી કરી. 'માજી!' ઊભો થતાં તે બોલ્યો. 'આજે પહેલી વાર મનમાં ખટકો ઊઠ્યો છે. ક્યાંક સંબંધ તૂટી ન જાય!'

'કેવો સંબંધ?'

'પ્રેમનો.' મા પાસે તે બિછાના પર બેસી ગયો. 'બંને ખૂબ જ ભલાં છે, સ્નેહાળ છે. એકમેકને અંતઃકરણપૂર્વક ચાહે છે.'

'કોણ છે એ બંને?'

'તમે નથી ઓળખતાં.' સહેજ થોભી તેણે ઉમેર્યું, 'આમ તો હું પણ તેઓથી વધુ પરિચિત નથી.'

'ગાંડ્યા!' માએ હસી કપાળ કૂટ્યું. 'ભગવાન જાણે તું ક્યારે સુધરીશ! હવે ભલો થઈ સૂઈ જા.'

બીજે દિવસે સવારે લોકનાથ ન ફૂલવાળાની દુકાને થોભ્યો ન બૂટપાલિશ કરાવવા રોકાયો. તે સીધો ચોક પહોંચ્યો અને ટેલિફોન બૂથ ખોલી ખુરશી પર બેસી ગયો. ગઈ કાલે સાંજે નિગમના મિકેનિક ફોન રિપેર કરી ગયા હતા. પરંતુ 'ફોન ડેડ છે' નું પાટિયું હજીય બહાર ઝૂલી રહ્યું હતું. યાદ આવતાં એ ખેંચી લઈ તેણે એક ખૂણામાં મૂકી દીધું.

ઠીક એક ને દસે પૂનમ આવી. આ તેનો રોજનો આવવાનો સમય હતો. પરંતુ આજે તે પણ ઔપચારિકતા ભૂલી હતી. લોકનાથને ન તેણે 'હલ્લો' કહ્યું ન તેના ખબરઅંતર પૂછ્યા અને અજનબીની જેમ સ્ટૂલ પર બેસી ગઈ. આખરે લોકનાથે શરૂઆત કરવી પડી. 'મિસ...'

'જી.'

'ગઈકાલની મુલાકાત કેવી રહી?'

'ઠીક.'

'સર્વ કાંઈ સાચેસાચું જણાવી દીધું.'

'હં.'

'શું કીધું તેણે?'

'વિચારવા માટે એક રાત માગી.'

'શું વિચારવા?'

'એ જ કે મારી જોડે તે લગ્ન કરશે કે નહિ?'

મૌન ઊતરી આવે એ પહેલાં લોકનાથે વિષયને વળાંક દીધો, 'હજી તમે લંચ બૉક્સ નથી ખોલ્યો?'

'ભૂખ નથી.'

'ગુલકંદ ચાખી જોયો?'

'તને શું લાગે છે?' મનમાં ઘોળાતો પ્રશ્ન એકાએક હોઠે આવી જતાં તેણે ઉત્તરની પ્રતીક્ષામાં લોકનાથ સામે જોયું.

'એકાદ બે દિવસમાં ચોમાસું બેસવું જોઈએ.'

'મેં હવામાન વિષે નથી પૂછ્યું. મારા લગ્ન બાબત સવાલ કર્યો છે.'

'છોકરો ખોટો નથી.'

'લોકૂ!' તે ચિઢાઈ ગઈ.

એ જ પળે ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. તેણે ઊભા થતાં તરત રિસીવર ઊંચકી લીધું. આજે તેના ભાવિનો નિર્ણય થવાનો હતો. મનમાં અનેક પંખીઓ કિકિયારી કરતાં પાંખો ફફડાવી રહ્યાં હતાં.

'હલ્લો....હલ્લો!' એક સાથે તે બે વાર બોલી અને તેને જાણ થઈ. ફોન રાહુલનો નહોતો. 'સોરી, રોંગ નબર છે... જી નહિ, આ કબ્રસ્તાન નથી.' કહેતાં તેણે રિસીવર પછાડ્યું.

લોકનાથે તેનું મન બહેલાવવા કહ્યું, 'મિસ, મારી સમજમાં એ નથી આવતું કે નિગમવાળાઓને કબ્રસ્તાનમાં ફોન લગાડવાની શું જરૂર પડી?'

પૂનમે ફરી સ્ટૂલ પર બેસતાં પોતાનો અવાજ સહેજ ઊંચો કર્યો, 'મારા સવાલનો જવાબ ન દેવો હોય તો તું ના કહી શકે છે.'

'મેં ધાર્યું, મારા ચહેરા પરનું સ્મિત જોઈ તમે કળી ગયા હશો!'

'હું સ્પષ્ટ શબ્દોમાં સાંભળવા માગું છું.'

લોકનાથે પોતાનો વિચાર જણાવી દીધો, 'રાહુલ તમને જરૂર સ્વીકારશે.'

'તને ખાતરી છે?'

'મને ઈશ્વરમાં શ્રદ્ધા પણ છે.'

'કદાચ તે પોતાના વડીલો જોડે ચર્ચા વિચારણા કરવા ઈચ્છતો હોય!'

લોકનાથ કાંઈ વધુ કહે એ પહેલાં રાહુલની ટેક્સી આવી ફૂટપાથ નજીક થોભી. બ્રીફકેસ સાથે તે બહાર નીકળ્યો. પૂનમ

*જિંદગીમાં મોટા થાવ પણ ધરતી પર રહો.*

ચોંકીને સ્ટૂલ પરથી ઊભી થઈ ગઈ. તેનું હૃદય ધબકી ઊઠ્યું. ઉત્તર 'હા' માં હશે કે નહિ? રાહુલનો ચહેરો જોઈ કાંઈ પણ કલ્પવામાં તે નિષ્ફળ રહી હતી.

લોકનાથ બૂથમાં ખુરશી પર બેઠો રહ્યો.

રાહુલ ધીરે ધીરે આગળ વધી પૂનમ સામે આવ્યો. પરંતુ કહ્યું લોકનાથને સંબોધી, 'આજે મેં લંચ નથી લીધું.'

'મિસ પણ ભૂખ્યાં બેઠાં છે.'

રાહુલે પૂનમના ખભા પર એક હાથ મૂકતાં પોતાની રીતે નિર્ણય જાહેર કર્યો, 'આજે આપણે ત્રણે કોઈ શ્રેષ્ઠ રેસ્ટોરાંમાં સાથે લંચ લઈએ તો કેમ રહેશે?'

'વાહ! રાહુલનો સંકેત તે સમજી ગઈ. 'લોકૂ!' તેના રોમરોમ ઝણઝણી ઊઠ્યા. 'આજે તું ના કહી ન શકે!'

'પણ...પણ તમારા બંને વચ્ચે મારું શું કામ?'

'તારું તો આજે ખાસ કામ છે' ઉત્તર રાહુલે દીધો. 'લંચનું બિલ તારે ચૂકવવાનું છે.'

'મારો કાંઈ વાંક? કાંઈ ગુનો.'

સસ્મિત રાહુલે બ્રીફકેસમાંથી બપોરના દૈનિકની તાજી પ્રત કાઢી પૂનમ સામે ધરી. 'આ જો.'

હેરત સાથે આનંદમાં પૂનમનો ચહેરો બમણો ખીલી ઊઠ્યો. 'લોકૂ! આમાં તારો ફોટો પહેલાં પાને છપાયેલો છે... એક નેત્રહીને બૅન્ક લૂંટારાઓની આખી ટોળી ગિરફતાર કરાવી...' મથાળા સાથે તે પૂરા સમાચાર કડકડાટ વાંચી ગઈ. 'બોલ, હવે તારે કાંઈ કહેવું છે?'

'ફક્ત આટલું.' બૂથ બંધ કરતાં તેણે વ્યંગ કર્યો, 'હવે એ ન કહેતા કે ટેક્સીનું મિટર પણ મારે ચૂકવવાનું છે.'

રાહુલે હસી દેતાં તેનો જમણો હાથ પોતાના હાથમાં લીધો. પૂનમે તેનો ડાબો હાથ અને ત્રણે જણા પ્રતીક્ષા કરતી ટેક્સી તરફ આગળ વધી ગયા. ■

## નિરાંત

**(અનુસંધાન : પાના નં.-૧૨૧ ઉપરથી ચાલુ)**

એ તરફ નજર સુધ્ધાં નાખી નહિ. ઘરમાં શાંતાની કશી જ હિલચાલ ન વરતાતાં જગો આકુળવ્યાકુળ થઈ ઊઠ્યો. શાંતાની બાજુમાં બેઠેલા મોટા છોકરાને એણે સીસ સીસ કર્યું. છોકરોય જાણે જગાથી રૂઠ્યો હોય તેમ એની સામે જોવાનું નામ લેતો નહોતો. જગાએ ડોળા બધે ફેરવી લીધા. ને મનમાં ગૂંચળું વળીને પડેલો રોષ પાછો સળવળ્યો. તોરમાં ને તોરમાં મૂછ આમળવા ગયો. પણ હાથમાં ભારે કળતર થતું હતું. હાથ સહેજે ઊંચો ન થયો. એ થોડો ખસિયાણો પડીને પગ પછાડવા લાગ્યો. 'આટઆટલું થયા છતાં આ રાંડ દિલાસો દેવાય આ બાજુ કેમ ઢૂંકતીય નથી...' રોષ અભાવમાં ફેરવાયો. તે દરમિયાન મોટો છોકરો કંઈક લેવા ઘરમાં આવ્યો. જગાએ એને ઈશારો કરીને પાસે બોલાવ્યો.

'જા, તારી માને બોલાવી લાવ!'

છોકરો દોડ્યો. થોડીવારમાં શાંતા છોકરાની પાછળ પાછળ આવી. જગાની સામે જોયા વિના ઘરમાં રાચરચીલું સરખું કરવા લાગી. જગાનું મગજ ગુસ્સામાં ધગધગી ઊઠ્યું, 'તારી માનું તગારું....' એમ બોલવા ગયો પણ માત્ર એટલું જ બોલી શક્યો. 'પાણી લાવ!'

શાંતાએ સાંભળ્યું, ન સાંભળ્યું કર્યું. હવે જગો બરાબરનો વીફર્યો. 'રાંડ, પાણી લાવ!'

શાંતાએ તીરછી નજરે જગા સામે જોયું. મૂછોના કડક આંકડા નીચે નમી ગયા હતાં. શાંતાને થોડી ગમ્મત પડી. નહોતું હસવું તોય અંતરમાં ખડખડાટ હસી પડાયું. હાસ્ય બહાર નીકળી ન જાય તે માટે એણે હોઠ ભીડી દીધા. તોય જરાતરા હાસ્ય તો ચહેરા પર રેલાઈ ગયું. જગો કાંઈપણ બોલે તે પહેલાં તો કશું જ ન બન્યું હોય તેમ હળવી થઈને શાંતા કામે વળી ગઈ.

જગો જોતો જ રહી ગયો.

***'છાલક' માંથી સાભાર***

## ભૂરિયો કૂવો

**(અનુસંધાન : પાના નં.-૧૧૮ ઉપરથી ચાલુ)**

લોકોએ એને પથ્થર-ઇંટાળા માર્યા ને એનું માથું ફાટી કૂવાનું પાણી લાલ લાલ થયું પછી જ ગયા. કેશા માધા ચૂંટણી લડતા હતા. એમનાં પત્ની ચૂલે લાપસીનાં આંધણ મૂકતાં હતાં.

પછી તો કૂવાનાં પાણી સુકાયાં. કૂવો ગોઝારો કહેવાયો. હરતાંન દેસાઈની બકરી કૂવામાં પડી તો વાત ચાલી કે ભૂરિયો એને ખાઈ ગયો. ઘણાંને ભૂરિયો કૂવા પર દેખાયો ને ઘણાંને એ વળગ્યો પણ ખરો. ગામનાં લોકો ભેળાં થયાં ને ગોરભા પાસે રસ્તો કઢાવવા વીનવવા લાગ્યાં. ગોરભાએ કહ્યું : "ભાઈઓ, તમારી ભૂલ થઈ ગઈ છે. તમે ભૂરિયાને માર્યો ત્યારે કાળ ચોઘડિયું ચાલતું હતું. એને માર્યો ખરો, પણ દાટ્યો નહિ. એનો જીવ કૂવામાં ફરે છે. કૂવો પૂરી દ્યો, નહિતર ગામ આખાને એ ખાઈ જશે..."

એજ દિવસે ગામ વછૂટ્યું. ચારે બાજુથી માટી લાવી કૂવો પૂર્યો. પાણી રેડી, માટી ખૂંદી કૂવો પૂરી દીધો ને ગામ હાશ અનુભવવા લાગ્યું.

પછી તો એ જગ્યાનું નામ 'ભૂરિયો કૂવો' પડ્યું.

કેશા માધાની બીજી પેઢીએ શાળામાંથી 'ભૂરિયો કૂવો' ની વારતા સાંભળી આવેલો પૌત્ર દાદીને પૂછે છે કે દાદી, એ ભૂરિયો કોણ હતો? એને લોકો ભૂરિયો કૂવો કેમ કહે છે?

દાદીની આંખમાં ઊંડોને ઊંડો એક કૂવો ખોદાય છે ને એ કૂવામાં કોઈની લોહીલુહાણ લાશ તરે છે. એ કંઈ કહેવા મથે છે, પણ એમના મોંમાં થીજી ગયેલો અંધકાર એમને ડુમાવે છે. ■

***શ્રેષ્ઠ પુરુષ તે છે, જે બીજાઓનાં હિતમાં લાગેલો છે.***



# ભૂરિયો કૂવો

• મફત ઓઝા •

હવે ત્યાં આવળ ઊગી ગઈ છે. ભેળાં બાંટવાં પથરાયાં છે. ચોમાસું વીતવા આવ્યું છે એટલે ત્યાં ઊગી ગયેલું ઘાસ સૂકાવા લાગ્યું છે. ત્યાં સમથળ ઊંચાઈ પર આછી ગોળાકાર ટેકરી છે. ટેકરી ઢાળ ઊતરતી લાગે છે. ત્યાં પડખે માતાજીની દેરી છે. એ અપૂજ છે. એનાથી અછોડાવા છેટે વડ છે. ગામવાળાં કહે છે કે ગામની થાંભલી નંખાઈ ત્યારથી આ વડ છે. હવે તે અડધો પડધો સૂકાઈ ગયો છે. આછો પાતળો લીલો છે. ભાગોળે હવે કોઈ બેસતું નથી, સિવાય કે બસમાં બહારગામ જનારાં લોકો...

એ ટેકરી કુદરતી નથી. ત્યાં કૂવો હતો. ગામનાં લોકો ત્યાંથી પાણી ભરતાં હતાં. એ કૂવો ગામલોકોએ બે દિવસ અને બે રાત જાગી માટી નાંખી પૂરી દીધો હતો. પછી ત્યાં ભાગ્યે જ કોઈ જતું. આ ચોમાસામાં આવળ ભેળો એક છોડ ઊગ્યો હતો. એ છોડ શાનો હતો એ કોઈ કહી શકતું નહોતું. એને બે ફૂલ આવ્યાં હતાં લગાલગ. એમાં એક સુકાઈને લચી પડ્યું હતું ને બીજું ત્યાં હતું તેમ ચીટકી રહ્યું હતું. એની કોઈ ગંધ કે સુગંધ નહોતી. ત્યાં ક્યારેક ક્યારેક ઘેટાં-બકરાં ભેળી ભેંસોય આવી ચડતી. ક્યારેક તો ગામમાં કોઈકે કૂતરાને માર્યું હોય તો ત્રણ પગે દોડી આવી એક પગ ઊંચો રાખી ખાંસતું ત્યાં ઊલટી કરતું.

નળ નહોતા આવ્યા ત્યારે ત્યાં આખું ગામ પાણી ભરતું. અપવાદ માત્ર જાદવો. ગામમાં જાદવ-વણકરોનાં બે ઘર હતાં. વારપ્રસંગે વણકરની જરૂર પડે એટલે ગામ ભેળા વણકરને વસાવેલા બે ભાઈ હતા. એમાંથી આજે પંદર થયાં છે. પંદર ઘર ગામકૂવેથી પાણી ભરી ના શકે. ગામ સીમાડે તળાવ. ત્યાં હોળી સુધી પાણી રહે. ત્યાંથી પાણી ના મળે એટલે ત્યાં ઢેકવો કરી એ લોકો પાણી વાપરે. દરેક ઘરે એક માટલું પાણી મળે. એમાં એમને નાહવાનું, પીવાનું ને પાવાનું કોઈ મહેમાન આવે તો-

તરસે ટળવળતાં કોઈ ગામ કૂવે જઈ માટલી લઈ બેસે. "હાળાંએ...કૂવો અભડાયો" એમ કહેતાં એ છલકાતો બેડે જાય. પેલાં અમથી મા ઊંચે ઘડે પાણી રેડે ને બબડે : "મૂઆં નખ્ખોદિયાં આરો અભડાવતાં આયી જ્યાં...જાંવન્...ચાંમડાં પકવવાના કુંડમાં જૈન્ પડાંન્..." આ એમને ના ગમતું. પંદર ઘરે મળી કૂવી કરી. બીજે જગ્યા ન મળી તે કુંડ પાસે. કૂવીમાં લાલ પાણી નીકળ્યું. એય વાંઝિયણ...ટુવા પાસે ને એ જળવતી થાય....બાકી તો એમાં ભૂતડાં ભૂસકા મારે...

હં....પેલા કૂવાની વાત કરતો હતો. ત્યાં કૂવો હતો. સગાંસંબંધીઓમાં વેરઝેર થાય ને કોઈ વેરવી કૂવામાં કેરોસીન રેડી દે એટલે ગામ પાણી વિનાનું. છેક દોઢ ગાઉ જઈ કેશા માધા લાંઘણોજાની ડંકીથી પાણી ભરી લાવવાનું. એ ડંકી ઠૂસ....ઠૂસ...અવાજ કરવા માંડે એટલે બૈરા બેડાં લઈ છેક ત્યાં લાંબા થાય. કેશા માધા પાછો આંખનો રાતો. એ કોઈને તતડાવી નાંખે ને કોઈને હોજ પર ચડી બેડું ભરી આપી માથે ચડાવી આછું આછું મલકે. એમાં એણે ભૂરિયાની વહુને કહી રાખેલું કે તારે ખરે બપોરે આવવું. ભૂરિયાની વહુને દેખે ને ઢાળીઓમાં ખળખળ જળ વહે એમ રેલાય. "ભા, અમો તો તમ્મારાં છૈયાં-છોકરાં...." એમ કહેતી ખાસ્સી દૂર ઊભી રહે ને ઘુંઘટો તાણી રાખે. કેશા માધાએ એકવાર હાથ ઝાલ્યો તે કરગરી કહે : "બાપા...અમો તો ઢેડ....અમન્ અડાં તો તમારાં હાત ભવનાં માવતર નરકમાં જાંય..." કેશા માધા અટકી ગયેલો છેટેથી એના જુવાનજોધ દીકરાને જોઈ. પણ એના મનમાં રમતાં ઘોડાં હજીયે રમ્યા કરતાં હતાં.

કેશા માધાના ખેતરને અડીને ગામમુખીનો આંટો હતો. ભૂરિયો ત્યાં ભાગિયા તરીકે કામ કરતો. ભૂરિયાને ટેકો કરવા એની ઘરવાળી હતલી આવતી. કેશા માધાએ ખેતરમાં ઢેફાં ભાગતા ભૂરિયાને બોલાવ્યો. બંડીના ગજવામાંથી બીડી કાઢીને સાથે બાક્સ છૂટી ફેંકી...

ભૂરિયાએ બીડી-બાકસ લીધાં. એણે બીડી બે દાંતની જગ્યા વચ્ચે દાબી, બાકસમાંથી દિવાસળી કાઢી એક ઘસરકે એને પેટાવી લાંબા ઊંડા શ્વાસ લઈ બીડી સળગાવી. બીડી આગળથી સળગી ને બે-એક ફૂંકમાં તો એ લાલ લાલ ગલવાળી થઈ. ભૂરિયો બીડી પીતો તાનમાં લાગ્યો.

"બોલ ભૂરિયા, તાર્ મારે ત્યાં આવવું છ?"

*જ્યારે પણ ભગવાન પાસે કંઈ માગો તો દિમાગથી નહીં પણ નસીબથી માંગજો.*

"મખી બાપાને ત્યાં સુખી છું..."

"મખી તન્ હું બંધાઈ દે છ?"

"તોય બાપા...કાઠાં વરહમાં ટેકો આલ્યો છ તે..."

"ઠીક એ તો...હમજ્યાં...તાર્ આવવું હોય તો તન હવાયું કરી આલું...."

"માર્ ઝાઝી ચ્યાં ઝફા છ્ કેશાબાપા...?"

"અલ્યા, વધુ હશે તો કાંમમાં આવશે."

"વચારું..."

"તાર્ કોઈન્ પૂછવાનું છ?"

"ઘરવાળી છ તે...હોવ્..."

"પૂછી લે. કાંમ કરશે તો ઈનોય ભાગ વધારી આલીશ..."

"પૂછી લઉં..."

"લેં બીડી પીલે..."

ભૂરિયાએ છૂટી ફેંકાયેલી બીડી બે હાથથી ઝીલી લીધી. એણે ડાબા કાને અવળી ભરાવીને ઊભા થતાં બોલ્યો : "બાપા...ઈમ્ કરાં....દોઢું કરી આલાં. કોઈન્ પૂછવું નથી ન્ ગાછવુંય નથી."

"જા...કબૂલ...બાપના બોલથી. આલ્યું..."

"અખાત્રીજથી આવી જઉં..."

"પાકું..."

"અડધું અગઉથી આલવાનું..."

"આલ્યું...."

"તો ભૂરિયો તમારે ત્યાં..."

એ વાક્ય અધૂરું મૂકી સીધો ખેતર વચ્ચે પડ્યો. એની પીઠ જોતા કેશા માધા મનમાં ને મનમાં ચણભર્યા : "હવ્ ચ્યાં જવાની છ્?" એમણે સળગાવા માટે ગડીમાંથી કાઢેલી બીડી મસળી નાંખી.

ભૂરિયો કેશા માધાનો પાણતિયો થયો. એની લગની એવી તે કામ કરતી વેળાએ બીજું કંઈ ના જુએ. એ ઘણી વાર ખાવાનુંયે ભૂલી જાય. એની ઘરવાળી હતલી રોટલા બાંધી ખેતરે આવે ને એય કામમાં લાગી જાય.

"થોડા આડે પડખે થતા હોય તો..."

"દોઢું આલ છ કેશાબાપા..."

"આલ તે શી દયાદાંન કર્ છ!"

"જીનો રોટલો ખઈએ ઈનું કાં તો..."

ઢોચકીમાંથી તાંસણામાં છાશ રેડતાં એ ભૂરિયાની નજીક સરકી. જરાય શેઢે ઊભેલા કેશા માંધાની આંખમાંથી શિયાળવાં કૂદી પડ્યાં. એ શેઢે ભૂરિયા પાસે આવ્યા. હતલી જરાક ઊંચી થઈ, સાલ્લાનો છેડો ખેંચી માથે સરખું ઓઢી લાજ કાઢી આવળી ફરી બેઠી.

"ભૂરિયા, હું ખાવાનું લાઈ છ તારી ઘરવાળી?"

"બાપા, અમાર્ મજૂરિયાંન હું ખાવાનું હોય! ધૂળ ન્ ઢેફાં? બાજરાનો રોટલો ન્ છાહ."

"હાળું...મેઠું લાગ..."

"મેઠું તો છ..."

"થાય છ ક્ અપ્પાહ તોડી નાંખું..."

"કુણ જુએ છ? આલું બટકું? છાહ છ...."

એણે કંઈ જ ઉત્તર ના આપ્યો. એ સંકોચાતી જતી હતી. કેશા માધાની નજર ભમરીના જેમ હતલી પર ભમતી કોરતી હતી.

"બેય હાંભળાં...તમન્ વાત કરવાની છ..."

"કાંહ બાપા...મારા ભાયગ કે તમે અમન્ તમારા દલની વાત કરો તે-"

"વાત એમ છ ક..."

ભૂરિયો છાશનો છેલ્લો ઘૂંટડો પી વધેલા રોટલા પર કપડું ઢાંકવા લાગ્યો. હતલીએ વાડકીને ઢોચકી લઈ ભેગાં કર્યાં.

"તન્ ખબર છ્ ન્ તે આપણે ચૂંટણીમાં ઊભા છૈયે..."

"હા...બાપા...વાતતો ચેચેપેચે થાય છ..."

"ગામનો ધણી થવાનો. સરપંચ..."

"મારાં કેશાબાપા સરપંચ થવાના... ગામના ધણી એય... એય..." ભૂરિયો અધડૂકો બેઠો થઈ નાચવા લાગ્યો ને ઉપરાઉપરી પાંચ-છ ફુદરડી ફરી ગયો. હતલીએ લાજમાંથી કેશા માધા સામે જોયું તો કેશા માધાનું મોં કૂતરા જેવું લાંબું થઈ ગયેલું ને લખ... લખ... જીભમાંથી લાળ ટપકતી હતી. હતલીથી ના રહેવાયું એટલે થોડે દૂર નીકમાં પૂંછડું પટપટાવતા કાળિયાને ઢેફું ઉગામી બોલી : "મૂઆ કાળિયા... તારું પૂંછડું ચમાર ચીરે... ટળ આંયથી..."

"ભૂરિયા...ઉનાળું બાજરી નેંઘલી છ...તારે ને હતલીએ લેવાની છ..."

"કેશાબાપા... જરાય ચંતા ના કરતા... તમતમાર્ લડાં ચૂંટણી, બધુંય હંભાળી લઈશું..."

"ઘરવાળાં નજર રાખતાં રસી...છૈયો તો કોલેજ ભણ છ... એ કુંવરનાં હાડકાં કાંય નમવાનાં નથી..."

"કાચીનું હું કામ છે? અમે બે બસ છીઅ્..."

"તોય્... તમન્ ટેકો ર..."

કેશા માધા ચૂંટણીમાં ગૂંથાયા. એ આખો દિવસ ને રાત ગામમાં. એમનાં પટલાણીએ સમજીને ખેતી, ઢોરઢાંખર સંભાળી લીધાં. એ વહેલાં ઊઠી ખેતરે જાય. ખેતરમાં કોઈ રાતવાસો રહે તેમ ન હોવાથી ભૂરિયો ડંકીની પાસે ખાટલો નાંખી સૂઈ જાય. ઠાકરડા કોમ રાતના આવી એંજિન ખોલી દાગીના કાઢી જાય. પટ્ટા ચોરી જાય. ભૂરિયો ઊંઘતો-જાગતો હોય એટલે પડખેથી નીકળી

*ઝીણા ઝીણા દોષ માનવીને ડૂબાડવા માટે પૂરતા હોય છે.*

જાય બીજી પામાં.

એક રાતે વણકરવાસમાં મધરાત વીત્યા પછી બૂમાબૂમ ને કાગારોળ થઈ. ભૂરિયાના છાપરા આગળ લોક ભેળું થઈ ગયું હતું.

"કોઈ પડછાયો ભૂરિયાના છાપરામાંથી ભૂત જેવો ભાગ્યો હતો..."

કેટલાંક કાન કરડતાં કહેતાં હતાં કે એતો-

વણકરવાસમાંથી ભાગી કોઈક સીધા નેળિયે થઈ ખેતરોમાં હૂંહળું પડ્યું હતું.

હતલી ગાળો દેતી ઊભી હતી : "ઈનું નખ્ખોદ જાય તે કૂતરાંના દિયોરન્ ચ્યાંય ફાટી પડવા ન્ મળ્યું તે આંય ગુડાણો? એતો ઈની બુન્ ન રાખવાવાળો નાઠો...નઈત્ર ઈન્ આદમીમાંય ના રેહવા દીધો હોત..." પછી એ નીચે બેસી ગઈ ને મોં વાળી રોવા લાગી. બીજા દિવસે ગામમાં ચૂંટણી હતી એટલે બધું દાબડદીબડ રાખ્યું...

પટલાણીની આંખ બૂમાબૂમ અને બરાડાથી ખૂલી ગઈ. એ ખાટલામાંથી ઊઠી. ઓસરી બહાર આવી બેઠેલી ભેંસના પૂંછડે બેઠી. એ ખાસ્સું બેઠી. સાપ સરકતો હોય એવો અવાજ ધીમો થયો ને પટલાણી નાક નાસોટી હાથ ભેંસના પૂંછડે ઘસી ઊભાં થયાં ને આકાશમાં હરણો જોવા લાગ્યાં. "ઓ...હો...વલોણું કરવાની વેળા થઈ ગઈન્..."

એમ કહેતાં કમાડા ઉઘાડી ખડિયો કરી અજવાળે ગોળી ગોઠવી, રવૈયો મૂકી, માંકડી બાંધી વલોણું કર્યું.

છાશના છાંટા, વલોણાનો ધમ્...ધમ્...અવાજ ને હલકાતો દેહ-એમનેય વલોવતાં હતાં. ખડિયાના અજવાળામાં એમનો હાલક-ડોલક થતો પડછાયો જોતાં પટલાણીને શરમ આવી. એનાથી બોલાઈ ગયું. એ સાંભળે એવું

'ચૂંટણીમાં પડ્યા છી તે...વલોણું કરાવવાય ડોકાતા નથી...'

વલોણું અધૂરું મૂકી એ ઊભાં રહી ગયાં. એમને પહેલી વાર હાંફ ચડી. એમની સ્મૃતિ જાગી ને એમને આંખ સામે દેખાવા માંડ્યું. મોટી મોટી ગોળી. મેરુ પર્વતનો રવૈયો. વાસુકી નાગનાં નેતરાં...ને ધમ...ધમ...બધું. પટલાણીને બધું ધમધમતું લાગ્યું.

એ વલોણું મૂકી દાતરડીને ફાંટિયામાં વાળી ખેતરે નીકળ્યાં. વલોણું કરાવવા એમના જેઠ ખેતરેથી આવતા સામા મળ્યા.

'એટલાં વહેલાં ખેતરે...?'

'તમારા ભઈ તો ચૂંટણી લડ્ છ...કુણ હંભાળ રાખ બાજરીની? ઊંઘતા રઈએ તો હાળાં ઠાકરડાં ઊભું લણી જાય..પછ?'

પટલાણી ખેતરે પહોંચ્યાં ત્યાં ભૂરિયાને ઢાળિયા પાસે પેશાબ કરવા બેઠેલો જોયો. એ છેક એની પાસે ગયાં એટલે ભૂરિયો અડધા પેશાબે ઊભો થઈ ગયો. એ ગભરાયેલો... 'તમે' કરતો ઊભો રહી ગયો.

'ભૂરિયા, બીજું કંઈ કામકાજ છ ક નૈ?'

શિયાંવિયાં થતો ભૂરિયો સાંઠો થઈ ગયો. પટલાણીએ તેનો હાથ પકડ્યો.

'આ હું કરો છો? તમે અભડાઈ જ્યાં...હું નરકમાં જવાનો બા...'

'હેંડ...બાજરિયાં લણવાના છ...'

'અજવાળું થાય એટલે...ઈમાં એળું ઝાંઝરું હોય તો-'

'હેંડન્...'

પટલાણી આગળ થયાં ને ભૂરિયો પાછળ, એ જાણે એમની પાછળ ઢસડાતો હતો...બાજરીના ખેતરમાં પવન વહેતો તેથી પાણઠમાંથી સરતી નાગણો જેવો સૂસવાટો આવતો હતો. ભીનાશથી નાક ભરાઈ જતું હતું. પટલાણીએ મોટું બાજરિયું ભાગી ભૂરિયા સામે ઘસી પૂછ્યું.

"કેવડું મોટું છ ન્?"

"હોય...એતો..."

"જો તો ખરો ભૂરિયા...આવડું મોટુ બાજરિયું મીં નથી જોયું. થાય છ ક"

પટલાણી બાજરિયું બતાવવા ભૂરિયાની લગોલગ ગયાં ને એને બાઝી પડ્યાં. ભૂરિયો પડતાં પડતાં રહી ગયો ને એ તો પટલાણીની કાયામાં ઢંકાઈ ગયો. આકાશમાં તારો ખર્યો ત્યાં કોઈનો અવાજ સંભળાયો : "ની...ઈની બુનન્ પૈણું ગામમાંથી ચિયોક દિયોર જ્યા..." ભૂરિયો ઊભી બાજરીએ ભાગ્યો તે-


હજી સૂરજ ઊગ્યો નથી ત્યાં ગામના લોકોએ ભૂરિયાને કપાસમાંથી શોધી કાઢ્યો મારતા મારતા ગામમાં લઈ આવ્યા. એનું મોં મારથી ફૂલી ગયું હતું. શરીરે સોજા આવી ગયા હતા ને માથામાંથી લોહી દદડતું હતું. જે આવે એ ભૂરિયાને ગડદો-પાટુ મારે. આખા ગામમાં ને નજીકનાં ગામોમાં તો તરત વાત વહેતી થઈ કે કેશા માધાની ઘરવાળીને ઢેડે અભડાવી. રાંડે એનું પડખું સેવ્યું એ ચોરી કરી આવતા માસંગજીએ જોયું.

ભૂરિયો અધમૂઓ થઈ ગયો હતો. વણકરવાસમાં પેસી ગયેલા ટોળાએ મારઝૂડ કરી ને હતલીનાં લૂગડાં ફાડ્યાં. બીકનો માર્યો વાસ ખાલી થઈ ગયો.

આંખે અંધારાં આવી જતાં ભૂરિયો નીચે બેસી ગયો હતો. દૂરથી આવતા ટોળાને જોતાં હવે માર નહિ ખમાય એ બીકથી એ મારતાં અને થાકી ઊભેલાં વચ્ચેથી એ ભાગ્યો. એને થયું કે વધારે નહિ દોડાય એટલે એણે પાછળ જોયું. એને પકડવા ને મારવા આખું ગામ એની પાછળ દોડતું એને દેખાયું. એ થોડાક પાછો વળી ઢાળ ચડી કૂવામાં પડ્યો.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૧૫ ઉપર)**

*નાની સરખી વ્યવસ્થા લાંબાગાળે ફાયદારૂપ બની શકે છે.*



# નિરાંત

• મોહન પરમાર •

**આ**તો દરરોજના ભવાડા. એક દા'ડોય ખાલી ગયો હોય તો ટાઢક વળે. નાની બાબતમાંય રાડારાડ. છોકરાંય બિચ્ચારા રાડ પાડી ગયાં છે. સુસવાટા કરતો ઘરમાં આવે, ને પંખા નીચે ઊભા રહી ખમીસ આઘુંપાછું કરી પરસેવો નિચોવી નાખવા મથે. તે વખતે મોટી મોટી મૂછો ફરફરતી જોઈ શાંતા ડરની મારી નીચું જોઈ જતી. આંખો ઊલટસૂલટ કરી લીંબું જેવડા ડોળા કાઢી ઘરમાં જોયા કરે. બધુંજ ઠીકઠાક હોય, કશી ભૂલ ન હોય તોય પાણીમાંથી પોરા કાઢે. એકાએક ઊંધી ખોપરી વણસી બેસે. પછી તો જોવા જેવી થાય. રાડો તો ચાલીની ત્રીજી હરોળમાં સંભળાય તેવી પાડે. ત્રાહિમામ. શાંતા અડધી અડધી થઈ જાય. 'ભૈસાબ, બંધ થાવ હવે!' પણ મુછાળો મરદ એમ કાંઈ બંધ થાય? ચાલીમાં પોતાની ધાક ઓછી ન થવી જોઈએ તેવું વિચારી બમણાવેગે ગુસ્સે ભરાય. ઘરનું રાચરચીલું આડેધડ પછાડે. શાંતા તો બિચારી મૂંગી થઈને બેસી રહે. સામે તો એક હરફેય બોલવાનો નહિ, જો બોલ્યા અને વાંકું પડે પછી તો.... શાંતા છોકરાને ઝટપટ તૈયાર કરીને નિશાળે મોકલી દે. બન્ને એકલાં પડે. શાંતા તો પોતાના કામમાં ગળાડૂબ. એ આડો પડે અથવા ટી.વી. જુએ અથવા આયનામાં મોં કરી વારંવાર મૂછો આમળ્યા કરે. એક દિવસ શાંતાથી વેઠાયું નહિ. એતો બોલી પડી. 'રાતદા'ડા મૂછો આમળ્યા વના કાંય કામધંધો કરો.' 'શું કીધું તેં?' આયનો પછાડી શાંતા તરફ ડોળા કાઢતાં બોલ્યો.

પહેલાં તો શાંતા ડરી ગયેલી, પણ કહેવું જ છે તો કહી નાખું એમ મન મક્કમ કરીને બોલી :

'ક્યાં સુધી ઘરમાં પડ્યા રહેશો. કાંક કામધંધે જાવ!'

'કહેવું પડે ભઈ! તું તો ભારે જિગરવાળી. મારી સામે બોલતાં તારી જીભ કેમ ઊપડી? લે, તું જ કહે કયા દા'ડે તું ભૂખે મરી...'

વાત તો એની સાચી હતી. શાંતાએ મનમાં વિચાર્યું. સાલું કદી મને કે છોકરાને એણે ભૂખે મરવા દીધા નથી. ઘરમાં કોઈ ચીજ ખૂટવા દીધી નથી. આમ મરદ માણસ છે, ચાલી તો શું, આખા પંથકમાં એની ધાક વાગે છે. કામધંધો ના કરે પણ બે કલાક જ બહાર નીકળે, ને અઠવાડિયાનો બંદોબસ્ત. થોડું જગા પર હેત ઊભરાઈ આવ્યું. પરંતુ બીજી પળે જગાએ હાકોટો કરેલો ને શાંતા થરથરી ઊઠે તેવાં વેણ એ બોલેલો : 'રાંડ, નવરી બેઠી બેઠી મારી મૂછોની ઈર્ષ્યા કરે છે. આ તારા ધણી સામે કોઈ ચૂં કે ચાં ન કરી શકે અને તું કભારજા, મને કામધંધે જવાનું કહે છે? હટ્ટ...!' જગાએ શાંતાને લાત મારવા જેવું કરેલું. શાંતા એની નજર સામેથી ખસી ગયેલી.

જગાને સારું લાગે તે માટે કઈ લાગણી કામે લગાડવી તેની સ્ત્રી સહજ ચેષ્ટા જ એ ભૂલી બેઠી હતી. હમણાંથી કામમાં દિલ ચોંટતું નહોતું. જગાની જોહુકમી વધી પડી હતી. બહારથી આવે કે તરત જ ઘરમાં ફૂંફાડા મારે. શાંતાને થરથરાવી દે તેવી ગાળો બોલે. એ હવે ગાળોથી ટેવાઈ ગઈ હતી. છૂટકો પણ નહોતો. જગાનો એક હાકોટો અને તેલમાં માખ. બિચ્ચારી શાંતા... પડોશીઓ આગળ ખુલ્લા મને કશું કહી શકતી નહોતી. અંદરને અંદર મૂરઝાઈ ગઈ હતી.

ઘણીવાર જગાના સ્વભાવ પર એને હસવું આવતું. તો કોઈવાર દયા. કોઈકવાર રડવું આવતું તો કોઈકવાર ગુસ્સો. ઘણીવાર હૃદયમાં બધું એકસામટું ઊમટી પડતું. જગાની દરેકે દરેક હરકતો પર એના ભાવ પલટાતા રહેતા. ઘણીવાર એકલી બેઠી હોય ત્યારે થઈ આવતું કે આ માણસ કઈ માટીમાંથી ઘડાયો છે. માણસ જેવી કોઈ રીતરસમ જ નહિ, જાણે પશુ... ચોપગું. ધીરે ધીરે પગલાં માંડીને તરાપ મારવાની, પછી આળસ મરડી ઊંઘી જવાનું. આ સિવાય એને બીજું કશું ક્યાં સૂઝે છે? અને જે સૂઝે છે તે સાવ અળવીતરું. થકવી નાખે તેવું. પણ એ ધર્મ નિભાવ્યા સિવાય છૂટકો નહોતો. મોડામાં મોડો નવ વાગે તો એ ઘરે હોય જ. કોઈકવાર મોડું થાય તો છોકરાને ખવડાવી શાંતા ભૂખ્યા પેટે જગાની રાહ જોતી. જગો તો એના સ્વભાવ મુજબ મારકૂટ કરતો આવતો. હાથ-મોં ધોઈ જમવા બેસી જતો. કશું પૂછે નહિ. ખાવા પીરસતી શાંતાના મોંની રેખાઓ ઉકેલવા મથે. જમતાં જમતાં મૂછ પર અનાજ ચોંટ્યું હોય તો હાથ વડે મૂછનો લોચો લૂછતાં કરડાકી નજરે શાંતાની સામે જોતો, ત્યારે શાંતાના હાથમાંથી અચાનક ચમચી પડી જતી.

'મુછાળા મરદની લાજ રાખ જરા....હાથમાંથી ચમચી શેની

*આપણું જીવન આપણા માટે નહીં, પણ બીજાઓના હિતને માટે છે.*

પડી જાય.'

શાંતા કશું બોલે નહિ. એટલે જગાનો ગુસ્સો સાતમાં આસમાને.

'કહું છું મોંમાં મગ ભર્યા છે!'

'ના.'

'જો પાછી...'

જગો ડોળા કાઢી જમતો જાય. શાંતા એની સેવામાં હાજરાહજૂર. એક મિનિટ પણ એને જમતો મૂકીને આઘાપાછા થવાય નહિ. જમ્યા પછી રસોડાની સામે ઢાળેલા ખાટલામાં એ આડો પડે. પડખું ફરીને ટગર ટગર આંખો ફેરવ્યા કરે. એની આંખોનો કડપ ન વેઠાતાં રસોડાના એક ખૂણે લપાઈને શાંતા જમવા બેસે. એકાએક બીડી અને બાકસ લેવા જગો ઊભો થાય કે એની નજર શાંતા પર પડી જાય.

'તું હવે જમવા બેઠી?'

'હા.'

'તે રાંડ, વહેલા જમી લેવું જોઈએ ને! અડધી રાત કરી. ઊંઘવું નથી કે શું?'

શાંતા મોં મચકોડી રુદન અને હાસ્યમિશ્રિત ચહેરો જગા સામેથી ફેરવી લે. જગો નીચે નમીને શાંતાના ચહેરા સામું જોઈ તાડૂકે.

'શેનું ફી ફી આવે છે?'

'પણ હું ક્યાં હસી છું?'

'હમણા મેં તને હસતાં ભાળી.'

'જાવ, હસી. શું કરવું છે?' શાંતા છણકભણક કરતી ઊભી થઈ જાય. ખાવાનું ઠેલી મેલે. એની આંખોમાં મોટાં ઝળઝળિયાં ધસી આવે.

'કહું છું ચાળા કરવા મેલી દે. હમણાં તો ફી ફી કરતી'તી. હવે રોવાનું નાટક....'

'આ આદમીને શું કહેવું?' એવાં મનોમન ધસી આવેલાં વેણ ગળી જઈને એ ચોકડીમાં બેસી પડે.

'જલદી કરજે.'

'શું કામ છે?'

'તારી માનું...સમજતી નથી રાંડ!'

જગો શાંતાની કાયા સામે ઝીણી નજરે જોયા કરે. આ તો નિતના ફંદા. શાંતા હોઠ ભીડીને ગુસ્સો કાબુમાં રાખવા મથે. પણ ગળામાં ગણગણાટ ચાલુ હોય; 'ભાનાદિયોર ડસીને આયો છે તે છાનોમાંનો ઊંઘી જાને... મારું લોહી પીધા વિના...' એ ઠંડા કલેજે વાસણ ઊટક્યા કરે.

છોકરાં તો વહેલાં વહેલાં ઊંઘી ગયાં હોય. જગાની નજર શાંતાની કાયાને અડપલાં કરતી રહે. શાંતા ત્રાંસી આંખે જગાની બધી ચાલ જોયા કરે. 'આમ તો મૂછનો આંકડો હેઠો પડવા દેતો નથી, ને હવે કેવો નમાલો થઈને હડકાયા કૂતરાની જેમ લાળ દદડાવી રહ્યો છે...' નકારો ભણવાનું મન થાય. પણ એના ભવાડાની ભારે બીક. પાછો ચાલીની ત્રીજી હરોળમાં ખબર પડી જાય તેવી બુમરાણ મચાવે. ના જાણતું હોય તેય જાણી જાય. પછી તો પોતાનો ધજાગરો. વાજ આવી ગઈ હતી તોય એની દોરવાયી દોરવાયા કરે. થોડો પીને આવ્યો હોય પછી તો વાત જુદી. આખી રાત છમકલાં, કોને કહેવું. પડોશીય કંટાળ્યા હતાં. 'તમારા ઘરમાં આ રોજ શેના ભવાડા છે?' એવું કોઈ સંભળાવે ત્યારે એની આગળ ખુલાસો ય શું કરવો?

પાંચ દિવસ પહેલાંની વાત છે. એ બરાબર પીને આવેલો. લૂછ લૂછ ખાઈને ઊભો થઈ ગયેલો. એની આંખ પારખી ગયેલી શાંતાએ ઝટપટ વાસણ ઉટકી નાંખેલાં. એ ચોકડીની ઓટલી પર પગ થપથપાવતાં પડોશણ સાથે વાત કરવા રોકાઈ એટલી પળોમાં તો જગો રઘવાયો થઈ ગયેલો. ઉપરાઉપરી બીડીઓ ચૂસવા લાગ્યો. પડોશણ જોડે કશીક વાત કરવામાં બન્ને જણી ખડખડાટ હસી પડી. જગાથી જીરવાયું નહિ.

'હવે હસ્યા વિના છાનાંમાનાં ઘરમાં આવો.' શાંતા ફફડતી ફફડતી ઘરમાં આવી. જગાએ લાલ આંખો કરીને શાંતાને ઝાટકી નાખી.

'તું જાડી ચામડીની થઈ ગઈ છે. માર ખાવાનો વિચાર છે કે શું?'

'મારી નાખો લ્યો, આ ઊભી.'

જગાને તો સ્વપ્નેય ખ્યાલ નહિ કે શાંતા આમ વીફરી બેસશે. જો વાતનું વતેસર થઈ જશે તો? એ સમય પારખી ગયો. નરમાશથી શાંતાની પાસે ગયો. ને આંખો નીચે ઢાળી દીધી. પછી... બીજે દિવસે પડોશણ મળી. પડોશણે તો શાંતાને ચોખ્ખું પરખાઈ દીધું.

'જગાભાઈ તો ભારે આકરા. તમને તો બૈરાંની જોડેય ઊભા રહેવા દેતા નથી.'

'હું શું કરું? પણ...'

શાંતા રડી જ પડી. પણ મન કાબુમાં રાખી બધી બાજી સંભાળી લીધી. બે દિવસ ઘરની બહાર નીકળી નહિ. ત્રીજા દિવસે જગો રાત્રે ખૂબ જ મોડો આવ્યો. રોજની જેમ મારકૂટ કરતો ખાવા બેઠો નહિ. સીધો જ ઊંઘી ગયો. સવારે વહેલો ઊઠીને ક્યાંક ચાલ્યો ગયો. શાંતાએ પૂછ્યું નહિ, કે જગાએ કશું કહ્યું પણ નહિ. આખો દિવસ બહાર રહ્યો. રાત્રે આવવાની ધારણા હતી શાંતાને. પણ રાત્રેય ન આવ્યો. બીજા દિવસે બપોરે આવ્યો. એ હજી તો માંડ હાથપગ ધોઈ ખાટલા પર બેઠેલો ત્યાં એનો નાનો છોકરો રડતો રડતો ઘરમાં પેઠો. પાછળ બીજાં છોકરાનું ટોળું હતું. શાંતા જગાને પાણી આપી પાછી વળતી હતી ત્યાં એનું ધ્યાન છોકરા પર પડ્યું. ફાળ પડી. ઝડપથી દોડી. છોકરાને બાથમાં લઈ લીધો.

'શું થયું ભઈલા!'

*બીજાઓના દુઃખથી દુઃખી થવું એ સેવાનું મૂળ છે.*

'વનરાજના છોકરાએ ઈંટ મારી.' બે-ત્રણ છોકરા એકીસાથે બોલી પડ્યા...

'હેં...!'

શાંતાએ કપાળ ઊંચુ કરીને જોયુ તો સહેજ ઘસરકો પડ્યો હતો. તેમાંથી થોડી લોહીની ટશરો કપાળ પર ફૂટી નીકળી હતી. શાંતાએ છોકરા સામે જોયું. છોકરા વાતનું વતેસર કરી મેલશે. ને પેલો ઝાલ્યો નહિ રહે... છોકરાની સાથે ટોળું જોઈને જ જગો ચમક્યો હતો. કપાળમાં લોહી ચોંટેલું જોઈને એ ઊભો થઈ ગયો.

'કોણે માર્યું?'

'વનરાજના છોકરાએ.'

એણે ખીંટીએથી ખમીસ ઊતાર્યું. શાંતા દોડીને એની પાસે આવી ઊભી. ખમીસની બાંયમાં ઘાલેલો હાથ પકડી લેતાં બોલીઃ

'હું તમને પગે લાગું છું. છોકરાને બહું વાગ્યું નથી. વાલેસરીમાં વેર ઊભું ના કરો ભૈસાબ!'

'આઘી મર રાંડ! જગાના છોકરાને કોઈ મારી જાય તો મારું જીવવું બેકાર.'


'પણ તમે રહેવા દો. હું જઈને ઠપકો આપી આવું છું. તમે વાડેથી કજિયો ઊભો કરશો.'

'શું કહ્યું તેં? ફરી બોલ!'

જગાની આંખોમાં કરડાકી દોડવા લાગી. એણે શાંતાને એવી ડારી દીધી હતી કે શાંતા બે ડગલાં પાછી પડી ગઈ. 'આ મારો રોયો આજ ભારે ઝગડો કરી મેલશે. આના નામની એકાદ દિવસેય નિરાંત ના થઈ. વનરાજભાઈને ઘેર થોડું બેસવા ઊઠવાનું છે તેય બંધ થઈ જશે. પણ આને વારવો કેમ?' એણે જગાને બાથમાં ઘાલી રાખ્યો. જગાએ પહાડી કાયાને આમળીને શાંતાને ફંગોળી દીધી. આગળ જગો અને તેનો છોકરો, પાછળ પાછળ છોકરાંનું ટોળું. ચાલી સફાળી જાગી ગઈ. શાંતા તો ફંગોળાઈને નીચી પડેલી. ઊભી થઈને દોડવા જેવું કર્યું. પણ પાછું ભાન થતાં રેઢું મેલેલું ઘર યાદ આવ્યું. એણે બારણે તાળું માર્યું. એટલી પળોમાં તો વનરાજના ઘર આગળ મોટો ભવાડો શરૂ થયો હતો. આમે ય શાંતાને હતું કે આવો આ કોઈને વગાડીને આવશે. જેમતેમ કરીને ઝઘડો ઠારવો હતો. એ દોડી. હજી તો વનરાજના ઘેર પહોંચે તે પહેલાં તો વનરાજના બે ભાઈઓ હાથમાં લાકડીઓ લઈને દોડતા આવતા હતા. પહેલીવાર આવું બન્યું હતું. જગાને જોઈ બકરી બેં થનારાં લાકડીઓ લઈને સામે આવે તે શાંતાના માન્યામાં નહોતું આવતું. બધું થંભી ગયું. હમણાં સુધી પવનને લીધે ચાલીમાં ઠંડક હતી. હવે તો પવનેય બંધ થઈ ગયો. ઉકળાટ વધી પડ્યો. શાંતા જગાની લગોલગ જઈને ઊભી રહી. વનરાજના ભાઈઓની મક્કમ ચાલ એને ન ગમી. આવા આ બેય મરવાના. 'કહું છું ભૈ, પાછા વળો.' એવો શાંતાના ગળામાં અવાજ ઘૂંટાયો. એ જાણતી હતી કે આવો આ એક હાકોટો કરશે અને વનરાજના ભાઈઓ ઊભી પૂંછડીએ ભાગવા માંડશે. પેલા બે જેમ જેમ નજીક આવતા ગયા તેમ તેમ જગાની મૂછો કડક થતી ગઈ. શરીરમાં કશોક સંચાર થયો. ને એણે એક ગગનભેદી હાકોટો કર્યો. શાંતાને થયું કે હમણાં પેલા બે નાઠા સમજો. પણ બધું વિપરીત બની બેઠું. ભારે ધડબડાટી, હાકોટા સાકોટા અને તડાતડી. ઘડીભેર તો જાણે રણમેદાન જોઈ લ્યો. શાંતાનો જીવ અધ્ધર થઈ ગયો હતો. શરૂઆતમાં તો જગાએ ભારે જોર કર્યું. પેલા બંનેને પાછો પાડતો ગયો. પછી કોણ જાણે એના પગ ઢીલા પડતા ગયા. પેલા બન્નેની સામે ઝીંક ઝીલવામાં એ પાછો પડતો જણાયો. 'મારો રોયો ડસીને આવ્યો છે કે શું, નકર આમ તરછટ ના હોય હોં....' હવે તો બિલકુલ શરણાગતિ. માથા પર હાથ રાખીને લાકડીઓનો માર ખાળવાની ચેષ્ટા. જગો સામનો કરવાની બધી તરકીબો ભૂલી બેઠો. શાંતાના દિલમાં કોણ જાણે કશુંક સાંત્વન જેવું ઊછળ્યું. 'લે લેતો જા! બહુ ચરબી ચડી હતી નઈ...!' એવા શબ્દો જીભ સુધી આવ્યા, પણ તરત જ અંતરમાં ઢબૂરી દીધા. જગાની દયનીય સ્થિતિ જાણે પોતાની હોય તેવું એને લાગ્યું. જોયું ન ગયું એનાથી. વચ્ચે પડી, લાકડીઓનો માર પોતાના હાથો પર ઝીલી લીધો. કોકડું વળીને બેસી પડેલો જગો સળવળ્યો. શાંતાની આંખોમાં રહેલી સમાધાનવૃત્તિ જોઈ પેલા બે પાછા પડ્યા. એમને જતા જોઈ શાંતાની પાછળ ઊભેલા જગાએ દોટ મૂકી. 'મારી નાખું...મારી નાખું' ના હાકોટા હવામાં ગાજ્યા. પેલા બન્નેએ પૂંઠ ફેરવી, ને જગાના પગ અટકી પડ્યા. શાંતાએ દોડીને એને બાવડે પકડી આઘો ઠેલ્યો. 'દાદાગીરી જવા દો, કહું છું બધાને ભાજીમૂળા ના સમજો. એવા એ શરમેભરમે પાછા ગયા છે. હવે ચરબી કરશો તો એવા એ ટાંટિયા જ ભાંગી નાખશે, હા....!' મક્કમ ડગલાં માંડતા પેલા બેઉની ગજવેલ જેવી પીઠ ભણી જોવાઈ ગયું. એક બાજુ નમાલો ધણી અને બીજી બાજુ ગજવેલ જેવી પીઠ. શાંતાના મનમાં ઉત્પાત મચ્યો. 'મેર મૂઆ મારી નજર સામે તું મૂતરી જયો...હવે મારો મલાજો કોણ રાખશે....હટ્ટ...' શાંતાની જાણે છાતી બેસી ગઈ. સાવ મુડદાલ જેવી જગાની હાલત. શાંતાએ મોં મચકોડ્યું. એણે પેલા બે જણની પીઠ પર નિરાંતવી નજર નાખી. એ હરખાઈ ઊઠી. જગાનો હાથ પકડીને ખેંચતાં એ તાડૂકી : 'હવે ઊભા રૃયા વિના હેંડો ઘેર...' જગો શાંતાનો દોરવાયો શાંતાની પાછળ ચાલવા લાગ્યો. પાછળ છોકરાંનું ટોળું હતું. ને મોટાંય ફી ફી કરીને મશ્કરીએ ચડ્યાં હતાં. જાણે પરાજિત રાજાનો રસાલો. સામે મળતાં માણસો સામે નજર માંડવાની પણ શાંતામાં હામ રહી નહોતી... કળીયે કળીયે જીવ કપાતો હતો. ઘર આવ્યું ત્યાં સુધી નીચી નજરે ગડમથલ કરતી રહી. જેવું ઘર ખોલ્યું કે જગો લથડિયાં ખાતો ખાતો ખાટલામાં ફસડાયો. શાંતાએ છોકરાને બાથમાં ઘાલ્યો, ને એ ઓસરીમાં બેસી પડી. મોટો છોકરો મલમપટ્ટી લઈ આવ્યો. એય શાંતાની બાજુમાં બેસી પડ્યો. બધું ભૂલીને શાંતા છોકરામાં મગ્ન બની ગઈ. પડોશણ વારંવાર પરસાળમાંથી ડોકું કાઢીને ઈશારા કરતી હતી, પણ શાંતાએ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૧૫ ઉપર)**

***સોમાંથી નવ્વાણું ટકા લોકો પોતાના અજ્ઞાનથી દુઃખી થાય છે.***



# સંભાવના

• હિમાંશી શેલત •

વિશાળ અને રમણીય કેમ્પસની ભવ્યતા વસુંધરાને લેશ પણ સ્પર્શી નહીં. આડો દિવસ હોત તો છ-સાત રંગનાં થોકબંધ ફૂલો જોઈને હરખાઈ ગઈ હોત. અત્યારે તો એની આંખો સુંદરતા જોવાનું સદંતર ભૂલી ગઈ હોય એવું. ગભરાટ અને અકળામણમાં પરસેવાનાં ટીપાં પર રૂમાલ દાબવાનુંયે યાદ નહોતું આવતું. આકાશના પ્રિન્સિપાલે એને સ્કૂલમાંથી કાઢી મૂક્યો હતો. કટોકટીના આ સમયે અવિનાશ કંપનીના કામે સિંગાપોર ગયો હતો. મોંઘીદાટ અને ટોચની ગણાતી આકાશની રેસિડેન્સિયલ સ્કૂલ બસો કિલોમીટર દૂર. તાબડતોબ પહોંચવાનું હતું અને તે પણ એકલપંડે. શું થયું એનો જવાબ પ્રિન્સિપાલે આપ્યો નહોતો.

: ફોર ધેટ યુ હેવ ટુ કમ હીઅર પરસનલી.

: બટ સર...

: પ્લીઝ, વી વિલ ટૉક વ્હેન યુ આર હીઅર.

શું બન્યું હશે અને આકાશે શું કર્યું હશે એ વસુંધરાની કલ્પના બહારનું રહ્યું. અંદરના વંટોળે બહારની દુનિયા ધૂંધળી બનાવી દીધી.

: તમારા હસબન્ડ કેમ નથી આવ્યા સાથે? હી શુડ હેવ કમ...

: એ સિંગાપોર છે, કામ અંગે...

પ્રિન્સિપાલે તીખી આંખે જોયું. એમાં ચોખ્ખો સંદેશ હતો. છોકરાને બહાર ભણવા મોકલીને તમે માબાપો મઝા કરો, કમાયા કરો, ન ઘરમાં સંસ્કારી વાતાવરણ, ન ઉછેરની કાળજી, ન વડીલોની આમન્યા.

વસુંધરાએ પાંપણ ઢાળી દીધી, ક્ષોભથી. અંદાજ આવી ગયો કે આકાશે કશું ભયાનક કર્યું છે, એવું જે માફ ન થઈ શકે. હજુ તો અવિનાશને જણાવ્યું નથી. કોઈનેયે આ વાત કરી નથી, હજી તો ખરેખર શું બન્યું છે એ અંગે પોતે અંધારામાં છે.

: શરમ આવવી જોઈએ. તમારા જેવા ફૅમિલીમાં આવા છોકરાઓ હોય તો સ્લમમાં ભટકતા છોકરાઓને કોઈ દોષ ન દેવાય મિસીસ શેઠ! ઈટ્સ રિયલી શેઈમફુલ.

ટેબલ પર પથરાયેલા મુદ્દામાલને વસુંધરા જોઈ રહી. ચારપાંચ મોબાઈલ ફોન, સ્માર્ટ, લેટેસ્ટ, એમાંનો એક નક્કી આકાશનો.

: જોવા છે આમાંના ગંદા એસએમએસ અને વીડિયો ક્લિપિંગ્ઝ? આ ગંદકીમાં તમારો આકાશ એકલો નથી. એના ચારેચાર ફ્રેન્ડઝ પણ છે. બધાંના પેરેન્ટસ્ આવશે આજે ને લઈ જશે એમના સાહેબજાદાઓને, મારે આવાં ડર્ટી માઈન્ડ નથી જોઈતા સ્કૂલમાં. હોપ યુ અન્ડરસ્ટેન્ડ માય પૉઈન્ટ. જેના મનમાં આટલી ગંદકી હોય એ કંઈ પણ કરી શકે મિસીસ શેઠ, ખબર છે? બોલાવો તમારા હસબન્ડને, ઈમર્જન્સી છે આ તો!

વસુંધરા પોતાના પેટ પર હાથ ફેરવતી, નીચું મોં રાખી, બેસી રહી. પ્રિન્સિપાલ સામે જોવાની હિંમત નહોતી. પેટ સપાટ, કોઈ બીજ અંદર પાંગરતું ન હોય એવી સ્થિતિ આવવાની નહોતી. બીજ રોપાયું જ ન હોય એ ઉત્તમ. હોય તો પ્રગટ થાય ને! પાછળ કોઈ વંશવેલા નહીં. આયખું સમેટીને, પોતાને ભાગે આવેલી જગ્યા ચોખ્ખી કરીને, વહી ગયેલાં વર્ષોની સફાઈદાર ગડી કરીને સોંપી દેવાની, પછી ચાલી નીકળવાનું ઝટપટ. પાછળ અંશ અને વંશ રાખ્યો હોય તો કહેવા થાય ને કે આ આકાશ, વસુંધરા શેઠનો દીકરો, કેવો નીકળ્યો! સઘળું નકારતાં નકારતાં, ઠેઠ પાછળ જઈને, કોરાંકટ્ટ થઈને, શ્વાસ લેવાનું કેટલું સુખકર હોય એનો તરંગ હવે કોઈ રીતે મદદરૂપ ન થાય.

સામે આકાશ છે, આકાશ શેઠ. એનું અને અવિનાશનું એક માત્ર ફરજંદ. પ્રિન્સિપાલને મનાવી શકાય કોઈ રીતે, તો કદાચ....

: લેટ હીઝ ફાધર કમ, કાન્ટ ધ સ્કૂલ ઓથોરિટીઝ વેઈટ?

: યુનેનિમસ ડિસિશન. આમાં સામેલ તમામને રસ્ટિકેટ કરવાના છે, આકાશ તમારો એકલો નથી.

એ જ ટોળું આખું. રવિ, ચિન્મય, પૂરવ, રાજુ. સારા અને સંપન્ન કુટુંબના. વસુંધરા પાસે આવી લાડથી અને હક્કથી ગરમ નાસ્તાની માગણી કરતા, શોરબકોર મચાવી દીવાલો હચમચાવતા, પિકનિક પર એકલા નીકળી પડતા, ભેળા બેસીને મૅચ જોતા અને ઉજાગરા કરીને વાંચતા.

*તમને જે કંઈ જોઈએ છે તે બધું જ મળશે, સ્મિત વેરીને મેળવો, બળના જોરે કે તલવારના ઘાથી નહિ.*

આ કોના ભેજાંનો કીડો? આટલી હલકટ અને ગોબરી વાત કેવી રીતે કરી શકે આ લોકો? છતાં કરી હતી એ હકીકત. પુરાવો નજર સામે. બચાવ એકેય નહીં.

: તમે લઈ જ જાવ આકાશને. પેપર્સ તૈયાર છે. સહી થઈ જાય એટલે...

ઑફિસમાંથી બહાર નીકળેલી વસુંધરાને આકાશ સામો ન મળ્યો. એ દૂર કારની પાસે ઊભેલો દેખાયો.

ચિન્મયના મા-પાપા ઓફિસ તરફ જતાં દેખાયાં. એમને ટાળીને વસુંધરાએ કારનું બારણું ખોલ્યું, આકાશ ત્યાં હાજર ન હોય એમ.

ફ્લેટમાં રિનોવેશન ચાલતું હતું, ખાસ તો આકાશના રૂમનું, બારમું પાસ થાય એટલે આકાશને નવા ઓરડાની ભેટ. એના ટેબલ પર જાતજાતનાં ફોર્મ, ઝેરોક્સ, કારકિર્દીને લગતા માહિતીના ઢગલા, તો વળી ડ્રોઈંગરૂમમાં વૉલપેપરના નમૂના અને રંગનાં અનેક કાર્ડનો પથારો. આપણે ક્યાં બે-ત્રણને ભણાવવાના છે કે ખર્ચની ગણતરી કર્યા કરવાની! બજેટ બહાર જતા ખર્ચને અટકાવવાના પ્રત્યેક સૂચનનો અવિનાશ પાસે એક અને અસરકારક જવાબ.

ફોટામાં ત્રણેય સાથે હોય ત્યારે દિલ ખુશ થઈ જાય એવાં આકર્ષક અને ખુશહાલ લાગતાં. એમાં આકાશ તો જેટલો દેખાવડો એટલો જ ભલોભોળો લાગે. સત્તર અઢારની વયે વળી ક્યાં કૂડકપટ અડે? કારની ઝડપ કરતાં વિચારોની ગતિ અનેકગણી વધારે. વસુંધરાએ આકાશ સાથે એક શબ્દનીયે આપલે ન કરી.

ક્યાં ચૂક થઈ ગઈ કે આવડી મોટી, શરમજનક સજા? આકાશને માટે એણે કારકિર્દી કોરાણે રાખી હતી. દીકરો ઉછેર માટે કોઈને ભરોસે નથી સોંપવો એવો મહત્ત્વનો નિર્ણય અફસોસ વિના લીધેલો. જીવનનાં સત્તર વરસ આ છોકરા પર ન્યોચ્છાવર. પૂરેપૂરું ધ્યાન આપ્યું હતું. શું વાંચે છે, શું જુએ છે, ક્યાં જાય છે, મિત્રો કેવા છે, કોની સાથે વાત કરે છે, વસુંધરા પાસે રજેરજની જાણકારી. તો આ હદે શી રીતે ગયો આ છોકરો? સ્કૂલની સોબત? કમ્પ્યૂટરનો પ્રતાપ? બ્લૂ ફિલ્મો?

કાલુંઘેલું બોલતો અને અજાણ્યાંનેયે માથું ચૂમી લેવાનું મન થાય એવો આકાશ શી ખબર કઈ ગટરમાં પગ બોળી આવ્યો! અવિનાશને આ સમાચાર આપવાની તૈયારી નહોતી. એને ખબર પડશે એટલે જ્વાળામુખી ફાટવાનો એ નક્કી. બાપ તરીકે એક પણ ફરજ છૂટી નથી ગઈ એનાથી. ગમે તેવા કામમાં પણ વખત કાઢ્યો છે. કામનું જે દબાણ હોય તે, આકાશની સ્કૂલનો કાર્યક્રમ, રમતની સ્પર્ધાઓ, પેરેન્ટસ્ મિટિંગ, અવિનાશ હાજર. દીકરો પહેલો, પછી બીજું બધું. મિત્રવર્તુળમાં અવિનાશ 'બેસ્ટ ફાધર' કહેવાતો. કશું ખપ ન લાગ્યું. મોં પર તમાચો ઠોકીને આકાશ જતો રહ્યો હોત તોયે કદાચ આટલો સણસણતો આઘાત ન લાગ્યો હોત. સમજદાર આકાશ, કદીયે જીદ ન કરતો આકાશ, કામકાજમાં મદદરૂપ થવા મથતો આકાશ, નિખાલસ આકાશ, હોશિયાર આકાશ, આ તમામથી પેલા આકાશને અલગ તારવવો. કદરૂપા વિચારો કરતો આકાશ, ચોમેર હલકા શબ્દોની ગંદકી ફેલાવતો આકાશ, સ્કૂલમાંથી બહાર ધકેલાઈ ગયેલો આકાશ. દીકરાના બિહામણા રૂપથી ડરી ગયેલી વસુંધરાએ ફરી પેટ પર હાથ દાબ્યો.

પેટ સપાટ, ચપ્પાટ, બીજ રોપાયું ન હોય એવી ભોંય જેવું સમથળ.

ઘર આવ્યું એટલે આકાશને જવા દીધો, પોતાની આગળ. લિફ્ટને જવા દીધી. કશી ઉતાવળ નથી. ઘરમાં કોઈ નથી, અને આકાશ સાથે તો એક હરફનીયે વાતચીત થવા નથી દેવી. કશું જ પૂછવું નથી. એ સામેથી બોલે તો પણ મોં બંધ.

★

બે અજાણ્યાં, ફ્લેટમાં દાખલ થયાં. વસુંધરાએ રસોડામાં દાખલ થઈ કામકાજમાં પરોવાઈ જવાનો ડોળ કર્યો જે નિષ્ફળ નીવડ્યો. મન તો હતું પોક મૂકીને રડવાનું, આકાશને હચમચાવી દેવાનું, અવિનાશ સામે જે બન્યું તે બધું ઠાલવી દેવાનું. આમાંનું એક પણ થઈ ન શક્યું. રસોડામાંથી આકાશ શું કરી રહ્યો છે તે જોઈ શકાતું હતું. એ ગુમસૂમ બેઠો હતો બારી પાસે. ભૂખ્યો હશે? સ્કૂલમાં સવારનો નાસ્તો કર્યો હશે કે નહીં? ટેબલ પર ખાવાનું ગોઠવી શકાય. પછી કહેવાનું કે ખાઈ લે, ભૂખ લાગી હશે. વસુંધરાએ બ્રેડ-બટર અને ચટણી મૂક્યાં. ત્રાંસી આંખે આકાશને જોયો. એ ખુરશી પર નહોતો. ક્યાં ગયો?

ગુસ્સો અને અકળામણ ઊડી ગયાં અને સાવ અણધારી રીતે ચિંતાએ વસુંધરાને થથરાવી દીધી. શરમનો માર્યો એ છોકરો સાતમે માળેથી પડતું મૂકે તો...? દોડીને એ બાલ્કનીમાં પહોંચી. ના, આકાશ ત્યા નહોતો. સાધનાનો ફોન આવ્યો.

: આ શું સાંભળું છું, દીદી! આકાશને રસ્ટિકેટ કર્યો, સાચી વાત?

: તને કોણે કહ્યું?

: એની સાથે એક ભણે છે ને તથાગત કરીને, એની મમ્માએ. બીજા છોકરાઓયે સાથે છે એમ કહ્યું એણે તો.


: બહુ ખરાબ લાગે એવું છે, શું કહું તને!

: આપણે ગમે તે કરીએ, છોકરાઓને અમુક અસર તો થવાની, ચોમેર કેવું કેવું ચાલે છે, અને દોસ્તી કેવી, એમની વાતો કેવી, આટલે દૂર રહ્યે ક્યાંથી ખબર પડે?

સાધના કદાચ સાચી હતી. આકાશ જેવા છોકરાને નજર સામે જ રાખવો જોઈએ, રેસિડેન્સિયલ સ્કૂલમાં ના છોડાય. એ બધું ઝડપથી ગ્રહણ કરે એવો છે અને સારા ખરાબની પાકી ખબર પડે એ પહેલાં કંઈ પણ બની શકે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૨૬ ઉપર)**

*આધુનિક યુગમાં તામસિક મનુષ્યોની ક્યાંય કમી નથી.*



# લિફ્ટની અંદરનો માણસ

• ગિરીશ ભટ્ટ •

કવિઓ, લેખકોની શિબિર હતી એ સ્થળે. ત્રણ દિવસોનો જમાવડો.

ઘટાટોપ આંબાવાડિયું, ઊંચી નાળિયેરીઓ અને પાસેજ એક વરસાદી નદી. વચ્ચે વ્યવસ્થિત બાંધકામોની ગોઠવણ, ઉતારા, સભામંડપ, કાર્યાલય, ભોજન કક્ષ, પાર્કિંગ ને એક સરસ્વતી મંદિર.

ભીડ ખરી પણ લાગે નહીં. પ્રકૃતિની ગોદ, પણ બધા જ ઉપક્રમો ઘડિયાળને કાંટે ચાલે.

ક્યાંય કોલાહલ નહીં. સહુ આમંત્રિતો સ્થળની મર્યાદા જાળવવા પ્રયત્નશીલ.

સામે સડકની પાર એક આઠ મજલાની ઈમારત. ઉતારા માટે જ તો! બે લિફ્ટ ઉપર નીચે ફર્યા કરે.

લગભગ સિત્તેરે પહોંચેલા એક સાક્ષર જન જ હશે, કદાચ કોઈ રસિક ભાવુક કે જર્નાલિસ્ટ પણ હોય. લિફ્ટમાં ઉપર સરકી રહ્યા હતા. તેમની સાથે પચીસનો લબરમૂછિયો યુવાન હતો. તે કવિતા લખતો જ હશે એવો તેનો દેખાવ હતો. પાતળી મૂછ, ગંભીર મુદ્રા, રંગીન કફની, બગલ થેલો અને પગમાં ચપ્પલ.

આમ તો પેલા પીઢ સાક્ષરે પણ એ જ પરિધાન કર્યું હતું જે આ યુવાને, પણ ફરક દેખાવનો હતો. પીઢ સાક્ષરે ખભા પર શાલ ઓઢી હતી. તેમના દાંત પીળા હતા તો પણ તે વાતવાતમાં હસી પડતા હતા. ક્યારેક તો પેલા યુવા કવિને પીઠ પર ધબ્બો પણ મારી દેતા હતા. ‘દર્શન, તને આ નહીં સમજાય. વાત ઊંડી છે. તારે તો મારા સાંનિધ્યમાં રહેવું જોઈએ. તને જાણ છે કે મેં કોને કોને ગઝલનો ગ શીખવ્યો? નામો સાંભળીને ચોંકી જઈશ, મિત્ર. આ કેશ શ્વેત અમસ્થા નથી થયા. મારે ક્યાં કશી પરવા છે? માન-સન્માન આપે કે ના પાડે, મારું નામ તો લખવું જ પડશે, સાહિત્યનો ઇતિહાસ લખાશે ત્યારે.’

દર્શન પ્રભાવિત થઈ જાય એ સહજ હતું.

આઠ મજલાની ઈમારતની અગાશી પણ વિશાળ જ હતી. આસપાસનો વિશાળ ભૂમિપટ, દૂરની વૃક્ષઘટાઓ અને આખું આકાશ દૃષ્ટિ ફલકમાં સમાઈ જતું હતું.

‘સર, કેટલા નિકટ છીએ આકાશથી?’ દર્શનથી સહજતાવશ બોલાયું. તેના રતુંબડા ચહેરા પર પ્રસન્નતા તગતગતી હતી. સાક્ષર જન હસી પડ્યા. ‘બસ, ત્યાં જ સત્ય ચૂકી જવાયું તારાથી - ભૂમિથી કેટલા દૂર જવાયું - એ વિચાર્યું? ધૂળમાં જનમ્યા ને એમાંથી પોષાયાને એમાં જ ભળી જવાનું. મિત્ર, આપણે તો ધૂળની સંસ્કૃતિનાં સંતાન...’

સાક્ષર જન વધ્યા : ‘આકાશ એટલે આભાસ, એક પરપોટો, એક...’

લગભગ પાંચેક મિનિટ સુધી ચાલ્યું.

પછી વાત અચાનક મૃત્યુ તરફ વળી.

દર્શન, તેં મૃત્યુ વિશે કંઈ લખ્યું છે? નહીં...? બસ, ક્યાંક અછડતા સ્પર્શ જેવા થોડા શેઅર? તે શ્વાસ લેવા, દર્શનના ખભા પર હાથ મૂકવા અટક્યા હતા.

‘દોસ્ત... મેં આખી મૃત્યુસંહિતા રચી છે. આખા મહાકાવ્યના સારરૂપ પાંચ ગઝલોનું ઝૂમખું. મૃત્યુ વિશેની આખી દૃષ્ટિ જ બદલાઈ જવાની, એ પ્રગટ થશે ત્યારે. વેદ, ઉપનિષદ, ગીતા બધું જ આવી જાય. આ પછી આ વિષય પર કશું વિશેષ ના લખી શકો. બસ... પૂર્ણવિરામ!’

અને મિત્ર, આ સૂર્ય જેટલું જ બીજું સત્ય મૃત્યુ જ છે.

સૂર્ય ઢળી રહ્યો હતો પશ્ચિમમાં. બધું જ સામે હતું. ડૂબતો સૂર્ય, રાતુંચોળ આકાશ અને ધીમે ધીમે ઓલવાતો ઉજાસ.

‘દર્શન ....મૃત્યુને કેવું ભયાનક બનાવી દીધું છે આપણે? અનિવાર્ય છે મૃત્યુ. સંતુલન છે પૃથ્વીનું. જિંદગી એવી જીવવી જોઈએ કે મૃત્યુનો ડર જ ના હોય. દોસ્ત, બંદો તૈયાર છે જો મૃત્યુ આ પળે આવે તો પણ.’ તે હસતાં હસતાં બોલ્યા.

ચકિત થઈ ગયો દર્શન. આવી પામી ગયેલી વ્યક્તિ? પછી તો સર્જનમાં ઊંડાણ આવે જ ને? વાંચવી પડશે, તેમની મૃત્યુ વિશેની ગઝલો.

સારું થયું કે આવા સાક્ષરજન રૂમ-પાર્ટનર હતા. પાસપાસેના

*અભિમાની માણસ પોતાનાં સારાં કામ તથા અન્યનાં ખરાબ કામ ગણાવ્યા કરે છે.*

જ પલંગો. શું હતું સામાનમાં? એક બેગ ને બગલથેલો. આ બગલથેલામાં જ હશે એ ગઝલો? મૃત્યુસંહિતા?

કેટલી ઊંચાઈએ પહોંચ્યા હતા? કહે છે કે ભલે, મૃત્યુ આવે. રેડી ટુ વેલકમ.

તેને થયું કે તે આ વાત પત્નીને કહેશે, શક્ય હશે તો ફોનથી મિત્ર ગૌરાંગને પણ જણાવશે. તે પણ ગઝલો લખતો જ હતો ને? બે ત્રણ સંગ્રહો પણ પ્રગટ થયા હતા. મજાનો માણસ! સુરતમાં હતો.

વળી દર્શનને કુતૂહલ જાગ્યું કે કોણ હશે પેલી સ્ત્રી, છોકરી તો ના કહેવાય તેને – જે આ પુરુષની સાથે ને સાથે પડછાયાની જેમ રહેતી હતી, દરેક ગોષ્ઠિ-બેઠકોમાં? ક્યારેક ખભે હાથ મૂકી દેતી હતી. તો ક્યારેક બેઠાં બેઠાં જ તેમના તરફ ઢળી જતી હતી. આમ તો પત્ની જ કરે. તેને અનુભવ હતો પત્નીનો, બે વર્ષ થયાં પરિચયને અને પરણ્યે એક વર્ષ ને બે માસ. પાકો હિસાબ હતો પાસે.

સાક્ષરજન પણ એ જ વિચારોમાં હતા. કેવી સરસ જિંદગી બની ગઈ હતી, ભાગ્યશ્રીના પ્રવેશથી? વયનાં ભાન અળગા થઈ ગયાં હતાં, સમૂળગાં! જિંદગી જીવવા જેવી લાગતી હતી. કેવી થનગનતી સ્ત્રી હતી? ભલેને ચાલીસની, પણ પાંત્રીસની જ લાગતી અને જ્યારે પ્રેમ વરસાવે ત્યારે તો...!

હા... મળવા માટે આવાં સ્થાનો જ ખોળવા પડે. બાકી તો આખો પરિવાર હતો : પત્ની, બે પુત્રો, પુત્રવધૂઓ, એક દીકરી ને જમાઈ! બીજાંઓ પણ ખરાં. પકડાઈ જ જવાય! પણ આવા ખૂણા-ખાંચરા મળી જ રહે છે. અહીં તેને જ લાવ્યો હોત તો, આ છોકરડાને બદલે? બસ, થોડો ઉપદેશ અપાયો એટલું જ. બીજું શું સુખ મળ્યું?

અને પછી અવતરણની પ્રક્રિયા શરૂ કરી.

ચાલ... દર્શન, હવે અવતરણ કરીએ. કેટલું સરળ હોય આ અવતરણ, દર્શન? પેલું આઈન્સ્ટાઈનવાળું ગુરુત્વબળ પણ સહાયમાં આવે.

બસ, લિફ્ટમાં પેઠા ને થોડી પળોમાં ધરતીને ખોળે.

લિફ્ટ ઑટોમેટિક બારણાંવાળી આધુનિક હતી. તે બંને પેઠા ને ડોર લૉક થયું. બટન દબાયું ને સડસડાટ અવતરણ શરૂ થયું. એક પળ, બીજી પળ ને ત્રીજી પળે અટકી ગઈ. અંધારું ધબ! હવાબારી અંશતઃ બહાર હતી. બાકીની દીવાલમાં ડટાયેલી. એક નાનકડો ટુકડો અજવાળાનો ભાસ કરતો હતો.

એક નાનકડી જગ્યા વધુ નાનકડી બની ગઈ હતી.

'દર્શન...લાઈટ ગઈ.' સાક્ષરજન બોલ્યા.

'હા...અંકલ. કાચવાસમાં આવી ગયા. આવો જ હશે ને કાચવાસ, તમસનગર?' દર્શને ઉત્તર વાળ્યો પણ તે જરા ગુંચવાયો હતો. આવું થતું જ હશે કે આ પહેલીવાર થયું હશે?

તે બોલ્યો પેલા ઉજાસ તરફ જોઈને. 'સારું છે, હવા તો આવી શકશે. નહીં તો શ્વાસ લેવામાં પણ મુશ્કેલી પડી જાય.'

'એવું જ લાગે છે દર્શન. મને મુશ્કેલી લાગે જ છે.'

સાક્ષરજનના અવાજમાં ભયનો થરકાટ હતો. અકળાઈને બોલ્યા : 'કેમ નથી આવતી લાઈટ? શું આમ જ...અહીં...?'

દર્શને મોટેથી સાદ પાડ્યો : 'છે કોઈ? અહીં અમે બેય લિફ્ટમાં ફસાયા છીએ. હું, દર્શન અને...!'

તેને પણ લાગ્યું કે શ્વાસ લેવામાં તકલીફ થતી હતી. અચાનક વડીલનો ગભરાયેલો સ્વર સંભળાયો હતો. 'દર્શન, આમને આમ પતી તો નહીં જઈએ ને અહીં અંતરિયાળ?'

ત્યાં ઉપરથી અવાજ સંભળાયો.

'તમારી પાસે બેટરી નથી? હું કલ્પના બોલું છું.'

'ના...' દર્શને જવાબ આપ્યો.

'ભૂપતભાઈ ગયા છે નીચે, ચોકીદારને બોલાવવા.' બીજી માહિતી મળી.

'શું થશે દર્શન? શ્વાસ રૂંધાય છે મારો.' તે બોલ્યા. દર્શનને તેમના શ્વાસોનો અવાજ પણ સંભળાયો.

ત્યાં જરા હવામાં સંચાર થયો હતો. કોઈ ઉપરથી છાપા કે એવું કશું હવામાં વીંજતું હતું એવું લાગ્યું. બસ... થોડો સંચાર થયો. નાની શી ફાટમાંથી. વળી કેટલી હવા પ્રસરે, કેટલી પહોંચે.

'દર્શન...તને કશું નથી થતું? મરણની નજીક પહોંચી ગયા છીએ આ તો.' સાક્ષરજન એક ભીંતે વળગીને ઊભા હતા.

'શું થાય? એવું લખ્યું હશે તો...' દર્શન પણ હતાશા અનુભવવા લાગ્યો. પત્ની યાદ આવી.

તે પણ પ્રસ્વેદથી રેબઝેબ હતો. અચાનક....યાદ આવ્યું કે આ અંકલ તો મૃત્યુથી ક્યાં ડરતા હતા! રેડી ટુ રિસીવ હતા.

હમણાં જ વાતો કરી હતી, ટેરેસ પર. થોડી મિનિટો પહેલાં જ.

એ સ્થિતિમાં પણ તે બોલી ઊઠ્યો. 'અંકલ...તમે જ લખી છે ને મૃત્યુની ગઝલો? એકાદ શે'ર સંભળાવોને?' ને તે રડમસ સ્વરે બોલી ઊઠ્યા : 'મજાક કરે છે? જા, મને મૃત્યુનો ડર છે, સાડી સત્તર વાર ડર છે. ભાન છે, આ લિફ્ટમાં જ આપણા બેયની લાશ નીકળશે! કાં તો મૂરખ છે અથવા...મહાસંત? આવું ના બોલ, ભગવાન ખાતર, મારી ભાગ્યશ્રી ખાતર...દર્શન.'

વળી શબ્દો લથડ્યા : 'મૂક પૂળો ભાગ્યશ્રીમાં. પત્ની નથી શું મારે? અરે, આખો પરિવાર છે. કેવો કહેવાઉં...આની પાછળ ઘેલો થયો?'

વસિયત લખતા હોય એવા સ્વરમાં બોલ્યા : 'શું આપ્યું આણે? ક્યાં આવવું હતું? તે જ લઈ આવી આ મોતના મુખમાં? લફરું...લફરું જ ગણાય, દર્શન. મારાં જ પાપ! સાઠે નાઠી આ તો! કુકર્મ થોડું છોડે? એ ય લે'ર કરતી હશે, મારે પૈસે!

*ઈશ્વર એકવાર એક જ ક્ષણ આપે છે, અને બીજી ક્ષણ આપતાં પહેલાં તે ક્ષણ લઈ લે છે.*

દર્શન...બચાવી લે મને. કોઈ કેમ નથી આવતું મદદમાં?'

શબ્દોના કણસાટ પછી મૌન પથરાયું, રુદન પણ સંભળાયું.

દર્શનને હજી મનમાં ઘૂમરાતું હતું : 'તો...પેલી ભાગ્યશ્રી! અંકલની....!'

તેનામાં હામ આવી ને બધું જ બળ એકઠું કરીને સાદ પાડ્યો : 'બચાવો...બચાવો!'

એ બૂમનો પ્રત્યાઘાત જ ક્યાં આવ્યો? ગાઢ અંધાર.

દર્શને બીજી ભીંત પકડી લીધી. થયું : 'અંકલ સાચા જ હતા. આમ ને આમ જ....પતી જવાનું હતું. આ સાંકડી જગામાં. અંકલે પાપ આચર્યું ને સજા મારે ભોગવવાની? શું નામ, ભાગ્યશ્રી જ. અંકલે સંબંધ બાંધ્યો એ પાપ! પણ મેં તો કશું નથી કર્યું ને?'

ત્યાં જ તે બોલ્યા, પરિતાપ જેવું : 'દર્શન, મને લાગે છે કે તું કદાચ બચી જઈશ. તું પ્રમાણમાં સ્વસ્થ છું. મારાં પાપ તને થોડાં નડે? જો ભાઈ, તકલીફ પડે છે શ્વાસ લેવામાં. કશું થાય છે છાતીમાં. મારી પત્ની ચંદ્રાને ભાગ્યશ્રીની વાત ના કહેતો, કોઈને ના કહેતો. હવે હું પણ તને ભૂલી જાઉં છું. અંત સમયે ...તેનું સ્મરણ ના જ થાય. હરિ...હરિ...હાથ પકડ મારો!'

દર્શને તેનો હાથ સાધ્યો. પરસેવે રેબઝેબ હતો. પછી કશો સળવળાટ ના થયો, તેમના તરફથી.

દર્શને બીજો હાથ પોતાની છાતી પર મૂક્યો હતો.

અચાનક કોલાહલ વધ્યો હતો. કશુંક થતું હતું, ઉપરના ભાગમાં. લિફ્ટ સહેજ ખસી હતી, હવા અને ઉજાસની દિશામાં. ઉપર જઈને અટકી હતી.

ને બત્તી શરૂ થઈ ગઈ હતી. બારણું ખૂલ્યું હતું. અંદર ને બહાર ઝળાંહળાં થયું હતું. બધું પૂર્વવત્ હતું.

કલ્પનાબેને કહ્યું : 'દર્શન, ઑલરાઈટ...?'

સામે કલ્પનાબેન, ભૂપતભાઈ, ચોકીદાર, ટેકનિશિયન અને બીજાઓ ખડા હતા.

જીવ આવ્યો જીવમાં. સાક્ષરજન ધીમેથી બહાર આવ્યા, હસ્યા, સહુ સામે જોયું.

અરે, ટોળામાં ભાગ્યશ્રી પણ હતી. આંખો ચમકી. થોડા સમય પહેલાંનો સમય વિસરાઈ ગયો, સમૂળગો. એ જ દશામાં દોડતાંક ભાગ્યશ્રીને વળગી પડ્યા.

દર્શન જોતો જ રહી ગયો હતો, અવાચક બનીને.

બીજે દિવસે વિચાર આવ્યો કે ખરેખર આવું કશું બન્યું હતું ખરું. કોણ સાચું, લિફ્ટની અંદરનો માણસ કે...?

***સૌજન્ય : 'સંવેદન'***

---

## સંભાવના

**(અનુસંધાન : પાના નં.-૧૨૩ ઉપરથી ચાલુ)**

આટલું ખરાબ? આવું બીભત્સ?

વસુંધરા પોતાની જાતને વધારે પટાવી ન શકી. અઠવાડિયામાં આખી દુનિયાને ખબર પડશે, આકાશ શેઠે શું કર્યું ભણવાને નામે તેની. અવિનાશની ઑફિસમાં, પોતાના કુટુંબમાં, મિત્રોમાં, જાહેર સંસ્થાઓમાં, લાયન્સ ક્લબમાં. લાયન અવિનાશ શેઠનો આકાશ સ્કૂલની બહાર, બોલી ન શકાય એવા શબ્દો વાપરી શકનારો, કદાચ નિયમિત 'બ્લુ' ફિલ્મો જોનારો. અવિનાશ આવી જવાનો હવે. પછી શું કરીશું? બારમાનું વર્ષ, એક વાર ઝળહળતી ફતેહ કરો, ઍડમિશન જખ મારીને આપવું પડશે ને લોકોને! આકાશનો ખભો થાબડતાં આ અથવા આના જેવા કેટલાયે શબ્દો બોલ્યો હશે અવિનાશ. બધું વીણી વીણીને પાછું લેવું પડશે. આ વરસ તો ગયું સમજવાનું. સ્કૂલ છોડ્યાનું કારણ, અને કેરેક્ટર સર્ટિફિકેટ બે ચીજો મુસીબત ખડી કરવાની. માફી માગે કે બાંહેધરી આપે, સ્કૂલવાળા માનવાના નહીં. અને શા માટે માને? આકાશ જેવા વિદ્યાર્થીને રાખવામાં એમનું કયું નામ થવાનું હતું!

: બેન, બજારમાંથી કંઈ લાવવું છે?

: ના, કશું નથી જોઈતું. પરવારી ગયાં હોવ તો જાવ તમે.

લાઈટ કરવાની ઇચ્છા ન થઈ, ટીવી જોવાનુંયે મન નહીં. બહાર નીકળવામાં જોખમ. જેની નજર પડશે તે આકાશની વાત કાઢ્યા વગર નહીં રહે.


: હું આવું પછી જોઈએ, રસ્તો કાઢવો પડશે કોઈ.

અવિનાશ એકથી વધુ વાર બોલ્યો હતો. રસ્તો હશે કે કેમ, વસુંધરાને ખબર નહોતી. પહેલી વખત અવિનાશની રસ્તો કાઢવાની આવડત પર શંકા થતી હતી.

બારણું ભટકાવાનો અવાજ? આકાશ ક્યાંક જાય છે કે શું! વસુંધરા સફાળી ઊભી થઈ ગઈ અને અવાજની દિશા તરફ વળી. ઓરડામાંથી નીકળેલો આકાશ અગાશીમાં જવા પગથિયાં ચડતો હતો. વસુંધરાએ સાતમા માળના ફ્લૅટ માલિકો સાથે મળીને ભારે રસથી ટેરેસ ગાર્ડન બનાવ્યો હતો. એક હીંચકો, થોડી બેઠકો, ધમાલભરી દુનિયાથી ઉપર, એક શાંત રૂપાળું સ્થાન. છતાં આકાશ ઉપર જાય છે એ જોઈને આજે ફફડાટ થયો. ઝડપભેર આકાશની પાછળ જવામાં વસુંધરા હાંફી ગઈ. ગભરાટમાં એણે આકાશને બૂમ પાડી. પગથિયાં પૂરાં કરવામાં તો ગળે ટૂંપો આવી ગયો. એની બેબાકળી આંખો આકાશને પકડવા ચોમેર ફરી વળી.

આકાશને ખૂણાની એક બેઠક પર જોયો એટલે જરા કળ વળી. વસુંધરા એની પાસે ન જતાં જ્યાં હતી ત્યાં જ અટકી ગઈ. આકાશ ઊભો થઈને એક કૂંડા પાસે ગયો. સાવ નાનકડો અને નાજુક છોડ, એનાં તાંતણાં જેવાં મૂળ હજી માટીએ પકડ્યાં નથી બરાબર, અને પાણી કદાચ વધારે પડી ગયું છે તેથી છોડ નમી પડ્યો છે. આકાશે આમ તેમ જોયું. આસપાસથી બે ત્રણ સળીઓ એકઠી કરી અને ઢળી પડેલા છોડને ફરી ટટ્ટાર કરવા એણે સળીનો ટેકો આપવાનો પ્રયાસ કર્યો. પછી હાથને વળગેલી માટી ખંખેરી એ ફરી પાછો બેઠક તરફ જવા ગયો ત્યારે વસુંધરાએ આગળ આવીને એને ખભે હાથ મૂકી દીધો,

: કૉફી પીવી છે ને મમ્માના હાથની? ■



# ધર્મપુત્ર

• ડૉ. ચંદ્રકાંત મહેતા •

'પ્રશ્ન, નિવૃત્તિ પછી 'બાબુજી'ની તબિયત લથડી રહી છે. મમ્મીજીના અવસાન પછી તેઓ સાવ ભાંગી પડ્યા છે! ઝુરાપો તેઓ સહી શકતા નથી! તું અને ગંભીરા ભારત આવી જાઓ તો પૌત્ર મૂલ્યને જોઈ એમને શેર લોહી ચઢશે, નવું જીવન પ્રાપ્ત થશે.' સાષ્ટાંગ પ્રશ્નને આજીજી કરી રહ્યો હતો...

'સાષ્ટાંગ, તું એ વાત કેમ સમજતો નથી કે અમેરિકા છોડીને એક-બે મહિના ભારતમાં રોકાવું એ ખેતર છેડે આંટો મારી આવવા જેવું સરળ નથી! હું પણ બિઝનેસમાં ગળાડૂબ છું અને ગંભીરા પ્રતિષ્ઠિત કંપનીની ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર છે એટલે એને માટે સહેલાઈથી રજા લેવાનું શક્ય નથી. એ ઉપરાંત મૂલ્યના ઉછેરની જવાબદારી તો ખરી જ. વળી તું તો પપ્પાજી પાસે છે જ. પપ્પાજીએ તને ક્યારેય પાલિત પુત્ર માન્યો છે? મારા કરતાં પણ દરેક બાબતમાં તેમણે અને મમ્મીએ તને જ પ્રથમ સ્થાન આપ્યું છે. અને પપ્પાજી તો તારે માટે કલ્પવૃક્ષ છે, નહીં તો એક પરાયા છોકરાને પોતાના પુત્ર જેટલો પ્રેમ કોણ આપે? રેલવે સ્ટેશન પર તને રડતો જોઈ પપ્પાજી તને અમારે ઘેર લઈ આવ્યા હતા. પોલીસને ખબર આપી કમિશનરની અનુમતિથી તારાં મા-બાપની ભાળ મળે ત્યાં સુધી અમારી સાથે તને રાખવાનું નક્કી થયું હતું. પરંતુ સમય જતાં માહિતી દફતરે થઈ ગઈ અને તને લેવા કોઈ ન આવ્યું! પપ્પાજીએ જ તને ભણાવી-ગણાવી તૈયાર કર્યો! તું પપ્પાજીનો આજીવન લેણદાર છે! તું કર્જદાર છે ને પપ્પાજીનું ઋણ તારે અદા કરવું જ પડે! વારંવાર મારી ફરજનું ભાન કરાવી મને પરેશાન ન કરીશ. સાષ્ટાંગ, પુત્ર કે પુત્રીને પાંખો ફૂટ્યા પછી પોતાના આકાશની ઝંખના હોય છે. પારિવારિક જવાબદારીના રૂપાળાં બહાનાં હેઠળ તેમની પાંખો તો ન જ કાતરી શકાય.

'સાષ્ટાંગ, તારે માટે તો ધરતી પણ પપ્પાજી છે અને આકાશ પણ પપ્પાજી! પપ્પાજીની પ્રસન્નતા માટે તું લગ્ન કરી પિતા બની પૌત્ર દર્શનની એમની ઈચ્છા પૂરી કરજે... હું ભારત આવીશ, પણ મારી અનુકૂળતાએ અને દર મહિને એક હજાર ડોલર તો પપ્પાજીના ખર્ચ માટે જમા કરાવતો રહું છું!' પ્રશ્નની ફોન પરની વાતચીતમાં એની પલાયનવૃત્તિ અને અહંકાર પ્રગટ થઈ રહ્યો હતો.

સાષ્ટાંગ પ્રશ્નની આવી છીછરી વાતો કરી 'બાબુજી' નું દિલ દુખાવવા નહોતો માગતો. વાર્ધક્ય બધા જ રોગોનો સામનો કરી શકે છે, પણ પોતીકાની ઉષ્માના અભાવની પીડા સહન કરી શકતું નથી!

સાષ્ટાંગમાં જ્યારથી સમજણ આવી, ત્યારથી પદ્મનાભ અને વાસંતીદેવી જ એમના માટે પપ્પા-મમ્મી હતાં.. એ બંનેએ ક્યારેય સાષ્ટાંગને એ વાતનો ખ્યાલ પણ નહોતો આવવા દીધો કે પ્રશ્ન એમનો પોતીકો દીકરો છે અને સાષ્ટાંગ પારકો.... સાષ્ટાંગની દેવભક્તિ અને વડીલોના ચરણસ્પર્શની ભાવના જોઈને જ વાસંતી દેવીએ એનું નામ સાષ્ટાંગ પાડ્યું હતું.... સાષ્ટાંગ અને પ્રશ્નના વ્યક્તિત્વમાં જમીન-આસમાનનું અંતર હતું... પ્રશ્ન પાસે પ્રશ્નોની વણઝાર હતી અને સાષ્ટાંગ પાસે મૌનનાં મૃદંગ. પ્રશ્નની દરેક વાત 'કેમ' થી શરૂ થતી, સાષ્ટાંગની વાત 'હા' થી. 'ના' શબ્દને એણે મમ્મી-પપ્પાની લાગણી ખાતર હૃદયવટો આપ્યો હતો. પ્રશ્નને મન પોતાની જાત મહત્ત્વની હતી, સાષ્ટાંગને મન મમ્મી-પપ્પાની ખુશી જ સૌથી અગત્યની હતી... પ્રશ્ન અધિકાર-પ્રધાન હતો, જ્યારે સાષ્ટાંગ કર્તવ્યની જીવતી-જાગતી પ્રતિમા. પદ્મનાભ અને વાસંતી દેવી એટલે જ સાષ્ટાંગને પ્રશ્નથી પણ અધિક ચાહતાં હતાં.... સગપણ અધિકાર ભૂખ્યું હોય છે, જ્યારે સંબંધ લાગણી તૃષાતુર હોય છે. સગપણ સરોવર છે, સંબંધ વ્યોમની વાદળી. સગપણ અને સંબંધનો ફર્ક પદ્મનાભ અને વાસંતી દેવી પ્રશ્ન અને સાષ્ટાંગના વર્તન દ્વારા બરાબર રીતે પામી શક્યાં હતાં.

સાષ્ટાંગને પહેલેથી જ ધાર્મિક પ્રેરક વાર્તાઓ સાંભળવાનો, વાંચવાનો શોખ, જ્યારે પ્રશ્નને અંગ્રેજી ભાષા પ્રત્યેનો લગાવ. એટલે એ બંનેનો રુચિભેદ સમજી પદ્મનાભે પ્રશ્નને અંગ્રેજી મીડિયમની શાળામાં દાખલ કર્યો હતો, જ્યારે સાષ્ટાંગે આગ્રહપૂર્વક પોતાને નગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળામાં દાખલ કરવાની વાસંતીદેવીને વિનંતી કરી હતી. એને ચમક-દમકવાળાં વસ્ત્રો અને

*હંમેશાં બીજાને પ્રસન્ન રાખવાની વાત વિચાર્યા કરો. આ નુસખાથી તમે ૧૪ દિવસમાં સાજા થઈ જશો.*

ભપકો લેશમાત્ર પસંદ નહોતાં, જ્યારે પ્રશ્ન દિવસમાં ૩ વખત વસ્ત્રો બદલતો અને કારમાં બેસીને જ શાળાએ જવાનો આગ્રહ રાખતો. પદ્મનાભે તેને શાળાએ મૂકવા તથા ઘેર લાવવા માટે અલાયદી કારની વ્યવસ્થા કરી હતી. પ્રશ્નની શાળા જવાના રસ્તે જ પહેલાં સાષ્ટાંગની મ્યુનિસિપલ સ્કૂલ આવતી હતી, પરંતુ પ્રશ્ન જીદ કરતો કે સાષ્ટાંગને પોતાની કારમાં તે નહીં બેસવા દે! તેમ છતાં સાષ્ટાંગના મનમાં પ્રશ્ન વિશે નહોતી કશી ફરિયાદ કે નહોતો કશો દ્વેષભાવ! પ્રશ્નને પોતાના કરતાં બધી જ સગવડો પહેલાં મળવી જોઈએ, એવું માનીને એ પ્રત્યેક બાબતમાં પ્રશ્નને જ આગળ રાખતો હતો....

વર્ષો વહેતાં ગયાં અને એક દિવસ એક દુર્બળ કાયાવાળી વૃદ્ધા પદ્મનાભનું સરનામું પૂછતી-પૂછતી તેમને બંગલે આવી પહોંચી. પોતાનો પરિચય આપી સાષ્ટાંગને પોતાના પુત્ર તરીકે ઓળખી બતાવ્યો. પદ્મનાભે તરત જ સાષ્ટાંગને તે વૃદ્ધાને સોંપવાની તૈયારી દર્શાવી. પણ સાષ્ટાંગની એ અસલ માતાએ કહ્યું : 'ભગવાન તમારું ભલું કરે સાહેબ, તમે મારી થાપણને આજ લગી સાચવી. પણ હું એને મારે ઘરે પાછો લઈ જવા નથી આવી. હું કેન્સરગ્રસ્ત છું અને થોડા દિવસની મહેમાન છું એટલે સાષ્ટાંગનાં ખરાં મા-બાપ તમે જ! મરતાં પહેલાં દીકરાનું મોં એક વાર જોવા મળે એવી ઈચ્છા હતી. પોલીસે તમારા ઘરનું સરનામું આપ્યું એટલે અહીં દોડી આવી છું.' વાક્ય પૂરું કરતાં - કરતાંજ એ વૃદ્ધા ઢળી પડી. તાબડતોબ ડૉક્ટરને બોલાવવામાં આવ્યા અને ડૉક્ટરે તેને મૃત જાહેર કરી...

સાષ્ટાંગના દિલને આઘાત ન પહોંચે એ ખાતર પદ્મનાભે તેની માતા વિશે માંડીને કશી વાત જ ન કરી. અગ્નિસંસ્કાર સંપન્ન કર્યો અને મરણોત્તર ક્રિયાઓ માટે હરિદ્વાર જવાનું પણ નક્કી કર્યું. વાસંતીદેવીએ પોતાના સોગંદ નાખીને પ્રશ્નને કહ્યું હતું કે સાષ્ટાંગને તે તેની મૂળ માતા અને તેમના મૃત્યુ વિશે કશી જ વાત ન કરે! એટલે પ્રશ્ન પણ એવી બધી ચર્ચાથી દૂર રહ્યો હતો... પણ મનોમન પ્રશ્ન સાષ્ટાંગને પોતાનો હરીફ માનતો હતો. સાષ્ટાંગ વાસંતીદેવી અને પદ્મનાભની હૃદયથી સેવા કરતો, એ વાત પ્રશ્નને ખટકતી હતી. પ્રશ્નનાં નાના-નાની અમેરિકા રહેતા હતાં. એટલે વારંવાર તે ફોનમાં પણ નાના-નાનીને એક જ વાત કહેતો : 'હું ભણવા માટે અમેરિકા જ આવવાનો છું અને મારે ત્યાં જ નોકરી કે ધંધો કરવો છે.'

દર વર્ષે પદ્મનાભ વાસંતીદેવી સાથે ઉત્તરાખંડની જાત્રાએ જતા. એમની હાર્દિક ઈચ્છા હતી કે પ્રશ્ન અને સાષ્ટાંગ બંને તેમની સાથે જાત્રા કરવા જાય ત્યારે સાષ્ટાંગે તરત જ તૈયારી દર્શાવી, પણ પ્રશ્ને કહ્યું કે : 'મને દેવી-દેવતાનાં દર્શનમાં રસ નથી! જે દેશોમાં ભારત જેટલાં દેવ-દેવતાઓ નથી, શું એ દેશનાં લોકો પર દેવી દેવતા નારાજ થાય છે? મારે ખોટા-ખોટા આસ્તિક નથી બનવું! માતૃ-પિતૃ ભક્તિનું નાટક ભજવવા માટે સાષ્ટાંગ રૂપી શ્રવણ પૂરતો છે! મને ભક્ત બનવાનું પરાણે ન શીખવશો.'

અને વાંસતી દેવી કમને આયાની દેખરેખ હેઠળ પ્રશ્નને ઘેર મૂકીને સાષ્ટાંગ સાથે તીર્થયાત્રાએ જતાં! પ્રશ્નને તેઓ લાગણીપૂર્વક પૂછતાં : 'બેટા, મમ્મી પપ્પાની ખોટ તો તને નહીં સાલે ને! આયાબેન, મહારાજ અને નોકર એ બધાં મા-બાપનું સ્થાન તો ન જ લઈ શકે ને!'

'અરે મમ્મી! આવા લાગણીવેડાનો પાલવ તમે ક્યાં સુધી પકડી રાખશો? એ વાત યાદ રાખો કે મેં સોળ વર્ષ પૂરાં કર્યા છે. તમે માનો છો એવો 'બાબો' હવે હું નથી! મારે લાગણીના દરિયામાં ડૂબી નથી જવું! મારા વ્યક્તિત્વની કેડીને કશાં બંધન નથી ખપતાં! આગળ વધવા સગવડ જોઈએ, લાગણીનાં પ્રચંડ પૂર નહીં. વધુ પડતી લાગણી-સંતાનને લંગડું બનાવે છે, પરાવલંબી બનાવે છે. દુનિયામાં મારે મારી અલગ ઓળખ ઊભી કરવી છે. પદ્મનાભ શેઠની પેઢીના વારસદાર તરીકે મારે નથી ઓળખાવું! લાગણીવેડાની કાતરથી મારી કલ્પનાના આકાશમાં ઊડવાની મારી અપેક્ષાઓની પાંખોને કાતરવાની કશી પેરવી ન કરશો. આવજો, હેપ્પી જર્ની.'

અને સાષ્ટાંગ, વાસંતીદેવી તથા પદ્મનાભ ઉત્તરાખંડની તીર્થયાત્રાએ પેકેજ ટૂરની બસ દ્વારા વિદાય થયાં હતાં... સાષ્ટાંગ એ બંનેની ખૂબ જ કાળજી રાખતો હતો. અને ઉત્તર ભારત અને ઉત્તરાખંડનાં વિવિધ સ્થળોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી લીધો હતો. માર્ગમાં આવતાં શહેરો, તીર્થધામો વગેરેનો તે વિગતવાર વાસંતીદેવી અને પદ્મનાભને પરિચય આપતો. દેવી-દેવતાઓની ધાર્મિક કથાઓ એ વિસ્તારથી વર્ણવતો. વાસંતીદેવી આવા દેવદૂત જેવા પાલિત પુત્રની સંસ્કારિતા જોઈ તેને મનોમન આશીર્વાદ આપતાં. જાણે-અજાણે તેમનું મન પ્રશ્ન અને સાષ્ટાંગની સરખામણી કરતું.... પારકાં અને પોતાનાં વચ્ચેની સીમારેખા કેટલી પાતળી હોય છે! નિર્મળ લાગણીથી લીલુંછમ હૈયું પળમાં પારકાને પોતીકો બનાવી દે છે! વહાલપને વારસાગત સંબંધો સાથે કશી જ લેવા-દેવા નથી.

...પૂરઝડપે પર્વતીય પ્રદેશમાંથી પસાર થતી પ્રવાસી બસને એક ટ્રકે અડફેટે લીધી અને બસ ખીણમાં પટકાઈ. ડઝનેક લોકો ગંભીર રીતે જખ્મી થયાં. તેમને નજીકની સરકારી હૉસ્પિટલમાં પહોંચાડી સારવાર શરૂ કરાવવામાં આવી. પદ્મનાભ અને સાષ્ટાંગને મામૂલી ઈજા થઈ હતી, પરંતુ વાસંતીદેવીને માથામાં મોટો ઘા પડ્યો હતો. લોહી વહેલું હતું અને તેઓ બેહોશ થઈ ગયાં હતાં...

ડૉક્ટરની ટીમે તેમને બચાવવાની પૂરી કોશિશ કરી, પણ તેમાં તેમને સફળતા ન મળી! અડતાલીસ કલાકમાં જ વાસંતીદેવીએ ઉત્તરાખંડનાં દેવોના દર્શનની અધૂરી ઈચ્છા સાથે પરલોક પ્રયાણ કર્યું... પદ્મનાભ અને સાષ્ટાંગના માથે જાણે આભ તૂટી પડ્યું!

પદ્મનાભે વાસંતીદેવીના મૃતદેહને વતનમાં લાવવાને બદલે તેમના અગ્નિસંસ્કાર હૉસ્પિટલ નજીકના જ સ્મશાનગૃહમાં કર્યા. અને સહપ્રવાસીઓના આભાર સાથે તેમને આગળની યાત્રા માટે પોતાને ખર્ચે અલગ બસની વ્યવસ્થા કરી વિદાય આપી.

***પાંચ સેકંડ હસવાથી તમારો ફોટો સારો આવે છે. જો કાયમ હસતા રહો તો જિંદગી સારી જશે.***

અને સાષ્ટાંગ તથા પદ્મનાભ ઘેર પાછા ફર્યા. વાસંતીદેવીની બાકીની ઉત્તરક્રિયા પરિપૂર્ણ કર્યા બાદ પ્રશ્નનાં નાના-નાનીને થોડોક સમય રોકાઈ જવાની વિનંતી કરી. પરંતુ પ્રશ્નએ જ સામેથી કહ્યું : 'મારો પાસપોર્ટ તૈયાર છે. વિઝા માટે કાર્યવાહી કરીએ. મમ્મીના અવસાનને કારણે નાના-નાની સાથે થોડો સમય રહેવા માટે વિઝિટિંગ વિઝા મળી જશે અને મારા મનને પણ શાંતિ મળશે. પપ્પાજી, આપની સેવા માટે તો સાષ્ટાંગ આપની સાથે છે જ! તે મારી ખોટ આપને નહીં સાલવા દે!... અને મારી પણ ઈચ્છા અમેરિકામાં રહીને અભ્યાસ કરવાની અને ત્યાં જ સ્થાયી થવાની છે!' ....અને પ્રશ્નનાં નાના-નાનીએ વિઝા માટેની ત્વરિત કાર્યવાહી કરી હતી. સદ્ભાગ્યે પ્રશ્નને વિઝિટિંગ વિઝા મળી ગયો હતો અને પ્રશ્ન નાના-નાની સાથે અમેરિકા ઊપડી ગયો હતો...

સમય વહેતો રહ્યો. પદ્મનાભના હૃદયને પ્રશ્નના સ્વાર્થી વર્તનથી ભારે આઘાત લાગ્યો હતો. એમણે પોતાના બિઝનેસ પાર્ટનર તરીકે સાષ્ટાંગનું નામ ઉમેરાવીને તેને બિઝનેસ માટે તૈયાર કરવાનું શરૂ કરી દીધું હતું.... સાષ્ટાંગના પ્રેમાળ સ્વભાવને કારણે કંપનીના સર્વ કર્મચારીઓ અને ફેક્ટરીના કારીગરો 'સાષ્ટાંગ શેઠ'નાં વખાણ કરતાં થાકતા નહોતા. પરંતુ સાષ્ટાંગ હાથખર્ચી સિવાય કશો જ ઉપાડ કરતો નહોતો. એણે કંપનીમાંથી થતા નફાનો પ્રશ્નના નામે અલગ હિસાબ રખાવ્યો હતો.

સાષ્ટાંગ એકવીસ વર્ષનો થયો, એટલે પદ્મનાભ શેઠે તેનાં લગ્ન, મેરેજ બ્યુરોની મદદથી પ્રાપ્ત થયેલ માહિતીને આધારે ગૌરવી સાથે ગોઠવી દીધાં. લગ્નોત્સવ ધામધૂમથી ઉજવાયો. પદ્મનાભની હાર્દિક ઈચ્છા હતી કે પ્રશ્ન સાષ્ટાંગના લગ્નપ્રસંગે ભારત આવે. પરંતુ પ્રશ્ને બહાનાં કાઢી સાષ્ટાંગના લગ્નપ્રસંગે હાજર રહેવાનું ટાળ્યું.


પદ્મનાભ શેઠ ધીરે-ધીરે શારીરિક અને માનસિક દૃષ્ટિએ કમજોરીનો સામનો કરી રહ્યા હતા. સાષ્ટાંગની ઈચ્છા હતી કે પ્રશ્ન તેના પરિવાર સાથે ભારત આવે, પણ પ્રશ્નએ ધરાર નનૈયો ભણ્યો હતો... તે દિવસે સાષ્ટાંગનો જન્મદિન હતો... વહેલી સવારે પદ્મનાભ શેઠે સાષ્ટાંગને સરપ્રાઈઝ આપવા જગાડ્યો. અને પોતાની તમામ સંપત્તિ સાષ્ટાંગના નામે કર્યાનું વિલ તેના હાથમાં મૂક્યું હતું.... સાષ્ટાંગે પદ્મનાભનો ચરણસ્પર્શ કરી વિલને હાથ અડકાડ્યો હતો અને વિલ વાસંતીદેવીના ફોટા સમક્ષ મૂકી ફોટાને વંદન કરી વીલના પેપર્સના ટુકડેટુકડા કરી નાખ્યા હતા અને પદ્મનાભ શેઠની માફી માગતાં કહ્યું હતું : 'પપ્પાજી, વિલ ફાડી નાખવાના અવિનય બદલ ક્ષમા કરજો! કેટલાક પુત્રો 'વિલભૂખ્યા' હોય છે અને કેટલાક 'દિલભૂખ્યા'. હું આપનો ધર્મપુત્ર છું. મારે આપની મિલકતના ઉત્તરાધિકારી નથી બનવું! મારે 'સેવાવ્રતી' રહેવું છે, 'મેવાવ્રતી' બનવાની અભિલાષાથી હું અલિપ્ત રહેવા માગું છું.' કહીને સાષ્ટાંગ પોતાના પાલક પિતા પદ્મનાભને ભેટીને નાના બાળકની જેમ રડી પડ્યો હતો! ખુલ્લી બારીમાંથી આવતો શીતળ પવન જાણે કહી રહ્યો હતો... કળિયુગને પરાજિત કરે એવા વીરલાઓ આજે પણ હયાત છે! ■

## સ્નેહની ખો

(અનુસંધાન : પાના નં.-૧૫૪ ઉપરથી ચાલુ)

મોબાઈલ હલાવતાં કહ્યું. મમા કહેતી, તમારા સમયમાં તો ઍલાર્મ પણ ન મળતાં, અને અમારે તો મજાથી સંગીત સાંભળતાં સાંભળતાં ભણીએ, સૂઈ જઈએ તો પાછા રાત્રે ફ્રેન્ડ ફોન કરી ઉઠાડી પણ દે.' કપાળ પર કરચલી પાડી, સહેજ ઝીણી આંખ કરી એ બોલી, 'તમને મમા ગમતી હતી ને?' એકાએક બોલાયેલા આ શબ્દ સાંભળી એણે ચોંકીને એની સામે જોયું. પણ ત્યાં સહાનુભૂતિ અને નિખાલસતા સિવાય કશું નહોતું, કે ન હતો કોઈ વ્યંગ્ય. 'એમાં શું અંકલ? એ તો એવું હોય, કોઈનું ગમવું એ ખરાબ થોડું છે? યુ નો.' એણે સ્નેહથી એની સામે જોતાં કહ્યું, 'મમાએ મને તમારી ફ્રેન્ડશિપની બધી વાત કરેલી. કદાચ એ લાગણી જ મમાના જીવનની સૌથી કીમતી વસ્તુ હતી. વર્ષોથી એણે સંતાડી રાખેલી. પણ પછી તો યુ નો વી વેર જસ્ટ લાઈક ફ્રેન્ડ્સ. મમા કહેતી, 'તમારી નવી પેઢી અમારા કરતાં વધારે મૅચ્યોર છે. અમને લાગણીઓ હતી પણ લાગણીઓની સ્પષ્ટ સમજ નહોતી. આવું ન કરાય, આ ખોટું કહેવાય, માવતરની અને આપણી આબરૂ ખરાબ થાય એવી જડ સમજમાં પ્રેમની કોમળ કૂંપળો મુરઝાઈ જતી. ક્યારેક હિંમતનો અભાવ અને સમાજની સંકુચિત રૂઢિગત માન્યતા પ્રેમ જેવી સુંદર, પવિત્ર લાગણીને કચડી નાખતી. તમારી નવી પેઢીમાં છોકરા-છોકરીની દોસ્તીને કારણે તમે એકબીજાની માનસિકતા સમજી શકશો. કદાચ અમારી પેઢીનાં ૮૦% કપલ એકબીજાને ન સમજી શકવાથી જે ગૂંગળામણ અનુભવે છે, એ તમારી પેઢીએ અનુભવવી નહીં પડે.' જો કે અમે તમારા જેવા નથી હો અંકલ કે વર્ષો સુધી કોઈની યાદ સાચવી રાખીએ. અમને તો ન ફાવે તો છૂટા પણ પડી જઈએ. યુ વેર ગ્રેટ. પછી જાણે પીડા સાથે એ બોલી ગઈ, 'તમારી પેઢીએ ઘણું સહન કર્યું છે, નહીં અંકલ?' એ બોલતી રહી, હસતી રહી, સ્નેહ જતાવતી રહી. એ વિચારતો રહ્યો, આટલી સમજ, આટલી સ્પષ્ટતા અને સ્વીકાર અમારી પેઢીમાં કેમ નહોતા? કેમ નથી? એના દંભ, રૂઢિઓ, જડતા ઓગળવા લાગ્યાં. એની આંખો સ્નેહ વરસાવી રહી. સ્નેહે સ્નેહની ખો આપી હતી. એને પગે લાગીને એ ગઈ. સજળ આંખે એ એને જતા જોઈ રહ્યો. જે પૂજાએ એની જિંદગી થંભાવી દીધી હતી, એણે જ એને જિંદગી પાછી આપી હતી. પૂર્વગ્રહો પીગળી ગયા હતા. સ્વીકાર અસ્વીકાર હોતાં જ નથી, પ્રેમમાં માત્ર પ્રેમ જ હોય છે. સવારે લિફ્ટ પાસે ઊભા રહી એણે દીકરીને બૂમ પાડી, 'બેટા, ચાલ તને ડ્રોપ કરી દઉં.' કમિંગ ડેડ, થૅન્ક્સ. કહેતાં લગભગ દોડતી એ લિફ્ટમાં પ્રવેશી. એણે લિફ્ટનો દરવાજો બંધ કર્યો. ચાલુ મોબાઈલે એ બોલી, 'થૅન્ક્સ અગેઈન ડેડ.' એણે હસીને એના માથા પર વહાલથી હાથ મૂક્યો. આશ્ચર્યથી એના તરફ જોતાં જોતાં એ ફોન પર બોલી, 'કૉલ યુ લેટર, આઈ એમ વિથ માય ડેડ.' ફરી સ્નેહે સ્નેહની ખો આપી. ■

*બધાને પ્રેમ કરો, થોડાક પર વિશ્વાસ કરો, અન્યાય કોઈને ન કરો.*



# સીધી લીટીનો વારસ

**• કેશુભાઈ દેસાઈ •**

બધું પતી ગયું છે સાહેબ!

– તમારી દયાથી સર્ટિ પણ મળી જશે.

અત્યારે છાપાની ઑફિસે જ જઈ રહ્યો છું, બેસણાની જાહેર ખબર આપવા. પ્રોસેસ ચાલુ કરી દેજો - મહેશ બારોટ

વારંવાર નંબર જોડવા છતાં પ્રતિસાદ ન મળતાં એણે ઍસઍમઍસ કરી દીધો. એને ખાતરી હતી : જેવો મૅસેજ જોશે કે તરત પંડ્યાજી સામેથી ફોન કરવાના. જમીનનો સોદો એમની મારફત જ થવાનો છે ને! બેઉ પાર્ટી પાસેથી એક એક ટકો લે તોય ખાસ્સી દસ લાખ જેવી રકમ વગર મહેનતે ઓળવી લેશે. તલાટી હોશિયાર હોય તો કલેક્ટર કરતાં વધારે કમાઈ શકે.

મહેશને થયું : ઍમઍસસી, ઍમઍડ્ કરીને માસ્તર થયો એ કરતાં મૅટ્રિક પાસ કર્યા પછી તલાટીની નોકરીમાં લાગી ગયો હોત તો આજે કરોડપતિ હોત. આ ખખડી ગયેલી મારુતિની જગ્યાએ હૉન્ડા સિટીમાં ફરતો હોત. નસીબ જ બોદું લખાવીને આવ્યા હઈશું, બીજું શું?

એણે બલ્લુ ભિખારીને બસો રૂપિયા આપી પથિકાશ્રમના બસસ્ટૅન્ડે ઉતારી દીધો. બલ્લુએ કચવાતા મને પૈસા લીધા અને ગુમસૂમ ચહેરે લાલ દરવાજાના સ્ટૉપેજ તરફ ચાલવા લાગ્યો. અક્ષરેય બોલ્યા વગર.

હવે મહેશને હાશ થઈ. એની સામે આગળ ઉપરની કાર્યવાહીનો સ્પષ્ટ નકશો હતો. સેક્ટર બાવીસમાં જઈને ત્રણે ત્રણ મુખ્ય દૈનિકોમાં મણિલાલ મોહનલાલ બારોટના દુઃખદ અવસાન અને બેસણાની જાહેરખબર આપી દેવાની. પછી સેક્ટર સત્યાવીસમાં રહેતા કિશોરભાઈ પુરોહિતને ગરુડપુરાણ વાંચવા માટે નોતરું પાઠવવાનું. ઊઘડતી કચેરીએ મરણ નોંધણીનો દાખલો લેવા પહોંચી જવાનું. મોડામાં મોડું બે વાગ્યા સુધીમાં તો બધું કામ પતી જશે.

એ મનોમન મોટો ઈડરિયો ગઢ જીત્યો હોય એટલો ખુશ હતો. સુનીતાનેય હવે ખબર પડશે કે જેને પોચટ અને બીકણ બિલાડું કહી ઉતારી પાડતી રહી હતી એ તો છૂપો રૂસ્તમ નીકળ્યો! ચુપાચૂપ ઘરને ઊંઘતું મૂકીને વેળા કવેળાએ ચોર પગલે બહાર નીકળી જતો. મા-દીકરીની ઊંઘ પાલે એ પહેલાં તો એ અમદાવાદની ફૂટપાથો ચૅક કરીને પાછો બેડરૂમમાં પુરાઈ જતો. છેલ્લા છ મહિનાથી એનો આ રહસ્યમય કાર્યક્રમ એકધારો ચાલે છે. છતાં ઘરમાં કે પાડોશમાં કોઈને ગંધ સુધ્ધાં નથી આવી. પેલા કરોળિયાની જેમ એ એના મિશનને 'રિલિજિયસલી' વળગી રહ્યો અને આખરે ધાર્યું નિશાન પાડી શક્યો. અભિમન્યુ સાતમો કોઠો જીતી ગયો હોય એવી અપૂર્વ સિદ્ધિ હતી આ!

છેલ્લા ઉપાય લેખે તલાટીએ કાનમાં મોઢું ઘાલી દઈને કહેલી વાત એને યાદ આવી ગઈ.

– માસ્તર, હવે તો ફક્ત આટલો જ ઉપાય બચ્યો છે. મણિલાલ મોહનલાલ બારોટનું ડેથ સર્ટિ લઈ આવો તો મેળ પડે. એમના એક માત્ર સીધી લીટીના વારસ તરીકે સરકારી ચોપડે તમારું નામ ચડી જાય.

– બાપાનું ડેથ સર્ટિ...? એ તો કેવી રીતે મળે! એ મૂંઝાયો હતો.

– એકવીસમી સદીમાં કાળા માથાનો માનવી ધારે તો ભગવાનનું ડેથ સર્ટિ સુધ્ધાં લાવી શકે. તમારે તો ફરાર થઈ ગયેલા વડીલનું લાવવાનું છે. પ્રયત્ન તો કરી જુઓ. આગે આગે ગોરખ જાગે.

તલાટીના હાથ રેવન્યુના કાયદાથી બંધાયેલા હતા. સાત-બાર અને આઠ-અ માં જમીનધારક તરીકે ફક્ત મણિલાલ મોહનલાલ બારોટનું નામ હતું. મહેશ એમનો સીધી લીટીનો વારસ ખરો પણ વેચાણ દસ્તાવેજ કરવા માટે એની સહી ના ચાલી શકે. ફરાર બાપ છ વરસ સુધી પાછો ન ફરે તો જ એને મૈયત ગણીને દીકરાનું નામ ચોપડે ચડાવી શકાય. ટૂંકો રસ્તો એનું ડેથ સર્ટિફિકેટ રજૂ કરવું તે.

'થોડું અઘરું તો ખરું પણ અશક્ય નથી.' તલાટીએ હસીને કહ્યું હતું : હનુમાનજીનેય સીતાની ભાળ મેળવવાનું કામ શરૂ શરૂમાં તો અઘરું જ લાગેલું ને! આંખો મીંચીને કૂદકો મારવો પડે ભાઈ.

*કષ્ટથી કદી હારે જ નહિ, તેનું નામ જિનિયસ.*

એટલું કહીને એણે કાન ફૂંક્યા હતા. મહેશનાં રૂંવાડાં ઊભાં થઈ ગયેલાં. છતાં બીજો ઉપાય જ ક્યાં બચ્યો હતો? રિસાઈને ગામ છોડી પલાયન થઈ ગયેલો જડસુ બાપ કાં તો બાવો થઈ ગયો હશે, કાં પછી એણે ગંગાજીમાં ડૂબકી મારી દીધી હશે. વાત વાતમાં છ મહિના થઈ ગયા. જાણે ધરતી ગળી ગઈ હોય એમ સારામાઠા કશા વાવડ નથી. હવે વાટ પણ ક્યાં લગી જોવી!

અંબાજીવાળા સ્ટેટ હાઈવે પર આંબાઘાંટાની સીમમાં એકી ચૉવાળે પચીસ વીઘાં રોડ ટચ જમીન હતી. છેલ્લાં પાંચ-સાત વરસથી એ સોનાની લગડી બની ગઈ હતી. સાત પેઢી પૂર્વે એ વગડાઉ અને ખડકાળ જમીન આમ તો દાંતા ઠાકોરે એમના વહીવંચા બારોટને અભરામ નંદાવે લખી આપી હતી પણ અત્યારે એના ભાવ સાતમું આસમાન આંબી ગયા હતા. શહેરના બિલ્ડરો આઠ કિ.મી. વાળો કાયદો રદ થતાં ભૂખ્યાં તીડની માફક અંતરિયાળ વિસ્તારો ભણી વળી ગયા હતા. કાળાંનાં ધોળાં કરવા માટે જમીન સૌથી સહેલું માધ્યમ હતી!

– તેજીનો લાભ લઈ લેવા જેવો છે જીજાજી, સુનીતાનો ભાઈ રાહુલ આંતરે દિવસે વણમાગી સલાહ આપ્યા કરતો. એણે પોતે પણ વડનગર નજીકના એના ગામડાની અડધીપડધી જમીન કાઢી નાખીને એ માતબર રકમનું સરખેજ ગાંધીનગર હાઈવે પર રિયલ એસ્ટેટમાં રોકાણ કર્યું હતું. સુનીતા અઠવાડિયે અચૂક એકાદ વાર ઝઘડો કરતી : ત્યાં સૂકા ભઠ્ઠ વગડામાં શું દાટ્યું છે હવે? બાપાને સમજાવીને રોકડી કરી લો ને! રાહુલ આપણા ભલા માટે ટકોર કરે છે. આજે તેજી છે. કાલ મંદી નહીં આવે એની ખાતરી છે? એ વગડો આજની તારીખમાં સોનાનો ડુંગરો છે; મંદી આવી ગઈ તો એ રાખનો ઢગલો થઈ જવાનો!

મહેશે અકળાઈને એના વૃદ્ધ બાપ આગળ વાત મૂકી ત્યારે ઘરડો વાઘ ઘુરકિયું કરી બેઠો હતો : તારી મા જીવતી હોત તો એને વેચવા કાઢત ખરો?

'પણ અત્યારે તેજી ચાલે છે. પચીસ વીઘાંની ઊપજ વરસે દહાડે પચીસ હજાર પણ નથી આવતી એ તો જાણો છો. કાલે પાણીપત્રકમાં ગણોતિયાનું નામ ચડી જશે તો વાયરો ખાતા રહી જશો. અત્યારે તો ખેડે એની જમીન.'

ડોસા માન્યા નહોતા. મારી હયાતી છે ત્યાં સુધી તો નહીં જ વેચવા દઉં! બહુ જોર કાઢીશ તો મંદિરને ધર્માદો કરી દઈશ. જાગીર છે મારા વડવાઓની. આ કંઈ મેં વસાવેલી જમીન નથી કે સોદા કરતો ફરું. ખબરદાર જો ફરી ક્યારેય જમીનનું નામ લીધું છે તો... વૃદ્ધ રાવજીનું રૂંવાડે રૂંવાડું અંગારા બની ગયું હતું. એમને શહેરમાં ચાલ્યા ગયેલા એકના એક લાડકવાયાનું અર્થશાસ્ત્ર ખપતું નહોતું. નીચી મૂંડીએ પાછા વળી ગયેલા મહેશને આંબાઘાંટાના મંદિરમાં અડિંગો લગાવી બેઠેલા બાવાએ ભાખેલી અગમવાણી સાંભરી આવી હતી.

દસેક વરસનો હતો ત્યારની વાત છે. પિતાની આંગળી ઝાલીને મંદિરે ગયો હતો ત્યાં ગાંજાની ચલમ ફૂંકતાં ફૂકતાં ઓચિંતી જ બાવાની નજર એની હથેળીમાં રમી ગઈ હતી.

'ભળાય છે કાંઈ? બાળારાજા બાપદાદાનું નામ બોળશે તો નહીં ને!' એના પિતાએ કશોય ખચકાટ રાખ્યા વગર 'હાચેહાચું' ભવિષ્ય ભાખવા અરજ ગુજારી ત્યારે એ રાતીચોળ આંખો અટ્ટહાસ્ય વેરી બેઠી હતી : રાવજી! બાળારાજા હગા બાપને વેચીને ચણા ખાઈ જાય એવા પાકશે... છાનામાના માતાજી માતાજી કરો. આવનારો દહાડો હરહંમેશ આજની હરખામણીએ વહમો જ હોય. જગતનો કુદરતી કાનૂન છે. આપણે આજ હંભાળી લેવી. કાલ્યની ચંતામાં લોહી બાળે એ મૂરખા.

ઘેર આવ્યો ત્યારે એનું પડી ગયેલું મોઢું જોઈ સુનીતા સમજી ગઈ હતી કે નવરામણિયાના સમાચાર છે. કશું પૂછે ગાછે એ પહેલાં જ કહી દીધેલું : ડોસો સાપ થઈને બેસી ગયો છે સોનાના ઢગલા પર. જીવશે ત્યાં લગી હાથ નહીં મૂકવા દે.

– 'ભોગ તમારા!' કહીં સુનીતાએ પગ પછાડી બારણું અડકાડી દીધું હતું. 'સાવ પાવલી છાપ તો છો. ઘરમાં વાઘ થઈ જાવ છો. બાપ આગળ તો મીંદડી મ્યાઉં બની જાવ છો. ગયા'તા મોટા ઉપાડે... બદરો બંધાવ્યો કે?' એણે નરવું ઝેર ઓક્યું હતું. ઘડીક તો ઘરબાર છોડીને બાવો થઈ જવાનું મન થઈ આવ્યું હતું. ફૂલ જેવી રિંકુ દીવાલ બની ગઈ હતી. નહિતર તે દિવસે મહેશ બારોટનું મન ભગવા રંગે રંગાઈ ગયું હોત એમાં મીનમેખ નહીં.

અઠવાડિયા સુધી ધૂંધવાયેલું માથું ઊંચકીને ફરતો રહ્યો હતો. સ્કૂલમાં પણ જીવ નહોતો પરોવાતો. વળતા શનિવારે બાર વાગ્યે શાળા છૂટતાં ઘરે જાણ કર્યા વગર જ એણે મારુતિ હંકારી મૂકી હતી. સવારે ચા પીધી હતી એટલું માફ. તે દિવસે એ આ પાર કે પેલે પાર કરી નાખવાના મૂડમાં હતો. ડોસાનો કાંઠલો પકડીને ઘઘલાવી નાખું : બોલ ટળચા, દસ્તાવેજ કરી આપે છે કે નહીં? તારી આ ખડકાળ, વસૂકી ગયેલી વગડાઉ જમીનના પાંચ કરોડ ઊપજે એમ છે. કહેતા હો તો વીસ પચીસ હજાર મંદિરમાં મર્યાદા કરી દઉં - ડોસાડોસીના નામે...

આંબાઘાંટાના વળાંકમાં જ ભેટો થઈ ગયો હતો. એકાએક ગળામાં ગળફાની જેમ ચોંટી ગયેલું વેણ વછૂટ્યું. 'બાપા, તમારે આ જમીન છાતીએ બાંધી જવાની છે?' એને આગળ શું બોલવું એ સૂઝ્યું નહોતું. ડોસાને જીભાજોડી કરવામાં સાર ન લાગ્યો. એ ચૂપચાપ ઢોળાવ ઊતરી ગયા ત્યારે એકાએક છાતીમાં હતું એટલું જોર ઠાલવીને એણે ઘાંટા પાડવા માંડ્યા હતા : સાંભળો, આજથી મારો ને તમારો સંબંધ પૂરો. ભૂલથીય મારા ઘરનું પગથિયું ના ચડતા. મેં તમારા નામનું નાહી નાખ્યું છે; તમેય તમારા દીકરાના નામનું નાહી નાખજો! તમારી મિલકત પર નાગ થઈને ફરજો, મૂઆ પછીયે.

એના ઘાંટા સાંભળી મંદિરવાળો બાવો પણ એની ઓરડીમાંથી બહાર આવી ગયેલો. 'અલ્યા એ ભગત! શાની બૂમાબૂમ છે?'

*દુઃખમાં વાળ પીંખવાનો કંઈ અર્થ નથી, ટાલથી દુઃખ ઓછું થવાનું નથી.*

કહી એણે એને ટાઢો પાડવાની પણ કોશિશ કરી હતી. પરંતુ મહેશ માસ્તર એમ પીગળે ખરો? બાવાને તો શું? રાવજી આવે એટલે ચલમ તૈયાર રાખવાની અને અફીણની કાંકરી સેરવી લેવાની. એમ બેઉનું ગાંધી વૈદનું સહિયારું ચાલતું રહેતું. બે પૈકી એકેને જમીન વેચવાવાળી વાત ન ગમે. તરત જ માતાવાળી સેન્ટિમેન્ટલ ડાયલૉગબાજી ચાલુ કરી દે. આપણી એકે દલીલ ન સાંભળે.

એ મારુતિ સ્ટાર્ટ કરીને પાછો વળી ગયો હતો.

બરાબર એક અઠવાડિયા પાછી એને રજિસ્ટર્ડ ટપાલ મારફત એક પત્ર મળ્યો હતો.

*ભાઈ મહેશકુમાર,*

*મને વેળાસર મોહનિદ્રામાંથી જગાડવા બદલ આભાર. તમે મારા પુત્ર ભલે મટી ગયા પણ અજાણતાં યે ગુરુ તો બન્યા જ. તમને વંદન સાથે જણાવવાનું કે આજરોજ તમારા વડવાઓની આ જમીન પરથી મારો હક્કદાવો છોડી દઈ હંમેશ માટે નીકળી જઉં છું. ખોટી ખોળાખોળ કરશો નહીં. અને લખી રાખજો : ભીખ માગીશ પણ તમારા ઘરનું પગથિયું આ આયખા દરમિયાન તો નહીં ચડું. લ્યો રામ રામ ગુરુ મહારાજ.*

સહી વગરનો છતાં કાગળ તો મણિલાલ મોહનલાલ બારોટનો જ હતો. તલાટીને બતાવ્યો એ પહેલાં દીવાની કેસોના ખાંટુ ગણાતા બેત્રણ વકીલોની સલાહ પણ લીધી હતી. એમણે એક સરખો અભિપ્રાય આપ્યો હતો : સહી નથી એટલે પુરાવા તરીકે નહીં ટકી શકે. ઊલટાની તમારી ફજેતી થશે. જજ કે કલેક્ટર જેની આગળ દાદ માગવા જશો એ ઊલટાનો બધાની હાજરીમાં તમારી આબરૂના લીરા ઉડાડશે. તમારા પિતાએ રાજીખુશીથી તમારા નામનું વિલ કર્યું હોત તો વાત જુદી હતી. આ તો તમારા ત્રાસથી પોતે ઘરબાર છોડી રહ્યાનું પ્રમાણપત્ર છે. હવે તો કંઈક કારસો જ કરવો પડે. કાં તો છ વરસ લગી રાહ જોવાની તૈયારી રાખો. આપોઆપ તમારું નામ રેવન્યુ રેકર્ડ પર ચડી જશે.

છ વરસ! શી ખાતરી કે ત્યાં સુધી ખુદ આપણેય હયાત હઈશું? કાલ કોણે દીઠી છે? આખરે એણે તલાટીનું શરણું લીધું હતું. સાહેબ, હું રહ્યો નિશાળનો માસ્તર. આ બધી બબાલ મને નહીં ફાવે. તમે જ કંઈક રસ્તો કાઢો. દલાલી જે કહેશો તે કાયદેસર, શાહજોગ આપી દેવાની. એટલી રકમ તમારે પાર્ટી પાસેથી કાપી લઈને પછી જ મને ચુકવણી કરાવવાની. આપ જ મારા કુલમુખત્યાર.

અને પછી તલાટીએ પેલો 'શૉર્ટકટ' સુઝાડ્યો હતો...એણે રઝળપાટ શરૂ કરી દીધી હતી. બિનવારસી લાશ કાં તો કોઈ હૉસ્પિટલના મડદાઘરમાં મળે કાં પછી શહેરની ફૂટપાથ કે રેલવે સ્ટેશન પર. એણે આંટાફેરા શરૂ કરી દીધા. ઘરમાં આડુંઅવળું બહાનું બતાવી દેતો. ક્યારેક અડધી રાત સુધી પાછો ન ફરતો ત્યારે ઉજાગરાળી આંખો ચૂવા લાગતી. સુનીતા પૂછતી : તમને સનેપાત થયો છે કે શું? રિંકુ પપ્પા-પપ્પા કરતી જમ્યા વગર જ સૂઈ ગઈ. બહુ હઠ કરતી ત્યારે એ આટલું જ કહીને વાતનો વીંટો વાળી દેતો : શું તું એમ માને છે કે હું કારણ વગર રખડતો હોઈશ? રિંકુડીના સમ, હું જે કંઈ કરું છું તે એના ભવિષ્ય માટે કરું છું. મને બિનજરૂરી પૂછાપૂછ કરીને ખોટા ટૅન્શનમાં ના મૂકે તો સારું.

સુનીતા ચૂપ થઈ જતી. ક્યારેક બાથરૂમમાં ભરાઈ જઈ એકલી એકલી રડી લેતી. મનોમન બબડતીય ખરી : મને ખબર છે, તમે બાપાને શોધવા આભજમીન એક કરી રહ્યા છો...પણ એ આકરો જીવ કદાચ ન કરવાનુંય કરી બેઠો હોય. હવે એની પૂંઠળ પેટ્રોલના ધુમાડા કરવાનો અર્થ નથી. જ્યાં હોય ત્યાં પરમાત્મા એમના આત્માને શાંતિ આપે. આપણાથી કંઈ કડવું વેણ નીકળી ગયું હોય તો એ તો બાપ હતા; એ કંઈ આપણું ખોટું ના વાંચે. બલકે ઉદારતાપૂર્વક આપણને માફ જ કરી દે. જેવા હતા એવા એ તમારા બાપુ હતા અને બે આકરા શુકન કહી દીધા હશે તોય એમના દીકરાએ કીધા છે. કોઈ પારકા મનેખનું બોલેલું થોડું સાંભળી લેવાના હતા. અરે, તમે એવું બોલનારાની જીભ ખેંચી લીધી હોત. આખરે લોહી તપ્યા વગર રહે કે?

એને મનોમન પસ્તાવો પણ થયા કરતો. મેં જ ભૂંડીએ આ ભલાભોળા માનવીને સગા બાપ વિરુદ્ધ ઉશ્કેર્યો. મિલ્કતનો મોહ માણસને સારાનરસાનો વિવેક ભુલાવી દેતો હોય છે. મારાં જ કરમ ફૂટી ગયાં હતાં કે આ વણજોઈતી પીડા ઊભી કરી, પેટ ચોળી ચોળીને સ્તો. મિલકત તો વેગળીને વેગળી જ રહી. ઉજાગરા જરૂર મળ્યા!

એણે શરૂ શરૂમાં ટકોર કરી. પછી તો એ પણ ટેવાઈ ગઈ. શોધે જ વળી. કોઈ પણ સંતાન એના ખોવાયેલા માબાપની ભાળ મેળવવા તો મથે જ. એમાંય આ તો રાવજીનું લોહી. એને જંપ ન જ વળે...

એ લાંબી રઝળપાટને અંતે શ્રાવણ મહિનાની મેઘલી રાતે ઓચિંતો જ એની સમસ્યાનો ઉકેલ જડી ગયો હતો. દિલ્હી દરવાજા બહાર હડકાઈ માતાની દેરી સામે સ્ટ્રીટલાઈટના થાંભલા નીચે કોઈ ધીમું ધીમું રડી રહ્યું હતું. મહેશે મારુતિ ઊભી કરી દીધી. છત્રીનો ઓઢો બનાવીને રાત ગુજારી રહેલા બલ્લુને લાગ્યું : નાઈટ રોન કરતી પોલીસ આવી લાગે છે. એણે ધીમે રહીને ડોકું બહાર કાઢ્યું : આ તો કોઈ સારા ઘરનો જુવાન લાગે છે. એના થડકારા હેઠા બેઠા. એણે ઠરી ગયેલા મડદા પર લૂગડું ઢાંક્યું.

'કેમ રડે છે ભાઈ!' મહેશે બનાવટી લાગણી દર્શાવતાં પૂછ્યું, 'આ મડદું કોનું છે?'

'બબોભા મરી ગયા શેઠ! બાપ ન'તા પણ બાપ કરતાં આલે હતા. રૂંગું અમથું નથી આવતું.' એણે ડૂસકું ખાઈને ઉમેર્યું : 'હમણે

*ઓછામાં ઓછા વિષયો પર જે વધારેમાં વધારે જાણે તે નિષ્ણાત કહેવાય.*

કલાક પે'લાં જ શેલ્લું લહકું લીધું - 'તું ડોહાએ..બાપડા છૂટ્યા આંમ જુવો તો!'

મહેશે લાગ જોઈને સીધો જ શૉટ માર્યો : બોલ, આ મડદું વેચવું છે? પાનસો રૂપિયા આપું, અબઘડી!

બલ્લુને આંચકો લાગ્યો. આ શેઠિયો કેવી ગોબરી વાત કરે છે. એનાથી રાડ નંખાઈ ગઈ : આવું પૂછતાં શરમ નથી આવતી? છેક હોઠ લગી આવેલો શુકન એ ગંદા ગળફાની જેમ ગળી ગયો.

મહેશને લાગ્યું : સોદો પતી જાય તો ગંગા નાહ્યા. છ-છ મહિનાની રખડપટ્ટી પછી આ પહેલો જ ચાન્સ મળી રહ્યો હતો. આસપાસ એકાંત હતું. શ્રાવણી રાત પરોઢમાં પલટાય એ પહેલાં જ પ્રશ્ન ઊકલી જાય એમ હતો. 'સાંભળ મારી વાત. અજવાળું થતાંની સાથે લોકોની અવરજવર ચાલુ થઈ જશે. ભૂલેચૂકે પોલીસની નજરે ચડી ગયો તો બે દંડા મારીને લાશ સિવિલ ભેગી કરી દેશે. તને ફૂટી કોડી નહીં મળે ને લાશ ચૂંથાશે એ લટકામાં...' એણે બલ્લુ સમક્ષ બિહામણું ચિત્ર રજૂ કર્યું.

બલ્લુથી રહેવાયુંનહીં. 'ઈમ થોડા ચૂંથાવા દેઈશ મારા બબાભાને! ડોહાએ મરતાં પે'લાં ગંગાજીમાં ફૂલ પોંકાડવાનું વેણ માગ્યું'તું, ઈમની મૂડીને માયા મને હૂંપીને મર્યા છંઅ...હગા હાથે આજય (આગ) દેવાનો સુ. પાછળ પાંચ-પચી બાવા-ફકીર જમાડીશ અને પછી...' એના ગળે ડૂમો બાઝી ગયો. જે રહી ગઈ તે બબાભાનાં ફૂલ છેક ગંગાજી જઈને પધરાવવાની વાત હતી.

મહેશને થયું : ધાર્યા જેટલું સહેલું કામ તો નથી જ. છતાં એ આવી સોનેરી તક જવા દેવા પણ તૈયાર નહોતો. ઊભડક બેસીને બલ્લુને સમજાવવા લાગ્યો : ડોહા ગયા છે ત્યાંથી પાછા નથી ફરવાના. હંસલો તો ઊડી ગયો. આ પડ્યું છે એ તો એનું પીંજરું છે. એનો મોહ ના રખાય. તું કરવા માગે છે એના કરતાં સવાયાં પુણ્યદાન અને ક્રિયાકરમ કરીશ, તને બાપના બોલથી વચન આપું છું. મડદું મને સોંપી દે. એ પછી હું બંધાયેલો ને તું છુટ્ટો, છેક ભગવાનના ઘર સુધી.

એણે ધીમે રહીને પાકીટ ખોલ્યું અને સીધી જ પાંચસો રૂપિયાની નોટ કાઢી. બલ્લુ આંખો ફાડીને એ નોટ સામે જોઈ રહ્યો. જિંદગીમાં પહેલીવાર આવડી મોટી રકમ વણમાગી એનું ઘર પૂછતી સામે પગલે આવી હતી. જાણે હડકાઈમા હાજરહજૂર લખમીનું રૂપ લઈને એના ઓઢામાં ના પધાર્યાં હોય! એકાદ મિનિટ તો એ પેલી નોટ સામે ટીકી જ રહ્યો. પછી ઓચિંતો માતા ચડી હોય એમ માથું ઝંઝોડી દઈ બોલી ઊઠ્યો : ના બાપ, મને ખોટી લાલચ ના આલશો! મને ના ખપે આવા રૂપિયા. મું કાંઈ મડદાંનો વેપારી નહીંઈઈ....

રકઝક ચાલતી રહી. મહેશ બારોટ કોઈ પણ ભોગે આવી પડેલી તક ઝડપી લેવા માગતો હતો. એણે પાકીટ ખોલીને બીજી નોટ કાઢી. 'હવે તો બસ ને!' એ લુચ્ચું હસી રહ્યો.

બલ્લુ કશો જવાબ વાળે એ પહેલાં હડકાઈમાની દેરી પાછળથી કોઈનો કડક અવાજ પડઘાયો : શાનો સોદો ચાલી રહ્યો છે?

અવાજ પોલીસવાળાનો જ હતો એ સમજતાં બલ્લુને વાર ન લાગી. મહેશ નખશિખ હલબલી ગયો હતો. પોલીસવાળાએ ટૉર્ચ ફેંકીને એનો ચહેરો માપી લીધો. પછી બલ્લુ ભણી વળ્યો. 'તને પૂછું છું!' દંડાનો ગોદો મારીને એણે રોફ જમાવતાં ઉમેર્યું : 'છાનો છાનો શાનો ધંધો કરે છે?'

સમયસૂચકતા વાપરી મહેશે 'જમાદાર સાહેબ'નું માનવાચક સંબોધન કરી થોથવાતી જીભે કહ્યું : 'મારી એક રિક્વેસ્ટ છે જમાદાર સાહેબ! જરા વાત કરવી છે આપની સાથે.'

'જે વાત કરવી હોય તે અહીં જ કરો ને! મને એવાં છાનગપતિયાંમાં રસ નથી. બોલો, શાનો સોદો કરતા હતા આ મવાલી જોડે? પાવડર ખરીદવા આવ્યા'તા? આ લોકો તો લોહીનો વેપાર પણ કરે. ભલું પૂછવું. મારે તમારી ગાડી ચેક કરવી પડશે. બનવા જોગ કે કોઈ રાતની રાણીનું પગેરું મળી જાય. આ તો અમદાવાદ છે!'

બલ્લુ ગભરાઈ ગયો. એણે સાચી વાત જાહેર કરી દીધી. 'હું તો ભિખારી છું માઈબાપ. મારા બબાભાનું મડદું છ આ...હજી એકાદ કલાક પે'લાં જ શેલ્લું લહકું ખાધું'તું ડોહાએ. અઠવાડિયાથી તવીની જેમ ધખી જતી'તી ઈમની દેઈ. આખર ઉપરવાળાએ અરજ હાંભળી...' એનો અવાજ ભીંજાઈ ગયો.

જમાદારે દંડો પછાડ્યો : 'મુદ્દાની વાત કરને, ઘોડીના! ડોહો મરી ગયો છે ને તું તો આ ઘરાક સાથે ભાવતાલ કરી રહ્યો છે!' એણે મહેશના હાથમાં ફફડતી પાંચસો-પાંચસોની બે નોટો તફડાવી લેતાં કહ્યું : બેઉ જણા ચૂપચાપ ચાલો - મારી સાથે. પોલીસ સ્ટેશનની મહેમાનગતિ કેવી હોય છે એનીય ખબર તો પડવી જોઈએ ને તમારા જેવા મોતના સોદાગરોને! બંને જણાને મુદ્દામાલ સાથે કોરટમાં રજૂ કરવા પડશે કાલે.

એને છાપામાં વારંવાર નજરે ચડેલો શબ્દસમૂહ - 'મોતના સોદાગર' - ઓચિંતો જ પોતાના હોઠે ક્યાંથી આવી ગયો એ સમજાતું નહોતું. બને ત્યાં સુધી વિવાદમાં ન પડવું અને રાજકારણીઓને તો નવ ગજ છેટેથી જ સલામ ભરવી - એ મતલબની વડીલોની શિખામણ મુજબ જ ચાલતો. એને થયું કે આના કરતાં તો પોલીસખાતાએ પરંપરાથી માન્ય કરેલી ગાળ બોલી હોત તો સારું હતું.

'તમારે કંઈ કહેવું'તું ને?' એણે મહેશની સામે જોયું.

'સાહેબ, મારે થોડી ખાનગી, પેટછૂટી વાત કરવી પડે એમ છે. બાય ગૉડ, આ મડદું મારા છ મહિનાથી ફરાર થઈ ગયેલા ફાધરનું છે...હું તો એમને એ ઘર છોડીને નીકળી ગયા ત્યારથી દિવસરાત એક કરીને શોધી રહ્યો છું. અચાનક આજે આ જગ્યાએ એમનો પત્તો લાગ્યો; પણ જુઓ છો ને! આ ભિખારી ગાંઠતો

*કેટલાંક પુસ્તકો રાખવાનાં હોય છે, કેટલાંક ગળી જવાના હોય છે અને બહુ જ થોડાં ચાવીને પચાવવાનાં હોય છે.*

જ નથી! ક્યારનો કરગરું છું પણ એ -' મહેશને શાળામાં ભણતો ત્યારથી નાટકમાં ભાગ લેવાનો અનુભવ હતો. વળી બારોટની જાત. સરસ્વતી જીભની ટોચે વસી હતી.

એ ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યો. જાણે પેલી લાશ ખરેખર એના બાપની જ ન હોય! બલ્લુને નવાઈ લાગી. 'આ મૉણસ નરાતળ જૂઠું બોલઅ છ જમાદાર સાહેબ!' સમસમી જઈ એ બોલી ઊઠ્યો : 'એ મડદાંનો વેપારી લાગઅ છઅ...હડકાઈમા ખાય મને, ખોટું કઉં તો... આ તો અમારા બબાભાનું મડદું છઅ, ખાતરી કરવી હોય તો આખી દિલ્લી દરવાજાની વાઘરી નાત જુબાની આલશે!'

બલ્લુના પુણ્યપ્રકોપથી ડઘાઈ ગયેલા મહેશે છેલ્લો પાસો ફેંકવાનો નિર્ણય કરી દીધો. ખાખી મોઢાનું માપ એ જાણતો હતો. ઈશારો કરીને એ જમાદારને મંદિરની પછીત પાસે લઈ ગયો. અંધારામાં પણ અનુભવી ટેરવાં પાંચસો-પાંચસોની પાંચ નોટોને ઓળખી શકી. રૂપિયા ગજવામાં સેરવીને એ બોલ્યો : 'વાંધો નહીં, લાશ લઈ જાવ તમતમારે. હું બેઠો છું. દા'ડો ઊગ્યા પહેલાં ઠેકાણે પાડી દેજો.'

પાછા વળીને એણે બલ્લુના બરણામાં બે દંડા ઝીંક્યા. માર ન ખમાયો એટલે બલ્લુએ એના પગ પકડી લીધા. 'ઓ મારા વા'લા! વગર વાંકગુને શું કામ ધીબો છો બાપલા! તમારું ગૂ ખઉં છું...મારી દેવીના શૉગન ખાધા તોય નથી મનાતું? આ મડદું મારા બબાભાનું છઅ...આ શેઠિયાનો બાપ મારી પાંહે આયો હશે મરવાટાંણે? ગધાડાને તાવ આવે એવી વાત કરઅ છઅ આ ભઈસાહેબ! જરીક તો ભગવાન માથે રાખો : આ ડોહો મરી જ્યો છ, નંઅ કાલ્ય આપણેય મરવાનું છઅ. કોઈ અમરપાટો લેઈન્ નહીંઈ આયું...'

એની કાકલૂદીની પરવા કરે તો એ પોલીસવાળો શાનો? એણે બેરહેમીપૂર્વક ત્રીજી વાર દંડો ફટકાર્યો. 'નાટક કર્યા વગર ઈસમની લાશ સોંપી દે, નહીંતર ચાલ પોલીસ થાણે. તારો બબોભા ઉપરથી પાછો આવશે તોય તને બચાવી નહીં શકે હા!' એને પગથી પાટુ મારીને દૂર હડસેલતાં એણે ઉમેર્યું : બોલ, મડદું સોંપવું છે કે તારેય તારા બબાભાનું ભાત લઈને જવું છે?

બલ્લુએ ઠૂઠવો મૂક્યો. 'અરેરે, આ તો ધરમ કરતઅ ધાડ્ય પડી ભા!' એણે મડદા પર ઓઢાડેલું લૂગડું ખસેડી કહ્યું : 'મારાં ને તમારાં અંજળ પૂરાં થ્યાં....' એણે કાળજું ફાડી નાખે એવડી પોક મેલી.

જમાદારે છણકો કરીને કહ્યું : ચાલ, હવે ચૂપ થઈ જા. અને પછી આંખ મિચકારીને મહેશને પૂછવા લાગ્યો : વડીલ કેટલા વખત પહેલાં ફરાર થઈ ગયેલા?

'આશરે છ મહિના અગાઉ સાહેબ' એણે મગજ કસી તારીખ યાદ કરવાનો પ્રયત્ન કર્યો. 'બરાબર સત્તરમી મેના દિવસે. મગજ ફરી ગયેલું ને! બે દિવસ પહેલાં તો કાનોરિયામાં કરંટ અપાવી આવેલો. કંપનીના કામે બૉમ્બે ગયેલો ત્યાં મિસિસનો ફોન આવ્યો કે બાપા રાતના ક્યાંક નીકળી ગયા છે.'

બલ્લુથી ન રહેવાયું એટલે એ બરક્યો : જરા ભગવાન માંથે રાશીનં આ ડોહાના મૂઢા હાંમું તો જુવો! આ તમારા બાપા નથી, આ તો અમારા બબો ડોહો સઅ...પંનર વરહાંથી આખું દરિયાપુર ઓળખઅ છઅ...

પોલીસવાળાને વાત વણસતી લાગી એટલે એણે વચલો રસ્તો કાઢ્યો. ચાલ, માની લઈએ કે એ તારા બબા ડોહા છે. પણ હવે તો એ મડદું છે ને? બિનવારસી લાશ છે. સિવિલવાળા આવીને લઈ જશે. કૉલેજનાં છોકરાંને ડિસેક્શન માટે સોંપી દેશે. ગીધડાંની જેમ ઠોલશે તારા બબાભાના મડદાને. એના કરતાં આ ભાઈસાહેબ તો વાજતેગાજતે એમના બાપાના અગ્નિસંસ્કાર કરવા માગે છે. તું જ નક્કી કર બલ્લુ, તારે ડોહાની માટી ચૂંથાવા દેવી છે કે એ જીવની સદ્‌ગતિ થાય એવો રસ્તો કરવો છે?

બલ્લુ ચકરી ખાઈ ગયો. એની નજર સામે છેલ્લાં આઠ વરસથી મ્યુનિસિપાલિટીની શબવાહિનીઓ કંઈ કેટલાય ભિખારીઓની લાશો ઉઠાવી ગઈ હતી. આ બબાભાએ જ કહેલું તે સાંભરી આવ્યું : 'આ મડદાંનું કોઈ રણીધણી નંઈ. લેઈ જાહે ઈસ્પિતાલમાં ને નાંશી મેલશે ગંધાતા કંડમાં... દવાના પૉણીમાં પડી રે'શે મહિનોમાસ. કાયા રબ્બર જેવી કઠ્ઠણ થઈ જાહે પછંઅ મેડિકલ ભણનારાં સોકરાં મંડી પડશી કાતોર-ચપ્પાં લેઈન્ ચીરવા...'

એને એ વાત મનાતી મહોતી. ખરાનકરી કરવા એક વાર ચૂપાચૂપ એ જાતે જ મેડિકલ કૉલેજના ઍનાટૉમી ડિપાર્ટમેન્ટમાં પહોંચી ગયો હતો. માથું ફાડી નાખે એવી તીવ્ર વાસ આવી રહી હતી. અધખૂલી બારીમાંથી ડોકિયું કરતાંની સાથે એ પું પું થઈ ગઈ હતો. રાડ જ નંખાઈ ગઈ હોત પણ એણે હોઠ બરાબર ભીડી રાખ્યા હતા. બારી પાસેના આરસના ઓટલા પર સાવ નાગી લાશ સૂતેલી હતી. એનાથી ઊભું ન રહેવાયું એટલે એણે દીવાલનો ટેકો લીધો. ઝીણી નજરે જોતાં જ એ બબડ્યો : અરે, આ તો શાહપુરવાળા ભીખામગનની લીલાડી! જીવતી હતી ત્યારે આખું ગામ માથે કરીને ફરતી હતી. વટનો કટકો હતી વાલામૂઈ. દિલ્લી દરવાજાની અપસરા.... એને જોઈને અધરાત મધરાત ભલાભલા નબીરાઓની ગાડીઓને બ્રેક વાગી જતી... એક વાર એ રૂપની રાણીએ બલ્લુને કાચી ઊંઘમાંથી જગાડેલો. આંખોના ઉલાળે એ એને હડકાઈમાની દેરી પાછળ દોરી ગઈ હતી, ને પછી...

ધોળા ડગલા પહેરેલાં ચાર જુવાન છોકરડાં એની કાયા ચૂંથી રહ્યાં હતાં. બલ્લુથી એ દૃશ્ય જીરવાયું નહી એટલે ઉતાવળે અડબડિયાં ખાતો સીડી ઊતરી ગયેલો.

'તમે કો' છો એટલે તમારું માંન રાખીને....' જમાદારે એને ઢંઢોળ્યો : બોલ, શો વિચાર છે? ભઈસાહેબને બબાભાનું મડદું હૂંપું - પણ મારી ગરીબની એક અરજ છઅ બાપા!' એણે ધીમે

*અચાનક કોઈ આફત આવે તો ગભરાઈ જવાને બદલે વિવેકબુદ્ધિથી કામ લેવું જોઈએ.*

રહીને શરત મૂકી : 'મારી નજર હાંમા બાળવા પડંઅ ડોહાનંઅ! અનં પાંચ બાવા - ફકીર જમાડવા પડંઅ....'

એની શરતો સાંભળી મહેશને અને જમાદારને હસવું આવી ગયું. 'ભલે, તારી બંને શરતો કબૂલ. હવે લાંબી લપછપમાં પડ્યા વગર મારુતિમાં સુવાડી દે તારા બબાભાને. તું પણ બેસી જા.' પોલીસવાળાની કુનેહ પર મહેશ બારોટ વારી ગયો. મારુતિમાં ગોઠવાઈ રહેલા બેઉ 'ઇસમો' ને ઉદ્દેશીને એણે ઉમેર્યું : મારી વાત સાંભળી લો. આ લાશ તમારા બાપાની છે કે બબા ભિખારીની, એની કડાકૂટમાં પડવાની જરૂર નથી. મરનાર કોઈ પણ હોય - એનું માન સચવાય એ જરૂરી છે. આ બલ્લુડાને પણ પાંચ-પચ્ચીસ આપીને પાછો મોકલજો. અને એની માગણી મુજબ પાંચ-સાત બાવા સાધુને જમાડી દેજો. ઊપડો હવે. મોડું કરવામાં મજા નથી... કોઈ પોલીસવાળો ભાળી જશે તો સીધા થાણા ભેગા કરશે.' છૂટા પડતાં પડતાં પણ એણે બીક તો બતાવી જ : 'અમારા ખાખીવાળા અને ગાંધીનગરના ખાદીવાળાનો ભરોસો નહીં!' એ હસ્યો. મહેશ બારોટે એને 'થૅન્ક યુ સર' કહ્યું. બલ્લુ પાછળની સીટમાં બબાડોસાનું માથું ખોળામાં લઈને મૂંગોમંતર બેસી રહ્યો. રહી રહીને એને મેડિકલ કૉલેજના ડિસેક્શન હૉલનું પેલું બિહામણું દૃશ્ય યાદ આવી રહ્યું હતું. એને સંતોષ એ વાતનો હતો કે બબાભાનું મડદું બીજા ભિખારીઓની જેમ ચૂંથાવાનું નહોતું. બિચારા ડોસાને પંડની પ્રજા તો નહોતી પણ આ અજાણ્યો જણ સામે ચાલીને દીકરો થવા આવ્યો હતો! કિસ્મતની આ પણ કેવી બલિહારી હતી...

મારુતિ સડસડાટ દિલ્હી દરવાજાથી ગાંધીનગર તરફ જતા રાજમાર્ગ તરફ વળી. શાહીબાગ અને કૅમ્પના હનુમાનથી આગળ બલ્લુએ આજ પહેલાં નજર સુધ્ધાં નહોતી કરી. આજે એની હથેળીમાં એકાએક ગાંધીનગરની સુંવાળી સડકો પર મારુતિમાં મુસાફરી કરવાનો રાજયોગ ફૂટ્યો હતો!

'સાંભળ દોસ્ત, બાપાને આગ તારે જ મૂકવાની છે. તેં એમની વસમી વેળામાં સગા બાપની જેમ સેવાચાકરી કરી છે. એટલે એમના ઉપર તારો પહેલો હક્ક ગણાય.'

બલ્લુ રાજી થયો. સુખિયાં લોક આપણને આટલો હક્ક આપે એ ઓછું છે? એણે મન મનાવી લીધું. પોલીસવાળાને મંદિર પાછળ લઈ જઈને પટાવી દીધો એ પછી બાજી પોતાના હાથમાં તો રહી જ ક્યાં હતી? આ તો કદાચ મરનાર બબાભાના આત્માએ જ એ લોકોને સમી મત સુઝાડી હોવી જોઈએ. નકર બે દંડા વધારે મારીને મડદું પડાવી લીધું હોત તોય પોતે શું કરી શકે એમ હતો? પોલીસનું વેર પોસાય ખરું? આખરે એની મહેરબાની ઉપર તો ફૂટપાથ પર ભીખ માગી ખાઈએ છીએ. પાણીમાં રહેનારને મગર સાથે મીઠો સંબંધ રાખવો જ પડે.

મારુતિ ઇન્દિરા બ્રિજ ઓળંગીને સડસડાટ ગાંધીનગર તરફ આગળ વધી રહી હતી. ડાબા હાથ પર કાનોરિયા હૉસ્પિટલનું પાટિયું આવ્યું. બલ્લુને સળવળાટ થયો : બાપડા બબોભા...એના ખોળામાં જાણે શેર ઘીનો શીરો ખાઈને સૂઈ ન ગયા હોય! એમનો આ લખપતિ દીકરો અહીંજ લાવ્યો હશે કે મગજના કરંટ અલાવા? - એને છેક ડૂંટીમાંથી હસવું આવી ગયું. ખોંખારો ખાઈ એણે એને ખાળવાની કોશિશ કરી ત્યારે પેલા પોલીસના દંડા કણસી ઊઠ્યા. એનાથી ઊંહકારું નીકળી ગયું.

'ચ-ઝીરો' ના હુલામણા નામે ઓળખાતું ઇન્દ્રોડા સર્કલ વળોટી મારુતિ 'જ' માર્ગ પર પૂરપાટ દોડી રહી હતી. વાહ રે ડોહા, તમારાં નશીબ... બલ્લુ મનોમન પેલી રૂપની રાણી અને બબા ડોસાના મોતની સરખામણી કરવા લાગ્યો. ભલભલા શેઠિયા જેની પૂંઠળ લાળ ઝેરવતા હતા એ લીલાડી માના પેટમાંથી અવતરી હોય એમ નવસ્ત્રી થઈને ચત્તીપાટ મેડિકલ કૉલેજના ડિસેક્શન હૉલમાં ચૂંથાઈ રહી હતી. જેણે જિંદગીમાં મોટરમાં પગ નહોતો મેલ્યો અને ગાંધીનગર કઈ દિશામાં આવ્યું એની જેને ખબર નહોતી એવા બબો વાઘરી આજે ચડે ઘોડે રાજધાનીના મસાણમાં બળવા ઊઘલ્યા હતા! વગર પરણેતરે આવો ચેલૈયા કુંવર સમો છોકરો મળી ગયો એ તે કંઈ જેવી તેવી વાત છે?

મારુતિ સેક્ટર-૩૦ નું ઍરોપ્લેન સર્કલ ઓળંગી સાબરમતીના કિનારે આવેલા ભવ્ય 'મુક્તિધામ' માં પ્રવેશી ત્યારે ઉગમણી દિશામાં રાતી હિંગળોક રંગોળી પુરાવા લાગી હતી. બલ્લુને ઘડીક તો શંકા પણ ગઈ : આ તે બગીચો છે કે મસાણ? દેવીદેવતાઓ અને સંતોની મૂર્તિઓ, સુગંધીદાર ફૂલછોડ, ઘટાદાર વનરાજિ, લીલી ચાદર સમી લૉન, વચ્ચે ફુવારા અને દેવાધિદેવ મૃત્યુના દાતા મહાદેવજી...

'ગુજરાત જેમ આખા હિંદુસ્તાનનું નંબર-વન સ્ટેટ છે એમ આ સ્મશાન આખા ગુજરાતનું નંબર-વન સ્મશાન છે. મોટા મોટા મુખ્યમંત્રીઓ અહીં બળ્યા છે. તારા બબાભાનું કિસ્મત તો જો!' મહેશના મોઢે 'તારા બબાભા' જેવા શુકન સાંભળી બલ્લુને અમીનો ઓડકાર આવ્યો. જુઓને પ્રભુની લીલા... એ વિચારવા લાગ્યો : મોડું મોડુંય જે હાચું હતું એ જ હોઠે ચડ્યું!

આટલી વહેલી સવારે પણ ત્રણ મૃતદેહ આવી ગયા હતા. ડાઘુ એમની ચિતાઓ સજાવી રહ્યા હતા. મારુતિ છેક વીજળીક સ્મશાનગૃહના દરવાજા નજીક લઈ જઈને મહેશે કહ્યું : 'તું બાપાને સંભાળ. હું જરા ફૂલહાર, શ્રીફળ અને ઘી વગેરેની વ્યવસ્થા કરીને આવું છું. નવું કફન પણ લેતો આવું. કોઈ પણ કામ કરવું તો પરફેક્ટ રીતે કરવું; વેઠ ન ઉતારવી - એ મારો સિદ્ધાંત છે.' એ ઉતાવળે 'મુક્તિધામ'ના કાર્યાલય તરફ ચાલવા લાગ્યો. બલ્લુ મારુતિમાં બેસી રહ્યો. બબાભાનો ચહેરો ફૂલીને રતૂમડો થઈ ગયો હતો. પેટ કાયમને માટે પીઠ સાથે ચીપકેલું રહેતું પણ અત્યારે એ પણ ફૂલીને ઢોલ થઈ ગયું હતું. એકાએક મડદાને વાછૂટ થઈ, ને આખી મારુતિ ગંધ ગંધ થઈ ગઈ.

સામાન લઈને પાછા ફરી રહેલા મહેશે મોબાઈલ કરીને ફોટોગ્રાફરને પણ તાબડતોબ પહોંચવાની સૂચના આપી દીધી.

*ઉપનિષદો કહે છે કે ત્યાગીને ભોગવો. પણ ત્યાગીને ભોગવવાનું તો એક માત્ર માતા જ જાણે છે.*

બેઉએ મૃતદેહ ઉતારીને સ્મશાનગૃહના ઓટલા પર ગોઠવ્યો. 'બલ્લુ, તને વાંધો ન હોય તો' બબાભાને ઇલેક્ટ્રિક ભઠ્ઠીમાં જ સરકાવી દઈએ. લાકડાં શોધવા જતાં આમેય વાર લાગે અને પાછો આપણો તો ચોથો નંબર છે. અહીં ને અહીં બપોર ચડી જશે! અગિયાર વાગ્યે તો મારે નોકરી પર હાજર થઈ જવાનું છે...'

બલ્લુ કશું બોલ્યો નહીં. એ ચૂપાચૂપ બબાભાની લાશને અંતિમ વિદાય માટે શણગારતો રહ્યો.

'કેમ, મારી વાત ના ગમી?' લાશ પર ચંદનના લાકડાનો ટુકડો મૂકતાં મહેશે કહ્યું : 'તું ખોટો વહેમ રાખતો નહીં. અત્યારે તો ભલભલા કરોડપતિઓનેય વીજળીક સ્મશાનમાં જ અગ્નિદાહ આપવામાં આવે છે. અડધા કલાકમાં તો આપણને બબાભાનાં ફૂલ પણ મળી જવાનાં...' થોડું અટકીને એણે ઉમેર્યું : 'ને સાંભળ, ભઠ્ઠીમાં નનામી તારે જ ધકેલવાની છે. બબાભાના આત્માને પણ આનંદ થશે કે મારા બલ્લુએ મને અગ્નિદાહ દીધો, એય તે ગુજરાતની રાજધાનીના વીઆઈપી મસાણમાં!'

બલ્લુ પહેલી વાર હસ્યો. એના ચહેરા પર રાજીપો નિહાળી મહેશને ટાઢક વળી. મૃતદેહનો ચહેરો ફૂલોથી ઢાંકી દઈ મહેશે એના મોબાઈલ કેમેરા દ્વારા જુદા જુદા એંગલથી ફોટા પાડ્યા. ઑપરેટરે ભઠ્ઠી ચાલુ કરી અને મૃતદેહને સ્ટ્રેચર પર લીધો. મારતી હીરો હોન્ડાએ ધસી આવેલા ફોટોગ્રાફરે ફોટા પાડ્યા. ભઠ્ઠીનો દરવાજો ઊઘડ્યો. લાલ બંબોળ ભઠ્ઠીમાં સ્ટ્રેચર ધકેલતાં બલ્લુની આંખો ચૂઈ પડી. એનાથી ઠૂઠવો મુકાઈ ગયો : 'ભાઆઆ...લ્યો રામરામ!' કહી એણે હાથ જોડ્યા. મહેશ બારોટે પણ 'બા...પા! માફ કરજો, ચામડાની જીભ છે. કંઈ વાકુંચૂકું બોલાઈ ગયું હોય તો મન મોટું રાખીને ભૂલી જજો. છોરું કછોરું થાય, તમે તો માબાપ હતા!' કહી છેલ્લા જુહાર ભણ્યા. વાતાવરણ ગમગીન બની ગયું. તત્કાળ કૉપી કાઢી આપી ફોટોગ્રાફર પાછો વળ્યો.

હવે વીજળીક સ્મશાનના પ્રાંગણમાં બલ્લુ અને મહેશ બે જણ જ હતા. બેઉ સૂનમૂન બેઠા હતા. ઓચિંતો જ બલ્લુએ સવાલ કર્યો : 'સાહેબ, તમે આવું કેમ -' એણે શબ્દો ફેરવીને પૂછ્યું : 'હાવ આવું? જેની હારે ના'વા નિચોવા નંઈ એવા એક ભિખારી પાછળ આટલી જફા?'

મહેશની આંખો ભરાઈ આવી : 'એ બધી લાંબી વાત છે ભઈલા! તેં સહકાર આપ્યો એ બદલ તારો આભાર. ઊંડા ઊતરવામાં કોઠી ધોઈને કાદવ કાઢવા જેવું છે. પણ તને બાપના બોલથી ખાતરી આપું છું : હજી તો બબાભાનાં ફૂલ લઈને ચાણોદ-કરનાળી જઈશ. એમની પાછળ ગરુડપુરાણ બેસાડીશ. મારાથી થશે તે પુણ્યદાન અહીં પણ કરીશ ને વતનમાં જઈને પણ કરીશ. અહીંથી બારોબાર બેસણાની જાહેરખબર આપવા જવાનો છું. તને પથિકાશ્રમ ઉતારતો જઉં છું....' એણે પાકીટ કાઢીને એને પાંચસો રૂપિયા ધર્યા : 'લે, આટલું માન રાખ. ના લે તો તને બબાભાના સમ છે!'

બલ્લુએ કચવાતા મને પાંચસોની નોટ સ્વીકારી. અલબત્ત આટલી ટકોર જરૂર કરી : તમે મરનાર જીવના શૉગન ઘાલ્યા એટલે, નકર બબાભા પૂંઠળ તો મું પંડની મૂડી ખરચવાનો હતો. આ રૂપિયાના લાડુ લાવી અમારી ભિખારીઓની નાતમાં વહેંચીશ - એથી આગળ એને શબ્દો ન જડ્યા.

ઠારી દીધેલી ભઠ્ઠીમાંથી ફૂલ કાઢી આપી સ્મશાન સેવક ચાલ્યો ગયો. 'તું થોડાં ફૂલ પણ લેતો જજે.' મહેશે એને પ્લાસ્ટિકની કોથળી આપી. 'દૂધેશ્વરના આરે પધરાવજે. ભાનો આત્મા રાજી થશે. ખરી સદ્ગતિ તો -' એણે અટકીને ઉમેર્યું : 'હું ય બધ્ધું જ સમજી શકું છું. બલ્લુ! હું પણ કોઈ બાપનો દીકરો છું...' એના રોમેરોમમાં કંપારી ફરી વળી.

★

આખો દિવસ રાહ જોયા છતાં પંડ્યાજીનો ફોન ન આવ્યો એટલે એણે થાકીને સામેથી રિંગ આપી.

'પંડ્યાસાહેબ, મહેશ બારોટ બોલું છું - ગાંધીનગરથી.' એણે ઉત્સાહપૂર્વક ઉમેર્યું : 'મારો એસએમએસ નહોતો વાંચ્યો?'

તલાટીએ ભાંગેલા મૂડમાં જવાબ આપ્યો : 'એસએમએસ વાંચવાની નવરાશ જ ક્યાં મળે છે આજકાલ? બોલો કાંઈ નવાજૂની?'

મહેશે આભારવશ થઈ કહ્યું : 'આપના ગાઈડન્સ મુજબ બધું પતાવી દીધું છે. છ મહિનાની રઝળપાટ છેક આજે લેખે લાગી! આવતી કાલનાં પેપરોમાં બેસણાની જાહેરખબર આવી જશે અને સાંજ સુધીમાં તો બાપાનું ડેથ સર્ટિ પણ મળી જશે.'

તલાટીએ નવરામણિયાના સમાચાર આપ્યા : 'પણ દોસ્ત, મણિકાકા તો ગઈ કાલે મંદિરના બાવાજી જોડે ચલમ ફૂંકતા હતા... હવે તો એમણે ભગવાં પહેરી લીધાં છે!'

મહેશના પગ પાણી પાણી થઈ ગયા અને આંખોમાં લાલપીળાં કૂંડાળાં રચાવા લાગ્યાં. એ કૂંડાળાં વચ્ચે જે ઝાંખોપાંખો ચહેરો દેખાયો તે કોનો હતો?

— બબા ડોસાનો કે એના ફરાર થઈ ગયેલા બાપનો?

— એ ઝીણી નજરે ઓળખવા મથતો રહ્યો છતાં નક્કી ન કરી શક્યો. ■

*હું પશ્ચિમ તરફની બારી ખૂલતી હોય એવા જ મકાનમાં રહેવાનું પસંદ કરું અને સૂર્યોદય જોવા ન મળતાં દુઃખી થતો રહું એનો કોઈ જ અર્થ નથી ને?*

*હું આખો દિવસ નકારાત્મક વિચારો જ કર્યા કરું અને પછી ફરિયાદ જ કર્યા કરું કે મારું મન પ્રસન્ન નથી રહેતું.*

*કોઈ અર્થ છે ખરો?*

*તમારા ધંધાનો વિકાસ તમારી ક્ષમતા પર આધારિત છે.*



# અસ્વીકાર

• દશરથ પરમાર •

બોગદા જેવું હતું કશુંક લાંબુ, સાંકડું અને અંતહીન ભીતર લથબથ અંધકાર. એની ખરબચડી દીવાલોમાં ભરાઈ બેઠેલાં તમરાંના નિરંતર તમતમાટ અને આમ તેમ આથડતાં ચામાચીડિયાંની પાંખોના ફફડાટ સિવાય સઘળું સ્તબ્ધ...દૂ...ર સફેદ ટપકાં જેવું દેખાય છે. અજવાળું હશે? એ દિશા તરફ જવું જોઈએ. પણ પગ ઊપડતા નથી. કોઈએ બેડીઓ નાખી દીધી છે કે શું તે ખસવાનું નામ જ નથી લેતા. અચાનક ઝબકારો થયો : મદદ માટે બૂમ મારવી જોઈએ. મોઢું ખોલ્યું. ગળામાંથી અવાજ નીકળ્યો હોય એમ પણ લાગ્યું, તો પછી એ સંભળાયો કેમ નહિ? કામ પર શંકા જતી હતી ત્યાં જ પથરાળ જમીન પર લોખંડની નાનકડી ગાડીનાં પૈડાં ઘસાવાનો અવાજ સંભળાવા લાગ્યો : કિચૂઉડ-કિચૂઉડ...!

ચંદુલાલની આંખ ખૂલી ગઈ.

ક્યાં છું હું? : એમને થયું : ઘરમાં? બોગદામાં? ના, આ બોગદું તો નથી જ. તો પછી ઘર? ના, આ ઘર પણ નથી. એમણે આંખો અડખેપડખે ફેરવી જોઈ. કોઈ નથી. સફેદ છત-દીવાલો. બંધ બારીઓ પર ઝૂલતા આછા લીલા રંગના પરદા... ઝીરોના બલ્બના અજવાળામાં શિયાળાની મધરાત જેવું વાતાવરણ... રૂમની શાંતિને ખંડિત કરતો બીપ્-બીપ્ અવાજ. ચંદુલાલ ધ્યાનથી સાંભળવા લાગ્યા. અવાજ નિયમિત અંતરે આવતો હતો. શેનો છે આ અવાજ? ને ક્યાંથી આવે છે? એમણે રઘવાટભર્યા અવાજે બૂમ પાડી. પણ અવાજ ગળામાંથી નીકળ્યો જ નહિ. માથું હલાવી જોયું. હાથ ઊંચો કરવાની કોશિશ કરી. પણ લગીરેય સંચાર વર્તાયો નહિ. શરીર જાણે કહ્યામાં જ નથી કે શું!

ચંદુલાલે થાકીને આંખો મીચી યાદ કરવાનો પ્રયત્ન કર્યો.

ધીમે-ધીમે, થોડું-થોડું યાદ આવવા માંડ્યું : સવારે, હા, વહેલી સવારે રોજના નિયમ મુજબ એ 'મોર્નિંગ વૉક' માટે નીકળ્યા હતા. અંધારું રોજ કરતાં જરા વધારે લાગતું હતું. રાત્રે કમોસમી માવઠું થયેલું. પવન સુસવાટા મારતો હતો. ભીની-પોચી જમીન પર પગ મૂકતાં એમને થોડો ડર પણ લાગ્યો હતો. સૂમસામ રસ્તે ગાયત્રી મંત્ર જપતા એ શહેરથી ચારેક કિલોમીટર દૂર, હાઈવેથી થોડી અંદરની બાજુએ આવેલી કૉલેજ સુધી પહોંચી ગયા હતા. વૉકિંગ ટ્રેક કૉલેજના છેવાડે, છેક ખૂણા પર હતો. ઘટાદાર લીમડાઓથી ઘેરાયેલું ગોળાકાર મેદાન. ખૂણા પર ઊભા રહી એમણે ચારેકોર નજર દોડાવી હતી : સૂનસૂનાકાર! રોજ તો આઠ-દસ સ્પોર્ટસમેન... એમનો વૃદ્ધ કોચ... દસ-બાર પેન્શનર્સ. ત્રણેક યુવતીઓ અને થોડાંક ટાબરિયાં એમનાથીય પહેલાં આવી પહોંચતાં. ને આજે? એમને થયું : એ વહેલા છે કે પછી મોડા?

બીજો રાઉન્ડ પૂરો થવામાં હતો ત્યાં જ વળાંક આગળ પેલો નજરે ચડ્યો હતો. એક હાથમાં સાવરણો ને બીજા હાથમાં એની કચરા-લારીનું હેન્ડલ.

ચંદુલાલને બરાબરની ચીડ થઈ આવેલી : સવાર-સવારમાં સાલાનું મોઢું જોવાઈ ગયું. એક તો આખી રાતનો ઉજાગરો ને ઉપરથી આ ભટકાયો. કોણ જાણે હવે દિવસ કેવો જશે? મારી તો નજર પડે, જાણે ઠીક છે, પણ સાલો! એની ઔકાત ભૂલી આમ છાતી સામે આવી ઊભો રહે છે, નીચ...!

ચંદુલાલે જાણે એને જોયો જ ન હોય એમ અવળું તાકી સ્પીડ વધારવાની કોશિશ કરેલી પણ પેલોય ક્યાં ઓછો હતો? લારી ઠેલતો-ઠેલતો સાથે થઈ ગયો : 'ગુડ મોર્નિંગ, સાહેબ!'

ચંદુલાલની ચાલ ધીમી પડી ગયેલી. ત્રાંસી આંખે એ તરફ જોઈ વિચાર્યું : નથી આપવો જવાબ! જોઈએ, શું કરે છે? નીકળી પડ્યો છે મોટો ગુડમોર્નિંગ વાળો!...! ત્યાં તો પેલો સાવ લગોલગ આવી છેક કાનમાં બોલતો હોય એમ ફરીથી બોલ્યો : 'ગુડમોર્નિંગ, સાહેબ...!'

ચંદુલાલને થયેલું કે હવે છુટાય એમ નથી એટલે પરાણે હસવાનો ડોળ કરતાં બોલ્યા હતા : "મોર્નિંગ....મોર્નિંગ...!" પછી પહેલાં કરતાંય વધુ ઝડપે આગળ વધી ગયેલા. જો કે, પગ આગળ તરફ ગતિ કરતા હતા પણ કાન તો કોણ જાણે કશીક અપેક્ષામાં પાછળ તરફ જ મંડાઈ રહેલા. થોડીકવાર સુધી કિચૂડાટ સંભળાતો રહ્યો. પછી એમાં હળવા સાદે ગવાતા પ્રભાતિયાના શબ્દો

*માણસનું પરમ અજ્ઞાન એ આ યુગની મોટામાં મોટી શોધ છે.*

ભળેલા.

ચંદુલાલ એને ઓળખતા નહોતા. અંધારામાં એનો ચહેરોય પૂરતો જોવા મળતો નહિ. એનું નામ મંગળ કે એવું કંઈક હતું. રોજ સવારે એ અહીં આવનારાં બધાંયનું આ જ રીતે અભિવાદન કરતો.

"ખાસ્સું ભણેલો છે, બિચારો! પણ સરકારી નોકરી મળી નહિ. મને દયા આવી તે આ કૉલેજમાં રખાવ્યો ...!" એકવાર ઍડવોકેટ પરીખે કહેલું.

"આ લોકો તો સરકારના જમાઈ કે'વાય! એમને વળી ભણવાની કે નોકરી કરવાની શી જરૂર? પારકા પૈસે તાગડધિન્ના! સહેજ જરૂર પડી નથી કે હાથ લંબાવ્યો નથી. અરે! આપણે તો એક જ પકવાન જમીએ ને એમને તો રોજ જાતજાતનાં ને ભાતભાતનાં ભોજન મળી રહે!" ચંદુલાલે કહ્યું : "ને વકીલ સાહેબ! તમે એ રખાવ્યો છે ને! પણ કો'ક દિવસ તમારું નામ બદનામ ન કરે તો યાદ કરજો મને ...!"

ચંદુલાલ એને જોતા કે તરત એમનાં વિધવા શાંતાફોઈ યાદ આવી જતાં. નાના હતા ત્યારની વાત. એ વખતની ઘણી યાદો સાવ ભૂંસાઈ ગઈ છે ને વિસારે પડી ગઈ છે. પણ કોણ જાણે કેમ પેલી વાત તો અત્યારેય સાવ સામે ભજવાતી હોય એમ ભીંસ્યા કરે છે.

બાપુજી ને ખેતી ઝાઝી. બળદોની બબ્બે જોડ હતી તોય પહોંચી વળાય નહિ તે ટ્રેક્ટર લાવેલા, નવું નક્કોર! હતું કે ગામના ઠાકોર-દરબારનો કો'ક છોકરો ડ્રાઈવર તરીકે મળી રહેશે. પણ એકે જણ નવરો મળે નહિ. છેવટે કચવાતા મને ગામના ભીખા ભંગીને રાખવો પડેલો. ચંદુ ઘણીવાર એની સાથે ખેતર જતો આવતો. સાથે વિધવા ફોઈ-શાંતા-પણ હોય. ઘેર આવ્યા પછી બા ચંદુને 'છાંટ' લેવડાવતી. એને સમજાતું નહિ. બાને પૂછે તો કે' : "તું અભડાઈનં આવઅં સં એકઅ!"

ચંદુને થતું : બાની વાત સાચી છે. ભીખલા સાથે હળવા-મળવાથી અભડાઈ જવાય પણ શાંતાફોઈ તો ઘણીવાર ભીખાને અડીને બેસે છે. અરે! એના તાંસળામાંથી એકાદ કોળિયો પણ ખાઈ લે છે, તો એ 'છાંટ' કેમ નથી લેતાં? એમને આભડછેટ નહિ લાગતી હોય?

એનો ઉત્તર પણ થોડા જ દિવસોમાં એને મળી ગયેલો.

એક બપોરે ભીખાનું ભાત લઈને ખેતરે ગયેલાં ફોઈ વળીને પાછાં આવ્યાં જ નહિ. ભીખાનોય પત્તો નહોતો. ટ્રેક્ટર લઈને જ બારોબાર.

ચંદુલાલની આંખો એકદમ ઊઘડી ગઈ.

આમ-તેમ આથડતી, સ્થિર થવાની મથામણ કરતી નજર નવા વાતાવરણમાં નોંધારી બની ભટકતી રહી. છત પર એક ખૂણામાં કરોળિયાનું નાનું જાળું હતું. એના તાણાવાણા સામે જોતાં-જોતાં જ ચંદુલાલની આંખો વળી પાછી બિડાઈ ગઈ. ઊંડી ગુફામાં બેઠું-બેઠું કોઈ ધીમા સૂરે ગાતું હતું.

...એમ મારા વા'લાને વઢીને કે'જોરે,

માને તો મનાવી લેજો રે...!

અરે! ચંદુલાલ ઓળખી ગયા. આ તો મેંદીની વાડ પાછળથી આવતો પેલા મંગળનો જ અવાજ! ત્રીજો રાઉન્ડ અડધો થયો હશે. ચંદુલાલના પગ થંભી ગયા હતા. થાક લાગવા માંડ્યો હતો. વૉકિંગ ટ્રેકમાંથી બહાર નીકળીને એ ધીમી ચાલે સામેના લીમડા નીચેના બાંકડે જઈ બેઠા. છાતીમાં થોડી હાંફ ભરાઈ આવી હતી. ઠંડીમાંય પરસેવો વળવા લાગ્યો હતો.

ગઈકાલની ઘટનાથી ક્ષુબ્ધ થયેલા મનને શાંત પાડવાનો એકમાત્ર ઉપાય હતો યોગ! ચંદુલાલ એકદમ સતર્ક થઈ ગયા. પદ્માસન વાળી, આંખો મીંચી એક ઊંડો શ્વાસ ખેંચ્યો ત્યાં તો ખરા બપોર... આકરો તાપ... વાહનો, માણસોની ભીડ... ધુમાડાના ગોટા... ને એ બધાથી ત્રસ્ત પોતે સાઈડમાં નીકળી ઊભા હતા એ રોકડું થઈ ઊઠ્યું. અચાનક એક બાઈક એમની લગોલગથી પસાર થઈ ગયું. પાછળ બેસેલી સ્મિતાને જોતાં જ એમને ચક્કર આવી ગયા હતા. એ અવળું તાકી ગયા તો પીઠ પાછળ શબ્દો પડઘાવા લાગ્યા : પપ્પા...પપ્પાઆ...!

ચંદુલાલ તમતમી ઊઠેલા. મોઢા પર સખ્તાઈ લાવી એની તરફ જોઈ જોરથી થૂંકતાં એ ગુસ્સાભેર બોલી ઊઠ્યા હતા : "કયા મોઢે નામ લે છે?"

"સાલી ભં...ગ...!"

ચંદુલાલ શ્વાસ લેવાનુંય ચૂકી જતા હતા.

સ્મિતા-એમની એકની એક દીકરી.

યુનિવર્સિટી હોસ્ટેલમાં રહીને જર્નાલિઝમનો કોર્સ કરતી હતી. ચંદુલાલને એના પર ગર્વ હતો. આ છોકરી જરૂર બાપનું નામ રોશન કરશે ને એટલે જ તો પત્નીની ઉપરવટ જઈ એને હોસ્ટેલમાં મૂકી હતી. પત્ની ઘણીવાર બબડાટ કરતી.

"છોકરીની જાતને આટલી ચડાવવી સારી નહિ! કો'ક દા'ડો નાક વઢાવશે, હા!" ને થયેલું પણ એવું જ.

આઠેક મહિના પછી એક મોડી સાંજે રેક્ટરનો ફોન આવેલો.

"સર! સ્મિતા બે દિવસથી એના રૂમમાં નથી...!"

"ગઈ હશે એની કોઈ ફ્રેન્ડને ત્યાં, આવી જશે, ડોન્ટ વરી...!"

"વાત એમ નથી, સર! એ કોઈકની સાથે..."

ચંદુલાલ રાતોરાત, મારતી ગાડીએ અમદાવાદ પહોંચ્યા હતા. રેક્ટરની વાત સાચી હતી. એમણે સ્મિતાનો મોબાઈલ પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો તે કવરેજ ક્ષેત્રની બહારનો જવાબ મળતો હતો. ચંદુલાલ થોડા નિરાશ થયેલા પણ એમને સ્મિતા પર ભરોસો

*તમારો દરેક શબ્દ પ્રાર્થના બને અને તમારું પ્રત્યેક કર્મ યજ્ઞ બને એવી પ્રાર્થના કરો.*

હતો. એની પસંદગી જેવી-તેવી તો નહીં જ હોય બસ, એકવાર આવી જાય તો સમજાવીને બધું થાળે પાડી દેવાશે.

સ્મિતા આવી નહિ પણ પંદરેક દિવસ પછી એનો ફોન આવ્યો હતો.

"તું ગમે ત્યાં હો, બેટા! એકવાર ઘેર આવી જા...!" ચંદુલાલ રઘવાયા થઈ બોલ્યે જતા હતા : "તારાં ધામધૂમથી લગ્ન કરાવી આપીશ. છોકરો ભલે બીજા ગોળનો હોય..! અરે! વાણિયા-બામણાનો હોય તોય વાંધો નહી...યૂ નો! આઈ એમ બ્રોડ માઈન્ડેડ!"

"વાત એમ છે, પપ્પા! કે છોકરો..."

"હા...હા...બોલ-છોકરો..."

"વાલ્મીકિ...!"

ધબ્બ! ચંદુલાલ સોફામાં ફસડાઈ પડ્યા હતા, હાથમાંથી રિસીવર પડી ગયું હતું. કોઈએ નગ્ન કરીને બરફની પાટ પર સુવડાવ્યા હોય એમ ઠંડાગાર થઈ ગયા હતા.

એમણે સ્મિતાના નામનું નાહી નાખ્યું હતું. પણ ઘણીવાર રાત્રે ઊંઘમાં એક દશ્યમાં એ આવી પહોંચતી : ફાટેલાં કપડાં... જીંથરાળા વાળ... માથે મેલાનો ડબ્બો... શરીર પર મળ-મૂત્રના રેલા.. ડગુમગુ ચાલ... અને ચંદુલાલ ઝબકીને બેઠા થઈ જતા.

સોસાયટીમાં રાત્રે "વાળુ આલજો...!" જેવા શબ્દો કાને પડતાંજ એ રઘવાયા થઈ ઊઠતા. પત્નીને લગીર વાર થાય તો એ માગનારી પર ઊકળી ઊઠતા : "જાણે કોઠીઓમાં નાખી ગયાં હો એમ હક્ક કરતાં ચાલ્યાં આવો છો તે લગીરેય શરમ નથી આવતી?"

ચંદુલાલ એકદમ ઝબકી ગયા.

શ્વાસ લેવામાં થોડું કષ્ટ પડવા લાગ્યું. બીપ્-બીપ્ અવાજ તીવ્ર બનીને છાતીમાં ભોંકાવા લાગ્યો. એ બરાડી ઊઠ્યા : ક્યાં છું હું? કોઈક તો જવાબ આપો...! બધાંય મરી ગયાં કે શું? શું થયું છે મને? શું કામ પૂર્યો છે મને એકલાને, આ બંધ-અવાવરું ઓરડામાં...?

એમણે બે-ત્રણ વાર આંખો પટપટાવી. ધીમે-ધીમે યાદ આવવા લાગ્યું. હા, હું વહેલી સવારે પેલા બાંકડે બેઠો હતો-અનુલોમ-વિલોમ કરતો. પક્ષીઓ કલબલાટ કરતાં હતાં. મેંદીની વાડ પાછળથી પ્રભાતિયાનો ધીમો અવાજ સંભળાતો હતો, ત્યાં જ છાતીમાં સહેજ દુખાવો અનુભવાયેલો. કદાચ સણકો હશે - એમ માનીને ત્યાં હાથ દાબી રાખ્યો તો સારું લાગ્યું હતું. પણ ઠંડીમાંય શરીર પરસેવે લથરપથર! ઊભો થવા ગયો તો એક અડબડિયું આવી ગયેલું. પગ જમીન પર ક્યાં ટકતો હતો? આંખ આગળ અંધારકૂવો. ફરી પાછી રાત પડી ગઈ કે શું? મોઢામાંથી મરણચીસ સરી પડેલી, પછી...

પછીનુંય થોડું-થોડું, ઝાંખું-ઝાંખું સ્મરણમાં છે.

લાંબું-સાંકડું બોગદું... અંધકાર... વાહનોની ઘરઘરાટી... કાનતોડ હોર્ન... પૈડાનો કિચૂડાટ... અસહ્ય વાસથી માથું ફાટફાટ... ઠેબલાતો દેહ...

ચંદુલાલ વળી પાછા આંખો મીંચી ગયા.

મોડી સાંજે થોડોક કોલાહલ કાને પડતાં જ આંખ ઊઘડી ગઈ. સામી ભીંતે સળગતી ટ્યૂબલાઈટનું દૂધિયું અજવાળું આંખો આંજી નાખવા લાગ્યું. થોડીવાર આંખો પટપટાવીને જોયું તો પત્ની નજરે ચડી. એનો ચિંતાતુર-રોતલ ચહેરો. ચંદુલાલ એને પૂછવા જતા હતા ત્યાં જ દરવાજો ખૂલ્યો. ડૉક્ટર પ્રવેશ્યા. ચંદુલાલને થોડું-થોડું સમજાવા માંડ્યું હતું. ડૉક્ટર એમની નજીક આવ્યા. એમના હાથ પર આંગળીઓ મૂકી નાડી તપાસી. પછી સ્ટેથોસ્કોપથી છાતી તપાસતાં મોનિટરિંગ મશીન તરફ જોઈ રહ્યા. એમની આંખોમાં થોડી ચમક આવી ગઈ. ચંદુલાલની પત્ની સામે જોઈ હળવેથી મલકતાં કહ્યું :

"થૅન્ક ગૉડ! હી ઈઝ આઉટ ઑફ ડૅન્જર નાઉ...!"

સૌના ચહેરા પર ચમક આવી ગઈ. પણ ચંદુલાલને ચેન પડતું નહોતું. એમણે ડૉક્ટરને પૂછી જ લીધું :

"મને થયું છે શું, ડૉક્ટરસાહેબ? હું તો મોર્નિંગ વૉકમાં હતો, મેદાનમાં. ત્યાંથી અચાનક અહીં...?"

"યુ આર લકી, મિ. પટેલ! સમયસર અહીં આવી પહોંચ્યા, નહીંતર..." બોલીને ડૉક્ટરે હોઠ વાંકા કરી, ખભા ઊંચા કર્યા. પછી કમ્પાઉન્ડરને કશી સૂચના આપતા બહાર નીકળી ગયા.

ચંદુલાલ ઊંડો શ્વાસ લઈ આંખો બંધ કરવા જતા હતા ત્યાં જ પત્નીનો અવાજ કાને પડ્યો.


"એટલા વાગ્યે ત્યાં વગડામાં કોણ મળે બેન? એ તો વળી ભઘવાન પાંશરા તે પેલો વાળવાવાળો તાકડે હાજર હતો. એ એકલો બિચારો કરેય શું? ને સાધન તો ક્યાંથી મળે? છેવટે એની કચરો ભરવાની લારીમાં નાખીને ઠેલતો ઠેલતો બાપડો અહીં લઈ આવ્યો ....! ભલું થજો એનું ને..." પછી અચાનક યાદ આવ્યું હોય એમ પડોશણને કહ્યું : "ઊભાં રહો! એ બિચારો ક્યારનોય બહાર બેઠો છે. કે' સાહેબ ભાનમાં આવે પછી એમને મળીને જ ઘેર જઈશ તે એને બોલાવી લાવું...!" કહેતી પત્ની બહાર નીકળી. ચંદુલાલ આંખો ઊઘાડીને એ દિશામાં તાકતા રહ્યા. વળતી જ પળે પત્નીની પાછળ-પાછળ પેલો પ્રગટ થયો : કાળોમેંશ દેહ.... મણમેલાં કપડાં... માથાના વિખરાઈ ગયેલા વાળ... આઠ-દસ દિવસની વધેલી દાઢી...!

ચંદુલાલની આંખો ફાટી ગઈ.

મંગળ હાથ જોડી હસતા મોઢે ઊભો હતો.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૪૩ ઉપર)**

*ઘણી ભૂલો સુધરવાની તક આપતી નથી.*



# અંત વિનાનો અંત

• ગુણવંત વ્યાસ •

આકાશથી અંધારું ઊતરવા લાગ્યું. કાળાંડિબાંગ વાદળોને કારણે એ આજે વધુ ભયાવહ લાગતું હતું. એ ગાઢ બને ને વરસાદ બની તૂટી પડે એ પહેલાં ઘરે પહોંચી જવું જરૂરી હતું. ભવાનીશંકરે લાકડીને ટેકે ડગ લંબાવ્યા. વજીમા પાછળ રહી ગયાં. ભવાનીશંકરને ઊભા રહેવું જ પડ્યું. વજીમાના પગ આજે કેમેય ચાલતા નહોતા. એક તો વા અને બીજી આ ઉંમર! પણ ના, આજે કારણ કંઈક જુદું જ હતું. ભવાનીશંકરની પીઢ નજરથી એ છૂપું ન રહી શક્યું. પણ એ વાતને અત્યારે ઉખેળવા કરતાં દબાવી દેવામાં જ સાર હતો. વજીમા વધુ ભાંગી પડશે એવો પૂરો ભય હતો. એમ તો, અનુભવી ભવાનીશંકર પણ ક્યાં ભાંગી નહોતા પડ્યા. કદાચ આ એવો પહેલો પ્રસંગ હતો, જેમાં બંને પતિ-પત્ની આ રીતે કારમો આઘાત પામ્યાં હોય. જોકે, ભવાનીશંકર ઉંબરો છોડતાં જ સ્વસ્થ થતા લાગતા હતા; પણ વજીમા માટે એ કપરું હતું. ભવાનીશંકરે વજીમાનો હાથ પકડ્યો. વેદનાનો ભાર ક્ષણિક હટ્યો. વજીમાનાં અંગોમાં જાણે ચૈતન્ય પ્રગટ્યું. ચહેરા પર રોનક છલકાઈ. આ જ રીતે, કંઈક આવા જ સમયે પિતાજી સાથે વહુ વિશે કંઈક અણસમજ થતાં, ભવાનીશંકર પરણ્યાને પાંચમે જ દિવસે વ્રજકુંવરનો હાથ ઝાલી, ઘરની બહાર નીકળી ગયા હતા. ઘરના માટે જ નહીં, બહારના માટે પણ, જાહેરમાં આ રીતે પત્નીનો હાથ પકડવાની ઘટના અપૂર્વ હતી! મેઘલી એ રાત મિત્ર મોહનને ત્યાં જ જાગતાં વિતાવી હતી. ભવાની, રાત આખી વ્રજકુંવરનો હાથ પકડી બેઠા રહ્યા હતા. બીજે દિવસે માની વિનંતી કાને ધરી તો આવ્યા, પણ પિતાજી સાથે અંતરાય ઓછો ન જ થયો. થોડા મહિના પછી થયેલું પિતાજીનું અવસાન પણ એમની આંખો નહોતું ભીંજવી શક્યું. વજીમા એ ક્ષણોને સ્મરી રહ્યાં. આમ તો, હાલતાં-ચાલતાં હાથ પકડવાની આદત એમને ક્યારેય નહીં. સમય અને સમાજનું માન જાળવતા, તે વ્રજકુંવરને મુશ્કેલીમાં જોતાં જ એ મર્યાદા ઓળંગી બેસતા. એનો ક્ષોભ કે પસ્તાવો પણ પછી નહીં. ત્યારના ભવાનીશંકર નોખા જ જણાતા. આજેય એ એવા જ અનોખા લાગ્યા. વજીમાના પગમાં જોમ આવ્યું. યૌવનની સ્ફૂર્તિથી એમણે પગ ઉપાડ્યા. પણ શરીર ગાંઠે એમ ક્યાં હતું! થાક પરસેવો બની અંગાંગને પલાળવા લાગ્યો. રૂ જેવું શરીર ભારેખમ બની હાંફવા લાગ્યું. શ્વાસ ચડતાં એ ઊભાં રહી ગયાં. એક કદમ આગળ ચાલતા ભવાનીશંકરથી હાથ છૂટી ગયો. પણ એમ એ છૂટવા દે એમ નહોતા. અટકી, પાછા વળી, ફરી હાથ ઝાલ્યો. બંધ ઘરનો ઓટલો જોતાં જ ત્યાં દોરી જઈ, બેસાડ્યાં. બાજુના ઘરમાંથી પાણી લઈ આવવા ઉતાવળા થયેલા ભવાનીશંકરને વજીમાએ હાથના ઈશારે રોક્યા. ને 'પહોંચી જવાશે' નું આશ્વાસન બંધાવી આંખો મીંચી દીધી. ભવાનીશંકરને થયું : આજે શે'રમાં હોત તો રિક્ષાયે મળી જાત ને કોઈ સારા ડૉક્ટરને પણ બતાવી શકત. પણ વજીમાની હઠે ગામ ન જ છૂટ્યું. બસ, એક જ જીદ : જે ખોરડું જાતે ઊભું કર્યું છે એને આમ જીવતેજીવ વેચી દેવું કે બંધ રાખી ખંડેર બનાવી દેવું નહીં જ પોસાય. ભવાનીશંકરના પરસેવાનો પૈસો ને વજીમાની મહેનતનો પરસેવો બંને ખર્ચાયા હતા આ ખોરડામાં. એને ખાલી કરીને ખાલી થઈ જવા કરતાં ભર્યુંભાદર્યું આ ખોરડું શું ખોટું હતું! માટીનો સૂંડલો માથે ચડાવતાં કે ભરેલી હેલ હેઠે ઉતારતાં ભવાનીશંકરનું નૈકટ્ય વજીમાને સ્મરણે ચડ્યું. એ બેઠાં થયાં ને વિચારે ચડેલા ભવાનીશંકરનો હાથ ઝાલી આગળ ચાલવા લાગ્યાં. ભવાનીશંકર ઝબકીને જાગ્યા હોય તેમ ચમક્યા ને ત્વરિત પગ ઉપાડતાં આગળ થયા. વજીમાએ હાથ ખેંચતાં કહ્યું : 'થોભો, એમ ક્યાં આગળ નીકળી જશો!' ભવાનીશંકર ધીમા પડ્યા કે વજીમા આગળ થયાં. આગળ-પાછળની આ રમતમાં થોડો સમય વય જાણે વિસરાઈ ગઈ. ઘર નજીક આવવા લાગ્યું. કદમ સાથે થયાં; પણ ઘરમાં, પહેલો પગ તો વજીમાએ જ મૂક્યો. ભવાનીશંકર તેમને અનુસર્યા.

બહાર ઝરમર શરૂ થઈ ગઈ હતી. અંદર બત્તીનું આછું અજવાળું બે ચહેરાની ચહલપહલને દીવાલ પર ચીતરી રહ્યું હતું. પીળા પ્રકાશમાં પડછાયા વધુ કાળા લાગતા હતા. બહારનો અંધકાર ઓઢીને આવેલા આ બે ઓળાને, ઘરનો ઝાંખો ઉજાશ, અળપાતાં અટકાવી રહ્યો હતો.

*ઈશ્વરને સમાજને કર્મપ્રધાન બનાવ્યો છે. મનુષ્ય જેવું કરે છે તેવું તેને ફળ પ્રાપ્ત થાય છે.*

ભૂખ તો ખાસ નહોતી. ખાવાનું મન પણ નહોતું. તોયે, ભવાનીશંકર બે કેળાં ને વાડકામાં દૂધ લઈ આવ્યા. હા-ના કરતાં વજીમાને આગ્રહથી ખવડાવ્યું-પિવડાવ્યું. પોતે પણ એક કેળું ખાઈ થોડું દૂધ પીધું. ઉતાવળે અંતરસ આવતાં જ, 'જુઓ, જાળવીને પીવો!' કહેતાં વજીમા ખાટલામાં બેઠાં થઈ ગયાં. વાતાવરણને અગંભીર બનાવવા જ ભવાનીશંકર બોલ્યા : 'હશે, કોઈ યાદ કરતું!' વજીમા ખુલ્લાં બારણાં બહાર થોડી વાર તાકી રહ્યાં ને પછી એક લાંબો નિસાસો નાંખતાં જયસુખને યાદ કર્યો : 'યાદ કરનારો તો ક્યાંય આઘો જતો રહ્યો!'

ભવાનીશંકર ખાલી વાડકાને ચોકડીમાં મૂકી બારણા પાસે આવ્યા. બહારના અંધકારને ઘરમાં વધુ ઘૂસતો રોકવા જ જાણે ઝડપથી બારણાં બંધ કર્યા. વરસાદનો અવાજ ધીમો પડવાને બદલે વધતો જણાયો. બહાર વરસાદનું જોર વધ્યું હતું. હવે તો પવન ફૂંકાવોય શરૂ થયો. નળિયાં પર વરસાદ જાણે તાંડવ કરવા લાગ્યો. ને નેવાં તેમાં સૂર પુરાવવા લાગ્યાં. ઘરમાં કોઈ કોઈ જગ્યાએ ચૂવા ટપકવા શરૂ થયા. ભવાનીશંકરે ચૂવા નીચે વાસણ ગોઠવ્યાં. તાંડવમાં જાણે ડમરુનો નાદ ભળ્યો. બે-ચાર વાર બેઠ-ઊઠ કરવાથી ભવાનીશંકરની કમર દુખવા આવી. ભવાનીશંકરનો હાથ કમર પર ટેકવાયો. વજીમાથી બોલ્યા વિના ન જ રહેવાયું :

'મૂકો જંજાળ, થશે બધું : બેસો નિરાંતે!'

'લાઈટ જાય ને અંધારું થાય એ પહેલાં થોડું આટોપી લઉં ને!' કહેતાં ભવાનીશંકરે ખાટલા પાસે રાખેલી આરામખુરશીમાં લંબાવ્યું.

ગામડાની લાઈટ, એક તો પહેલેથી જ ઝાંખી; ને આવા વરસાદ-વાવાઝોડામાં પાછી ક્યારે ડૂલ થઈ જાય, નક્કી નહીં. હમણાં-હમણાંથી આવું વારંવાર બનવા લાગ્યું હતું. એમાંયે ઝાંખી લાઈટને વધુ ઝાંખી બનાવતી લેમ્પ પરની ધૂળ હમણાંથી ક્યાં સાફ થઈ હતી! પહેલાં ગોળો કેવો ચકચકિત રહેતો! પણ હવે...? ભવાનીશંકરે એક લાંબો શ્વાસ લીધો. છાતીની ડાબી બાજુ થોડું કળતર થયું. ભવાનીશંકરે છાતીએ હાથ રાખી ફરી એક લાંબો શ્વાસ લઈ છોડ્યો. બે-ચાર વાર એમ કરતાં સારું લાગ્યું. વજીમા આ વખતેય ખાટલામાં બેઠાં થઈ ગયાં :

'દુખે છે? લાવો, બામ લગાડી આપું...'

'કશું નથી; બસ, આ તો થોડી દોડાદોડીને કારણે...' ભવાનીશંકરે ઊભાં થવા જતાં વજીમાને રોક્યાં. પણ આ વખતે તો એ ન જ રોકાયાં. ઊભાં થયાં. બામ શોધીને ભવાનીશંકરની છાતીએ પ્રેમપૂર્વક ઘસવા લાગ્યાં. છાતીના સફેદ વાળ વચ્ચે ફરતી ઘઉંવર્ણી આંગળીઓની કરચલીમાં જાણે રોમાંચ ફૂટ્યો. કેટલીયે રાતો એકસામટી મનમાં ઊભરી આવી. બંધ આંખે આરામખુરશીમાં લંબાવીને પડેલા ભવાનીશંકરની વૃદ્ધ છાતી યૌવનનો એ મૃદુ સ્પર્શ હજુય ભૂલી નહોતી. એવો જ અનુભવ આ વૃદ્ધ આંગળીઓ આજેય કરાવી રહી હતી. ભવાનીશંકરનું દર્દ જાણે વિસરાઈ ગયું. સુખદ ક્ષણોને એ આંખો મીંચી માણી રહ્યા. પણ થોડી જ ક્ષણોમાં વજીમાનો વધતો શ્વાસ સાંભળી ઝબક્યા :

'બસ, રહેવા દે; બેસ મને હવે સારું લાગે છે!' કહેતાં તેમણે વજીમાને, હાથ ઝાલી ખાટલા તરફ દોર્યા. વજીમાની જાણે ધ્યાનસમાધિ તૂટી. બીજી જ ક્ષણે શહેર તૂટતું હોવાનો ખ્યાલ આવ્યો. એ સાથે જ તૂટી પડેલા મોહનલાલ યાદ આવ્યા. મોંઘીમાના જવાના આઘાતે, બે જ મહિનામાં કેવા નંખાઈ ગયા હતા એ! પરણીને આવેલાં વ્રજકુવરનો પહેલો પરિચય ભવાનીશંકરે મિત્ર મોહનનો કરાવેલો ત્યારથી, એ દંપતીના અતૂટ સ્નેહના એ સાક્ષી રહ્યાં હતાં. મોંઘીમાની વિદાયથી એ સ્નેહ તો ન જ તૂટ્યો, પણ મોહનલાલ તૂટી ગયા. આજ સાંજની મુલાકાતે એમને જોતાં જ ભવાનીશંકર અને વજીમા હચમચી ગયાં હતાં. બે માસમાં તો, શરીરે ખર્ચાઈ ચૂકેલા મોહનલાલના કારમા આઘાતે ભવાનીશંકર તો માંડ ટકી શક્યા, પણ વજીમા ભાંગી પડ્યાં. કેમેય કળ ન વળી. વારે વારે ભવાનીશંકર તો માંડ ટકી શક્યા, પણ વજીમા ભાંગી પડ્યાં. કેમેય કળ ન વળી. વારે વારે ભવાનીશંકર સામે જોતાં વજીમા કોઈ અકળ ભયે થથરી રહ્યાં. ઉંમરની સાથે આવેલી ઉપાધિઓએ શરીરને તો નબળું કરી જ નાંખ્યું હતું, મન પણ ખોખલું થઈ ગયું. મોહનલાલના આઘાતે શરીર ને મન, થોડી જ મિનિટોમાં વધુ કથળી ગયાં લાગ્યાં. માંડ ભુલાયેલી એ ક્ષણ ફરી તાજી થતાં જ વજીમા ઊભાં હતાં ત્યાં જ બેસી પડ્યાં. ક્ષણભર તો કશું ન સમજી શકેલા ભવાનીશંકર તરત ઊભા થઈ નજીક આવ્યા. ટેકો દઈ ઊભાં કર્યા ને ખાટલે સુવડાવ્યાં. ખાટલાની ઈસ પર બેસી, માથે હાથ ફેરવતાં ધીરેથી પૂછ્યું :

'ઓચિંતું જ શું થયું?'

'બિચારા! મોહનલાલ ....' વજીમા વધુ ન બોલી શક્યાં. એક ડૂસકું નંખાઈ ગયું. ઝાંખી-ભીની આંખે તે ભવાનીશંકરને એકધારું તાકી રહ્યાં. પરિસ્થિતિની ગંભીરતા સમજી ગયેલા ભવાનીશંકર ગ્લાસમાં પાણી લઈ આવ્યા. થોડો ટેકો કરી વજીમાને બેઠાં કર્યાં, ને જાતે પાણી પીવા લાગ્યા. વીજળી એક ઝાટકા સાથે જતી રહી. ભવાનીશંકરને વિષય બદલવાનો સારો મોકો મળ્યો :

'રોજની રામાયણ છે, આ લાઈટની!'

'હવે જરૂરેય શું છે એની!' વજીમા વાતમાં પરોવાતાં લાગતાં ભવાનીશંકરે વાતનો દોર લંબાવ્યો :

'અરે! મારે હજુ ગીતાના પાઠ કરવા બાકી છે...'

'થશે કાલે; કરજો નિરાંતે!'

'ના, આજનું કામ આજે જ!' કહેતાં ભવાનીશંકર ઊઠ્યા. અંધારામાં અટવાતાં અથડાતાં, પહેલાં તે બારણાં પાસે આવ્યા. બંધ બારણાં ખોલી નાખ્યાં; કંઈકેય આ અંધાર બહાર ઠલવાય. બહારની ઠંડી હવા ઘરમાં પ્રવેશી; સાથે, વાદળાં પાછળ લપાયેલા ચંદ્રનો ઝાંખો ઉજાશ પણ. ભવાનીશંકરને તેમ વજીમાનેય સારું

*નીતિ ચોખ્ખી હોય તો જ સુવ્યવસ્થા સ્થાપી શકાય.*

લાગ્યું. ટેવાયેલા હાથે પગે ફાનસ અને બાકસ શોધી લીધાં. દીવાસળી પેટાતાં જ ઓરડો આછા અજવાળાથી ભરાઈ ગયો. ફાનસ સળગ્યું. કાચના ફોટાની કાળાશ ઝાંખા ઉજાશને વધુ ઝાંખો કરી રહી હતી; પણ 'ચાલશે' એવું લાગતાં ભવાનીશંકરે ચલાવ્યું. પેટાવેલું ફાનસ ઓશીકા તરફના ટોડલે ગોઠવાયું. પ્રકાશ, ઉંબરો ઓળંગી માંડ થોડો બહાર જઈ શક્યો. બહારના અંધકારનું આક્રમણ એને વધુ આગળ વધવા દે એમ લાગતું નહોતું. વજીમા, ખુલ્લાં બારણાંમાંથી કોઈ આવવાનું હોય તેમ, બહારના અંધકારમાંથી પોતાનો કહી શકાય તેવો દૂર દૂરનો કોઈ ચહેરો ઊપસાવવા મથી રહ્યાં. ભવાનીશંકરે ભગવદ્‌ગીતા હાથમાં લીધી. ખુરશી, વજીમાના માથા પાસે એ રીતે ગોઠવી કે જેથી ફાનસનો પ્રકાશ ગીતા પર પડી શકે ને બારણાં તરફ પણ નજર રહી શકે. ભવાનીશંકર ગીતામાં પરોવાયા. ઓરડામાં મૌન ભારઝલ્લું બન્યું. બહાર વરસાદ બધું ભૂંસી નાંખવા ઉતાવળો બન્યો હતો ને અંદર ઘણું ભુલાયેલું સ્મૃતિએ ચડીને આંખો ભીંજવી રહ્યું હતું. મૂંઝારો ડૂસકું બનીને બહાર આવ્યો ત્યારે ભવાનીશંકર ગીતામાંથી બહાર નીકળ્યા. વજીમાનો વલોપાત એ કળી ગયા. આશ્વાસનના શબ્દોનો સહારો લેવાને બદલે તેમણે એક હાથ વજીમાને માથે ફેરવ્યો. ગીતાનું મનન ધ્વનિનું રૂપ ધરી પ્રગટ્યું :

*ગતાસૂનગતાસૂંશ્ચ નાનુશોચન્તિ પણ્ડિતાઃ ॥*[1]

ડૂસકાં ધીમાં પડ્યાં, શમ્યાં નહીં. ભવાનીશંકરનો હાથ વજીમાને માથે ફરતો રહ્યો :

*અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે ॥*[2]

ડૂસકાં હજુ પણ ધીરે ધીરે સંભળાતાં હતાં. હળવે હળવે ધીમાં થતાં જતાં ડૂસકાં અંતે શમ્યાં, પણ આંસુની ધારા ભવાનીશંકરને ભીનાશનો અનુભવ કરાવતી રહી :

*નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।*
*ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥*[3]

માથે ફરતા હાથને ગરમાવાનો અનુભવ થયો. ફરતો હાથ અટક્યો. માથું ગરમ લાગ્યું. હાથ કપાળને તપાસતો ગાલે-ગળે ફર્યો. શરીર ધગતું હતું. મંત્રોચ્ચાર ગભરાટ બની ચહેરા પર તરવરવા લાગ્યો. વજીમાને આ સ્થિતિમાંયે ભવાનીશંકરના હાથનો પ્રેમાળ સ્પર્શ ભૂતકાલીન સુખદ સ્મૃતિમાં દોરી ગયો. જયસુખના જન્મ ટાણે આવા જ પ્રેમાળ સંસ્પર્શે અંગાંગને ભરી દીધું હતું. ચહેરા પર, તેમ આંખોમાં પણ તેજ ઝળક્યું. ત્યાં ફાનસ ભડભડ થવા લાગ્યું. આ પણ ઓલવાશે કે શું? - એવું લાગતાં ભવાનીશંકરે ગીતા સંકેલી. ફાનસની વાટ સહેજ નીચે ઉતારી. અજવાળું સંકોચાયું. બહાર ડોકિયાં કરતો ઉજાસ ખાટલા પૂરતો મર્યાદિત બન્યો. આ ઝાઝું નહીં જ ચાલે, એવું વિચારતા ભવાનીશંકર કોઈ બીજો ઉપાય ખોળવા ઊભા થવા જતા હતા પણ વજીમાએ રોક્યા. એમનો હાથ ઝાલી, માથે ફરતો રાખવાનું સૂચન કર્યું. માથું તાવડીની માફક તપવા લાગ્યું. વિરોધ છતાંયે તે ઊભા થયા. તાંસળીમાં થોડું પાણી લઈ તેમાં મીઠું નાંખ્યું. ખીસામાંથી રૂમાલ કાઢી ઝબોળ્યો ને થોડો નિતારી, વજીમાને કપાળે મૂક્યો. રૂમાલની ભીનાશ આંખોની ખારાશમાં ભળી ઓશીકાને ભીંજવવા લાગી. ડૂમો ફરી ભરાવા લાગ્યો. મોટેથી રડી પડાશે એવું થઈ આવતાં વજીમાએ ડૂસકું રોક્યું; પણ ખાંસી રૂપે તે એનું રૂપ બતાવ્યા વિના ન જ રહી શક્યું. વજીમાથી બેઠું થઈ જવાયું. ભવાનીશંકર પીઠ પર હાથ ફેરવવા લાગ્યા. ખાંસી માંડ હેઠી બેઠી. વજીમા ઊભાં થયાં. ભવાનીશંકરે પ્રશ્નસૂચક નજરે તેમની સામે જોયું. ટચલી આંગળીનો ઇશારો કરતાં વજીમાથી સહેજ મલકી જવાયું. ગંભીર વદને ભવાનીશંકર, 'એક મિનિટ' કહેતાં ઊભા થયા. ચાદરને વજીમા ફરતી લપેટી હાથ ઝાલ્યો ને બારણે લાવ્યાં. બારણાં પાછળ લટકતી છત્રી લેવા હાથ લંબાવ્યો પણ વજીમાએ તેમને અટકાવ્યા. ઓરડાનો ઉંબરો ઓળંગીને ઓસરીમાં આવતાં થોડું સારું લાગ્યું. પાણિયારા નીચેની ચોકડીમાં બેસી ગયેલાં વજીમા ઊભાં થતાં જ ભવાનીશંકરે ડોલમાં રહેલું પાણી ચોકડીમાં ઢોળી દીધું. જેમતેમ ચાદર લપેટીને વજીમાને અંદર લઈ જવા ઉતાવળા થયેલા ભવાનીશંકર પ્રત્યે બેધ્યાન વજીમા ધોધમાર વરસતા વરસાદને એ રીતે જોઈ રહ્યાં, જાણે પહેલી જ વાર નીરખતાં હોય! એક પળ તો બહાર જઈને ભવાનીશંકર સાથે ભીંજાવાનું મન થઈ આવ્યું; પણ શરીરમાં ઠંડી ચડવા લાગી. ધ્રુજારીને ખુદ ભવાનીશંકરે અનુભવી. ઝડપભેર એ વજીમાને ઓરડામાં લઈ આવ્યા. ચાદર માથે ગોદડું પણ ઓઢાડ્યું ને ભીનાં પોતાં મૂકતાં વિચારવા લાગ્યા : 'બસ, આજની રાત નીકળી જાય એટલે રાજ્જા! સવારે શે'રમાં કોઈ સારા ડૉક્ટરને બતાવી જ લાવું.' મન અવળા વિચારે ચડવા લાગ્યું. વિચાર ચિંતા બની, મનમાંથી હૃદયમાં ઊતરી. છાતીમાં ડાબી બાજુ ફરી કંઈક કળતું લાગ્યું. ભવાનીશંકર, એને ગાંઠ્યા વિના સવાર થવાની રાહ જોવા લાગ્યા. ઘડિયાળનું લોલક એમને ધીમે ચાલતું જણાયું. ઘડિયાળ પાછળ પણ હોય, એમ મન મનાવતાં એ પૂર્વ દિશાને તાકી રહ્યા.

થોડી પળો માંડ વીતી હશે ત્યાં વજીમા પડખું ફર્યાં. બારણાં બહાર જોઈને થાકેલી આંખો ભવાનીશંકરના માયાળુ ચહેરા પર ઠરીને સ્થિર થઈ ને એકીટશે એ ચહેરાના ભાવોને વાંચી રહી. અઢારમે વર્ષે પહેલી વાર આ આંખોમાં જોયેલો સ્નેહ આજેય એવો ને એવો જ કળાયો. જાહેરમાં ભાગ્યે જ સામું જોતા ભવાનીશંકર અત્યારે એકધારું વજીમાને તાકી રહ્યા હતા. વજીમાએ સંતોષનો એક લાંબો શ્વાસ લીધો; પણ બીજી જ પળે, એ આંખોની નોંધારી સ્થિતિની કલ્પનામાત્રથી, વજીમાનો શ્વાસ રૂંધાયો. છાતીમાં ભીંસ વધવા લાગી. લાંબા શ્વાસોશ્વાસ પછી પણ હવાની કમીએ મોઢું ખૂલી ગયું. ચોતરફથી અંધારું પોતાને ભીડી રહ્યાનો ભાવ વજીમા અનુભવી રહ્યાં. બહાર વરસાદ બધું ડુબાડી દેવા જાણે ઝનૂની બન્યો હતો. ભવાનીશંકરનો ગભરાટ વધી ગયો. ઉતાવળે કોઈ ઉપાય શોધવા એ રઘવાયા બન્યા, પણ વજીમાની મજબૂત પકડે એમને

આઘા જતાં રોક્યા. વજીમાની દયનીય સ્થિતિને એ દિગ્મૂઢ બની ફાટી આંખે જોઈ રહ્યા. ખાટલામાં વલોવાતા જીવને ઊંચકીને અત્યારે જ શહેર ભણી દોટ મૂકવાની વૃત્તિ જાગી ઊઠી; પણ એ જ ક્ષણે એક મોટો આંચકો આવ્યો ને વજીમાનો દેહ પથારીમાં જ ઊંચકાઈને પટકાયો. વજીમાના હાથની પકડ ઢીલી પડતાં જ છૂટો થયેલો ભવાનીશંકરનો હાથ એકલા પડ્યાની ભોંઠપ અનુભવી રહ્યો. માથે-મોઢે ફરતો બીજો હાથ પણ અટક્યો. ફાનસના ઝાંખા અજવાળાએ વિદાય લીધી. ઓરડાને અંધારું ઘેરી વળ્યું.

કેટલીક ક્ષણ ભવાનીશંકર એમ જ બેઠા રહ્યા. કળ વળતા વાર લાગી. બહાર વરસાદનું જોર ઘટ્યું ને અંતે એ અટક્યો ત્યારે આંખમાં આવેલાં બે આંસુ લૂછતાં તે ઊભા થયા. ભગવાનના ગોખમાંથી દિવડિયું શોધતાં કંકુ ઢોળાયું. હાથ ને કપડાં પણ બગડ્યાં. ભવાનીશંકરે, એની પરવા કર્યા વિના દિવડિયું શોધ્યું. તેમાં વાટ મૂકી પેટાવી. ઘી પૂરાવી ફાનસને સ્થાને તે ગોઠવ્યું. વજીમાના નિશ્ચેષ્ટ દેહને ઠીક કરી ખુરશીમાં ગોઠવાયા. હાથ અનાયાસ જ વજીમાના મસ્તકે ફેરવા લાગ્યો. હાથ પરના કંકુએ કપાળમાં ને સેંથામાં એની જગ્યા શોધી લીધી. વજીમાનું નિશ્ચલ મુખ વધુ શોભાયમાન બની દીપી ઊઠ્યું. ભવાનીશંકરે એક દીર્ઘ શ્વાસ લીધો. છાતીમાં કાંટા જેવું કંઈક ભોંકાયું. કણસ વધતી લાગી. એને ગણકાર્યા વિના એ અનિમેષ, વજીમાની અચલ કાયાને કરુણાના ભાવથી નીરખી રહ્યા. દેહની નશ્વરતા અને આત્માની અમરતાના તો કેટલા પાઠ રોજ કર્યા હતા! છતાં આજ એ અસ્વસ્થ થઈ ગયા. પુનર્જન્મમાં તેમને શ્રદ્ધા હતી. એના જ આધારરૂપ ગીતામંત્રનું સ્મરણ સ્વયંભૂ થઈ આવ્યું. શોક શ્લોક બનીને વહેવા લાગ્યો :

***વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય નવાનિ ગૃહ્ણાતિ નરોઽપરાણિ ।***
***તથા શરીરાણિ વિહાય જીર્ણાન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી ॥*** [૪]

એક ક્ષણની ચુપકીદી બાદ કોઈ દિવ્ય પ્રેરણા થઈ હોય તેમ, ઊંડે ઊંડેથી એક ગીતામંત્ર સ્મૃતિએ ચડી આવ્યો. જાણે વજીમાને જ ઉદ્દેશીને કહેવાતો હોય તેમ નાભિમાંથી એ નાદ રૂપે અવતર્યો :

***મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય ।***
***નિવસિષ્યસિ મય્યેવ અત ઊર્ધ્વમ્ ન સંશય ॥*** [૫]

★

વહેલી સવારે દૂધવાળાએ બૂમ મારી. કોઈ બહાર ન નીકળતાં તે અંદર આવ્યો. પથારીમાં પોઢેલાં વજીમા અને ખુરશીમાં થીજેલા ભવાનીશંકરને જોતાં જ એ ચોંક્યો. ગભરાટમાં તે બહાર દોડી આવી બૂમાબૂમ કરવા લાગ્યો. આડોશી-પાડોશીએ આવીને જોયું તો પ્રસન્ન ચહેરે પોઢેલાં વજીમાના હાથમાં હાથ રાખી, છાતીએ ભગવદ્‌ગીતા ચિપકાવીને ચિરનિદ્રામાં સૂતેલા ભવાનીશંકરના ગાલ પર બે આંસુ ઠરી ગયાં હતાં.

***સંદર્ભો :***

*૧. ભગવદ્‌ગીતા : ૨ : ૧૧ : જ્ઞાનીઓ મરેલાં કે જીવતાંની પાછળ શોક કરતા નથી.*

*૨. ભગવદ્‌ગીતા : ૨ : ૨૦ : આત્મા જન્મ અને મૃત્યુરહિત છે, નિત્ય છે, શાશ્વત છે અને પુરાતન છે. શરીર હણવાથી તે હણાતો નથી.*

*૩. ભગવદ્‌ગીતા : ૨ : ૨૩ : આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણી પલાળી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી.*

*૪. ભગવદ્‌ગીતા : ૨ : ૨૨ : મનુષ્ય જેમ જૂનાં ને જરી ગયેલાં વસ્ત્રોને તજીને બીજાં નવાં વસ્ત્રો ધારણ કરે છે તેમ જીવાત્મા જીર્ણ થઈ ગયેલાં શરીરોને તજીને બીજાં નવાં શરીરો ધારણ કરે છે.*

*૫. ભગવદ્‌ગીતા : ૧૨ : ૮ તારું મન મારામાં જ સ્થિર કર. તારી બુદ્ધિ મારામાં જ પરોવ. આમ કરવાથી તું આ જન્મ પછી મારામાં જ રહીશ એમાં શંકા નથી.*

***'પરબ' માંથી સાભાર***

## અસ્વીકાર

**(અનુસંધાન : પાના નં.-૧૩૯ ઉપરથી ચાલુ)**

ચંદુલાલને એના હાસ્યમાંથી હાંસી પ્રગટ થતી લાગી. એમણે હસવાનો પ્રયાસ કર્યો. પણ કેમેય કરીને ચહેરા પર હાસ્યના ભાવ આવ્યા જ નહિ. એનાથી છૂટવા માગતા હોય એમ આંખો બંધ કરી એ તો સીધા બોગદામાં પહોંચી ગયા. બોગદામાં હવે અંધકાર નહોતો. હતો ઝળહળ અજવાસ. તમરાંનો તમ-તમાટ કે ચામાચીડિયાંનો ફડફડાટેય નહોતો. નિર્જીવતાના વાઘા ઉતારી દઈને એણે સજીવતાના શણગાર સજી લીધા હતા. એ ઊભા હતા એની પાછળ ટ્રેક્ટર હતું ને એની બાજુમાં બે સવારીવાળું સ્કૂટર. એમનાથી બચવા એ આગળ વધવા ગયા તો આગળ-આગળ જ કચરા-લારી ઠેલતો માણસ. એમણે ધારીને જોયું તો મંગળ! નજીક જઈ જોયું તો લારીમાં ટૂંટિયુંવાળી પડેલા પોતે.

એ બરાડી ઊઠ્યા : નહીં...!

બોગદામાંથી પડઘા પડવા લાગ્યા : નહીં...નહીં...!

અસ્તિત્વનો અસ્વીકાર કરતું હોય એમ એમનું આખું શરીર થરથર ધ્રૂજવા માંડ્યું. હમણાં લગી સાવ નિષ્પ્રાણ લાગતા દેહમાં અચાનક શક્તિનો સંચાર થયો. એ એકદમ સતર્ક થઈ ગયા. આગળ ચાલતાં મંગળની ગરદન દબાવા માગતા હોય એવી મુદ્રામાં એમણે બેય હાથ લંબાવ્યા. થોડું અંતર રહી જતું હતું. એમણે ઝડપ વધારી તોય અંતર તો એટલું ને એટલું જ! એમણે લગભગ દોટ મૂકી તોય એ દશા! એક ક્ષણે એ સાવ લગોલગ પહોંચી ગયા ને મંગળની ગરદન પર હાથેય ફસાવ્યા. પણ વળતી જ પળે એક જોરદાર ઝટકો આવ્યો. હાથ શિથિલ થઈને હવામાં જ તોળાઈ રહ્યા.

અચાનક - ડચકાતું મોનિટરિંગ મશીન એક લાં...બી બીપ વગાડીને સાવ મૂંગુંમંતર થઈ ગયું. ■

*નિયમપૂર્વકની દિનચર્યા જીવનને સાચી દિશા આપે છે.*



# દીક્ષાંત

**• પન્ના ત્રિવેદી •**

બસ, એક જ વાર...ખોલી નાખું?

ના...નહીં જ...

છેલ્લા શબ્દનો એવો જોરથી હડસેલો વાગ્યો કે બારી ખોલવા જતો મારો હાથ કટાઈ ગયેલી કડી પર જ અટકી પડ્યો. રોજ તો બારી અને બારસાખ વચ્ચેની તડમાંથી આંખ, સામેના ઘરની બારી પાછળ કશુંક ફંફોસવા મથતી પણ આજે હાથ કહ્યામાં નહોતો રહ્યો એટલે જ છેક કડી લગી લંબાઈ ગયો. - આ કડી ખોલનારી કે સામેના ઘરની બારી ફંફોસનારી હું જ કે?!

ભીતર ઊઠતા આવા અધમ વિચારોએ મારી નિર્લજ્જ જાતને મારી આગળ જ ઉઘાડી કરી મૂકી, એવો ઝટકો વાગ્યો કે હું ભોંઠી પડી જઈ મારાથી જ મને છુપાવતી અંધારું શોધવા લાગી. - હું જ મને ન જોઈ શકું! હું ફાટી આંખે નપાવટ આંગળીઓને તાકી રહી. મેં જોયું કે મારી આંગળીઓ રણઝણતી હતી. પાતળા પરસેવાથી થોડીક ભીની ભીની પણ થઈ ગઈ હતી. મને યાદ આવ્યું કે પરસેવાનું આવું પાણી એક વાર દીદીની આંગળીઓ પર પણ મેં જોયું હતું. આવી જ એક બારી પાસે જ્યારે એની આંગળીઓ પર પહેલી વાર આવો પરસેવો વળેલો ત્યારે દીદી આખેઆખી પાણી પાણી થઈને વહી ગયેલી. અફાટ પાણી તેને એટલે દૂર ખેંચી ગયું કે તે પછી તેનું વહેણ આ તરફ કદી નહોતું આવ્યું.

મારી આંગળીઓ પર પણ આજે એવો પરસેવો થયો હતો જેવો દીદીની આંગળીઓ પર થયેલો. મારું મન વિચલિત બની ગયું. હું એકાએક સામી ભીંતને વળગી પડી. જાણે તે હાથ ફેલાવી મને આશ્વસ્ત કરવાની હોય! પણ ભીંત છેવટે તો ભીંત જ હોય છે, ને હું ફસડાઈ પડી. મેં ઓરડાની છત તરફ જોયા કર્યું. ચારે તરફ બેનમૂન કોતરણીવાળું રાચરચીલું હતું. જમણી બાજુએ એક સ્તંભ પર છતને અડતી, કળશ ઢોળતી મુદ્રામાં બે સુંદર સ્ત્રીઓ જાણે મારી ઉપર ખડખડાટ હસી રહી હતી. થાંભલા નીચે ચંદન-સુખડની વાટકી પડી હતી. મને થયું, હોય તેટલું ચંદન કપાળે લગાડી દઉં... પણ તે તરફ હાથ લંબાવતાં પણ એક લખલખું આવી ગયું - તારા સ્પર્શે ચંદનને અભડાવી મૂકવું છે શું?...મારા હાથની આંગળીઓ પર હજી કડીની છાપ અકબંધ હતી અને એ છાપની સાથે સાથે તેને ઉઘાડવાની મેલી ચેષ્ટાની છાપ પણ. મેં ઉપરણા પર હાથ એટલી વાર ઘસ્યા કર્યો કે આંગળીઓનાં ટેરવાં લાલ લાલ થઈ ગયાં. ડોકે ચીકણા પરસેવાનો રેલો ઊતરી રહ્યો હતો. વાળ હોત તો પરસેવો પણ તેમાં જ અટકી પડ્યો હોત, પણ મુંડનવાળા માથામાં કશુંય અટવાઈ રહે તેવી કોઈ શક્યતા જ નહોતી.

હું સડસડાટ મેડીનો દાદર ઊતરી પડી. નવકાર મંત્ર બોલતી બોલતી શ્રાવકશેરીના દેરાસરનાં આરસનાં ઠંડાં ઠંડાં પગથિયાં ચઢવા લાગી. સામે ભગવાન મહાવીરની અનુપમ પ્રતિમા હતી. ચોતરફ ઠંડી ઠંડી સફેદ શાંતિ ફેલાઈને પડેલી. આંખ મીચીને ઊભી રહી ગઈ. મારી જીભ નિરંતર બોલતી રહી : શાન્તમ્ પાપમ્... શાન્તમ્ પાપમ્... ક્ષમા...ક્ષમા... પણ મન શાંત કરવાનો એ પ્રયાસ પણ મિથ્યા જ ઠર્યો! મને મહાસતીજી યાદ આવ્યાં અને હું બાજુના ઉપાશ્રય તરફ દોડી ગઈ. ચોગાનની એક તરફની મેડીનો દાદર એકીશ્વાસે ચડી ગઈ.

મહાસતીની સેવામાં આજે રોજ કરતાં હું થોડી વહેલી હતી. વ્હીલચેર પર મહાસતી આંખ મીંચીને બેઠાં હતાં. અવાજ વિનાનાં મારાં દબાયેલાં પગલાંને પણ અંતઃસ્ફુરણાથી ઓળખી લઈને તેમણે આંખ ખોલી નાખી. હું હબક થઈ ગઈ અને મારી આંગળીઓને ઉપરણા પાછળ સંતાડવા લાગી. પણ મને સમય કરતાં વહેલી આવેલી જોઈને કરચલીવાળી તેમની આંખો મારા કરતાં પણ થોડીક વધારે ચમકી ઊઠી. પણ તેમની આંખ સામે ઊભા રહેવાને બદલે હું વ્હીલચેરની પાછળ જઈને મૂંગી મૂંગી ખભો દાબવા લાગી. પણ કોણ જાણે કેમ, રહી રહીને આજે ન ખોલેલી પેલી બારી જ યાદ આવતી હતી. જાણે ભીંસ દઈને કડી વાસી રાખવાની હોય તેમ મહાસતીના ખભે જરીક વધારે ભીંસ દેવાઈ ગઈ. તેમના કણસતા ઊંચા અવાજે આખા ઓરડાને ચૂપ કરી નાખ્યો : 'ઊંહહહ...ઓ રે...શું છે આ?'

*બુરાઈ રહિત રહેવાથી વિશ્વમાત્રની સેવા થાય છે.*

બીકના માર્યા ઘડીક મારા હાથ અટકી જ પડ્યા. ભીતર ફડક ફડફડતી હતી. મને ખૂબ પ્રેમ આપનારાં મેનામેડમે પણ આ જ રીતે એક વાર મોટે મોટેથી ક્લાસ વચ્ચે પૂછ્યું હતું : 'શું છે આ?' ત્યારે બીકની મારી મારી આંખો પલકારો ઝબકાવવાનુંય ભૂલી ગયેલી. નીચે ટાંટિયા થરથર કાંપતા હતા. પગના તળિયે પરસેવો વળી ગયો હતો. મૅડમની આંખો પહોળી થતી ગઈ અને અવાજ ઊંચો ને ઊંચો : 'કેટલા દા'ડા પાડ્યા? મને એમ હતું કે છોકરી બહુ હોશિયાર છે...પહેલી પાટલી પર બેસી ધ્યાન તો એવું આપતી'તી જાણે યુનિવર્સિટીમાં ફર્સ્ટ આવવાની હોય! આ જો, મીંડીનો ખૂબ ચસ્કો ચઢ્યો છે ને તનેય તારી રખડેલ બહેનની માફક? આ...આ શું લખ્યું છે ડફોળ? બીક પર નિબંધ લખવાનો કહ્યો હતો કે અંધારાના રૂપરંગ પર મહાકાવ્ય લખવાનું કહ્યું હતું? તેડી લાવજે તારાં મા-બાપને!' કહેતાં શૂન્ય માર્કવાળી ઉત્તરવહી ફેંકેલી મારા પર. આખો વર્ગ ખડખડાટ હસી રહ્યો હતો. મૅડમ એક ઊંચા નિસાસા સાથે બોલ્યાં હતાં : 'તેં મને છેતરી!' બેલ પડ્યા પછીય મેનામૅડમની આંખો આશ્ચર્યથી ક્યાંય સુધી તાકી રહેલી મને.

મહાસતીએ ફરી આંખો મીંચી. હાથ ફરી સેવારત થયા પણ મારી જાગતી આંખો હજીય નીચેના બજારમાં પડતી પેલી બાજુની ખડકીના ઘરની બારી ભણી મંડાયેલી હતી - તો શું પ્રતીક્ષારત પેલી બે આંખો હજીય એ બારીના સળિયા પાછળ જ હશે?

હું વ્યાકુળ બની ગઈ. શા માટે આજે આવા અધમ ખ્યાલ આવે છે? આવી નીચતા? કાશ, એ આંખોને જોતાં પહેલાં બારીના એ જ સળિયાથી મારી આંખો ફૂટી જાય..! પણ આંગળીઓમાં હજીય તીણું તીણું કંપન રણઝણતું હતું. કેટલીક આંગળીઓ કેટલી નિર્ભયતાથી બારી ઉઘાડી શકતી હોય છે!... પણ જ્યારે બારી ઊઘડી જાય છે ત્યારે ઘરની અંદરનો આખો ઓરડો ઉઘાડો થઈ જતો હોય છે. અને દીદીએ તો આખા ઘરના ઓરડાની બધી જ બારીઓ ખોલી નાખી હતી ને જ્યારે ઘર ઉઘાડું થઈ ગયું હતું ત્યારે કાકુએ માને કેટલી મારી હતી!

મારી આંખ સામે મારા પૂર્વજન્મની નાનકડી કોઠરીનું પ્રગાઢ અંધારું છવાઈ ગયું. જ્યારે જ્યારે કાકુ ઊંચા અવાજે બોલતા, મા પર હાથ ઉપાડતા, મા ચીસાચીસ કરતી કે દીદીને ફટકારતા ત્યારે ત્યારે હું કોઠરીના અંધારામાં ભરાઈ હતી. ઊંદરની ખૂબ બીક લાગતી, તોય આંખો મીંચીને ક્યાંય સુધી ભરાઈ રહેતી. મારા પગના પંજા પર દોડાદોડ કરતા ઊંદરના પોચા પોચા પંજા ફરી વળતા ત્યારે તો આખા શરીરનાં રૂંવાડાં ઊભાં કરી નાખે તેવી ઝણઝણાટી ફેલાઈ જતી. હૃદય એટલા જોરથી ધબકતું કે એક-એક ધબકારા ગણી શકતી - ધક ધક ધક - એક-બે-ત્રણ.... ને પછી અવળી ફરી ભીંત પર ગાલ અડાડીને, તેને બાથ ભરીને બેસી રહેતી.

ભીંત સખત હતી અને મહાસતીજીની ડોક પોચી રૂ જેવી હતી. મને થયું કે અત્યારે પણ કોઠરીનું એ અંધારું મળી જાય. જેના આવરણ તળે ઢંકાઈ જવાય...ત્યાં જ અચાનક આંખ પર તેજ અજવાશ પથરાઈ ગયો. જોયું તો સફાઈવાળી બાઈ દાદર ચઢીને છેક ઉપર આવી ગઈ હતી ને અત્યારે એ પડદો ખસેડી ધૂળ ઝાપટતી હતી. આજે સેવામાં ચિત્ત ચોંટતું જ નહોતું. ચિત્ત એક વાર કોઈક કલ્પવૃક્ષ પર ચઢી જાય છે ત્યારે તેને ઉતારવાનું કેટલું મુશ્કેલ બની જાય છે! દીદીનું ચિત્ત પણ એવા જ કોઈક કલ્પવૃક્ષની ડાળે ટીંગાઈ પડ્યું હતું. પણ દીદીને તો કોઈ તમા જ નહોતી તેને ઉતારવાની! ઊલટાનું તે તો સહુથી ઊંચી ને ઊંચી ડાળે મૂકી આવવા માગતી હતી.

તે દિવસે કાકુ કેટલા ગુસ્સે થયેલા મા પર? જે વાત તે રોજ એક વાર બોલતા હતા તે વાત તેમણે કપાળ કૂટતાં કૂટતાં એક ઘડીમાં હજાર વાર કહી નાખી : 'પા'ણા જણી મેલ્યાં છે માથે...' કાકુ તો હંમેશાં એમ જ ઈચ્છતા કે પા'ણા ને કદી પગ ન ફૂટે. ખોડાઈ રહે એક જ જગ્યાએ. ને ખસે તો કાકુના હાથે ઊંચકાઈને, એ જ્યાં ફેંકે ત્યાં. કાકુ નહોતા ઈચ્છતા કે દીદી માસ્ટર ભણે. પણ દીદીને તો જાણે કાકુની આંખોની કંઈ પડી જ નહોતી. મા જ્યારે તેને કાકુનો એ ફેંસલો સંભળાવતી હતી ત્યારે પણ દીદી તો લટમાં આંગળી નાંખી તેને વાંકુડી કરવામાં પડી હતી. મા જ્યારે બરાડી ત્યારે ફૂંકથી લટ ઉડાવતી નફ્ફટાઈથી બોલેલી : 'કેવી કપાઈ છે? હજી તો થોડા જ દા'ડા થયા છે નીમલીને પાર્લરનું હીખ્યે... પણ કો' તેવી સ્ટાઈલ આપે છે સાલી...'

પગ તળેથી જમીન ખસી જવાની હોય ને તેની ખબર પડી ગઈ હોય તેમ મા થર થર ધ્રૂજતી હતી તોય કાકુની બીકથી દીદીના બરડે બે ઢીંકા મારીને આક્રોશ ઠાલવતી તે બોલેલી : 'સાચું જ કે' છે તારો બાપ. અદલ જમનીફઈ પર જ પડી છે મૂઈ! જા, જઈને મર, તો આ છાતીએ ટાઢક વળે...!' પછી ધીમેથી બોલી હતી : 'ભણવું જ હોય તો ભણી ખાજે છાનીમાની. જો કોઈ હોબાળો કર્યો છે તો તારી ભેગી મનેય બાળી મેલશે તારો બાપ...' પણ દીદી તો આ સાંભળીને ખડખડાટ હસતી હતી. માના શબ્દો તેના અટ્ટહાસ્યમાં ડૂબતા ગયા અને દીદીનો સૂર વધુ ને વધુ ઊંચો થતો ગયો : હંગામા...હંગામા...હો...હંગામાં.' તે વખતે પણ બીકની મારી હું તો અંધારી કોઠરીમાં જ ભરાઈ ગઈ અને ક્યાંય લગી ઘઉંની કોઠીને બાઝીને બેસી રહી.

અત્યારે મહાસતીની ડોકે વળગી પડવાનું મન થઈ આવ્યું. ખભો દાબતી આંગળીઓ ધીમી પડી ગઈ. ત્રિકાળજ્ઞાની મહાસતીની આંખો એકદમ ઊઘડી ગઈ. કશીક ભૂલ થઈ ગયાનો મને ખ્યાલ આવતાં જ હું ધીમે ધીમે ફરી સેવામાં રત બની. તેમણે ઓરસિયા તરફ ઈશારો કર્યો. તાજું ચંદન જોઈતું હતું. મેં ચંદનકાષ્ઠનો નાનકડો ટુકડો લીધો અને ઓરસિયા પર ધીમે ધીમે ઘસવા માંડી. બારી નીચેના બજારમાંથી છોકરાંઓની હો-હો સંભળાતી હતી. હો-હો ની સાથે બીજા બે અક્ષર પણ જોડાઈ જઈને મારી આસપાસ

*કામના રહિત થવાથી પોતાની સેવા થાય છે.*

પ્રદક્ષિણા કરતા કરતા અંતિમ વર્તુળ છેદીને છેક છાતીમાં જઈ હો-હો કરવા માંડ્યા. હો-હો - હોબાળો...

લોક કહેતું હતું કે મારી જમનીફોઈએ એના વખતમાં એક હોબાળો કરેલો. જોકે ત્યારે તો કાકુ પરણેલા પણ નહોતા. અને આ હો-હો ની બીકથી દાદાએ અગ્નિસ્નાન કરી લીધેલું. આગની એ ઝાળ કાકુની અંદર, છેક અંદર ઊંડે ઊંડે ઊતરી ગઈ એ પછી કાકુએ પા'ણાના બાપ બનવાનો ને બની ગયા પછી બાપ કહેવડાવાનો ધરાર નકાર ભણી દીધો. મોટાકાકાની છોકરીઓની જેમ અમારો બાપ અમારા માટે પણ 'કાકુ' જ બની રહ્યો.

દીદી તેની મોટી મોટી આંખોમાં કાજળની લાંબી લકીર ખેંચીને માસ્ટર કરવા જતી. અને પછી એ લકીરે એક એવો રસ્તો કંડારી નાખ્યો કે એક પળે અણધારી રીતે જ દીદીની આંગળીઓ બારીની આંકડી પર અટકી પડી. બારી સામે ઊભા રહીને નીચેની તરફ ઈશારા કરતી દીદીની આંગળી ગુલાબી પરબીડિયાં ખોલતી થઈ ગયેલી. તેની પાતળી પાતળી આંગળીઓમાં પરસેવો સોડાતો હતો. અને પછી એક દિવસ એકાએક તે વહી ગઈ. કાકુ ઘરમાં આવે તે પહેલાં જ બીકની મારી માએ કાંડાની નસ કાપી નાખેલી. હું નોંધારી, એકાએક જ તેની નાભિનાળમાંથી વિચ્છેદાઈ ગઈ અચાનક. તરફડિયાં મારતી મા છેલ્લા શ્વાસ લેતી હતી પણ હું તો ઊભા ઊભા જ મરી ગઈ હતી! મારા લાંબા લાંબા વાળ પરસેવે નીતરી રહ્યા હતા.

મા મરી ગઈ એ રાતે કાકુ બારી બહાર તાકતા ઊભા હતા. આખા ઓરડામાં બે જ જણ હતાં - હું અને કાકુ. કાકુ મારી તરફ આવતા હતા - શું કરશે એ મને? હું થર થર કાંપતી હતી. પણ જેવા એ મારી નજીક આવ્યા કે હું મારી સભાનતા બહાર એમના પગમાં પડી આળોટવા માંડેલી. કાકુ પણ કદાચ ભાનમાં નહીં જ હોય, નહિતર તેમની લાત મારા બરડે પડી જ હોત. કાકુને એવો કોઈ ભયાનક વિચાર આવે તે પહેલાં જ તેમની આંખ સામે જોયા વિના જ પગ પકડી લઈ મેં બોલવા માંડેલું : 'ના કાકુ, હું તમને કદી લાંછન નહીં લગાડું. આજ પછી હું ક્યારેય ઘરની બહાર નહીં નીકળું. ભણવાય નહીં. હું દીક્ષા લઈશ કાકુ. ગયેલી આબરૂ પાછી અપાવીશ. મારું મંગલવચન છે. કાકુ, મને ના મારતા...મને ના મારતા...'

અને તે દિવસે પહેલી જ વાર કાકુએ મારા માથા પર વહાલથી હાથ ફેરવ્યો : 'ભાગ્યશાળી શ્રાવિકા બનીશ તું!' મારા જીવનનું કલ્યાણ થવા જઈ રહ્યું હતું અને કાકુના જીવનનું પણ. મારી આંખો રાતદિવસ 'દશવૈકાલિક', 'ઉત્તરાધ્યયન', 'સુખવિપાક સૂત્ર' વાંચતી રહી અને કાકુની આંખો ઠરતી રહી.

ચંદન ઘસતા હાથ એકાએક અટકી પડ્યા. ઓરસિયા પર ન સમાતું વધારાનું ચંદન ઢોળાઈ જઈ આંગળીઓ પર પડતું હતું. મારો આખો હાથ ચંદનની ખુશબૂથી મહેકી ઊઠ્યો. વૃદ્ધ મહાસતી કૈંક કહેવા પ્રયત્ન કરતાં હોય એવું લાગ્યું : 'ઊમ્મમ..."

હું તેમની નજીક ગઈ અને તેમના ચરણ પાસે બેસીને તેમના વસ્ત્ર સમી સફેદ થઈ ગયેલી તેમની પાંપણને તાકી રહી. સફેદ રંગ સમા પવિત્ર શબ્દો ધીમે ધીમે બહાર આવતા જતા હતા : 'તારી વડી દીક્ષાને કેટલા દા'ડા બાકી રહ્યા છે હવે?'

હું સ્તબ્ધ બની ગઈ : વડી દીક્ષા?!

બાકી રહેલા દિવસો ગણવા અંગૂઠો ટચલી આંગળીના વેઢે મૂક્યો પણ આખો હાથ જાણે ખોટો પડી ગયો હોય! ભીતર ગભરામણનું અજાણ્યું વંટોળ ઊડતું હતું. હું ઊભી થઈને બારી પાસે ઊભી રહી ગઈ. નીચે આખું બજાર શોર કરતું હતું. બજાર પાસેની ખડકીમાંથી જાન નીકળવાની તૈયારી થતી હતી. બૅન્ડવાળાએ ડ્રમ પર 'ઢમ....ઢમ...' બે ટકોરા મારીને સાધન અને સૂર ચકાસી લીધાં. એક નાનકડી સૂરાવલિ આલાપી બ્યૂગલ બંધ થઈ ગયું. એના વાદે એકાદ-બે વાર ખંજરીએ પણ ઝીણું ઝીણું ખનકી લીધું. રંગબેરંગી જરીકામ કરેલાં કપડાંઓથી આખું સાંકડું બજાર રંગીન થઈ ગયું હતું. સોનેરી સાફો બાંધેલા વરરાજા લાલ રંગની બગી પર ચઢતા હતા. સફેદ રંગનો ઘોડો સહેજ હણહણી ઊઠ્યો. સાફાની વચ્ચે લગાડેલી ડાયમંડ જડિત કલગી ઝગારા મારતી હતી. એક નાની છોકરી તેમની પડખે બેસીને માથેથી લૂણ ઉતારતી શરમાઈ રહી. ત્યાંજ કોઈકે આવીને વરરાજાના માથા ફરતે રૂપિયાની લૂણ ઉતારી ટોળામાં ઉડાડી દીધાં.

મારી આંખો લાલ રંગની બગીને ટીંગાઈ ગઈ.

બગી?

એ દિવસે હું પણ બગીમાં બેઠેલી. તિથિ-તારીખ-માસ અને પછી દીક્ષાનું મુહૂર્ત! પહેલી જ વાર જીવનમાં એક અંધારિયા ખંડની બહાર સફેદ લિસ્સા કાગળ પર મારું નામ છપાયું હતું. સંયમના પંથે ચાલી નીકળેલી કેશ્રીને વધાવવાનું નિમંત્રણ. અન્ય દીક્ષાર્થીઓની સાથે સાત-સાત દિવસની સંયમ સુવાસ મહેફિલ ચાલી. છેલ્લી વાર બગીમાં બેસીને હું નગરની મંગલયાત્રા કરતી હતી. નક્કી કરેલી ઘડીએ મહાભિનિષ્ક્રમણ યાત્રા નીકળી હતી. તે દિવ્ય સવારે દીક્ષાવિધિમાં આચાર્ય ચંદ્રસૂરિજીએ મંગલ પ્રવચનમાં અલૌકિક વાણી વદી હતી. ઉછામણીમાં મુમુક્ષુઓના નામકરણ માટે સંબંધીઓ અને બીજા શ્રાવકો વચ્ચે રસાકસી થઈ હતી. સરેરાશ સવા લાખની ઉછામણી બોલાઈ હતી... ચોતરફ જયજયકાર બોલાઈ રહ્યો હતો. અંતિમ સ્નાન બાદ વેશપરિવર્તન કરી હું નવા નામ સાથે જન્મમાં પ્રવેશ પામતી હતી. તે વખતે એક પળ મને મા યાદ આવી હતી. મેં મનોમન એને ઉદ્દેશીને કહેલું : સાંભળે છે ને મા, હવે હું પાપ વગરનું જીવન જીવીશ. નિર્દોષ અને પવિત્ર જીવન.

અને તે દિવસે હું કેશ્રીમાંથી હવે ગુરુણીમૈયા જિનાંગ મહાસતીજીની તેરમી શિષ્યા બની ગઈ - કુસુમબાઈ

સંયમ વાટિકાના પ્રવ્રજ્યા પટાંગણમાં ઢોલનગારાં સાથે મુખ્ય મંડપમાં કેશલોચનવિધિ માટે મને લઈ જવાઈ હતી ત્યારે કાકુના ચહેરા પર દિવ્ય આનંદ પથરાયેલ હતો. મારા લાંબા લાંબા વાળ

*આપણે કરેલી સેવાની કોઈને વારંવાર યાદ અપાવવી એ પણ સેવાનો બદલો જ છે.*

શિરેથી ઊતરી રહ્યા હતા. મહાસતીજી કહી રહ્યાં હતાં : કેશલોચન એ ભાવનું લોચન છે. ગુરુજી સમક્ષ કેશનું મુંડન કરાવી સાંસારિક ભાવ, મોહમાયા ત્યજી દઈને સાધુવેશ અંગીકાર કરવો એ જ જીવનશ્રેષ્ઠની માગણી છે. મોક્ષકલ્યાણની એ પાવકભૂમિ પર મને સાધ્વીવેશ અને ઉપરણું અર્પણ થયું ત્યારે મેં અપાર શાંતિનો અનુભવ કરેલો. હવે કોઈ જ અંધકાર નહીં. કેવળ પ્રકાશપુંજ... પ્રકાશપુંજ... અને રાતના અંધકાર પૂર્વે મહાસતીજીના કરકમલો વડે અર્પણ થયેલ ઓઘો (લાકડી) ના સહારે હું દિવ્ય અજવાશની શોધમાં વિહારયાત્રાએ નીકળી પડેલી.

...પણ સામી બારીએથી, વૈરાગ્યકાળમાં વિહરતી આ વિહારિકાને તાકી રહેતાં બે કમલનયનોએ કઈ પ્રવજ્યા લીધી હતી કે તે પણ એક વિહારક બની ગયો હતો! છેલ્લા કેટલાય સમયથી એક પગપાળો પ્રવાસી સાવ અણધારી રીતે ઉપાશ્રયમાં અચૂક મળી જતો અને પછી રસ્તો રોકીને ગણગણી લેતો : કેશ્વી ...

એક વાર મેં નિશ્ચલ આંખે જોઈને કહી નાખ્યું : '...તું પરભવના લોકનો. પાપમાં પડીશ.' તે ખડખડાટ હસી પડ્યો હતો. વિહારિકા બન્યા પછી પડેલી જ વાર મને એવા ભયાનક હાસ્યની બીક તાજી થઈ ગઈ. આવતાં-જતાં તે તૂટક-તૂટક વાક્યે કહેતો રહેતો કે તે મારા પરભવનાય પેલા ભવનો કોઈ જીવનપ્રવાસી હતો. પણ મેં તો તેનો ચહેરો ક્યારેય નહોતો જોયો!...પણ મેં મારો ચહેરો પણ ક્યાં જોયો હતો! તે કહેતો હતો કે જ્યારે શૂન્ય ચીતરેલી ઉત્તરવહી મારી તરફ ફેંકાઈ હતી ત્યારે તે જ હતો આખા વર્ગખંડમાં, જે મારી ઉપર નહોતો હસ્યો. માના મરી ગયા પછી નિશદિન દેરાસર જતી ત્યારે ત્યારે તે જ હતો કે જે પાછળ ઊભો રહીને ભગવાન મહાવીરને કહેતો હતો : આને સદા સુખથી છલકતી રાખજે પ્રભુ...અને મારા કેશલોચનની વિધિ થતી હતી ત્યારે એક-એક વાળ ખેંચવાની વેદના તેની આંખોમાં છલકાતી હતી...અને છેલ્લે તેણે એમ પણ કહી નાખેલું કે તે નિશાંત નિરંતર રાત્રિએ પ્રતીક્ષા કરશે મારા આગમનની, તેના મોક્ષની...!

તો તેનું નામ નિશાંત હતું! કોણ હતો તે? તે સ્વધર્મી હતો કે કોઈ પરધર્મી? જન્મથી જે ઘરમાં તેણે પહેલો શ્વાસ લીધો તે ઘર ત્યજી દેશે...પણ એટલું પૂરતું નહોતું કે તે ભગવાન મહાવીર આગળ મારી જેમ શીર્ષ ઝુકાવતો હતો!

છેલ્લા કેટલાય દિવસથી મારી વ્યાકુળ આંખો નિરંતર સામી બારીએ તેને કેમ ખોળ્યા કરે છે? પ્રાર્થના કરતી વખતે મનને એકાગ્રતા માટે કેમ પ્રયત્ન કરવો પડે છે? અને વારે વારે આ હાથ બારી સુધી કેમ લંબાઈ જાય છે? તે પણ અનાયાસે!

નીચે ઢોલ ઢબૂકવો શરૂ થયો હતો. આજે પહેલી જ વાર કાનમાં મંત્રોચ્ચાર કરતાં ઢોલની થાપ વધુ જોરમાં સંભળાતી હતી. મેં પ્રયત્નપૂર્વક મારા કાન દાબી દીધા, પણ ઢોલ તો તાલબદ્ધ રીતે વધુ ને વધુ જોરથી વાગવા માંડ્યો.

હું મેડી ઊતરી પડી.

દેરાસરના સફેદ આરસ પર મારાં શ્વેત અશ્રુબિંદુઓ ચમકતાં હતાં. મહાવીરની અનુપમ પ્રતિમા સૌમ્યવદને મને તાકતી હતી જાણે. હું ઢસડાતી સહેજ નજીક ગઈ અને બેનમૂન કોતરણીકામ થયેલ આરસનો કઠેડો પકડી મનોમન બોલતી રહી : 'મને માફ કરી દે પ્રભુ. હું તારી પવિત્ર પ્રવ્રજ્યાને લાયક નથી. આ મન હજી સંપૂર્ણ નિર્લેપ નથી થયું તે તો મેં પણ આજે જ જાણ્યું. અને એ તો તું પણ નહીં ઇચ્છે ને કે આસક્તભાવથી મલિન રહીને આ પવિત્ર સ્થળમાં હું રહું? કદાચ અજાણતાં જ મેનામેંડમને છેતરી ગઈ હોઈશ, પણ તું તો ગુરુનોય ગુરુ છે ભગવંત. હું તને કઈ રીતે છેતરી શકું? એક નિશાનો અંત દેખાય છે, અંધકારભરી રાત્રિ ચીરી દૂર દૂર ચાલી જઈશ... તોય તારાથી દૂર નહીં જાઉં. તું તો જાણે છે મારો એક-એક ધબકાર, જે કહે છે — જેણે સંસારનો હજી સ્વીકાર જ નથી કર્યો તેનો ત્યાગ હું કઈ રીતે કરું? તું તો જાણે છે, હું જીવનતત્ત્વ પામી જ નથી કદી... દિવ્યજીવન પૂર્વે હું જીવનદીક્ષાનો સ્વીકાર કરવા ઇચ્છું છું ભગવંત.'

અને કાકુના પા'ણાને પગ જ નહીં, પાંખો ફૂટી નીકળી.

બારીની કડી ખૂલી ગઈ હતી. મધ્યરાત્રિએ શેરીની એક ઉપરની મેડી પર ભયંકર આગ લાગી હતી.

કુસુમબાઈ પ્રચંડ આગમાં બળી મર્યાં હતાં પણ કેશ્વી બચી નીકળી ગઈ!!!

***સૌજન્ય : 'શબ્દસૃષ્ટિ'***

*હોય એટલું જોર હવે લગાવ જિંદગી*
*દમ હોય તો મને હવે સતાવ જિંદગી.*
*સુખની વ્યાખ્યા મેં જડમૂળથી બદલી*
*દમ હોય તો દુઃખ હવે બતાવ જિંદગી.*
*ગોતી લઉં છું આનંદ એક વાતમાંથી*
*દમ હોય તો હવે મને રડાવ જિંદગી.*
*દૂરથી લડી ન મળ્યા કર જોર મારું*
*દમ હોય તો બથોબથ હવે આવ જિંદગી.*
*પડી પાછો બેઠો થાઉં છું બમણા જોરથી*
*દમ હોય તો મને હવે હરાવ જિંદગી.*
*હું નહીં પણ તું જરૂર થાકશે લડાઈમાં*
*દમ હોય તો હાથ હવે મિલાવ જિંદગી.*


***સૌજન્ય : "ભણતરનું ભાવજગત"***

*આગ પાણી અને હવા સામે*
*માનવી એકલો બધા સામે.*
*બેસી રહેવાથી શું મળે 'આદિલ'*
*પગ ઉપાડો તો દ્વારિકા આવે.*

***— આદિલ મન્સુરી***

***સૌજન્ય : "ભણતરનું ભાવજગત"***

*લોકોના અભિપ્રાયથી જમી શકાય, પણ જીવી ન શકાય.*



# પંક્ચર

• બકુલેશ ભટ્ટ •

નહાઈ, ધોઈ, સેવા-પૂજામાંથી પરવારી શાંતિલાલ શેઠ બગીચામાં આવેલ હીંચકે બેઠા. બાજુમાં તેમનાં પત્ની શાક સમારતાં હતાં. બંને વૃદ્ધ પતિ-પત્ની વચ્ચે થોડી થોડી વારે વાતોની આપ-લે થયા કરતી હતી. પહેલી નજરે જોનારને તો જરૂર કલાપીની કવિતા યાદ આવે : ‘અહો કેવું સુખી જોડું કર્તાએ નિરમ્યું દીસે!’

સડસઠ વર્ષના શાંતિલાલ, ને પાંસઠનાં તેમના પત્ની રમાબેન. બન્ને કાંઠે બેઠેલાં. પોતપોતાની ફરજો પૂરી કરી, છતાં હજીયે શક્તિ મુજબ કુટુંબને મદદરૂપ થવા પ્રયત્ન કરતાં હતાં. આજથી ચાર વર્ષ પહેલાં તેમનો છોકરો મનોજ તેમની ટુર્સ અને ટ્રાવેલ્સ કંપનીમાં આવતો હતો ત્યારથી જ તેઓ પોતાનો ભાર ધીમે ધીમે ઘટાડતા ગયા હતા. સાથે સેવા-પૂજા અને સત્સંગમાં વધુ વ્યસ્ત રહેવા લાગ્યા હતા. રમાબેન પણ પૂરાં ભાગ્યશાળી હતાં. બધા ઈર્ષ્યા કરે તેવી વહુ, પેઢીએ બેસતો દીકરો, ને દીકરાને ઘેર દીકરા.

ઘણીવાર શાંતિલાલ હસતાં હસતાં મિત્રોને કહેતા, ‘ભાઈ! હું રિટાયર્ડ ખરો પણ ટાયર્ડ નથી હોં? પેઢીએ જવાનું બંધ કર્યું, કારણ હવે ઉપરવાળાના ચોપડે આપણા ખાતામાંયે થોડી પુનાઈ જમા કરાવવી પડશેને! હવે તો દર વરસે મહિનો શ્રીનાથજી બાવાના દરબારમાં, ને મહિનો ગંગાજીને તીરે હરદ્વારમાં ગાળવો છે બસ!’

અને આમ જોવા જાઓ તો શાંતિલાલની યોજના અમલમાં મૂકી શકાય તેવું બધું જ તો હતું! શહેરના સૌથી સમૃદ્ધ વિસ્તારમાં મોકાની જગ્યાએ આવેલ સાડા ત્રણ હજાર વારના પ્લૉટમાં આવેલ સુંદર બંગલો, ધીકતી કમાણી રળી આપતો ટ્રાવેલ એજન્ટનો ધંધો, તે સંભાળનાર જુવાનજોધ દીકરો અને આ ઉંમરેય, પતિ-પત્ની કડેધડે શરીરવાળાં. શું જોઈએ?

પણ જીવનમાં સેવેલાં બધાં સપનાં કોઈનાંયે સાચાં પડ્યાં છે કે શાંતિલાલનાં પડે? થોડો સમય તો બધું ઠીકઠાક ચાલ્યું પણ પછી ધીમે ધીમે જાતજાતની પાબંદીઓએ ક્યારે પગપેસારો કર્યો એની ખબરેય ન પડી. શાંત સ્વભાવનું વૃદ્ધ દંપતી ‘કજિયાનું મોં કાળું’ વિચારી સમાધાનને માર્ગ ચાલતું રહ્યું પણ પછી તો ધીમે ધીમે પરિસ્થિતિનું એવું નિર્માણ થઈ ગયું કે કોઈ વાર પૈસાની જરૂર પડે તો પુત્ર મનોજના કાને વાત નાખવી પડતી. છતાં-પ્રભુને ગમ્યું તે ખરું, માની દંપની સેવા પૂજામાં પોરવાઈ જતું.

★ ★ ★

દિવાળી વેકેશન પડવાનું હતું. છોકરાઓ છમાસિક પરીક્ષામાંથી માંડ છૂટ્યા હતા. શાંતિલાલે નોંધ્યું કે છોકરો, વહુ અને બન્ને બાળકો સિંગાપુર હોંગકોંગ જવાની યોજના બનાવી રહ્યાં હતાં. ત્યાંની હોટલોના બુકિંગ અને શોપિંગની તૈયારી થવા માંડી હતી. જોકે હજી સુધી સીધી રીતે તેમને કે રમાબેનને જાણ કરાઈ નહોતી.

રાતે રમાબેને પતિ પાસે હરખ વ્યક્ત કર્યો. ‘સાંભળો છો? આ લોકો પંદર દિવસ ફોરેન ફરી આવે ત્યાં સુધી આપણે શ્રીનાથજી રહી આવીએ. હમણાં બે વરસથી જવાણું જ નથી.’ વાત તો શાંતિલાલનેય બરોબર લાગી. રાતે જમતાં જમતાં એમણે દીકરા પાસે મમરો મૂક્યો.

‘તમે લોકો સિંગાપુર ફરી આવો, અમે બેઉ શ્રીનાથજીની જાત્રા કરી આવીએ. બે વરસથી તારી બા જઉં જઉં કરે છે.’

મનોજનું મોઢું બગડી ગયું : ‘પપ્પા, શું શ્રીનાથજી હમણાં જ જવું જરૂરી છે? અમારી ટુરમાં આમેય બે-અઢી લાખ તો સહેજે ખર્ચ થવાનો અંદાજ છે ને હજી શોપિંગ તો ગણ્યું જ નથી. એમાં તમે ઘરણ વખતે સાપ કાઢ્યો!’

શાંતિલાલ એક ક્ષણ તો તમતમી ગયા. આવા જવાબની એમને આશા નહોતી. તેમને કહેવાનું મન થઈ ગયું કે - મોજમજા કરવા માટે તમને મારી પેઢીમાંથી કમાયેલા બે લાખ ગમે છે, પણ એમાંથી જ મા-બાપની જાત્રા માટે ચાર પાંચ હજાર ફાળવવા ભારે પડે છે? પણ પત્નીના ઇશારે સહેજ ગમ ખાઈ ગયા. પણ એમના ખ્યા લ નહોતું કે ધી...મે, ધી...મે, બહુ ચોકસાઈપૂર્વક એવી પરિસ્થિતિનું નિર્માણ થઈ ગયું હતું કે પાંચ હજાર તો શું, કોઈવાર, ઓચિંતા શાંતિલાલને પાંચસો રૂપિયા જોતા હોય તોય તેમની પાસેથી ન નીકળે!

તેમનું મોઢું કડવાશથી ભરાઈ ગયું. રાતે સૂતાં સૂતાં તેમનાથી

*વૃત્તિ ચોખ્ખી હોય તો જ બીજાનાં દુઃખ દૂર કરી શકાય.*

પત્નીને કહેવાઈ ગયું : 'શું માણસો આટલા માટે ઑલાદ માગતા હશે ઈશ્વર પાસે?'

ટિકિટો આવી ગઈ, સામાન પેક થવા માંડ્યો અને એક સવારે તેમને કહી પણ દેવાયું : 'અમે લોકો બે દિવસ પછી જઈએ છીએ સિંગાપુર-હોંગકોંગ. પાંચમીની અમારી ફલાઈટ છે. ઘણુખરું તો વીસમીએ પાછાં આવીશું. અમારી ગેરહાજરીમાં ઘરને સાચવજો. રેશન બધું ભરેલું છે, દૂધ અને શાકભાજીની તમારે વ્યવસ્થા કરવાની રહેશે.' બહુ સારી રીતે જાણતા હતા શાંતિલાલ અને રમાબેન આ શબ્દ - 'વ્યવસ્થા'નો અર્થ, તમે તમારા પૈસામાંથી મંગાવી લેજો.

અને પાંચમીએ મનોજ શાહ એન્ડ પાર્ટી ઊપડી સિંગાપુર ઍરવેઝમાં ગોઈંગ બાય બોંઈંગ! દીકરો કે વહુ, બેમાંથી એકેયને એમ પૂછવાનુંયે ન સૂઝ્યું કે તમારા માટે ત્યાંથી કશું લાવવું છે?

એ પંદર દિવસ ક્યાં પસાર થઈ ગયા એની ખબરેય ન રહી. ઉલટાના માથે બીજા ચાર દિવસ થઈ ગયા. શેડ્યુલ ઉપરાંત મનોજની પત્ની તો 'મૉલ' જોઈને ગાંડી જ થઈ ગઈ હતી! તેણે શોપિંગ માટે લીધેલા પૈસા તો ઓછા પડે તેમજ હતા, પણ વચલા રસ્તા તરીકે મનોજે ઇંડિયાના એક મિત્ર પાસે હોટલના સરનામે બીજા પાંચસો ડોલર ટ્રાન્સફર કરાવ્યા ત્યારે માંડ શોપિંગ પત્યું! પેલા વધારાના ચાર દિવસ આ કારણે જ થયા હતા. તે લોકો ગયા ત્યારે ચાર બેગ લઈને ગયા હતા. પરત ફરતાં ચારની સાત બેગો થઈ ગઈ હતી! શાંતિલાલના દીકરા વહુના ઉત્સાહનો પાર નહોતો. બે ટેક્ષીઓ ઘર પાસે આવીને ઊભી રહી. સાથે પેલી સાત બેગો પણ ખરી. બેઉ ટેક્ષીવાળાને મનોજે પૈસા ચૂકવી આપ્યા ટીપ સહિત. પછી ઘરનો બેલ બગાડ્યો.

થોડીવાર સુધી તો બારણું ખૂલ્યું નહીં. ફરીવાર લાંબો સમય ડોરબેલ વગાડતાં બારણું ખૂલ્યું. એક જુવાને દરવાજો ખોલ્યો હતો. દેખાવે પડછંદ, પંજાબી જેવો લાગતો હતો. મનોજભાઈની સામે પ્રશ્નાર્થભરી નજર કરી તેને પૂછ્યું 'યસ?'

અર્થાત્ સભ્ય ભાષામાં 'તમારે કોનું કામ છે?' મનોજ અધૂકડું બારણું ખોલવા ગયો, પણ તેના કાંડા ઉપર પેલા પંજાબી હાથે પકડ જમાવીને હડસેલી દીધો.

'તમારે કોનું કામ છે?' થોડા જોરથી તેણે પૂછ્યું.

'કોઈનું નહીં, હું મારા ઘરે આવ્યો છું. તમે કોણ છો? અને અહીં મારા ઘરમાં શું કરો છો?'

'ઓહ! તો તમે મિસ્ટર મનોજ શાહ છો! શ્રી શાંતિભાઈ શાહના સુપુત્ર?'

'હા, કેમ? તમારે આ બધું પૂછવું પડે છે?' મનોજ હવે ગરમ થતો જતો હતો. પેલાનો ચહેરો હવે જરા હસ્યો.

'ઓહ, હવે સમજ્યો! તમે ને તમારું કુટુંબ ફોરેનથી આવી ગયું એમને? બરોબર. તમારો આ બંગલો અને તમારી પેઢી સ્વાગત એન્ટરપ્રાઈઝ તેના માલિક, શેઠ શાંતિલાલે અમને ગયા અઠવાડિયે જ વેચી દીધાં છે — સાડા ચાર કરોડમાં.'

એક જોરદાર ઝટકો મનોજને લાગ્યો. હવે આ બંગલામાં કે સ્વાગત એન્ટરપ્રાઈઝમાં એનું સ્થાન નહોતું!

તે ગમ ખાઈ ગયો. ગળે થૂંક ઉતારતા તેનાથી બોલાઈ ગયું. 'શાંતિલાલ અને તેમનાં મિસિસ ક્યાં રહેવા ગયાં તે મને કહેશો?'

'Sorry my dear friend, હું દિલગીર છું, પણ તે જણાવવાની મને મનાઈ છે! આ શાંતિભાઈની ખાસ સૂચના છે. છતાં તમારી જાણ ખાતર એટલું કહું કે તે બંને આ શહેર છોડીને જતાં રહ્યાં છે.'

ભાંગેલા પગે મનોજ કંમ્પાઉન્ડમાંથી બહાર આવ્યો. તેણે છૂટી કરેલી બે પૈકી એક ટેક્ષી તો જતી રહી હતી ને એક હજુ ત્યાં જ હતી પણ તેમાં પંક્ચર હતું! ■

## હાર્વર્ડ યુનિવર્સિટીનાં આચરણ સૂત્રો...

*છતાં પણ કર્યે જ જાઓ*
*તમને એક રચનાત્મક કામ સાકાર કરવામાં વર્ષો લાગે,*
*એનો નાશ એક જ રાતમાં થાય, છતાં પણ તે કાર્ય કર્યે જ જાઓ.*

*લોકો ભલે તર્કહીન હોય, સ્વાર્થી હોય*
*છતાં પણ તેમને પ્રેમ કરતા જ રહો.*

*આજે તમે જે સારું કામ કરશો, તે કદાચ કાલે ભૂલાઈ જશે*
*છતાં પણ સારાં કામ કર્યે જ જાઓ.*

*જો તમે કોઈ સારું કામ કરશો તો લોકો તમારે માથે કોઈ છૂપો અને સ્વાર્થી હેતુનો આરોપ મૂકશે.*
*છતાં પણ તમે સારાં કામ કરતા જ રહો.*

*પ્રામાણિક અને સ્પષ્ટ વક્તા બનવાથી તમને મુશ્કેલી પડી શકે!*
*છતાં પણ વિશ્વને તમારું શ્રેષ્ઠ જ અર્પણ કરતા રહો.*

*મહાન વિચારો ધરાવતા મહાન માણસોને પણ નાનામાં નાનું મગજ*
*ધરાવતા નાનામાં નાના માણસો નષ્ટ કરી શકે છે.*
*છતાં પણ નવા નવા પ્રયોગો ચાલુ જ રાખો.*


*લોકો કહે તો છે કે કચડાયેલાઓની તેમને ચિંતા છે,*
*પણ હકીકત તો તેઓ*
*પણ માત્ર પ્રભાવશાળીને જ પૂજે છે.*
*છતાં પણ કોઈ ને કોઈ કચડાયેલાઓની ચિંતા કરતા જ રહો.*

*મહાન વિચારો હંમેશાં મહાન વાસ્તવિક્તામાં ન પણ પલટાય,*
*છતાં પણ પ્રયત્ન કરતા જ રહો.*

*જો તમે સફળ બનશો, તો તમને મિત્રો બનાવટી મળશે અને શત્રુઓ સાચા,*
*છતાં પણ તમે સફળતા મેળવતા જ રહો.*

***સૌજન્ય : "તાણાવાણા – ૧૨"***

***બોલતા તો બધાને આવડે છે પણ વાતચીત કરતા તો કોઈકને જ.***



# ગાંડી

● સુહાસ ઓઝા ●

ત્યારે અમે બધાં સાથે રહેતાં હતાં. પતિ પરદેશ હતા, પણ હું, દીકરો રાજુ, પુત્રવધૂ નીતા અને નાનકડો સૌમિલ ઘરમાં હતા, એટલે ઘર કલ્લોલતું હતું, તો ક્યારેક એમાં કોલાહલેય થતો. પ્રશ્ન સૌમિલનો હતો. તે મોસાળે જ મોટો થયો હતો. એ એની મામાની દીકરી મોટી બહેનની આગળ પાછળ ઘૂમતો અને નાની-નાની એની પાછળ. અહીં આવ્યા પછી નર્સરીમાં મૂક્યો, પણ ન તો એ ત્યાં ગોઠવાઈ શક્યો ન ઘરમાં - પાડોશમાં. અહીં મમ્મી-પપ્પા નોકરી કરી મોડાં થાક્યાં-પાક્યાં ઘેર આવતાં અને પાડોશમાં એની ઉંમરનું કોઈ નહોતું. દૂધ પીતાં પહેલાં જ એ ટી.વી.ની સ્વિચ 'ઑન કરી કાર્ટૂન નેટવર્ક' માં ખોવાઈ જતો.

મને એ પસંદ નહોતું. એ ગોરો, રૂપાળો, પાતળો ને ભીરુ હતો. નાનપણથી જ આંખે ચશ્માં હતાં. હું માનતી હતી કે બાળકોએ સાંજે તો કમ સે કમ કલાક દોઢ કલાક ખુલ્લી હવામાં રમવું જ જોઈએ. છોકરાઓએ તો ખડતલ પણ થવું જ જોઈએ. 'પણ હું નિશાળમાં રમું છું.' એ કહેતો, પણ મને એના બહાર જવા સામેના વિરોધના કારણની ખબર હતી. એક બંગલો છોડી ત્રીજા મકાનના ફ્લેટોમાં શીખ પરિવાર રહેતો હતો. એમનાં બાળકો હટ્ટાકટ્ટા હતાં. ઉંમરમાંય સૌમિલથી મોટાં. તેઓ તોફાની હતાં અને દાદાગીરી પણ કરતાં, પણ એથી શું? હું કહેતી, 'કલાક રમી આવ. પછી ટી.વી. જોવા દઈશ.'

શરૂઆતમાં તો એ કમને જતો અને રડુંરડું થઈ ફરિયાદો લઈને આવતો. પણ બાળકોમાં દોસ્તી થતાં વાર નથી લાગતી. એકાદ વરસમાં તો પરિસ્થિતિ પલટાઈ ગઈ. શનિવારે એને સવારની સ્કૂલ હોય. વહેલો ઘેર આવી જાય. જમી-પરવારીએ અને બાઈ વાસણ કરી જાય ત્યારે બરાબર અઢી વાગ્યે હું સવારે વહેલી ઊઠી હોઉં એટલે મારી આંખો ઘેરાય, ત્યાં પેલા શીખ બંધુઓની હાકલ સુણાય. હું ગમે તેટલી મના કરું, મારી સાથે સુવાડું, પણ મારી આંખો મળે કે તરત ભાગી જ જાય. પેલા છોકરાઓની હાક જાણે કૃષ્ણની બંસી ન હોય!

એવી જ એક ઢળતી બપોર હતી. રસોઈ કરનાર બહેને કરેલી ચાના ઘૂંટ હું ભરતી હતી ત્યાં એ દોડતો આવ્યો. એનું ખમીસ મેલુંદાટ હતું અને ફાટેલું પણ હતું. હું કંઈ ઠપકો આપું, પૂછું એ પહેલાં રડુંરડું થતો એ બોલ્યો, 'બા, તમે હમણાં જ ચાલો. નહિ તો, નહિ તો...' એની વિસ્ફારિત આંખોમાં ડોકાતો ભય હું પારખી શકી.

'અરે, મને ચા તો પી લેવા દે. શું છે તે...?' મેં કહ્યું.

'ના' મારો હાથ પકડી લઈને એ બોલ્યો, 'તમે ચા પછી પીજો બાઈ. એ થર્મોસમાં ભરી દો.' એટલું કહેતાં કહેતાં તો એ મને લગભગ ઘસડીને બાજુના મકાનમાં લઈ ગયો.

મનમાં ગુસ્સો આવ્યો. હા, પેલા છોકરાઓ સાથે સૌમિલે પણ ધમાચકડી કરી હશે, પણ એટલે શું એને આટલો ડરાવી દેવાનો? ગુસ્સાભેર નહિ તો જુસ્સાભેર શું કહેવું એનો વિચાર કરતાં હું બાજુને બંગલે પહોંચી.

પણ પદ્માબહેને તો ઉમળકાભેર આવકાર દીધો. 'આવો, આવો. આ તમારા દીકરાનો દીકરો? શું નામ એનું?'

'બોલ નામ કહે' મેં કહ્યું. 'સૌમિલ' શરમાઈને સ્મિત કરતાં તે બોલ્યો અને પરિસ્થિતિનું જોખમ ટળી ગયું હતું એ જાણતાં, ભયથી પકડેલો મારો હાથ છોડાવી એ સરકી ગયો.

'એ તો બચાડો ડાહ્યો લાગે છે, પણ પેલા બે છોકરા વડના વાંદરા જેવા છે. એ લોકો તો ભાગી ગયા અને આ રહી ગયો.' પદ્માબહેન બોલ્યાં.

પદ્માબહેન પાતળાં પણ દૂબળાં-દુર્બળ નહિ, 'વાયરી' કહેવાય એવો દેહ. ભૂખરા વાળની સજજડ બાંધેલી અંબોડી. ચાંદલાવિહોણું કપાળ - ભૂખરા રંગની સાડી. પહેલાં હું 'મૉર્નિંગ વૉક' લેવા જતી ત્યારે નજર પડતી એમના પર. સવારના પહોરમાં મોટો સાવરણો લઈ કમ્પાઉન્ડના ભાગમાં પડેલાં સૂકાં પાંદડાં સફાઈથી વાળતાં હોય. ઘડિયાળનો કાંટો મેળવી શકાય એટલાં નિયમિત.

'બાબાએ...' મેં જરા ખમચાતાં વાત શરૂ કરી.

'હોય એ તો. મને ખબર છે, કાચ તો એ તોફાનીઓએ તોડ્યો હશે. આ કંઈ એવું કરે એવો નથી. એને તો નીચે જાંબુ

*સારો હોય કે ખરાબ, સમય જરૂર બદલાય છે.*

ભેગાં કરવા બેસાડ્યો હશે. જોયું નહિ તમે? ખમીસ પર કેવા ડાઘ પાડ્યા છે તે?'

'કાચ! એમણે કાચ તોડ્યો?' મેં પૂછ્યું. હું આગલે બારણેથી આવી હતી, સાત પગથિયાં પછી વિશાળ, લાંબી પૉર્ચ - ત્યાં રંગીન કાચ પડેલા હતા, પણ એ તો તૂટેલા નહોતા, પાછળના ભાગે બાથરૂમ-ટૉઈલેટના કાચ કદાચ તૂટ્યા હોય.

'બતાવું' કહેતાં એ મને પાછલી બાજુ લઈ ગયાં. દીવાનખંડની બન્ને બાજુએ ઓરડા હતા. પાછલી બાજુ રસોડું અને આગલી પૉર્ચ જેવી જ મોટી, લાંબી ગેલેરી હતી. એની કમ્પાઉન્ડ તરફની બાજુ આખી સુંદર ડિઝાઈનવાળા કાચથી બનાવેલી હતી. એ કાચનો એક ટુકડો પડી ગયો હતો અને અસંખ્ય તડોથી એ બાજુ છિન્નભિન્ન થઈ ગઈ હતી. હું પદ્માબહેનનો રોષ સમજી શકી.

'સાદો બારીનો કાચ નંખાવવો હોય ને તોય આજકાલ કોઈ મળતું નથી, ત્યાં આવો કાચ ક્યાંથી લાવવો?'

'ખરેખર, બહુ સરસ છે.' હું બોલી પડી.

'બઉ શોખીન હતા ઈવડા ઈ.' પદ્માબહેન બોલ્યાં ને રતુંબડી ઝાંયથી એ શ્યામળો ચહેરો સહેજ સોહામણો બન્યો.

'બહુ દિલગીર છું.' મેં 'આઈ એમ સૉરી' નો અનુવાદ કરતાં કહ્યું. 'પણ શું કરું? તમે કહો તેમ કરું.'

'ના-ના. એમાં સૌમિલ બાપડાનો તો વાંક છે જ નહિ. મેં તો તમને એટલા માટે બોલાવ્યાં કે એ હોશિયાર છે. આ છોકરાઓ જોડે રખડીને બગડી ન જાય. બન્ને જણા નાપાસ પડે છે, નાપાસ. બાપને તો પડી જ નથી. કંઈ કહીએ તો કે'શે બચ્ચે તો ઐસે હી હોતે હૈં. લો બોલો.' બહાર આવીને મેં કહ્યું, 'જઉં ત્યારે.'

'ના-ના. એમ કંઈ જવા દેવાય? મારે ઘેર પહેલી વાર આવ્યાં છો. બેસો શરબત બનાવી લાવું. આવી અબઘડી.' કહેતાં એ સ્ફુર્તિભેર અંદર ગયાં.

હું દીવાનખંડમાં બેસી. જૂના સમયનું કોતરણીવાળું ફર્નિચર હતું. રંગીન ફૂલોની ટાઈલ્સ જડેલી. લાંબા સ્ટૂલ પર પિત્તળના હાથી અને બગલા હતા. ભીંતો પર જૂની, ડંકા વગાડતી, કદાચ બંધ પડેલી ઘડિયાળ હતી. ફોટા અને ચિત્રો જોતાં હું અતીતમાં ખોવાઈ ગઈ.

શરબત પીતાં મેં પૂછ્યું, 'પણ કાચ તૂટ્યો કેવી રીતે? છોકરાઓ ક્રિકેટ તો આગળ રમે છે.'

'તમે ન જોયું? જાંબુ તોડતાં. એ જાંબુને લીધે ઘડીક આંખ મળવા નથી પામતી.'

'મને ખબર જ નહિ કે પાછળ આટલી બધી ખુલ્લી જગ્યા છે. અત્યારે તો આવો સરસ બંગલો મળે નહિ.' મેં ઉત્સાહભેર કહ્યું.

'પણ હવે સંભાળ નથી રખાતી. ઉંમર થઈ ને.' એમના અવાજમાં થાક અને વિષાદ હતા, જાણે આવતી સાંજના ઓછાયા હતા. મારું મન પણ જરા ભારે થઈ ગયું. 'આવજો' કહી મેં વિદાય લીધી.

એ સાંજે ફ્લેટમાં પાડોશણને મળવા ગઈ. ગઈ'તી તો સુનંદાબહેનને મળવા પણ પલ્લવીબહેન ત્યાં જ બેઠાં હતાં 'કંઈ બહુ ગપ્પાં મારી આયાં ને એ ગાંડી સાથે?'

'ગાંડાં? મને તો કંઈ એવું ન લાગ્યું.' મેં કહ્યું. મારા મોંમાં હજી એમણે જાતે બનાવેલા લીંબુના શરબતનો સ્વાદ રમતો હતો.

'ગાંડું જ છે નર્યું. હું ઓળખું ને? મારી નાતનાં છે. મારી નણંદનાં જેઠાણીનાં દૂરનાં સગાં થાય.'

મેં પદ્માબહેનનો બચાવ કરવા પ્રયત્ન કર્યો, પણ બીજાંની વાત સાંભળે તો પલ્લવીબહેન શાનાં? 'ગાંડું નહિ તો શું? ત્રણ ત્રણ છોકરા છે. બધા અમેરિકા. કોઈ બોલાવતું નથી. આમની જીભ જોઈ છે? કુહાડીના ઘા જાણે. કોણ સંઘરે એને?' એ બોલ્યે ગયાં. મને હસવું આવ્યું. પદ્માબહેન વૃદ્ધ હતાં, કદાચ બહુ ભણ્યાંય નહિ હોય. આ સન્નારી તો ગ્રેજ્યુએટ હતાં, પણ બન્નેની ભાષામાં કંઈ બહુ ફેર નહોતો.

નાની અમથી વાત વીસરાઈ ગઈ. હું પરદેશ ગઈ, દોઢ વરસે પાછી આવી. હવે સૌમિલ મોટો થઈ ગયો હતો. હવે એને બહાર જવા માટે નહિ, ઘેર આવી ભણવા માટે વઢવું પડતું હતું. પેલા શીખ ભાઈબંધો તો ખાસ્સા ઊંચા, આડા-પહોળા થઈ ગયા હતા અને આખી સોસાયટીની 'ટીમ'ના 'લીડર' થઈ પડ્યા હતા.

એ દિવસેય હું સાંજની ચા પીતી બેઠી હતી. બહાર કોલાહલ સાંભળી ગૅલેરીમાં ગઈ તો જોયું કે છોકરા દોડતા હતા, બૂમો પાડતા હતા, 'ગાંડી, ગાંડી.' અને એમની પાછળ દોડતી હતી એક સ્ત્રી. એના રૂ ની પૂણી જેવા વાળ વેરવિખેર હતા અને આંખો લાલઘૂમ. મને ફાળ પડી. સૌમિલ ક્યાં? મેં બૂમ પાડી, 'સૌમિલ!' પણ એ ટોળાના અવાજમાં મારો અવાજ ખોવાઈ ગયો.

અચાનક સૌમિલ દોડતો, હાંફતો પાછો આવ્યો, 'બા, બા, ઝટ ચાલો પેલાં...પેલાં આન્ટી પડી ગયાં! માથામાંથી લોહી નીકળે છે!'

આન્ટી? એ શબ્દ સાથે મગજમાં જાણે ઝબકારો થયો. તો એ સ્ત્રી પદ્માબહેન હતાં? ઝટપટ સ્લીપર પહેરી હું દોડી. મારાય વાળ અણઓળેલા હતી, સાડી ચોળાયેલી.

સોસાયટીના નાકે પહોંચી તો જોયું - એ ચત્તાંપાટ પડ્યાં હતાં. 'ઠેસ વાગી, પડી ગયાં.' એક છોકરાએ ખુલાસો કર્યો. હવે એ બધા સ્તબ્ધ, ચૂપચાપ ઊભા હતા. એમના ચહેરા પર ભીતિ લીંપાયેલી હતી. સદ્ભાગ્યે ત્યાં જ ડૉક્ટરનું દવાખાનું હતું. ડૉક્ટર બહાર આવ્યા. એમને પોતાના દવાખાને લઈ ગયા.

'એમને ઘેર કોણ છે? વાગ્યું તો બહુ નથી. ડ્રેસિંગ કરી દઉં છું અને ઈંજેક્શન આપું છું, એટલે પીડા પણ મટી જશે, પણ બી.પી. બહુ વધારે છે.'

*ચિંતા કરવાનું છોડી દો. તેનાથી માનસિક શાંતિ હણાય છે.*

'એ તો એકલાં જ રહે છે.' કોઈકે કહ્યું.

'હવે...હવે શું કરવાનું છે?' મેં સુકાતા કંઠે પૂછ્યું.

'હૉસ્પિટલમાં દાખલ કરવાં પડશે. સગાંવહાલાંને જાણ કરી દેવી સારી.' ડૉક્ટરે કહ્યું.

હું ઉતાવળે ઘેર આવી. કોણ હતું એમનું? ત્રણ ત્રણ દીકરા- પણ ત્રણે પરદેશ હતા.

'એની દીકરી છે ને? મહેસાણા રહે છે. બોલાવી લો એમને.' પલ્લવીબહેન બોલ્યાં.

'હું તો એમને ઓળખતી નથી. તમે કૉલ કરી દો ને પ્લીઝ!'

'ના રે ભૈ, કોણ એવી પારકી પંચાતમાં પડે? ભલું હશે તો દીકરીય એના જેવી જ હશે, ગાંડું.'

'પણ તમે એમને ગાંડાં શા માટે કહો છો? એટલે જ તો છોકરાઓને શૂર ચડે છે.' મેં અકળામણમાં કહ્યું.

'ગાંડી નહિ તો શું ડાહી? સવાર પડે ને લઘરવઘર નીકળી પડે ઘરની બહાર. એકલી એકલી બબડે, હાથ લાંબા કરીકરીને કોણ જાણે કોને ભાંડ્યાં કરે. છોકરા અમથા એને ગાંડી કે' છે?

'સારું - સારું.' એમની સાથે જીભાજોડી કરવાનો કાંઈ અર્થ નથી એ સમજાતાં મેં કહ્યું, 'મને એમની દીકરીનું નામ ને ફોન નંબર આપો ને, પ્લીઝ, હું ફોન કરી દઉં છું.'

મેં એમને — માલતીબહેનને ફોન કર્યો. એમણે કહ્યું કે એ કાલે આવી જશે.

રાતે જમતાં મેં સૌમિલને પૂછ્યું, 'શું થયું હતું, બેટા?'

'અમે બધા બૉલ રમતા હતા. એમને બૉલ વાગ્યો એટલે દોડ્યાં. મેં કશું નથી કર્યું. બધા એમને 'ગાંડી ગાંડી' કહે છે, એટલે' કહેતાં એ ચૂપ થઈ ગયો.

બીજે દિવસે સૌમિલ સ્કૂલે ગયો, પછી હું પદ્માબહેનની ખબર કાઢવા ગઈ. માલતીબહેન આવી ગયાં હતાં.

'હું તો ઘણુંય કહું, પણ બા માને નહિ ને? કે' કે 'દીકરીના ઘરનું ન ખવાય.' મેં મારાં સાસુ-સસરાની પચ્ચી-પચ્ચી વરસ ચાકરી કરી અને મારી સગ્ગી મા...' બોલતાં બોલતાં એમનો કંઠ રૂંધાઈ ગયો.

'એવી જિદ્દી છે! ભાઈઓ ગણીગણીને પૈસા આપે એમાં જ ઘર ચલાવે. છેલ્લે છેલ્લે બે મહિનાથી તો ફોનેય કપાઈ ગયો છે - નહિતર ખબર અંતર તો મળે?' પછી એ જરા અટકીને બોલી, 'એને તમારે માટે બહુ લાગણી છે.'

હું નીચું જોઈ ગઈ, 'હું પરદેશ હતી ને પછી!'

પછી એમને હૉસ્પિટલમાં દાખલ કર્યાં. ત્રીજા દિવસે ખબર કાઢવા ગઈ તો જાણ્યું કે દીકરી એમને પોતાને ઘેર લઈ ગઈ છે. એક પળ ઈર્ષ્યાની વીજ અંતર વીંધી ગઈ... એક હેતાળ દીકરી...

★

બધાં ભૂલી ગયાં છે એમને, એ ઘટનાને. ભૂંસાઈ ગયાં છે પદ્માબહેન સમૂળગાં - બંગલા પરના નામની તક્તી અને પદ્મકમળનું ચિત્ર પણ ઝાંખાં - ધબ્બ થઈ ગયાં છે. છોકરાઓ નિરાંતે કમ્પાઉન્ડમાં રમે છે. એમને ટોકનાર કોઈ નથી.

પણ એ ટોળામાં સૌમિલ નથી.

મારા ઘરમાં કોઈ નથી.

એમના બધાના ગયા પછી ખાલીખમ, સૂમસામ છે મારું ઘર. એક વાર નાનું લાગતું ઘર હવે બોખા મોં જેવું બિહામણું લાગે છે.

મને રહીરહીને થાય છે : લોકો એમને ગાંડાં કહેતાં હતાં, કારણ કે એ એકલાં-એકલાં બબડતાં હતાં. જાત સાથે વાત કરવી એને બબડવું જ કહેવાય ને? પણ એકલું માણસ બીજું કરેય શું? કોઈ વાતો કરનાર ન હોય તો જાત સાથે જ વાત કરે ને?

એમ તો હુંય બીજું શું કરું છું? ફરક માત્ર એટલો કે એમના શબ્દો હોઠેથી સરી અવાજ બની પડઘાતા હતા, બધાંને કાને પડતા હતા, મારા શબ્દો આંગળીઓએ પકડેલી કલમમાંથી સરે છે. લોકો એમને 'ગાંડી' કહી બોલવાતાં હતા, એમના પર હસતાં હતાં, એમની ઠેકડી ઉડાડતાં હતાં.

લોકો મને 'લેખિકા' કહી બિરદાવે છે.

પણ કોઈ મને કે એમને સમજે છે ખરું?


કોઈ સમજે છે કે એકલતાની ભેંકાર, અંધારા, ઊંડા કૂવા જેવી ભીંસતી વેદના કેવી હોય? ■

*માણસ પોતાની જિંદગીને ચાહે, માનવ સંબંધોના આખા બગીચામાં રહીને ચાહે, જે કોઈ તેનો માળી હોય તેને પણ ચાહે, ત્યારે તેને બીજું કાંઈ મળે કે ન મળે, પણ થોડીક સુગંધ અને થોડો સ્વાદ તો મળી જ રહે છે! સુખોની શક્યતાઓ અનંત છે, પણ દુઃખોની શક્યતાઓ પણ એટલી જ હોઈ શકે છે. એટલે આપણો પોતાનો રસ્તો આકાશની શોભા જોતાં જ કાપવામાં મજા છે!*

*સૌજન્ય : "તાણાવાણા – ૧૨"*

*જીવનનાં આટલા વરસોના અનુભવોએ મને એક વાત બરાબર સમજાવી દીધી છે કે અનિષ્ટને કાલ કરતા આજે છોડી દેવું વધારે સરળ છે અને ઈષ્ટને આજ કરતાં આવતીકાલે કરવું વધુ કઠિન છે. આમ છતાં કોણ જાણે કેમ, મન સતત એમ જ સમજાવતું રહે છે કે અનિષ્ટ હું આવતીકાલે છોડી જ દઈશ અને ઈષ્ટના સેવન માટે તો આખી જિંદગી પડી છે! શું કરું આ ચાલબાજ મનનું?*

*ઈર્ષ્યા ન કરો. તેનાથી શક્તિ અને સમયનો અપવ્યય થાય છે.*



# સ્નેહની ખો

**• સુચિતા કપૂર •**

પોતાની ચેમ્બરમાં પ્રવેશી, ચેર પર બેસતાં એણે હાશકારો અનુભવ્યો. ઑફિસમાં હાશકારો? એ મનોમન હસ્યો. મુંબઈના ધમાલિયા જીવનમાં, કોમ્પેક્ટ ફ્લેટમાંયે સવારે ક્યારેક ગૂંગળામણ અનુભવાતી. ઘરની બહાર માણસોની ભીડ. ઘરની અંદર? ઘરની અંદરની ભીડ તો ક્યાં સમજી, વર્ણવી શકાય છે? સવારે હજુ તો બ્રશ કરો ત્યાં પત્નીની કચકચ! 'આ કરજો, તે લેતા આવજો, ટ્યૂશન ફી માટે પૈસા આપતા જજો, જલદી નાહી લો, પાણી હમણાં જતું રહેશે, બપોરે શું જમવું છે?' જોકે કચકચ પણ કેમ કહી શકાય? સૂચનો - પ્રશ્નો જેમાં એને કશું જ બોલવાનું નહોતું રહેતું. લિફ્ટ આવે ત્યાં દીકરીની બૂમ, 'પાપા, ઊભા રહેજો. મને ક્લાસીસ પર ડ્રોપ કરતા જાઓ.' બૅગમાં જેમ-તેમ બુક્સ ભરી અને પગમાં સ્લીપર. જીન્સ ટી-શર્ટ સાથે સ્લીપર? ટેબલ પરથી સેન્ડવિચનો ટુકડો એક હાથમાં અને બીજા હાથમાં મોબાઈલ અને ખભેથી વારંવાર ઊતરી જતી બૅગ સાથે દોડતી એ લિફ્ટમાં ઘૂસતી. ખભા અને ગાલ વચ્ચે મોબાઈલ દબાવી બીજા હાથે લિફ્ટનું બારણું બંધ કરતાં કરતાં પાછું 'સૉરી ડૅડ' — ફરી મોબાઈલની વાત ચાલુ. કંઈ કહો, તો લેક્ચર લાગે. એનું મોઢું જરા કટાણું થઈ ગયેલું. થઈ જ જાયને, પાઈની પેદાશ નહીં ને ઘડીની નવરાશ નહીં. બાપ સાથે બે ઘડી વાત કરવાનોયે સમય નથી હોતો. પીએમટી પ્રિ-મેડિકલ ટેસ્ટની તૈયારી કરે છે. એકવાર ક્લિયર ન થઈ તો બીજીવાર આપવી છે. ના પાડેલી, મેડિકલ તારા માટે અઘરું છે, પણ એમને પૅશન છે. કોની કેડ પર? અમારે તો બધું બાપ નક્કી કરતા. કહે એ અને કહે એટલું ભણવાનું, ને પછી લાગી જવાનું નોકરી-ધંધે. તો શું અમે સુખી નથી થયાં? શું પોતે ખરેખર સુખી છે. પ્યૂન ચા લઈ આવ્યો. સાથે એક કંકોત્રી. કંકોત્રી? એના મનમાં થોડી કડવાશ આવી. વૉટ્સઍપમાં મેસેજ ટ્યુન વાગી. આ સ્માર્ટ ફોને તો નવી સાથે જૂની પેઢીને પણ ઘેલી કરી છે. કંઈ નવું નહીં, કંઈ ક્રિએટીવ નહીં, ફોરવર્ડેડ મેસેજોના મારા. જેને જુઓ, તે બસ વૉટ્સઍપ પર હાજર જ હોય. ચેટલિસ્ટ સ્ક્રોલ કરતાં-કરતાં તેનું ધ્યાન પ્રતીકના ડીપી પર ગયું. પ્રતીક એનો દીકરો. કૉલેજના બીજા વર્ષમાં છે. કોઈ છોકરીના ગળામાં હાથ ભરવી ભાઈ ઊભા છે. આ વળી શું કોઈ નવું પરાક્રમ? એણે તરત ઘરે રીનાને કૉલ જોડ્યો. ઍન્ગેજ. ઘરની બહાર નીકળ્યા નથી કે ફોન ચાલુ. જવા દે, કંઈ કહીશ તો....

પાછું મોબાઈલની રિંગ વાગી, રીના જ હતી. 'બોલો!'

અધીરાઈથી એ બોલ્યો, આ પ્રતીકનું ડીપી જોયું? આવા ફોટા મૂકાતા હશે? કોણ છે એ છોકરી જરા તપાસ તો કર.

જરા અણગમાથી રીના બોલી, 'હા, જોયું. એની ફ્રેન્ડ છે, ક્લાસ ફ્રેન્ડ છે.'

'ખાલી ક્લાસ ફ્રેન્ડ છે કે?'

'અરે ભાઈ, કહ્યું તો ખરું કે ક્લાસ ફ્રેન્ડ છે. શું તમેય તે કયા જમાનામાં જીવો છો? અત્યારે તો બધા આવા ડીપી રોજ મૂકે અને રોજ બદલાયા કરે!'

'ક્લાસ ફ્રેન્ડ છે તો શું આવા ફોટા મૂકવાના?' એના મનમાં અણગમા મિશ્રિત લાચારીના ભાવ આવી ગયા, પણ કશું જ બોલ્યા વિના એણે ફોન મૂકી દીધો. આ એ જ રીના છે, જેના લગ્નનાં ત્રણ-ચાર વરસ પછી જૂની ડાયરીમાંથી કોઈ છોકરીનું આઈકાર્ડ નીકળેલું ત્યારે ધમાલ કરી મૂકી'તી. માંડ-માંડ સમજાવી શક્યો'તો.


આ નવી પેઢી... પૅશનના નામે જવાબદારીથી બચતી દીકરી, દોસ્તીના નામે છોકરીઓ પટાવતો દીકરો અને પોતાને ન સમજી શકતી પત્ની. જિંદગી એનાથી દૂર ભાગતી જતી હોય તેવું તેને લાગ્યા કરતું. મનને બીજે વાળવા એણે કંકોત્રી હાથમાં લીધી. મન ખરેખર વળી ગયું. રમેશની દીકરીનાં લગ્ન હતાં. રમેશ બંનેનો કૉમન ફ્રેન્ડ હતો. આમ તો એ પૂજાનો કઝીન હતો, પણ અમારી બંને વચ્ચેની લાગણી સારી રીતે સમજતો હતો. અમને સપોર્ટ પણ કરતો હતો. એનું મન સમયના એક એવા ટુકડામાં પહોંચી ગયું, જ્યાંથી એ ઘણે દૂર નીકળી ગયો હતો. છતાં એનાથી દૂર ક્યાં કદી જઈ શકાયું હતું? એના પર ગુસ્સોયે હતો ને એના પર જ તો પ્રેમ. આજે ૩૦ વરસ પછી પણ એ ગમતી હતી, બસ ગમતી હતી. લાગણીઓને ક્યાં કશાં કારણો હોય છે? અને કારણો હોય ત્યાં લાગણીઓ ક્યાં હોય છે? ક્યારેય ન ભુલાયેલો ભૂતકાળ નજરે

*સારાં પુસ્તકોનું અધ્યયન કરો. જેથી તમારી વિચાર શક્તિ નિર્માણ પામશે.*

તરવરવા લાગ્યો. બંનેનાં ઘર સુધારાવાદી, સમય કરતાં થોડા આગળ, એટલે એ ચોવટિયા સમયમાં પણ થોડી મૈત્રી શક્ય બની. કૈંક સરખા શોખ, ક્યાંક વિચારોની તડાફડી છતાંયે એ એની તરફ ખેંચાતો ગયેલો. મોબાઈલની રિંગે એ વર્તમાનમાં આવ્યો. મીઠાશની સાથે કડવાશનું આ કેવું સંયોજન? એના નકાર પછી જાણે જિંદગી સતત નકારતી રહી. પુરુષત્વ ઘવાયું હતું કે પછી પ્રેમ ઘવાયો હતો? કે અહમ્? એ કંઈ સમજી શક્યો નહોતો. અનુમાનો અને અટકળો રહી ગઈ હતી. એના પર ક્યાંક થોડો ગુસ્સો હતો, ક્યારેક એ સ્વાર્થીયે લાગતી અને છતાં મનની અદાલત દ્વારા એને માફી અપાઈ જતી. પોતાની સામે જ પોતે હારતો રહેલો, કેવો જમાનો હતો એ પણ. ફોન હતા પણ વાતચીત એટલી સરળ ન હતી. એકવાર સરનામું ખોવાયું કે વ્યક્તિ જ ખોવાઈ જતી. ત્યારે આ મોબાઈલ હોત તો? તો જીવનભર રિજેક્ટ થયાની જે પીડા પોતે ભોગવી, એ હોત? એને સરળતાથી પૂછી શકાયું હોત. એને પ્રતીકની ઈર્ષા થઈ આવી. કેવા જમાનામાં જીવે છે? માત્ર ક્લાસમેટ હોય તો પણ આટલા નજીક રહી શકે છે. કોઈના પ્રેમમાં હોય તો? શું આ પેઢીને પોતાના જેવી પ્રેમની પીડા કે વિયોગની વ્યથા હશે? આ પેઢી પ્રેમને શું સમજવાની? કપડાં બદલે એમ તો પાત્રો બદલે છે. પાછો અંદરથી કડવો જવાબ આવ્યો. પ્રેમ? અને પોતે એના સિવાય કોઈને પ્રેમ ન કરી શક્યો. એનું માથું ભારે થઈ ગયું. પ્યૂનને ઠંડી ચા લઈ જઈ ગરમ કૉફી લાવવા કહ્યું. જગજિતસિંહની ગઝલ શરૂ કરી, કામે લાગી ગયો. આજે રમેશની દીકરીના રિસેપ્શનમાં જવાનું છે. તેને યાદ આવ્યું. થોડા દિવસ પહેલાં જ રમેશનો ફોન હતો. રમેશે ત્યારે કરેલી મજાક પણ તેને યાદ આવી ગઈ. થોડું ગમ્યું પણ વધુ અફસોસ. રીના નથી આવવાની એ વધુ ગમ્યું. તૈયાર થવામાં થોડી વધારે સાવધાની રાખી. જરા વધી ગયેલું વજન અને સફેદ થતી જતી વાળની લટ આજે કઠ્યાં. ખુલ્લા પાર્ટીપ્લોટમાં રિસેપ્શનનું આયોજન, ગુલાબી ઠંડી, હળવું સંગીત અને મહેમાનોનો શોરબકોર. એક ખૂણામાં ખુરશી લઈ એ ગોઠવાઈ ગયો. ભપકાદાર ડિઝાઈનર કપડાં, મેકઅપના થપેડા, સાચા-ખોટા ઉમળકાથી ગળે વળગતા, વાતોએ વળગતા લોકોને એ જોતો રહ્યો. પૂજાનો મેકઅપ વગરનો છતાં મીઠાશભર્યો ચહેરો નજરે તરવરવા લાગ્યો. એની આંખનો ખૂણો જરા ભીનો થયો. ઊઠીને કોઈનેય મળવાનું એને મન ન થયું. એક જાણીતી લાગતી, લગભગ એની દીકરીની જ ઉંમરની સરસ મજાની છોકરી એનું ધ્યાન ખેંચી રહી હતી. કોણ હતી એ? શું ઉંમરની અસર યાદશક્તિ પર પડી કે? છોકરીની નજર એના પર પડતાં જ એ થોડી અવઢવમાં પડી હોય એવું કેમ લાગ્યું? ત્યાં તો એ આત્મવિશ્વાસથી એની પાસે જ આવી. એના ચહેરાને તાકતી એની નજર, એને અપસેટ કરી રહી. એવી જ ડૂબી જવાય એવી મોટી નિર્દોષ આંખો. એ બોલી, 'નમસ્તે, તમે રાજ અંકલને? હું રુચિ, પૂજાની ડૉટર. તમે મમાના ફ્રેન્ડને?' સ્તબ્ધ થઈ ગયો એ. બહાવરો થઈ રુચિના ચહેરામાં પૂજાને શોધતો રહ્યો. 'શું થયું અંકલ? ઓળખાણ ન પડી કે?' રુચિના શબ્દે એને વાસ્તવિક્તાનું ભાન થયું. છોકરી ચપળ હતી. તરત પાણી લઈ આવી. એને પાણી પીતો નીરખતી રહી. વહાલી લાગે એવી હતી, એની મા જેવી. શું એ એના મનોભાવ પારખી ગઈ હતી? કેવી તરત પાણી લઈ આવી. એણે સ્વસ્થ થવાનો દેખાવ કરતાં કહ્યું, 'પડીને, પડે જ ને. બોલ બેટા, કેમ મજામાં?' મન જો કે પ્રશ્નોની ઝડી વરસાવી રહ્યું હતું. આ મને ક્યાંથી ઓળખે? કંઈ કામ હશે? કેમ સામેથી મળવા આવી? શું એ મને જ શોધતી હતી? શા માટે? કે પછી, પૂજાએ મોકલી હશે? એટલામાં તો એ ખુરશી ખેંચી એની લગોલગ બેસી ગઈ. એને ગમ્યું. શું પોતાની દીકરી રીનાના ફ્રેન્ડ પાસે આમ ખુરશી ખેંચી આટલે નજીક બેસે તે તેને ગમત? મોટા ભાગે છોકરીઓ - સ્ત્રીઓને પુરુષોથી સભાનપણે દૂર રહેતી જ એણે જોઈ છે. શું પુરુષ પર વિશ્વાસનો અભાવ હશે? હંમેશાં પુરુષને શંકાની નજરે જોતી, સભાનપણે વર્તતી સ્ત્રી જ પુરુષનું ધ્યાન કોઈ છૂપા ભાવ પરત્વે ખેંચે છે એવું એ માનતો. સ્ત્રીઓનું આવું વર્તન શું પુરુષના સ્વાભિમાનનો ભંગ નહીં કરતું હોય? 'ક્યાં ખોવાઈ ગયા અંકલ?' રુચિએ હસતાં-હસતાં પૂછ્યું. આ ચકોર છોકરીથી સાવધ રહેવું પડશે તેમ એને લાગ્યું. 'બોલ બેટા, શું કરે છે તું?' એણે ચીલાચાલુ સમય સાચવતો પ્રશ્ન કર્યો. જાણે વર્ષોથી ઓળખતી હોય એમ રૂચિ શરૂ થઈ ગઈ. 'બસ અંકલ, ફેશન ડિઝાઈનિંગના બીજા વર્ષમાં છું.' 'એમ? તને જોતાં એવું નથી લાગતું.' રુચિની સાદગી એને સ્પર્શી હતી. એ ફરી હસી પડી. આ નવી પેઢી બધું જ હસવામાં કાઢે છે, એવો વિચાર ઝબક્યો પણ ખબર નહીં કેમ રુચિ માટે એને એવું વિચારવું ન ગમ્યું. છોકરી એને વહાલી લાગવા માંડેલી. કેમ, પૂજાની હતી એટલે? એ હસતાં હસતાં જ બોલી, 'અરે અંકલ, યુ નો ના, મમાની કળા તરફની રુચિ? અને આ રુચિએ એ રૂચિ જાળવી રાખી. કોઈ ક્રિએટિવ ફિલ્ડમાં જ જવું હતું. આમાં ફ્યુચર સારું છે અને આમ પણ તમને ગમતા ફિલ્ડમાં કામ કરવાની મજા કંઈ ઓર જ હોય છે. થેન્ક્સ ટુ યોર જનરેશન કે અમને ઘણી સ્વતંત્રતા આપી છે. બાકી મમા તો કહેતી કે તમને લોકોને છૂટ નહોતી. હું તો સાથેસાથે રેડિમેડ ગારમેન્ટ્સનું પણ કરું છું, પ્રેક્ટિકલ નોલેજ સાથે સાથે થોડી સાઈડ ઈન્કમ પણ થઈ જાય. યુ નો અંકલ? ડેડે મારી માટે ઘણો ખર્ચો કર્યો છે. આ વૉટ્સઅપ પર ફટાફટ કોઈને ડ્રેસીસના પિક્સ મોકલી આપીએ, સિલેક્ટ થાય તો પાર્સલ કરી દેવાનાં, સમય ન બગડે, કામ થાય અને સ્ટડી પણ ન બગડે. વોટ યુ સે?' એ બોલી ન શક્યો કે નો આઈ ડોન્ટ નો. ૨૪ કલાક મોબાઈલ વાપરતી પેઢીના મોબાઈલના આવા સદુપયોગથી એ ખરેખર અજાણ હતો. 'બેટા, મમ્મીને વાંચનનો ખૂબ શોખ હતો. અમારી દોસ્તી પણ એમાં જ થયેલી. તેં એ શોખ જાળવ્યો છે કે નહીં?' 'ઓ વાઉ, મને વાંચવાની ટેવ મમાએ જ પાડેલી, પણ અમે તમારા કરતાં વધારે સુખી છીએ. અમારે બુક્સ શું આખી લાઈબ્રેરી આમાં આવી જાય.' એણે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૨૯ ઉપર)**

***આ વિશ્વમાં સમસ્યા સહિત કશું જ કાયમી નથી. આથી હંમેશાં ખુશ અને આશાવાદી રહેવું.***



# અભેધ

**• રેખાબા સરવૈયા •**

**અ**નુષ્કાની ઑફિસની બિલકુલ બાજુમાં જ શિવાલય હતું. એનાં ઊંચાં પગથિયાં અનુષ્કાની બારીમાંથી જોઈ શકાતાં. છેલ્લા કેટલાય વખતથી એણે નોંધ્યું હતું કે એ પગથિયાં ઉપર એક લઘરવઘર યુવતી બેઠેલી જોવા મળતી. નિયમિત નિરીક્ષણ પછી એટલું તો નક્કી હતું કે એ યુવતીનું માનસિક સંતુલન ઠીક નહોતું - વિખરાયેલા વાળ, ફાટી ગયેલાં ગંદાં કપડાં અને ઊપસી આવેલું પેટ. અનુષ્કા ઘણીવાર એ યુવતીના વિચારે ચડી જતી અને કદી કદી એ વિચારોને લીધે એક બેચેનીનો ભાવ એના મનમાં આવતો. એ છોકરી સાથે આવું કેમ બન્યું હશે! શું વીત્યું હશે ત્યારે એના મન પર?

એ અસ્થિર મગજની અજાણી છોકરી ક્યારેક તો અનુષ્કાના બેડરૂમમાં પણ ઘૂસી આવતી. આશુતોષ સાથેની અંતરંગ પળોમાં એ જ્યારે એની નિકટ જતી ત્યારે વળતી જ ક્ષણે મન પેલી યુવતીના વિચારે કોઈક અજાણી લાગણીથી અસ્વસ્થ બની જતું.

આશુતોષ ઘણી મહેનત કરતો અનુષ્કાના મનને વાંચવાની, એની ભાવનાને ઓળખવાની. પરંતુ એટલું તો નક્કી કરી જ શક્યો આશુતોષ કે પોતાની અનુના મનનો કોઈ એક ભાગ પોતાનાથી ભેદી ન શકાય એવો તો છે જ!

ક્યારેક અનુષ્કા એ યુવતી પાસે જવાનું વિચારતી પણ અવરોધો એને રોકી લેતા અને કેલેન્ડરના પાનાંઓમાંથી ઋતુઓના પાનાં ખરતાં ચાલ્યા.

એક રાતે પાછોતરા વરસાદની એવી તો હેલી વરસી પડી કે સમગ્ર શહેર જળબંબાકાર! શાળા-કૉલેજ-કચેરીએ જઈ શકાય એવા કોઈ જ અણસાર જ નહોતા અને તોય અનુષ્કા હઠ પકડીને બેઠી હતી ઑફિસ જવાની. આશુતોષ સમજી નહોતો શકતો કે અનુને થયું છે શું! સામે પક્ષે અનુષ્કા સમજાવી નહોતી શકતી કે ઑફિસ જવાને બહાને એ ખરેખર તો પેલી છોકરીની ખબર લેવા અધીરી બની હતી. આ જીદ અનુષ્કાના સ્વભાવમાં નહોતી! પરેશાન થઈ ઊઠ્યો હતો આશુતોષ.

એવામાં મ્યાઉં અવાજથી બેઉ ચોંક્યાં. કાબરચીતરી એક બિલાડી આવી. અનુષ્કા અને આશુતોષ કંઈ સમજે એ પહેલા તો બિલાડીએ ફરીથી મ્યાઉં કર્યું. એના સ્વરની નિઃસહાયતાએ અનુષ્કાને કંઈક કહ્યું જાણે! અનુષ્કા બિલાડીની નિકટ સરકી. બીજી જ ક્ષણે બિલાડીના પેટને સ્પર્શ કરી, આશુતોષ સામે જોયું. આજીજીભર્યા સ્વરે એટલું જ બોલી, 'પ્લીઝ આશુ, આઈ નો એવરીથિંગ બટ શી ઈઝ પ્રેગનન્ટ અને મારી ઑફિસ પાસેના મંદિરમાં દેખાતી એક યુવતી પણ.' વીજળીનો કડાકો થયો અને આશુતોષના અંતરમાં કંઈક ભેદાયું. પોતાની પૌરુષીય ઊણપથી લગ્નનાં ૧૨-૧૨ વર્ષે પણ..... ■


---

*શરીરમાં બનતું લોહી, રોટલીની સંખ્યા પર એટલું નિર્ભર નથી જેટલું પાચનશક્તિ પર નિર્ભર છે. પાચનશક્તિ જ જો નબળી છે તો છ રોટલી પણ નકામી છે. પાચનશક્તિ જો મજબૂત છે તો એક રોટલી પણ તાકાતપ્રદ છે.*

*પ્રસન્નતાની અનુભૂતિ રૂપિયાની સંખ્યાને એટલી બંધાયેલી નથી જેટલી સંતુષ્ટ ચિત્તવૃત્તિને બંધાયેલી છે. આ સત્ય આપણી શ્રદ્ધાનો વિષય જેટલો વહેલો બની જાય એટલું આપણા લાભમાં છે.*

*મારી પાસે સંપત્તિ જેમ જેમ વધતી ગઈ છે તેમ તેમ મારા મિત્રોની સંખ્યામાં ઘટાડો અને દુશ્મનોની સંખ્યામાં વધારો થતો જ ગયો છે. સદ્‌ગુણો મારી પાસે જેમ જેમ વધતા જાય છે તેમ તેમ મારા ચાહકોની સંખ્યામાં વધારો અને દુશ્મનોની સંખ્યામાં ઘટાડો થાય તેમ છે એ બાબતમાં મને કોઈ જ શંકા નથી અને છતાં સંપત્તિ ઘટાડવા હું તૈયાર નથી, સદ્‌ગુણો વધારવા હું તત્પર નથી. મારી આ મૂર્ખાઈનું કરવું શું?*

*કપટથી મેળવેલો ફાયદો કદી સુખી કરતો નથી.*



# દ્વિધા

• ડૉ. જ્યોતીન્દ્ર પંચોલી •

ડેપ્યુટી કલેક્ટર પદેથી સન્માનભેર નિવૃત્તિ લીધી ને અઠવાડિયું ય ન થયું ત્યાં પ્રમોદરાય નરભેરામ શુકલને શહેરની જાણીતી સેવાકીય સંસ્થાની હોસ્પિટલમાં પુનઃ નોકરી મળી – ઍડમિનિસ્ટ્રેટર તરીકે.

પોતે ખૂબ ખુશ હતા. પત્ની રમાગૌરીને કહ્યું : 'આખી જિંદગી નિષ્ઠાપૂર્વક નોકરી કરીને, તેનું જ પરિણામ. જોયું ને, આપણને ભગવાને આપણી જરૂરિયાત કરતાં પણ વધુ સુખ આપ્યું ને?'

ને રમાગૌરીએ આખી શેરીમાં પેંડા વહેંચી વધામણી આપી દીધી. ઘરમાં હુતોહુતી બે જ જણ રહ્યાં હતાં. દીકરો મહેશ, અમદાવાદ તેની પત્ની અને તેના એકના એક સંતાન સાથે રહેતો હતો. એણે નિવૃત્તિ બાદ એકવાર કહેલું પણ ખરું, 'પપ્પા, અહીં અમદાવાદ આવતા રહો તો સારું, બધાને ગમશે.'

ઘણો જ સમજદાર હતો મહેશ. મહેશને ભણાવી ગણાવી મોટો એન્જિનિયર બનાવેલો. પરંતુ ક્યારેય પોતાનાં પદ કે સંપત્તિનો તેની કારકિર્દી માટે ગેરઉપયોગ કરેલો નહિ. અને મહેશ પણ એવો જ, કોઈપણ પ્રકારનું વ્યસન, કુટેવ નહીં. પોતે પિતાની કેળવણીને બરાબર પચાવી ગયેલો. કદાચ એથી જ પોતાની જાતને નસીબદાર ગણતો.

પરંતુ પ્રમોદરાય કોઈને ભારરૂપ થવા માગતા ન હતા. ખાસ તો મહેશને. એમાંય હવે તો નિવૃત્તિ બાદ હૉસ્પિટલ ઍડમિનિસ્ટ્રેટર તરીકે નિમણૂક મળી તેથી પોતાની કે રમાગૌરીના સ્વાસ્થ્યની પણ ખાસ ચિંતા રહેવાની ન હતી. કારણ હૉસ્પિટલના પરિસરનાં ક્વાર્ટર્સમાં જ રહેવાની વ્યવસ્થા ગોઠવાઈ ગઈ હતી. એટલે સાજામાંદે ક્યાંયે લાંબી દોડાદોડી કે ખર્ચ પણ થવાનો ન હતો.

આમેય બન્ને માણસ શારીરિક રીતે તો તંદુરસ્ત હતાં. એમાંય પોતે ચુસ્ત ધાર્મિક-નિયમિત પૂજાપાઠ, ઉપવાસ-યજ્ઞકાર્ય બધું જ જાતે જ કરતા.

હૉસ્પિટલ મેનેજમેન્ટે તેમને ખાસ એટલે જ તો નિમણૂક આપેલી. કારણ પોતે ખૂબ જ કાર્યકુશળ, શિસ્તના ચાહક, કાયદાના જાણકાર હતા. કોઈની પાસેથી કામ કેમ કરાવી લેવું તેની તેમનામાં ખૂબ જ આવડત હતી. વળી સરકારી ગ્રાન્ટ લેવામાં અત્યાર સુધી ખૂબ જ અગવડતા પડતી. પરંતુ પ્રમોદરાય આવતાં જ આ બધી મુશ્કેલીઓ દૂર થઈ ગઈ. કારણ મોટાભાગના કર્મચારીઓ જે સરકારી ખાતામાં હતા તેઓ એમનાથી પરિચિત જ હોય.

એમના કડપને લઈને, કાર્ય કરવાની પદ્ધતિને લઈને, તેમનાથી સૌ કોઈ પ્રભાવિત. એટલે સંસ્થા માટે પ્રમોદરાય ખૂબ જ ઉપયોગી પુરવાર થઈ ગયા.

સંસ્થાના કેટલાક દિલદગડા કર્મચારીઓને આ ખટકતું પણ ખરું. અત્યાર સુધી જે પોલંપોલ ચાલતી તે બધી જ બંધ થઈ ગઈ. સામે પક્ષે પ્રમોદરાયને થોડી ઘણી મુશ્કેલીઓ પડતી. એ રીતે તેમનો પી.એ. રમેશ માત્ર આંટાફેરા જ કરતો.

ટ્રસ્ટીઓની મિટિંગ હોય ત્યારેય તે અંદર જ બેસતો. પ્રમોદરાયને આ બધું ન ગમતું. એટલે જ તો એમણે વ્યવસ્થાના ભાગ રૂપે તેમના વિશાળરૂમના એક ખૂણામાં એલ્યુમિનિયમ સેક્શન લગાવી આરપાર દેખાય તેવા કાચ લગાવી એક કેબિન જેવું બનાવી દીધેલું. ખાસ રમેશને જ જોઈ શકાય, તેની કામગીરી જોઈ શકાય તે માટે એવા કાચ લગાવેલા કે કાચની દીવાલની બરાબર પાછળ બીજી તરફ રમેશની ખુરશી ટેબલ દેખાય, પરંતુ રમેશને પ્રમોદરાય ન દેખાય.

હવે, રમેશની અકળામણ વધતી જતી હતી.

પહેલાં તો કોઈપણ આડાંઅવળાં બહાનાં કાઢી ચાલુ નોકરીએ પત્રો ટ્રસ્ટીઓને પહોંચાડવા કે સંસ્થાની વસ્તુઓની ખરીદીના બહાને એ જતો રહેતો. હવે બધું સાવ ઓછું થઈ ગયું.

તેની જગ્યાએ બીજા કોઈને નિમણૂક આપી શકાય તે માટે પ્રમોદરાયે પ્રયત્ન કરેલા પણ વ્યર્થ હતું. કારણ એ ખાસ અનામત ક્વોટામાં નિમણૂક પામેલો કર્મચારી હતો.

તેમ છતાં, પ્રમોદરાય ધીમે ધીમે બધું ગોઠવી રહ્યા હતા. પોતે એટલા ચુસ્ત હતા કે પીવાના પાણીની બોટલ અને ગ્લાસ

*તમને સફળતા મળશે ત્યારે તમારા મિત્રોને ખબર પડશે કે તમે કોણ છો.*

પણ ઘરેથી જ લાવતા. બહારથી ચા મંગાવે તો કીટલીમાં જ મંગાવે, પોતાના ખાનામાં અલગથી મગ-રકાબી રાખતા. મહેમાનો માટેના ચાના કપ જુદા જ રાખતા.

ક્યારેય કોઈને પણ એનો અહેસાસ થવા જ દીધો ન હતો. પરંતુ એક જૂઠું પિવાઈ કે ખવાઈ ન જવાય તેનો પોતે સક્રિયપણે ખ્યાલ રાખતા.

સવારે વહેલા ઊઠેલા પ્રમોદરાય પૂજાપાઠ પતાવી-ત્રિપુંડ કરી કપડાં પહેરી હજુ ઓફિસ તરફ જવા નીકળવા હતા ત્યાં જ રમાગૌરીએ રસોડામાંથી બૂમ પાડી.

'સાંભળો છો - ચા પીને જાવ - તૈયાર જ છે.'

પ્રમોદરાય સમયના પાબંધ સિપાહી હતા. એકવાર પૂજાપાઠ પતાવી નોકરી જવાના સમયે કપડાં પહેરી જેવા ડાઈનિંગ ટેબલ પાસે આવે કે ચા ડાઈનિંગ ટેબલ પર તૈયાર જ હોવી જોઈએ. પણ આજે ચાનો કપ હજુ ડાઇનિંગ ટેબલ પર પડેલો ન જોતાં પ્રમોદરાય છેક બારણા સુધી પહોંચી ગયા. રમાગૌરીનો અવાજ સાંભળી પાછા આવ્યા.

'કેમ મોડું થયું?' કડક અમલદારની જેમ એમણે રમાગૌરી સામે જઈ પૂછ્યું.

'આજે મારી તબિયત થોડીક ખરાબ છે. બન્ને પગે, ગાલ પર સોજા આવ્યા છે. શરીર ભારે ભારે લાગે છે.'

'સારું — હું હૉસ્પિટલ જઈ ડૉ. દેસાઈ સાહેબને વાત કરું છું. પછી તે કહે તેમ કરીશું, બરાબર?'

ઉતાવળા પગે પ્રમોદરાય હૉસ્પિટલ પહોંચ્યા. રમેશ હજુ આવ્યો ન હતો. તેમણે પટાવાળાને બોલાવી ડૉ. દેસાઈ સાહેબને બોલાવી આવવા કહ્યું.

ડૉ. દેસાઈ સાથે જરૂરી વાત થઈ. એમણે આશ્વાસન આપતાં કહ્યું, 'હું જ ઘેર જોઈ લઉં છું. સામે જ છે ને પછી શું?'

બપોર થઈ, હજુ રમેશ દેખાયો ન હતો. ટેબલ પર પડેલાં પડતર કામો ધારી રીતે ઉકેલાતાં ન હતાં.

ડૉ. દેસાઈ આવીને કહી ગયેલા. ખાસ ચિંતા જેવું નથી. હું લોહી-પેશાબની તપાસ કરાવી લઉં છું. પછી આપને કહીશ...

બપોરે બે વાગે ડૉ. દેસાઈ પ્રમોદરાયની ચેમ્બરમાં આવ્યા, 'મિ. શુક્લ, આઈ એમ સો સોરી, પરંતુ રમાબેનની તબિયત ખરેખર સારી નથી. તેમને થેલેસેમિયા છે. અમદાવાદ સારી હોસ્પિટલમાં દાખલ કરી દો.' રમાગૌરી અને પ્રમોદરાયને પગ નીચેની ધરતી ખસી જતી લાગી. અમદાવાદના ખ્યાતનામ હિમેટોલોજિસ્ટની હોસ્પિટલમાં દાખલ કર્યા.

મહેશ તેની પત્ની અને બાળક સાથે હૉસ્પિટલ આવી ગયો. ત્રીજા દિવસે ડૉક્ટરે કહ્યું, રમાબહેનની તબિયત વધુ કથળતી જતી હોય તેમ લાગે છે. હાલ તુરત એક બોટલ બ્લડ ચઢાવવું પડશે ને ત્યારબાદ દર માસે નિયમિત એકાદ બોટલ તો ખરું જ.

પ્રમોદરાયે દીકરા મહેશની સામે જોયું. એમણે અત્યંત આર્દ્ર સ્વરે મહેશને કહ્યું, 'તારાથી આ થશે ને?'

મહેશે ટેસ્ટ પણ કરાવ્યા. બ્લડ ગ્રુપ મેચ થતું હતું.

પરંતુ, મહેશની પત્નીએ છાના ખૂણે મોટો વિરોધ કર્યો. એણે મહેશને ભરમાવ્યો.

'મહેશ, તેં હા પાડી?'

'હા.'

'દર મહિને તું થોડો આપી શકીશ? એટલીસ્ટ છ મહિને બીજી વાર આપી શકાય, દર મહિને બીજી ગોઠવણ તો કરવી પડશે ને? તો પછી અત્યારથી જ બીજી ગોઠવણ કરી નાખીએ તો?'

'કેમ?'

'આ તો કાયમનું થયું; તને ખબર પડે છે — કેટલી નબળાઈ આવી જાય?'

'રોજબરોજની જિંદગીમાં ભલે આમ ખ્યાલ ન આવે, પણ શરીર વલોવાઈ જાય. તું પપ્પાને બીજી વ્યવસ્થા માટે અત્યારથી જ કહી દે.'

ને મહેશ ચકરાવે ચડી ગયો.

એક તરફ મા પ્રત્યેનો પ્રેમ અને બાપુનો જિદ્દી સ્વભાવ હોવા છતાં આજીજીપૂર્વકની માગણી.

પણ છેવટે બાપની ભીખ આગળ વહુની જીદ જીતી ગઈ.

તેણે બાપુને કહ્યું, 'આપણે પ્રથમથી જ પૈસા આપી કોઈ બ્લડ ડોનર શોધી કાઢીએ તો કેમ? હું પૈસાની વ્યવસ્થા કરું છું.' ને પ્રમોદરાય સમજી ગયા.

એમણે મહેશને કહ્યું : 'તું એકાદ દિવસ અહીં સંભાળ, હું ઘરે જઈ આવું. થોડા પૈસા ને કપડાંલતાં લેતો આવું ને હૉસ્પિટલની કામગીરી પણ સંભાળતો આવું. પરમ દિવસે સવારે કે બપોર પડતાં તો હું પાછો આવી જઈશ. ને પ્રમોદરાય રાત્રે જ ઘરે પાછા ફર્યા.

બીજે દિવસે હૉસ્પિટલમાં ઓફિસ પહોંચ્યા. કામગીરીના કાગળો જોયા, વચ્ચે તપાસ કરી પરંતુ રમેશ હજુ નહોતો આવ્યો. પણ માંદગી સબબ રજાની મંજૂરી માટેનો પત્ર ટેબલ પર પડ્યો હતો. તેથી ક્યારે આવશે તેની જરૂરી વિગત લખાયેલી ન હતી. પ્રમોદરાય પાછા વિચારે ચડી ગયા. સાલા કામચોર માણસો! આના કરતાં સારા ઘરના માણસો હોય, ભણેલ ગણેલ હોય તો સારું. વ્યવસ્થાના ભાગને તો સમજે. પોતે કેમ તરત જ પાછા આવી ગયા. ભલે અઠવાડિયું થયું પરંતુ રોજ ફોનથી હૉસ્પિટલની કામગીરી અંગે માહિતી મેળવી લેતા હતા તો ખરાને?

ત્યાં જ બારણે ટકોરા પડ્યા ને અવાજ સંભળાયો.

*જ્યારે તમને નિષ્ફળતા મળશે ત્યારે તમને ખબર પડશે કે તમારા મિત્રો કોણ છે.*

'મે આઈ કમ ઈન સર?'

પ્રમોદરાયે ઊંચું જોયું તો રમેશ હતો. પ્રમોદરાયે માથું ધુણાવ્યું. એ ટેબલ નજીક આવીને ઊભો રહી ગયો.

પ્રમોદરાય અંદરથી જ હચમચી ગયા હતા. ટેબલ પર પડેલા બાકીના કામના કાગળો, સંસ્થાનું લાઈટ બિલ, ટેલિફોન બિલ, કરિયાણાવાળાનાં બિલ, સંસ્થામાં મંગાવેલ જરૂરિયાતની વસ્તુઓ તથા સાધનો ઈત્યાદિનાં બાકીનાં બિલ, ઘણું બધું કામ પેન્ડિંગ પડેલું.

રમેશ તરફ જોઈ પ્રમોદરાય તાડૂક્યા : 'આ બધું મારા માટે બાકી રાખ્યું છે? ક્યાં હતા રાજા? વહુ જોવા ગયેલા?'

'સૉરી સાહેબ, પણ મેં રજા રિપોર્ટ તો આપેલો જ હતો. પરંતુ આપ સાહેબ ન હતા.'

'તો આ બધું મારે કરવાનું છે? મોઢા પરથી તો નથી લાગતું કે માંદા હોય, ખોટાં બહાનાં કાઢી રજાઓ ભોગવો છો?'

'સાહેબ, હું એટલે જ તો આવ્યો છું. રજા લંબાય તેમ છે અને મેડિકલ લીવનું કારણ પણ છે. લો સાહેબ, આ ડૉક્ટરનું સીક સર્ટિફિકેટ.'

'મૂકો' પ્રમોદરાયે પત્ર વાંચવાની પણ તસ્દી ન લીધી.

'તે ક્યાં સુધી રજા લંબાવવાની છે પ્રભુ?'

'સાહેબ, અઠવાડિયું તો ખરું જ.'

'કેમ?'

'સાહેબ જેમ રમાબહેનની તબિયત ખરાબ થઈ ગઈ ને તેમ મારી માની પણ તબિયત ખરાબ થઈ ગયેલી. એમની પણ બન્ને કિડની ફેઈલ થઈ જતાં હું એમની સાથે સિવિલ હોસ્પિટલ જ હતો. મારા જેવા નાના માણસનું કંઈ ગજું નહીં એટલે આપની જેમ ખાનગી હૉસ્પિટલમાં તો સારવાર ન કરાવી શક્યો, પણ હાલ તો એ ત્યાં જ છે.'

પ્રમોદરાય તેની સામે ટગર ટગર તાકી રહ્યા. હાથથી ઈશારો કરી ટેબલ પર પડેલ પાણીનો ગ્લાસ પીવા કહ્યું. એમને લાગ્યું કે બોલતાં બોલતાં રમેશ કદાચ હાંફી ગયો લાગે છે. એણે એક હાથ કેડે રાખેલો ને બીજો ટેબલના ખૂણા પર ટેકો લેવા. સામાન્ય સંજોગોમાં પ્રમોદરાય કોઈનેય પણ ટેબલની આટલી નજીક પણ ન આવવા દેતા.

'પછી?'

'ડૉક્ટરોએ કહ્યું તમારી કિડની ટેસ્ટ કરાવો, મેચ થઈ જાય તો આપી દઈએ. ભગવાનની દયા કે આપ સાહેબ જેવાની લાગણી સાહેબ, કિડની મેચ થઈ ગઈ, ને મેં એમને મારી કિડની આપી દીધી. મને ગઈ રાત્રે જ રજા આપી.'

'સાહેબ, બધું ફટાફટ બની ગયું. જો કે ડૉક્ટર સાહેબે અઠવાડિયું આરામ કરવાનું કહ્યું છે. પણ સાહેબ, મારે આપને જાણ તો કરવી જોઈએને. એટલે જ રજા રિપોર્ટ આપવા આવ્યો છું. છતાં આપને મારી તાત્કાલિક જરૂરિયાત પડે તો કહેવડાવજો. હું શક્ય તેટલો વહેલો આવી જઈશ.'

ને પ્રમોદરાયે જિંદગીમાં પહેલીવાર અમૂલ્ય ઑફર કરતાં મગમાં કાઢેલ ચાને રકાબીમાં કાઢતાં કાઢતાં રમેશને કહ્યું : 'આવ, આપણે બન્ને સાથે ચા પીએ. બાકીની વાત પછી.'

*વાર્તાસંગ્રહ 'વાતોડિયો'માંથી*

## વિચારોની દિશા બદલવી જરૂરી છે

'ભણતર ભારેખમ બન્યું છે.'

'કશું જ યાદ રહેતું નથી.'

'શું કરીએ, શિક્ષકો હાજર રહેતા નથી.'

'શિક્ષણ ધંધો બની ગયું છે.'

— આવા ઉદ્‌ગારો થકી આપણે હંમેશાં શિક્ષણના નકારાત્મક પાસાને વધુ ને વધુ ભયજનક રીતે ઉપસાવતા રહીએ છીએ. અલબત્ત આપણે એ પણ ના ભૂલવું જોઈએ કે આજની શિક્ષણ પદ્ધતિમાંથી જ અનેક સફળ માણસો - સંનિષ્ઠ કર્મશીલો અને જવાબદાર નાગરિકો મળતા રહ્યા છે. આપણે આમ છતાં જો કોઈ બાબતે ચિંતા કરવાની જરૂર હોય તો એ છે વિદ્યાર્થીમાં પ્રવર્તતી વ્યાપક હતાશાની.

સ્ટુડન્ટ શા માટે સંકોચાય છે? ભણતરથી ભયભીત થવાનાં કારણો શું છે? મનપસંદ વિષયો મળ્યા નથી કે પછી પરાણે શિક્ષકના આગ્રહવશ ભણવું પડે છે. એવાં કારણો પણ હોઈ શકે. એ માત્ર શાળાની દીવાલો વચ્ચે જ જીવે છે. એના તમામ અરમાનોને માર્કશીટનાં લેખાંજોખાંથી જ જિંદગીને તોલવામાં આવે છે વગેરે કારણો ગણી શકાય.


ભણતરની સાથે આપણે નિજાનંદને માટે પણ જીવવું જોઈએ. જ્યારે પણ તમને નિરાશા ઘેરી વળે ત્યારે એ અંગે વિચારવાના બદલે આપણે ઉદાસ મનને અન્ય રચનાત્મક માર્ગોએ વાળવું જોઈએ — ઘણીવાર આ પ્રકારનું વિષયાંતર અસરકારક પરિણામો લાવે છે. આપણી બોઝિલતા કે એકધારી અકળામણોને આવા પ્રયાસોથી શાતા મળી જાય છે. મન અન્ય બાબતમાં પરોવાય છે, આપણી આસપાસની દુનિયાની વ્યાપકતા ખૂલે છે.

રોજ ખીલતાં ફૂલો કેટલાં વિસ્મયકારક હોય છે! સૂર્યનાં કિરણો દરરોજ નિતનવાં લાગે છે. હવાની લહેરખીઓમાં આટલી તાજગી કોણ ભરતું હશે! આકાશના અવનવા રંગો કયા કલાકારની દેન હશે! એક વ્યાપક જગત આપણી સમક્ષ ખૂલી જતું હોય છે. આપણું મન તાજગીથી તરબતર થઈ જાય છે. વિચારોની લવચીકતા હંમેશાં જાતજાતના પ્રતિઘોષ સમાન હોય છે!

***— રમેશ ઠક્કર***

***સૌજન્ય : "ભણતરનું ભાવજગત"***

*વેરની વસૂલી વિસરીને માફીનું માન મેળવો.*



# રેડ કાર્પેટ

• વિઠ્ઠલરાય શ્રીમાળી •

**આ**ખાય ગામમાં આસોપાલવલનાં લીલાં તોરણ બંધાઈ રહ્યાં હતાં. યુવક મંડળના કેટલાક ઉત્સાહી યુવકોએ તો ગામમાં ચારેય ઝાંપે ચાર સુશોભિત કમાનો ઊભી કરી દીધી હતી. ગામને સ્વચ્છ સૂથરું બનાવવામાં આવ્યું હતું. આખું ગામ હિલોળે ચડ્યું હતું. આબાલવૃદ્ધ, સ્ત્રી-પુરુષ સર્વેનાં મોં ઉપર ઉલ્લાસની ઝલક હતી.

થોડા દિવસ પહેલાં ગામના પાદરે આવેલા માનવ કલ્યાણના સંચાલક દેવ ગામમાં પધાર્યા હતા. દેવશંકરનું ગામમાં મોટું નામ. બધાં તેમનું સન્માન કરતાં. તેમની વાત કોઈ જ ટાળી શકતા નહિ એવી તો એમની આબરૂ હતી. ગામમાં આવીને દેવશંકર સીધા મહાદેવના મંદિરે ગયા. પૂજારી નરભેરામ મંદિરમાં સફાઈ કરી રહ્યા હતા. મંદિરનો ઝાંપો ખખડ્યો એટલે નરભેરામે એ તરફ જોયું. સફાઈ કામ પડતું મૂકીને તે ઝાંપા તરફ દોડ્યા અને હર્ષાવેશમાં આવીને બોલ્યા :

"પધારો દેવશંકરજી, પધારો પધારો. આજ તો અમને પાવન કર્યા." નરભેરામ પૂજારી દેવશંકરને પાયે લાગ્યા. દેવશંકરે નરભેરામને ઊભા કર્યા અને ભેટ્યા. મંદિરના ઓટલા ઉપર રેશમી ગાદી નાખીને દેવશંકરને સન્માન સાથે બેસાડ્યા. સામે ભોંય ઉપર પૂજારી બેઠા.

પૂજારી નરભેરામ બે હાથ જોડીને બોલ્યા :

"બોલો બાપજી. કેમ પધારવું થયું? હું આપની શું સેવા કરું? મારા લાયક કંઈ કામ હોય તો આદેશ કરો. બાપજી, આપ જે કહેશો તે કરવા હું તૈયાર છું. આપને કારણે તો મને મંદિરના અને જમીનના હક્ક પાછા મળ્યા છે. મને જિંદગીનો રોટલો મળ્યો છે."

મોં ઉપર સ્મિત લાવીને ધીર ગંભીર અવાજે દેવશંકર બોલ્યા :

"નરભેરામ, કામ તો જાણે સામાન્ય છે. તમારાથી શરૂઆત કરી છે. તમે હા પાડો તો પછી આપણે ગામમાં જઈએ. મુખી અને બેચાર આગેવાનોને મળીએ."

"બોલોને બાપજી. આપ કહેશો તે કરવા હું તૈયાર છું. મારાં એવાં કેવાં અહોભાગ્ય કે હું આપના કામમાં આવું? બોલો, શું કામ પડ્યું મારું?"

દેવશંકર ડોકું હલાવતાં બોલ્યા, "હં...નરભેરામ, તમે કહ્યું ને કે તમને જમીન અને મંદિરના હક્કો મળ્યા છે, જેનાથી તમો સુખી છો."

"હા, બાપજી."

"તો એ હક્કો આપનાર આ ગામની દીકરી જ છે જે કલેક્ટર છે. એની આ ગામમાં પધરામણી કરીને એનું સન્માન કરીએ તો?"

"એ તો સોના જેવું, દેવશંકરજી. એ સત્કાર્યમાં મારા સો ભાગ. બોલો કેટલો ફાળો આપું?"

"મારે ફાળો નથી જોઈતો, નરભેરામ. મારે તો એ દીકરી ગામમાં આવે ત્યારે પહેલી મંદિરમાં આવે, તે મહાદેવનાં દર્શન કરે પછી તેને યોગ્ય આસન આપીને તેનું હારતોરા પહેરાવીને સન્માન થાય; પછી ગામ વચ્ચે લઈ જઈને તેનું આખું ગામ જાહેરમાં સન્માન કરે."

"મને બધું જ મંજૂર છે. બાપજી બોલો ક્યારે બોલાવીએ?"

"એ પછી, પહેલાં આપણે મુખી અને ગામના કેટલાક આગેવાનોને મળીને વાત મૂકવી પડશે. તે લોકો તૈયાર થાય એટલે તુરત જ જઈને આપણે બેય કલેક્ટરની તારીખ લઈ આવીએ."

"હા, બરાબર છે બાપજી, ચાલો આપણે ગામમાં જઈને મુખીને મળીએ."

મુખીની ડેલી આગળ આવીને નરભેરામે બૂમ પાડી : "મુખી ઘરમાં છોકે?" સામેથી પ્રશ્ન આવ્યો "કોણ?" "એ તો હું નરભેરામ, મહાદેવનો પૂજારી. રામ રામ મુખી સાહેબ."

"રામ રામ પૂજારીજી, આવો પધારો." એમ બોલતા મુખી બહાર આવ્યા. દેવશંકરને જોઈને મુખી તેમને પગે લાગ્યા. મીઠો આવકાર આપીને બેય જણને ઢોલિયા ઉપર બેસાડ્યા પછી મુખી બોલ્યા :

*સંબંધો થોડા રાખો, પણ એવા રાખો કે હૈયે હરખની હેલી ચડે.*

"આજ તો ગામનાં ભાગ્ય ઊઘડી ગયાં છે! આપના જેવા દેવપુરુષ ગામમાં પધાર્યા છે." દેવશંકર સામે માનભરી નજરે જોઈને મુખી બોલ્યા, "બોલો બાપજી, મારે લાયક કંઈ હોય તો જણાવો." મુખીએ કહ્યું.

"વાત જાણે એમ છે મુખી કે ખૂબ ભણીને જેણે આપણા ગામનું નામ રાખ્યું છે, વળી ઉચ્ચ હોદ્દો પ્રાપ્ત કરેલ છે અને બને એટલી ગામની સેવા કરે છે : એમને ગામમાં બોલાવીને જાહેર સન્માન કરીએ તો? એમાં ગામની શોભા વધશે."

"હા, પણ આપ કોની વાત કરો છો? જરા ચોખવટ તો કરો." મુખીએ સામો સવાલ કર્યો.

"કોની તે વળી આપણા વિરલ ચમારની દીકરીની, જેણે મારા આશ્રમમાં રહીને, મહેનત કરીને આઈ.એ.એસ.ની ઉચ્ચ ડિગ્રી મેળવી છે. હાલમાં તે જિલ્લા કલેક્ટર છે. જ્યારે કામ લઈને જઈએ ત્યારે હરખીને કામ કરી દે છે. એ દીકરી શૈલીબેનની." એમ બોલીને દેવશંકરે નરભેરામ સામે જોયું. નરભેરામ હકારમાં ડોકું હલાવતા હતા.

"પ...ણ એ છોકરી આપણી દરખાસ્ત સ્વીકારશે!" એમ બોલીને મુખીએ નરભેરામ સામે જોયું. નરભેરામ નીચું જોઈ ગયા. મુખીએ આગળ ચલાવ્યું. "નરભેરામ, એમ તમને લાચાર બનાવવા વાત નથી કરતો. પરંતુ જે છોકરીનું હડહડતું અપમાન થયેલું તે આપણી વાત એમ જલદીથી માની જશે? આ ગામ પ્રત્યે તેને ક્રોધ અને તિરસ્કાર નહિ આવે? એ નાની હતી અને મંદિરમાં પૂજા કરવા ગઈ હતી ત્યારે આ જ પૂજારીએ તેનો પૂજાથાળ હડસેલીને, ગમે તેવા શબ્દો બોલીને તેને હડધૂત કરેલી. એ અપમાન તે ભૂલી ગઈ હશે?" નરભેરામ નીચા નમીને જમીન ખોતરતા હતા.

"મુખી," દેવશંકર ગંભીર સાદે બોલ્યા.

"એ દીકરી દેવબાળા જેવી છે. શું એનું રૂપ અને શું એનો ઠસ્સો છે. વળી ઉદાર અને ખાનદાની પણ એટલી જ છે. એ જ નરભેરામનું કામ એણે જ કરી દીધેલું. તે વખતે નરભેરામ પ્રત્યે સહેજ પણ તિરસ્કાર નહિ દર્શાવેલો. એટલા ઉદાર અને ઉમદા સ્વભાવની એ દીકરી છે. એટલે મને થયું કે ગામના આવા રતનની તો યોગ્ય માવજત થવી જ જોઈએ. તેનું જાહેરમાં સન્માન થવું જ જોઈએ. ગામની દીકરીનું સન્માન એ ગામ આખાનું સન્માન કહેવાય. એ માટે તમારી પાસે આવ્યો છું.

"તમારી વાત ખોટી તો નથી બાપજી, ગામના દલિતની દીકરી આટલી મોટી જગા ઉપર હોય તે આપણા માટે તો ગૌરવની વાત કહેવાય. વળી પાછી તેના મનમાં ગામ પ્રત્યે જરાય કડવાશ નથી. તમે કહો છો એમ, આ તો દેવબાળા જ કહેવાય. ગામમાં તેનું ભવ્ય સન્માન થવું જ જોઈએ. એની આબરૂ સાથે ગામની પણ ઈજ્જત વધશે, ગૌરવ વધશે. ચાલો, હું તો તૈયાર છું, પરંતુ ગામના બીજા પાંચ-સાત આગેવાનોને પૂછવું પડે. સૌની સંમતિથી કામ થાય તેના જેવી બીજી રૂડી કોઈ વાત નથી. તમે બેસો હું બીજા બધાને કહેણ મોકલીને તેડાવી લઉં છું."

પટેલ, બ્રાહ્મણ, વાણિયા જેવી આગળ પડતી કોમોના આઠ-દસ આગેવાનો સમક્ષ મુખીએ વાત મૂકી, અને છેલ્લે જણાવ્યું કે પરિશ્રમ ગામની દીકરીનો છે. આપણે તો ગૌરવ લેવાનું છે. બધાએ સહમતી આપતાં ગામમાં પૂરજોશથી તૈયારી થવા માંડી. ગામની દીકરીનાં ઓવરણાં લેવા ગામ થનગની રહ્યું હતું.

પરંતુ ગામ હોય ત્યાં ઉકરડા હોય. એમ બે પટેલ, એક ઠાકોર અને એક રબારીથી આ સહન ના થયું. તેમના પેટમાં તેલ રેડાયું. ઈર્ષાની આગથી તે છળી ઊઠ્યા ને માંહે માંહે કહેવા લાગ્યા : "એક તો બૈરીની જાત વળી પાછી મેઘવાળ. એને તો આટલું માનપાન અપાતું હશે? શું લઈ બેઠા છે આ ઘરડાઓ. એમના મનમાં એ શું સમજે છે? એ કહે અને કરે એ જ ગામમાં થાય? શું સમજે છે એમના મનમાં?" આવા થોડા જણ મનમાં સમસમી રહ્યા હતા; બાકીનું ગામ કલેક્ટર શૈલીના સ્વાગત માટે રેડ કાર્પેટ પાથરી રહ્યું હતું.

ગામમાં એક ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો.


એ દિવસે ગામના પાદરે એમ્બેસેડર કાર, ક્વાલીસ ગાડી, જીપ વગેરે અનેક ગાડીઓ આવીને ઊભી રહી. જિલ્લા કલેક્ટર ગાડીમાંથી ઊતર્યા એવા મુખી, દેવશંકર અને ગામના સાતઆઠ આગેવાનો તેમને લેવા સામે ગયા. બીજી ગાડીઓમાંથી ડીએસપી, ડે.કલેક્ટર, મામલતદાર, ડીડીઓ, જિલ્લા પંચાયત પ્રમુખ અને અન્ય પદાધિકારીઓ ઊતર્યા હતા. આગેવાનોએ બધાંને આવકાર આપ્યો.

યોજના પ્રમાણે બધા સૌ પ્રથમ મહાદેવના મંદિરે ગયા. શૈલીબેન કલેક્ટરે મંદિરમાં જઈને ભાવવિભોર બનીને પૂજા કરી. પૂજારી નરભેરામે શૈલીબેન પાસે મહાદેવની આરતી ઉતરાવી. મંદિરની બહાર નીકળતાં પૂજારી નરભેરામ કલેક્ટર શૈલીબેનનું ગુલાબના મોટા હારથી સ્વાગત કર્યું. વાજતે વાજતે વરઘોડો ગામમાં આવ્યો. ગામ વચ્ચે શણગારેલું સ્ટેજ હતું. ગામે શૈલીબેનનું કલેક્ટર તરીકે બહુમાન કર્યું. આશીર્વચનરૂપે દેવશંકરે જણાવ્યું, "આજ ગામની માટીમાંથી પેદા થયેલી આ દીકરી સ્વબળે ભણીને આજે આટલા ઊંચા હોદ્દા ઉપર છે એ ગામ માટે ગૌરવની વાત છે. ગામે આવી ગરવી દીકરીનું સન્માન કર્યું તે યોગ્ય કર્યું છે. એ જોઈને ગામની બીજી દીકરીઓ પણ ભણીને પુરુષાર્થ કરીને આગળ આવશે. ગામના મુખી અને અન્ય સજ્જનોનો હું આ પળે આભાર માનું છું. ગામમાં આવી અનેક શૈલબાળાઓ પૈદા થાય તેવા આશીર્વાદ આપું છું. અન્ય ઉપસ્થિત આગેવાનોએ પણ, શૈલીબહેન અને ગામની પ્રશંસા કરી.

સન્માનના જવાબમાં કલેક્ટર શૈલબાળાએ જણાવ્યું, "આજે મારી આંખોમાં હરખનાં આંસુ સમાતાં નથી. હું કલ્પી પણ શકતી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૬૭ ઉપર)**

*મનનો દંભ તૂટે એવી કોઈ પણ પ્રવૃત્તિ સત્સંગ છે.*



# અણધાર્યા આશીર્વાદ

• ઊર્મિલા શાહ •

ડોરબેલ વાગ્યો ને બારણું ખોલ્યું. પોસ્ટમેન ટપાલ આપી ગયો. એક પછી એક ટપાલો જોઈ. સુંદર મજાનાં લાલ કવરમાં... અરે! આ તો સાધનાના લગ્નની કંકોતરી, જોતજોતામાં તેનાં લગ્ન પણ લેવાઈ ગયાં! બાએ મને એકાદ ફોન પણ ન કર્યો! અને કંકોતરી ઉપર નામ! રા.રા...શ્રી અને શ્રીમતી નિખિલેશભાઈ અને કલ્પના. હું કંકોતરી વાંચવા માંડી. મારો શ્વાસ જાણે માતો ન હતો. ધબકારા વધી ગયા હતા. હૃદયમાં જાણે અધીરાઈ અધીરાઈ થવા લાગી હતી. અને પાછો વિચાર આવ્યો... 'બા શું મને યાદ નહીં કરતી હોય! ન કરે તેવું બને જ કેવી રીતે? દીકરીને કોઈ મા ભૂલી શકે ખરી? પણ આ તો બની ગયું કેવું! કે બા પણ બિચારી મન પર પથરો મૂકી મને ફોન કરવાનું ટાળતી હશે. હું ક્યાં નથી સમજતી!'

સાધના કૉલેજનાં છેલ્લાં બે વર્ષ અહીં જ આ ઘરમાં જ રહીને ભણી છે. અને ત્યારે નિખિલેશે તેને દીકરીથીય અધિક સાચવી છે. ક્યારેક વરસાદ હોય કે સવારે ઠંડી હોય તો જાતે મોટરમાં તેને કૉલેજ ઉતારવા જાય. નવ સાડા નવ સુધી ચા નહીં પીનાર નિખિલેશ સાધનાને આમ આઠ વાગે ઉતારવા જતા હતા ત્યારે મને પણ આશ્ચર્ય થતું. સાધના એમ તો મારાથી ખાસ્સી પાંચેક વર્ષ નાની અને એટલે જ અહીં રહી ત્યારે એમની ખૂબ લાડકી બનીને રહી હતી. ઑફિસેથી આવતાંવેંત જ નિખિલેશ પહેલાં પૂછે, 'સાધના નથી?' અને ત્યારે મને થતું આ પણ કોઈ પૂર્વજન્મના ૠણાનુબંધ જ હશે કે જેથી સાધના સાળી હોવા છતાં પણ નિખિલેશ તેને પોતાની દીકરીની જેમ જ સાચવે છે. 'આજે રસોઈ શું કરીશું?' એમ પૂછું તો નિખિલેશ કહે, 'સાધનાને જે ભાવે તે કર.' એ બે વર્ષ અહીં રહી ત્યાં સુધી તો ઘરમાં 'સાધના', 'સાધના' થતું હતું. સાધના પણ તેમની પાસે કેવો હક્ક કરતી? કેવા મીઠા હતા એ દિવસો! અને એટલે જ એની ટી.વાય.બી.એ. ની પરીક્ષા પતી એ પહેલાંજ નિખિલેશે તેને માટે સારો છોકરો શોધવા માટે નજર દોડાવવા માંડી હતી, જાણે પોતાની જ દીકરી ન હોય! અને એમાં વળી એની નજરમાં તિમિર આવ્યો. તિમિર અવનીન્દ્રભાઈનો દીકરો. એકનો એક દીકરો. લક્ષ્મીની રેલમછેલ. આવા સંજોગોમાં છોકરાં કેવાં ઊછરે એ કશું જ કહેવાય નહીં. પણ છતાંય અવનીન્દ્રભાઈ અને અંજનાભાભીએ પૈસાને પચાવી જાણ્યા છે અને એટલે જ પૈસાવાળાના છોકરામાં જોવા મળે તેવી એક પણ ટેવ તિમિરને પડવા નથી દીધી... સામા વહેણે તરવું કાંઈ સહેલું નથી. એ માટે અંજનાભાભીની તપશ્ચર્યા કાંઈ ઓછી નથી. આમ તો મને તેમનો ક્યાંથી બહુ પરિચય હોય! કારણ અવનીન્દ્રભાઈ સાથે તો તેમને ધંધાનો જ સંબંધ. મિત્ર હોય તો વારંવાર મળવાનું ય થાય.. એટલે આતો બિઝનેસ પાર્ટીમાં જ ક્યારેક મળવાની તક મળે. પણ જ્યારે હું પહેલી જ વાર અંજનાભાભીને મળી ત્યારે ઘેર આવીને નિખિલેશને કહ્યું હતું, 'અંજનાભાભી આ બધામાં જુદાં જ તરી આવે છે, નહીં નિખિલેશ! કેવાં સૌમ્ય અને સંસ્કારી લાગે છે! આટલો પૈસો છે છતાંય જરાય અભિમાન કે અહંકાર નથી. મને તો તેમની સાથે વાતો કરવાનું ખૂબ સારું લાગ્યું... જાણે લક્ષ્મી અને સરસ્વતી બંને સાથે તેમને વર્યા હોય એવું મને તો લાગ્યું...' અને જ્યારે નિખિલેશ સમાચાર લાવ્યા કે તેમના દીકરા તિમિર માટે તે સારી છોકરીની શોધમાં છે ત્યારે અમને બંનેને સાધના માટે તરત જ એ વિચાર ગમી ગયો.... આમેય તિમિર કોમ્પ્યુટર એન્જિનિયરિંગના છેલ્લા વર્ષમાં જ હતો અને કદાચ અમેરિકા જવાનો હતો. અમારા બંનેના આનંદનો કોઈ પાર ન હતો. અને એટલે અમે બા બાપુજીને કૉલ કરી બોલાવ્યા. 'શુભસ્ય શીઘ્રમ્' વાતચીત કરીને બધું પાકું કરવા અમે બંને અધીરાં બની ગયાં હતાં. તિમિર અને સાધનાની પણ મિટિંગ ગોઠવાઈ ગઈ હતી. બંને પણ એકબીજા માટે સંમત થયાં હતાં. એટલે હું તો જાતજાતનાં સ્વપ્નામાં રાચતી હતી. બા બાપુજી આવ્યાં, બધું ગોઠવાયું. મને કામ ઊકલી જવાની પૂરી શ્રદ્ધા હતી, પણ બાએ સૌપ્રથમ વાત ઉઠાવી.

'બધું સારું છે કલ્પના, પણ મારું તો મન માનતું નથી.'

'તું શું કહે છે બા?'

'આટલો સારો છોકરો છે ને તું કેમ મૂંઝાય છે?'

'કલ્પના! તને ખબર છે? આ તું અહીં છે તે જ મને વસમું લાગે છે. ને તેમાંય છેલ્લાં બે વરસથી સાધના પણ અહીં છે ત્યારથી તો જાણે મને ઘર ખાવા ધાય છે. અમારી અવસ્થા થાય અને હાથ માથું દુઃખે તો અમારું કોણ? તું અહીં આવીને પડી છે. મારે

તો હવે સાધનાનું મારી પાસે જ શોધવું છે. મારે કોઈકનો તો સહારો જોઈએ ને!


અને નિખિલેશ એકદમ અકળાઈ ગયા. એક તો એમને સાધના ખૂબ વહાલી હતી. સાધનાનું આ સગપણ એમણે જ નક્કી કર્યું હતું. બધું જ બરાબર છે તેવી તેમને શ્રદ્ધા હતી અને એટલે તો અવનીન્દ્રભાઈ સાથે દિવસ સુધ્ધાં જોવડાવી રાખ્યો હતો. તેમાં વળી બાએ નન્નો ભણ્યો. નિખિલેશને મેં ક્યારેય આવા અકળાઈ જતાં નથી જોયો. હું ય સમજી ગઈ કે આમાં એમને પણ નીચું જોવા જેવી પરિસ્થિતિ થાય તેવું હતું. પણ સાધના એમને ગમે તેટલી વહાલી હોય તો પણ આખરે તો તેના પર તેના માબાપનો જ હક્ક હોય ને! મેં પણ નિખિલેશને સમજાવવાનો પ્રયત્ન કર્યો... 'નિખિલેશ! તમે નાહકના આટલા અપસેટ થઈ જાવ છો. આપણે તો આંગળી ચીંધ્યાનું પૂણ્ય.' તળાવે જઈને કોઈ તરસ્યું પાછું આવે તો આપણે શું કરી શકવાનાં હતાં?' પણ એ દિવસથી નિખિલેશ અને મા-બાપ વચ્ચેનો સંબંધ એવો તો બગડી બેઠો હતો કે હજીય એ મનદુઃખનો ઉકલ આવ્યો નથી. એક રીતે જોઉં તો બા પણ ખોટી નહોતી. બીજી રીતે જોઉં તો નિખિલેશની લાગણી પણ હું સમજી શકતી હતી... પણ કોઈનેય કશું કહી શકું તેમ ક્યાં હતું! અને એમાં ને એમાં સૂડી વચ્ચે સોપારી જેવી મારી દશા હતી. 'ન કહેવાય ન સહેવાય.' મતભેદ તો જીવનમાં બધાને થાય પણ વાત છેક આમ મનભેદ સુધી પહોંચે ત્યારે એનો ઉકેલ લાવવો સહેલો નથી... આમેય આપણા પુરુષપ્રધાન સમાજમાં પુરુષનો 'અહમ્' એકવાર ઘવાય પછી! અને મને નિખિલેશે સાધનાના લગ્નમાં ન જ જવા દીધી. બાના ફોન આવ્યા, બાપુજી પણ ખૂબ કરગર્યા, મેં એમને ખૂબ સમજાવ્યા..... 'મારા વિના બા બાપુજીને મદદ કરનાર પણ કોણ છે?' પણ તોય નિખિલેશ ન માન્યા તે ન જ માન્યા. સાધના તેમને આટલી વહાલી હતી છતાં ય તે ન જ પીગળ્યા.... અને એમને કારણે હું જાણે એક ગુનેગાર હોઉં, મારા મા-બાપ પ્રત્યેની ફરજ અદા કરવામાં પાછી પડી ગઈ હોઉ તેવું મારું અંતઃકરણ મને સતત ડંખ્યા કરતું હતું. એટલે સુધી કે એમાં ને એમાં મારી તબિયત પર અસર થવા માંડી. પણ ત્યાં તો અચાનક જ નિખિલેશને ઍપેન્ડિક્સનો દુખાવો ઊપડ્યો. અડધી રાત્રે ઈમરજન્સી ઑપરેશન કરવું પડ્યું. હું ખૂબ ગભરાઈ ગઈ. હું સાવ એકલી પડી ગઈ હતી. ઘણી મથામણને અંતે મેં બા બાપુજીને ફોન કર્યો. મનમાં સખત ડર હતો, નિખિલેશ ગુસ્સે થઈ જશે, પણ મારી પાસે મદદ માટે બીજો વિકલ્પ જ નહોતો. આ બાજુ નિખિલેશની તબિયત પણ ધાર્યા કરતાં વધુ બગડી. ઈન્ટેન્સિવ કેરમાં બે દિવસ રાખવા પડ્યા. ઍપેન્ડિક્સના ઑપરેશનમાં આવું ભાગ્યે જ થાય પણ નિખિલેશ છેલ્લા ઘણા વખતથી જે ટેન્શનમાં જીવી રહ્યા હતા તેની અસર તેમની તબિયત પર પણ થઈ હતી. ડાયાબિટીસ વધી ગયો હતો... મારી તો એક એક પળ વિકટ હતી. એક બાજુ નિખિલેશની ચિંતા, બીજી બાજુ સતત ચિંતા હતી કે બા બાપુજી આવ્યા વિના તો નહીં જ રહે ને એમને જોઈ નિખિલેશ અકળાઈ ઊઠશે તો હું શું કરીશ? મારે કારણે આ ઉંમરે બિચારાં બા બાપુજી પણ કેટલું સહન કરી શકે...? સંતાનોની લાગણીને કારણે માબાપ તેમનાં માન-અપમાન કેવાં ગળી જાય છે! મારા મનમાં અનેક વિચારો ઘૂમરાતા હતા.

બા બાપુજી આવ્યાં. સાધના અને તેનો વર વિશેષ પણ આવ્યા. સાધના આવશે તેવો તો મને અંદાજ હતો જ પણ વિશેષને આવેલો જોઈ હું ક્ષોભ પામી ગઈ અને વિશેષ તો નિખિલેશના ખાટલા પાસે જ બેસી તેમને માથે પંપાળવા લાગ્યો. મનમાં સખત ડર હતો. 'હમણાં નિખિલેશની આંખ ખૂલશે ને શું થશે?...' એક એક પળ મારે માટે કસોટીની હતી. બા બાપુજીના મોં પર સખત દુઃખ ડોકાતું હતું. તો બીજી બાજુ ભય પણ ડોકાતો હતો... સગી બહેનનાં લગ્નમાં જેણે પોતાની પત્નીને ન જવા દીધી, એ ક્યાંક મા-બાપનું તો અપમાન નહીં કરી નાંખેને! સંબંધો બાંધવા જેટલા સહેલા હોય છે તેટલા નિભાવવા સહેલા નથી હોતા. તેમાંય સંબંધ લોહીની દૃષ્ટિએ કે લાગણીની દૃષ્ટિએ ગમે તેટલો નિકટનો હોય, ગાઢ હોય પણ તેમાં એક વાર તાણ પેદા થઈ પછી!... પછી તેને સંભાળવો ખૂબ મુશ્કેલ બને છે. એ તાણથી તાર ક્યાં તૂટે છે તે જ ક્યારેક સમજાતું નથી. આવે વખતે સહનશક્તિ કેળવવી બહુ જરૂરી છે પણ માનવ તે કેળવી શકે છે ખરો? મારા મનમાં સખત મનોમંથન ચાલી રહ્યું હતું. નિખિલેશના મગજમાં જે 'અહમ્' ઘર કરી ગયો હતો તેનાથી તે પોતે જાણે દાઝી રહ્યા હતા અને અમને સૌને દઝાડી રહ્યા હતા. પણ શું થાય?

ત્યાં તો નિખિલેશે આંખ ખોલી. હું એકદમ ઊભી થઈ ગઈ, એમની પાસે ગઈ. સખત ડર હતો કે હમણાં કંઈક થશે. પણ ત્યાં તો નિખિલેશે બા બાપુજીને પગે લાગતાં ગળગળા થઈ જઈને કહ્યું, 'મને માફ કરી દો!' બા બાપુજીની આંખમાં આંસુ આવી ગયાં. નિખિલેશના માથે હાથ ફેરવતાં પાસે જ બેસી ગયા. 'તમે સારા થઈ જાવ. ભગવાનને અમારી એ જ પ્રાર્થના છે.' અને નિખિલેશે સાધનાને પાસે બોલાવી, તેને ગળા સરસી ચાંપી. સાધના પણ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી. વિશેષ અને સાધનાએ પગે લાગી આશીર્વાદ માંગ્યા. અને ત્યારે મને થયું, હું ક્યાંક સ્વપ્ન તો નથી જોઈ રહી ને!

માણસના જીવનમાં ઈશ્વર કેટકેટલી વાર જાણે Blessing in Disguiseની જેવી પરિસ્થિતિ ઊભી કરે છે! નિખિલેશની આ માંદગીએ મને કસોટીની એરણ પર લાવી ખરી, પણ એ જ માંદગીએ અમારા બા બાપુજીના અને સાધનાનાં સંબંધોને પણ મીઠા બનાવી દીધા. ઈશ્વરે અમારા સંબંધોના પરિવર્તન માટે જ જાણે આ વિપરીત સંજોગો ઊભા કર્યા ન હોય! કોને ખબર ઈશ્વરી સંકેત શું હોય છે તે! અને એટલે જ માણસે દરેક માણસ સાથેનું તેનું મિલન કોને ખબર કે આખરી ન હોય એમ માનીને મીઠાશભર્યું જ રાખવું જોઈએ. 'સ્નેહની ગાંઠ જીવનને તારે, પણ વેરઝેરની ગાંઠ તો જીવનને ઝેર બનાવે.' સંબંધોમાં ક્યાંય ક્યારેય થીંગડાં નભતાં નથી, ટકતાં નથી એ નિખિલેશને મોડા મોડા પણ સમજાયું, તેને માટે હું મનોમન ઈશ્વરનો પાડ માની રહી હતી. ■

*જીવનમાં આવતી ચડતી પડતીમાંથી બોધપાઠ લો.*



# યાનુસ કાર્યાક

• તુષાર પરમાર •

“યાનુસ અંકલ, યહુદી એટલે શું?”

યાનુસે એલિસની સામે જોયું. નવ-દસ વર્ષની એલિસ, યાનુસના નવ જીવન આશ્રમની. લોકો જેને અનાથ આશ્રમ કહેતાં, તેની સૌથી સુંદર અને સરસ છોકરી હતી. યાનુસ તેની સુંદર મોટી-મોટી આંખો સામે તાકતો રહેતો. એ કંઈ ના બોલ્યો. એટલે એલિસે ફરીથી પૂછ્યું, ‘બોલોને, યહુદી એટલે શું?’

....શું જવાબ આપવો એ ન સમજાતાં, તે મનમાં માંડ-માંડ ગોઠવણી કરીને બોલ્યો, ‘યહુદી એક જાતના માણસ હોય.’

‘તો પછી આપણે એમને માણસ કેમ નહીં કહેતા હોઈએ?’

....યાનુસ ચૂપ રહ્યો. પણ એલિસ ક્યાં છોડવાની હતી.

‘હુંય યહુદી છું... બોલોને હુંય યહુદી છું.’

‘ના બેટા, તું તો મારી પરી છે. નાનકડી પરી...’

એલિસ એક પળ તેની સામે તાકી રહી. પછી એની આંખમાં અવિશ્વાસ છલકાયો...

‘તમે જુઠા છો... હું યહુદી છું... ગંધારી છું...’

‘તને કોણે કહ્યું?’ આવું ગંદુ ઝેર, આવા કુમળા માનસમાં કોણે રેડ્યું હશે તે જાણવા તેણે પૂછ્યું. પણ પછી એની નિરર્થકતા એને સમજાણી. આજકાલના માહોલમાં શું એ સાવ અશક્ય હતું? માણસને તેના વર્તણૂક ઉપરથી નહીં, તેના સારાં કે નરસાં કાર્યોને આધારે નહીં, તેના સ્વભાવ, વિદ્વતા કે ઉદારપણાને આધારે નહીં પણ માત્ર જાતિના - ધર્મના આધારે મૂલ્યાંકન કરતા સમાજમાં સર્વત્ર ફેલાયેલાં ઝેરથી કુમળાં પુષ્પો ક્યાં સુધી બચી શકશે? તેને ઊંડી નિરાશા થઈ આવી.

એલિસ બોલી, ‘હું યહુદી છું... ગંધારી... મનેય ગેસ ચેમ્બરમાં પૂરી નાંખશે...’ એલિસનો ચહેરો ડરથી ધોળી પૂળી જેવો થઈ ગયેલો. પણ યાનુસ એટલો ડરી ગયેલો હતો કે એ તેના ધ્યાનમાં ના આવ્યો. પોતાની વર્ષોની મહેનતના સિંચાયેલા માળામાં જમાનાની તેજ હવાઓએ કાણાં પાડી જ દીધાં. હમણાં બે દિવસ પહેલાં જ એક પોલીસ ઑફિસર એની ટુકડી સાથે ઑફિસમાં ઘુસી આવેલો અને ભારે ધૃષ્ટતાથી પૂછેલું, ‘અહીં કેટલા સાપોલિયા પાળેલાં છે?’

આવી ગંદી ભાષાથી યાનુસ છળી ઊઠેલો, છતાં સંયમિત રહીને બોલ્યો, ‘આ બાળકોની સંસ્થા છે, તમારે જે કહેવું હોય તે સભ્ય રીતે કહો...’

પોતાની ફાંદ ઉપર પટ્ટો ખસેડતાં એ એના સાથી તરફ ફરીને આંખ મારતા બોલ્યા, ‘હવે આપણે સભ્યતા, આવા રાંચાઓ પાસેથી શીખવાની છે.’ અને એક સિપાહી તરફ ઇશારો કરતાં બોલ્યો, ‘એય, મહામહિમનો હુકમ આ રાંચાને વાંચી સંભળાવ.’

એક સિપાહી આગળ આવ્યો. એના હાથમાં રાજપત્ર હતો. તેણે મોટેથી વાંચવાનું શરૂ કર્યું :

“આથી મહામહિમે હુકમ કર્યો છે કે ગંધારા યહુદીઓએ જર્મન - આર્ય લોહી અશુદ્ધ કર્યું છે, સમાજને ચૂસી ખાધો તથા માનવજાતિને કલંકિત કરી છે. તેમના શ્રમની અને જરૂર પડે લોહીની મદદ વડે જર્મન રાષ્ટ્રનું પુનઃસ્થાપન કરવાના શુદ્ધ આશયથી તેમને શ્રમ શિબિરોમાં પણ મોકલી આપવામાં આવે...”

પછી તેણે જમણો હાથ, જેના ઉપર સ્વસ્તિકનું ચિહ્ન હતું તે ઊંચો કરીને મહામહિમને સન્માન આપ્યું. એ ચૂપ થયો એટલે પોલીસ ઑફિસર દાઢમાં બોલ્યો, ‘હવે બોલો... કેટલાં યહુદી બાળકો છે આપની સંસ્થામાં?’

ભાવિ ઝંઝાવાતનો અણસાર આવતાં યાનુસ સઘળી તાકાત એકઠી કરીને બોલ્યો, ‘મારી સંસ્થામાં અને નજરમાં બાળકો, બાળકો જ છે. કોઈ યહુદી નથી, કોઈ જર્મન નથી...’

પોલીસ ઑફિસર સાવ ઠંડા અવાજે બોલ્યો, ‘તમારી પાસે સાત દિવસનો સમય છે. ડૉક્ટર યાનુસ... આવતા રવિવારે અમે પાછા આવીશું...’ અને એ ચાલ્યા ગયા.

એ વાતને બે દિવસ વીતી ગયા. યાનુસ એટલો ડરી ગયેલો કે હવે શું થશે એ સવાલ એનો પીછો નહોતો છોડતો. તેને બાળકોની સલામતીની ફિકર થતી. તેને બાળકોની અબુધ દુનિયામાં

*આશા એટલે ખરાબમાં ખરાબ સંજોગોમાં પણ આનંદિત રહેવાની શક્તિ.*

આના શું પડઘા પડ્યા હતા એની તો તેને ત્યારે જ ખબર પડી જ્યારે બુઢ્ઢા નોકરે કહ્યું, 'રોલાંએ બે દિવસથી ખાધું નથી...' પોલીસવાળા આવેલા ત્યારે એ બધું સાંભળી ગયેલી અને સ્વાભાવિક રીતે જ તેણે બાકીના બાળકોનેય આ ભયાનક વાત કહેલી.'

યાનુસ બાળકોના હૉલ તરફ આગળ વધ્યો. પણ બાળકોનો અવાજ સંભળાયો. એલિસ અને બીજાં બાળકો રોલાં ને દોરાને વળેલા. રોલાં જ બધામાં સૌથી મોટી હતી, લગભગ તેર વર્ષની. યાનુસ દીવાલની આડે રોકાઈને એમની વાત સાંભળવા લાગ્યો. વિક્તોરે તોતડાતા અવાજમાં પૂછ્યું, 'આપણને મારી નાંખશે?'

રોલાંએ વયસ્ક વ્યક્તિની માફક સ્વસ્થતાથી કહ્યું, 'હા.'

નિશીતે પૂછ્યું, 'મરી જઈએ એટલે શું થાય?'

તો એલિસ ઝટ દઈને બોલી, '...પરીઓના દેશમાં જવાય...'

વિક્તોરને શંકા પડી. 'તને કેવી રીતે ખબર પડી?'

'મારી મમ્મી મરી ગઈ એટલે યાનુસ અંકલે નહોતું કહ્યું, કે એ પરીઓના દેશમાં ગઈ છે...' એલિસે સ્પષ્ટતા કરી.

રોલા સ્વગત બોલતી હોય એમ બોલી, 'તમારી છાતીમાં મોટો છરો મારી દે... એટલે તમે મરી જાવ...'

'તને કેવી રીતે ખબર?'

'મારા પપ્પાને એવી જ રીતે મારેલા... મેં મારી આંખે જોયેલું.'

ત્યાં જ એલિસની નજર યાનુસ પર પડી. એ યાનુસની સામે દોડી ગઈ. 'અંકલ મને ગેસ ચેમ્બરમાં પૂરી દેશે?'

'ના બેટા, હું છું ને?' ને કહેતાં એને ઊંચકીને છાતીએ વળગાડી, બાકીનાં બાળકોને સૂવાના રૂમ તરફ લઈને ચાલ્યો.

એણે બાળકોને પરીઓની વાર્તા કહી, ખાવાનું ખવડાવ્યું, અડધા કલાકની સખત મહેનત બાદ બાળકો શાંત થયાં અને સૂઈ ગયાં. યાનુસ દબાતા પગે નોકરનાં રૂમ પાસે આવ્યો. નોકર જાગતો હતો. એને ઑફિસમાં આવવાનો ઈશારો કરી એ પાછો ફર્યો.

ઘરડો નોકર ફટાફટ આવ્યો. એ યાનુસની સામે જોઈ રહ્યો.

તેના કોઈ પ્રશ્નનો જવાબ આપતો હોય તેમ યાનુસે કહ્યું, 'આપણે બાળકોને સલામત સ્થળે ખસેડવાં પડશે....'

'પણ કેવી રીતે? ચારે તરફ પોલીસ છે...' વૃદ્ધ નોકરે કહ્યું.

'મને એક વિચાર આવે છે. પાર્ટી ઑફિસે જાઉં... કંઇક રસ્તો નીકળી આવે...' યાનુસે અનિર્ણાયક ઢંગે કહ્યું.

પાર્ટી ઑફિસના હાલ જોઈને તેને આશ્ચર્ય તો ન થયું પણ ટમટમતી પેલી આશાની જ્યોત સાવ ઓલવાઈ ગઈ. પાર્ટી ઑફિસમાં સખત તોડફોડ થયેલી હતી. બધા જ કાગળો અર્ધ સળગેલી હાલતમાં હતા. એક બુઝુર્ગ કોમરેડ અને એક નવજુવાન સિવાય ત્યાં કોઈ ન હતું. બુઝુર્ગને માથે રૂમાલનો પાટો બાંધેલો હતો અને હાથ સૂજીને થાંભલા જેવો થઈ ગયેલો. એ કંઈ પૂછી જ ના શક્યો. પણ પેલા કૉમરેડે સ્વયં કહ્યું, '...સારું થયું તું મોડો આવ્યો, નહિતર તું ય બચત નહીં. બે કલાક પહેલાં એમણે હુમલો કરેલો... બધાંને પકડી ગયા.'

યાનુસને ચિંતા ઘેરી વળી. 'આ શું થવા બેઠું છે? બી.બી.સી. ઉપર સમાચાર હતા કે ૭૫,૦૦૦ કૉમ્યુનિસ્ટોને પકડી લીધા છે?' તેણે પૂછ્યું.

પેલા કૉમરેડે વળતું પૂછ્યું, 'હજી તને શંકા છે? પચ્ચીસ તો અત્યારે મારી નજર સામે અહીંથી લઈ ગયા છે...'

યાનુસે મન મનાવતા કહ્યું, 'પણ આટલા બધાને પકડી ગયાં છે તો બહુ સમય નહીં પકડી રાખે...'

બુઝુર્ગ અચાનક, ભયાનક રીતે હસી પડ્યો. યાનુસને લાગ્યું કે તેનું છટકી ગયું છે. 'છોડી દેશે, છોડી દેશે! કૉમરેડ તારી ઉંમર કેટલી?'

'બાવીસ વર્ષ...'

'અને યાનુસ તારી?'

'સત્તાવીસ વર્ષ.'

'તો સાંભળ, મારે ઓગણ સાંઈઠમું વર્ષ ચાલે છે... તમારા કરતાં મેં વધારે જિંદગી જોઈ છે. સાંભળવું છે, પકડાયેલાઓનું શું થયું તે? કાળજુ કઠણ રાખજે... પકડાયેલા બિરાદરોમાંથી ઘણા ખરા અત્યાર સુધી કાળનો કોળિયો બની ચૂક્યા છે...'

યાનુસની રાડ ફાટી ગઈ. 'ના... અશક્ય...' તેની નજર સામે સેંકડો નિર્દોષ ચહેરા આવીને વીલાઈ ગયા.

તેણે વૃદ્ધની સામે દેખ્યું. વૃદ્ધ ઊભો હતો – બિલકુલ સત્યની જેમ ટટ્ટાર!

યાનુસની આંખો ઉભરાણી. 'પણ કેમ?'

વૃદ્ધના ચહેરા ઉપર અણગમો આવ્યો. 'એ પૂછવાનો તને કોઈ અધિકાર નથી... સાચું પૂછો તો આટલા બધા સાથીઓના મોતનો મને કોઈ અફસોસ નથી. આ શહીદોની વેદી છે. ત્યાં આંસુઓ વેડફીને તેમનું માન ઓછું ના કર.' પછી સામેના યહુદી લત્તા તરફ આંગળી કરીને બોલ્યો, 'મને આ નિર્દોષની હત્યાનું દુઃખ થાય છે કે આપણે એમને માટે કંઈ કરી શકીએ તેમ નથી...'

યાનુસે ધીમે ધીમે માથું નીચે ઢાળી દીધું. ઘણીવાર એ એમજ બેસી રહ્યો.

પછી અચાનક જ એણે પૂછ્યું, 'મારી મદદ કરશો, મારા આશ્રમમાં બાળકોને મારે સલામત સ્થળે ખસેડવા છે.'

વૃદ્ધ વિચિત્ર રીતે હસ્યો. 'સલામત સ્થળે? એ વળી કેવું? આ દેશમાં આજે કોઈ સલામત સ્થળ જ નથી...'

'તો પછી મને સરહદ પાર કરવામાં મદદ કરો...'

વૃદ્ધ ઊંડા વિચારમાં પડી ગયો. થોડીવાર પછી એણે કહ્યું, 'એક ટેમ્પો છે, પણ ડ્રાઈવર નથી. તને ચલાવતા આવડે છે?'

*જિંદગી એટલે મોટાભાગના લોકો માટે આદર્શ અને શક્ય વચ્ચે સમાધાન.*

અફસોસ, યાનુસને નહોતું આવડતું. એણે નિરાશાથી માથું હલાવ્યું.

ત્યાં પેલો નવજુવાન બિરાદર બોલી ઉઠ્યો, 'મને આવડે છે, થોડું થોડું...'

વૃદ્ધે સંતોષથી કહ્યું, 'સારું, ચાલો અત્યારે જ....'

............... ................ .............. .......

... ઘરરર... કરતો ટેમ્પો આશ્રમની સામે આવીને ઊભો રહ્યો. યાનુસે નોકરને કહ્યું, એટલે એ બધા બાળકોને ઉઠાડીને લઈ આવ્યો. બધા ડરેલા - સહેમેલા લાગતા હતા એટલે યાનુસે એમનો ડર ઓછો કરવાના આશયે કહ્યું, 'ચાલો બધા, આપણે ફરવા જવાનું છે.'

એલીસે પૂછ્યું, 'ક્યાં?'

ક્યાં, એ તો યાનુસને ખબર નહોતી. એટલે એ કંઈ બોલ્યા વગર બાળકોને ટેમ્પોમાં ચડાવવા માંડ્યો.

એલીસે પાછું પૂછ્યું, 'ક્યાં?'

યાનુસ ધીરેથી બોલ્યો, 'બેસી જાને, અવાજ ના કર બેટા.'

એલીસ બોલી, 'મને ખબર છે, તમે અમને ક્યાં લઈ જાવ છો તે!'

યાનુસે પૂછ્યું, 'ક્યાં?'

જવાબ એકદમ દઝાડી દેનાર હતો. 'ગેસ ચેમ્બરમાં. મારે નથી જવું... મને ડર લાગે છે... મમ્મી, મમ્મી....' કહેતા રડવા લાગી.

યાનુસની આંખો દુઃખથી છલકાઈ ગઈ.

'હું તમને શા માટે ગેસ ચેમ્બરમાં લઈ જાઉં?'

'કેમકે અમે યહુદી છીએ અને તમે જર્મન...'

'ના બેટા, તું તો મારી પરી છે. હું તને, તું કહીશ ત્યાં લઈ જઈશ...'

'...હું કહું ત્યાં...'

'હા, તું કહે ત્યાં...'

'...મારે મમ્મી જોડે જવું છે...'

યાનુસ તેને રોજ સુવડાવવા કહેતો હતો એ વાક્ય આદતવશ જ કહ્યું, 'તને પરીઓના દેશમાં લઈ જઈશ...'

અને એલીસ ટેમ્પોમાં બેસી ગઈ.

★

મુખ્ય રસ્તાઓ છોડીને ટેમ્પો અંતરિયાળ, ઉબડખાબડ રસ્તાઓ ઉપર લગાતાર ૩૬ કલાકથી ચાલી રહ્યો હતો. ચેકપોસ્ટ ઉપર, યાનુસ પોતાની થોડી ઘણી મૂડીનો ટુકડો મૂકતો જતો હતો. છેવટે રોકડ ન રહેતાં, છેલ્લી ચેકપોસ્ટવાળાએ ટેમ્પો પડાવી લીધો.

પંદર બાળકો અને ચાર વયસ્કો, એમ કુલ ૧૯ જીવ મોતની સાથે હાથતાળી લેતાં કાંટાળી પગદંડી ઉપર લગભગ દોડતા હતા. ત્રણ દિવસમાં બાળકોની ઉંમર જાણે ત્રીસ વરસની થઈ ગઈ હોય તેમ ચૂપ હતા. નાનકડી ઝેનાને સખત તરસ લાગી હતી છતાં એ ચુપચાપ ચાલતી હતી. સુઝાનને ચડ્ડીમાં જ સુસુ થઈ ગયેલી, રોલાને પગમાં કાંટો વાગેલો એટલે એ લંગડાતી ચાલતી હતી. અત્યાર સુધી બે-ત્રણ ચેકપોસ્ટ અંધકારને લીધે, એમણે ચોરીછૂપીથી પાસ કરેલી. પણ હવે અજવાળું થવા લાગેલું. એ ચુપચાપ ધ્રુજતા દિલે ચાલતા રહ્યાં. સામે છેલ્લી ચેકપોસ્ટ હતી — એ ક્રોસ કરો એટલે દેશની બહાર, પછી વાંધો નહીં...

સામે બે સંત્રીઓ આખી રાતના ઉજાગરા પછી ઝોકા ખાતા બેઠા હતા. યાનુસે હોઠ પર આંગળી રાખીને બાળકોને ચુપચાપ રહેવા જણાવ્યું. પછી ખ્યાલ આવ્યો કે ડરના મારેલા, પહેલેથી જ સાવ ચૂપ બાળકોને ચુપચાપ રહેવાનો ઈશારો કરવો એ કેટલો બેહૂદો હતો! ઝાડી પાછળ એ બધા ચૂપકે ચૂપકે ચાલતા હતા. સૌથી આગળ યાનુસ અને નોકર, પાછળ બાળકો અને છેલ્લે પેલા બે કૉમરેડ. અચાનક જ ધબ્બ દઈને ઝેના પડી. યાનુસે ચમકીને પાછળ જોયું અને તેના દિલમાંથી હૃદયદ્રાવક ચીસ ઉઠી. ઝેના, તેના બાગમાં આવનારું સહુથી છેલ્લું ફૂલ, તરસ-થાક અને ડરનો ભોગ બનીને અકાળે મૂરઝાઈ ગયું હતું. તે ઊંધા માથે પડી હતી અને ચહેરો ધૂળથી રગદોળાઈ ગયો હતો. યાનુસને તેની આંખો ઊંડે સુધી હૈયામાં ખૂપી ગઈ હોય એમ લાગ્યું. તેણે મહામહેનતે પોતાની જાત પર કાબૂ મેળવ્યો અને બધાને ચુપચાપ આગળ વધવા ઈશારો કર્યો.

પણ ત્યાર સુધીમાં તો ઘણું મોડું થઈ ગયું હતું. ઝેનાના પડવાનો અવાજ પેલા સંત્રીઓએ સાંભળેલો અને હડપ દઈને ઊભા થઈ ગયા. એક સંત્રીએ કહ્યું, 'પણે ઝાડીમાં...' અને બીજાએ સીસોટી વગાડવા માંડી.


પકડાયેલા યાનુસ પાસે વિનવણીઓ કરવા સિવાય સંત્રીઓને આપવા માટે બીજું કશું જ ન હતું. એટલે તેમને નજીકના પોલીસ સ્ટેશનને સુપરત કરી દેવામાં આવ્યા. તાબડતોબ છેક ઉપર સુધી અહેવાલ પહોંચાડવામાં આવ્યો અને ઉપરવાળાઓએ પણ તરત તેમને યોગ્ય સ્થાને મોકલી આપવા હુકમ કર્યો. પરિણામે, સરહદથી ક્યાંક, શ્રમ શિબિરો તરીકે ઓળખાતી ગેસ ચેમ્બરવાળા વિસ્તારમાં યાનુસ, તેના સાથીઓ અને બાળકો - એક પોલીસ ઑફિસરની સમક્ષ હતાં.

ઉપરી કોઈક ભલો માણસ લાગતો હતો. તેણે કહ્યું, 'ડૉ. યાનુસ કાર્યાક, તમારા જેવા માણસે આ સાપોલિયાઓ માટે જાન આપવાની કોઈ જરૂર નથી.... તમે માફી માંગી લો તો હું તમને છોડી શકું છું...'

'આભાર. પણ તમે જેને સાપોલિયા કહો છો તે મારા દિલના બાગમાં ઉગેલા નાજુક ફૂલો છે અને માફી મારે નથી માંગવાની,

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૬૭ ઉપર)**

*ઊંચા નારા લગાવવાથી માણસ ઊંચો આવતો નથી.*



(ફ્રેન્ચ વાર્તા)

# સીધી-સાદી આત્મા

● લ્યોન ઇચ્યુજીન ક્રૈપી ● અનુ. : બિપિન આશર ●

મહાશય! હું તમારી માફી માગું છું. હું તેની મા છું, મહાશય! હા, તેની મા. મારા પોતાના દીકરાની મા. અજાણતાં તેને મારી નાખવામાં આવ્યો છે.

હું તમારી માફી માગું છું. મને થોડું ઓછું સંભળાય છે. શું તેઓ તેના માટે દુઃખી છે? મહાશય! એને તો કશું સમજાયું જ નથી કે આ બધું કેવી રીતે થયું. એમણે મને માફ કરી દીધી છે અને કહ્યું છે કે ભવિષ્યમાં આવી વાત નહીં થાય.

મહાશય! શું તમને તે યાદ નથી? મહાશય, તમે ખોટું ન લગાડો તો હું બેસી જાઉં. હું બહુ થાકી ગઈ છું. નવ વાગ્યાથી આમ જ ચાલી રહી છું. અડધા શહેરને ચક્કર મારી લીધું છે. હું પોલીસ સ્ટેશને ગઈ હતી. ત્યાંથી લોકોએ મને મોટા પોલીસ સ્ટેશને મોકલી. ત્યાં મને એક સજ્જન મળ્યા, જેઓએ વકીલની સલાહ લઈ કેસ લડવાનું કહ્યું. તેમનું નામ હું ભૂલી ગઈ. એમના ક્લાર્ક પણ બહુ ભલા માણસ હતા. એમણે મને મેજિસ્ટ્રેટની પાસે દરખાસ્ત દેવાનું કહ્યું. એટલા માટે હું અહીં આવી છું.

તે ઘટના! મહાશય, હું તેના સંદર્ભમાં બહુ જ જાણું છું. કેટલાક શૈતાન, જેની તપાસ પોલીસ કરી રહી હતી, તે એક ઘરમાં ઘૂસ્યા. ત્યાં પોલીસ પહેલેથી જ હાજર હતી. પોલીસને જોઈને તે છત પર ચડી ભાગી ગયો. પોલીસે તેનો પીછો કર્યો પરંતુ તે હાથમાં ન આવ્યો. મારો દીકરો હેનરી એક દુકાનમાં કામ કરતો હતો. તે જ છત પર તે કામ કરી રહ્યો હતો. પોલીસે પાછળથી જોયું. આ પણ તેજ શૈતાનોમાંનો એક છે એમ સમજીને વિચાર્યા વિના જ ગોળી છોડી જે મારા દીકરાના માથામાં વાગી.

મહાશય! ઓહ! તે કેટલું ભયાનક દૃશ્ય હતું. જ્યારે લોકો તેને ઉપાડીને મારી પાસે આવ્યા ત્યારે પણ તેના કોટના ખિસ્સામાં એક ગોળી પડી હતી. મહાશય! તે મરી ગયો.

મહાશય! હેનરી મારો દીકરો હતો. તે બહુ ભલો ભોળો છોકરો હતો. દિવસ આખો કમાતો હતો, સાંજે મારી જ પાસે રહેતો હતો. એને ખુશ કરવા માટે મેં એના માટે રંગબેરંગી કપડાં સીવડાવી લીધાં હતાં. પરંતુ તેને જોયા પહેલાં જ તે...

મારા દુઃખથી બધાને દુઃખ થયું હતું. એક ભલા માણસે મારા માટે દરખાસ્ત લખી હતી. તેણે જ તેને મોકલી પણ હતી અને થોડી વાર પછી એક દૂત આવીને મને પ્રેસિડેન્ટની પાસે લઈ ગયો. ઓહ, તે કેટલો દયાળુ હતો! હું સીધી જ તેના રૂમના દરવાજાની પાસે પહોંચી ગઈ. મને નિહાળીને તેઓ તરત જ ઊભા થયા અને જેવું મેં કહેવાનું શરૂ કર્યું ત્યારે તેઓએ વચ્ચે જ કહ્યું, ‘માતા, હું બધું જ જાણું છું. હું વચન આપું છું કે તમને દરેક પ્રકારની મદદ દેવામાં આવશે અને આજીવન પેન્શન પણ મળશે.’ આ એમના શબ્દો હતા. હું રૂમમાં એક મિનિટથી વધુ ન રોકાઈ. ત્યારથી હું પ્રતીક્ષા કરી રહી છું, પરંતુ એક વર્ષ વીત્યા પછી પણ કશું જ થયું નથી.

પછીથી એ ઘટનાની તપાસ થઈ. અહીંતહીંના જાણે કેટલા પ્રશ્નો પૂછવામાં આવ્યા અને એ નક્કી થયું કે પોલીસે નિરપરાધી પર ગોળી ચલાવવી જોઈતી નહોતી. અપરાધીની શોધ ચાલુ હતી.

ચાર અઠવાડિયાં થયાં, જાણવા મળ્યું. એક વિક્ટર છે, બીજું કોઈક છે, બંનેને જેલ મોકલી દેવાયા. તેના માટે જ હું આવી છું. એમને બહુ દુઃખ થતું હશે. મારી અંદર માનું હૃદય ધબકે છે, એટલા માટે જાણું છું. મારા મહોલ્લાના પણ બધા માણસો જાણે છે કે પ્રેસિડન્ટે કહ્યું હતું : ‘માતા તમને જે કાંઈ મદદની જરૂર હશે તે મળશે.’ તેઓ આ બધું જાણે છે. હું અહીં ચાલીસ વર્ષથી રહું છું અને છેલ્લા કેટલાક મહિનાઓથી તો તેઓ બહુ જ દયાળુ રહ્યા છે. શેરીમાં જ્યારે હું નીકળું છું ત્યારે દુકાનદાર એવો વ્યવહાર કરે છે જાણે હું અમીર મહિલા હોઉં. વિક્ટરની પત્ની બહુ ભલી સ્ત્રી છે. મારી પાસે આવીને એમણે વિક્ટર માટે હું જે કંઈ કરી શકું તે કરવા માટે પ્રાર્થના કરી. મેં આ સંદર્ભમાં વિચાર્યું, બહુ વિચાર્યું. હવે તમે જ કહો કે હું તેની કેવી રીતે મદદ કરું, મહાશય!

મહાશય! હું એક પ્રતિકાર કરવા ઇચ્છું છું, જો તમે મને કરવા દો તો. મને તે પેન્શન ન આપો જે પ્રેસિડન્ટે વચન આપ્યું હતું. એના બદલામાં વિક્ટરને ક્ષમા કરી દો.

*પ્રાર્થના માણસને દુષ્ટતાથી દૂર રાખે છે.*

હું એક વૃદ્ધ સ્ત્રી છું. મારી ઉંમર સાઠ વર્ષથી વધુ છે. હવે મારે રૂપિયાની શી જરૂર? હું રૂપિયાને શું કરીશ? હું જેવી છું, ઠીક છું. ત્રણ કલાક સવારે અને પાંચ કલાક સાંજે કામ કરીને સારું કમાઈ લઉં છું. જ્યારે કંઈક ઉત્સવ હોય છે ત્યારે થોડા વધુ રૂપિયા મળી જાય છે. તમે જુઓ છો કે મારી પાસે જરૂરિયાતની બધી વસ્તુ છે.

મારા મહોલ્લાના લોકો એ સાંભળીને ખુશ થશે કે મારા પેન્શનના બદલામાં વિક્ટરને ક્ષમા આપી દેવામાં આવી.

અને વિક્ટર! તે ખરાબ માણસ તો નથી. એ તો તેની નાદાની હતી. તેણે કચેરીમાં બધું સાચેસાચું કહી દીધું હતું. બીજાની જેમ તે ખોટું બોલતો નથી અને એ કારણે જ તેને સજા થઈ. તેને એનું દુઃખ છે, ખરેખર દુઃખ છે. બહાર આવીને તે તરત જ છોકરીનાં લગ્ન કરશે. વિક્ટર પણ મારા દીકરા જેવો જ છે.

મહાશય! શું તમે હવે બહાર જઈ રહ્યા છો? ઑફિસનો સમય પૂરો થઈ ગયો શું? આપને હું ધન્યવાદ આપું છું કે આપે આપનો સમય મારી વાતો સાંભળવામાં ફાળવ્યો. હું આજ નવ વાગ્યાથી મારા પગ પર દોડી રહી છું. એટલા માટે થાકને કારણે સમયનું ભાન ન રહ્યું.

મહાશય! તો તમે લખી લીધું ને? મેં તો બધું જ કહી દીધું છે. હું જાણું છું કે તમે તમારી શક્તિ મુજબ પૂરા પ્રયત્ન કરશો. મારે હવે ફરી આવવાની જરૂર નથી ને? હું ઘરે જ આપના ઉત્તરની પ્રતીક્ષા કરીશ. આપની દયાળુતા માટે હું કેવી રીતે ધન્યવાદ કરું! આપને હજારો લાખો ધન્યવાદ!

મહાશય! કયા દરવાજેથી હું આવી છું? આવતી વખતે મારે એટલા બધા દરવાજા અને ઉંબરા પાર કરવા પડ્યા છે કે હું બધું ભૂલી ગઈ છું અને મારી આંખ પણ હવે કમજોર થઈ ગઈ છે.

આપ મહાશય! શું અહીં ક્લાર્ક છો? મારા કામમાં વિલંબ... મારું કામ અવશ્ય કરી દેજો. હું હવે જઈ રહી છું. આ હું એટલા માટે કહેવા આવી હતી કે મારી પાસે માનું હૃદય છે.

***સર્જક પરિચય :*** *લ્યોન ઈયૂજીન ફૈપી ફ્રાન્સના સુપ્રસિદ્ધ કથાસર્જક છે. એમની આ વાર્તામાં પુત્ર પ્રત્યેની માની મમતા કેવી હોય છે અને એક મા તરીકે બીજા પુત્રની મા પ્રત્યે તે કેવો ભાવભર્યો લાગણીભર્યો વ્યવહાર કરે છે, તેનું આલેખન કરવામાં આવ્યું છે. પુત્ર તો અજાણતાં કોઈની ગોળીનો શિકાર થયો, પરંતુ તેના મત્યુથી જેમને સજા થઈ છે તેને આ મા છોડાવે છે. વાર્તાકારે એકોક્તિનો પ્રયોગ કરીને પ્રયોગશીલ વાર્તાનું સર્જન કર્યું છે.*

## યાનુસ કાર્યાક

**(અનુસંધાન : પાના નં.-૧૬૫ ઉપરથી ચાલુ)**

માફી તો તમારે માંગવાની છે, સમગ્ર માનવતા સમક્ષ...'

'ડૉ. યાનુસ, હજી તમારી ઉંમર ઘણી નાની લાગે છે... એ વિચારો કે તમે આ દુનિયામાં ઘણું સુખ મેળવી શકશો...'

'જો મારા બાળકોને મોત જ મળવાનું હોય, તો મને પણ મોત જોઈએ. હું એમને જીવન ન આપી શકું તો તેમની સાથે મરી તો શકું ને?' પછી થોડીવાર રોકાઈને યાનુસ બોલ્યો, '...અને બાકી રહી વાત, આ દુનિયાની, તો... તમારી આ ધિક્કાર, ધૃણા, હિંસા અને અત્યાચારથી ભરેલી દુનિયામાં જીવવાનો કોઈ જ મોહ નથી...'

પોલીસના ઉપરીએ છેલ્લો પાસો ફેંક્યો, 'પણ તમે જર્મન છો... ઉચ્ચ આર્ય જાતિના છો...'

તેને વચ્ચે જ રોકતા યાનુસ બોલ્યો, 'ના, મારે કોઈ રાષ્ટ્ર નથી, કોઈ જાતિ નથી કે કોઈ ધર્મ નથી. હું માત્ર માણસ છું.' પછી કોઈ દ્રઢ નિર્ણય કરી લીધો હોય એમ એનો ચહેરો ઝળહળી ઉઠ્યો. 'ચાલો, હવે વાર નથી કરવી... મારા બાળકો કે બીજા કોઈથી પણ પહેલાં હું ગેસ ચેમ્બરમાં જવા માગું છું.' એમ કહીને યાનુસ ગેસ ચેમ્બરનો દરવાજો ખોલીને અંદર ગયો... અને સાથીઓ તરફ ફરતો બોલ્યો, 'અલવિદા, મારા પ્યારાઓ! અલવિદા! પરીઓના દેશમાં મળીશું...'

કોંચ શહેરના એક કવિએ લખ્યું છે, 'હણાયાં જે નિર્દોષ, તે સર્વેને સત્ય સજીવન કરશે! આપણે ફરી મળીશું. મને દિલના ઊંડાણથી શ્રદ્ધા છે કે આપણે ફરી ચોક્કસ મળીશું... એક એવા વિશ્વમાં કે જ્યાં ધૃણા, હિંસા અને અત્યાચાર નહીં હોય ત્યાં... પરીઓના દેશમાં... અલવિદા...'


પછી તેણે ગેસ ચેમ્બરનો દરવાજો બંધ કરી દીધો. તેમાં જીવનને ખતમ કરી દેનારી પ્રક્રિયાઓ બે મિનિટ સુધી ચાલી. સ્તબ્ધ પોલીસ ઉપરી બે ક્ષણ દરવાજા તરફ તાકી રહ્યો પછી દાહક ધૃણાથી થૂંક્યો, '...કૂતરીના પેટનો, કૉમ્યુનિસ્ટ સાલ્લો...' ■

## રેડ કાર્પેટ

**(અનુસંધાન : પાના નં.-૧૬૦ ઉપરથી ચાલુ)**

નથી કે ગામ આખું એક દલિતની દીકરીનું આટલું ભવ્ય સન્માન કરે! મને એ વાતનો આનંદ થાય છે કે ગામે મને અપનાવી લીધી છે. ગામની દીકરી બનાવી દીધી છે. ભારતનાં બધાં જ ગામડાંમાં આવી ભાવના પ્રગટે તો ગાંધીજીનું સાચા સ્વરાજનું સ્વપ્નું સિદ્ધ થયું ગણાય. વર્ગવિગ્રહ અને વર્ગભેદ આપોઆપ ટળી જાય. ગામના આવા પ્રેમથી હું આજે ગદ્‌ગદિત થઈ જાઉં છું. આ ગામનું ઋણ હું ક્યારે પૂરું કરીશ?"

વાક્ય પૂરું થાય તે પહેલાં જ સામેથી એક પથ્થર છૂટ્યો. કલેક્ટર શૈલબાળાના કપાળે અથડાયો. "ઓ બાપરે" શૈલબાળાએ ચીસ નાખી. કલેક્ટરના કપાળમાંથી લોહીની ધારા તૂટી પડી. સર્વત્ર હોહા મચી ગઈ. ગિલ્લોલનો ગોળો છોડનાર પર લોકો તૂટી પડ્યા. શબ્દો હવામાં પડઘાતા હતા- "સાલાએ ગામની આબરૂ પર પાણી ફેરવ્યું." મારો... મારો... ના દેકારા-પડકારા થયા. લોહી નીંગળતી શૈલબાળાનો હુકમ છૂટ્યો... "છોડી દો એને. નાદાન છે, પણ મારા ગામનો દીકરો છે ને." એ રેડ કાર્પેટ પર લાલ શોણિત-બિંદુઓ ટપકતાં હતાં. લાલ-ચટાક જાજમ કાળી પડી રહી હતી; યુગો જૂની વેદનાથી!" ■



## વાર્તાકારોના વાણોતર

# અશોક હર્ષ

• સંજય પી. ઠાકર •

*ત્રણ-ત્રણ પેઢીના ગુજરાતી વાર્તાકારોનું જેમણે ગર્ભાધાનથી માંડીને ઘડતર સુધીનું કામ 'ચાંદની' વાર્તામાસિક દ્વારા કર્યું એવા અલગારી નિઃસ્પૃહ કચ્છી સાક્ષર-સ્વાતંત્ર્ય સેનાની અશોક હર્ષની જન્મ શતાબ્દી (૧૯૧૫ - ૨૦૧૫) ના અવસરે એક શબ્દાંજલિ...!*

આપણા સમર્થ સાહિત્યકાર અને નીડર પત્રકાર અશોક રતનસિંહ હર્ષ વાર્તાકાર, ચરિત્રકાર, પત્રકાર, સંપાદક અને અનુવાદક તરીકે સુપ્રસિદ્ધ છે. અશોકભાઈનો જન્મ આજથી બરાબર એકસો વર્ષ પહેલાં ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૧૫ ના રોજ કચ્છના મુંદ્રા ખાતે થયો હતો. જો કે ગુજરાતી સાહિત્ય પરિષદની વેબસાઈટ પર એમની જન્મ તારીખ ૨૭ સપ્ટે. દર્શાવાઈ છે. તેમની માતાનું નામ લક્ષ્મીબેન હતું. તેમનું પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ મુંદ્રામાં થયું. મેટ્રિકના વર્ષમાં અભ્યાસ છોડી સ્વાતંત્ર્ય આંદોલનમાં જોડાઈ ગયા હતા.

૧૯૩૦માં ઐતિહાસિક દાંડીકૂચમાં અશોકભાઈ જોડાયા હતા. ૧૯૩૧માં મુંદ્રા ખાતે એમનાં જયાબેન સાથે લગ્ન થયાં હતાં. તે વખતે કચ્છ સંબંધિત 'વતન' સાપ્તાહિક કચ્છના ભડવીર પત્રકાર છગનલાલ ભ. મહેતા પ્રગટ કરતા હતા તેમાં તે જોડાયા. તેઓ રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય ચળવળમાં અગ્રપદે રહી ગુજરાતમાં આહલેક જગાડનારાઓમાંના એક હતા. પ્રખર ક્રાંતિકારી સરદાર પૃથ્વીસિંહ આઝાદને કેટલાયે દિવસો સુધી આશ્રય આપેલો. એટલું જ નહીં, તેજાબી કલમથી પ્રચાર પત્રિકાઓ લખી ઠેર ઠેર વહેંચેલી.

'લખમી' નામની પ્રાણીકથા 'કુમાર' માં ૧૪ વર્ષની ઉંમરે પ્રગટ થઈ હતી. પછીથી 'કુમાર' ના તંત્રી રવિશંકર રાવળ સાથે નિકટતા કેળવાઈ અને ૧૯ વર્ષની વયે 'કુમાર'માં બચુભાઈ રાવતના સહકાર્યકર તરીકે જોડાઈ ગયા. અલગારી નિઃસ્પૃહ સાક્ષર અને નીડર પત્રકાર તરીકે નામના મેળવનાર અશોકભાઈ ઊંચા ગજાના સર્જક હતા. તેમને માનવવંશશાસ્ત્રમાં રસ પડ્યો અને આ વિષયનો વિસ્તૃત અભ્યાસ કરી ગુજરાતીમાં 'માનવ જીવનનો ઉષઃકાળ' નામે પુસ્તક તૈયાર કર્યું. ગુજરાત વિદ્યાસભાએ ૧૯૪૦ માં એ પ્રગટ કર્યું અને એન્થ્રોપોલોજી વિષયક આ પુસ્તક ગુજરાતીમાં એક સારા સંદર્ભગ્રંથની ગરજ સારે છે. એ એમ.એ. ના સ્તરે પાઠ્ય પુસ્તક છે. ગુજરાત રાજ્યની સરહદ નક્કી કરવા ડાંગની ભાષાને લગતા વિવાદ વખતે ગુજરાત સાહિત્ય સભાએ જે પ્રતિનિધિ મંડળ ડાંગ મોકલેલું તેમાં ઍન્થ્રોપોલૉજિકલ અને ઍન્થ્રોપૉમેટ્રિક સરવેનું કામ એમને સોંપાયેલું, જેનાં તારણો સાહિત્ય સભાએ બહાર પાડેલાં પુસ્તકોમાં સંગ્રહાયેલાં છે. ૧૯૪૫થી ૪૮ના ગાળામાં વિરલ કહેવાયા તેવા તેમના બે વાર્તાસંગ્રહો 'સાગરના સાવજ' અને 'સુષમા' પ્રગટ થયા હતા. ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ. ભટનાગરનું જીવનચરિત્ર એમણે 'કુમાર' તરફથી પ્રગટ કર્યું હતું. તેમનો જીવન ચરિત્રોનો સંગ્રહ 'વિભૂતિ મંદિર' જાણીતો છે. ૧૯૪૯માં જગતનાં શ્રેષ્ઠ એકાંકીઓના અનુવાદનો સંગ્રહ 'આરાધના અને બીજાં નાટકો' એ નામે પ્રગટ થયો છે. ટૂંકી વાર્તા, કવિતા, નવલકથા, નાટક, નિબંધ, જીવનચરિત્રો, રહસ્યકથાઓ, શિકારકથાઓ જેવાં તેમનાં ત્રીસેક પુસ્તકો પ્રસિદ્ધ થઈ ચૂક્યાં છે. એમના નવલિકા સંગ્રહોમાં મૌલિક અને અનુદિત વાર્તાઓ સંગ્રહિત છે. મુખ્યત્વે સાહસકથાઓ અને વિજ્ઞાન કથાઓમાં માનવમનની વિલક્ષણતાઓને સહજ રીતે પ્રગટ કરે છે. વિદેશી કૃતિઓના સાર ગુજરાતીમાં સરળ ભાષામાં મૂકી આપીને પણ તેમણે મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે. ગુજરાત પત્રકાર સંઘનું ઘણા લાંબા સમય સુધી પ્રમુખસ્થાન શોભાવનાર અશોકભાઈએ યુવાનોને જોશ ચડાવે તેવી સાહસકથાઓ પણ લખી છે. 'જંગલની કથાઓ' પુસ્તકમાં સંગ્રહાયેલી સાહસકથાઓ પરાક્રમના પ્રેરણા સ્રોત જેવી છે. એકાંકી 'સાગરનાં છૈયાં', 'ફ્રાંસની શ્રેષ્ઠ ટૂંકી વાર્તાઓ,' 'ઈતિહાસધારા,' 'કિશોરચરિતમાલા' (ખંડ ૧ થી ૫), 'શ્રેષ્ઠ વિદેશી નવલકથાઓનો સાર' (ભાગ ૧-૨), અનુદિત 'મેઘ અને ધરતી' ઉલ્લેખનીય છે.

અશોકભાઈનું વાંચન વિશાળ હતું. બહુશ્રુત અશોકભાઈના આ પાસા વિશે ડૉ. રમણલાલ જોશીએ લખ્યું છે કે, 'અશોકભાઈએ કચ્છની શાળાની લાઈબ્રેરીનાં ઘણાં પુસ્તકો વાંચી નાંખેલાં. જે કોઈ નવું સત્ત્વશીલ પુસ્તક તેમના હાથમાં આવે તે તરત વાંચી નાખે.'

*કોઈની ભૂલ પર નારાજ થતા પહેલાં આપણી બધી ભૂલોને પણ ગણી લો.*

એમના અંગત પુસ્તકાલયમાં દસ હજાર જેટલાં પુસ્તકોનો સંગ્રહ હતો!

'પ્રજાબંધુ' છોડીને તેઓ રમણલાલ જાનીના 'ભારતી' સાપ્તાહિકમાં જોડાયેલા પણ શ્રી જાનીના અવસાનથી 'ભારતી' બંધ થતાં નીરુભાઈ દેસાઈ સાથે મળી 'સર્જન', 'ઘડતર' અને 'માનસી' એ ત્રૈમાસિક શરૂ કર્યાં. જયંતી દલાલ સાથે 'ગતિ અને રેખા' માસિકનું સંપાદન કર્યું. ૧૯૪૫થી '૪૯ 'ભારતી'ના સંપાદક રહ્યા. પછી ફરી 'પ્રજાબંધુ' માં જોડાવાનું થતાં એ સમેટી લીધાં. ૧૯૫૫ માં 'જનસત્તા - લોકસત્તા' જૂથના 'ચાંદની' વાર્તા માસિકના સંપાદક નિમાયા અને તેનું પચ્ચીસ વર્ષ સંપાદન કર્યું. 'જનસત્તા'માં 'સંસારના રંગ', 'ઘોષ-પ્રતિઘોષ' અને 'પ્રેરણા અને પ્રતિબિંબ' કૉલમોથી લોકપ્રિયતા હાંસલ કરી.

અશોકભાઈનો મૂળ રસ ઈતિહાસનો હતો. ઈતિહાસનું એમનું અધ્યયન અને અવલોકન તલસ્પર્શી છે. એમના ક્રાંતિદર્શનમાં ડાબેરી ઝોક પહેલેથી જ હતો. દેશ અને સમાજના ગરીબ અને વંચિત વર્ગને બેઠો કર્યા વિના પ્રગતિ અને સમૃદ્ધિ શક્ય નથી એવો દૃઢ મત હતો. આવી વિચારધારાને વરેલા અનેક સર્જકો, વિદ્વાનો એમના નિકટતમ મિત્રો હતા.

અમદાવાદ આવી સંસ્કારિક માસિક 'કુમાર'ના સહસંપાદક તરીકે ૧૯૩૫માં જોડાયા હતા. છ-છ દાયકા સુધી સાહિત્યની અવિરત સેવા કરનાર અશોકભાઈએ વાર્તાકારોની ત્રણ-ત્રણ પેઢીઓને ઘડી હતી. તે વખતના નવોદિત વાર્તાકારોને પ્રોત્સાહન, માર્ગદર્શન આપવામાં તેમણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રે તેમણે અથાગ પરિશ્રમ કર્યો.

જાણીતા લેખક રતિલાલ જોગીએ નોધ્યું છે : 'ગુજરાતી નવી વાર્તાનાં, અશોકભાઈએ જે લાડ અને જતન કર્યાં છે તેની કોઈ જોડ નથી.' બચુભાઈ રાવતે તેમને 'સર્વદેશીય પ્રતિભાધર' કહ્યા છે. કવિવર સુંદરમે તેમને 'ફાંકડો કલમબાજ' કહેલા.

આજથી પાંચ-છ દાયકા પહેલાં એટલે કે ૧૯૫૭થી ૧૯૬૫ સુધીના ગાળામાં 'ચાંદની', 'આરામ' જેવાં માત્ર વાર્તાઓ માટેનાં માસિકો દ્વારા એ વખતના નવયુવાન ઊગતા સર્જકો ટૂંકી વાર્તાઓ એટલે કે નવલિકાઓ લખવા તરફ વળતા થયા. જેને પરિણામે તેમનામાંથી ઘણા આગળ જતાં ગુજરાત અને ગુજરાતની બહાર પણ સુપ્રસિદ્ધ વાર્તાકારો તરીકે પ્રતિષ્ઠા પામ્યા. તેમના તે વખતે થયેલાં સંવર્ધનમાં 'ચાંદની' અને બીજાં સાહિત્યક સામયિકોનો અગ્ર ફાળો હતો. રજનીકુમાર પંડ્યા નોંધે છે તેમ, 'આ બધા (સામાયિકો) માં જેણે ખરા અર્થમાં વાર્તાકારોનું ઘડતર કર્યું કહેવાય તેવા તંત્રી તો એકમાત્ર અશોક હર્ષ જ...! ગમે તેવો નવો વાર્તાકાર તેમને વાર્તા મોકલે તે પછી માત્ર પંદર દિવસમાં જ તેમનું આડું પોસ્ટકાર્ડ આવે, તેમાં સ્વીકાર-અસ્વીકારના જવાબ ઉપરાંત જો તે અસ્વીકાર પામી હોય તો તેનાં કારણો પણ બે-ચાર લીટીમાં આપે...કે જે નવા વાર્તાકાર માટે દિશાસૂચક બની રહેતી. 'ચંદરવો' શીર્ષકથી તેઓ દરેક અંકનું છેલ્લું પાનું લખતા. તેમાં વાર્તાની તત્ત્વચર્ચાથી માંડીને ગુજરાતી વાર્તાના સાંપ્રત પ્રવાહોની જાણકારી પિરસાતી. વાર્તાની સાથે લેખકનો ફોટોગ્રાફ અને સરનામું સુધ્ધાં છાપવાની પરંપરા ગુજરાતી સામયિક જગતમાં પણ શરૂ કરનારા તો અશોક હર્ષ જ. અશોકભાઈ બહુ ઓછા બોલા, સાદા અને સંપાદક હોવાના કશા પણ બરા વગરના.' સાથે ગમે તેવા ધુરંધરની સાડી બાર નહીં રાખનાર મરદ તરીકે જાણીતા હતા. નીડરતા તેમનો મોટો ગુણ હતો. સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રિય ભાગ લેવા છતાં જરૂર પડે ત્યારે ગાંધીજી જેવા સર્વોચ્ચ નેતાને પણ સાચી વાત સંભળાવી દેતાં અચકાતા નહીં. 'ચાંદની' કાળક્રમે બંધ પડ્યું તે પછી તેઓએ અનેક અખબારોમાં કામ કર્યું અને છેલ્લે તેઓ 'સંદેશ'માં સામાન્ય પાયરી પર સેવાઓ આપતા હતા.

અશોકભાઈને જે અનેક પારિતોષિકો પ્રાપ્ત થયાં તેમાં ૧૯૫૩માં 'કુમાર' ચંદ્રક, ગુજરાત ઊર્દૂ બોર્ડનો અખિલ ભારતીય કલાશ્રી ઍવોર્ડ, ગુજરાત પ્રગતિશીલ લેખક સંઘનો ઍવોર્ડ, સ્વાતંત્ર્ય સેનાની માટેનો સ્વ. શારદાબેન ભટ્ટ ઍવોર્ડ, ૧૯૯૬માં ગુજરાત સાહિત્ય અકાદમીનો અનુવાદ માટે ડૉ. જયંત ખત્રી - બકુલેશ ઍવોર્ડ, પત્રકારત્વ ક્ષેત્રનો 'સંસ્મૃતિ' ઍવોર્ડ, જંગલની વાતો માટે ગુ.સા. અકાદમીનો ઍવોર્ડ વગેરે દ્વારા સન્માનિત થયા હતા. માંડવી (કચ્છ) ખાતે સાહિત્ય અકાદમીએ એમનું બહુમાન કરેલું. 'મમતા' વાર્તામાસિક દ્વારા નવોદિત માટે વાર્તાસ્પર્ધાનું આયોજન થાય છે અને એકાવન હજાર રૂપિયાનું પ્રથમ પારિતોષિક અપાય છે તેને અશોક હર્ષના નામ સાથે જોડવામાં આવ્યું છે. ગુજરાતી સાહિત્ય સંગમે 'સાહિત્યબ્રહ્મા અશોક હર્ષ ઍવોર્ડ' નવોદિતો માટે ખુલ્લો મૂક્યો છે.

સાહિત્ય અને પત્રકારત્વ એમ બન્ને ક્ષેત્રે આગવી ખુમારીથી નામના મેળવનાર અશોક હર્ષનો જીવનદીપ ૧૩મી ડિસેમ્બર, ૨૦૦૩ ના રોજ ૮૯ વર્ષની વયે અમદાવાદમાં બુઝાયો. આ કચ્છી સર્જકની જન્મ શતાબ્દી (૧૯૧૫ - ૨૦૧૫) ના અવસરે આપણી ભાવભરી શબ્દાંજલિ...! ■

*તમારી પાસે કશુંક શુભ કે સત્ય હોય તો સાચવી કે છુપાવવાની, ચૂપ બેસી રહેવાની જરૂર નથી. લોકો સુધી એ શુભ કે સત્યને પહોંચાડવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ, કેમકે તમારા એક નાનકડા પ્રયત્નથી કોઈના માટે સત્ય કે શુભનું દ્વાર ખૂલતું હોય, કોઈની આંખ ઊઘડતી હોય કે કોઈના જીવનમાં સત્ય, શિવ અને સુંદરનું એક નાનકડું કિરણ પણ પ્રવેશતું હોય તો એ પ્રયત્ન કરવા જેવો છે.*

*– વત્સલ વસાણી*

*સૌજન્ય : "તાણાવાણા – ૧૨"*

*પોતાની જાત પર જે હસી શકે છે, એની પાછળ એની ગેરહાજરીમાં બીજા કોઈ તેના પર હસતા નથી.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૪૨

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સામાજિક પ્રવૃત્તિઓની સમાંતર જ તેની ભગિની સંસ્થા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની પ્રવૃત્તિઓ પણ સતત ચાલતી રહેતી હતી. તેની તે સમયે ખાસ પ્રવૃત્તિઓમાં 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' લખાવવાની તથા ભુજ ખાતે એક આર્કિટેક્ચરલ કૉલેજ સ્થાપવાની દિશામાં ચાલતી હતી.

'કચ્છના સર્વાંગી ઇતિહાસ'ના આલેખનની કાર્યવાહી અંગે એક મિટિંગ તા. ૧૯-૬-૨૦૧૦ના રોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ ખાતે મળી હતી. તે મિટિંગમાં પરામર્શ સમિતિના સભ્યો ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી ઉમિયાશંકર અજાણી, શ્રી હરેશ ધોળકિયા, શ્રી દિનકર મહેતા, ડૉ. તુષાર હાથી, શ્રી શશીકાંત ઠક્કર, શ્રી નરેશ અંતાણી, શ્રી દીપક માંકડ તથા શ્રી હસમુખ અબોટી હાજર રહ્યા હતા. જ્યારે અમદાવાદથી શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રતાપ દંડ, શ્રી હંસરાજ કંસારા, શ્રી આર.ટી. સાવલિયા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી હીરજી પાસુભાઈ શાહ, શ્રી બી.કે. પટેલ - સી.એ., શ્રી મનસુખભાઈ પટેલ, શ્રી મણિલાલભાઈ ગોસર તથા શ્રી નીતિનભાઈ ગાલા હાજર રહ્યા હતા.

આ મિટિંગમાં અત્યાર સુધી આવેલ લેખોને ફાઈનલ સ્વરૂપ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી. એ સમિતિ ભુજ ખાતે દર રવિવારે મળે અને જે તે લેખના લેખકને બોલાવી, એ લેખ અંગે જરૂરી ચર્ચા વિચારણા કરી, એ લેખકો જ જરૂરી સુધારા વધારા સાથે પોતાના લેખો ફાઈનલ કરી આપે તે પ્રમાણે નક્કી કરવામાં આવ્યું હતું. એ સમિતિમાં નીચે મુજબના સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી : (૧) ડૉ. કાંતિભાઈ ગોર - કન્વીનર, (૨) શ્રી કીર્તિભાઈ ખત્રી, (૩) શ્રી ઉમિયાશંકર અજાણી, (૪) શ્રી હરેશ ધોળકિયા, (૫) શ્રી દિનકર મહેતા તથા (૬) શ્રી નરેશ અંતાણી.

ઇતિહાસ આલેખન અંગેનું પ્રથમ ચેપ્ટર તૈયાર થઈ ગયેલ હોવાથી તેને અંતિમ સ્વરૂપ આપી, સંપાદન સમિતિને મોકલી આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સર્વાંગીપણે ઇતિહાસ અંગેની અન્ય બાબતો ઉપર વિસ્તૃત ચર્ચા વિચારણા બાદ સભા બરખાસ્ત કરવામાં આવી હતી. આ રીતે કચ્છના સર્વાંગીપણે ઇતિહાસ આલેખનની કાર્યવાહી વ્યવસ્થિત આગળ ચાલતી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ અવિરતપણે પોતાની પ્રવૃત્તિઓ પેટા જ્ઞાતિઓના ભેદભાવ વગર ચલાવે છે અને તેમાં અન્ય શહેરોના સમાજો પણ જોડાય તે બદલ સતત પ્રયત્નશીલ રહે છે. અવારનવાર અમદાવાદ કે અન્ય સ્થળોએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ સમારંભો યોજીને આ એક સંદેશ અન્ય ગામોમાં પહોંચાડવાનું કાર્ય કરે છે. તેના અનુસંધાને ગુજરાતના અમદાવાદ પછીના બીજા નંબરના શહેર સુરતમાં પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ સ્થપાય તે બદલ પ્રયત્નો કરેલ હતા. આ પ્રયત્નોનાં ફળ સ્વરૂપે તા. ૨૭-૬-૨૦૧૦ના રોજ સુરતમાં કતાર વિસ્તારમાં આવેલ શ્રી વાગડ સાત ચોવીસી જૈન સમાજનાં આરાધના ભવન ખાતે એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત સ્થિત કચ્છી જૈન સમાજનાં જુદા જુદા ઘટકોનાં ૧૦૦ પ્રતિનિધિઓએ હાજરી આપેલ હતી. આ મિટિંગનું આયોજન સુરત સ્થિત કચ્છી જૈન ગૂર્જર સમાજે ગોઠવેલ હતું. તેઓએ વિવિધ સંગઠનોનાં આગેવાનશ્રીઓને આ મિટિંગમાં ઉપસ્થિત રહેવા માટેનું આમંત્રણ પાઠવેલ હતું.

આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રતિનિધિઓ શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રતાપ દંડ, શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ તથા શ્રી રસિકલાલ ખીમજી મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

સુરત સ્થિત કચ્છી જૈનો હાલે વિવિધ ૬ ફિરકાઓમાં પોતાની સામાજિક તથા ધાર્મિક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહે છે. તેમાં (૧) શ્રી વાગડ સાત ચોવીસી સમાજમાંથી શ્રી ગિરીશ કેવળદાસ ગાંધી, શ્રી લહેરચંદ નેમચંદ મહેતા, શ્રી સતીશ સૌભાગ્યચંદ વોરા વગેરે આગેવાનો હાજર રહ્યા હતા. (૨) શ્રી વાગડ બે ચોવીસીમાંથી શ્રી મોહનભાઈ નેમજી મહેતા, શ્રી ચંદુભાઈ સંઘવી, શ્રી જયસુખલાલભાઈ મહેતા વગેરે. (૩) શ્રી વાગડ વીસા ઓસવાલ સમાજમાંથી શ્રી પ્રવીણભાઈ વઘાણ, શ્રી જયંતીભાઈ નીસર વગેરે. (૪) શ્રી ક.વી.ઓ. જૈન સમાજમાંથી શ્રી મનસુખભાઈ છેડા, શ્રી મનુભાઈ છેડા, શ્રી જયેશભાઈ વિસરિયા વગેરે. (૫) શ્રી ક.દ.ઓ. જૈન સમાજમાંથી શ્રી પ્રવીણચંદ્ર ધરમશી વગેરે તથા (૬) શ્રી કચ્છી જૈન ગૂર્જર સમાજમાંથી શ્રી જગદીશભાઈ શાહ, શ્રી કિરણભાઈ પારેખ, શ્રી કૌશિકભાઈ શાહ વગેરે આગેવાનશ્રીઓ ઉપરાંત અન્ય અનેક આગેવાનો હાજર રહ્યા હતા.

આ મિટિંગના અધ્યક્ષ સ્થાને યજમાન એવા શ્રી કચ્છી જૈન ગૂર્જર સમાજનાં પ્રમુખ શ્રી કિરણભાઈ પારેખ બિરાજમાન હતા. સભાનું સંચાલન શ્રી જયેશભાઈ વીસરિયાએ કરેલ હતું. મંચ પરથી જેટલા પણ આગેવાનશ્રીઓએ પ્રવચન કરેલ હતા, તે બધાનો સૂર

*માતા, એ સૌથી પહેલું તીર્થ છે.*

એક જ હતો કે સુરતમાં પણ સમગ્ર કચ્છી જૈનોનું એક સંગઠન હોવું જોઈએ, જેથી કરીને સમાજ તેઓની કર્મભૂમિ સુરત તથા માતૃભૂમિ કચ્છની સેવા અને વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કરી શકે. આ મિટિંગમાં "શ્રી કચ્છી જૈન સેવા સમાજ – સુરત - નવસારી"ની રચના થયાની જાહેરાત કરવામાં આવી હતી અને તેના સંચાલન માટે એક પ્રમોટર ટ્રસ્ટ મંડળની રચનાનું સૂચન કરવામાં આવ્યું હતું. જેની ચર્ચા વિચારણા કરી એક પ્રમોટર ટ્રસ્ટ મંડળની રચના કરી, તેના સભ્યોનાં નામો જાહેર કરવામાં આવ્યા હતા. જેને હાજર રહેલા સૌએ વધાવી લીધેલ હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજની કાયમી પ્રવૃત્તિઓમાંની એક ૧૫મી ઓગસ્ટની ઉજવણી તથા સરસ્વતી સન્માનનો એક ભવ્ય કાર્યક્રમ તા. ૧૫-૮-૨૦૧૦ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ઊજવાયો હતો. ભારતની આઝાદીને ૬૩ વર્ષ પૂર્ણ થયેલ હોતાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દર વરસની જેમ તે વર્ષે શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં સવારના ૯ વાગ્યે સમાજનાં મુરબ્બી શ્રી મગનલાલ મોતીચંદ સંઘવીનાં વરદ્ હસ્તે ભારતનાં ૬૪માં રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી, ધ્વજવંદન કરીને કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજનાં બાળકો, યુવાનો, યુવતીઓ તથા માતાઓ અને વડીલોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી.

આ પ્રસંગે શ્રી મગનભાઈ સંઘવીએ પોતાના વક્તવ્યમાં લોકોને રાષ્ટ્ર પ્રત્યેની ફરજનું ભાન કરાવતાં જણાવ્યું હતું કે રાષ્ટ્રીય ચૂંટણી વખતે મતદાન કરવું એ આપણી પવિત્ર અને નૈતિક ફરજ છે. અને તે મતદાન દ્વારા રાષ્ટ્રની સેવા અર્થે યોગ્ય વ્યક્તિઓ ચૂંટાય તેવી સભાનતાપૂર્વક મતદાન કરવું જોઈએ.

ઉપરોક્ત કાર્યક્રમ બાદ સવારના ૯.૩૦ કલાકે સમાજની પુરસ્કાર સમિતિ દ્વારા આયોજિત સરસ્વતી સન્માન કાર્યક્રમમાં સૌએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆત, સમાજની એક બાળકી દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ સરસ્વતી સ્તુતિથી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે નવનીત પ્રકાશનના શ્રી રાજુભાઈ ગાલા, નવભારત સાહિત્ય મંદિરના શ્રી જયેશભાઈ શાહ તથા ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના શ્રી પંકજભાઈ શાહ તથા સરસ્વતી સન્માનના પુરસ્કાર દાતા માતુશ્રી વિમળાબેન કેશવજી શાહ તથા સુશ્રી ચૌલાબેન ઉમરશીભાઈ કુરુવા બિરાજમાન હતા. ઉપરોક્ત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી સમારંભનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. હાજર રહેલા સૌ મહાનુભાવોનું પુરસ્કાર સમિતિ, યુવા વિકાસ સમિતિ તેમજ ઇતર ડેવલપમેન્ટ સમિતિનાં કન્વીનરો તથા સભ્યોએ પુષ્પગુચ્છથી સન્માનિત કરેલ હતા.

ધોરણ ૮ થી ૧૨માં સમાજમાંથી પ્રથમ, દ્વિતીય તથા તૃતીય સ્થાને આવેલાં બાળકોને પારિતોષિકોથી સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઇતર ડેવલપમેન્ટ સમિતિનાં આમંત્રણને માન આપીને શ્રી સોમલલિત ઈન્સ્ટિટ્યૂટનાં પ્રોફેસર શ્રી જયરાજ પંડ્યા પધાર્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસમાં આગળ શું કરવું અને તેમાં પડતી મુશ્કેલીઓનો નિવેડો કેમ લાવવો તે વિશે જ્ઞાનસભર માહિતી આપી હતી.

પ્રખ્યાત માનસશાસ્ત્રી શ્રીમતી નિમ્રતસિંઘે પોતાના વક્તવ્યમાં બાળકોને પોતાનામાં આત્મવિશ્વાસ કેવી રીતે જગાડવો તેની સમજણ ઓડિયો વિઝ્યુઅલ શો દ્વારા આપીને યોગ્ય માર્ગદર્શન આપેલ હતું.

કાર્યક્રમ દરમિયાન અતિથિ વિશેષ શ્રી રાજુભાઈ ગાલાએ ચાલુ વર્ષ દરમ્યાન ધોરણ-૧૦માં સરકાર દ્વારા કરવામાં આવેલ નિયમોનાં ફેરફારની વિગત ખૂબ જ સરળ ભાષામાં સમજાવી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજનો આ એક પ્રથમ વિશિષ્ટ સમારંભ હતો કે જેમાં સમાજનાં પદાધિકારીઓ મંચ ઉપર ઉપસ્થિત રહેવાને બદલે શ્રોતાગણમાં બેઠેલા હતા. જ્યારે મંચની સંપૂર્ણ જવાબદારી પુરસ્કાર સમિતિ, યુવા વિકાસ સમિતિ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિએ સંભાળેલ હતી.

આ વિશિષ્ટ સમારંભનાં આયોજનથી પ્રભાવિત થઈ વિવિધ દાતાઓએ કાર્યક્રમ દરમ્યાન પોતાના અનુદાનો જાહેર કર્યાં હતાં.

*(ક્રમશઃ)*

---

*ઘડો તૈયાર થઈ જવો એ જુદી વાત છે અને ઘડો મજબૂત બની જવો એ જુદી વાત છે. કુંભારના ચાક પર ઘડો તૈયાર તો થઈ જાય છે, પરંતુ એને મજબૂત બનાવવા કુંભારે એ ઘડાને આગમાં નાખવો જ પડે છે.*


*કૉલેજોમાં અને સ્કૂલોમાં ડિગ્રીઓ લઈને વિદ્યાર્થીઓ સાક્ષર તો બની જાય છે પરંતુ સંસ્કારી સાક્ષર બની ગયેલા તેઓ જોવા નથી મળતા કારણકે સંઘર્ષની, તકલીફોની અને કષ્ટોની આગથી તેઓને દૂર જ રાખવામાં આવી રહ્યા છે.*

*મકાન સાથે જીવનારો માણસ મકાન માટે નથી જ જીવતો. ભોજન સાથે જીવનારો માણસ ભોજન માટે નથી જ જીવતો. વસ્ત્રો સાથે જીવન જીવનારો માણસ વસ્ત્રો માટે જીવન નથી જ જીવતો. પણ કરુણતા માણસના શરીરમાં એ સર્જાઈ છે કે એ પૈસા સાથે જીવન નથી જીવતો પણ પૈસા માટે જ જીવન જીવી રહ્યો છે.*

*'સાથે'નું સ્થાન જ્યારે 'માટે' લઈ લે ત્યારે જીવનમાં કેવી અરાજકતા વ્યાપી જાય એ જોવું હોય, તો આજના ધનલંપટોને જોઈ લેવા જેવા છે.*

---

*નશાનું સુખ ફક્ત નકારાત્મક છે, દુઃખની ક્ષણિક વિસ્મૃતિ.*




**તા. ૨૭-૯-૧૫ના સમાજના**
**વાર્ષિક સ્નેહમિલન અને ક્ષમાપના સમારંભ અંગે**

સવારની શરૂઆતથી સાંજના અંત સુધીનો સમગ્ર કાર્યક્રમ અફલાતુન રહ્યો. રસપ્રદ અને ભરચક કાર્યક્રમને બિરદાવવા શબ્દો નથી મળતાં તેથી ‘Star Rating’ની ભાષામાં કહીએ તો ‘5 STAR’ રહ્યો.

કાર્યક્રમની વચ્ચે વચ્ચે મ્યુઝિકલ હાઉસીએ રંગ રાખ્યો!

સામાન્ય રીતે આવા કાર્યક્રમોમાં ‘લંચ’ પછી હૉલ અડધો ખાલી થઈ જતો હોય છે પરંતુ અહીં તો લક્કી ડ્રો સુધી હૉલ ‘હાઉસફુલ’ રહ્યો! પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રીઓ, માનદ્ મંત્રીશ્રી તેમજ લાગતી વળગતી તમામ સમિતિઓના (જેવી કે સાંસ્કૃતિક, પુરસ્કાર, ભોજન તથા અન્ય) કન્વીનરો તેમજ સભ્યો અભિનંદનના અધિકારી છે. તેમને સર્વેને શુભેચ્છા.

મ્યુઝિકલ હાઉસીના લગભગ બધા જ સીંગર્સની રજૂઆત એટલી ઉત્કૃષ્ટ હતી!

હાઉસીનું આયોજન કરનાર દંપતીએ પણ લોકોના દિલ જીતી લીધા હતા. તેમાં પણ વળી સરપ્રાઈઝ ઈનામને કારણે તે વધારે રસપ્રદ બની રહી! મિનિ પ્રહસનવાળા આઈટમના કલાકારોના અભિયન પણ સુંદર હતા.

શ્રીમતી અલ્પા શાહનું એન્કરિંગ હંમેશ પ્રમાણે જ સુંદર રહ્યું. તેમને પણ અભિનંદન. (યોગાનુયોગ તે તો વળી અમારા એક ફ્રેન્ડના પુત્રી અને બીજા ફ્રેન્ડના પુત્રવધૂ છે!)

સ્વામિવાત્સલ્યના સુંદર ભોજન તેમજ ભોજન સ્થળે સુંદર વ્યવસ્થા બદલ દાતાઓ તેમજ આયોજકોને પણ અભિનંદન.

રજિસ્ટ્રેશન કાઉન્ટર પર તેમજ લક્કી ડ્રો હાઉસીની ટિકિટના કાઉન્ટર પર સેવા આપનાર સભ્યોને પણ અહીં યાદ કરી લઈએ! — કાર્યક્રમ જોવાના ભોગે તેઓ ફરજ બજાવતા હતા.

*ચિત્રસેન શાહ - ગાંધીનગર*
*મો. ૯૪૦૯૫૪૧૫૫૧*

*આપણું સર્વસ્વ ખોવાઈ જાય,*
*સરી પડે અને લૂંટાઈ જાય પછી જે બાકી રહે*
*તે અહેસાસ પ્રેમ છે.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ઈન્ડિયન ફોકલોર કોંગ્રેસની ૩૯મી કોન્ફરન્સ

ઈન્ડિયન ફોકલોર કોંગ્રેસની ૩૯મી કોન્ફરન્સ ઓક્ટોબરની તારીખ ૯, ૧૦, ૧૧મીએ (શુક્ર, શનિ અને રવિ) એન.એસ. પટેલ આર્ટસ કૉલેજ, સરદાર પટેલ ઍજ્યુકેશન ટ્રસ્ટ - આણંદ ખાતે યોજાઈ ગઈ.

આ કોન્ફરન્સમાં દેશ-પરદેશનાં ‘ફોક લોરિસ્ટ’ ભાષા વિજ્ઞાનીઓને તેમનાં સંશોધનાત્મક પેપર રજૂ કરવા માટે આમંત્રિત કરવામાં આવેલ હતા. દેશ-પરદેશના કુલ સિત્તેર સ્કોલરનાં પેપર્સ આવેલ, જેમાંથી કુલ ૪૫ સ્કોલરનાં સંશોધન પેપર્સ સ્વીકારવામાં આવેલ હતા. જે પૈકી ગુજરાતના આઠ સ્કોલપરનો સમાવેશ થાય છે. જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય શ્રી મહેન્દ્ર સાકરચંદ દોશીનો પણ સમાવેશ થાય છે.

શ્રી મહેન્દ્ર દોશીએ સિંધી-કચ્છી સૂફી કવિ ‘An Introduction to Shah’ — વિષયક પેપર્સમાં પરંપરાગત લોકગાન અને પ્રાચીન કૃતિઓને ભાષા વિજ્ઞાનની પદ્ધતિથી લાંબા સમય સુધી સંગ્રહિત કરવા માટે ભાષા વિજ્ઞાનના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને સંશોધનાત્મક ઉપાયો દર્શાવતું પેપર તેમજ વક્તવ્ય રજૂ કર્યું હતું.

*તું નાનો, હું મોટો*
*એવો ખ્યાલ જગતનો ખોટો*
*આ નાનો, આ મોટો*
*એવો મૂરખ કરતા ગોટો*
*ખારા જળનો દરિયો ભરિયો*
*મીઠા જળનો લોટો*
*તરસ્યાને તો દરિયાથીયે*
*લોટો લાગે મોટો*
*નાના છોડે મ્હેંકી ઊઠે*
*કેવો ગુલાબગોટો!*
*ઊંચા ઊંચા ઝાડે તમને*
*જડશે એનો જોટો?*
*તું નાનો, હું મોટો —*
*એવો ખ્યાલ જગતનો ખોટો.*
*મન નાનું તે નાનો*
*જેનું મન મોટું તે મોટો.*

***— પ્રેમશંકર ભટ્ટ***
***સૌજન્ય : “ભણતરનું ભાવજગત”***

*આ સંસારમાં મનુષ્યોને કોઈ બીજુ સુખ કે દુઃખ આપતું જ નથી, આ તેના ચિત્તનો ભ્રમ માત્ર છે.*

## NanoNine™ શબ્દ રમત-૧૧૧

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | ૪ | | ૫ | ■ | ૬ | | | ૭ |
| ૮ | | ■ | ૯ | | ■ | ૧૦ | | | ■ | ■ | |
| ■ | ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | | ■ | | ■ | ૧૪ | ■ |
| ૧૫ | ■ | | ■ | ૧૬ | | | | ■ | ૧૭ | | ૧૮ |
| ૧૯ | ૨૦ | ■ | ૨૧ | ૨૨ | ■ | ૨૩ | ■ | | ■ | ■ | |
| ૨૪ | | ■ | ૨૫ | | | ■ | ૨૬ | | | ૨૭ | ■ |
| ■ | ૨૮ | | | | ■ | ૨૯ | | | ■ | ૩૦ | ૩૧ |
| ૩૨ | ■ | ■ | | ■ | ૩૩ | ■ | ૩૪ | | ■ | ૩૫ | |
| ૩૬ | ૩૭ | | ■ | ૩૮ | | ૩૯ | | ■ | ૪૦ | ■ | |
| ■ | | ■ | ૪૧ | ■ | ૪૨ | | ■ | ૪૩ | | ૪૪ | ■ |
| ૪૫ | ■ | ■ | ૪૬ | | ૪૭ | ■ | ૪૮ | | ■ | ૪૯ | ૫૦ |
| ૫૧ | | | | ■ | ૫૨ | | | | ■ | ૫૩ | |

શબ્દ રમત ભરનારનું નામ : ________________________

સરનામું : ________________________

________________________ ફોન/મો. ________________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૦-૧૧-૨૦૧૫)*

### આડી ચાવીઓ

૧. પીપળ પાન ખરંત હસતી (૪)
૪. વર્તન (૪)
૭. કાયદેસર પાકે પાયે લખાણ કરવું (૪)
૧૦. ઊંટ ______ પ્રદેશનું પ્રાણી કહેવાય (૨)
૧૧. જગ્યા, સ્થળ (૨)
૧૨. નાકાવેરો, દાણ (૩)
૧૪. ______ રે વરસાદ, ઘેબરિયો પરસાદ (૨)
૧૫. નિર્ભયપણું (૪)
૧૭. આઝાદીની ______માં ઘણા લોકો શહીદ થઈ ગયા (૩)
૧૯. દિલગીરી, શોક, ______ જયપુરી ફિલ્મના ગીતોના લેખક છે (૪)
૨૧. મુસલમાનોમાં પવિત્ર ગણાતો પુરુષ (૨)
૨૩. પરાધીન (૪)
૨૫. શાકનો મસાલાવાળો જાડો રસ, જાડું દોરડું (૨)
૨૭. પડ, પોપડો (૨)
૨૯. લગ્નમાં કેટલા ______ ને જવાનું આમંત્રણ છે, વ્યક્તિ (૨)
૩૦. ચોળાની દાળની એક બનાવટ (૨)
૩૨. ક્રિકેટમાં ૧૧ ખેલાડીના સમૂહને ______ કહેવાય (૨)
૩૪. શ્વાસનો એક રોગ (૨)
૩૬. હેતુ, આશય (૪)
૩૮. દૂધની મલાઈ (૨)
૪૦. ______કી દુનિયાકો છોડકર પ્યાર કી... (૪)
૪૩. આંખની કીકી (૩)
૪૫. ભીમે આ રાક્ષસનો વધ કર્યો હતો (૪)
૪૭. આંકડો, છેડેથી વળેલો ખીલો (૨)
૪૮. કવિતા કરવી તે (૩)
૫૦. બાંધી મુઠ્ઠી ______ ની (૨)
૫૧. ______ ચણો વાગે ઘણો (૨)
૫૩. કપટબાજી, છળ પ્રપંચ (૪)
૫૫. જર્નાલિસ્ટ, છાપામાં લખનાર, તારક મહેતાના ______ પોપટલાલ (૪)
૫૬. જ્વાળામુખીમાંથી નીકળતો ગરમ રસ (૪)

### ઊભી ચાવીઓ

૧. જાતિ, વર્ગ (૨)
૨. ચિંતન, તર્કવિતર્ક (૩)
૩. શેરનો ચોથો ભાગ (૩)
૪. આંગળીથી ______ વેગળા (૨)
૫. ઘોડેસવાર ટુકડીનો નાયક (૫)
૬. ગંધક અને પારાનું એક મિશ્રણ (૩)
૭. રમણીય (૨)
૧૨. સાંકડી શેરી (૨)
૧૩. વજન (૨)
૧૪. શેર માટીની ______ છે (૨)
૧૫. સોનો સમુદાય, સેંકડો (૩)
૧૬. બીજાનો મત (૪)
૧૮. આટો, બારીક ભૂકો (૨)
૨૦. ફૂલમાંની રજ (૩)
૨૧. નવ લાખની કિંમતનું (૪)
૨૨. ખેલ, ક્રિડા (૩)
૨૩. ઉજાશ, પ્રકાશ (૪)
૨૬. ઉત્તમ કે શ્રેષ્ઠ નર (૪)
૨૭. કામઠું, ધનુષ (૩)
૩૧. મીઠું, નિમક (૩)
૩૨. લક્ષ, એકાગ્રતા (૨)
૩૩. વીતક કથા (૫)
૩૪. ઉત્તમ, વરરાજા, પતિ (૨)
૩૭. ચૂંટણીનો મત (ઇં.) (૨)
૩૯. સૂર્ય (૨)
૪૦. ન બોલવું તે (૨)
૪૧. ધંધો, રોજગાર (૩)
૪૩. કેડ, કટિ (૩)
૪૪. બી સાથેનું રૂ (૩)
૪૫. ગયા વર્ષે કે આવતે વર્ષે (૨)
૪૮. ભીમનું શસ્ત્ર (૨)
૪૯. બાજુ, પાસુ, સફળ (૨)
૫૦. ઈટાલીનું જાણીતું શહેર, રુવાટું (૨)

*"તાજી ખેડાયેલી ધરતીમાં પાણી રેડાય ત્યારે વાયુ, તેજ અને આકાશનો સીધો સંપર્ક મનભાવન બની રહે છે." પવનના ઘરમાં માટીની સુગંધ પ્રસરતી હોય ત્યારે પુષ્પોને ખબર પડી જાય છે કે સવારની ખોવાયેલી પ્રસન્નતા આપણને પાછી મળી છે.*

*સૌજન્ય : "તાણાવાણા – ૧૨"*

*અનાસક્તિથી નિઃસ્વાર્થભાવે કર્મ કરતા રહો.*

# જાણવા જેવું

***સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)***

★ અમેરિકાના રામ કબીર મંદિરમાં સતત ૧૭૩ કલાક અખંડ ભજનોની સૂરાવલીની સાથોસાથ ગીનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ નોંધાયો છે. અગાઉનો રેકોર્ડ ૯૬ કલાકનો હતો. એલ.એ.માં યોજાયેલ આ વિસ્તારમાં ખાસ વરસાદ પડતો નથી પણ અધિક માસમાં યોજાયેલ ભજનોની રમઝટ બાદ બે દિવસ સુધી વરસાદના આગમને સંગીત સમ્રાટ તાનસેન અને બૈજુ બાવરાની યાદ તાજી કરાવી હતી.

★ ઇ.સ. ૧૯૩૩માં અમેરિકન એવિએટર વિલે એકલા જ ૭ દિવસ ૧૮ કલાક અને ૪૯ મિનિટમાં પોતાનો પ્રવાસ પૂરો કર્યો હતો. ન્યુયોર્કથી બર્લિન, ત્યાંથી રશિયા પાર કરી પરત ફરતી વખતે તેમણે અલાસ્કા, કેનેડા સહિત ઘણી જગ્યાએ વિરામ લીધો હતો.

★ ઈટાલીમાં વેનેતા રાજ્યની રાજધાની 'વેનિસ' શહેર, એ વિશ્વનો વારસો ગણાય છે. આથી એને દુનિયાના પ્રવાસન નકશામાં મુખ્ય સ્થળ તરીકે મૂકવામાં આવેલ છે. આ શહેર ૧૧૮ ટાપુઓ પર વસેલું છે. એટલે જ તેને 'સિટી ઑન વૉટર' કહેવાય છે. સમગ્ર શહેરમાં ૧૫૦ નહેરો છે, જેના પર ૪૦૦ પુલ બનેલા છે. અહીં કોઈ વાહન જોવા મળતાં નથી. ગમે ત્યાં જવું હોય તો પગપાળા અથવા હોડીમાં જવાનું રહે છે.

★ બ્રાઝિલ અને પારાગ્વેએ ઊર્જાની જરૂરિયાતો પૂરી કરવા માટે તેમની સરહદે વહેતી નદી પર ૧૯૭૫માં હાઈડ્રો ઈલેક્ટ્રિક ડૅમ બાંધેલ છે. તેની કુલ લંબાઈ ૭.૯ કિ.મી. છે અને ઊંચાઈ ૬૪૩ ફીટ છે. જ્યારે તેમાંથી પાણી છોડવામાં આવે છે ત્યારે લાંબા સ્લૉપ પરથી વહેતા પાણીની સુંદરતા અલૌકિક લાગે છે. આ ડૅમ પર એક લાંબો પુલ પણ બનાવવામાં આવ્યો છે, જેને 'ફ્રેન્ડશિપ બ્રિજ' નામ અપાયું છે. ૧૯૯૪માં અમેરિકન સોસાયટી ઑફ સિવિલ એન્જિનિયર્સે આ ડૅમની આધુનિક જગતની સાત અજાયબીઓમાંની એક અજાયબીમાં નોંધ લીધેલ છે.

★ દક્ષિણ કોરિયાની રાજધાની સેઉલથી ૪૮ કિ.મી. દૂર આવેલું ઇંચિયોન આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ દુનિયાના ખાસ અને અતિ વ્યસ્ત ઍરપોર્ટમાંનું એક છે. ચાલુ વરસે તે ટોપ-૧૦ માં બીજા નંબરે રહ્યું છે. જેનું મુખ્ય કારણ અહીં મુસાફરોને આપવામાં આવતી સુવિધાઓ છે. અહીં ગોલ્ફ કોર્સ, આરામ માટે અંગત બેડરૂમ, આઈસ સ્કેટિંગ રીંક, ૭ ઈન્ડોર ગાર્ડન, મ્યુઝિયમ વગેરે છે.

★ અમેરિકામાં મિશિગનના ડૉક્ટર ફરીદ કાટાને ૫૩૩ લોકોના, કારણ વગર કેન્સરના ઈલાજ કરવા બદલ ૧૭૫ વરસની કેદની સજા ફરમાવવામાં આવી છે. આ ઘટનાએ સમગ્ર અમેરિકાના તબીબી જગતને ચોંકાવી દીધું છે.

★ ઍની ફ્રૅંક નામની એક ૧૫ વરસની યહૂદી છોકરીને હિટલરે ફેમિલી સાથે કેમ્પમાં નાખી દીધી હતી. ત્યારબાદ બે વરસ નેધરલેન્ડમાં ગુમનામી તરીકે જીવન વ્યતીત કરેલ. આ સમય દરમ્યાન તેણીએ ડાયરી લખેલ હતી. આ ડાયરીના આધારે 'ઍન ફ્રૅન્ક' લેખકનું 'ધ ડાયરી ઑફ અ યંગ ગર્લ' પુસ્તક પ્રકાશિત થયા પછી દુનિયાની ૬૭ ભાષામાં તેનો અનુવાદ થયો છે.

★ જાસૂસી અંગ્રેજી નવલકથાના લેખક સર આર્થર કોનને નિર્માણ કરેલ ડૉયલનું પાત્ર શેરલોક હોમ્સની લોકપ્રિયતાને કારણે લોકો તેમને કાલ્પનિક પાત્ર નહીં પણ વાસ્તવિક પાત્ર માનતા હોવાને કારણે રોજ હજારો પત્ર તેમને આવતા હતા.

★ આપણા રાષ્ટ્રગીત માટે ત્રણ ગીતો હોડમાં હતાં : (૧) અલ્લામા ઈકબાલનું 'સારે જહાં સે અચ્છા હિંદોસ્તાં હમારા...', (૨) વંદે માતરમ્ અને (૩) જન ગણ મન... 'સારે જહાંસે' 'હિંદુસ્તાન' શબ્દને કારણે ઊડી ગયું. સ્વાધીનતા આંદોલનના સમયથી જ મુસલમાનો 'વંદે માતરમ્'ને રાષ્ટ્રગીત માનવા તૈયાર ન હતા એટલે 'જન ગણ મન'ની સરખામણીમાં 'વંદે માતરમ્'ને સંવિધાન સભામાં વધારે મત મળ્યા હોવા છતાં નહેરુના આગ્રહથી 'જન ગણ મન'ને ભારતના રાષ્ટ્રીય ગીત તરીકે સ્વીકારવામાં આવ્યું.

★ ૧૮૫૩માં મુંબઈ શહેરના બોરીબંદરથી ૨૧ તોપોની સલામી સાથે ૪૦૦ પ્રવાસીઓને લઈને ભારતીય ઉપખંડમાં સૌપ્રથમ ટ્રેન મુંબઈથી થાણેના ૨૧ માઈલ (૩૩ કિ.મી.)ના અંતર માટે દોડી હતી. ભારતીય રેલવે એશિયાનું પ્રથમ અને વિશ્વનું બીજા ક્રમનું રેલવે નેટવર્ક છે જેમાં ૧૨ લાખથી વધારે કર્મચારીઓ કામ કરે છે.

★ વિશ્વના ત્રીજા સૌથી મોટાં રમકડાં બનાવનાર ઑલે કર્ક શરૂઆતમાં લાકડાના રમકડાં બનાવતા. ૧૯૪૭માં તેમણે પ્લાસ્ટિક બિલ્ડિંગ બ્લોક્સના રમકડાં બનાવવા માંડ્યા. તેમણે પોતાની કંપનીનું નામ 'લીગો' રાખ્યું. દુનિયાના સૌથી લાંબા લીગો ટાવરમાં ૫૦૦૦૦૦ લીગો બ્રિક્સનો પ્રયોગ થયો છે. જોન જિકિનસન હાઈસ્કૂલનાં છાત્રાએ ૧૧૨ ફૂટ લાંબો રમકડાનો ટાવર બનાવ્યો હતો.

★ હરિયાણામાં આવેલા સિરસાની આજુબાજુના નવ ગામના લોકોને ઘર્ઘર નદી પર પુલ ન હોવાથી ૧૦ કિ.મી.ના અંતરને બદલે ૪૦ કિ.મી. ફરીને જવું પડતું. વળી વરસાદની મોસમમાં ખેતરમાં જવા માટે હોડીનો સહારો લેવો પડતો હતો. વહીવટી તંત્ર પાસે કેટલીયવાર માંગણી કરવા છતાં પુલ ન બંધાતા આજુબાજુના નવ ગામના લોકોએ પૈસા ભેગા કરી આ પુલ બાંધ્યો. જેના કારણે ૩૦ ગામોમાં રહેતા ૧.૨૫ લાખ લોકોને રાહત થઈ ગઈ.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૭૬ ઉપર)**

***અસફળતા પોતાના આંચલમાં સફળતાના ફૂલ લઈને જ આવે છે.***

## NanoNine™ Sudoku

**શરતો** : (૧) ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ. (૨) ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

સપ્ટેમ્બર-૨૦૧૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૬૫ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ

૧. અવંતી દંડ - અમદાવાદ
૨. વિનોદ મહેતા - અમદાવાદ
૩. દીપા પરીખ - અમદાવાદ
૪. ઉષ્મા શાહ - અમદાવાદ
૫. ચંદ્રા શાહ - અમદાવાદ
૬. સ્મિતા શાહ - અમદાવાદ
૭. નિશાંત શાહ - અમદાવાદ
૮. ગીતા મહેતા - અમદાવાદ
૯. કલ્પના પાલાણી - અમદાવાદ
૧૦. હેમલતા દેઢિયા - અડાલજ
૧૧. પ્રભાબેન શેઢિયા - વલસાડ
૧૨. ચંદ્રિકા શાહ - રૂરકેલા

ઉપર્યુક્ત જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.

**વિજેતાઓ** :

૧. સ્મિતા શાહ - અમદાવાદ
૨. નિશાંત શાહ - અમદાવાદ
૩. ચંદ્રિકા શાહ - રૂરકેલા

*પારદર્શક કેદખાનામાં પુરાઈ ગયેલા પુસ્તકને સતત પ્રતીક્ષા રહે છે પાનાં ઉથલાવનારની. ગ્રંથપાલ (વાંચનાર) જ્યારે પણ કેદનું બારણું ખોલે છે ત્યારે આશાની એક લહેરખી પુસ્તકનાં બિડાયેલાં પર્ણોને (પાનને) સ્પર્શી જાય છે. જે પુસ્તકને કોઈ વાચકે ક્યારેય ઝાલ્યું નથી, એની વેદના અપાર છે.*

**સૌજન્ય : "તાણાવાણા – ૧૨"**

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૬૭ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૧૧-૨૦૧૫ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ જાન્યુઆરી-૨૦૧૬ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૦૬૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | | ૫ | | | ૨ | |
| ૫ | | | | | ૪ | | | |
| | | ૬ | ૩ | | | ૪ | | ૧ |
| ૬ | | ૨ | ૯ | | ૭ | | | |
| | ૭ | ૯ | | | | ૨ | ૧ | |
| | | | ૬ | | ૧ | ૭ | | ૯ |
| ૨ | | ૮ | | | ૩ | ૧ | | |
| | | | ૮ | | | | | ૩ |
| | ૩ | | | ૧ | | | | ૨ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | | ૨ | | ૭ | | | ૯ |
| | | ૨ | ૧ | | | | | |
| ૭ | ૬ | | ૮ | | | | | ૨ |
| | | ૮ | | ૧ | | | ૨ | |
| ૨ | | | | ૩ | | | | ૧ |
| | ૫ | | | ૨ | | ૬ | | |
| ૯ | | | | | ૧ | | ૪ | ૫ |
| | | | | | ૨ | ૭ | | |
| ૬ | | | ૫ | | ૪ | | ૩ | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | | ૭ | | | | | ૪ |
| | | | ૩ | | | | | ૮ |
| | | ૨ | | | | ૩ | ૬ | |
| | | | ૫ | | ૨ | | | ૧ |
| | | ૪ | | | | ૯ | | |
| ૯ | | | ૮ | | ૧ | | | |
| | ૬ | ૧ | | | | ૮ | | |
| ૨ | | | | | ૭ | | | |
| ૭ | | | | | ૪ | | ૩ | ૫ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | ૪ | | | ૬ | | | |
| | | | | ૧ | | | ૭ | ૪ |
| | | ૨ | ૭ | | | ૮ | | |
| | | | ૮ | | | ૨ | | ૫ |
| | ૫ | | | ૬ | | | ૪ | |
| ૬ | | ૧ | | | ૨ | | | |
| | | ૭ | | | ૩ | ૯ | | |
| ૪ | ૩ | | | ૨ | | | | |
| | | | ૬ | | | ૪ | | ૩ |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૬૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૩ | ૧ | ૯ | ૮ | ૭ | ૪ | ૨ | ૫ |
| ૨ | ૭ | ૯ | ૫ | ૩ | ૪ | ૧ | ૮ | ૬ |
| ૫ | ૪ | ૮ | ૬ | ૧ | ૨ | ૯ | ૭ | ૩ |
| ૩ | ૬ | ૫ | ૪ | ૨ | ૯ | ૭ | ૧ | ૮ |
| ૧ | ૨ | ૪ | ૮ | ૭ | ૩ | ૫ | ૬ | ૯ |
| ૯ | ૮ | ૭ | ૧ | ૫ | ૬ | ૩ | ૪ | ૨ |
| ૭ | ૧ | ૬ | ૨ | ૯ | ૫ | ૮ | ૩ | ૪ |
| ૮ | ૯ | ૨ | ૩ | ૪ | ૧ | ૬ | ૫ | ૭ |
| ૪ | ૫ | ૩ | ૭ | ૬ | ૮ | ૨ | ૯ | ૧ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૪ | ૨ | ૮ | ૧ | ૩ | ૯ | ૬ | ૭ |
| ૯ | ૧ | ૭ | ૨ | ૬ | ૫ | ૪ | ૩ | ૮ |
| ૩ | ૬ | ૮ | ૪ | ૯ | ૭ | ૧ | ૨ | ૫ |
| ૪ | ૮ | ૩ | ૬ | ૭ | ૧ | ૨ | ૫ | ૯ |
| ૬ | ૯ | ૫ | ૩ | ૨ | ૪ | ૮ | ૭ | ૧ |
| ૨ | ૭ | ૧ | ૯ | ૫ | ૮ | ૬ | ૪ | ૩ |
| ૭ | ૨ | ૯ | ૫ | ૮ | ૬ | ૩ | ૧ | ૪ |
| ૮ | ૫ | ૪ | ૧ | ૩ | ૨ | ૭ | ૯ | ૬ |
| ૧ | ૩ | ૬ | ૭ | ૪ | ૯ | ૫ | ૮ | ૨ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૮ | ૨ | ૬ | ૭ | ૧ | ૯ | ૩ | ૫ |
| ૩ | ૫ | ૬ | ૪ | ૯ | ૨ | ૮ | ૭ | ૧ |
| ૭ | ૧ | ૯ | ૩ | ૮ | ૫ | ૬ | ૨ | ૪ |
| ૧ | ૬ | ૭ | ૮ | ૨ | ૩ | ૫ | ૪ | ૯ |
| ૮ | ૪ | ૩ | ૫ | ૬ | ૯ | ૨ | ૧ | ૭ |
| ૨ | ૯ | ૫ | ૧ | ૪ | ૭ | ૩ | ૬ | ૮ |
| ૯ | ૨ | ૧ | ૭ | ૫ | ૬ | ૪ | ૮ | ૩ |
| ૬ | ૭ | ૪ | ૯ | ૩ | ૮ | ૧ | ૫ | ૨ |
| ૫ | ૩ | ૮ | ૨ | ૧ | ૪ | ૭ | ૯ | ૬ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૮ | ૩ | ૯ | ૧ | ૫ | ૭ | ૬ |
| ૩ | ૧ | ૯ | ૬ | ૫ | ૭ | ૨ | ૮ | ૪ |
| ૭ | ૫ | ૬ | ૨ | ૮ | ૪ | ૩ | ૧ | ૯ |
| ૬ | ૭ | ૩ | ૮ | ૪ | ૯ | ૧ | ૫ | ૨ |
| ૨ | ૯ | ૫ | ૧ | ૩ | ૬ | ૮ | ૪ | ૭ |
| ૮ | ૪ | ૧ | ૭ | ૨ | ૫ | ૯ | ૬ | ૩ |
| ૫ | ૩ | ૨ | ૪ | ૬ | ૮ | ૭ | ૯ | ૧ |
| ૧ | ૮ | ૪ | ૯ | ૭ | ૨ | ૬ | ૩ | ૫ |
| ૯ | ૬ | ૭ | ૫ | ૧ | ૭ | ૪ | ૨ | ૮ |

Nano 9 kitchenware in new avatar

NanoNine™ INNOVATIVE KITCHENWARE
Bana De Life Aasaan!

Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in

AHMEDABAD: Authorised Distributors: Shahil Marketing: (+91) 94261 77138
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

## જાણવા જેવું

**(અનુસંધાન : પાના નં.-૧૭૪ ઉપરથી ચાલુ)**

★ પોરબંદર શહેરની ચોપાટી પર કેટલાક સેવાભાવીઓ દ્વારા પક્ષીઓની સેવા કરવામાં આવે છે. આ ચોપાટી પર આવતાં કબૂતરો રોજની ૭૦ કિલો જુવાર અને દાળિયા ઝાપટી જાય છે. જ્યારે બગલાઓ ૩૦ કિલો ગાંઠિયા ઝાપટી જાય છે.

★ બુર્જ અલ અરબ દુબઈ સ્થિત એક વૈભવી હોટલ છે. જેની ઊંચાઈ ૩૨૧ મીટર (૧૦૫૩ ફૂટ) છે. જેની વિશ્વમાં ઊંચાઈમાં સૌથી ઊંચી હોટલ તરીકે ગણના થાય છે. બુર્જ અલ અરબ દરિયાઈ ખાડી નજીક કૃત્રિમ ટાપુ પર સ્થિત છે. અને મેઈન લેન્ડથી તે એક ખાનગી પુલથી જોડાયેલ છે. તેનો આકાર જહાજના સઢ જેવો છે.

★ ફલોરિડાના મિયામી બીચ અને મિયામી શહેરોમાં કૃત્રિમ ટાપુઓનો એક સમૂહ છે. ત્યાં છ ટાપુઓ વસવાટ માટે અને બીજા બધા પિકનિક માટે વપરાય છે. આ ટાપુઓ મિયામી બીચ અને મિયામી મેઈન લેન્ડથી પુલથી જોડાયેલ છે.

★ ઈટાલીની ટાઈબર નદીને કાંઠે વેટિકન સિટી આવેલું છે. માત્ર ૧૧૦ એકર જમીનમાં માત્ર ૮૪૦ જેટલા જ લોકો રહે છે. જેનું સંચાલન - વહીવટ લશ્કરી સુવિધા વગર 'પૉપ' કરે છે. અહીં આવેલો ગાર્ડન દુનિયાના અન્ય જગ્યાએ આવેલા ગાર્ડન કરતાં સુંદર છે. અહીં આવેલ વેટિકન મ્યુઝિયમમાં જગતના ઉત્તમ પેઈન્ટિંગ્સ મૂકવામાં આવેલ છે. જેમાં દરેક દેશનું ચલણ (આપણા રૂપિયા આના પાઈ પણ ખરા) અને દરેક દેશની ટપાલ ટિકિટોનો પણ સમાવેશ થાય છે. વેટિકન સીટીના પાસપોર્ટ આખી દુનિયાની સરકારે માન્ય રાખવા પડે છે. દુનિયાના આ એકમાત્ર દેશમાં વસતિ ઘટતી જાય છે કારણકે પાદરી બ્રહ્મચારી છે. ટૂરિસ્ટની આવક ઉપર આ દેશનું અર્થતંત્ર નભે છે. ■

*કુદરતની આપણાં મન પર બહુ અસર હોય છે. આપણે જ્યારે ખરતાં પાંદડાં જોઈએ છીએ કે હવાનું એક સરસ ઝોકું આવે છે અને ગુલમહોરની ગુલાબી પાંદડીઓ આપણા પર પડે છે ત્યારે આપણે થોડા કુમળા બની જઈએ છીએ અને આપણું બીજા સાથેનું વર્તન સારું બની જાય છે.*

*આપણા ઘરમાંથી જ્યારે વિશાળ આકાશ અને વિશાળ ધરતી દેખાતાં હોય ત્યારે આપણું મન પણ વિશાળ બની જાય છે, ત્યારે આપણે થોડા વધુ ઉદાર બની જતાં હોઈએ છીએ.*

*એટલે જ આપણે આવી નાજુક ક્ષણોને રોકી દેવી ન જોઈએ. જો આપણને કોઈ શોખ હોય, કવિતા લખવાનો કે સિતાર વગાડવાનો કે ભજન ગાવાનો તો એવું મન થાય ત્યારે તે કરી લેવું જોઈએ. આપણે આ લાગણીને પાછી ઠેલી દઈએ છીએ પછી તે પાછી આવતી નથી.*

**સૌજન્ય : "તાણાવાણા – ૧૨"**

## NanoNine™ શબ્દ રમત-૧૧૦નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કું | પ | ળિ | યા | | | આ | ચ | ર | ણ | |
| ન | | ગ | | દ | સ્તા | વે | જ | | વિ | | ન |
| ર | ણ | | જ | ગા | | જ | કા | ત | | આ | વ |
| સિં | | ની | ડ | ર | તા | | લ | ડ | ત | | શ |
| હ | સ | ર | ત | | પી | ર | | પ | ર | વ | શ |
| | ખા | | ર | સો | | થ | ર | | જ | ણ | |
| | વ | ડી | | ટી | મ | | દ | મ | | ઝા | |
| મ | ત | લ | બ | | ત | ર | | ન | ફ | ર | ત |
| ર | | ર | ત | ન | | બ | કા | સુ | ર | | ક |
| હૂ | ક | | ક | વ | ન | | લા | ખ | | ખા | લી |
| મ | | અ | | કા | વા | દા | વા | | સા | | ફ |
| | પ | ત્ર | કા | ર | | | લા | વા | ર | સ | |


*માસ સપ્ટેમ્બર-૨૦૧૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૦૯ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. અજીત મ. મહેતા - અમદાવાદ
૨. અલકા શાહ - અમદાવાદ
૩. વિનોદ મહેતા - અમદાવાદ
૪. સ્મિતા શાહ - અમદાવાદ
૫. ચંદ્રાબેન શાહ - સેટેલાઈટ, અમદાવાદ
૬. ચંદ્રાબેન શાહ - ભઠ્ઠા, અમદાવાદ
૭. શાંતિભાઈ શાહ - અમદાવાદ
૮. દીપા પરીખ - અમદાવાદ
૯. ગીતા મહેતા - અમદાવાદ
૧૦. ધર્મિષ્ઠા શાહ - અમદાવાદ
૧૧. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૧૨. વર્ષા પારેખ - અમદાવાદ
૧૩. નેમશી ગંગર - અડાલજ
૧૪. હસમુખ દેઢિયા - અડાલજ
૧૫. પ્રભા શેઠિયા - વલસાડ
૧૬. નવલબેન નીસર - સુરત
૧૭. નવીન લાલકા - ગદગ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

૧. અજિત મ. મહેતા - અમદાવાદ
૨. નવલબેન નીસર - સુરત
૩. પ્રભાબેન શેઠિયા - વલસાડ

*દુષ્ટ, મૂર્ખ અને માર્ગથી ભટકી ગયેલાને સમજાવવું ઘણું કપરું છે.*



**સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**

★ **અચ્છે દિન આયેંગે :** કચ્છના રણ અને દરિયામાં તેલ / ગેસના સંશોધન અંગેની મહત્ત્વાકાંક્ષી યોજના સફળ થશે તો આવતા ત્રણ વર્ષમાં કચ્છ માટે અચ્છે દિનની નોબત આવશે – તેવું ઓ.એન.જી.સી.ના ડાયરેક્ટર અજયકુમાર ત્રિવેદીએ ખુશી વ્યક્ત કરતાં જણાવેલ. આમ ૨૮,૦૦૦ ચો.કિ.મી. ધરાવતા કચ્છ બેઝીનને કાવેની બેઝીનની જેમ વિકસાવવામાં આવશે. આ સંશોધન દરમિયાન જી.કે. ૨૨સી અને જી.કે. ૩૯ પ્રકારનો ગેસ નવ હાઈડ્રોકાર્બન પોઈન્ટમાંથી મળેલ છે. આમ, આ તમામ સ્રોતમાંથી ૧૫ મિલિયન ક્યુબીક મીટર ગેસ મળી શકશે, તેમ આ બાબતના નિષ્ણાતો જણાવે છે.

★ **કચ્છી અંગ્રેજી ફિલ્મ :** મૂળ કચ્છ બેરાજાના કિશોરભાઈ શાહ (સાંગોર)એ દાદા - પુત્રના સંવાદવાળી અંગ્રેજી ભાષામાં બનેલ કચ્છની પહેલી, ૩ મિનિટની લઘુ ફિલ્મ 'રીસ્પોન્સીબલ સિટીઝન' મુંબઈના યશ ફાઉન્ડેશન દ્વારા 'રીસ્પોન્સિબિલિટી સ્ટાર્ટસ ફ્રોમ બર્થ' ફિલ્મને રાષ્ટ્રીય હરીફાઈમાં મોકલાવેલ છે.

★ **પારિતોષિક :** ગુજરાતી ભાષાના જાણીતા કચ્છી લેખક માવજી મહેશ્વરીને તેમના લલિત નિબંધના પુસ્તક 'બોર' માટે વર્ષ ૨૦૧૦નો કાકાસાહેબ કાલેલકર ઍવોર્ડ હ્યુમન સોસાયટી - નડિયાદ દ્વારા એનાયત કરવામાં આવશે. અગાઉ 'બોર'ને ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ અને કલાગુર્જરી દ્વારા પણ ઍવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૩ના વર્ષનો સંત કબીર ઍવોર્ડ અને ૨૦૧૪ના વર્ષનો ડૉ. જયંત ખત્રી ઍવોર્ડ પણ એનાયત થયેલ છે.

★ **ઇતિહાસ :** બીજી ત્રીસી સદીમાં કચ્છ ક્ષત્રપો રાજવંશીનું પશ્ચિમી મથક હતું. તેવા તાંતણાને સાંધનાર કચ્છના ગોણિયાસર ગામના એક ખેતરમાંથી મળેલ ક્ષત્રપ શિલાલેખની લિપિ પુરાતત્ત્વ કચેરી, મૈસુરના લિપિ નિષ્ણાત એપી. ગ્રાફિક ડૉ. રાજેન્દ્ર વર્માએ આ મળેલ શિલાલેખ ક્ષત્રપ કાલીન અને રાજા રુદ્રસેનના સમયનું હોવાનું જણાવેલ છે.

★ **તબીબી સારવાર :** મૂળ માંડવી કચ્છના અને કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ચાલતા મેડિકલ સેન્ટરમાં સેવા આપતા તેમજ પેશાબ તથા કિડની સંબંધી રોગોની તકલીફ નિવારણ ક્ષેત્રે નામના ધરાવતા, ડૉ. હિમાંશુ શાહે આ ક્ષેત્રમાં અન્ય નામાંકિત ડૉક્ટર સાથીદારો સાથે ૨૦,૦૦૦ સ્ક્વેર ફીટ એરિયા ધરાવતું ફ્યુઝન કિડની ઈન્સ્ટિટ્યૂટના નામે અમદાવાદ ખાતે અતિ આધુનિક સારવાર કેન્દ્ર ચાલુ કરેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, તેમને શુભેચ્છા પાઠવે છે.

★ **સુવિધા - પાસપોર્ટ કચેરી :** કચ્છ જિલ્લાના પાસપોર્ટ વાંચ્છુઓને વહેલી તકે પાસપોર્ટ મળી શકે તે માટે ભુજમાં લઘુ પાસપોર્ટ કેન્દ્ર અંગેની કાર્યવાહી બહુમાળી ભવનના રૂમ નં. ૧૦૩-૧૦૪માં તડામાર તૈયારી ચાલી રહી છે. હાલમાં રિજિયોનલ પાસપોર્ટ કચેરી - અમદાવાદના અધિકારીઓ દ્વારા કચ્છ જિલ્લા પોલીસ ભવન ખાતે બે દિવસના યોજાયેલ કેમ્પમાં ૩૫૦ જેટલા પાસપોર્ટ અરજદારોની ફાઈલો સ્વિકારાયેલ હતી. આ રીતે યોજાતા કેમ્પમાં પાસપોર્ટ અરજીની સંખ્યા ૩૫૦માંથી ૫૦૦-૬૦૦ જેટલી કરવા અંગે કચ્છના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાએ રિજિયોલન પાસપોર્ટ અધિકારી પાસે રજૂઆત કરી હતી.

★ **સિદ્ધિને સલામ :** હાથશાળ પર વિવિધ ડિઝાઈનની અનોખી ભાત દ્વારા ગુંથી, કલાક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ નિરોણાના વણકર પરિવારના કસબી ધનજીભાઈ નાથાભાઈ વણકર, ભારત સરકારના 'હસ્ત શિલ્પ વિકાસ આયુક્ત મંત્રાલય' દ્વારા વર્ષ ૨૦૧૩ના રાષ્ટ્રીય મેરીટ સર્ટીફિકેટ માટે ગુજરાત (કચ્છ)ના એકમાત્ર કારીગર રાષ્ટ્રીય સન્માન માટે પસંદ થયેલ છે.

★ **કાર્ડિયાક કેમ્પ :** બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત કે.એમ. પટેલ આરોગ્યધામ ખાતે ફૉલોઅપ દરમિયાન ૧૨૧ દર્દીઓની કાર્ડિયાક તપાસ કરવામાં આવી હતી. જેમાંના ૩૦ જેટલા દર્દીઓને મુંબઈની સાયન હૉસ્પિટલમાં વિનામૂલ્યે કાર્ડિયાક ઑપરેશન માટે રૅફર કરવામાં આવ્યા હતા, તેવી માહિતી ટ્રસ્ટની સંલગ્ન સંસ્થા રત્નવીર નેચર સેન્ટરના ડાયરેક્ટર શ્રી હેમંત રાંભિયાએ આપી હતી.

★ **આઘાત :** ભુજમાં કન્યા કેળવણી ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપનાર દાતાશ્રી તેમજ ભુજના જૈન મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ તથા સર્વમંગલ આરોગ્ય ધામના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી યોગેશભાઈ અમૃતલાલ શાહનું હૃદયરોગના હુમલાથી ભુજ ખાતે અચાનક નિધન થયેલ છે. તેઓ આ બંને ટ્રસ્ટના મુખ્ય દાતાશ્રી મૂળ ભુજના પરંતુ હાલે ચેન્નાઈ ખાતે સ્થિત શ્રીમતી ભાગ્યવંતીબહેન અમૃતલાલ શાહના જયેષ્ઠ પુત્ર હતા. છેલ્લા ૩-૪ વર્ષથી દર વર્ષે મુલાકાત દરમ્યાન કન્યા શિક્ષણની ગુણવત્તા વધુને વધુ સુધારવા માટેનો પ્રયત્ન કરતા હતા. તેમનાં નિધનથી શ્રી માતૃછાયા કન્યા વિદ્યાલય પરિવારમાં ઊંડા શોકની લાગણી પ્રસરેલ છે.

*લાલચ નહિ, મહેનતથી મળે તેમાં ખુશ રહો.*

★ **નિર્ણય :** વર્ષની રૂા. ૮ કરોડની આવક ધરાવતા મૉડેલ કૅટેગરીના ભુજ રેલવે સ્ટેશનને 'એ ક્લાસ'ની શ્રેણીમાં સમાવેશ કરવામાં આવેલ છે તેવી માહિતી - જાહેરાત, તાજેતરમાં મળેલ રેલવે સલાહકાર સમિતિની બેઠકમાં રેલવેના એરિયા મેનેજર વિપુલ સિંઘલે જણાવી હતી. જેમાં તેમણે કુલીની જરૂરિયાત, ટ્રેનોમાં નિયમિત સફાઈ તથા દાદર ચડવા પડતી અગવડ નિવારવા ટૂંક સમયમાં ઍક્સેલેટરની સગવડ વગેરેના લેવાયેલ નિર્ણયો અંગે ચર્ચા વિચારણા સલાહકાર સમિતિના સભ્યો સાથે કરેલ હતી. ઉપરાંત દરરોજના ૪ હજારની અવરજવર ધરાવતા પ્રવાસીઓની સગવડ માટે રૂા. ૧૦ કરોડના ખર્ચે પી.પી.પી. (પ્રાઈવેટ પબ્લિક પાર્ટનર)ના ધોરણે સ્ટેશનની બહાર તૈયાર થઈ જવા આવેલ મલ્ટી ફંકશનલ કોમ્પ્લેક્સ તરતમાં ચાલુ થઈ જશે તેમ જણાવતા કહ્યું હતું કે આના કારણે પ્રવાસીઓને ખાણીપીણી અને ખરીદીની સવલત મળી રહેશે.

★ **મેઘ સવારીનું આગમન :** કચ્છમાં શ્રાવણ આખો કોરોધાકોર જતાં ભાદરવામાં ભાગ્યવિધાતા મેઘરાજાએ કચ્છને રવિવારે ભીંજવવાનું ચાલુ કરેલ. માંડવી, નખત્રાણા, મુંદ્રા, ભુજ, ગાંધીધામના વિસ્તારો તેમજ માતાના મઢ, ભચાઉ એમ અનેક વિસ્તારોમાં રામ મૉલને જીવતદાન આપવા મેઘરાજાએ મહેર કરી હતી અને રામ મૉલને જીવતદાન મળેલ.

★ **કચ્છી શાલ :** કચ્છ વીવર્સ ઍસોસિએશનના નેજા હેઠળ ખમીર સંસ્થાના સહયોગથી ખમીર ડ્રાફ્ટ ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં કચ્છના વણકરોની કલાના પ્રતીક અને દેશ વિદેશમાં ખ્યાતિ પામેલ 'કચ્છ શાલ'ને નકલથી બચાવવા સરકાર દ્વારા જી.આઈ. લોગોનું અનાવરણ સાંસદ વિનોદભાઈ ચાવડાના હસ્તે કરવામાં આવેલ. શાલ ઉપર લાગેલ આ લૉગો ખરીદનારને અસલ કચ્છી શાલ પ્રાપ્ત થશે. જેથી વણકરો પોતાના ઉત્પાદનની ગુણવત્તા પણ જાળવી શકશે.

★ **દિલની અમીરાત :** કોઈક કવિએ કહ્યું છે કે, 'મોટા માણસોની અલ્પતા જોઈ થાક્યા, હવે નાના માણસોની મોટાઈ જોઉં છું...' આ ઉક્તિ સાર્થક કરતાં મસ્કા - માંડવીના જયાબેન લાલજી, કે જે પ્રેમથી બબીબાઈના નામથી ઓળખાતા, આખી જિંદગી ઘરકામ અને ખેત મજૂરી દ્વારા જીવન ગુજારતા. અચાનક બીમાર પડતાં અને પોતાની વિદાય ઘડી નજીક ભાળી જતાં, પોતાની સર્વ મરણ મૂડી રાજગોર બાલાશ્રમ અને કન્યા છાત્રાલય - માંડવીમાં આપવાનું મૌખિક વસિયતનામું સગાંસંબંધીઓને જણાવી દિલ અમીરાતને ઉજાગર કરેલ છે. સલામ છે, આવી સેવાભાવની દિલી અમીરાતને...!

★ **કુતુહલ :** ઘણી વખત કુદરત પણ પોતાનો ક્રમ ભૂલી જતી હોય ત્યારે કુદરત સર્જિત કરિશ્મા અચરજ પમાડે છે. આવો અચરજભર્યો બનાવ નખત્રાણા પંથકની વાડીમાં જોવા મળ્યો. નખત્રાણાથી ૮ કિ.મી. દૂર જાડાય ગામના પ્રતાપભાઈ કેસરાણીની વાડીમાં ભર ભાદરવે વૈશાખ માસમાં જોવા મળતાં કેસર કેરીના વૃક્ષોમાં ફળો લચી પડ્યા છે. જે અત્યારે અથાણું બની શકે તેવું કદ ધરાવે છે.

★ **'સ્વજન' સેવા યજ્ઞ :** આજના સમયમાં મોંઘી બનતી મેડિકલ સારવાર અને તેમાંય દવાઓનો મોંઘો ખર્ચ આમ આદમીને લાચાર બનાવી મૂકે છે. આવા સમયે ભુજની હૉસ્પિટલ રોડ પર આવેલ 'સ્વજન' દવાની દુકાન, કચ્છમાંથી ભુજ ખાતે સારવાર અર્થે આવતા નબળી સ્થિતિઓના દર્દીઓ માટે મફત દવાઓનો સેવા યજ્ઞ છેલ્લા દોઢ વર્ષથી ચલાવે છે. અત્યાર સુધી અંદાજે દસેક હજાર દર્દીઓ લાભ લઈ ચૂક્યા છે.

★ **ડાયાલિસિસ સગવડ :** જનકલ્યાણ સોસાયટી - માંડવી દ્વારા એક સાથે આઠ વ્યક્તિઓનું ડાયાલિસિસ થઈ શકે તેવી સગવડ ધરાવતાં હૉલનું ઉદ્ઘાટન નવનીત પરિવારના શ્રી બિપિનભાઈ અમરચંદ ગાલાના હસ્તે તાજેતરમાં માંડવી ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ઉપપ્રમુખ કિરણભાઈ સંઘવીએ માહિતી આપતા જણાવેલ કે ભારતભરમાં આ એક જ એવું સેન્ટર છે કે જ્યાં ફક્ત રૂા. ૧૦૦/-ના ટોકન ચાર્જથી દર્દીઓને ડાયાલિસિસ કરી આપવામાં આવે છે. વધુ જણાવતાં તેમણે કહ્યું કે દર્દી સાથે આવનાર વ્યક્તિ અને દર્દીને – આમ બે વ્યક્તિઓને રૂા. ૫૦/-ના નજીવા દરે ડૉક્ટરી સારવાર, નર્સિંગ ચાર્જ તેમજ જમવાની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ પ્રસંગે દાતાઓ તરફથી રૂા. ૧૦.૪૮ લાખનું અનુદાન મળેલ હતું. ■

## ઓચિંતું....


*ઓચિંતું કોઈ મને રસ્તે મળે ને કદી ધીરેથી પૂછે કે કેમ છો?*
*આપણે તો કહીએ કે દરિયા શી મોજમાં ને ઉપરથી કુદરતની રહેમ છે.*

*ફાટેલાં ખિસ્સાંની આડમાં મૂકી છે અમે છલકાતી મલકાતી મોજ*
*એકલો ઊભું ને તોયે મેળામાં હોઉં એમ લાગ્યા કરે છે મને રોજ*
*તાળું વસાય નહીં એવડી પટારીમાં આપણો ખજાનો હેમખેમ છે.*
*ઓચિંતું....*

*આંખોમાં પાણી તો આવે ને જાય નથી ભીતર ભીનાશ થતી ઓછી*
*વધઘટનો કાંઠાઓ રાખે હિસાબ નથી પરવા સમંદરને હોતી*
*સૂરજ તો ઊગે ને આથમીય જાય મારી ઉપર આકાશ એમ ને એમ છે.*
*ઓચિંતું....*

***– ધ્રુવ ભટ્ટ***
***સૌજન્ય : "તાણાવાણા – ૧૨"***

*આપણે કરેલી સેવાની કોઈને વારંવાર યાદ અપાવવી એ પણ સેવાનો બદલો જ છે.*




## નવું સાહસ – હાર્દિક અભિનંદન

મૂળ માંડવી (કચ્છ)ના કિડની - પેશાબને લગતા રોગોના નિષ્ણાત અને સફળ **ડૉક્ટર શ્રી હિમાંશુભાઈ શાહ**, કે જેઓ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય છે. તે ઉપરાંત સમાજ સંચાલિત મેડિકલ સેન્ટરમાં યુરોલોજિસ્ટ તરીકે સેવા આપી રહ્યા છે. જેમણે તેમના યુરોલોજિસ્ટ તેમજ નેફ્રોલોજિસ્ટ સાથીઓ સાથેના સંયુક્ત સાહસથી અમદાવાદમાં અદ્યતન હોસ્પિટલ "ફ્યુઝન કિડની ઈન્સ્ટિટ્યૂટ"નું તા. ૧૮-૧૦-૨૦૧૫થી શુભારંભ કરેલ છે.

આ પ્રસંગે સમાજના સભ્યો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા અને શુભેચ્છાઓ પાઠવી હતી.

ડૉ. હિમાંશુ શાહે અત્યાર સુધીમાં આ રોગોના આશરે ૨૦,૦૦૦ કરતાં વધુ સફળ ઑપરેશનો કરેલ છે.

તેઓના આ સાહસને શ્રી કચ્છી જૈન સેવા સમાજ બિરદાવે છે અને તેઓના સાહસ માટે શુભેચ્છા અને અભિનંદન પાઠવે છે.

## અભિનંદન



**શ્રીમતી સુરભિ નીરવ વસા** કલર્સ ટી.વી. - ગુજરાતીના કૂકિંગ ઍક્સપર્ટના પુસ્તક "જૈન ટેસ્ટી વાનગીઓ"નું વિમોચન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તા. ૨૭-૯-૨૦૧૫ના રોજ યોજાયેલ સ્નેહ સંમેલનના કાર્યક્રમ દરમિયાન કરવામાં આવ્યું હતું.

## દુઃખદ અવસાન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય તથા યુવા કાર્યકર **શ્રી ભાવેશ કિરીટ દંડ**નું તા. ૧-૧૦-૨૦૧૫ના રોજ માર્ગ દુર્ઘટનામાં દુઃખદ અવસાન થયેલ છે. તેઓની વય ૩૦ વર્ષની હતી. તેઓના મિલનસાર સ્વભાવ તથા સેવા ભાવનાની તરવરાટના લીધે યુવા વર્ગમાં સારી એવી ચાહના મેળવેલ હતી. તેઓના દુઃખદ અવસાન થકી સમાજ આઘાતની લાગણી અનુભવે છે.

પરમ કૃપાળુ પરમાત્મા, સદ્‌ગતની આત્માને શાંતિ આપે તથા તેમના કુટુંબીજનોને આ કારમો આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી અભ્યર્થના.

## સગાઈ

- **રવિવાર, તા. ૧૮-૧૦-૨૦૧૫**
  **ચિ. નમ્રતા કિશોર રતનશી વીરા (શાહ) (દેવપુર - અમદાવાદ)**
  **ચિ. ચિંતન યોગેશ હીરજી ગાલા (છસરા - ઘાટકોપર, મુંબઈ)**

## સાભાર સ્વીકાર

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.***

### વૈયાવચ્ચ ખાતે

| | |
|---|---|
| રૂા. ૧૧,૦૦૦/- | શેઠશ્રી મૂલચંદભાઈ એન્ડ સન્સ - વીરમગામ |
| રૂા. ૫૦૦/- | શ્રી ભાવેશ કિરીટભાઈ દંડ (કલકત્તા - અમદાવાદ) |
| રૂા. ૫૦૦/- | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ - અમદાવાદ |

### વયસ્ક સમિતિ ખાતે

| | |
|---|---|
| રૂા. ૧૦,૦૦૦/- | શ્રી કિશોર ચુનીલાલ પારેખ - ચેન્નાઈ |
| રૂા. ૭,૦૦૦/- | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ - અમદાવાદ |
| રૂા. ૪,૦૦૦/- | શ્રી હરખચંદ નાનજી પોલડિયા - અમદાવાદ |
| રૂા. ૧,૦૦૦/- | શ્રી અરવિંદ કાંતિલાલ શેઠ - અમદાવાદ |
| રૂા. ૪,૦૦૦/- | શ્રી રોહિત ડાહ્યાભાઈ શાહ - અમદાવાદ |
| રૂા. ૫૦૦/- | શ્રીમતી તારાબેન શાહ - અમદાવાદ |

### જલારામ અન્નક્ષેત્ર ખાતે

| | |
|---|---|
| રૂા. ૬,૦૦૦/- | શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ |
| રૂા. ૨,૧૦૦/- | શ્રી લક્ષ્મીચંદ વેલજી પોલડિયા - નાગપુર |
| રૂા. ૬૧૧/- | શ્રી ભાવેશ કિરીટભાઈ દંડ (કલકત્તા - અમદાવાદ) |

### 'મંગલ મંદિર' ભેટ ખાતે

| | |
|---|---|
| રૂા. ૧,૦૦૦/- | શ્રી મહેન્દ્ર મોતીલાલ વસા - અમદાવાદ (પુત્રવધૂ શ્રીમતી સુરભિ નીરવ વસાના જૈન વાનગીઓનું પુસ્તક પ્રગટ થયું તેની ખુશાલીમાં) |

### તબીબી સહાય ખાતે

| | |
|---|---|
| રૂા. ૫૦૧/- | શ્રીમતી લીલાવતીબેન માવજી દેઢિયા |

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

**શ્રીમતી દમયંતીબેન દિલીપભાઈ દંડ તરફથી તેમના જન્મ દિવસ તા. ૧૩-૧૦-૨૦૧૫ નિમિત્તે, સંસ્થાને, કમોડ ચેર નંગ-૧ ભેટ મળેલ છે.**

***સંસ્થા ઉપરોક્ત ભેટનો સાભાર સ્વીકાર કરે છે.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ॥ નિમંત્રણ ॥

## નૂતન વર્ષ સ્નેહ મિલન

વિક્રમ સંવત ૨૦૭૧ના અંતિમ ચરણમાં આપણે પ્રવેશી ચૂક્યા છીએ. વિક્રમ સંવત ૨૦૭૧ની આસો અમાસ એટલે કે બુધવાર, તા. ૧૧-૧૧-૨૦૧૫ના રોજ આપણે દીપોત્સવીનો તહેવાર ઉજવી, સંવત ૨૦૭૧ને વિદાય આપી, નૂતન વર્ષ સંવત ૨૦૭૨ની સાલમાં કારતક સુદ-૧ ને ગુરુવાર, તા. ૧૨-૧૧-૨૦૧૫ના રોજ પ્રવેશ કરીશું. આ નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક નૂતન વર્ષ મિલન સમારંભનું આયોજન કરવામાં આવેલ છે.

***નૂતન વર્ષ સ્નેહ મિલન કાર્યક્રમ***

**ગુરુવાર, તા. ૧૨-૧૧-૨૦૧૫ ● સમય : સાંજે ૪.૩૦ થી ૬.૩૦**

**સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.**

*આ સ્નેહ મિલનના કાર્યક્રમમાં, સ્વામિવાત્સલ્યના દિવસે યોજાયેલ રંગારંગ કાર્યક્રમમાં ભાગ લીધેલ તમામ કલાકારોનું સન્માન કરવામાં આવશે.*

*સમાજના સૌ સભ્યોએ પોતાના કુટુંબીજનો સાથે ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ છે.*

**કે. આર. શાહ**
માનદ્ મંત્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**પ્રતાપ નારાણજી દંડ**
મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● ગુરુવાર, તા. ૧૨-૧૧-૨૦૧૫ સાંજના ૫.૦૦થી ૭.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | નૂતન વર્ષ સ્નેહ મિલન કાર્યક્રમ તથા તા. ૨૭-૯-૨૦૧૫ના સ્વામિવાત્સલ્ય કાર્યક્રમમાં રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ આપનાર કલાકારોનું પ્રોત્સાહક સન્માન કરવામાં આવશે. |
| ● મંગળવાર, તા. ૧-૧૨-૨૦૧૫ સાંજના ૪.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | રંગારંગ કાર્યક્રમ. |
| ● ૪ તથા ૫-૧૨-૨૦૧૫ સાંજે ૭.૩૦ થી રાતના ૧૦.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | ધોરણ-૮, ૯, ૧૦, ૧૧, ૧૨માં ભણતા વિદ્યાર્થીઓ માટેના એપ્ટિટ્યૂડ ટેસ્ટ તથા બાયોમેટ્રિક ટેસ્ટનો કાર્યક્રમ. |

*નવી ટેકનિકનો સદુપયોગ કરી ફાયદો મેળવો.*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** *સંચાલિત*

## શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં કાયમી તિથિ માટે મળેલ દાન

૧. **સ્વ. ચંદનબેન કુંવરજી પાશ્વીર નાગડા (નલિયા - અમદાવાદ)**ના નિર્વાણ દિન, તા. ૧૩મે, ૨૦૧૫ નિમિત્તે તેમના પરિવારજનો તરફથી ડાયાલિસિસ સેન્ટરમાં **૧૩મી મે** ની કાયમી તિથિ માટે રૂા. ૧,૧૧,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ અગિયાર હજાર પૂરા)નું સંસ્થાને દાન મળેલ છે.

૨. **શ્રીયુત નરોત્તમભાઈ વેલજી મહેતા (મુંદ્રા - મુંબઈ-અંધેરી)**ના જન્મદિન તા. ૩૦-૩-૧૯૩૦ નિમિત્તે ડાયાલિસિસ સેન્ટરમાં **૩૦મી માર્ચ**ની કાયમી તિથિ માટે રૂા. ૧,૧૧,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ અગિયાર હજાર પૂરા)નું સંસ્થાને દાન **શ્રીમતી પ્રેમદાબેન નરોત્તમ વેલજી મહેતા** અને **શ્રી નરોત્તમભાઈ મહેતા** તરફથી મળેલ છે.

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, ઉપરોક્ત દાતાશ્રીઓ તરફથી મળેલ સહકારનો સાભાર સ્વીકાર કરે છે.***

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## વયસ્ક સમિતિ

સમિતિ તરફથી એક કાર્યક્રમ તા. ૨૨-૧૦-૨૦૧૫ના રોજ પાલડી ભવન ખાતે યોજાઈ ગયો.

શરૂઆતમાં નીતિન સંઘવીએ મુકેશના જૂનાં ગોલ્ડન ગીતો ગાયાં હતાં. ત્યારબાદ રજનીકાંત પારેખે આંકડાની વિવિધ રમતો અને શબ્દ રમતો રમાડી હતી. ત્યારબાદ હાઉસી અને લક્કી ડ્રોની રમત રમાડી હતી. અંતે સૌ ભોજન લઈને છૂટા પડ્યા હતા. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વડીલોએ ભાગ લીધો હતો.

આ સમગ્ર કાર્યક્રમની સ્પોન્સરશિપ શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા તરફથી પ્રાપ્ત થઈ હતી.

### આગામી કાર્યક્રમ

વયસ્ક સમિતિ તરફથી તા. ૧લી ડિસેમ્બર — મંગળવારે સાંજના ૪ વાગ્યાથી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક રંગારંગ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સૌએ સમયસર પધારવા વિનંતી છે.

*રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ*

## પુરસ્કાર સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા અમદાવાદ અને ગાંધીનગરમાં ભણતા અને નિયમાનુસાર ઉત્તીર્ણ થયેલ દરેક વિદ્યાર્થીઓને સન્માનિત તથા પુરસ્કૃત કરવામાં આવે છે.

આ વર્ષે પણ જૂન મહિનામાં સમાજના મુખપત્ર 'મંગલ મંદિર'માં ફોર્મ મોકલેલ હતું. જે ફોર્મ પરત આવેલ હતા, તેના આધારે નિયમાનુસાર વિદ્યાર્થીઓની બાળ વર્ગથી ઉચ્ચ શિક્ષણ સુધીની યાદી તૈયાર કરેલ હતી અને તે મુજબ સમાજના કુલ ૪૩૧ વિદ્યાર્થીઓને સન્માનિત તથા પુરસ્કૃત કરવામાં આવેલ હતા. આમાંથી ૪૬ વિદ્યાર્થીઓનું સ્ટેજ પર સન્માન કરવામાં આવેલ હતું.

ઈનામોમાં જે તે વિદ્યાર્થીઓને ઉંમર મુજબ ઉપયોગી થાય એ પ્રમાણે બાળ વર્ગને લેઝર ટોપ, ધોરણ-૧ થી ૩ ને કંપાસ બોક્સ, ધોરણ-૪ થી ૬ને બેડમિન્ટન અને શટલ કૉક અને ધોરણ-૭થી ઉપલા વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓને છોકરા અને છોકરી મુજબ પર્સ, પુરસ્કારમાં આપવામાં આવેલ હતા. પુરસ્કાર સમિતિના સભ્યો તથા સમાજના વોલન્ટિયરોએ સાથે મળીને આ કાર્ય યોગ્ય રીતે પૂરું કરેલ હતું.

*કન્વીનર - પુરસ્કાર સમિતિ*

**(તેજસ્વી તારલાઓના કલર ફોટોગ્રાફ માટે જુઓ : પાના નં. ૧૮૭-૧૮૮)**

## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

***સ્થળ :*** શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

***ફોન સંપર્ક :*** (૦૭૯) ૨૨૮૮૪૫૪૭ ● ***સમય :*** સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.

# યુવા વિકાસ સમિતિ

## નવરાત્રી મહોત્સવ તેમજ શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા ગરબા હરીફાઈ

**રવિવાર, તા. ૧૮-૧૦-૨૦૧૫**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં યુવાનો - યુવતીઓ, બાળકો તથા વડીલો ભાતીગળ અને સુંદર વસ્ત્રોમાં સજ્જ થઈને પાલડી ભવનના પટાંગણમાં નવરાત્રી મહોત્સવ માણવા પધારેલ. લગભગ ૪૫૦ જેટલા જ્ઞાતિજનોએ હાજર રહીને નવરાત્રી મહોત્સવનો લાભ લીધેલ હતો.

સૂર અને તાલની રંગત જમાવી – નવજ્યોત અંધજન મંડળ દ્વારા સંચાલિત ઑરકેસ્ટ્રાના કલાકારોએ, તો તેમની સાથે લય મેળવીને મસ્ત થઈને ગરબે ઘૂમ્યા સૌ જ્ઞાતિજનો. સમાજના વડીલો તથા મોભીઓએ પણ હાજરી આપી સૌનો ઉત્સાહ વધારેલ. શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા ગરબા હરીફાઈના નિર્ણાયક તરીકે શ્રી ધવલ હેમંતભાઈ મોદી તથા શ્રી સંદીપ રવીન્દ્રભાઈ ઝવેરી ઉપસ્થિત રહેલ.

### વિજેતાઓનાં નામ

- **ગ્રૂપ-એ (૦ થી ૭ વર્ષ સુધી)**
  આર્યન ભાવેશ મોરબિયા - ડ્રેસ
  નમન વોરા - પરફોર્મન્સ
- **ગ્રૂપ-બી (૮થી ૧૩ વર્ષ)**
  હેત વોરા
  સાક્ષી વોરા
- **ગ્રૂપ-સી (૧૪થી ૨૫ વર્ષ)**
  ધ્રુવા નીતિન શાહ - પરફોર્મન્સ
  દ્રવ્યા શાહ - પરફોર્મન્સ
  જય છાડવા - ડ્રેસ
- **ગ્રૂપ-ડી (૨૬થી ૪૦ વર્ષ)**
  દીપેશ શાહ - પરફોર્મન્સ
  ઉર્વિ શાહ - પરફોર્મન્સ
  ધારા ઉદય નાગડા - ડ્રેસ
- **ગ્રૂપ-ઈ (૪૦થી વધારે)**
  જિજ્ઞેશ પુષ્પકાંત શાહ - ડ્રેસ
  ભાવિની જૈન - ડ્રેસ
  શિલ્પા શાહ - પરફોર્મન્સ
- **બેસ્ટ કપલ :** મનીષ છાડવા તથા ઈલા છાડવા
- **બેસ્ટ પરફોર્મન્સ :** કૃપા છાડવા
- **બેસ્ટ ડ્રેસ :** હીરલ શાહ

શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા ગરબા હરીફાઈના વિજેતાઓને શ્રીમતી પ્રભાબેન સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી મગનભાઈ સંઘવીએ ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા.

યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવના કાર્યક્રમને સફળ બનાવવા બદલ, અમોને સાથ સહકાર આપનાર સર્વેનો અમો આભાર માનીએ છીએ. સર્વે વિજેતાઓને ખૂબ ખૂબ અભિનંદન.

***કન્વીનર - યુવા વિકાસ સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

**(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. ૧૮૮)**

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

દર વર્ષની માફક આ વર્ષે પણ "એપ્ટિટ્યૂડ ટેસ્ટ" અથવા "બાયોમેટ્રિક ટેસ્ટ"નો કાર્યક્રમ શુક્રવાર તથા શનિવાર ૪ અને ૫ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ (સમય : સાંજે ૭.૩૦થી રાતના ૧૦.૦૦ વાગ્યા સુધીનો) રાખેલ છે. તો જે વિદ્યાર્થીઓ ધોરણ-૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨મા ધોરણમાં ભણે છે, તેઓ આમાં પોતાનું નામ નોંધાવી શકે છે.

અત્યારના સમયમાં જ્યારે Career બનાવવા માટે ધોરણ-૧૦ કે ૧૧-૧૨ના બદલે જો બાળકો બને એટલાં વહેલાં પોતાનામાં રહેલી શક્તિને પિછાણે, પોતાને શું ગમે છે? પોતાને આગળ જતા ભવિષ્યમાં શું બનવું છે? તેમ બને એટલું વહેલું જાણી શકે તો વધુ સારી રીતે; જ્યારે ધોરણ-૧૨ પછી Science, Arts, Engg., Medical, Design, Psychology, Theatre વગેરે લાઈન નક્કી કરવાનું આવશે – ત્યારે ઘણી જ આસાન થશે.

જો આપ આ વાંચી રહ્યા છો અને ધોરણ-૮, ૯, ૧૦, ૧૧, ૧૨નાં બાળકોનાં વાલીઓ છો, તો ખાસ ધ્યાન રાખીને આપનાં પાલ્યને અત્રે મોકલશો.

- **નામ નોંધાવવા માટે સંપર્ક :**
  ***નીશાબેન મહેતા,*** શ્રી કચ્છી જૈન ભવન - પાલડી
  (બપોરે ૧૨.૦૦થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી)
  ફોન : ૨૬૫૮૧૫૦૧ • મો. ૮૦૦૦૦ ૩૫૦૦૫

***કન્વીનર - શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ***

*આવતીકાલના ભવિષ્ય વિશે પોતે જ્ઞાત છે એવું કદી માનવું નહિ.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## સપ્ટેમ્બર / ઓક્ટોબર - ૨૦૧૫

- **તા. ૨૩-૯-૨૦૧૫**

★ આજરોજ સવારના શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી પ્રદીપ મહેતા તા. ૨૭-૯-૨૦૧૫ના રોજ યોજાનાર સ્વામિવાત્સલ્ય જમણવાર તથા સાંસ્કૃતિક કાર્યક્રમ અંગે ચર્ચા વિચારણા કરવા માટે મળેલ હતા. યુવા વિકાસ સમિતિ, પુરસ્કાર સમિતિ તથા શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા તૈયાર કરેલ મિનિટ ટુ મિનિટ કાર્યક્રમને આખરી ઑપ આપવામાં આવ્યો હતો.

★ આજરોજ રાત્રે ૮.૩૦ કલાકે સંસ્થાની કારોબારી સમિતિની એક બેઠક મળી હતી. જેમાં ૨૩ સભ્યો હાજર રહ્યા હતા. સભામાં જુદી જુદી કાર્યકારિણી સમિતિઓની રચના કરવામાં આવી હતી તથા તા. ૨૭-૯-૨૦૧૫ના રોજ યોજાનાર સ્વામિવાત્સલ્ય તથા સાંસ્કૃતિક કાર્યક્રમ અંગે વિસ્તૃતપણે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

- **તા. ૨૫-૯-૨૦૧૫**

★ આજરોજ સવારના ૮.૦૦ વાગે સંસ્થાના ટ્રસ્ટ મંડળની એક બેઠક મળી હતી. જેમાં ૧૪ ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા. ટ્રસ્ટ મંડળના નેજા હેઠળ કામ કરતી વિવિધ કાર્યકારીણી સમિતિઓની રચના કરવામાં આવી હતી તથા તા. ૨૭-૯-૨૦૧૫ના રોજ યોજાનાર સ્વામિવાત્સલ્ય તથા સાંસ્કૃતિક કાર્યક્રમ અંગે વિસ્તૃતપણે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

- **તા. ૨૬-૯-૨૦૧૫**

★ આજરોજ સવારના ૧૦.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સંસ્થાની યુવા વિકાસ સમિતિ, પુરસ્કાર સમિતિ તથા શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિની સંયુક્ત બેઠક મળી હતી. સંસ્થાના આવતીકાલે યોજાનાર ૫૩મા વાર્ષિક સ્નેહ મિલન તથા સ્વામિવાત્સલ્ય જમણવાર તથા વિદ્યાર્થીઓને પુરસ્કાર અને રંગારંગ મનોરંજન કાર્યક્રમની ગોઠવણ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને આવતીકાલનો મિનિટ ટુ મિનિટ કાર્યક્રમ સંપૂર્ણપણે તૈયાર કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં સંસ્થાના પ્રમુખશ્રી તથા માનદ્ મંત્રીશ્રીએ હાજરી આપી હતી.

- **તા. ૨૭-૯-૨૦૧૫**

★ આજરોજ સવારના ૧૦.૦૦ વાગ્યાથી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી ટાગોર હૉલ, પાલડી ખાતે સંસ્થાના ૫૩મા વાર્ષિક સ્નેહમિલન તથા સ્વામિવાત્સલ્ય જમણવાર યોજવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં સમાજના સભ્ય પરિવારો હાજર રહ્યા હતા. અંદાજે ૧૮૦૦ વ્યક્તિઓની હાજરી રહેવા પામી હતી. ઉપરોક્ત કાર્યક્રમની સાથે સાથે સંસ્થાની પુરસ્કાર સમિતિ દ્વારા ગત વર્ષ દરમિયાન ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરેલ હતા તથા સાથે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ, હાઉસી અને ગીત સંગીતનો રંગારંગ કાર્યક્રમ પણ ખૂબ સરસ રીતે પાર પડેલ હતો.

- **તા. ૩૦-૯-૨૦૧૫**

★ આજરોજ સાંજે ૭.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તથા શ્રી અશોકભાઈ મહેતાએ શ્રી મૂકેશભાઈ ઝવેરી સાથે એક મિટિંગ કરેલ હતી. આજની મિટિંગમાં ભુજ ખાતે શ્રી ડોસાભાઈ લાલચંદ અતિથિ ગૃહ ખાતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ જેવું મેડિકલ સેન્ટર કાર્યરત કરવા માટે તથા તેના આયોજન વિશે વિસ્તૃતપણે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પ્રથમ તો તેઓશ્રી સૂચિત જગ્યાનો પ્લાન મોકલી આપશે તથા કચ્છ ખાતેના હાલના કાર્યરત ડૉક્ટરોનું પિસ્ટ મોકલી આપશે. ત્યારબાદ કયા કયા વિભાગો ચાલુ કરવા તેનું સજેશન મોકલી આપીશું તેમ નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૧-૧૦-૨૦૧૫**

★ આજરોજ મ્યુનિ. કોર્પોરેશનની ઑફિસમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના બે માળના પાર્કિંગ માટેના પ્લાન, જે અગાઉ આપણે દાખલ કરેલ હતા તે પ્લાનના અનુસંધાને રૂા. ૧૦૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર બોન્ડ દાખલ કર્યા હતા.

- **તા. ૫-૧૦-૨૦૧૫**

★ આજરોજ ભુજ ખાતે મેડિકલ સેન્ટર ચાલુ કરવાના સંદર્ભમાં શ્રી મૂકેશભાઈ ઝવેરીએ જગ્યાના પ્લાન તથા ભુજ ખાતેના ડૉક્ટરોનું લિસ્ટ મોકલી આપ્યું હતું. તથા અન્ય સારવાર અંગેની

*મનનો થાક દૂર કરવા એક નાની ટેવ પાડો. ભજન - ગીત - સંગીત કે વાંચવાની ટેવ પાડો.*

માહિતી પણ મોકલી આપેલ. તે અંગે ચર્ચા વિચારણા કરી અને વ્યવસ્થિત પ્લાન તૈયાર કરી શ્રી મૂકેશભાઈ ઝવેરીને મોકલી આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

★ આજરોજ સાંજના શ્રી પ્રતાપભાઈ દંડ મ્યુનિ. કોર્પો.ની ઑફિસમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પાર્કિંગના પ્લાન પાસ કરાવવા અંગે શ્રી ભાવેશભાઈને મળવા માટે ગયેલ. શ્રી ભાવેશભાઈએ રિપોર્ટ લખીને મ્યુનિ. કમિશનરને મોકલાવી આપશે તેમ જણાવ્યું હતું અને તેના સંદર્ભમાં ગુરુવારે મળવાનું નક્કી કર્યું હતું.

- **તા. ૬-૧૦-૨૦૧૫**

★ આજે સાંજના ૪.૦૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડે આપણા આર્કિટેક્ટ શ્રી હિતેશ છાડવા સાથે ભુજ ખાતેની શ્રી ડોસાભાઈ લાલચંદ ધર્મશાળામાં આપણા મેડિકલ સેન્ટર જેવું સેન્ટર ચાલુ કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આપણા મેડિકલ સેન્ટરની મુલાકાત લઈ તેઓને સમજણ આપવામાં આવી હતી અને તે મુજબ વ્યવસ્થિત પ્લાન કરવાની જવાબદારી આપવામાં આવી હતી.

- **તા. ૮-૧૦-૨૦૧૫**

★ આજે સાંજના ૫.૦૦ વાગે મ્યુનિ. કોર્પો.ની ઑફિસમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પાર્કિંગ માટેના પ્લાન પાસ કરાવવા માટે આગળની કાર્યવાહીની સમજણ મેળવવા શ્રી ભાવેશભાઈને મળવા ગયા હતા પણ તેઓ અમલની કાર્યવાહી કરવા ગયેલ હોવાથી મળી શક્યા નહીં.

- **તા. ૯-૧૦-૨૦૧૫**

★ આજરોજ સાંજના ૫.૦૦ વાગે મ્યુનિ. કોર્પો.ની ઑફિસમાં શ્રી ભાવેશભાઈને મળવા ગયેલ. તેઓએ અન્ય કામમાં વ્યસ્ત હોવાથી આપનું કામ હાલે થઈ શકશે નહીં તેમ જણાવ્યું હતું. અને જરૂરત જણાય તો મ્યુનિ. કમિશનરશ્રીને મળીને આગળની કાર્યવાહી કરવી હોય તો કરી શકો છો તેમ જણાવ્યું હતું.

- **તા. ૧૨-૧૦-૨૦૧૫**

★ આજે સવારના ૧૦.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ભવન સમિતિની એક બેઠક મળી હતી. તેમાં કન્વીનર શ્રી કે.ડી. શાહ, સભ્ય શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી નીતિન ગાલા, શ્રી લહેરચંદભાઈ મૈશેરી તથા શ્રી પ્રતાપ નારાણજી દંડ અને શ્રી કે.આર. શાહ ઉપસ્થિત રહ્યા હતા. ત્રણેય ભવનના સ્ટાફ તથા હાઉસ કીપિંગ અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણયો લેવામાં આવ્યા હતા.

★ આજે સવારના ૧૧.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તથા શ્રી હસમુખ બાબુભાઈ શાહ મળેલ હતા. પ્રથમ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની ઈમ્પેક્ટ ફી અંગેની આગળની કાર્યવાહી કરવા બાબત ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવ્યા હતા. ત્યારબાદ શ્રી પ્રતાપ નારાણજી દંડે પોતાની મુંબઈની મુલાકાત દરમ્યાન મુંબઈ ખાતેના અતિથિ ગૃહના બિલ્ડર શ્રી પૂનમ ડેવલપર્સના પ્રતિનિધિ સાથે થયેલ મુલાકાતનો અહેવાલ આપ્યો હતો.

★ આજે સવારના ૧૨.૦૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી કે.આર. શાહે હાઉસ કીપિંગ અંગેની એક કંપનીના પ્રતિનિધિ શ્રી સૌમિલભાઈ સાથે ત્રણેય ભવનના અતિથિ ગૃહ ઉપર હાઉસ કીપિંગ કરવા બદલ ચર્ચા વિચારણા કરી હતી અને તેઓને ત્રણેય ભવનની મુલાકાત લઈને આપણને વિગતવાર એસ્ટીમેટ આપે તેમ જણાવવામાં આવ્યું હતું.

- **તા. ૧૩-૧૦-૨૦૧૫**

★ આજે સવારના ૧૧.૦૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી મહેન્દ્રભાઈ દોશીએ મંગલ મંદિરના આગામી દીપોત્સવી અંક અંગે ચર્ચા વિચારણા કરી હતી તથા અત્યારે મંગલ મંદિરમાં મુખ્યતંત્રી તરીકે શ્રી પ્રતાપ નારાણજી દંડનું નામ રજિસ્ટર્ડ કરાવવા માટે આગળની કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૧૪-૧૦-૨૦૧૫**

★ આજે સવારના ૧૨.૦૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી કે.આર. શાહે હાઉસ કીપિંગના કામ માટેની એક કંપનીના પ્રતિનિધિ શ્રી નીલેશભાઈ સાથે વાતચીત કરી હતી. અને ત્રણેય ભવન ઉપર હાઉસ કીપિંગ કરવા માટે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તથા તેઓને ત્રણેય ભવનની મુલાકાત લઈને આપણને એસ્ટીમેટ મોકલી આપવા માટે જણાવવામાં આવ્યું હતું.

- **તા. ૧૬-૧૦-૨૦૧૫**

★ આજે સવારના ૯.૦૦ વાગે સંસ્થાના ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ છગનલાલ શાહના અવસાન નિમિત્તે યોજાયેલ પ્રાર્થના સભામાં સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડે સંસ્થા તરફથી શોક ઠરાવ વાંચી સંભળાવ્યો હતો.

★ આજે સવારના ૧૨.૦૦ વાગે સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહ તથા મેડિકલ

*જેણે પોતાની જાતને વશ કરી લીધી છે તેને વિશ્વની કોઈ શક્તિ પરાજય આપી શકે નહિ.*

સમિતિના કન્વીનર ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહે શાહીબાગ ખાતે ચાલતા ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લઈને અત્યારે ચાલતી કાર્યવાહી બદલ સેન્ટરના ટેકનિશિયન શ્રી જાવેદ પાસેથી વિસ્તૃત માહિતી મેળવી હતી.

● **તા. ૧૭-૧૦-૨૦૧૫**

★ આજે સવારનાં ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી હસમુખભાઈ શાહે સંસ્થાના સ્ટાફની કામગીરી તથા ફરીથી ગોઠવણ કરવા માટે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી હતી. આ બાબતની ચર્ચા આથી પહેલા શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરથી થઈ ગયેલ હતી. તે પ્રમાણે અત્યારે ખૂટતા સ્ટાફની તાત્કાલિક ભરતી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. અને તે પ્રમાણેની જાહેર ખબર યોગ્ય છાપાંઓમાં પ્રસિદ્ધ કરવા માટે મોકલવા માટેની જવાબદારી શ્રી કે.આર. શાહે સ્વીકારી હતી.

● **તા. ૧૮-૧૦-૨૦૧૫**

★ આજે સવારના ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા સંસ્થાના ઉપપ્રમુખ શ્રી મનુભાઈ ગો. શાહે સંસ્થાના મેડિકલ સેન્ટરના વિઝિટિંગ ડૉક્ટર તથા સંસ્થાના સભ્ય ડૉ. શ્રી હિમાંશુભાઈ શાહની નવી હૉસ્પિટલ 'ફ્યુઝન'ના ઉદ્‌ઘાટનમાં હાજરી આપી હતી તથા સમગ્ર હૉસ્પિટલનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે પછીથી સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહ તથા અન્ય કેટલાક ટ્રસ્ટીઓએ પણ હાજરી આપી હતી.

★ આજે રાત્રે ૮.૩૦ કલાકે સંસ્થાના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના ઑપન પાર્કિંગ પ્લોટમાં સંસ્થાની યુવા વિકાસ સમિતિ દ્વારા રાસ ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સંસ્થાના સભ્યોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. ઉત્તમ રાસ-ગરબા કરવાવાળાઓને શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલાના હસ્તે ઈનામો આપવામાં આવ્યાં હતાં. નિર્ણાયક તરીકે ગરબામાં પારંગત બે કલાકારોની વરણી કરવામાં આવી હતી. સમાજનાં સભ્યોએ આ કાર્યક્રમ ખૂબ જ આનંદપૂર્વક માણ્યો હતો. ■

## પરિશ્રમ એ જ પારસમણિ

એક માણસના હાથમાં પતંગિયાનો કોશેટો આવ્યો. પર્યાવરણ તેમજ પશુ-પક્ષીઓના પ્રેમી હોવાથી તેમણે કોશેટાને સુરક્ષિત સ્થળે મૂક્યો. એક દિવસ તેમાં નાનું કાણું થયું અને એક પતંગિયું એ કાણામાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરવા લાગ્યું. પેલા ભાઈ તો કુદરતની આ કરામત કલાકો સુધી જોઈ જ રહ્યા!

પતંગિયું કલાકો સુધી મથ્યું. પરંતુ કોશેટોમાંથી બહાર ન નીકળી શક્યું. થોડા કલાકો પછી તેનું માથું પણ દેખાતું બંધ થઈ ગયું. પેલા ભાઈને દયા આવી. તેણે નાનકડી કાતરથી કોશેટાનો બાકીનો ભાગ કાપી કાઢ્યો. પતંગિયું બહાર તો આવી ગયું, પરંતુ તેનું શરીર સૂઝી ગયું હતું અને પાંખો સાવ જ સંકોચાઈ ગઈ હતી. પેલા ભાઈ સતત પતંગિયાની સામે જ બેઠા...

એમને આશા હતી કે પાંખો મોટી અને મજબૂત થશે અને પતંગિયું ઊડવા માટે સક્ષમ થશે. એકવાર પાંખો મોટી થશે એટલે ફૂલેલું શરીર નાનું લાગશે, પાંખો શરીરનું વજન ઊઠાવી શકશે તથા પતંગિયું ઊડશે. દિવસો વીત્યા. પતંગિયું જીવી તો ગયું, પરંતુ ક્યારેય ઊડ્યું નહીં. આખી જિંદગી નાની નાની પાંખો અને સૂઝેલા શરીર સાથે જમીન પર ઘસડાતું રહ્યું.

પેલા દયાળુ ભાઈને આ બનાવે વિચારતા કરી મૂક્યા. પોતાની ઉતાવળને કારણે તેમણે પતંગિયાને કોશેટોમાંથી વગર મહેનતે બહાર નીકળવાનો માર્ગ તો કરી આપ્યો, પરંતુ આને કારણે તેના શરીરમાંથી પાંખો તરફ જતું એક પ્રવાહી રોકાઈ ગયું. પતંગિયાએ જાતે જ મહેનત કરી હોત, તો તેના શરીરમાંથી પ્રવાહી પાંખો સુધી પહોંચી ગયું હોત અને પાંખો મજબૂત થઈ હોત. પાંખો મજબૂત હોય તો જ તે ઊડી શકે.

*સૌજન્ય : "તાણાવાણા-૧૨"*

## તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વૉકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. બેક રેસ્ટ | રૂા. ૨/- |

**નોંધ : (૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

*કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## ઊડતી નજરે....

**માસ સપ્ટેમ્બર-૨૦૧૫ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ**........................................... | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | • | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................ | ૧૨,૬૦૨ |
| | | જેમાંથી – | |
| | • | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ.............................. **૪૨૫** | |
| | • | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .................................................... **૫૦** | |
| | • | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ................................ **૧૭** | |
| | • | સોનોગ્રાફી.................................................................... **૧,૨૫૧** | |
| | • | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ........................................ **૨૭** | |
| | • | બોડી ચેક-અપ............................................................... **૪૫૯** | |
| | • | અન્ય .........................................................................**૧૦,૩૭૩** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................ **૭૪૭** | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ......... **૨,૭૮૫** | ૩,૫૩૨ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | • | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................... **૨,૨૭૮** | |
| | • | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............................................ **૫,૪૭૦** | |
| | • | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ................................**૫૨૬** | |
| | • | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ........................ **૧,૧૯૮** | |
| | • | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ.. **૪૭૮** | ૯,૯૫૦ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........................................................ **૩૫૯** | ૩૫૯ |
| | | માસ સપ્ટેમ્બર - ૨૦૧૫ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | ૨૬,૪૪૩ |

## મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ★ તેજસ્વી તારલાઓ : વર્ષ ૨૦૧૫


સિદ્ધાર્થ અજય કાંતિલાલ શાહ
B.E.


જૈશીલ અનિસ અરવિંદભાઈ દોશી
B.E.


એરિક કુમારપાળ કાંતિલાલ લોડાયા
B.E.


પાર્થ ચેતન ગોવિંદજી શાહ
B.Tech.


શૈલી જિતેન કલ્યાણજી ગડા
M.Sc. (I.T.)


નીલય પ્રફુલ્લ કલ્યાણજી છેડા
L.L.M.


હાર્દિક નીતિન હરિલાલ સંઘવી
M.B.A.


હિત કાંતિલાલ રતિલાલ દોશી
M.Phil.


સલોની નવીન જેઠાભાઈ લાલકા
M.Com.


નીલમ જિતેન્દ્ર બાબુભાઈ રાંભિયા
M.Com.


પાયલ ધીરેન નાનજીભાઈ દેઢિયા
M.Com.


નમ્રતા કિશોર રતનશી વીરા
M.Com.


રીંકલ મહેન્દ્ર ભાણજી મહેતા
M.Com.


સાહિલ વસંત ખીમજી શેઠિયા
Dip. in Computer


નિર્મલ મહેન્દ્ર મોરબિયા
M.B.A.

## યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવ તેમજ શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા ગરબા હરીફાઈ




ગરબે ઘૂમતા ખેલૈયાઓ



વિજેતા જોડીને પુરસ્કૃત કરતા
શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા



# GILL & CO. PVT. LTD.

IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**Registered Office :** NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

**: BRANCHES :**

**ADONI / AHMEDABAD / AMRAVATI**
**BHATINDA / NEW DELHI / UJJAIN**

**BHARAT B. GALA** **NAVINCHANDRA D. DEDHIA**

SRE

# Raju
ENTERPRISE

**RE - ROLLING / S. S. PATTA - PATTI**

179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.
Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 98257 33710

**Since 1958** **Leading. Innovating. Growing.**







Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012

**ISO 9001 : 2008**

# V-Trans offers unmatched service edge to all its customers

- **Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates**
- **Expertise in multi point door pickup and door delivery**
- **Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations**
- **Geographical presence across India at 400 locations in 26 states - further expanding**
- **Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof**

## Our Divisions

**V-Trans**
Reliable Hard Freight Transport

**V-Xpress**
Timebound Multimodal Express Cargo Service

**V-Logis**
Warehousing & Inventory Management


**Corporate Office : V-Trans (India) Limited**

5-A, Navre Apartments, S. V. Marg, Sion (West), Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com

**V-Trans Toll Free no. : 1800-220-180** **V-Xpress Toll Free no. : 1800-220-240**

# ROMAN GROUP

*Give Your Society The Best!*



Pest Control

Water Purifier

Water Proofing

Building Facilities

Silicon Acrylic Paint

Water Treatment Plant

Rain Water Harvesting

Solar Water Heating Systems

Tank And Ringwell Cleaning

Property Redevelopment And solutions

Landscaping And Play Equipment For Gardens

**Roman Group of Companies**
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
**www.romangroup.in**

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

**INDOCEM (INDIA) PVT. LTD.**

**(An ISO 9001: 2000 Certified Company)**

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,